ૐ

# આત્મ–પ્રસિદ્ધિ

આત્માનો અનેકાંત સ્વભાવ અને તેની ૪૭ શક્તિઓનું વર્ણન)

‘સમયસાર’ના પરિશિષ્ટ ઉપર
પૂજ્ય ‘**કાનજીસ્વામી**’નાં પ્રવચનોમાંથી

: લેખક :
બ્ર. હરિલાલ જૈન
સોનગઢ

## અર્પણ

હે પરમ કૃપાળુ ગુરુદેવ !

આપશ્રી પરમ પ્રસન્નતા વડે આ દાસને આત્મપ્રસિદ્ધિ, કરાવો – એવી પ્રાર્થનાપૂર્વક આ પુસ્તક આપશ્રીને સમર્પણ કરતાં આનંદ થાય છે.

મારું જીવન આપશ્રીની મંગલ ચરણછાયામાં વીતે તેને હું સાર્થક ગણું છું. મારા જીવનમાં જે કાંઈ સારું હોય, જે કાંઈ હિતરૂપ હોય તે મને આપશ્રી પાસેથી જ મળેલું છે. - વિશેષ શું ? આપશ્રી જેવા સંતો જ મારા જીવનનું સર્વસ્વ છે. તેથી મારા જીવનનું સર્વસ્વ આપશ્રીનાં ચરણોમાં સમર્પણ છે.

– આપનો બાળક હરિ.

# નિ...વે...દ...ન

અનેકાંતસ્વરૂપ ભગવાન આત્માને પ્રસિદ્ધ કરતી આ મહાન લેખમાળા પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે તે ગુરુદેવનો જ ઉપકાર છે. ઘણા કાળથી ગુપ્ત રહેલું આત્મપ્રસિદ્ધિનું રહસ્ય પ્રસિદ્ધ કરીને તેઓશ્રીએ મુમુક્ષુજીવોને સમજાવ્યું છે, તેથી મુમુક્ષજીવો ઉપર તેઓશ્રીનો મહા ઉપકાર છે.

'સમયસાર'નાં પરિશિષ્ટમાં શ્રી 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'અનેકાન્ત' સંબંધી સુંદર વિવેચન કર્યું છે, તેના ઉપર પૂજ્ય 'ગુરુદેવ'નાં અનેક વખત પ્રવચનો થયાં છે; તેમાં આઠમી વખતનાં પ્રવચનો ખૂબ વિસ્તૃત અને ચૈતન્યમસ્તીથી ભરપૂર હતાં. તે પ્રવચનોનું લખાણ મુખ્ય રાખીને તેની સાથે છઠ્ઠી – સાતમી તથા નવમી – દસમીવારનાં પ્રવચનોનો મુખ્ય સાર પણ ઉમેરી દેવામાં આવ્યો છે – એ રીતે આ વિષય ઉપરનાં 'ગુરુદેવ'ના પાંચ વખતનાં પ્રવચનો ઉપરથી આ લેખમાળા તૈયાર થઈ છે. 'આત્મધર્મ' – માસિકમાં અંક ૯૭ થી ૧૭૯ સુધીમાં આ લેખમાળા પ્રસિદ્ધ થયેલ, તેમાં યોગ્ય સુધારો – વધારો કરીને આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

શ્રી રાજકોટ દિ. જૈન સંઘના એક ખાસ કાર્યકર અને વાંચનકાર સ્વ. ભાઈ નૌતમલાલ ન્યાલચંદ મહેતાના સ્મરણાર્થે એક પુસ્તક પ્રસિદ્ધ કરવાની રાજકોટ સંઘની ભાવના હતી. રાજકોટ દિ. જૈન સંઘના હાલના વાંચનકાર ભાઈશ્રી લાલચંદભાઈએ જ્યારે આ પ્રવચનોનું વાંચન કર્યું ત્યારે આમાં રહેલા અદ્‌ભુત રહસ્યો સાંભળીને રાજકોટ સંઘના સર્વે મુમુક્ષુઓને ઘણી પ્રસન્નતા થઈ અને ભાઈશ્રી લાલચંદભાઈને પણ એવી ભાવના થઈ કે આ પ્રવચનો પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય તો સૌને વિશેષ લાભનું કારણ થાય. આના પરિણામે રાજકોટ દિ. જૈન સંઘે ભાઈશ્રી નૌતમભાઈના સ્મરણાર્થે આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. શ્રી રાજકોટ – સંઘનું આ કાર્ય પ્રશંસનીય છે અને બીજા ગામના શ્રી સંઘોએ પણ આ રીતે સાહિત્યપ્રવૃતિમાં રસ લઈને તેનું અનુકરણ કરવા જેવું છે. 'ગુરુદેવ' રાજકોટ દિ. જિનમંદિરના દસવાર્ષિક ઉત્સવ પ્રસંગે રાજકોટ પધારે તે દરમિયાન આ પુસ્તક તૈયાર કરી આપવા માટે ભાવનગરના 'આનંદપ્રેસ'ના સંચાલકો અને કર્મચારીઓએ જે ઝડપથી આ પુસ્તકનું કામ કરી આપ્યું છે તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

આત્મસ્વરૂપને પ્રસિદ્ધિ કરનારી આ લેખમાળા અદ્‌ભુત છે. જૈનશાસનનાં અનેક રહસ્યોને – ખાસ કરીને આત્મઅનુભવના ઉપાયને – 'ગુરુદેવે' આ પ્રવચનોમાં ફરી ફરીને

એવી રીતે ઘૂંટ્યાં છે કે, શાંતચિત્તે તેની સ્વાધ્યાય કરતાં ચૈતન્યપરિણતિ જાણે કે આત્મસ્વભાવની આસપાસ ઘૂમતી હોય..... એવું લાગે છે. શુદ્ધ ચૈતન્યતત્ત્વનો મહિમા તો આખી લેખમાળામાં સળંગપણે ભરપૂર છે..... ચૈતન્યમહિમારૂપી દોરીના આધારે જ આ લેખમાળા ગુંથાયેલી છે – એટલે તેનો સળંગ સ્વાધ્યાય કરતાં કરતાં મુમુક્ષુ આત્માર્થી જીવોને એવો ચૈતન્યમહિમા જાગે છે કે જાણે હમણાં જ તેમાં ઊતરીને તેનો સાક્ષાત્ અનુભવ કરી લઈએ.....અનેક જિજ્ઞાસુઓ આત્મસમુંખતાપ્રેરક આ લેખમાળાનો ફરીફરીને સ્વાધ્યાય કરતાને તેને સળંગ પુસ્તકાકારે છાપવાની માગણી કરતા, તે હવે આ પુસ્તકદ્વારા પૂર્ણ થાય છે. ખરેખર, આ પ્રવચનોદ્વારા 'આત્મપ્રસિદ્ધિ'નો રાહ બતાવીને 'ગુરુદેવે' આત્માર્થી જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

– આવી મહત્ત્વની આ વિસ્તૃત લેખમાળા પૂજ્ય'ગુરુદેવ'ના નિકટ સાન્નિધ્યના પ્રતાપે જ પૂરી થઈ છે. આ લેખમાળાનાં લેખનમાં ઉપયોગ વખતે, તેમાં દર્શાવેલા ચૈતન્યમહિમાનું ફરીફરીને ઘૂંટણ થતાં મારી આત્મરુચિને ઘણું પોષણ મળ્યું છે; અને એ રુચિ આગળ વધીને ભગવાન આત્માની પ્રસિદ્ધિના મારા પુરુષાર્થને સફળ બનાવો – એવી પરમકૃપાળુ 'ગુરુદેવ'નાં ચરણોમાં નમ્રભાવે મારી પ્રાર્થના છે.

સં.૨૦૧૬
પોષ સુદ પૂર્ણિમા — બ્ર. હરિલાલ જૈન
**સોનગઢ.**

ॐ

# આત્માની પ્રસિદ્ધિ

## જ્ઞાનલક્ષણથી અનેકાંતસ્વરૂપ

(સમયસાર પૃષ્ઠ ૩–૪)

**વીર સં. ૨૪૭૪ : આસો વદ ૧૪**

આત્મામાં જ્ઞાનાદિ અનંત ધર્મો છે; તેને પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન ઓળખાવવા માટે આચાર્યદેવ 'જ્ઞાનમાત્ર' કહેતા આવ્યાં છે. ત્યાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં એકાંત થઈ જતો નથી; કેમકે, 'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહેતાં જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગાદિભાવોનો તો નિષેધ થઈ જાય છે, પણ જ્ઞાનની સાથે રહેનારા શ્રદ્ધા, સુખ વગેરે ગુણોનો નિષેધ થતો નથી. એ રીતે જ્ઞાન સાથે બીજા અનંત ધર્મો પણ આત્મામાં ભેગા જ હોવાથી જ્ઞાનમાત્ર આત્માને અનેકાંતપણું છે, તે વાત અહીં આચાર્યદેવ પ્રશ્ન–ઉત્તર દ્વારા સ્પષ્ટ કરે છે.

**શિષ્યનો પ્રશ્ન**

પ્રભો ! આત્મા અનેકાંતમય હોવા છતાં પણ તેને 'જ્ઞાનમાત્ર' કેમ કહો છો ? આત્મામાં કાંઈ એક જ્ઞાનગુણ જ નથી પણ શ્રદ્ધા, ચારિત્ર, સુખ, અસ્તિત્વ, જીવત્વ, પ્રભુત્વ વગેરે અનંત ગુણો તેનામાં છે, છતાં 'જ્ઞાનમાત્ર આત્મા છે' એમ કહેવાનું શું કારણ છે ? 'આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનમાત્ર છે, રાગાદિથી નિરાળો એકલો જ્ઞાયકભાવ

છે' એમ આખા 'સમયસાર'માં 'જ્ઞાનમાત્ર' એવું જોર આપીને કહ્યું છે, તો આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી બીજા ધર્મોનો નિષેધ તો નથી થઈ જતો ને ? અનંતધર્મોવાળો હોવા છતાં આત્માને જ્ઞાનમાત્ર કહેવાનું પ્રયોજન શું છે ? – આ પ્રમાણે શિષ્યનો પ્રશ્ન છે. આ પ્રશ્ન પૂછનારે એટલું તો લક્ષમાં લીધું છે કે આચાર્યદેવ આત્માને પરથી અને વિકારથી તો જુદો જ બતાવે છે; આત્મા જ્ઞાનમાત્ર છે – એમ બતાવે છે. એટલું લક્ષમાં લઈને પૂછે છે કે પ્રભો ! અનંતધર્મવાળા આત્માને જ્ઞાનમાત્ર કેમ કહ્યો ?

**આચાર્યદેવ શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપે છે –**

હે શિષ્ય ! સાંભળ ! લક્ષણની પ્રસિદ્ધિવડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે. જ્ઞાન છે તે આત્માનો અસાધારણ ગુણ છે તેથી તે આત્માનું લક્ષણ છે. તે જ્ઞાનલક્ષણવડે આત્માની પ્રસિદ્ધિ થાય છે.

'જ્ઞાન લક્ષણ છે અને 'આત્મા' લક્ષ્ય છે. જ્ઞાનલક્ષણ આત્માની પ્રસિદ્ધિ કરે છે. રાગ તે આત્માનું લક્ષણ નથી. જ્ઞાનલક્ષણ આત્માને રાગથી જુદો જાણીને શુદ્ધ આત્માને પ્રસિદ્ધ કરે – ક્યું જ્ઞાન ? પર તરફ વળેલું જ્ઞાન નહિ પણ અંતર્મુખ થઈને આત્માને જે જ્ઞાન જાણે તે જ્ઞાન આત્માનું લક્ષણ છે. જે જ્ઞાન શુદ્ધ આત્માને ન જાણે અને રાગમાં જ એકાકાર થઈ જાય તેને ખરેખર જ્ઞાન જ કહેતાં નથી, કેમકે તેણે આત્માની પ્રસિદ્ધિ ન કરી પણ રાગની પ્રસિદ્ધિ કરી. જ્ઞાનનું કાર્ય આત્મવસ્તુને પ્રસિદ્ધ કરવાનું છે, પણ તે વ્યવહારને – રાગને કે પરને પ્રસિદ્ધ કરતું નથી. 'રાગ તે હું નહિ, શુદ્ધ આત્મા તે હું' એમ જ્ઞાન જાહેર કરે છે, પણ 'રાગ તે હું' એમ તે જાહેર નથી કરતું. આ રીતે આત્માને પ્રસિદ્ધ કરવા માટે તેને 'જ્ઞાનમાત્ર' કહેવામાં આવ્યો છે. '**જ્ઞાનમાત્ર**' કહીને એકલો જ્ઞાનગુણ નથી બતાવવો પણ આખો આત્મા બતાવવો છે.

## આત્મપ્રસિદ્ધિનું સાધન

પહેલાં અગિયારમી ગાથામાં કહ્યું હતું કે શુદ્ધનય અનુસાર બોધ થવા માત્રથી આત્મા અને કર્મનું ભેદજ્ઞાન થાય છે એટલે કે શુદ્ધનયવડે આત્માને જાણતાં કર્મથી ભિન્ન સહજ જ્ઞાયકસ્વભાવપણે આત્મા અનુભવાય છે. અને અહીં એમ કહ્યું કે જ્ઞાનલક્ષણથી આત્મા પ્રસિદ્ધ થાય છે; તેમાં પણ 'જ્ઞાનલક્ષણ' કહેતાં શુદ્ધનય અનુસાર થયેલું જ્ઞાન

લેવું. જે જ્ઞાન સ્વસન્મુખ થઈને આત્માને ન જાણે અને પરને જ જાણે તે જ્ઞાન આત્માનું લક્ષણ નથી. જે જ્ઞાન આત્માને લક્ષ્ય કરીને તેને પ્રસિદ્ધ કરે છે – જાણે – તે જ્ઞાન આત્માનું લક્ષણ છે. રાગથી ભિન્ન આત્માની પ્રસિદ્ધિ કરનારું જ્ઞાન રાગને પણ જાણવાની તાકાતવાળું છે.

અહીં આચાર્યદેવે વ્યવહારાભાસને ઉડાડ્યો છે, એટલે કે એકલા પરને જ જાણનારું વ્યવહારજ્ઞાન તે ખરેખર આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી, પણ અંતરમાં વળીને શુદ્ધનયથી આત્માને જાણે તે જ્ઞાન જ આત્માની પ્રસિદ્ધિનું સાધન છે – એમ જણાવ્યું છે.

જગતમાં લક્ષણ દ્વારા લક્ષ્યને ઓળખવવામાં આવે છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્ઞાનલક્ષણ વડે જ આત્મા ઓળખાય છે. શરીરાદિ તો આત્માથી અત્યંત ભિન્ન છે એટલે શરીર તે આત્માનું લક્ષણ નથી, અને રાગાદિ ભાવો પણ આત્માના સ્વભાવથી અત્યંત જુદા છે, તે રાગાદિ પણ આત્માનું લક્ષણ નથી. જ્ઞાન જ આત્માનો અસાધારણ વિશેષગુણ છે તેથી તે જ આત્માનું લક્ષણ છે. જ્ઞાનગુણ સ્વ–પરને જાણે છે, આત્મા સિવાય બીજા તો કોઈ દ્રવ્યમાં જ્ઞાનગુણ નથી, અને આત્માના અનંતધર્મોમાં પણ એક જ્ઞાનગુણ જ સ્વ–પરપ્રકાશક છે તેથી તે અસાધારણ છે; જ્ઞાન સિવાયના બીજા શ્રદ્ધા–ચારિત્ર વગેરે ગુણો નિર્વિકલ્પરૂપ છે એટલે કે તેઓ પોતાને કે પરને જાણતા નથી, માત્ર જ્ઞાનગુણ જ પોતાને અને પરને જાણે છે; માટે 'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહીને તે જ્ઞાનગુણવડે આત્માને ઓળખાવવામાં આવે છે. આ રીતે જ્ઞાનલક્ષણ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.

ઘણા પદાર્થો ભેગાં હોય તેમાંથી કોઈ એક પદાર્થને જુદો પાડીને ઓળખાવવા માટેનું જે સાધન તેને લક્ષણ કહેવાય છે. 'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહેતાં સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી જુદો આત્મા ઓળખાય છેઃ પર્યાયમાં રાગ અને આત્મા મળેલાં દેખાય છે, ત્યાં જ્ઞાનલક્ષણ આત્માને રાગથી પણ ભિન્ન ઓળખાવે છેઃ એ રીતે જ્ઞાનલક્ષણ વડે આત્માની પ્રસિદ્ધિ થાય છે, માટે આત્માને જ્ઞાનમાત્ર કહેવામાં આવ્યો છે.

❋ ❋ ❋

## લક્ષણ–લક્ષ્યનો ભેદ શા માટે ?

આત્મા લક્ષ્ય છે અને જ્ઞાન તેનું લક્ષણ છે – એ વાત લક્ષમાં લઈને હવે શિષ્ય બીજો પ્રશ્ન કરે છે કે : એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે ? માત્ર લક્ષ્ય એવો આત્મા જ પ્રસિદ્ધિ કરવા યોગ્ય છે. લક્ષ્ય-લક્ષણના ભેદ પાડ્યા વિના સીધો આત્માને જ ઓળખાવી દો ને ? અંતે તો તમારે અમને આત્મા જણાવવો છે, તો લક્ષણનો ભેદ પાડ્યા વગર સીધો અભેદ આત્મા જ બતાવો ને ? ભેદ પાડીને શા માટે કહો છો ?

શિષ્યના પ્રશ્નનો ઉત્તર આચાર્યદેવ આપે છે કે : જેને લક્ષણ અપ્રસિદ્ધિ હોય તેને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. આ રીતે લક્ષ્ય એવા આત્માની પ્રસિદ્ધિ માટે જ્ઞાનલક્ષણ ઉપદેશવામાં આવે છે.

જુઓ, આમાં બે વાત આવી જાય છે. પ્રથમ તો જેને જ્ઞાનલક્ષણવડે લક્ષ્ય એવા આત્માનું ભાન અને અનુભવ વર્તે છે તેને તો લક્ષ્ય–લક્ષણના ભેદનું કાંઈ પ્રયોજન નથી. પણ જેને લક્ષ્યની ખબર નથી તેને લક્ષણદ્વારા લક્ષ્ય ઓળખાવવામાં આવે છે. જેને આત્માના લક્ષણની જ ખબર નથી તેને આત્માનું ભાન હોતું નથી. 'શરીર તે આત્માનું લક્ષણ છે અથવા શરીરને ધારણ કરી રાખવું તે આત્માનો ગુણ છે' એમ જે અજ્ઞાની માને છે તેને પ્રથમ આત્માનું લક્ષણ ઓળખાવે છે કે 'જો ભાઈ ! આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જે જાણે છે તે આત્મા છે. એ પ્રમાણે લક્ષણને ઓળખે ત્યારે જ તે લક્ષ્યને પકડી શકે છે.'

અજ્ઞાનીને તો દેહ તે જ હું અથવા તો રાગ તે જ હું – એવી ભ્રમણા છે, એટલે તેને તો આત્માના લક્ષણનું જ ભાન નથી. રાગનું વલણ તો બહારમાં જાય છે ને તેમાં તો આકુળતા થાય છે, તેમાં આત્માનો અનુભવ થતો નથી ને જ્ઞાન અંતર્મુખ થતાં આત્માનો અનુભવ થાય છે ને રાગ છૂટી જાય છે; એ રીતે રાગ અને જ્ઞાન ભિન્ન ભિન્ન છે, તેમાં જ્ઞાન તે જ આત્માનું લક્ષણ છે. આમ જાણે ત્યારે આત્માના લક્ષણને જાણ્યું કહેવાય અને એવા લક્ષણને જાણે તો જ આત્માનો અનુભવ થાય. અજ્ઞાનીઓ આત્માને અનેક પ્રકારે વિપરીત લક્ષણવાળો માની રહ્યા છે એટલે તેમને તો લક્ષણ જ અપ્રસિદ્ધિ છે તો પછી લક્ષ્યની પ્રસિદ્ધિ ક્યાંથી થાય ? લક્ષણ તો તેને કહેવાય કે જે લક્ષ્ય સાથે ત્રિકાળ રહે અને લક્ષ્યને ઓળખાવે. શરીર કે પુણ્ય તે કાંઈ આત્માનું લક્ષણ નથી, આત્માનું લક્ષણ તો જ્ઞાન છે.

આત્મા તો જ્ઞાનસ્વરૂપી છે, રાગાદિ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. આવા જ્ઞાનલક્ષણની પ્રસિદ્ધિ વિના અજ્ઞાનીને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જેને જ્ઞાનસ્વરૂપ લક્ષણની પ્રસિદ્ધિ થાય તેને જ લક્ષ્ય એવા આત્માની ખબર પડે છે, માટે લક્ષ્ય-લક્ષણનો ભેદ પાડીને અજ્ઞાનીને જ્ઞાનલક્ષણ દ્વારા આત્મા ઓળખાવવામાં આવે છે. ભાઈ ! જ્ઞાન તે જ તારું લક્ષણ છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે; જ્ઞાન સિવાયના રાગાદિ સમસ્ત ભાવોથી તારા આત્માને ભિન્ન સમજ, જ્ઞાનને અંતર્મુખ કરીને આત્મસ્વભાવ સાથે એકમેક કર તો તને આત્માની પ્રસિદ્ધિ એટલે કે અનુભવ થાય – આ રીતે લક્ષણવડે લક્ષ્યને ગ્રહણ કરવા માટે ઉપદેશ છે.

જુઓ, આ તો હવે 'સમયસાર'નું પરિશિષ્ટ છે, સૂક્ષ્મ અંતરની વાત છે. શરીરાદિ બાહ્યક્રિયા કે દયા વગેરેના સ્થૂળ રાગને તો કાઢી નાખ્યો, અહીં માત્ર લક્ષ્ય–લક્ષણના ભેદ સંબંધી સૂક્ષ્મ રાગ છે. આ લક્ષ્ય–લક્ષણનો ભેદ પણ અભેદ આત્માનું લક્ષ કરાવવા માટે જ છે. 'જ્ઞાનમાત્ર આત્મા છે' – એમ કહેતાં પણ લક્ષણ–લક્ષ્યનો ભેદ પડે છે, પણ સમજનાર પોતે જે ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને લક્ષમાં લઈને સમજી જાય તો લક્ષ્ય–લક્ષણના ભેદને વ્યવહાર ગણાય. અભેદ આત્માને ન સમજે તો એકલા ભેદને વ્યવહાર ન કહેવાય. તેમ જ અભેદ સમજતાં વચ્ચે લક્ષણ–લક્ષ્યના ભેદ આવે છે તેને જો સર્વથા ન માને તો લક્ષણના સ્વીકાર વગર લક્ષ્યને પણ તે પકડી શકશે નહિ.

## લક્ષણવડે લક્ષ્યની પ્રસિદ્ધિ

અહીં જ્ઞાન લક્ષણ વડે આત્માની પ્રસિદ્ધિ થાય છે એમ બતાવીને આચાર્યદેવ એકાંત વ્યવહારભાસી કે એકાંત નિશ્ચાયભાસી એ બંનેનો નિષેધ કર્યો છે.

વ્યવહારભાસી અજ્ઞાની એમ કહે છે કે 'એકલું જ્ઞાન–જ્ઞાન શું કરો છો ? અમે જે પુણ્યની અને દેહની ક્રિયા કરીએ છીએ તે જ કરવા દો ને ! તે સાધન કરતાં કરતાં ક્યારેક આત્મા ઓળખાઈ જશે !' અહીં 'જ્ઞાનલક્ષણવડે આત્માની પ્રસિદ્ધિ થાય છે' એમ કહીને તે વ્યવહારભાસને ઉડાડ્યો. અરે મૂઢ ! દેહની ક્રિયા કે પુણ્યની ક્રિયા તે આત્માને ઓળખવાનું સાધન નથી પણ જ્ઞાનલક્ષણવડે જ આત્મા ઓળખાય છે, એમ તું જાણ.

વળી, નિશ્ચયાભાસી અજ્ઞાની એમ કહે છે કે 'જ્ઞાન તે સાધન અને આત્મા સાધ્ય એવા ભેદ શા માટે પાડો છો ? સીધો અભેદ આત્મા જ કહો ને ? લક્ષણદ્વારા લક્ષ્યને બતાવો છો તેને બદલે સીધું લક્ષ્ય જ બતાવી દો ને !' 'જે લક્ષણને ન જાણે તે લક્ષ્યને પણ જાણતો નથી, લક્ષણને ઓળખવાથી જ લક્ષ્યને ઓળખી શકાય છે' – એમ કહીને અહીં તે નિશ્ચયાભાસીનો પણ નિષેધ કર્યો છે જેણે આત્માને કદી જાણ્યો નથી તેને માત્ર 'આત્મા, આત્મા' એટલું કહેવાથી આત્મા લક્ષમાં આવતો નથી, એટલે તેને આત્માનું લક્ષણ ઓળખાવવું પડે છે કે જો ભાઈ ! આ શરીર તો કાંઈ જાણતું નથી ને અંદર જે રાગની લાગણીઓ થાય છે તેનામાં પણ જાણવાનું સામર્થ્ય નથી, આ બધાને જાણે છે તે તો જ્ઞાન છે, તે જ્ઞાન દેહથી અને રાગથી જુદું છે ને તારા આત્મા સાથે એકમેક છે; એવું જ્ઞાન તે આત્મા છે – આ પ્રમાણે જ્ઞાનલક્ષણવડે આત્માને ઓળખાવવામાં આવે છે, અભેદ આત્મામાં ઢળતાં વચ્ચે એટલો ભેદ આવ્યા વિના રહેતો નથી. છતાં, 'જ્ઞાન તે આત્મા' એવો જે લક્ષ્યલક્ષણનો ભેદ છે તે કાંઈ રાગને પ્રસિદ્ધ કરવા માટે નથી પણ આત્માને જ પ્રસિદ્ધ કરવા માટે છે. જ્ઞાનલક્ષણનું કાર્ય આત્માને પ્રસિદ્ધ કરવાનું છે, પણ તે રાગને પ્રસિદ્ધ નથી કરતું, એટલે કે 'હું રાગ છું' એમ જ્ઞાનલક્ષણ નથી બતાવતું પણ, 'હું આત્મા છું' એમ જ્ઞાનલક્ષણ બતાવે છે. પહેલાં લક્ષ્ય–લક્ષણના ભેદનો વિકલ્પ ઊઠતો હોવા છતાં તે વિકલ્પ તરફ જ્ઞાનનું જોર નથી પણ અભેદ આત્માને લક્ષમાં લેવા તરફ જ જ્ઞાનનું જોર છે, અભેદ આત્માને લક્ષમાં લેતાં તે ભેદનો વિકલ્પ પણ તૂટી જશે, ને એકલા લક્ષ્યરૂપ આત્માનો અનુભવ રહી જશે; – આ રીતે લક્ષણવડે લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે.

કોઈ એમ કહે કે 'અમારે તો એકલા લક્ષ્યને જ ઓળખવું છે, લક્ષણને નથી ઓળખવું. એકલા આત્માને અમારે જાણવો છે, પણ તેનામાં જ્ઞાનાદિ અનંતગુણો છે ને તેના નિર્મળપર્યાયો પ્રગટે છે – એવું કાંઈ અમારે નથી જાણવું, કેમકે તે જાણવામાં તો વિકલ્પ થાય છે.' – તો આમ માનનાર શુષ્કજ્ઞાની છે. જેમ કોઈ એમ કહે કે મારે ગોળ જોઈએ છે પણ ગળપણ નથી જોઈતું, – તો ગળપણનો નિષેધ કરતાં તેને ગોળનો જ નિષેધ થઈ જશે; તેમ જ્ઞાનલક્ષણને ઓળખવાની ના પાડે છે તેને આત્મા જ નહિ જણાય. જે નિર્વિકલ્પ આત્મ અનુભવમાં ઠરી ગયો હોય તેને લક્ષ્ય–લક્ષણના ભેદનો વિકલ્પ ન હોય. પણ જેણે હજી આત્માને લક્ષમાં લીધો નથી તેણે આત્માને ઓળખવા માટે

તેનું લક્ષણ જાણવું જોઈએ. લક્ષણને જાણવું તે કાંઈ વિકલ્પનું કારણ નથી, તે તો લક્ષ્યને ઓળખવાનું કારણ છે.

## જ્ઞાનલક્ષણ આત્માને પ્રસિદ્ધ કરે છે, રાગને નહિ

જ્ઞાનલક્ષણ આત્માને પ્રસિદ્ધ કરે છે; જેને આત્માના જ્ઞાનલક્ષણની જ ખબર નથી તેને આત્માની જ ખબર નથી. જ્ઞાનલક્ષણ કોનું છે ? જ્ઞાનલક્ષણ રાગનું કે વ્યવહારનું નથી પણ આત્માનું જ છે. તે લક્ષણ શુદ્ધ આત્માનું જ લક્ષ કરાવે છે. એવા લક્ષણની જેને ખબર નથી તેને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. અભેદ આત્માને લક્ષમાં લેવો તે જ જ્ઞાનલક્ષણનું પ્રયોજન છે. આત્માને લક્ષમાં ન લેતાં એકલા વ્યવહારનું કે રાગનું જ લક્ષ કરીને અટકે તો તે જ્ઞાન પણ આત્માનું લક્ષણ નથી કેમ કે તેના વડે આત્મા લક્ષિત થતો નથી. રાગમાં એકાકાર થઈ ગયું તે જ્ઞાનને અહીં જ્ઞાન જ કહેતાં નથી; અહીં તો જે જ્ઞાન સ્વ તરફ વળીને આત્માને લક્ષ્ય બનાવે તેને જ આત્માનું લક્ષણ ગણ્યું છે. અને તે જ્ઞાન આત્માના જ્ઞાનસહિત પરને પણ યથાર્થ જાણે છે. જ્ઞાનલક્ષણથી આત્માને લક્ષિત ન કરે અને જૈનશાસનમાં કહેલા એકલા વ્યવહારનું જ લક્ષ રાખે તો તેને પણ આત્માના જ્ઞાનલક્ષણની ખબર નથી, એટલે તેને આત્માની પ્રસિદ્ધિ થતી નથી.

## સ્વસન્મુખજ્ઞાન જ આત્માની પ્રસિદ્ધિ કરે છે

જ્ઞાનનું લક્ષ્ય આત્મદ્રવ્ય છે. જ્ઞાન શું – તેની જ જેને ખબર નથી તેને આત્માનું ભાન હોતું નથી. જેણે લક્ષ્યને નથી જાણ્યું એવા જીવને લક્ષણદ્વારા જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. આ ઈંદ્રિયોવડે કે રાગ વડે આત્મા જણાતો નથી કેમ કે તેઓ આત્માનું લક્ષણ નથી; એટલે જેઓ નિમિત ઉપર કે વ્યવહાર ઉપર જોર આપે છે તેઓએ આત્માના જ્ઞાનલક્ષણને જ જાણ્યું નથી, કેમ કે તેણે આત્માને પ્રસિદ્ધ ન કર્યો પણ વ્યવહારને પ્રસિદ્ધ કર્યો. જે જ્ઞાન વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવ સન્મુખ થઈને ભગવાન આત્માને પ્રસિદ્ધ કરે – તેનો અનુભવ કરે – તે જ્ઞાન જ આત્માનું લક્ષણ છે. **લક્ષ્ય સાથે એકતા**

**કરે તેને લક્ષણ કહ્યું પણ લક્ષ્યને છોડીને પર સાથે એકતા કરે તેને લક્ષણ ન કહેવાય.** એકલા વ્યવહારના જ આશ્રયમાં અટકનાર જીવ આત્માના લક્ષણને નથી જાણતો; અગિયાર અંગને જાણનારો ને વ્યવહારરત્નત્રયને પાળનારો દ્રવ્યલિંગી સાધુ પણ જો તે વ્યવહારત્નત્રયના વિકલ્પથી લાભ માનતો હોય તો તેણે આત્માને લક્ષણને જાણ્યું નથી. અગિયાર અંગના જાણપણામાં કે વ્યવહારરત્નત્રયના શુભ વિકલ્પમાં એવું સામર્થ્ય નથી કે તે આત્માની પ્રસિદ્ધિ કરે છે. ચોથે – પાંચમે – છઠ્ઠે ગુણસ્થાને ભૂમિકા – અનુસાર વ્યવહાર હોય ખરો – વિકલ્પ હોય ખરો, પણ જે જ્ઞાન એકલા વ્યવહારની સન્મુખ રહીને તેની જ પ્રસિદ્ધિ કરે ને આત્માની પ્રસિદ્ધિ ન કરે તે જ્ઞાન મિથ્યા છે. તે મિથ્યાજ્ઞાનનું લક્ષ્ય આત્મસન્મુખ થઈને આત્મા નથી પણ તેનું લક્ષ્ય તો એકાંત વ્યવહાર છે, માટે તે મિથ્યાજ્ઞાન આત્માનું લક્ષણ નથી. સ્વસન્મુખ જ્ઞાનથી લક્ષિત થવા યોગ્ય આત્મા છે, તેની જેને ખબર નથી એવા જીવને અહીં આત્માનું લક્ષણ ઓળખાવ્યું છે. તે લક્ષણને ઓળખતાં આત્માની પ્રસિદ્ધિ થયા વિના રહેતી નથી.

❋ ❋ ❋

## (વીર સં.૨૪૭૫, મહાવીર–નિર્વાણકલ્યાણક દિન)

ભગવાન મહાવીર પરમાત્મા આજે મોક્ષ પામ્યા, કેવા આત્માને જાણીને અને કેવા આત્મામાં લીન થઇને ભગવાન મોક્ષ પામ્યા, તેની આ વાત છે. ભગવાને જેવો જાણ્યો અને કહ્યો તેવા જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખવો તે ભગવાનનો માર્ગ છે ને તે મુક્તિનો પંથ છે.

આત્માને જ્ઞાનમાત્ર કહેવામાં આવ્યો છે. ત્યાં આત્મા રાગાદિ સ્વરૂપે નથી એમ બતાવવા માટે તેને જ્ઞાનમાત્ર કહ્યો છે, 'જ્ઞાનમાત્ર' કહેવાથી શ્રદ્ધા,ચારિત્ર વગેરે ધર્મોનો નિષેધ ન સમજવો, તે તો બધા 'જ્ઞાનમાત્ર' માં ભેગા જ આવી જાય છે. જ્ઞાનમાત્ર કહેતાં પરનો અને વિકારનો તો નિષેધ થાય છે પણ આત્માના અનંતધર્મોનો નિષેધ નથી થતો. જેને આત્માનું ભાન નથી તેવા જીવને લક્ષણદ્વારા આત્માની ઓળખાણ કરાવવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો છે, જ્ઞાન તે આત્માનું લક્ષણ છે અને તેનાવડે આત્મા ઓળખાય છે. જો જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખે તો આત્મા સાથે જ્ઞાનની એકતા પ્રગટે ને વિકાર ટળે – આ નિર્વાણનો માર્ગ છે.

### જ્ઞાન તે લક્ષણ, પણ ક્યું જ્ઞાન ?

જે જ્ઞાન આત્માને લક્ષ્ય બનાવે તે જ્ઞાન જ આત્માનું લક્ષણ છે. જે જ્ઞાન સ્વલક્ષને ચૂકીને એકલા પરને જ લક્ષ્ય બનાવે તે જ્ઞાનમાં આત્મપ્રસિદ્ધિ થતી નથી એટલે કે તે જ્ઞાન મિથ્યા છે. જાણનારું જ્ઞાન તો આત્માનું છે, તેથી આત્મા સાથે એકતા કરીને જાણે તેને જ ખરું જ્ઞાન કહેવાય ને એવું જ્ઞાનલક્ષણ જ આત્માની પ્રસિદ્ધિ કરે છે. પરભવમાં ક્યાં હતો તે ભલે જાણે, નરક – સ્વર્ગને ભલે જાણે, પણ જો આત્માને ન જાણે તો તે જ્ઞાને જાણવાયોગ્ય આત્માને ન જાણ્યો એટલે કે આત્માને પ્રસિદ્ધિ ન કર્યો તેથી તે જ્ઞાનને પણ આત્માનું લક્ષણ નથી કહેવાતું. અજ્ઞાનીને આત્માની તો ખબર નથી ને આત્માના જ્ઞાનલક્ષણની પણ ખબર નથી. તે તો એમ માને છે કે 'આ બધી

પરવસ્તુઓને જાણે છે તે જ્ઞાન જ આત્માનું લક્ષણ છે.' એટલે તે પરનું લક્ષ છોડીને સ્વ તરફ વળતો નથી. ખરેખર, પરને જ જાણે એવું જ્ઞાનલક્ષણ નથી, જ્ઞાનલક્ષણ તો એવું છે કે આત્માને જાણીને આત્મા સાથે એકતા કરે જો આવા જ્ઞાનલક્ષણને ઓળખે તો આત્માને ઓળખ્યા વગર રહે નહિ.

## જ્ઞાનલક્ષણ શું બતાવે છે ?

જ્ઞાનલક્ષણ કોનું ? –આત્માનું. તે જ્ઞાનલક્ષણ આત્માને પરપણે કે વિકારપણે તો નથી બતાવતું, ને એકલા જ્ઞાનગુણને પણ નથી બતાવતું, પરંતુ અનંત ગુણના પિંડરૂપ આત્માદ્રવ્યને તે બતાવે છે. એવા આત્માને લક્ષમાં ન લેતાં, જે જ્ઞાન ભેદ – વિકાર કે પરના લક્ષમાં અટકે તે જ્ઞાન આત્માનું લક્ષણ નથી,કેમકે તે આત્માને પ્રસિદ્ધ નથી કરતું. જે જ્ઞાન આત્મા તરફ વળીને આત્માને લક્ષ્ય કરે – ધ્યેય કરે – સાધ્ય કરે – પ્રસિદ્ધિ કરે તે જ્ઞાન આત્માનું લક્ષણ છે, ને તે જ્ઞાનની સ્વ – પર પ્રકાશક શક્તિ ખીલી ગઈ હોવાથી તે પરને પણ જાણે છે.

અજ્ઞાની જીવ દ્રવ્યલિંગી દિગંબર જૈન સાધુ થયો ને પંચમહાવ્રત પાળીને નવમી ગ્રૈવેયક સુધી ગયો, પણ તેને ય આત્માના જ્ઞાનલક્ષણની ખબર ન પડી, જ્ઞાનવડે તેણે આત્માને પ્રસિદ્ધ કર્યો પણ જ્ઞાનને રાગ સાથે એકમેક માનીને તેણે રાગની જ પ્રસિદ્ધિ કરી. રાગથી જુદું જ્ઞાન કેવું હોય તે તેણે ન જાણ્યું. જો જ્ઞાનલક્ષણને જાણે તો આત્મા જણાયા વગર રહે નહિ.

જેને લક્ષણ અપ્રસિદ્ધ છે તેને લક્ષ્ય અપ્રસિદ્ધ છે,

જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને લક્ષ્ય પ્રસિદ્ધ થયા વિના રહે નહિ. એટલે અહીં જ્ઞાનલક્ષણવડે આત્માની પ્રસિદ્ધિ કરાવવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો છે. લક્ષણવડે લક્ષ્યની પ્રસિદ્ધિ થાય જ – એવી વાત અહીં લીધી છે.

પૂર્વે અનંતકાળમાં જીવ શાસ્ત્રો ભણ્યો ને વ્યવહારચારિત્ર પાળ્યું, પણ રાગથી મારું જ્ઞાન જુદું છે – એમ જ્ઞાનલક્ષણની પ્રસિદ્ધિ(પ્ર+સિદ્ધિ=વિશેષપણે નિર્ણય, ઓળખાણ) ન કરી તેથી આત્માને ન જાણ્યો અને ભવભ્રમણ ન મટ્યું. જ્ઞાનને રાગથી જુદું જાણીને જો અંતરમાં વાળે તો તે જ્ઞાનલક્ષણવડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય છે ને ભવભ્રમણ

ટળી જાય છે.

❋ ❋ ❋

## નિશ્ચયના લક્ષપૂર્વકનો વ્યવહાર

દરેક આત્મા પોતે અનંતશક્તિનો પિંડ ચૈતન્યપરમેશ્વર છે, તેને બતાવવાની આ વાત ચાલે છે.

તે કઈ રીતે જણાય ? – તે જ્ઞાનલક્ષણથી જ જણાય છે; એ સિવાય બીજો કોઈ આત્માને જાણવાનો ઉપાય નથી. જ્ઞાનને સ્વમાં વાળીને આત્માનું લક્ષણ કરવું અર્થાત્ જ્ઞાનવડે આખો આત્મા લક્ષમાં લેવો તે જ આત્માને જાણવાની રીત છે ને તે જ ધર્મ છે.

જુઓ, આમાં વ્યવહાર શું આવ્યો ? –કે 'જ્ઞાનલક્ષણવડે આત્મા જણાય' એટલો લક્ષ્ય – લક્ષણ ભેદનો વ્યવહાર અહીં લીધો છે. એ સિવાય શુભરાગવડે આત્મા જણાય – એવો વ્યવહાર નથી, કેમ કે તે તો અનાદિથી કરી જ રહ્યો છે. જ્ઞાનલક્ષણવડે આત્મા જણાય – એવા ભેદરૂપ જે વ્યવહાર અહીં કહ્યો છે તે વ્યવહાર અનાદિથી કરેલો નથી પણ નવો પ્રગટે છે, કેમકે આ તો નિશ્ચયપૂર્વકનો વ્યવહાર છે. એટલે કે અભેદ આત્માને જ્યારે લક્ષિત કર્યો ત્યારે લક્ષ્ય – લક્ષણના ભેદને વ્યવહાર કહ્યો; જો અભેદ આત્મને લક્ષમાં ન લ્યે ને એકલા લક્ષ્ય – લક્ષણના ભેદના વિચારમાં જ લાભ માનીને અટકી રહે તો તેને તે વ્યવહાર પણ નથી, તે તો માત્ર મંદકષાય છે. નિશ્ચયના લક્ષ વગર એવો મંદકષાય તો અનાદિ કાળથી કરી ચૂક્યો છે, તે મંદકષાયનો નિષેધ કરીને તેને વ્યવહાર કહેવડાવનારો નિશ્ચયસ્વભાવ જો લક્ષમાં ન લીધો તો તે મંદકષાયને વ્યવહાર કોણ કહેશે ? નિશ્ચય વગર વ્યવહાર કોનો ? રાગરહિત નિશ્ચયસ્વભાવને જાણ્યો ત્યારે જ મંદકષાયરૂપ શુભ રાગમાં વ્યવહાર કહેવાય છે. વ્યવહારને વ્યવહાર તરીકે જાણનારું જ્ઞાન પોતે રાગથી (વ્યવહારથી) જુદું પડીને અને ભેદનો આશ્રય છોડીને વ્યવહારને જાણે છે વ્યવહારનો નિષેધ કરનારો નિશ્ચય જ્યાં નથી જોયો ત્યાં વ્યવહારને વ્યવહાર તરીકે કહેશે કોણ ? અખંડ પરિપૂર્ણ આત્મદ્રવ્યનું લક્ષ કરતાં શ્રદ્ધા વગેરે અનંત ગુણોની પ્રસિદ્ધિ થાય છે. જો જ્ઞાનવડે તે આત્મદ્રવ્યનું લક્ષ કરે તો ગુણ-ગુણી ભેદના વિચારને,

દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાને, નવતત્ત્વના જ્ઞાનને કે મંદકષાયને ઉપચારથી વ્યવહાર કહેવાય.

અહીં તો એકદમ અંતરમાં લઈ જવો છે તેથી સ્થૂળ વ્યવહારની વાત ન લેતાં પોતામાં ને પોતામાં જ લક્ષ્ય–લક્ષણ ભેદરૂપ વ્યવહાર લીધો છે.

'આત્માસિદ્ધિ'માં એમ કહ્યું છે કે –

**'ત્યાગ વૈરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન'**

તેમાં મંદકષાય પૂરતી વાત લીધી છે. અને અહીં એમ કહે છે કે–

**'લક્ષણને જાણ્યા વિના, થાય ન લક્ષ્યનું જ્ઞાન'**

અહીં તો આત્માસ્વભાવની બહુ નજીક લાવીને વાત કરી છે. 'જ્ઞાન તે આત્મા' એટલો ભેદ પાડીને અભેદ આત્માનું લક્ષ કરાવે છે કે જો ભાઈ ! આ તારું જ્ઞાન જાણે છે ને ? તે જ્ઞાન આત્મા છે. જે જ્ઞાન બહારમાં વળે છે તેને બદલે જ્ઞાનને અંતરમાં વાળ, તો તે જ્ઞાનવડે આત્માની પ્રસિદ્ધિ થાય છે,'આત્મા જ્ઞાનમય છે' એમ કહેતાં જ્ઞાન તે લક્ષણ છે ને આત્મા લક્ષ્ય છે એવો જે ભેદ પડે તેને વ્યવહાર કહ્યો, પણ સાથે નિશ્ચયનું પણ લક્ષ હોવાથી તે ભેદનોય નિષેધ કરીને અભેદ આત્માનું લક્ષ થાય જ– એટલે જ્ઞાનલક્ષણથી આત્મપ્રસિદ્ધિ થાય જ, – એવી શૈલીની આ વાત છે.

## લક્ષણ અને લક્ષ્યની પ્રસિદ્ધિ એક સાથે છે

જ્ઞાનલક્ષણ દ્વારા આત્માને ઓળખવવા માટે લક્ષ્ય–લક્ષણના ભેદ પાડીને સમજાવ્યું કે જ્ઞાનલક્ષણ આત્માને પ્રસિદ્ધ કરે છે. ત્યાં અંતરમાં નજીક આવેલો શિષ્ય ફરીથી પૂછે છે કે 'પ્રભો ! એવું ક્યું લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિવડે તેનાથી ભિન્ન પ્રસિદ્ધિ થાય છે ? જ્ઞાનથી જુદું એવું ક્યું લક્ષ્ય છે કે જેને આ જ્ઞાનલક્ષણ પ્રસિદ્ધ કરે છે ? જેને તમે જ્ઞાનલક્ષણથી સમજાવવા માગો છો તે ચીજ શું જ્ઞાનથી જુદી છે ? જ્ઞાનની પ્રસિદ્ધિવડે આત્માની પ્રસિદ્ધિ થાય છે–એમ કહ્યું, તો શું જ્ઞાનની પ્રસિદ્ધિ અને આત્માની પ્રસિદ્ધિ જુદી જુદી છે ? જુઓ, શિષ્યને જ્ઞાન અને આત્મા એવો લક્ષ્યલક્ષણનો ભેદ પણ ખટકે છે તેથી આ પ્રશ્ન ઊઠ્યો છે. અંતરમાં એકદમ નજીક આવેલો શિષ્યનો આ પ્રશ્ન છે.આત્માને પકડવા જતાં ગુણગુણી ભેદનો વિકલ્પ ઊઠે છે તેને પણ છોડીને અભેદ આત્માના અનુભવ માટેનો આ પ્રશ્ન છે.

આચાર્યદેવ તેને ઉત્તર આપે છે કે –ભાઈ, જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી, કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે. તેને ઓળખાવવા માટે લક્ષ્ય-લક્ષણના ભેદથી કહ્યું હતું, પણ વસ્તુપણે તો અભેદ છે. જ્ઞાનને જ્યાં આત્મસ્વભાવ તરફ વાળ્યું ત્યાં તે જ્ઞાન અને આત્મા અભેદ જ છે. જ્ઞાનપર્યાયને અંતરમાં વાળતાં તે દ્રવ્ય સાથે અભેદ થઈ જાય છે તેથી જ્ઞાનને અને આત્માને દ્રવ્યથી અભેદપણું છે; નામભેદ, આત્મા રાગાદિથી તો ભિન્ન પ્રસિદ્ધ થાય છે પણ જ્ઞાનથી ભિન્ન પ્રસિદ્ધ થતો નથી. જ્ઞાનની પ્રસિદ્ધિથી આત્માની પ્રસિદ્ધિ જુદી નથી, **જે જ્ઞાનની પ્રસિદ્ધિ છે તે જ આત્માની પ્રસિદ્ધિ છે.** જેને અભેદ આત્માનો ખ્યાલ નથી તેને લક્ષ્ય–લક્ષણના ભેદ પાડીને સમજાવીએ છીએ, પણ વસ્તુપણે જ્ઞાન અને આત્મા જુદા નથી. જ્યારે જ્ઞાનપર્યાય સ્વ તરફ વળીને એકાગ્ર થઈ ત્યારે તેને લક્ષણ કહેવાયું અને આત્મા તેનું લક્ષ્ય થયા, **એ રીતે લક્ષ્ય–લક્ષણની સિદ્ધિ એક સાથે જ છે.** પરંતુ એમ નથી કે પહેલાં જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ ને પછી આત્માની પ્રસિદ્ધિ થઈ. જ્યાં જ્ઞાન આત્મામાં એકાગ્ર થયું ત્યાં લક્ષ્યલક્ષણ ભેદનો વિકલ્પ પણ ન રહ્યો ને દ્રવ્ય–પર્યાય અભેદ થતાં, આત્મા પ્રસિદ્ધિ થયો; માટે જ્ઞાનલક્ષણથી જુદું કોઇ લક્ષ્ય નથી. લક્ષ્યલક્ષણ અભેદ છે અને તેની પ્રસિદ્ધિ એક સાથે જ છે.

❋ ❋ ❋

## લક્ષણ–લક્ષ્યનો ભેદ શા માટે ?

શિષ્ય ફરી પૂછે છે કેઃ જો જ્ઞાન અને આત્મા અભેદ છે, જુદા નથી, તો પછી તેમાં ભેદ પાડીને કેમ કહ્યું ? જો બંને જુદા ન હોય તો જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય એવા ભેદ કેમ કર્યા ?

તેના ઉતરમાં આચાર્યદેવ કહે છે કેઃ પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પોતે સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે અને તે જ્ઞાનવડે આત્માને પ્રસિદ્ધ કરવામાં આવે છે. જ્ઞાનને તો સ્વસંવેદનથી પ્રસિદ્ધપણું છે, એટલે કે તે પોતે પોતાને જાણે છે તથા આખા આત્માને પણ તે પ્રસિદ્ધ કરે છે. પણ અજ્ઞાની પર સાથે જ્ઞાનની એકતા માનીને એકલા પરની પ્રસિદ્ધિ કરે છે તેથી

તેને આત્મપ્રસિદ્ધિ થતી નથી; માટે અહીં તે જ્ઞાનને સ્વસન્મુખ કરીને આત્માની પ્રસિદ્ધિ કરવા માટે, આત્માનો અને જ્ઞાનનો લક્ષ્ય–લક્ષણ ભેદ પાડીને સમજાવ્યું છે, કે જો ભાઇ ! આ જ્ઞાન અંતર્મુખ કરીને આત્માને તેનું લક્ષ્ય બનાવ...જેથી તને આત્માની પ્રસિદ્ધિ થાય.

પગમાં ખાલી ચડે ને અંદર ઝમઝમાટ થાય તેને જાણ્યું કોણે ? –જ્ઞાને જાણ્યું; તે જ્ઞાન કોનું ? – કે મારું; તું કોણ ?–કે આત્મા; માટે જ્ઞાન કરે તે આત્મા છે. રાગ-દ્વેષ તે આત્મા નથી.– આમ સમજે તો જ્ઞાનનું લક્ષ આત્મા તરફ જાય અને આત્માનો અનુભવ થાય. ભાઈ ! આ બધું જાણે છે તે જ્ઞાન તો આત્માનું છે, માટે તે જ્ઞાનને આત્મા તરફ વાળ. આત્માનાં વલણમાં રહીને સ્વ–પરને જાણે તેવી જ્ઞાનની તાકાત છે.

અજ્ઞાનીને લક્ષણ અને લક્ષ્ય બંને અપ્રસિદ્ધ છે, તેને તે ઓળખતો નથી; તેથી તે જ્ઞાનનું લક્ષ્ય પરને જ બનાવે છે, જાણે કે પર તરફ જ વલણ કરીને જાણવાનું જ્ઞાનનું સ્વરૂપ હોય એમ માને છે. તેને લક્ષણ અને લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે અહીં સમજાવે છે કે જ્ઞાનનું લક્ષ્ય તો આત્મા છે, માટે જ્ઞાનને આત્મા તરફ વાળીને તે જ્ઞાનલક્ષણવડે આત્માને પ્રસિદ્ધ કર.

❋ ❋ ❋

## આત્મપ્રસિદ્ધિ

આ ટીકાનું નામ‘આત્મખ્યાતિ’છે, **આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ,** આત્માનો અનુભવ;તે ‘આત્મપ્રસિદ્ધિ’કેમ થાય તેની આ વાત ચાલે છે. જ્ઞાનલક્ષણવડે જ આત્માની પ્રસિદ્ધિ થાય છે.

પહેલાં તો સત્સમાગમે ઉત્સાહથી આવા સત્યનું શ્રવણ કરવું જોઈએ. જ્યાં સત્યના શ્રવણનો પણ ઉત્સાહ નથી ત્યાં ગ્રહણ નથી, ગ્રહણ નથી ત્યાં ધારણાં નથી, ધારણાં નથી ત્યાં રુચિ નથી અને રુચિ નથી ત્યાં પરિણમન થતું નથી. જેને આત્માની રુચિ હોય તેને ઉત્સાહપૂર્વક તેનું શ્રવણ, ગ્રહણ અને ધારણ તો હોય જ છે. અહીં તો હવે

શ્રવણ, ગ્રહણ, ધારણ અને રુચિ પછી અંતરમાં તેનું પરિણમન થઈને આત્માની પ્રસિદ્ધિ કેમ થાય તેની વાત છે.

આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્મા પ્રસિદ્ધ થયો એમ કહેવાય છે. વ્રત–તપ વગેરેનો શુભ રાગ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી, પણ જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.

* * *

## જ્ઞાનલક્ષણ કોને પ્રસિદ્ધ કરે છે ?

જ્ઞાન લક્ષણ કેવા આત્માને પ્રસિદ્ધ કરે છે ? જ્ઞાનની સાથે અવિનાભૂત એવા અનંત ધર્મોના સમુદાયરૂપ અનેકાન્તમૂર્તિ આત્મા છે તેને જ્ઞાન પ્રસિદ્ધ કરે છે. 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં એકલો જ્ઞાનગુણ જુદો પડીને લક્ષમાં નથી આવતો પણ જ્ઞાનાદિ અનંતગુણોનો પિંડ આત્મા લક્ષમાં આવે છે. આત્મા અનંતધર્મોના સમુદાયરૂપ મૂર્તિ છે એમ કહીને અહીં અનેકાંત સિદ્ધ કર્યો. અનંતધર્મો કહેવામાં જ્ઞાનની ઘણી વિશાળતા છે.

જુઓ ! અહીં આત્માને અનંતધર્મોવાળો કહેતા ત્રિકાળ શુદ્ધ ધર્મો જ બતાવવા છે; ત્રણે કાળે જ્ઞાનની સાથે રહેલા એવા નિર્મળ ધર્મો જ અહીં લીધા છે; વિકારને અહીં આત્માનો ધર્મ ગણ્યો નથી. કોઈ વાર એક સમયના પર્યાયમાં વિકાર થાય તેને પણ આત્માનો ધર્મ કહેવામાં આવે છે. પણ અહીં તો આત્માની શુદ્ધ શક્તિઓનું જ વર્ણન છે. જ્ઞાનલક્ષણ છે તે આત્માને વિકારથી તો જુદો બતાવે છે, માટે અહીં આત્માને અનંત ધર્મોવાળો કહ્યો તેમાં વિકારી ધર્મો ન લેવા. અહીં તો જ્ઞાનલક્ષણથી શુદ્ધ આત્મદ્રવ્યનું લક્ષ કરાવવું છે. જ્ઞાનમાં ધ્યેય કોને બનાવવું તેની આ વાત છે. આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહેતાં, જ્ઞાનની સાથે રહેલા રુચિ–પ્રતીતિ, સ્થિરતા, આનંદ, પ્રભુત્વ, સ્વચ્છત્વ વગેરે અનંત ધર્મોના પિંડરૂપ આત્માને ધ્યેય બનાવવો. જ્ઞાનને અંતર્મુખ કરીને એવા આત્માને ધ્યેય બનાવતાં આત્માની પ્રસિદ્ધિ થાય છે એટલે કે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટે છે.

'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં 'રાગ એ આત્મા નથી' એમ સાબિત થઇ જાય

છે; કેમ કે જ્ઞાનલક્ષણથી રાગ લક્ષિત નથી થતો, પણ જ્ઞાનલક્ષણવડે અનંત ધર્મવાળું આત્મદ્રવ્ય જ લક્ષિત થાય છે. અહીં આચાર્યદેવ એમ કહે છે કે, હે ભાઇ ! રાગ તારું સ્વલક્ષણ નથી, જ્ઞાન જ તારું સ્વલક્ષણ છે, માટે જ્ઞાન સાથે ત્રિકાળ અવિનાભાવી સ્વભાવવાળા અનંતગુણના પિંડસ્વરૂપ આત્મા છે તેને જ તું જ્ઞાનલક્ષણવડે લક્ષિત કર. રાગાદિ તો ખરેખર જ્ઞાનથી ભિન્ન છે માટે તે રાગાદિ ભાવોને જ્ઞાનનું લક્ષ્ય ન બનાવ. આત્મા તરફ વળતું જ્ઞાન તે જ તારું સ્વલક્ષણ છે ને એવા સ્વલક્ષણથી જ આત્માનો અનુભવ થાય છે.

અહીં તો આચાર્યદેવ લક્ષણ અને લક્ષ્યને અભેદ બતાવે છે. જે લક્ષણ છૂટી જાય તે ખરેખર વસ્તુનું શાશ્વત લક્ષણ નથી આત્મા રાગી–દ્વેષી છે એમ કહેવું તે ખરેખર આત્માનું લક્ષણ નથી, તે રાગાદિભાવો તો આત્માથી છૂટા પડી જાય છે. આત્મા ત્રિકાળ છે તેની સાથે એકમેકપણે રહીને આત્માને ઓળખાવે તે જ આત્માનું લક્ષણ છે. માટે અહીં જ્ઞાનમાત્ર લક્ષણવડે આત્માને ઓળખાવ્યો છે. આત્મામાં એક જ્ઞાનગુણ જ નથી પણ અનંત ધર્મો છે; આત્માના સ્વભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ-સ્વચ્છત્વ- પ્રભુત્વ આદિ અનંત ધર્મો છે; એવા આત્માને જ્ઞાન દ્વારા ઓળખાવે છે. આત્મામાં એક સાથે અનંત ધર્મો છે, કાળ અપેક્ષાએ તો અનંત છે ને સંખ્યા અપેક્ષાએ પણ અનંત શક્તિઓ એક સાથે રહેલી છે. એક સાથે રહેલી અનંતી શક્તિઓ અને તેના ક્રમે ક્રમે થતા અનંત નિર્મળ અંશો – એવા અનંત ધર્મની મૂર્તિ આત્મા છે તેને જ્ઞાન ઓળખાવે છે.

જેમ નકશામાં જુદા જુદા રંગ દ્વારા જુદા જુદા રાજ્યની હદ ઓળખાવે છે તેમ અહીં જ્ઞાનલક્ષણથી આત્માની હદ ઓળખાવે છે કે જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. જ્ઞાન સાથે અભેદપણે જેટલા ધર્મો જણાય તે બધોય આત્મા છે, રાગાદિ ભાવો તે આત્માની હદથી બહાર છે, કેમ કે તેમાં જ્ઞાન વ્યાપતું નથી. જ્ઞાન અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કરે છે; માટે તે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિવડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, જ્ઞાન સાથે અવિનાભાવી એવો જે અનંતધર્મસમૂહ લક્ષિત થાય

## (વીર સં.૨૪૭૫ : કારતક સુદ ૧)

### આત્માનું લક્ષણ

આત્માનું લક્ષણ જ્ઞાન છે, તેનાથી આત્મા જણાય છે. ઘણા પદાર્થોમાંથી કોઈ એક ખાસ પદાર્થને જુદો પાડીને જે ઓળખાવે તેને લક્ષણ કહેવાય છે. જ્ઞાન છે તે આત્માને બધા પરદ્રવ્યો અને પરભાવોથી જુદો બતાવે છે તેથી તે આત્માનું લક્ષણ છે. રાગાદિભાવો તે આત્માનું લક્ષણ નથી પણ બંધનું લક્ષણ છે. રાગની સામે જોતાં આત્મા નથી ઓળખાતો માટે રાગ તે આત્માથી ભિન્ન છે. જ્ઞાનલક્ષણ અને આત્મા પરમાર્થે અભેદ છે તેથી જ્ઞાનલક્ષણને ઓળખતાં આત્મા પણ ઓળખાય છે. આત્મામાં અનંત ધર્મો હોવા છતાં તેને જ્ઞાનમાત્ર કહીને ઓળખાવ્યો છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરને જાણવાનો હોવાથી તે સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે, જ્ઞાન સિવાય જે શ્રદ્ધા-સુખ વગેરે અનંત ધર્મો છે તેઓ પોતે પોતાને કે પરને જાણતા નથી; માટે જ્ઞાનને જ લક્ષણ કહ્યું છે. તે જ્ઞાનલક્ષણવડે અનંતગુણની મૂર્તિ એવો આત્મા જ પ્રસિદ્ધ કરવા યોગ્ય – જાણવા યોગ્ય – ધ્યાન કરવા યોગ્ય–લક્ષ્ય કરવા યોગ્ય છે; જ્ઞાન અંતર્મુખ થઈને તેવા આત્માને જ જાણે છે–પ્રસિદ્ધ કરે છે –ધ્યાવે છે–લક્ષમાં લ્યે છે. અજ્ઞાનીઓ તો રાગને અને પરને જાણવામાં અટકે તેને જ જ્ઞાન માને છે એટલે તેઓ રાગ સાથે જ્ઞાનને એકમેક કરીને, જ્ઞાનલક્ષણ જાણે કે રાગનું જ હોય એમ માને છે તેથી તેમને રાગની જ પ્રસિદ્ધિ થાય છે, પણ રાગથી ભિન્ન એવા જ્ઞાનની કે આત્માની પ્રસિદ્ધિ થતી નથી. – એનું નામ અધર્મ છે. જો જ્ઞાનને રોગથી જુદું ઓળખે એટલે કે રાગ સાથે જ્ઞાનની એકતા છોડીને સ્વભાવ સાથે એકતા પ્રગટ કરે, તો રાગરહિત જ્ઞાનલક્ષણની અને આત્માની પ્રસિદ્ધિ થાય. – તેનું નામ ધર્મ છે. જે જ્ઞાન આત્માને રાગથી જુદો પ્રસિદ્ધ કરે તે જ ખરું જ્ઞાન છે; જે જ્ઞાન આત્માને તો પ્રસિદ્ધ ન કરે ને એકલા રાગને જ પ્રસિદ્ધ કરે તે ખરેખર જ્ઞાન જ નથી, કેમકે તે તો રાગમાં તન્મય થઈ ગયું છે તેથી તેને જ્ઞાન જ નથી કહેતા. જ્ઞાન આત્માનું લક્ષણ છે. – પણ ક્યારે ? કે આત્માને લક્ષ્ય બનાવે ત્યારે. એટલે આચાર્યદેવ કહે છે કે જ્ઞાનવડે લક્ષમાં લેવા યોગ્ય આત્મા જ છે.

## જ્ઞાનલક્ષણનું કાર્ય

જીવનું લક્ષણ જ્ઞાન છે, અને જ્ઞાન સ્વસંવેદનથી સિદ્ધ છે, જ્ઞાન પોતે પોતાને જાણે છે, જ્ઞાનને જાણવા માટે જ્ઞાનથી જુદા કોઈ પદાર્થની જરૂર પડતી નથી, માટે જ્ઞાન સ્વસંવેદનથી પ્રસિદ્ધ થાય છે. જ્ઞાન સ્વપરને જાણનારું છે. જ્ઞાન રાગને જાણે પણ રાગને કરે નહિ. જ્ઞાન સ્વને તો જાણે અને કરે, એમ પોતામાં બંને બોલ લાગુ પડે છે; અને જ્ઞાન પરને જાણે પણ પરનું કરે નહિ, એમ પરમાં એક જ બોલ લાગુ પડે છે. આવા જ્ઞાનવડે પરની ક્રિયાની કે રાગની તો પ્રસિદ્ધિ નથી થતી, તેમ જ એકલા પરને જાણવાની પણ પ્રસિદ્ધિ નથી થતી, પણ અનંત ધર્મના ચૈતન્યપિંડ એવા આત્માની જ પ્રસિદ્ધિ થાય છે. આમ જે આત્માની પ્રસિદ્ધિ કરે તેણે જ જ્ઞાનને જ્ઞાન તરીકે ઓળખ્યું કહેવાય.

અજ્ઞાની જીવ પોતાના સ્વલક્ષ્યને ભૂલીને જ્ઞાનવડે પરની પ્રસિદ્ધિ કરવા જાય છે, તેને જ્ઞાનલક્ષણની જ ખબર નથી. લક્ષણ તો એવું હોય કે જે પોતાનાં લક્ષ્યને જણાવે.જો લક્ષ્યને ન જણાવે તો તે ખરેખર લક્ષણ નથી પણ લક્ષણાભાસ છે. જ્ઞાન તો તેને કહેવાય કે જે આત્માને જ લક્ષ્ય કરે–ઓળખાવે. જો પોતાના આત્માને ન ઓળખાવે તો તે જ્ઞાનાભાસ છે. પોતાનું જ્ઞાન તે પોતાના આત્માનું જ લક્ષણ છે, માટે પોતાના જ્ઞાનવડે પોતાના અનંતધર્મસ્વરૂપ આત્માને જ લક્ષિત કરવા, જ્ઞાનને સ્વ તરફ વાળીને આત્માને અનુભવવો – તે જ લક્ષણ લક્ષ્યને જાણવાનું તાત્પર્ય છે.

## જ્ઞાનથી લક્ષિત આત્મા માત્ર જ્ઞાનરૂપ નથી પણ અનંત-ધર્મસ્વરૂપ છે.

જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે છે, તે આત્મા અનંત ગુણોના સમુદાયસ્વરૂપ છે. જ્ઞાનની સાથે જ અનંત ગુણો રહેલા છે, તે દરેક ગુણનું લક્ષણ જુદું જુદું છે છતાં દ્રવ્યપણે તે બધા ગુણોનો એક જ ભાવ છે, એક દ્રવ્ય જ તે બધા ધર્મોવાળું છે. આગળ ૨૭મી શક્તિમાં કહેશે કે વિલક્ષણ અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંતધર્મત્વશક્તિ છે; એટલે કે ગુણ અપેક્ષાએ દરેક ગુણનું લક્ષણ ભિન્ન હોવા છતાં તે બધાના અભેદ-પિંડરૂપ દ્રવ્ય એક છે.

જ્ઞાનનું લક્ષણ સ્વ-પરપ્રકાશકપણું,
સમ્યક્ત્વનું લક્ષણ સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ,
ચારિત્રનું લક્ષણ સ્વરૂપમાં એકાગ્રતા,
આનંદનું લક્ષણ આહ્લાદ,
અસ્તિત્વનું લક્ષણ હોવાપણું,
પ્રભુત્વનું લક્ષણ સ્વતંત્રતાથી શોભિતપણું ;

– એમ અનંતા ગુણોનું લક્ષણ જાુદું છે, એટલે લક્ષણભેદે બધા ગુણોને પરસ્પર ભેદ છે, છતાં દ્રવ્ય તો બધા ગુણોનો એકરૂપ પિંડ છે, જ્ઞાનમાત્ર આત્મામાં બધાય ધર્મો સમાઈ જાય છે. 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં જ અનંતધર્મોનો એક સમૂહ લક્ષિત થાય છે તે આત્મા છે.

દર્શન, જ્ઞાન, ચારિત્ર ઇત્યાદિ અનેક ભેદોને જ્ઞાન જાણે ભલે, પણ તે જ્ઞાનવડે લક્ષિત તો અનંતધર્મોથી અભેદ એવો આત્મા જ છે. ભેદોને જાણનારું જ્ઞાન જો એકલા ભેદને જ લક્ષ્ય કરે ને અભેદ આત્માને લક્ષ્ય ન કરે તો ત્યાં ખરેખર જ્ઞાનની પ્રસિદ્ધિ નથી પણ એકલા ભેદની જ પ્રસિદ્ધિ છે; જ્ઞાનની પ્રસિદ્ધિ વગર આત્માની પ્રસિદ્ધિ પણ થતી નથી. જ્ઞાન ભેદને પણ જાણે ખરું, પરંતુ અભેદ આત્માના લક્ષપૂર્વક ભેદને જાણે.

## જ્ઞાનલક્ષણથી અનંતધર્મસ્વરૂપ આત્મા લક્ષિત થાય છે, રાગાદિ નહિ.

જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક હોવાથી તે પરને અને રાગાદિને જાણે ખરું; પણ પરને કે રાગને જાણતાં જ્ઞાનલક્ષણ પરનું કે રાગનું થઈ જતું નથી, જ્ઞાન લક્ષણ તો આત્માનું જ રહે છેઃ એટલે કે પરને જાણતું જ્ઞાન પણ આત્મા સાથે એકતા રાખીને પરને જાણે છે, પર સાથે કે રાગ સાથે એકતા કરીને જાણતું નથી. જ્ઞાન રાગને જાણે ત્યાં તે જ્ઞાન રાગનું લક્ષણ થઈ જતું નથી, તેમ જ રાગ જ્ઞાનમાં જણાય તેથી કાંઈ તે રાગ જ્ઞાનનું લક્ષણ થઈ જતો નથી, બંને ભિન્ન જ રહે છે. એ જ પ્રમાણે પોતાના ગુણોમાં પણ સૂક્ષ્મ વાત લઈએ તો, જ્ઞાન છે તે શ્રદ્ધા વગેરેના લક્ષણને જાણે

છે ખરું, પણ શ્રદ્ધાના લક્ષણવડે જ્ઞાન લક્ષિત થતું નથી; તેમજ શ્રદ્ધાને જાણનારું જ્ઞાન તે શ્રદ્ધાનું લક્ષણ થઈ જતું નથી, કેમ કે જ્ઞાનવડે એકલો શ્રદ્ધાગુણ જ લક્ષિત નથી થતો પણ એવા એવા અનંતગુણની મૂર્તિ આત્મા લક્ષિત થાય છે. જ્ઞાન બીજાને જાણે છે ખરું પણ બીજાનું લક્ષણ થતું નથી. અભેદ આત્માના લક્ષપૂર્વક ભેદને જાણનારું જ્ઞાન પણ અભેદ આત્માની જ પ્રસિદ્ધિ કરે છે. જ્યાં જ્ઞાને અભેદ આત્માને લક્ષમાં લીધો ત્યાં લક્ષણ અને લક્ષ્ય બંને એક થઈ ગયા – અભેદ થઈ ગયા અને ત્યારે જ તે જ્ઞાન આત્માનું લક્ષણ થયું, તે જ્ઞાનલક્ષણે અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કર્યો. – આનું જ નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, આ જ પ્રથમ ધર્મ છે.

આત્મામાં અનંત શક્તિઓ છે, તે બધાને જાણનારુ તો જ્ઞાન છે; તે જ્ઞાન એકેક શક્તિને જુદી જુદી પ્રસિદ્ધ નથી કરતું પણ અનંત શક્તિસંપન્ન એક આત્માને પ્રસિદ્ધ કરે છે. શ્રદ્ધા,સુખ, પ્રભુતા ઈત્યાદી ભિન્ન ભિન્ન અનંત ધર્મો હોવા છતાં તે બધાય ધર્મો એક આત્મદ્રવ્યના જ છે,એવા અનંતધર્મસ્વરૂપ આત્માને જ્ઞાન પ્રસિદ્ધ કરે છે. જ્ઞાનલક્ષણને ઓળખ્યા સિવાય આવો આત્મા અનુભવમાં – લક્ષમાં આવતો નથી. અભેદ આત્માને પકડવા જતાં 'જ્ઞાન તે આત્મા' એવો લક્ષ્ય–લક્ષણ ભેદ વચ્ચે આવી જ જાય છે, જેણે આત્માને કદી જાણ્યો નથી તે જીવ જ્ઞાનલક્ષણ વગર સીધું લક્ષ્યને (આત્માને)જાણી શકતો નથી. તેથી જ, આચાર્યદેવ કહે છે કે, અમે આત્માને જ પ્રસિદ્ધ કરવા માટે જ્ઞાનલક્ષણ બતાવ્યું છે. જ્ઞાનલક્ષણ અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કરે છે– બતાવે છે.

## ❋ સદાય સુખરૂપ બેસતું વર્ષ ❋

## બેસતા વર્ષે આત્મપ્રસિદ્ધિની અપૂર્વ વાત

જુઓ ! આજે બેસતા વર્ષે જ્ઞાનમૂર્તિ ભગવાન આત્માની પ્રસિદ્ધિની અપૂર્વ વાત આવી છે. અંતરમાં સમ્યગ્દર્શનવડે આત્માની પ્રસિદ્ધિ થાય તે જ અપૂર્વ બેસતું વર્ષ છે; તે બેસતું વર્ષ આત્માને સદાય સુખરૂપ છે. અહો, બધાયને જાણનારું જ્ઞાન...પણ તે એક આત્માને જ પ્રસિદ્ધ કરે છે. જ્ઞાન જાણે બધાને, પણ તે બધાનું જ લક્ષણ નથી;

બધાને જાણતું જ્ઞાન તે આત્માનું જ લક્ષણ છે એટલે કે આત્માને લક્ષ્યમાં રાખીને બધાને જાણે તેવો જ્ઞાનનો સ્વભાવ છે. આ રીતે જ્ઞાનલક્ષણ પોતાના ચૈતન્યમૂર્તિ આત્માને જ પ્રસિદ્ધ કરે છે. જેણે આવી આત્મપ્રસિદ્ધિ કરી તેના આત્મામાં સદાય સુખરૂપ નવું વર્ષ બેઠું.

અહો ! જ્ઞાનથી પ્રસિદ્ધ થતો અનંત ધર્મનો ઢીંગ આત્મા, તે જ પોતાનો ધીંગધણી છે; આવા ચૈતન્યમૂર્તિ ધીંગધણી આત્માને જોતાં જ અમારા અનાદિનાં દુઃખ અને દોહગ (દુર્ભાગ્ય) બંને ટળી ગયા, ને સુખસંપદાની પ્રાપ્તી થઈ. ભગવાન આત્મા પોતે પ્રભુતાનો પિંડ વિમળસ્વરૂપ છે, તેને જોતાં જ સિદ્ધભગવાન જેવા સુખનો અનુભવ થયો, એટલે અનાદિકાળના દુઃખ તો ટળી ગયા ને બાહ્યમાં દુર્ભાગ્યરૂપ પ્રતિકૂળતા પણ ટળી ગઈ. ધર્મીને જગતમાં એવી કોઈ પ્રતિકૂળતા નિમિત્તરૂપે નથી કે જે તેને સાધકભાવમાં વિઘ્ન કરે. જ્યાં અંતરના ચૈતન્યભગવાન ધીંગધણીને શ્રદ્ધા-જ્ઞાનમાં ધાર્યો ત્યાં બહારની પ્રતિકૂળતાને ગણકારે છે જ કોણ ? જુઓ, આ બેસતા વર્ષનું માંગળિક થાય છે. મંગળ એટલે સુખને લાવે ને દુઃખને દૂર કરે. અનંત શક્તિ સંપન્ન ચૈતન્યમૂર્તિ આત્માની દૃષ્ટિ કરતાં અપૂર્વ સુખસંપતિની ભેટ થઈ ને દુઃખ દૂર થયા તે જ ખરુ મંગળ છે.

## જ્ઞાન લક્ષણની ગંભીરતા

જ્ઞાનથી લક્ષમાં આવતો આત્મા કેવો છે તેનો આ મહિમા છે. જ્ઞાનલક્ષણથી તેને લક્ષમાં લીધા વિના તેનો મહિમા સમજાય નહિ. જેમ આઠ આંકડાની કોઈ રકમ(૮૭૬૫૪૩૨૧) લખી હોય અને તેમાં એક નવમો આંકડો ઉમેરો(૯૮૭૬૫૪૩૨૧) તો તેણે કરોડોની સંખ્યા વધારી છે. જેને ગણિતની ખબર નથી તેને એમ લાગે છે કે આ એક નવડો મૂક્યો; પણ ખરેખર તો તે નવડામાં કરોડોનો ભાવ સમાયેલો છે. તેમ અહીં 'જ્ઞાન તે આત્માનું લક્ષણ છે' એમ આચાર્ય ભગવાને કહ્યું છે તેમાં ઘણા સૂક્ષ્મ ન્યાય છે, ઘણી ઊંડી ગંભીરતા છે. અંતર્મુખ થઈને ખ્યાલમાં લ્યે તો તેની ગંભીરતા સમજાય છે. સાધારણ લોકોને એમ લાગે છે કે આ શરીર, કબાટ વગેરે બધાને જાણે છે તે જ્ઞાનની વાત છે ને તે જ આત્માનું લક્ષણ છે. – પણ એમ નથી. અહીં તો જ્ઞાનને અંતરસ્વભાવસન્મુખ કરીને આત્માને જાણે તેની વાત છે અને તે જ્ઞાન જ આત્માનું

લક્ષણ છે. અનંત ગુણથી ભરપૂર પોતાનો આત્મા તે જ જ્ઞાનનું લક્ષ્ય છે. આવા લક્ષ્ય-લક્ષણને જે ઓળખે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય, અને અનાદિથી અપ્રસિદ્ધ એવા આત્માની પ્રસિદ્ધિ થાય.

## લક્ષણનું લક્ષણપણું ક્યારે ? –કે લક્ષ્યને પ્રસિદ્ધ કરે ત્યારે.

ગુણોમાં ભેદ પાડવા તે પણ જ્ઞાનનું લક્ષ્ય નથી; જ્ઞાન તે ગુણોને જાણે ભલે, પણ તેનું લક્ષ્ય તો આખો આત્મા જ છે. અહીં ભેદને સિદ્ધ કરવા માટે જ્ઞાન અને આત્માનો લક્ષણ-લક્ષ્ય ભેદ નથી પાડ્યો, પણ જ્ઞાન આત્મા તરફ વળીને આત્માને જ જાણે – એ રીતે જ્ઞાનલક્ષણ દ્વારા અભેદ આત્માની પ્રસિદ્ધિ કરવા માટે જ આ લક્ષણ-લક્ષ્ય ભેદ છે. જો કે સ્વ-પર, દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર એ બધાને જાણનારું તો જ્ઞાન જ છે, પણ જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશપણું ક્યારે થાય ? કે જો જ્ઞાનલક્ષણ તો આત્માનું છે એમ નક્કી કરીને આત્માને લક્ષ્ય બનાવે તો જ તે જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશપણું ખીલે, અને તે જ્ઞાન જ સ્વ-પરને કે નિશ્ચય-વ્યવહાર વગેરેને સાચી રીતે જાણી શકે. જે જ્ઞાન અંતરમાં વળ્યું નથી તે જ્ઞાનમાં તો આત્મપ્રસિદ્ધિ જ થઈ નથી; અને જે જ્ઞાનમાં આત્મપ્રસિદ્ધિ નથી થઈ તે જ્ઞાન તો આંધળું છે, એટલે તે જ્ઞાન પરને પણ યથાર્થ જાણી શકતું નથી. એવા જ્ઞાનને અહીં લક્ષણ તરીકે સ્વીકારતા નથી. જે જ્ઞાન આત્માને પ્રસિદ્ધ ન કરે તેને જ્ઞાન કોણ કહે ? ખરેખર તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

જ્ઞાન તે લક્ષણ છે ને આત્મા લક્ષ્ય છે, —પણ તે લક્ષણ અને લક્ષ્ય ક્યારે થાય ? જ્ઞાનલક્ષણથી આત્માને પકડવા જતાં જ્ઞાનઅંતર્મુખ થાય છે માટે અંતર્મુખજ્ઞાન તે જ આત્માનું લક્ષણ છે. જ્યારે લક્ષણ અને લક્ષ્યની સંધી કરે એટલે કે જ્ઞાનને આત્મા તરફ વાળીને તે જ્ઞાનદ્વારા અખંડ આત્માને લક્ષમાં લ્યે ત્યારે જ આત્મા લક્ષ્ય થાય અને જ્ઞાન લક્ષણ થાય. – આ રીતે લક્ષણ અને લક્ષ્ય બંનેની એક સાથે પ્રસિદ્ધિ થાય છે.

જ્ઞાનલક્ષણવડે જ્યાં આત્માને દેખ્યો કે તરત જ કેવળજ્ઞાન થવાની પ્રતીતિ થઈ જાય છે, કેમકે આત્મામાં તેવી શક્તિ પડી છે; તે શક્તિની પ્રતીતમાં વ્યકિતની પ્રતીત પણ ભેગી થઈ જ જાય છે.આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે અને

તેમાં રાગનો અભાવ છે – એમ જેણે નક્કી કર્યું તેને રાગથી છૂટો પડીને આત્મા તરફ વળતાં જ્ઞાનનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય પૂરું ખીલી જશે અને રાગાદિ બિલકુલ નહિ રહે. 'જ્ઞાન તે આત્મા છે' એમ જ્યાં નક્કી કર્યું ત્યાં જ શ્રદ્ધામાંથી નિમિત્તનું–રાગનું–વ્યવહારનું અવલંબન ઊડી ગયું; ને જ્ઞાનદ્વારા અખંડ આત્મા જ આદરણીય છે –એમ નક્કી થઈ ગયું, જે જ્ઞાન આત્માને ન જાણે તે જ્ઞાન આત્માનું લક્ષણ થતું નથી. જ્ઞાનનું જે લક્ષ્ય છે તેને પ્રગટ કર્યા વિના લક્ષણ કોનું ?

પ્રશ્ન :- પહેલાં જ્ઞાન જણાય કે આત્મા ?

ઉત્તર :- બંને સાથે જ જણાય છે. આત્માને લક્ષમાં લીધા વગર જ્ઞાનને લક્ષણ કોનું કહેવું ? આત્માને લક્ષમાં લઈને જ્ઞાન તેમાં અભેદ થયું ત્યારે આત્મા લક્ષ્ય થયો અને જ્ઞાન તેનું લક્ષણ થયું. એ રીતે લક્ષણ અને લક્ષ્યની પ્રસિદ્ધિ એક સાથે જ છે.

પ્રશ્ન :- જો બંને એક સાથે જણાય છે તો પછી જ્ઞાન અને આત્માનો ભેદ તો નકામો જ ગયો ?

ઉત્તર :- અભેદ તરફ વળે છે ત્યાં ભેદને ઉપચારથી સાધન કહેવાય છે. અભેદનાં લક્ષ વગરના એકલા ભેદ તે તો ખરેખર વ્યર્થ જ છે. અભેદમાં જતાં જતાં વચ્ચે ભેદ આવી જાય છે, પણ તે ભેદરૂપ વ્યવહારનો નિષેધ કરીને અભેદમાં ઢળે છે તેથી તે ભેદને વ્યવહાર સાધન કહેવાય છે. પણ નિશ્ચય વગરનો એકલો વ્યવહાર તો વ્યર્થ જ છે. પહેલાં જ્ઞાનને જાણ્યું અને પછી આત્માને જાણ્યો – એવા ભેદ ખરેખર નથી. આ લક્ષણ અને લક્ષ્ય – એવા બે ભેદ ઉપર લક્ષ રહે ત્યાં સુધી વિકલ્પની પ્રસિદ્ધિ છે પણ આત્માની પ્રસિદ્ધિ નથી; આત્મા તરફ વળીને જ્યાં આત્માની પ્રસિદ્ધિ થઈ–આત્માનો અનુભવ થયો તે વખતે તો લક્ષ્ય અને લક્ષણ એવા બે ભેદ ઉપર લક્ષ નથી હોતું, તેને તો લક્ષ્ય અને લક્ષણ બંને અભેદ થઈને એક સાથે પ્રસિદ્ધ થાય છે. બીજાને સમજાવવા માટે ભેદથી એમ કહેવાય કે આ જીવજ્ઞાનલક્ષણથી આત્માને સમજ્યો, – એ વ્યવહાર છે; પણ તે વ્યવહાર અભેદ આત્માનું પ્રતિપાદન કરવા માટે છે.

જ્ઞાન તે લક્ષણ...કોનું ? ..આત્માનું. જ્ઞાન તે લક્ષણ એમ લક્ષમાં લેતાં તેનું લક્ષ્ય પણ ભેગું જ લક્ષમાં આવી જાય છે. 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં લક્ષ્ય–લક્ષણનો

ભેદ પડતો હોવા છતાં, આત્માને અને જ્ઞાનને બંનેને જાણ્યા ત્યારે જ જ્ઞાનને લક્ષણ અને આત્માને લક્ષ્ય કહેવાયું ને ? લક્ષ્યને ઓળખ્યા પહેલાં 'આ લક્ષણ આનું છે' એમ કઈ રીતે નકકી કર્યું ? – માટે લક્ષણ અને લક્ષ્ય (અર્થાત્ જ્ઞાન અને આત્મા) એ બંને એક સાથે જ ઓળખાય છે.

❋ ❋ ❋

અહો ! આ તો આત્મતત્ત્વની અંતરની અપૂર્વ વાત છે. જે આત્મતત્ત્વને અનાદિકાળથી કદી નથી જાણ્યું તે આત્માનો અનુભવ કેમ થાય તેની આ વાત છે. જેને આત્માના અનુભવની રુચિ હોય તેને આ વાત ક્લિષ્ટ ન લાગવી જોઈએ, પણ આનો મહિમા આવવો જોઈએ કે અહા ! આ મારા આત્માની કોઈ અપૂર્વ વાત ચાલે છે. સમજતાં અઘરું લાગે તો અંદરમાં તેનો મહિમા લાવીને સમજવા માટે વિશેષ પ્રયત્ન કરવો જોઈએ; પણ પોતાને ન સમજાય તેથી જો કંટાળો લાવે તો તો તેને આત્માની અરુચિ અને દ્વેષ છે. ખરેખર આ ક્લિષ્ટ નથી પણ અમૃત જેવું છે, પરમ આનંદરૂપ છે, જે અંદર લક્ષ કરીને સમજે તેને તેની ખબર પડે.

## 'જ્ઞાનલક્ષણ' અનંતધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કરે છે

આત્માને જ્ઞાનમાત્ર કહ્યો; ત્યાં તે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિવડે, જ્ઞાનની સાથે જે ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો અનંતધર્મસમૂહ(અર્થાત્ ગુણ –પર્યાયોનો સમૂહ) જણાય છે તે બધોય ખરેખર એક આત્મા જ છે, એટલે જ્ઞાનવડે અનંતધર્મવાળો આત્મા જ પ્રસિદ્ધ થાય છે. ક્રમે ક્રમે થતા નિર્મળ પર્યાયો અને એક સાથે વર્તતા અનંત ગુણો તે બધાય જ્ઞાનમાત્રમાં સાથે આવી જાય છે, એટલે 'જ્ઞાનમાત્ર' ભાવને દૃષ્ટિમાં લેવા જતાં અનંત ગુણ–પર્યાયોથી અભેદ આત્મા જ દૃષ્ટિમાં આવી જાય છે. આ રીતે જ્ઞાનદ્વારા આત્મા જ પ્રસિદ્ધ થાય છે. માટે – જ્ઞાનને ઢાળ તારા દ્રવ્યમાં..તો તે જ્ઞાનલક્ષણવડે લક્ષ્ય એવા આત્માની પ્રસિદ્ધિ થાય ! 'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહ્યું ત્યાં, જ્ઞાનમાત્રને લક્ષમાં લેવા જતાં, એકલો જ્ઞાનગુણ જુદો પડીને લક્ષમાં નથી આવતો, પણ જ્ઞાન સાથે વર્તતા અનંતધર્મોના સમૂહરૂપે ચૈતન્યસ્વભાવનો પિંડ આત્મા જ લક્ષિત

થાય છે.

જેમ 'સાકરગળી છે' એમ કહેતાં સાકરમાં મેલ, વાસણ વગેરેનો અભાવ સિદ્ધ થાય છે પરંતુ ગળપણની સાથે રહેલા સાકરની ધોળાશ, વજન વગેરેનો અભાવ નથી થતો; તેમ 'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહેતાં આત્મામાં વિકારનો અને પરનો તો નિષેધ થાય છે પણ જ્ઞાનની સાથે શ્રદ્ધા, આનંદ, અસ્તિત્વ વગેરે આત્માના જે અનંતગુણો રહેલા છે તેમનો કાંઈ નિષેધ થઈ જતો નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહેતાં જ અસ્તિત્વધર્મ પણ સાથે આવી ગયો, જ્ઞાન સિવાય દેહાદિ પરપણે આત્મા નથી – એવો નાસ્તિત્વધર્મ પણ આવી ગયો, જ્ઞાન કાયમ ટકનાર છે એટલે નિત્યપણું પણ આવ્યું ને ક્ષણે ક્ષણે પલટે છે તેથી અનિત્યપણું પણ આવ્યું, જ્ઞાનની સાથે સ્વચ્છતા, પ્રભુતા વગેરે ધર્મો પણ આવ્યા; – એ રીતે જ્ઞાન કહેતાં જ અનંત ધર્મનો પિંડ લક્ષમાં આવે છે.

પર જીવની ક્રિયા કે દેહાદિ જડની ક્રિયા સ્વતંત્ર છે, તે જ્ઞાનને આધીન નથી; તે તો જ્ઞાનથી બહાર છે, અને તે તરફનો વિકલ્પ ઊઠે તે પણ જ્ઞાનથી બહાર છે; આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં તે વિકલ્પનો નિષેધ થઈ જાય છે, પણ આત્માના અનંતધર્મોમાંથી કોઈ પણ ધર્મનો નિષેધ થતો નથી.

'જ્ઞાનમાત્ર' ભાવ આત્માને પ્રસિદ્ધ કરે છે. તેથી, જ્ઞાનમાત્રભાવની સાથે જે જે લક્ષિત થાય તે બધુંય આત્મા છે, અને જ્ઞાનમાત્ર ભાવની સાથે જે કાંઈ લક્ષિત ન થાય તે બધુંય આત્માથી ભિન્ન છે એમ જાણવું.. એટલે કે જ્ઞાનમાત્ર ભાવથી ભિન્ન એવા બધા પરદ્રવ્ય અને પરભાવોનું લક્ષ છોડીને જ્ઞાનાદી અનંતધર્મના પિંડરૂપ આત્મદ્રવ્યને લક્ષમાં લેવું–આ જ, આત્માને 'જ્ઞાનમાત્ર' કહેવાનું તાત્પર્ય છે અને આ જ 'આત્મપ્રસિદ્ધિ'નો ઉપાય છે.

'જ્ઞાનમાત્ર' કહેતાં એકલું જ્ઞાન જ લક્ષમાં આવતું નથી પણ અનંત ધર્મોના સમૂહરૂપ આખો આત્મા જ લક્ષમાં આવે છે. આ કારણે જ આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કર્યો છે. જ્ઞાનમાત્ર કહેતાં એકમાં અનેકપણું આવી જાય છે એટલે 'જ્ઞાનમાત્ર' કહેવાથી પણ અનેકાન્તમૂર્તિ આત્મા જ પ્રસિદ્ધ થાય છે – એમ સિદ્ધ થયું.

❋ ❋ ❋

# આત્માના જ્ઞાનમાત્રભાવમાં ઊછળતી
# અનંત શક્તિઓ

**(શ્રી 'સમયસાર' પૃ. ૫૦૪)**
**(વીર સં.૨૪૭૫ઃ કારતક સુદ ૩)**

**આત્મામાં** જ્ઞાનાદિ અનંતધર્મો છે; તેને પરદ્રવ્યોથી અને પરભાવોથી ભિન્ન ઓળખાવવા માટે આચાર્યદેવ 'જ્ઞાનમાત્ર' કહેતા આવ્યા છે. ત્યાં જ્ઞાનલક્ષણવડે અનંત ધર્મવાળો આત્મા જ પ્રસિદ્ધ થાય છે તેથી જ્ઞાનમાત્ર આત્માને અનેકાન્તપણું છે – એ વાત સિદ્ધ કરી.

હવે આચાર્યદેવ તે અનંતધર્મવાળા આત્માની કેટલીક શક્તિઓનું વર્ણન કરવા માંગે છે તેથી તેની ભૂમિકારૂપે પ્રથમ શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકે છે અને તેનો ઉત્તર આપતાં 'જ્ઞાનમાત્ર આત્મામાં અનંતી શક્તિઓ ઊછળે છે' એમ સિદ્ધ કરીને, પછી ૪૭ શક્તિઓનું અદ્‌ભુત વર્ણન કરશે.

* * *

**પ્રશ્ન –** જેમાં ક્રમ અને અક્રમે પ્રવર્તતા અનંત ધર્મો છે એવા આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે ? શિષ્ય અભેદ આત્માને લક્ષમાં લેવા માગે છે તેથી પૂછે છે કે પ્રભો ! આત્મામાં અનંત ધર્મો હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે ? શરીરાદિ પરનો અને દયા કે હિંસાદિક વિકારી ભાવોનો તો આત્માના સ્વભાવમાં અભાવ છે, આત્મામાં પોતાનાં અનંતધર્મો છે–એટલું લક્ષમાં લઈને શિષ્ય પૂછે છે કે પર્યાય અપેક્ષાએ ક્રમે પ્રર્વતતા અને ગુણ અપેક્ષાએ એક સાથે અક્રમે પ્રવર્તતા એવા અનંત ધર્મો આત્મામાં હોવા છતાં આત્માને જ્ઞાનમાત્રપણું કઈ રીતે છે ? એક જ્ઞાનમાત્રભાવમાં અનંત ધર્મો કઈ રીતે સમાઈ જાય છે ?

છે તે [illegible]
[illegible] આત્મા જ છે તેથી આત્માને જ્ઞાનમાત્રપણું છે; માટે જ્ઞાનમાત્ર એક ભાવમાં આવી જતી અનંત શક્તિઓ આત્મામાં ઊછળે છે. અહીં આચાર્યદેવ અનંત ધર્મોનાં પરિણમનને જ્ઞાનમાત્ર ભાવના પરિણમનમાં સમાડી દઈને, જ્ઞાન અને આત્માને અભેદ વર્ણવે છે.

આત્મામાં અનંતગુણો છે, તેઓ પરસ્પર ભિન્ન છે. જેમ આત્મા કદી જડરૂપ થતો નથી તેમ આત્માનો જ્ઞાનગુણ કદી દર્શનગુણરૂપે થતો નથી, કોઈ પણ ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી. એ રીતે અનંતગુણો પરસ્પર ભિન્ન છે; ગુણ અપેક્ષાએ અનંતતા અને દ્રવ્યપણે એકતા એ રીતે અનેકાંત પણ આમાં આવી ગયો.

## ગુણ–પર્યાયરૂપ ધર્મોની સ્વતંત્રતા

એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન; દ્રવ્યના અનંત ગુણોમાં દરેક ગુણ પરસ્પર ભિન્ન; તેમજ તે દરેક ગુણની એકેક સમયની પર્યાય પણ ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે. અનંતગુણોના પર્યાયો એક સાથે છે પણ તેમાંથી કોઈ એક ગુણના પર્યાયને બીજા ગુણના પર્યાય સાથે એકતા થતી નથી, તેમજ એક જ ગુણની ક્રમે થતી અનંત પર્યાયોમાં પણ એક સમયના પર્યાય પૂર્વ સમયના પર્યાયરૂપ ન થાય, તેમજ પછીના પર્યાયરૂપ પણ ન થાય. – એ રીતે દરેક ગુણના દરેક પર્યાય સ્વતંત્ર છે. આવા ગુણ–પર્યાપરૂપ ધર્મો આત્મામાં રહેલાં છે.

ગુણો પરસ્પર ભિન્ન છે તેમ પર્યાયો પણ પરસ્પર ભિન્ન છે. એક ગુણને કારણે બીજા ગુણની અવસ્થા થતી નથી. દરેક ગુણની અવસ્થામાં પોતાનું સ્વતંત્ર વીર્ય છે, એટલે દરેક પર્યાય પોતે પોતાના સામર્થ્યથી જ પોતાની રચના કરે છે, એવો જ પર્યાય ધર્મ છે. અહો! પર્યાયનું કારણ પર તો નહિ, ને દ્રવ્ય ગુણ પણ નહિ, પર્યાય પોતે જ પોતાનું કારણ છે. એક જ સમયમાં પોતે જ કારણ અને કાર્ય છે, એટલે ખરેખર તો કારણ કાર્યના ભેદ પાડવા તે વ્યવહાર છે. દરેક દ્રવ્ય પોતાપણે સત્, દરેક ગુણ પોતાપણે સત્ અને એકેક સમયના દરેક પર્યાય પણ પોતપોતાના સ્વરૂપે સત્ છે.– બસ! છે તેમ જાણી લેવાનું છે, તેમાં કારણ–કાર્યના ભેદનો વિકલ્પ જ ક્યાં છે ?

## કારણ કાર્યના ભેદ અલોપ થઈ જાય છે

જુઓ ! સમ્યગ્દર્શનના નિર્મળ પર્યાય અનાદિકાળમાં ન હતી ને અપૂર્વદશા પ્રગટી. ત્યાં તેનું કારણ કોને કહેશો ? જો ત્રિકાળી દ્રવ્યગુણને તેનું કારણ કહો તો, તે તો સમ્યગ્દર્શન પ્રગટ્યા પહેલાં પણ હતાં ! પૂર્વ પર્યાયને કારણ કહો તો, પૂર્વ પર્યાયમાં તો અનાદિનું મિથ્યાત્વ હતું તેને કારણ કઈ રીતે કહેવું ? ત્રિકાળી દ્રવ્યગુણ તરફ વલણ કર્યું ત્યારે સમ્યગ્દર્શનનો નિર્મળ પર્યાય થયો – એટલે દ્રવ્ય ગુણ તરફ વલણ કર્યું તે કારણ અને નિર્મળ પર્યાય પ્રગટી તે કાર્ય એમ કહો તો, ત્યાં દ્રવ્ય ગુણ તરફ વલણ કરનારો પર્યાય અને નિર્મળ થઈ તે પર્યાય એ બંને કાંઈ જુદા જુદા પર્યાયો નથી, એક જ પર્યાય છે, તેથી કારણ કાર્ય અભેદ થઈ જાય છે, એટલે કે કારણ કાર્યના ભેદ ઊડી જાય છે; અને એકેક પર્યાયની નિરપેક્ષતા સાબિત થઈ જાય છે. મોક્ષમાર્ગરૂપ પર્યાય સ્વતંત્ર ને મોક્ષપર્યાય પણ સ્વતંત્ર. અહો ! જુઓ, આમાં એકલો નિરપેક્ષ વીતરાગભાવ જ આવે છે. 'આમ કેમ ?' અથવા 'આનું કારણ કોણ ?' એવા વિકલ્પને અવકાશ નથી રહેતો, એકલું જ્ઞાતાપણું જ રહે છે.

### જ્ઞાનમાત્ર ભાવ

આત્મા જ્ઞાનમાત્ર જ છે. જ્ઞાન શું કરે ? જેમ હોય તેમ ફકત જાણે. જાણવાના કાર્યમાં તો શાંતિ જ હોય. જાણવામાં આકુળતા શેની હોય ? ન જ હોય. જો પરમાં હા કે ના કરે તો રાગ– દ્વેષ થાય અને જ્ઞાનની સ્થિરતારૂપ શાંતિ ન ટકી શકે. હું તો જ્ઞાન છું, તેથી જાણવા સિવાય મારે પરને પોતાનું માનવું નથી તેમ જ 'આમ કેમ' એવો રાગ–દ્વેષનો વિકલ્પ કરવો નથી, – આમ નિર્ણય કરીને જ્ઞાનમાત્રભાવે પરિણમવું તેનું નામ મુક્તિ; તે જ્ઞાનમાત્રભાવે પરિણમતાં પણ આત્માની અનંત શક્તિઓ તેમાં ભેગી જ છે. જ્ઞાન સાથે સુખ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે, જીવન છે – એમ અનંતી શક્તિઓ જ્ઞાનમાત્રભાવમાં ભેગી જ છે.

આત્મામાં અનંતગુણો છે તે દરેકનું લક્ષણ ભિન્ન ભિન્ન છે, પણ આત્માના જ્ઞાનમાત્રભાવમાં તે બધાય આવી જાય છે. અનંત ગુણથી અભેદ આત્માને દૃષ્ટિમાં

લીધો ત્યાં અનંતી શક્તિઓ એક સાથે નિર્મળપણે પરિણમવા લાગે છે. જ્ઞાન જ્યાં અભેદ આત્માને લક્ષમાં લઈને પરિણમ્યું ત્યાં તે જ્ઞપ્તિમાત્રભાવની સાથે અનંતી શક્તિઓ પણ નિર્મળપણે ઊછળે છે.

## અનંતધર્મની મૂર્તિ

જાુઓ, સર્વજ્ઞ ભગવાન કહે છે કે બટાટાની એક રાઈ જેટલી કટકીમાં અસંખ્યાત ઔદારિક શરીરો છે; તે દરેક શરીરમાં અનંત જીવો છે; તે દરેક જીવો જાુદેજાુદા સ્વતંત્ર છે; તેમાંથી એકેક જીવમાં પોતાની અનંતી શક્તિઓ છે, તે શક્તિઓ પણ એકબીજાથી પરસ્પર ભિન્ન ભિન્ન અને સ્વતંત્ર છે; વળી એકેક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ અંશો છે, તેમાંનો એક અંશ બીજા અંશપણે નથી. વસ્તુસ્વભાવની આવી સ્વતંત્રતાને જૈનદર્શન બતાવે છે. બધુંય અનેકાંતસ્વરૂપ છે. દ્રવ્યમાં અનેકાંત, ગુણોમા અનેકાંત, પર્યાયમાં અનેકાંત અને તેના એકેક અવિભાગપ્રતિચ્છેદ અશમાં પણ 'સ્વપણે છે ને પરપણે નથી' એવો અનેકાંત છે. એકેક જીવ અનંતધર્મની મૂર્તિ છે. અનંતગુણ પર્યાય હોવા છતાં વસ્તુપણે તે બધું એક જ દ્રવ્ય છે. અહો! દરેક આત્મા એક જ સમયમાં અનંતગુણોના ભિન્ન ભિન્ન પરિણમનથી ભર્યો છે, છતાં તે અનંતગુણોનાં પરિણમનમાં કાળભેદ નથી. આત્માનાં પરિણમનમાં બધા ગુણોનું પરિણમન ભેગું જ છે. 'પરસ્પર ભિન્ન' કહીને અનેકપણું સાબિત કર્યુ અને 'અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલો એક જ્ઞપ્તિમાત્ર ભાવ તે આત્મા છે'– એમ કહીને જ્ઞાનમાત્ર આત્મામાં અનંત ધર્મોને અભેદ કરી દીધા. (અહીં 'ગુણ' અને 'ધર્મ' બંને શબ્દો એકાર્થ છે.)

દ્રવ્ય પોતે અનંત ગુણોથી એક સાથે પરિણમી રહ્યું છે. અનંત ગુણોમાં ગુણભેદે ભેદ હોવા છતાં દ્રવ્યથી તે અભેદ છે; ગુણોને પરસ્પર લક્ષણભેદ છે પણ પ્રદેશભેદ નથી, પરિણમનનો કાળભેદ નથી; એક જ સમયમાં જ્ઞાનમાત્રભાવની અંદર બધાય ગુણો એક સાથે પરિણમે છે. અહીં જ્ઞાનમાત્રભાવ કહેતાં એકલા જ્ઞાનગુણનો પર્યાય ન સમજવો, પણ અનંત ગુણના પિંડરૂપ આત્માનો પર્યાય સમજવો, કેમકે આત્માને જ 'જ્ઞાનમાત્ર' કહ્યો છે. આત્માની એક જાણનક્રિયામાં અનંતધર્મો સમાઈ જતા હોવાથી આત્માને જ્ઞાનમાત્રપણું જ છે; અનંત ધર્મો હોવા છતાં આત્માને જ્ઞાનમાત્રપણું છે એ વાત અહીં

આચાર્યદેવ સિદ્ધ કરે છે. અનંત ધર્મોને સિદ્ધ કરીને તેને એક જ્ઞાનમાત્ર ભાવમાં સમાડી દીધા અને આત્માનું જ્ઞાનમાત્રપણું ઊભું રાખ્યું – આટલી સ્પષ્ટતા કરીને હવે તે જ્ઞાનમાત્રભાવમાં આવી જતી શક્તિઓનું વર્ણન કરશે.

આત્મામાં પર્યાયો ક્રમે ક્રમે થાય છે ને ગુણો એક સાથે છે. 'પર્યાયો ક્રમે ક્રમે થાય છે' તેનો અર્થ એમ ન સમજવો કે પહેલાં એક ગુણનો પર્યાય થાય ને પછી બીજા ગુણનો પર્યાય થાય. – કેમકે જો એમ હોય તો તો, અનંત ગુણો હોવાથી, એક ગુણનો પર્યાય થવાનો વારો અનંતકાળે આવે ! બધાય ગુણોનું પરિણમન તો એક સાથે થાય છે, તેમાં કાંઈ ક્રમ નથી, પણ તેના પર્યાયો એક પછી એક થાય છે, એક સાથે બે અવસ્થા થતી નથી. અનંત ગુણોની અવસ્થા એક સાથે છે પણ એક ગુણના બે પર્યાયો એક સાથે થતા નથી. જેમ કે શ્રદ્ધાગુણના પર્યાયમાં મિથ્યાત્વ વખતે સમ્યકત્વ ન હોય, સમ્યકત્વ વખતે મિથ્યાત્વ ન હોય; મતિજ્ઞાન વખતે કેવળજ્ઞાન ન હોય, સિદ્ધદશા વખતે સંસારદશા ન હોય–એ રીતે અવસ્થામાં ક્રમ છે; અને જ્ઞાન, દર્શન,ચારિત્ર,અસ્તિત્વ,પ્રભુત્વ વગેરે ગુણો બધાય અક્રમ છે. આવા ક્રમ અને અક્રમરૂપ વર્તતા અનંતધર્મો આત્મામાં છે, તેથી જ્ઞાનમાત્ર આત્મા અનતધર્મની મૂર્તિ છે.

## ૪૭ નયો અને ૪૭ શક્તિઓ

પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૭ નયોદ્વારા આત્માના ધર્મોનું વર્ણન કર્યુ છે; અને અહીં આત્માની ૪૭ શક્તિઓનું વર્ણન કર્યુ છે. તેમાં ફેર એટલો છે કે પ્રવચનસારમાં તો જ્ઞાનપ્રધાન વર્ણન હોવાથી ત્યાં વિકારને પણ આત્માનો ધર્મ ગણ્યો છે, કેમ કે તે પણ આત્માનો પર્યાય છે, તે વિકારીપર્યાયને એક સમયપૂરતો આત્મા ધારી રાખે છે. અને અહીં શક્તિઓના વર્ણનમાં તો અભેદદ્રષ્ટિપ્રધાન વર્ણન હોવાથી બધી શુદ્ધ શક્તિઓ જ લીધી છે, વિકારને આત્માનો ધર્મ ગણ્યો નથી.

## જૈનધર્મનો અનેકાન્ત

જૈનધર્મના નામે 'અનેકાન્ત.. અનેકાન્ત' તો ઘણા લોકો કરે છે, પણ અનેકાન્તમાં કેટલું ગૂઢ રહસ્ય છે તે આ પરિશિષ્ટમાં આચાર્યદેવ ખુલ્લું કર્યુ છે. આત્મામાં અનંત

ગુણો છે, તેમાંના એક ગુણમાં બીજા ગુણની નાસ્તિ છે. ગુણોને ક્ષેત્રભેદ નથી પણ લક્ષણભેદ છે –એ રીતે અનેકાંત છે. જ્ઞાન સિવાયની શ્રદ્ધા વગેરે અનંત શક્તિઓ છે તે જ્ઞાનથી ગુણભેદ ભિન્ન છે, પણ જ્ઞાનમાત્ર આત્મામાં તો બધી શક્તિઓ અભેદપણે આવી જાય છે. જ્ઞાન જ્ઞાનપણે છે ને શ્રદ્ધાપણે નથી, શ્રદ્ધા શ્રદ્ધાપણે છે ને જ્ઞાનપણે નથી; એમ દરેક ગુણ સ્વપણે છે ને બીજા ગુણપણે નથી; પણ આત્મા તો બધા ગુણપણે છે. આ રીતે ગુણભેદ હોવા છતાં વસ્તુપણે આત્મા એકરૂપ છે. એકેક વસ્તુમાં અનંત અસ્તિ-નાસ્તિ ઉતરે છે. વસ્તુના અનંત ગુણોમાંથી દરેક ગુણ પોતાપણે છે અને બીજા અનંતગુણોરૂપે નથી, એકની અસ્તિમાં બીજા અનંતની નાસ્તિ છે; એ જ પ્રમાણે એકેક પર્યાયમાં પણ પોતાપણે અસ્તિ અને બીજા અનંત પર્યાયોપણે નાસ્તિ એવો અનેકાંત છે. એક પર્યાયના અનંત અવિભાગ અંશોમાંથી દરેક અવિભાગ અંશમાં પણ એ જ અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત છે.

આત્મા એક સમયમાં અનંત ગુણોથી પરિપૂર્ણ છે; વસ્તુમાં બધા ગુણો એક સાથે રહેલા હોવા છતાં કોઈ પણ ગુણ કદી બીજા ગુણરૂપે થઈ જતો નથી. જો એક ગુણ બીજા ગુણરૂપે થઈ જાય તો બીજો ત્રીજા રૂપે થઈ જાય, એમ કરતાં કરતાં અનંતા ગુણો બધાય એક જ ગુણરૂપ થઈ જાય, એટલે એક ગુણ પોતે જ આખું દ્રવ્ય થઈ જાય, ને ગુણોનો અભાવ થઇ જાય. ગુણ વગર દ્રવ્યનો જ અભાવ થઈ જાય. એ જ પ્રમાણે એકેક પર્યાય અને પર્યાયનો નાનામાં નાનો અંશ પણ જો પરરૂપે થાય તો છેવટે દ્રવ્યનો જ અભાવ થઈ જાય. કોઈ પણ પદાર્થને 'છે' એમ કહેતા જ, 'પરપણે તે નથી' એમ જો ન માનો તો તે વસ્તુનું અસ્તિત્વ જ સાબિત નહિ થાય.

અનેકાંત તો વિશ્વનો પ્રકાશક છે; તે એમ જાહેર કરે છે કે વિશ્વમાં દરેક પદાર્થ સ્વપણે છે ને પરપણે નથી. પદાર્થની શક્તિનો એક નાનામાં નાનો છેલ્લો અંશ લ્યો તો તે અંશ પણ પોતાપણે છે ને પોતાના સિવાયના બીજા અનંત અંશોપણે તે નથી, એવું તેનું અનેકાંતસ્વરૂપ છે. **'બધું ય અનેકાંત છે' એટલે કે જે છે તે સ્વપણે છે ને પરપણે નથી,** – આ સિદ્ધાંત ઉપર તો આખી સૃષ્ટિનું ચક્ર ચાલી રહ્યું છે.

## અંતરની વાત

અહીં હવે જગતના બીજા પદાર્થોની વાત નથી, હવે તો બાહ્ય પદાર્થો તરફનું વલણ છોડીને આત્મામાં ઢળવાની વાત છે. અંતર્મુખ થઈને જ્ઞાનમાત્ર આત્માને લક્ષમાં લઈને જે જીવ તેનો અનુભવ કરે છે તેને જ્ઞાનમાત્રભાવમાં અનેકાન્તપણું કઈ રીતે છે તેની આ વાત છે. જેમાં પરસ્પર ભિન્ન અનંતધર્મો છે એવા અભેદ આત્માને લક્ષમાં લઈને જ્યા જ્ઞાન પરિણમ્યું , ત્યાં તે જ્ઞપ્તિમાત્ર ભાવની સાથે અનંતગુણોનું પરિણમન ભેગું જ છે.આવી જ્ઞપ્તિક્રિયા તે આત્માની નિર્વિકારી ધર્મક્રિયા છે. આત્મા જ્ઞાપ્તમાત્રભાવરૂપે છે અને તે જ્ઞપ્તિમાત્રભાવમાં અનંતી શક્તિઓનું પરિણમન આવી જાય છે; માટે જ્ઞાનમાત્ર આત્મામાં અનંત શક્તિઓ ઊછળે છે. પર્યાય જ્યાં અંતરમાં અભેદ થઈને પરિણમી, ત્યાં જ્ઞપ્તિક્રિયાપણે આત્મા જ પરિણમ્યો છે તેથી તે આત્મા જ છે; ને તે જ્ઞપ્તિક્રિયામાં અનંતધર્મોનું ભેગું પરિણમન હોવાથી, અનંતધર્મવાળા આત્માને જ્ઞાનમાત્રપણું જ છે. જ્ઞાનમાત્રભાવમાં જ અનંત શક્તિઓ ઊછળી રહી છે–નિર્મળપણે પરિણમી રહી છે. અનંતી સહભાવી શક્તિઓ વગર એકલું જ્ઞાન રહી જ શકતું નથી, માટે જ્ઞાનમાત્ર આત્માને અનેકાન્તપણું સ્વયમેવ પ્રકાશે છે.

## ચૈતન્ય ભગવાન કઈ રીતે દેખાય ?

અનંતી શક્તિથી ઉલ્લસતો ભગવાન આત્મા કઇ રીતે જણાય ? તે વાત આગળ કહેવાઇ ગઈ છે કે જ્ઞાનલક્ષણને અંતરમાં વાળતાં આત્માં લક્ષમાં આવે છે; એ સિવાય બીજા કોઈ ઉપાયે આત્મા જણાય તેમ નથી. શરીરની ક્રિયાથી કે ભક્તિ-પૂજા-ઉપવાસ વગેરે સંબંધી શુભરાગથી આવો આત્મા જણાય તેમ નથી, પણ જ્ઞાનને અંતર્મુખ કરવારૂપ જે જાણનક્રિયા છે તે જ આત્માને જાણવા માટેની ક્રિયા છે. એ સિવાય બીજા લાખ ઉપાય કરે, –લાખો –કરોડો રૂપિયા દાનમાં ખરચે, ઘણી જાત્રાઓ કરે, ત્યાગી થઈને વ્રતાદિ કરી કરીને સુકાઈ જાય-તો પણ તે કોઈ બાહ્ય ઉપાયથી આ ચૈતન્યભગવાન આત્મા દર્શન આપે તેવો નથી. અંદરમાં નજર કરતાં જ ન્યાલ કરી નાંખે એવો ચૈતન્યભગવાન છે. કેટલા વર્ષો પર સામે જોયા કરે તો સ્વની સામે જોવાનું થાય ? પર સામે જોવાથી સ્વની સામે જોવાનું કદી થાય જ નહિ. જ્ઞાનલક્ષણને અંતરનાં લક્ષ્ય

તરફ વાળીને જ્યાં ચૈતન્યમૂર્તિ આત્માને લક્ષમાં લીધો ત્યાં જ્ઞપ્તિક્રિયા થઈ, તે જ્ઞપ્તિક્રિયામાં અનંત ગુણોની નિર્મળ પરિણતિ ભેગી જ ઊછળવા લાગી, ને તેમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો. રાગના લક્ષે કે નિમિત્તના લક્ષે શક્તિઓ નિર્મળપણે ઊછળતી–પરિણમતી નથી તેમાં રાગની પ્રસિદ્ધિ થાય છે પણ ભગવાન આત્માની પ્રસિદ્ધિ થતી નથી.

## `જ્ઞાનમાત્રભાવ'માં શું શું ભર્યું છે ?

અહીં આચાર્યદેવ એકલી શક્તિઓ જ નથી બતાવતા પણ શક્તિઓનું નિર્મળ પરિણમન પણ ભેગું જ લઈ લ્યે છે; 'શક્તિઓ ઊછળે છે' એમ કહીને શક્તિઓને પરિણમતી બતાવી છે. દ્રવ્યનું પરિણમન થતાં બધા ગુણો પરિણમે છે; મૂળ દ્રવ્યનું પરિણમન થાય છે ત્યાં તેના બધા ગુણો પણ પરિણમી જાય છે, દ્રવ્યથી ગુણ કાંઈ જુદા નથી. અનંત ગુણોથી અભેદ આત્મદ્રવ્યને લક્ષમાં લઈને જ્યાં સાધક જીવ પરિણમ્યો ત્યાં તેના પરિણમનમાં અનંતી શક્તિઓ નિર્મળપણે ઊછળવા લાગી. અનંત શક્તિઓ આત્મામાં અભેદ થઈને પરિણમી તેને જ અહીં 'જ્ઞાનમાત્રભાવ' કહ્યો છે.

આત્માના અનંતગુણોમાં લક્ષણભેદ છે પણ ક્ષેત્રભેદ કે કાળભેદ નથી. જ્ઞાનગુણ મગજમાં રહે ને આનંદગુણ હૃદયમાં રહે એવા પ્રકારનો ભેદ નથી. આત્માના અસંખ્ય પ્રદેશોમાં જ એક સાથે અનંતગુણો રહેલા છે, ગુણોનું ક્ષેત્ર ભિન્ન ભિન્ન નથી. અહીં તો એમ જ કહ્યું કે આત્માના પરિણમનમાં અનંતી શક્તિઓ એક સાથે જ ઊછળે છે, બધી શક્તિઓ એક સાથે નિર્મળપણે પરિણમે છે. ગુણના નિર્મળ પરિણમનમાં ઓછા–વધતાપણું છે તે વાત અહીં નથી લીધી. શ્રદ્ધા ગુણમાં ક્ષાયકસમ્યક્ત્વનું પરિણમન થઈ જાય છતાં ચારિત્રગુણની નિર્મળતા પૂરી ન ઊઘડે –એવા ગુણભેદને અહીં મુખ્ય નથી કર્યા. અભેદ દ્રવ્ય પરિણમતાં બધા ગુણો નિર્મળપણે પરિણમે છે એમ અહીં અભેદની મુખ્યતાથી કહ્યું છે. અભેદદ્રવ્યની દૃષ્ટિથી સાધક જીવ પરિણમે છે ત્યાં સમ્યકશ્રદ્ધા જ્ઞાનની સાથે ચારિત્ર વગેરે બધા ગુણોનો અંશ પણ ભેગો જ પરિણમે છે. અહીં પરિણમન કહેતાં બધા નિર્મળ પરિણામો જ લેવાનાં છે, વિકારને તો આત્માથી જુદો પાડ્યો છે માટે વિકારી પરિણામોને આત્માના પરિણમનમાં અભેદ કરીને તેટલો જ આત્મા ગણ્યો છે, ભેદને કે વિકારને આત્મા નથી ગણ્યો, તેને તો જ્ઞાનલક્ષણનાં બળે આત્માથી જુદા

પાડી દીધા છે.

સમ્યગ્દર્શન થતાં બધા ગુણો એક સાથે પૂરા ખીલી જતા નથી એટલે ગુણભેદ છે; પરંતુ વસ્તુપણે બધા ગુણો અભેદ છે તેથી બધા ગુણોનો અંશ તો એક સાથે ઊઘડી જાય છે. એક ગુણ તદ્દન શુદ્ધ થઈ જાય ને બીજા ગુણમાં સર્વથા મલિનતા રહે–અંશે પણ નિર્મળતા ન થાય તો તો ગુણો સર્વથા ભેદરૂપ થઇ જાય એમ બનતું નથી. અહીં તો કહ્યું કે જ્ઞપ્તિમાત્રભાવમાં બધા ગુણોનું પરિણમન એક સાથે જ છે; નિર્મળતામાં હીનાધિકતાના ભેદ પડે તે વાત ગૌણ છે.

એ રીતે, અનંત શક્તિવાળા આત્માને 'જ્ઞાનમાત્ર' કહીને ઓળખાવ્યો; અને તે જ્ઞાનમાત્રભાવમાં અનંતી શક્તિઓ ભેગી જ પરિણમી રહી છે એમ બતાવ્યું.

હવે આચાર્યદેવ આત્માની અનંતશક્તિાઓમાંથી 'કેટલીક' શક્તિઓનું વર્ણન કરે છે. –કેટલીક કેમ કીધી ? કારણ કે,છદ્મસ્થ જીવ સામાન્યપણે 'આત્મામાં અનંત શક્તિઓ છે' – એમ તો જાણી શકે પરંતુ વિશેષપણે તે અનંતી શક્તિઓનું વર્ણન થઈ ન શકે, વાણીમાં તો અમુક જ આવે; તેથી અહીં ખાસ પ્રયોજનભૂત એવી ૪૭ શક્તિઓનું વર્ણન કર્યુ છે, હવે તે ૪૭ શક્તિઓ ઉપરનું વિવેચન શરૂ થાય છે.

❋ ❋ ❋

# ૧ જીવત્વ શક્તિ

**હે જીવ ! તારી જીવત્વશક્તિથી જ તું જીવી રહ્યો છે. ચૈતન્યભાવ તે જ આત્માના જીવનનું કારણ છે. જ્ઞાતાસ્વભાવસન્મુખ થયેલી જ્ઞાનપર્યાયવડે આત્માનું જીવન છે. જે જીવ આવી જીવનશકિતને જાણે તેનું આત્મજીવન જુદી જાતનું થઈ જાય...**
**આ જીવનશક્તિરૂપી સંજીવનીનું સેવન કરે તો કદી મરણ થાય નહીં. સંતોએ આ જીવનશક્તિરૂપી સંજીવની આપીને આત્માનું અમર જીવન બતાવ્યું છે......ભવ્યજીવો એનું સેવન કરો !**

**(વીર સં. ૨૪૭૫ : કારતક સુદ ૪)**

આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ છે. – આવી જીવત્વશક્તિ આત્માનાજ્ઞાનમાત્ર ભાવમાં ઊછળે છે.

સૌથી પહેલાં આત્માનું જીવન બતાવવા માટે આ જીવત્વશક્તિ લીધી. આ પ્રધાનભૂત શક્તિ છે. આત્મા સદાય પોતાની જીવત્વશક્તિથી જ જીવી રહ્યો છે, માટે આ જીવત્વશક્તિ આત્મદ્રવ્યને કારણભૂત છે શરીર, આયુષ્ય, રોટલા વગેરે પર ચીજો આત્માના જીવનનું કારણ નથી, આ જીવત્વશક્તિ જ આત્માના જીવનનું કારણ છે, તેનાથી જ આત્મા અનાદિઅનંત જીવી રહ્યો છે.

આત્મા પોતે ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છે – એમ બતાવવા માટે અહીં ચૈતન્યમાત્ર ભાવને

આત્મદ્રવ્યનું કારણ કહ્યું છે. ખરેખર કારણકાર્ય જુદા નથી પણ ચૈતન્યભાવવડે આત્માની સિદ્ધિ થાય છે માટે તેને આત્માનું કારણ કહ્યું. રાગાદિ ભાવોથી આત્મા ટકી રહેલો નથી પણ ચૈતન્યભાવથી જ તે ત્રિકાળ ટકનાર છે. રાગ વગર આત્મા ટકી શકે છે, પરંતુ ચૈતન્યપ્રાણ વગર તે એક ક્ષણ પણ ટકી શકતો નથી, માટે તે ચૈતન્ય જ આત્માનું ખરું જીવન છે. પરથી અને વિકારથી ટકવાનું અજ્ઞાની જીવ માને ભલે, પણ તેનો આત્મા ય ટકે છે તો ચૈતન્યમાત્રભાવથી જ. પહેલી ક્ષણનો રાગ બીજી ક્ષણે નાશ પામે છે છતાં આત્મા તો ચૈતન્યપ્રાણથી એવો ને એવો ટકી રહે છે. દેહનો સંયોગ પણ અનંતવાર આવ્યો અને છૂટ્યો, પરંતુ આત્મા તો અનાદિથી પોતાની જીવત્વશક્તિથી જીવી રહ્યો છે. અહીં શરીરની વાત નથી. શરીર તો આયુકર્મના નિમિત્તે ટકે છે, પણ આત્મા કાંઈ આયુકર્મથી જીવતો નથી, આત્માને આયુષ્યની મર્યાદા નથી, તે તો અનાદિઅનંત પોતાના ચૈતન્યપ્રાણથી જીવે છે.

શરીર એ જ જાણે પોતાનું જીવન હોય, ને શરીર છૂટતાં જાણે કે પોતાનું મૃત્યું થઈ જતું હોય – એમ અજ્ઞાનીને લાગે છે; પણ આત્મા તો સદાય પોતાની જીવનશક્તિથી જીવતો જ છે. જો આવી જીવનશક્તિને જાણે તો મૃત્યુનો ભય ટળી જાય. અનંતા સિદ્ધ ભગવંતો શરીર વગર જ પોતાના ચૈતન્યપ્રાણથી પરમ સુખી જીવન જીવી રહ્યા છે.

આત્માનું જીવન કેવું હોય તે અહીં આચાર્યદેવ બતાવે છે. હે જીવ ! જો તારે સાચું જીવન જીવવું હોય તો, આ જીવત્વશક્તિ જેમાં ઉછળી રહી છે એવા તારા જ્ઞાનમાત્ર આત્માને જો, તારો આત્મા રોટલાથી,શરીરથી,પૈસાથી,આબરુથી કે રોગથી ટકતો નથી, પણ અનાદિઅનંત જીવત્વશક્તિ છે તેનાથી જ તે ટકે છે, વર્તમાનમાં પણ પોતાની જીવત્વશક્તિથી જ તે ટકેલો છે, પણ અહીં તો સાધકને પોતાના જ્ઞાનમાત્રભાવની સાથે આ શક્તિ પરિણમે છે – એમ બતાવવું છે.

ચૈતન્યમાત્ર ભાવને ધારી રાખવો તે જીવત્વશક્તિનું લક્ષણ છે, અને તે ચૈતન્યમાત્ર ભાવ આત્મદ્રવ્યનું કારણ છે. જો ચૈતન્યમાત્ર ભાવ ન હોય તો જીવ જ ન હોય, ચૈતન્યભાવ વગર આત્મદ્રવ્ય જ ન હોઇ શકે; માટે ચૈતન્યભાવ તે આત્મદ્રવ્યનું કારણ છે. આવા ચૈતન્યભાવપ્રાણને ધારણ કરી રાખવા તે જીવત્વશક્તિનું લક્ષણ છે, તે શક્તિથી જીવ સદાય જીવી રહ્યો છે.

જીવની અનંત શક્તિમાં એક આવી જીવનશક્તિ છે. તે જીવનશક્તિનું કાર્ય શું ? – કે ચૈતન્યભાવને ધારણ કરીને જીવને ટકાવી રાખવો તે જીવનશક્તિનું કાર્ય છે. અહીં

તો જીવને ટકવાનું કારણ પોતાના ચૈતન્યભાવને ધારણ કરનારી જીવત્વશક્તિ જ છે– એમ કહ્યું છે, કોઈ નિમિત્તથી – સંયોગથી કે વિકારથી જીવ ટકતો નથી; દસ પ્રકારના વ્યવહારપ્રાણોથી જીવ જીવે છે – એમ કહેવું તે ઉપચારનું કથન છે; દસ પ્રાણોથી જીવ જીવે – એ વાત પણ અહીં નથી લીધી. જીવ તો સદાય પોતાના ચૈતન્યભાવપ્રાણથી જ જીવે છે, એવી તેની જીવત્વશક્તિ છે. આવા ચૈતન્યમાત્ર ભાવરૂપ આત્માને જે લક્ષમાં લ્યે તેને અનંતગુણો નિર્મળ પરિણમ્યા વગર રહે નહિ. પહેલાં આચાર્યદેવ અનંત ગુણોથી અભેદ જ્ઞાનમાત્ર આત્માનું લક્ષ કરાવ્યું છે, તે અભેદ આત્માનાં લક્ષપૂર્વક આ શક્તિઓનું જ્ઞાન કરાવે છે.

આત્મા ક્યાં જુએ તો તેને ધર્મ થાય તેની આ વાત ચાલે છે. પરમાં તો પોતાનો એકેય ધર્મ નથી એટલે પરની સામે જોવાથી તો ધર્મ ન થાય, વિકાર સામે જોવાથી પણ ધર્મ ન થાય, તેમ જ પોતામાં એકેક ગુણની સામે જોવાથી પણ ધર્મ ન થાય, કેમ કે વસ્તુના અનંત ગુણોમાંથી એક ગુણ કાંઈ જુદો પડીને પરિણમતો નથી, તેથી એક ગુણના લક્ષે ધર્મ થતો નથી પણ ભેદનો વિકલ્પ– રાગ થાય છે. એક સમયમાં અનંત ગુણોથી અભેદ ચૈતન્યમૂર્તિ આત્મા છે તેની સામે જોવાથી જ ધર્મ થાય છે. અભેદ આત્માને લક્ષમાં લેતાં તેની અનંતી શક્તિઓ સ્વાશ્રયે નિર્મળપણે પરિણમે છે. તે શક્તિઓનું આ વર્ણન ચાલે છે.

ચૈતન્ય ભાવપ્રાણ છે તેને ધારી રાખે એવી આત્માની જીવત્વશક્તિ છે, તે સદાય છે, તેનાથી આત્મા કાયમ જીવે છે. શરીર તો આત્મામાં જરાય વખત રહેતું નથી, તેનો તો આત્મામાં અભાવ છે. અને દ્રવ્યપ્રાણોનો પણ આત્મામાં અભાવ છે, તે એક સમયમાત્ર પણ આત્મામાં રહેલાં નથી માટે તે આત્માનો ગુણ નથી ને તેનાથી આત્મા જીવતો નથી. માટે તે શરીર સામે જોવાથી કે દ્રવ્યપ્રાણો સામે જોવાથી ધર્મ થતો નથી.

દયા – ભક્તિ, હિંસા – ચોરી વગેરે શુભ – અશુભ ભાવો આત્માની અવસ્થામાં એક સમય પૂરતા જ રહે છે, તે પણ આત્માનું ખરું સ્વરૂપ નથી, ને તેનાથી આત્મા જીવતો નથી. ગુણ કોને કહેવાય ? કે વસ્તુના સર્વ ક્ષેત્રમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહેવાય છે. વિકારી પરિણામો આત્માના સર્વ ક્ષેત્રમાં છે, પણ તે આત્મા સાથે સર્વ કાળ રહેતાં નથી, તેનો કાળ તો એક સમય પૂરતો જ છે. તેથી તે આત્માનો ગુણ નથી ને તેની સામે જોવાથી આત્માનો ધર્મ થતો નથી.

હવે, આત્મામાં એક સાથે અનંત શક્તિઓ ત્રિકાળ રહેલી છે; તેમાંથી એક શક્તિને

જુદી પાડીને લક્ષમાં લ્યે તો પણ ધર્મ થતો નથી. જો અનંત શક્તિના પિંડરૂપ આખા આત્માને લક્ષમાં લ્યે તો ધર્મ થાય. અહીં જે શક્તિઓ વર્ણવી છે તે બધી ત્રિકાળી છે ને આત્મામાં એક સાથે રહેલી છે; એવા આત્માના લક્ષપૂર્વક તેની શક્તિઓ ઓળખવાની આ વાત છે.

પહેલી જ જીવત્વશક્તિ વર્ણવી છે. લોકો કહે છે કે ફલાણાનું જીવનચરિત્ર કહો. તો અહીં આચાર્યદેવે જીવત્વશક્તિ કહીને આત્માનું જીવનચરિત્ર વર્ણવ્યું છે કે આત્મા પૂર્વે ચૈતન્યપ્રાણ ધારણ કરીને જીવતો હતો, અત્યારે પણ ચૈતન્યપ્રાણથી જ જીવે છે ને ભવિષ્યમાં પણ તે ચૈતન્યપ્રાણથી જ જીવશે.– આવું આત્માનું ત્રણે કાળનું જીવન છે. આત્મા ચૈતન્યમાત્ર ભાવપ્રાણને ત્રિકાળ ધારણ કરે છે, એવી આત્માની જીવત્વશક્તિ આત્માના સર્વક્ષેત્રમાં અને સર્વકાળમાં રહેલી છે.

અહીં ૪૭ શક્તિઓનું વર્ણન જુદું જુદું છે, પણ તે એકેક જુદી શક્તિ ઉપર જોવાનું પ્રયોજન નથી, બધી શક્તિનો પિંડ આત્મા છે તેની સામે જોવાનું છે. સંયોગરહિત, વિકારરહિત ને અનંત શક્તિ સહિત એવો જ્ઞાનમાત્રભાવ તે આત્મા છે, તેમાં અનંત શક્તિઓ આવી જાય છે.

શરીરાદિ પરવસ્તુઓ તો આત્માના ક્ષેત્રમાં પણ નથી ને આત્માની કોઈ અવસ્થામાં પણ નથી.

રાગાદિ વિકાર આત્માના ક્ષેત્રમાં છે પણ તેની સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી.

આ જીવત્વશક્તિ વગેરે અનંતશક્તિઓ તો આત્માના પૂરા ભાગમાં ને સર્વ અવસ્થાઓમાં રહેલી છે.

પ્રશ્ન :- જીવત્વશક્તિ આત્માના દ્રવ્યમાં છે ? ગુણમાં છે ? કે પર્યાયમાં છે ?

ઉત્તર :- જીવત્વશક્તિ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં રહેલી છે.

વિકારીભાવો આત્માના દ્રવ્યમાં કે ગુણમાં વ્યાપેલા નથી, માત્ર એક સમયપૂરતી એક પર્યાયમાં રહેલા છે. અને શરીરાદિ જડ પદાર્થો તો આત્માના દ્રવ્ય, ગુણ કે પર્યાય એકેયમાં રહેલા નથી, તે તો તદ્દન ભિન્ન છે. જીવત્વશક્તિ તો દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણેમાં રહેલી છે. જીવત્વશક્તિને લીધે આખું દ્રવ્ય જીવંતજ્યોત છે, એટલે દ્રવ્યમાં જીવત્વ છે, ગુણોમાં જીવત્વ છે ને પર્યાયમાં પણ જીવત્વ છે. દયાદી ભાવ તે કાંઈ પર્યાયના ખરા પ્રાણ નથી. ચૈતન્યપ્રાણને ધારણ કરનારી જીવત્વશક્તિથી જ દ્રવ્ય, ગુણને પર્યાય ત્રણે ટકેલાં છે. એકેક પર્યાયનું જીવતર પણ જીવત્વશક્તિથી સ્વતઃ ટકેલું છે.

પ્રશ્ન :- અન્નને અગિયારમો પ્રાણ કહેવાય છે ને ?

ઉત્તર :- અહીં તો કહ્યું કે આત્મામાં શરીરનો જ અભાવ છે, તો પછી અન્નથી આત્મા જીવે તે વાત ક્યાં રહી ? આત્માનું જીવન તો ચૈતન્યપ્રાણથી ટકેલું છે. અન્ન તે આત્માનો અગિયારમો પ્રાણ નથી તેમ જ પૈસો તે બારમો પ્રાણ નથી. આત્માના ચૈતન્યજીવનમાંથી દસ પ્રાણ પણ કાઢી નાંખ્યા ને રાગાદિ પણ કાઢી નાંખ્યા. ગુણ–ગુણીભેદનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે, તે રાગ આત્માના ત્રિકાળી દ્રવ્યમાં, ગુણમાં કે સમસ્ત પર્યાયોમાં રહેતો નથી, માટે તે પણ આત્માના જીવનનું કારણ નથી.

જીવત્વશક્તિ : આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં વ્યાપે છે.

શરીર : આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય એકેયમાં વ્યાપતું નથી.

રાગાદિ : આત્માના દ્રવ્ય – ગુણમાં વ્યાપતા નથી, સર્વ અવસ્થામાં પણ વ્યાપતા નથી, માત્ર એક સમયની પર્યાયમાં વ્યાપે છે.

આ રીતે, પોતાના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં વ્યાપક એવી જીવત્વશક્તિથી આત્મા જીવે છે.

લોકો કહે છે કે 'આશા વગરનું જીવન નહિ.' પણ ખરેખર તો આત્મા આશા વગર જ જીવે છે. અહીં તો એમ કહ્યું કે 'જીવત્વશક્તિ વગરનું જીવન નહિ.' આશા તો એક સમયની વિકૃતી છે. વીતરાગી આત્માઓને કોઇ પ્રકારની આશા હોતી નથી, તેઓ આશા વગર જ જીવે છે. લોકો આશાને અમર કહે છે, ખરેખર આશા અમર નથી, પણ જીવત્વશક્તિથી આત્મા જ અમર છે, આત્માનું જીવન આશાથી નથી ટક્યું પણ જીવત્વશક્તિથી જ ટક્યું છે.

આત્મા તો જાણે કે પરાશ્રયે જ જીવતો હોય એમ અજ્ઞાની માને છે, અહીં આચાર્યભગવાન આત્માની અનંત શક્તિઓ બતાવીને સ્વાશ્રિત જીવન બતાવે છે. અજ્ઞાનીઓ કહે છે કે 'અન્ન સમા પ્રાણ નહિ,' એટલે આત્મા તો જાણે કે અન્નના આધારે જ જીવતો હોય ! એમ તેઓ માને છે; પરંતુ અન્ન એટલે પુદ્‌ગલનો પિંડ, તે તો આત્માના દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં ક્યાંય આવતો જ નથી, એટલે આત્મા અન્નથી નથી જીવતો પણ ત્રણકાળે અન્નના અભાવથી જ જીવે છે. 'અન્ન વિના મારે ન ચાલે' એમ માનનારે આત્માની જીવનશક્તિને જાણી નથી. આ જ પ્રમાણે પ્રમાણે પૈસા, શરીર, ઇંદ્રિય વગેરેનું પણ સમજી લેવું.

આત્મા કદી મરતો નથી – એમ લોકો બોલે છે, પણ કઈ રીતે ? તે સમજતાં નથી.

અહીં આચાર્યદેવ એ વાત સમજાવે છે. આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરનારી જીવત્વશક્તિ આત્માના પરિણમનમાં ઊછળે છે, તેનાથી આત્મા સદાય જીવે છે. જો ચૈતન્યમાત્ર જીવનશક્તિનો નાશ થાય તો આત્મા મરે, પણ તે શક્તિ તો આત્મામાં સદાય – ત્રિકાળ છે તેથી આત્મા કદી મરતો નથી, – આત્મા સદાય જીવતો જ છે.

જુઓ, આ આત્માની અમર સંજીવની વિદ્યા ! આ જીવનશક્તિરૂપી સંજીવનીનું સેવન કરે તો કદી મરણ થાય નહિં ને મરણનો ભય પણ રહે નહીં. સંતોએ આ જીવનશક્તિરૂપી સંજીવની આપીને આત્માનું અમરજીવન બતાવ્યું છે.

## વીર સં ૨૪૭૪ના કારતક સુદ એકમના રોજ `સુપ્રભાત માંગલિક' તરીકે (શેઠ શ્રી કુંવરજીભાઈના નિમિત્તે) પૂ. ગુરુદેવે આ જીવત્વશક્તિ ઉપર પ્રવચન કરેલ, તેનો સારભાગ અહીં આપ્યો છે.

આત્માનું જીવન કેવું છે તે આચાર્યદેવ ઓળખાવે છે. આત્મા શરીરથી, ખોરાક–પાણીથી, શ્વાસથી કે પૈસો વગેરેથી જીવતો નથી, તેમનાથી તો આત્મા જાુદો છે. આત્મા અનાદિઅનંત જ્ઞાનદર્શનમય ચૈતન્યપ્રાણથી જીવે છે, તે ચૈતન્યપ્રાણને જીવત્વશક્તિ ધારી રાખે છે. આત્મામાં જ્ઞાનશક્તિની માફક આ જીવનશક્તિ છે. જ્ઞાન, દર્શન, સુખ, આનંદ, પુરૂષાર્થ, શાંતિ, પ્રભુતા, જીવત્વ – એ બધી શક્તિઓ તે જ આત્માનું કુટુંબ છે, ને તે સદાય આત્મા ભેગું જ રહે છે; આત્માને પોતાના અનંતગુણોથી કુટુંબનો કદી વિયોગ પડતો નથી. જેને પોતાના આવા કુટુંબની ખબર નથી તે જીવ બહારના કુટુંબ – શરીર – લક્ષ્મી વગેરેને પોતાનાં માનીને તેમને સદાય ટકાવી રાખવાની ભાવના કરે છે, તે અજ્ઞાન છે અને દુઃખનું કારણ છે. અહો ! હું તો સદાય મારી જીવનશક્તિથી જ જીવનાર છું, જ્ઞાન – આનંદ વગેરે અનંત ગુણોરૂપી મારું કુટુંબ છે; મારા અનંત ગુણો સાથે મારું પૂરેપૂરું જીવન ટકી રહો – આમ આત્માર્થી જીવો ભાવના કરે છે અને તે જ માંગળિક છે.

આત્મા ચૈતન્યસ્વરૂપ છે, અને આ શરીર તો જડ અચેતન છે. ચૈતન્યસ્વરૂપી આત્મા અચેતન શરીરના આધારે કેમ જીવે ? શરીરને કે શરીરના પ્રાણોને આત્મા ધારતો નથી ને તેનાથી આત્મા જીવતો નથી, તેમ જ પુણ્યના ભાવને પણ આત્મા પોતાના સ્વભાવમાં

ધારતો નથી ને તેના આધારે આત્મા જીવતો નથી, પુણ્ય છૂટી જાય તો પણ આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યપ્રાણને ધારણ કરીને જીવતો રહે છે. આત્મા સદાય શુદ્ધ જ્ઞાનદર્શનરૂપ ચૈતન્યપ્રાણને ધારણ કરીને જ જીવે છે. દરેક જીવમાં આવી 'જીવત્વ' નામની ખાસ શક્તિ છે; આ જીવત્વશક્તિ જીવનાં જીવનની જડીબૂટી છે. જો આ જડીબુટ્ટીને ધારણ કરે તો મરણની બીક મટી જાય. શરીરને આત્માએ કદી ધારણ કર્યું જ નથી ને વિકારને પણ પોતાના સ્વભાવમાં કદી ધારણ કર્યો નથી; શરીર અને વિકારથી જુદા એવા ચૈતન્યપ્રાણને ધારણ કરીન જ જીવ સદા જીવી રહ્યો છે. આવા ચૈતન્યશક્તિમય પોતાના જીવનને ઓળખતાં પરાશ્રયભાવ ટળી સ્વાશ્રિતભાવરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે.

જુઓ ! આચાર્યદેવ જીવનું કુટુંબ બતાવે છે. જ્ઞાનમાત્રભાવમાં આવી જતી અનંતશક્તિઓ તે જ જીવનું અવિભકત અને અવિનાશી કુટુંબ છે, તે કુટુંબ સદાય જીવની સાથે જ રહે છે. જગતનું માનેલું કુટુંબ તો જુદું પડી જાય છે, તેથી તે તો જીવથી જુદું જ છે. જીવનું કુટુંબ જીવથી જુદું ન હોય ને કદી જુદું પડે નહિ. જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણો તે જીવનું કુટુંબ છે, તે બધા ગુણો ભેગા જ રહે છે; એક ગુણ વગર બીજો ગુણ હોય નહિ – એ રીતે આત્માનું આખું કુટુંબ સંકળાયેલું અને સંપીલું છે. આવા કુટુંબ સહિત આત્માને જાણીને તેની શ્રદ્ધા અને તેમાં એકાગ્રતા કરતાં અનંતચતુષ્ટયમય મુક્તદશા પ્રગટે છે. આત્માની જીવનશક્તિને જાણે તેને તેવું જીવન પ્રગટે.

જુઓ ! આમાં સાચું જ્ઞાન અને સાચી ક્રિયા એ બંને આવી જાય છે. – કઇ રીતે ? તે કહેવાય છે. મારામાં જીવત્વશક્તિ છે; હું કોઇ પરના આધારે જીવતો નથી પણ મારા ત્રિકાળ ચૈતન્યજીવનનું ભાન કરવું તે સાચું જ્ઞાન છે અને તે જ્ઞાનથી જાણેલા ત્રિકાળી ચૈતન્યસ્વભાવના આશ્રયે ટકતાં શુદ્ધતાનું પોષણ અને અશુદ્ધતાનો નાશ થવો તે ક્રિયા છે. આવા જ્ઞાન અને ક્રિયા તે મોક્ષનું કારણ છે.

આત્માની જીવત્વશક્તિ દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણને ટકાવી રાખે છે, પણ તે કાંઈ રાગને ટકાવી રાખતી નથી. જીવત્વશક્તિને કારણે રાગ નથી ને રાગને લીધે આત્માનું જીવત્વ નથી. સિદ્ધ ભગવંતોને જીવત્વશક્તિ છે પણ રાગ – દ્વેષ નથી. જો જીવત્વશક્તિને કારણે રાગ – દ્વેષ હોય તો સિદ્ધભગવાનને પણ રાગ – દ્વેષ થવા જોઈએ; અને જો રાગ – દ્વેષને કારણે જીવત્વ હોય તો સિદ્ધભગવાનને જીવત્વશક્તિ ન રહી શકે. માટે રાગમાં જીવત્વ નથી. આ જીવત્વશક્તિથી આત્માને જોતાં રાગાદિ બધા ભાવો તો મરી (ચૈતન્યસ્વરૂપમાં અભાવરૂપ) દેખાય છે, ને ચૈતન્યસ્વરૂપ એક આત્મા જ પોતાના દ્રવ્ય,

ગુણ અને નિર્મળપર્યાયોથી જીવતો – નભતો – ટકતો – શોભતો દેખાય છે. અહીં તો શુદ્ધતાની જ વાત છે, વિકારને તો જીવ ગણ્યો જ નથી; વિકારભાવો ચૈતન્યભાવની અપેક્ષાએ તો મડદાં જ છે, તેમનામાં જીવત્વ નથી.

અરે જીવ ! તારે તારું કારણ શોધવું હોય તો તું તારામાં ને તારામાં તારા ચૈતન્યપ્રાણને જ જો, એ જ તારું કારણ છે; એ સિવાય બહારનાં કોઈ કારણને ન શોધ. આત્મદ્રવ્યને કારણભૂત માત્ર ચૈતન્યભાવપ્રાણ છે – એમ કહીને આચાર્યદેવે બીજા બધા કારણો કાઢી નાખ્યા છે. બહુ તો કારણ કહેવું હોય તો ચૈતન્યપ્રાણોને ધારણ કરનારી આ જીવત્વશક્તિ જ તારા આત્મદ્રવ્યું કારણ છે. 'આત્મદ્રવ્ય' કહેતાં અહીં દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણે ય સમજવા. આત્માના દ્રવ્યનું જીવન, ગુણનું જીવન ને પર્યાયનું જીવન, તેને આ જીવત્વશક્તિ નિમિત્ત છે.

– જીવત્વશક્તિને 'નિમિત્ત' કેમ કહ્યું ? – કેમકે અનંતગુણનો પિંડ આત્મા છે તેમાં ભેદ પાડીને એક ગુણને બીજા ગુણનું કારણ કહેવું તે વ્યવહાર છે, તેથી અહીં જીવત્વશક્તિને નિમિત્ત કહ્યું છે; ઉપાદાન તરીકે તો દ્રવ્યના દરેક ગુણ – પર્યાયો પોતાની સ્વતંત્ર શક્તિથી પોતપોતાનાં સ્વરૂપે ટકી રહ્યાં છે.

જીવત્વશક્તિ અનાદિઅનંત છે તે દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેને ટકાવી રાખે છે. 'સાઠે બુદ્ધિ નાઠી' એમ કહેવાય છે તે તો બધા લોકોના હડૂલા છે. આત્માના જીવનને કદી વૃદ્ધતા લાગતી જ નથી, અમુક કાળ વીત્યા પછી આત્માના પર્યાય ઢીલી પડી જાય – એમ નથી. કેવળજ્ઞાન થયા પછી, સાઠ વર્ષ તો શું પણ અનંતકાળ સુધી એવી ને એવી અવસ્થા થયા કરે છે, તો પણ કદી જરાય ઢીલું પડતું નથી. આયુષ્યની મર્યાદા નથી, આત્મા તો અનાદિઅનંત છે. સિદ્ધભગવાનમાં પણ જીવત્વશક્તિ છે તે શક્તિનો આકાર આત્માના પ્રદેશો પ્રમાણે છે, ને પૂર દ્રવ્યમાં, પૂરાં ગુણોમાં ને સમસ્તપર્યાયોમાં તે વ્યાપે છે. એટલે જીવત્વશક્તિને લક્ષમાં લેવા જતાં પરમાર્થે આખો આત્મા જ લક્ષમાં આવી જાય છે.

જ્યાં વૈદ પાસે કે જ્યોતિષી પાસે આયુષ્ય પૂરું થઇ જવાની વાત સાંભળે ત્યાં અજ્ઞાનીને શરીરમાં એકત્વબુદ્ધિથી અંતરમાં ત્રાસ થાય છે; પણ આચાર્યદેવ કહે છે કે અરે બાપુ! તારું જીવન તો અંતરમાં છે, આ દેહમાં તારું જીવન નથી. તારી જીવત્વશક્તિથી તારું જીવન ત્રિકાળ છે, તેને અંતરમાં જો, તો તને મૃત્યુનો ત્રાસ મટી જશે. 'હું તો મારી જીવત્વશક્તિથી જીવતો જ છું, મારું મૃત્યું થતું જ નથી' એમ જાણ્યું પછી મૃત્યુનો ભય

શેનો રહે ? આત્મામાં આ જીવત્વશક્તિ ભેગી જ છે, એટલે જ્ઞાનમાત્ર આત્મસ્વભાવને લક્ષમાં લેતાં આ શક્તિની પ્રતીતિ પણ આવી જાય છે. જો એક જીવત્વશક્તિને કાંઢી નાંખો તો આખું આત્મદ્રવ્ય જ ન ટકી શકે, માટે આ જીવત્વશક્તિને આત્મદ્રવ્યના કારણભૂત કીધી છે. ચૈતન્યપ્રાણથી ત્રિકાળ આત્મદ્રવ્યની સામે જોવાથી ધર્મ થાય છે.

આ શક્તિઓ કોની છે ? – જ્ઞાનમાત્ર આત્માની આ શક્તિઓ છે. અહીં એકલી શક્તિઓ છે, અહીં એકલી શક્તિને જુદી નથી બતાવવી પણ આવી અનંત શક્તિઓ આત્મામાં એક સાથે ઊછળી રહી છે એમ બતાવ્યું છે, એટલે અનંત શક્તિઓવાળા આત્મા ઉપર દૃષ્ટિ કરવી તે તાત્પર્ય છે.

જેમ જ્ઞાનને લક્ષણ કહ્યું ત્યાં એકલા જ્ઞાનગુણને આત્માથી જુદો પાડીને નથી બતાવવો પણ જ્ઞાનલક્ષણદ્વારા અખંડ આત્માને જ બતાવવો છે; તેમ અહીં જ્ઞાનમાત્ર ભાવમાં અંદર આવી જતી શક્તિઓનું આ વર્ણન છે, એટલે આ શક્તિઓમાંથી એકેક શક્તિને ભેદ પાડીને લક્ષમાં લ્યો તો શુદ્ધ પરિણમન થતું નથી પણ અનંતશક્તિના પિંડ શક્તિમાન્ એવા અભેદ આત્માને લક્ષમાં લઈને પરિણમતાં એક સાથે અનંતી શક્તિઓનું નિર્મળ પરિણમન શરૂ થઈ જાય છે.

અનંતશક્તિનો પિંડ જે અભેદ આત્મા તેની સન્મુખ થઈને જ તેની શક્તિની ખરી ઓળખાણ થાય છે. અખંડ ચૈતન્યના આશ્રયપૂર્વક આ ત્રિકાળી શક્તિઓને જાણતાં પર્યાયમાં પણ તેમનો અંશ પ્રગટે છે; એ રીતે વર્તમાન પરિણમન સહિતની આ વાત છે. ત્રિકાળી શક્તિઓના પિંડને કબૂલે અને પર્યાયમાં તેનું બિલકુલ પરિણમન ન પ્રગટે – એમ બને નહિ. શક્તિ સાથે વ્યક્તિની સંધી છે. ત્રિકાળી શક્તિને કબૂલતાં તેની વ્યક્તિની પણ પ્રતીત થઈ જ જાય છે એટલે કે સાધકદશાનું નિર્મળ પરિણમન શરૂ થઈ જાય છે.

આ શક્તિની યથાર્થ કબૂલાત કોની સામે જોઈને થાય ?

(૧) પરમાં તો આ શક્તિઓનો તદ્દન અભાવ છે, તેથી પર સામે જોઈને આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી;

(૨) વિકાર એક સમયપુરતી પર્યાયમાં છે, તેના આશ્રયે પણ આ ત્રિકાળી શક્તિ રહેલી નથી, માટે તે વિકારની સામે જોઈને આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી.

(૩) નિર્મળ પર્યાય પણ એક સમયપૂરતી છે, તેના આશ્રયે પણ આ ત્રિકાળી શક્તિ રહેલી નથી, માટે તે પર્યાયની સામે જોઈને પણ આ શક્તિની કબૂલાત થતી નથી.

(૪) અનંત શક્તિનો પિંડ આત્મા છે તેના આશ્રયે દરેક શક્તિ રહેલી છે; અનંત

શક્તિના પિંડ આત્મામાંથી એક શક્તિનો ભેદ પાડીને તેની સામે જોવાથી પણ ભેદનો વિકલ્પ ઊઠે છે એટલે એકેક શક્તિના ભેદ સામે જોઈને પણ આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી.

(૫) અનંતગુણનો પિંડ અભેદ ચૈતન્યમૂર્તિ આત્મા છે, તેની સન્મુખ જોઈને જ અનંતી શક્તિઓની યથાર્થ કબૂલાત થાય છે, અને અભેદ આત્માના આશ્રયે અનંતી શક્તિઓના નિર્મળ પર્યાય પ્રગટી જાય છે.

(૬) આત્માની અનંત શક્તિઓમાંથી કોઇ પણ શક્તિ નિમિત્તતા, વિકારના, પર્યાયના કે ભેદના આશ્રયે નથી, દરેક શક્તિ અભેદ આત્માના આશ્રયે જ છે, માટે અભેદ આત્માની દૃષ્ટિપૂર્વક જ આ શક્તિઓનું યથાર્થ જ્ઞાન થાય છે. અભેદ આત્માની દૃષ્ટિ સિવાય કોઈ પણ ભેદ – પર્યાય – વિકાર કે નિમિત્તતા આશ્રયથી લાભ માને તો મિથ્યાત્વ થાય છે, તેને આ શક્તિઓનું નિર્મળ પરિણમન થતું નથી.

— ઉપર કહેલા છ બોલ ખાસ મહત્વના છે માટે તે બરાબર સમજવા અને દરેકે દરેકે શક્તિના વર્ણનમાં લાગુ પાડવા.

આ ઝીણી વાત છે માટે આપણને નહિ સમજાય – એમ ન માની લેવું જોઈએ. આત્મા સૂક્ષ્મ છે તેથી આત્માની વાત પણ સૂક્ષ્મ જ હોય; અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતને સમજે તેવી તાકાત પણ આત્મામાં જ છે. ભાઈ ! તું સૂક્ષ્મ, તારી વાત પણ સૂક્ષ્મ, અને તારું જ્ઞાન પણ સૂક્ષ્મને સમજવાના સ્વભાવવાળું છે, માટે આત્માની રુચિ કરીને સમજે. શરીરની ક્રિયાથી કે રાગથી ધર્મ થાય – એવા પ્રકારની જાડી મિથ્યા વાત તો અનાદિથી પકડી છે પણ તેથી કલ્યાણ થયું નથી. માટે હવે કલ્યાણ કરવું હોય તો સૂક્ષ્મ એવા આત્માને સમજ્યે છૂટકો છે. જડ પદાર્થની વાત જાડી હોય પણ આત્માની વાત તો સૂક્ષ્મ જ હોય; કેમકે આત્મામાં એક સૂક્ષ્મત્વ નામનો ગુણ અનાદિઅનંત છે. સૂક્ષ્મત્વગુણને લીધે આખો આત્મા સૂક્ષ્મ છે; દ્રવ્ય સૂક્ષ્મ, તેના ગુણો સૂક્ષ્મ ને તેની પર્યાયો પણ સૂક્ષ્મ. આવો સૂક્ષ્મ આત્મા ઇંદ્રિયગ્રાહ્ય થતો નથી, પણ અતીન્દ્રિયજ્ઞાનમાં તેને જાણવાનું સામર્થ્ય છે. જો આત્મા ઇંદ્રિયગ્રાહ્ય થઈ જાય તો આત્માનો મહિમા રહે નહિ. જ્ઞાનને સૂક્ષ્મ એટલે કે ઇંદ્રિયોથી પાર કરીને અંતર્મુખ કરે તો જ આત્મા જણાય છે – એવો જ આત્માના સ્વભાવનો મહિમા છે. એક ઝીણું મોતી પરોવવું હોય તો ત્યાં પણ ધ્યાન રાખવું પડે છે; તે મોતી તો અનંત પરમાણુઓનો સ્થૂળ સ્કંધ છે; તો પછી અતીન્દ્રિય એવા આત્માને પકડવા માટે તેમાં બરાબર ધ્યાન પરોવવું જોઈએ, એટલે કે ઉપયોગને અંતરમાં વાળવો જોઈએ.

આત્મામાં એક સાથે અનંતી શક્તિઓ છે, તેમાંથી અહીં પ્રથમ જીવત્વશક્તિનું વર્ણન કર્યું. આ બધી શક્તિઓ આત્માના જ્ઞાનમાત્રભાવમાં અંતઃપાતિની છે એટલે કે આત્માનું લક્ષ કરતાં જ્ઞાનમાત્રભાવનું પરિણમન થયું તેમાં આ શક્તિઓ ઊછળે છે ... પ્રગટે છે.... વ્યકત થાય છે..... પરિણમે છે, પણ જ્ઞાનભાવની સાથે કાંઈ રાગ કે શરીર ઊછળતાં નથી, તેમનો તો જ્ઞાનમાં અભાવ છે. જેમ ગુલાબના ફૂલની કળી ખીલતાં તેની સાથે તેનો ગુલાબી રંગ – સુગંધ વગેરે તો એક સાથે ખીલે છે, પણ કાંઇ ધૂળ વગેરે નથી ખીલતાં; તેમ ચૈતન્યસ્વભાવમાં લક્ષ કરતાં જ્ઞાનમાત્રભાવનું જે પરિણમન થયું તેની સાથે આ જીવત્વ વગેરે શક્તિઓ તો ઊછળે છે – શુદ્ધતાપણે પરિણમે છે, પણ તે જ્ઞાનના પરિણમનની સાથે કાંઈ રાગાદિ ભાવો નથી ઊછળતા, તેમનો તો અભાવ થતો જાય છે. – ‘રાગાદિનો અભાવ થાય છે’ તે પણ વ્યવહારથી છે; ખરેખર તો જ્ઞાનમાત્ર આત્મસ્વભાવમાં રાગાદિ છે જ નહિ, તો પછી તેનો અભાવ થવાનું પણ ક્યાં રહ્યું ? રાગ હતો અને ટળ્યો એ વાત પર્યાય અપેક્ષાએ છે, અહીં પર્યાય ઉપર જોર નથી, અહીં તો સ્વભાવની અસ્તિ ઉપર જ જોર છે.

ચૈતન્યપ્રાણને ધારણ કરનારી જીવત્વશક્તિ આત્માને અનાદિઅનંત ટકાવી રાખે છે; આ શક્તિ તો આત્મામાં અનાદિઅનંત છે પણ જેને આત્માનું ભાન થયું તેને જ્ઞાનમાત્રભાવમાં આ શક્તિ ઊછળી – એમ કહ્યું. પહેલાં પણ આ શક્તિ હતી તો ખરી, પણ તેનું ભાન ન હતું; જેમ મેરુપર્વત નીચે સોનું છે, પણ તે શા કામનું ? તેમ આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ છે, જીવત્વશક્તિ છે, પણ ભાન વગર તે શા કામની ? અનંત શક્તિવાળા આત્માને ઓળખીને તેના આશ્રયે પરિણમે તો બધી શક્તિઓ નિર્મળપણે ઊછળે, એટલે કે સાધકદશા પ્રગટીને અલ્પકાળે મુક્તિ થાય. આ રીતે આત્મશક્તિને ઓળખતાં આત્મપ્રસિદ્ધિ થાય છે.

– એ પ્રમાણે પહેલી જીવત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# ૨ ચિતિ શક્તિ

**પહેલી શક્તિમાં આત્માનું જીવન બતાવ્યા બાદ, હવે બીજી શક્તિમાં તે જીવન કેવું છે – એ વાત આચાર્યદેવ દર્શાવે છે. આત્માનું જીવન ચૈતન્યસ્વરૂપ છે .... જડમાં આત્માનું જીવન નથી, વિકારમાં પણ આત્માનું ખરું જીવન નથી .... આત્માનું જીવન તો ચૈતન્યમાં જ છે. ચૈતન્ય સાથે આનંદ પણ અવિનાભાવી છે. આત્માના ચૈતન્યજીવનને જે જાણે તેને આનંદમય જીવન પ્રગટે.**

અજડત્વસ્વરૂપ ચિતિશક્તિ છે; અજડત્વ એટલે ચેતનત્વ તે ચિતિશક્તિનું સ્વરૂપ છે.– આવી ચિતિશક્તિ આત્માના જ્ઞાનમાત્રભાવમાં ઊછળે છે.

પુદ્‌ગલ તે જડસ્વરૂપ છે ને આત્મા અજડત્વસ્વરૂપ છે; જેમ જડસ્વરૂપ પુદ્‌ગલમાં ચેતનપણું જરાય નથી તેમ અજડત્વસ્વરૂપ આત્મામાં જડપણું જરાય નથી. રાગ પણ પરમાર્થે આત્માનું સ્વરૂપ નથી તેથી તે પણ જડ છે. રાગમાં કે શરીરાદિમાં અટકવાનું આત્માનું સ્વરૂપ નથી. આત્મામાં ચેતનપણું પૂરેપૂરું છે, તેમાં રાગનો કે જડનો અભાવ છે. – આવી આત્માની ચિતિશક્તિ છે.

આ ચિતિશક્તિ આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં વ્યાપી છે, એટલે આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણે ચેતનરૂપ છે, તેમાં જડપણું નથી. જડના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણે જડરૂપ છે, તેમાં ચેતનપણું નથી. આત્મામાં જડપણું બિલકુલ નથી એમ કહેતાં જડના લક્ષે થયેલા ભાવો પણ આત્માના સ્વરૂપમાં નથી – એ વાત તેમાં આવી જાય છે. ચૈતન્યમૂર્તિ આત્માના દ્રવ્ય – ગુણ કે પર્યાય કોઈનું એવું સ્વરૂપ નથી કે રાગમાં અટકે. જે રાગમાં અટકે તેના આત્માની પર્યાય ગણી નથી. ચૈતન્ય તરફ વળીને અભેદ

થાય તે જ આત્માનો પર્યાય છે.

આ તો અંતરની દૃષ્ટિની વાત છે. જ્યાં અંતર્સ્વભાવમાં દૃષ્ટિ થઈ ત્યાં ધર્મો જીવ રાગમાં અટકતો જ નથી; રાગને તે પોતાનું સ્વરૂપ માનતો જ નથી, તેની દૃષ્ટિ તો અખંડ ચૈતન્યબિંબ આત્માને જ સ્વીકારે છે. આત્માની ચૈતન્યશક્તિ છે, તે રાગમાં અટકે એવો તેનો સ્વભાવ નથી.

પહેલા આત્માની જીવત્વશક્તિ બતાવી. તેનાથી આત્મા અનાદિઅનંત જીવે છે. તે જીવત્વની સાથે જો આ ચૈતન્ય શક્તિ ન હોય તો આત્મા જડ થઈ જાય; માટે આ ચિતિશક્તિ જુદી વર્ણવી છે. ચિતિશક્તિવડે જ આત્માનું જીવત્વ જણાય છે. આત્મા ચિતિશક્તિને લીધે સદા જાગૃતસ્વરૂપ છે. પુદ્‌ગલમાં તો જીવત્વ પણ નથી અને ચૈતન્યપણું પણ નથી, આત્મામાં જીવત્વ છે અને તે જીવત્વ ચૈતન્યમય છે.

એ રીતે ચિતિશક્તિથી જીવત્વ ઓળખાય છે અને જીવત્વથી આખું દ્રવ્ય લક્ષમાં આવે છે. બધી શક્તિઓના પિંડરૂપ દ્રવ્યને ઓળખવાનું લક્ષણ 'જ્ઞાન' છે, તે જ્ઞાનમાત્રભાવમાં આ બધી શક્તિઓ ભેગી જ પરિણમે છે.

આત્મદ્રવ્યમાં અનંત શક્તિઓ છે. જો એક જ શક્તિ હોય તો તો તે શક્તિ પોતે જ દ્રવ્ય થઇ જાય, એટલે શક્તિનો અભાવ થાય, અને શક્તિનો અભાવ થતાં દ્રવ્યનો પણ અભાવ થાય. અનંતશક્તિના સ્વીકાર વગર દ્રવ્યનું અસ્તિત્વ જ સિદ્ધ થઈ શકતું નથી

અનંતી શક્તિ બતાવીને અહીં આત્માનો મહિમા બતાવ્યો છે. ચૈતન્યમૂર્તિ જાગૃતજ્યોત આત્માની સામે જોવા માટે આ શક્તિઓનું વર્ણન છે. જેમ લોકો કરિયાવર પાથરે છે તેમાં ખરેખર તો જીવતી કન્યાની જાહેરાત થાય છે કે 'આ કરિયાવર આ બાઈનો છે.' પણ જો તે કન્યા જ મરી ગઈ હોય તો કરિયાવર કોનો ? તેમ અહીં શક્તિઓનું વર્ણન છે તે બધો જીવનો કરિયાવર છે, જીવની ઋદ્ધિ છે, તે જીવના સત્ સ્વભાવની જાહેરાત કરે છે. આ શક્તિઓ વડે તે શક્તિને ધારણ કરનાર એવા જીવને જો ન ઓળખે અને જડબુદ્ધિવાળો કે રાગવાળો જ જીવને માને તો તે જીવે ચૈતન્યમય જીવને મરી ગયેલો (અસત્) માન્યો છે, એટલે કે તેને શુદ્ધ અનંતશક્તિસંપન્ન જીવની શ્રદ્ધા નથી જીવત્વશક્તિ, ચિતિશક્તિ વગેરે શક્તિઓ છે તે તો જીવતાજાગતા જીવની જાહેરાત કરે છે. જીવ વગર શક્તિઓ કોની ? શુદ્ધ જીવની પ્રતીત વગર આ શક્તિઓની ઓળખાણ થાય નહિ.

પૂર્વે જીવત્વશક્તિમાં કહ્યા હતા તે પાંચ બોલ અહીં પણ લાગુ પાડવા કે આ ચિતિશક્તિ કોઈ પરના, વિકારના, પર્યાયના કે એકેક શક્તિના આશ્રયે નથી, એટલે તે કોઈની સામે

જોવાથી આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી, પણ અનંતધર્મના પિંડરૂપ આત્માના આશ્રયે જ આ શક્તિ રહેલી છે તેથી તેની સામે જોઈને જ આ શક્તિની યથાર્થ કબૂલાત થઇ શકે છે

અનંત અનંત શક્તિઓના પિંડરૂપ ચૈતન્યતત્વ છે, તે કોઈ નિમિત્તથી કે રાગથી ઓળખાતું નથી પણ ચૈત્નયપ્રકાશથી ઓળખાય છે. રાગ તો આંધળો છે, તેનામાં ચિતિશક્તિ નથી, આત્મા પોતાની ચિતિશક્તિવડે સદા જાગતો સ્વપરપ્રકાશક છે.

જુઓ ! આત્માની અનંતશક્તિઓમાં ક્યાંય પણ બહારની ક્રિયા કે વ્યવહારનો શુભરાગ આવતો નથી; આત્માની અનંતી શક્તિમાં ક્યાંય તેની તો કિંમત જ નથી. અજ્ઞાની કહે છે કે ‘જુઓ, અમારી ક્રિયા ! અને જુઓ, અમારો વ્યવહાર ! – તે કરતાં કરતાં કેટલો ધર્મ થાય ?’ જ્ઞાની તેના વ્યવહારનો ઉપહાસ કરે છે કે અરે ! હાલ રે હાલ, જોઈ તારી ક્રિયા, અને જોયો તારો વ્યવહાર ! આત્માના સ્વરૂપમાં તેનું અસ્તિત્વ જ કોણ ગણે છે ? તેં માનેલી શરીરની ક્રિયા તો જડ છે, તેનો આત્મામાં તદ્દન અભાવ છે અને ક્ષણિક રાગરૂપ વ્યવહારની લાગણી તે પણ ચૈતન્યનો સ્વભાવ નથી; એ રીતે તારી માનેલી ક્રિયાનું અને વ્યવહારનું અસ્તિત્વ જ આત્મસ્વભાવમાં નથી, તો પછી તેનાથી આત્માનો ધર્મ થવાની વાત જ ક્યાં રહી ?

અહીં તો આત્મામાં ત્રિકાળ રહેનારી આત્માની શક્તિઓનું વર્ણન છે; તેમાં એકેક શક્તિ સામે જોવાથી પણ ધર્મ થતો નથી તો પછી શરીરની ક્રિયાથી કે રાગથી ધર્મ થાય એ વાત કેવી ? બધી શક્તિઓ આત્માના આશ્રયે રહેલી છે, તે આત્માના આશ્રયે જ ધર્મ થાય છે.

આ જીવત્વશક્તિ, ચિતિશક્તિ વગેરે બધી શક્તિઓ આત્મામાં ભાવસ્વરૂપ છે, તે બધી શક્તિઓનો એકરૂપ પિંડ તે આત્મદ્રવ્ય છે. ચિતિશક્તિ ચૈતનદ્રવ્યને ઓળખાવનારી છે, પણ રાગાદિને કરનારી નથી. રાગમાં ચેતનપણું નથી, એટલે ચિતિશક્તિ તો આત્મામાં રાગનો અભાવ બતાવે છે. આત્મા અજડત્વસ્વરૂપ છે એટલે કે પરિપૂર્ણ ચૈતન્યસ્વરૂપ છે એમ કહ્યું તેમાં પરનો, વિકારનો અને અલ્પજ્ઞતાનો આત્માના સ્વભાવમાંથી નિષેધ થઈ જ ગયો. – આત્માની અનંતશક્તિમાં આવી એક ચિતિશક્તિ છે. આત્માને ઓળખીને તેના આશ્રયે જ્ઞાનમાત્રભાવનું પરિણમન થતાં આ શક્તિ પણ તેમાં ભેગી જ પરિણમે છે. અખંડ આત્માના આશ્રયે તેની બધી શકિતઓ એક સાથે જ પરિણમે છે. તેમાંથી બીજી ચિતિશક્તિનું વર્ણન પૂરું થયું.

❋ ❋ ❋

# ૩ દશિ શક્તિ

**આત્માનું જીવન ચૈતન્યમાત્ર છે, એમ બે શક્તિમાં બતાવ્યું. હવે તે ચૈતન્ય દર્શન અને જ્ઞાનરૂપ છે, તેથી આચાર્યદેવ ત્રીજી અને ચોથી શક્તિમાં આત્માના દર્શન અને જ્ઞાન એવા બે ચૈતન્યચક્ષુનું વર્ણન કરે છે. આ વાત જે સમજે તેના જ્ઞાનચક્ષુ ખૂલી જાય.... ને તે ચૈતન્યનિધાનને નિહાળે એવી અદ્‌ભુત આ વાત છે.**

**( વીર સં. ૨૪૭૫ : કારતક સુદ પાંચમ )**

જ્ઞાનમાત્ર આત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં આત્માની અનંતશક્તિઓનું નિર્મળ પરિણમન અભેદપણે થાય છે, તેનું આ વર્ણન છે. અનંતશક્તિઓ તે જ ચૈતન્યની અવિનાશી લક્ષ્મી છે. આત્મામાં બધી શક્તિઓનું એક સાથે જ પરિણમન થાય છે પણ અનેક શક્તિઓ સમજાવવા માટે અહીં તેમનું જાુદું જાુદું વર્ણન કર્યુ છે. રાગાદિ ભાવો તો આત્માનાં ત્રિકાળી સ્વરૂપમાં છે જ નહિ; આત્મામાં બહુ બહુ તો આવા અનંત ગુણોનો ગુણભેદ છે; પરંતુ અભેદ આત્માની દૃષ્ટિ વગર એકલા ગુણભેદના લક્ષથી પણ આત્મા જણાય તેવો નથી.

આત્મા જ્ઞાનમૂર્તિ છે, તેના સ્વભાવમાં શરીર નથી, કર્મો નથી, અને રાગાદિ વિકાર પણ નથી. પર્યાયમાં વિકાર થાય તેને ગૌણ કરીને, જે એકલો જ્ઞાનમાત્ર દ્રવ્યસ્વભાવ છે તેની દૃષ્ટિથી પરિણમતાં નિર્મળ જ્ઞાનાદિ અનંત ગુણો એક સાથે ઊછળે છે, તે જ આત્મા છે. આત્માના સ્વભાવમાં શું – શું છે તેની આ વાત છે, આત્મામાં શું

– શું નથી તેની વાત અત્યારે નથી; આત્મામાં દેહાદિની ક્રિયા નથી, રાગ નથી – તેનું અત્યારે વર્ણન નથી, પણ આત્મામાં અનંતશક્તિઓ અસ્તિરૂપ છે તેનું આ વર્ણન છે. અનંત શક્તિરૂપ સ્વભાવની અસ્તિ કહેતાં તેનાથી વિરુદ્ધ એવા રાગાદિભાવની નાસ્તિ તેમાં આવી જ જાય છે.

સૌથી પહેલાં તો ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરનારી જીવત્વશક્તિનું વર્ણન કર્યું, તે જીવત્વશક્તિ જીવદ્રવ્યને ટકાવી રાખવાનું કારણ છે. અહીં તો ભેદથી વર્ણન કરીને સમજાવ્યું છે, ખરેખર કાંઈ જીવત્વશક્તિ અને જીવદ્રવ્ય જુદાં નથી; દ્રવ્ય કાંઈ જીવત્વશક્તિથી જુદું નથી કે જીવત્વશક્તિ તેને ટકાવે. આત્મદ્રવ્યનો જ ચૈતન્યસ્વરૂપે અનાદિઅનંત ટકી રહેવાનો સ્વભાવ છે, તેને અહીં જીવત્વશક્તિ તરીકે ઓળખાવ્યો છે. ત્યાર પછી ચિતિશક્તિ વર્ણવીને આત્માનો ચૈતન્યસ્વભાવ બતાવ્યો.

જુઓ ભાઈ ! દરેકે દરેક આત્માનું સ્વરૂપ અહીં કહેવાય છે તેવું જ છે. એકેક આત્મા પોતાની અનંતશક્તિનો ધણી પરમેશ્વર છે; પણ દેહ સામે નજર કરીને ત્યાં જ પોતાપણું માનીને પોતાની પ્રભુતા ઓળખાવે છે. અરે જીવ ! તું પામર નથી પણ અનંતશક્તિમાન પરમેશ્વર છો. અત્યારે પણ આત્મા પોતે અનંતશક્તિથી ભરેલો પ્રભુ છે, પણ શ્રદ્ધા અને જ્ઞાનરૂપી આંખ આડા પાટા બાંધી દીધા છે તેથી પોતે પોતાની પ્રભુતાને દેખતો નથી.

અનંતશક્તિનો પિંડ ચૈતન્યમૂર્તિ આત્મા છે; તેનામાં ક્ષણિક વિકાર વખતે પણ કાયમી સ્વભાવનો અભાવ થઇ ગયો નથી. સ્વભાવ તો ત્રિકાળ અનંત શક્તિનો પિંડ એવો ને એવો છે. તે ત્રિકાળ સ્વભાવની પ્રતીતિ કરતાં પરિણમનમાં સ્વરૂપનો લાભ થાય છે. દ્રવ્ય – ગુણ તો ત્રિકાળ એવા ને એવા જ, પણ તેનો સ્વીકાર કરતાં જ પર્યાયમાં તેનો લાભ થાય છે એટલે કે નિર્મળ પરિણમન થાય છે. તે પરિણમનમાં અનંતી શક્તિઓ એક સાથે પરિણમે છે તેનું આ વર્ણન ચાલે છે. જીવત્વશક્તિ અને ચિતિશક્તિનું વર્ણન કર્યું. હવે ત્રીજી દૃશિશક્તિનું વર્ણન કરે છે :

આ દૃશિશક્તિ અનાકાર ઉપયોગમય છે એટલે તેમાં પદાર્થોના વિશેષ ભેદ નથી પડતા; વિશેષ ભેદ પાડયા વગર પદાર્થોની સત્તાને દર્શનઉપયોગ દેખે છે. આવી દર્શનક્રિયારૂપ આત્માની શક્તિ છે તેનું નામ દૃશિશક્તિ છે, અને તે 'અનાકાર' છે.

અહીં 'આકાર'નો અર્થ વિશેષો અથવા ભેદો છે. પદાર્થોના વિશેષો અથવા ભેદોને

લક્ષમાં ન લેતાં, તેમની સામાન્ય સત્તામાત્રનું અવલોકન કરે છે તેથી દર્શન – ઉપયોગ અનાકાર છે. 'આ અનાકાર ઉપયોગ છે' એમ જેણે લક્ષમાં લીધું તે તો જ્ઞાન છે. સ્વ અને પર, સામાન્ય અને વિશેષ બધું સત્ છે, તે સત્માત્રને દર્શનઉપયોગ દેખે છે. 'બધું સત્ છે' એટલે 'સત્' અપેક્ષાએ પદાર્થોમાં જીવ – અજીવ ઈત્યાદિ ભેદ પડતાં નથી. આનો અર્થ એમ ન સમજવો કે દર્શન – આ ઉપયોગ જીવ – અજીવ બધાને એકમેકપણે દેખે છે. પદાર્થોની જેવી ભિન્ન ભિન્ન સત્તા છે તેવી દર્શનઉપયોગ દેખે છે; પરંતુ તે સત્તામાત્ર દેખે છે એટલે કે 'આ સત્ છે' એટલું જ તે લક્ષમાં લ્યે છે; સત્માં 'આ જીવ છે ને આ અજીવ છે, આ હેય છે ને આ ઉપાદેય છે' એવા વિશેષ ભેદ પાડીને જાણવું તે જ્ઞાનનું કાર્ય છે. દર્શનને, જ્ઞાનને, આનંદને, બધા દ્રવ્ય – ગુણ – પર્યાયને અને ત્રણ લોકના સમસ્ત પદાર્થોને વિકલ્પ વગર દર્શનશક્તિ દેખે છે, પણ તેમાં 'આ જીવ છે, આ અજીવ છે, આ સ્વ છે, આ પર છે' એમ બધા પદાર્થોને ભિન્ન ભિન્નપણે રાગ વગર જ્ઞાન જાણે છે. છદ્મસ્થાને જ્ઞાન પહેલાં દર્શનઉપયોગ હોય છે, ને સર્વજ્ઞને જ્ઞાનની સાથે જ દર્શનઉપયોગ હોય છે. છદ્મસ્થને પણ જ્ઞાન અને દર્શન બંનેનું પરિણમન તો એક સાથે જ છે, પરિણમનમાં કાંઈ એવો ક્રમ નથી કે પહેલાં દર્શનશક્તિ પરિણમે અને પછી જ્ઞાનશક્તિ પરિણમે. શક્તિ તો બધી એક સાથે જ પરિણમે છે, માત્ર ઉપયોગરૂપ વેપારમાં તેને ક્રમ પડે છે.

આત્મસ્વભાવનાં લક્ષે જે જ્ઞાનમાત્રભાવ પરિણમ્યો તે જ્ઞાનમાત્રભાવમાં રાગાદિ વિકાર ઊછળતા નથી પણ દર્શન વગેરે અનંતીશક્તિઓ ઊછળે છે. કેવળી ભગવાનને પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય એ માન્યતા તો મિથ્યા છે; પરંતુ છદ્મસ્થનેય પહેલાં દર્શન પરિણમે અને પછી જ્ઞાન પરિણમે એ વાત કાઢી નાખી છે. જ્ઞાનમાત્રભાવમાં આત્માની બધી શક્તિઓ એક સાથે ઊછળી રહી છે એટલે જ્ઞાન અને દર્શનનાં પરિણમનમાં સમયભેદ નથી.

અહો ! આચાર્યદેવે નિમિત્તની કે વિકારની તો વાત કાઢી નાખી, ને અંદરના ગુણગુણીભેદના વિકલ્પને પણ કાઢી નાખીને અનંતશક્તિથી અભેદ દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે. કોઈ નિમિત્તના કે વિકારના આશ્રયે તો આત્માના જ્ઞાન – દર્શન વગેરે ખીલતાં નથી, ને અંદર ગુણ – ગુણી ભેદના વિકલ્પના આશ્રયે પણ જ્ઞાન – દર્શન વગેરે ખીલતાં નથી; અભેદ આત્માના આશ્રયે જ બધી શક્તિઓનું પરિણમન ખીલી જાય

છે.

ભગવાન આત્મા એકેક સમયમાં પોતાની અનંતી રિદ્ધિને સાથે રાખીને પરિણમી રહ્યો છે; પણ પોતે પોતાની રિદ્ધિનો મહિમા ભૂલીને પરના મહિમામાં મોહિ પડ્યો છે. તેને આચાર્યભગવાન ચૈતન્યરિદ્ધિ દેખાડે છે કે અરે જીવ ! તારી અનંતી રિદ્ધિ તારામાં જ ભરી છે, માટે તારી રિદ્ધિને તું બહારમાં ન શોધ. તું તારા આત્માની સામે જો, તો તને તારી બેહદ રિદ્ધિ દેખાય. બહારના જડ પદાર્થોમાં તારા આત્માની રિદ્ધિ નથી, માટે બહારમાં તો ન જો, અને તારામાં પણ અનંતી શક્તિના ભેદ પાડીને ન જો. કેમ કે તારો આત્મા બધી શક્તિથી અભેદરૂપ છે, તેમાંથી એક શક્તિ જુદી નથી પડતી. એક શક્તિને જુદી પાડીને લક્ષમાં લેવા જતાં રાગની ઉત્પત્તિ થાય છે, પણ કાંઈ વસ્તુમાંથી તે શક્તિ જુદી પડતી નથી. માટે અનંતશક્તિથી અભેદરૂપ આત્માને લક્ષમાં લેતાં પોતાની અનંતી રિદ્ધિ પ્રતીતમાં આવી જાય છે; તેની પ્રતીત થતાં પરનો મહિમા ટળી જાય છે. – આનું નામ પ્રથમ સમ્યગ્દર્શનરૂપી અપૂર્વ ધર્મ છે.

આત્માની એક શક્તિમાં બીજી અનંતી શક્તિઓ પણ અભેદ છે. તેમાં એક દર્શનશક્તિ છે, બધા પદાર્થો છે – એમ બધાને સામાન્યપણે દેખવાની દર્શનની શક્તિ છે, પણ તેમાંથી કોઈને આઘા – પાછા કરવાની તેની શક્તિ નથી. દર્શન બધા પદાર્થોને સામાન્યપણે દેખે તેમાં આત્મા પોતે પણ ભેગો જ છે, પણ 'આ હું અને આ પર' એવા ભેદ દર્શન નથી પાડતું.

જગતના બધા પદાર્થો સત્‌રૂપે છે; જગતમાં એક જીવ જ સત્ છે ને બીજાું બધું ભ્રમ છે – એમ નથી; જીવ પણ સત્ છે ને અજીવ પણ સત્ છે. બધા જ સત્ છે, તેથી 'છે – પણા'માં (હોવાપણામાં) બધાનું સામાન્યપણું આવી જાય છે; અને તે બધાની સામાન્યસત્તાને દેખે એવો એક ઉપયોગ આત્મામાં છે. તેનું નામ દર્શનઉપયોગ છે.

આ દર્શનઉપયોગ સૂક્ષ્મ છે, છદ્મસ્થ તેને પકડી ન શકે પણ આગમ અને અનુમાનથી જાણી શકે. જે સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન કહેવાય છે તે આ દર્શનઉપયોગના ભેદ નથી, તે તો શ્રદ્ધાના પર્યાયના પ્રકારો છે. 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' કહ્યું છે તેમાં આ દર્શનઉપયોગની વાત નથી પણ સમ્યક્‌શ્રદ્ધાની વાત છે. દર્શનઉપયોગ તો અજ્ઞાનીને પણ હોય છે, તે કાંઈ મુક્તિનું કારણ નથી. મોક્ષનું કારણ તો શુદ્ધઆત્માની શ્રદ્ધા – જ્ઞાન – રમણતારૂપ શુદ્ધ ઉપયોગ છે. અહીં તો અનંતશક્તિવાળો આત્મા

ઓળખાવવા માટે તેની દર્શનશક્તિનું વર્ણન કર્યુ છે.

જગતમાં બધુ સત્ છે તેને સામાન્યપણે દર્શન દેખે છે; તેમ જ, જગતમાં બધું સત્ હોવા છતાં તેમાં એક જીવ ને બીજું અજીવ, એક સિદ્ધ ને બીજો નિગોદ, એક જ્ઞાની ને બીજો અજ્ઞાની – એમ જુદી જુદી વિશેષ સત્તા છે, તેને જાણનાર જ્ઞાનઉપયોગ છે. દર્શન અને જ્ઞાન બંને શક્તિ આત્મામાં અનાદિઅનંત છે.

સામાન્ય સત્તા તરીકે બધુંય સત્ છે. અને વિશેષપણે દ્રવ્યના જીવ અને અજીવ એવા બે ભેદ છે, જીવના ગુણોમાં શ્રદ્ધા – જ્ઞાન – આનંદ વગેરે ભેદો છે, પર્યાયમાં વિકારી અને નિર્મળ એવા ભેદો છે, ક્ષેત્રથી પણ અસંખ્ય પ્રદેશોનો ભેદ છે ને કાળથી પણ ભૂત – વર્તમાન – ભાવી ઈત્યાદિરૂપે ભેદ છે. તેમાં વિશેષ ભેદોને લક્ષમાં ન લેતાં સામાન્ય સત્તામાત્રને દેખનારું દર્શન છે ને વિશેષપણે જાણનારું જ્ઞાન છે. આ બંને શક્તિઓ આત્મામાં એક સાથે અનાદિઅનંત છે. તેમાં દર્શનશક્તિમાં સર્વદશાપણું પ્રગટવાની તાકાત ભરી છે, ને જ્ઞાનશક્તિમાં સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત ભરી છે. આ શક્તિની પ્રતીત કરતાં વ્યક્તિની પ્રતીત પણ થઈ જાય છે. આ ત્રીજી ‘દૃશિશક્તિ’ વર્ણવી છે તે સામાન્ય શક્તિરૂપ છે, ને પછી નવમી ‘સર્વદર્શિત્વ’શક્તિ વર્ણવીને આ શક્તિનું પૂરું કાર્ય બતાવશે.

ધર્મ ક્યાં થાય અને કેમ થાય તેની આ વાત ચાલે છે. પ્રથમ તો ધર્મ ક્યાં થાય? આત્માનો ધર્મ ક્યાંય નિમિત્તમાં થતો નથી, દેહમાં થતો નથી ને શુભાશુભ વિકારમાં પણ થતો નથી; આત્માનો ધર્મ તો આત્માની નિર્મળપર્યાયમાં થાય છે. – પણ તે ધર્મ કેમ થાય ? તે ધર્મ ક્યાંય બહારમાં પર સામે જોવાથી ન થાય, તેમ જ પોતાના પર્યાય સામે જોવાથી પણ ન થાય, પણ અનંતધર્મવાળા ત્રિકાળી આત્માની સન્મુખ દૃષ્ટિ કરવાથી જ પર્યાયમાં ધર્મ થાય છે. તે અનંતધર્મવાળા આત્માની શક્તિઓનું આ વર્ણન ચાલે છે.

જે રાગાદિ થાય તેને અહીં ચૈતન્યમૂર્તિ આત્માનાં પરિણમનમાં લીધા જ નથી કેમ કે તે આત્માનો સ્વભાવ નથી. આત્માની અનંત શક્તિમાં એક દૃશિ શક્તિ છે, તેનો સ્વભાવ ‘બધું છે’ તેને દેખાવાનો છે, પણ ક્યાંય પરમાં પોતાપણું માનીને મોહ કરવાનો કે કાંઈ ફેરફાર કરવાનો તેનો સ્વભાવ નથી. આવી શક્તિવાળા પોતાના આત્માની પ્રતીત કરે તો સ્વરૂપની સાવધાની જાગે અને મૂર્ચ્છા ટળી જાય. અનાદિથી

એકેક સમયનો મોહ છે તે આત્માનું ભાન કરતાં ટળી જાય છે. ત્રિકાળી અનંતશક્તિનો પિંડ હું છું – એમ જ્યાં સ્વીકાર થયો ત્યાં એક સમયપૂરતો મોહ રહી શકે નહિ.

એક દર્શનશક્તિની યથાર્થ પ્રતીત કરતાં આખા આત્માની જ પ્રતીત થઈ જાય છે; કેમકે દર્શનશક્તિમાં બધી સત્તાને દેખાવાનું સામર્થ્ય છે, તેમાં આત્માની સત્તા પણ આવી ગઈ; તેથી દર્શનશક્તિની પ્રતીતમાં તેના વિષયભૂત આખો આત્મા પણ પ્રતીતમાં આવી ગયો. તેમાં અનંતશક્તિઓ અભેદપણે આવી જાય છે, પણ વિશેષપણે સમજાવવા માટે ગુણના લક્ષણભેદથી ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે. આખા આત્માની કબૂલાત વગર તેની એક શક્તિની પણ યથાર્થ કબૂલાત થતી નથી. એક દર્શનશક્તિએ લોકાલોકના સર્વ પદાર્થોને દેખી લીધા એટલે એક શક્તિએ સર્વ શક્તિઓને કબૂલી લીધી; તેથી એક દર્શનશક્તિની પ્રતીત કરતાં 'અનંત ગુણો છે' એવી આત્મસામર્થ્યની પ્રતીત પણ થઈ જ ગઈ.

'આ આત્મા છે ને આ રાગ છે; રાગને આત્માથી જુદો કરું' – એવા ભેદ દર્શનમાં નથી પડતા, દર્શન તો દ્રવ્ય – ગુણ – પર્યાયના પણ ભેદ પાડ્યા વગર સત્તામાત્રને જ દેખે છે. 'આ આત્મા છે, આ રાગ છે, રાગ મારું સ્વરૂપ નથી' એમ ભેદ પાડીને જ્ઞાન જાણે છે. દર્શનશક્તિની સાથે જ આવી જ્ઞાનશક્તિ પણ પરિણમે છે. તે જ્ઞાનનું જ કાર્ય સ્વ – પરનો ને હેય – ઉપાદેયનો વિવેક કરવાનું છે.

દર્શનશક્તિ આત્માના અનાકાર ઉપયોગરૂપ છે; તેનો કાળ અનાદિઅનંત છે, પરિણમન એકેક સમયનું છે. ક્ષેત્રથી તે અસંખ્ય પ્રદેશરૂપ આત્માના આકારે છે. પ્રદેશત્વના નિમિત્તે જેવો આત્માનો આકાર છે તેવો જ તેની દરેક શક્તિનો આકાર છે.

પ્રશ્ન :- જો દર્શનને આકાર છે, તો તેને 'અનાકાર' કેમ કહ્યું છે ?

ઉત્તર :- દર્શનને અનાકાર કહ્યું છે તે તો તેનો વિષય સામાન્ય સત્તામાત્ર જ છે તે અપેક્ષાએ કહ્યું છે. દર્શનને પોતાને તો લંબાઇ પહોળાઈરૂપ આકાર છે, પણ તે દર્શન પોતાના વિષયમાં ભેદ નથી પાડતું તે અપેક્ષાએ તેને 'અનાકાર' કહેવામાં આવ્યું છે. 'અનાકાર' કહેતાં ભેદનો અભાવ સમજવો પણ અસંખ્યપ્રદેશરૂપ આકારનો અભાવ ન સમજવો. વસ્તુનો દરેકે દરેક ગુણ આકારવાળો જ છે. જેવડો વસ્તુનો આકાર છે તેવડો જ તેના દરેક ગુણનો આકાર છે. વસ્તુના બધા ગુણનો આકાર એકસરખો હોય છે, કોઈ ગુણનો આકાર નાનો – મોટો નથી હોતો. જડ – ચેતન વગેરેનો ભેદ

પાડીને દેખતું નથી માટે દર્શન અનાકાર છે, પણ જો પોતાના અસંખ્ય પ્રદેશોરૂપી ચૈતન્યમંદિરમાં આત્માની અનંતશક્તિઓનું વાસ્તું છે. એક જડ રજકણથી માંડીને ચૈતન્યબિંબ સિદ્ધ ભગવાન, કોઈ પણ પદાર્થના દ્રવ્ય – ગુણ કે પર્યાય આકાર વગરના ન હોય; પછી ભલે આકાર નાનો હોય કે મોટો, પણ આકાર વગરનું તો કોઇનું અસ્તિત્વ ન જ હોય. આત્માની દર્શનશક્તિનું ક્ષેત્ર તો અસંખ્યપ્રદેશી જ છે પણ તેનામાં લોકાલોકને દેખી લેવાનું સામર્થ્ય છે; આકાર મર્યાદિત હોવા છતાં સામર્થ્ય અમર્યાદિત છે.

આત્માના દર્શનઉપયોગમાં લોકાલોક સમાઈ જાય એવી તેની શક્તિ અનાદિઅનંત છે, જે તેની પ્રતીત કરે તેને તેનું પરિણમન થઈને કેવળદર્શન પ્રગટે છે. અહીં આત્માની સ્વભાવશક્તિઓનાં વર્ણનમાં રાગાદિને તો ક્યાંય યાદ પણ નથી કર્યાં, કેમ કે તેનો તો આત્માના સ્વભાવમાં અભાવ છે. આવી શુદ્ધશક્તિના પિંડરૂપ આત્માને પ્રતીતમાં લેતાં જ બીજા બધાની રુચિ ખસી જાય છે, ને શક્તિઓનું નિર્મળ પરિણમન થઈ જાય છે. સત્‌સ્વભાવી ભગવાન આત્મા અનંતશક્તિનો ભંડાર સ્વયંસિદ્ધ છે; તે દ્રવ્ય નિરપેક્ષ, તેની અનંતી શક્તિઓ પણ નિરપેક્ષ અને તેનું સમય સમયનું પરિણમન પણ બીજાથી નિરપેક્ષ છે. રાગને તો આત્માનાં પરિણમનમાં ગણ્યો નથી. બધી શક્તિઓના નિર્મળ પરિણમનથી ઊછળતો જ્ઞાનમાત્રભાવ તે જ આત્મા છે. આવા આત્માને પ્રતીતમાં લઈને સાધકજીવ પરિણમે છે તેને અનંતગુણોમાં પહેલી અવસ્થા પલટીને બીજી નિર્મળ અવસ્થા એક સાથે થાય છે. આવા આત્માની પ્રતીત અને બહુમાન સિવાય ધર્મના નામે જે કાંઈ કરે તે બધુંય રણમાં પોક સમાન વ્યર્થ છે. જેમ નિર્જન વનમાં કોણ સંભાળે ? – ત્યાં તેને બચાવનાર કોઈ નથી; તેમ જીવ મિથ્યાત્વરૂપીવનમાં રહીને ગમે તેટલા ક્રિયાકાંડ કરે પણ તેના પોકારને આત્મા સાંભળે તેમ નથી કેમ કે આત્માની તો તેને પ્રતીત નથી. અનંતશક્તિસંપન્ન ચૈતન્યભગવાન હું જ છું – એમ પોતાના આત્માની પ્રતીત કરવી તે ધર્મનો મૂળ પાયો છે.

પોતાના ચૈતન્યભગવાનની પ્રતીત વગર બહારમાં તીર્થંકર ભગવાનની સામે જોયું, પણ ભગવાન તો એમ કહે છે કે 'તારું કલ્યાણ તારામાં છે માટે તું તારામાં જો; તારો આત્મા પણ અમારા જેવો જ પરિપૂર્ણ શક્તિસંપન્ન છે.' – પણ જીવને તેનો વિશ્વાસ ન બેઠો, તેથી સમવસરણમાં તીર્થંકરભગવાન પાસે જઈને પણ એવો ને એવો પાછો આવ્યો; માટે અહીં આચાર્યભગવાન કહે છે કે અહો ! આત્મા ચૈતન્યભગવાન છે,

તેની અનંતશક્તિનો ભંડાર તેનામાં જ ભર્યો છે, તેની પ્રતીત કરો ... તેનો મહિમા કરીને તેમાં અંતર્મુખ થાઓ. તમારા કલ્યાણનું ક્ષેત્ર તમારામાં જ છે, આત્માના ગુણનું ક્ષેત્ર આત્માથી જાુદું ન હોય. આત્માનું રહેઠાણ ક્યાંય બહારમાં કે વિકારમાં નથી પણ અનંતશક્તિનો ચૈતન્યપિંડ આત્મા પોતે જ પોતાનું રહેઠાણ છે. – તેનો વિશ્વાસ કરીને તેનો આશ્રય કરતાં કલ્યાણ પ્રગટે છે.

(ત્રીજી દૃશિશક્તિનું વર્ણન પૂરું થયું.)

❋ ❋ ❋

# ૪ જ્ઞાન શક્તિ

**જેને પોતાના જ્ઞાનસ્વભાવના મહિમાનું ભાન થયું છે એવા જ્ઞાનીધર્માત્માનાં હૃદયમાં તીર્થંકર વસે છે.... અનંતા સિદ્ધો અને તીર્થંકરોનો તેના અંતરમાં વાસ છે.... તેનાં જ્ઞાનમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો છે. તીર્થંકરદેવે જે કહ્યું છે તે જ તેનું હૃદય બોલે છે – જાણે કે તીર્થંકરદેવ જ તેના કાળજામાં બેસીને બોલતા હોય !**

આત્માના જ્ઞાનમાત્રભાવમાં અનંત શક્તિઓ ઊછળે છે, તેનું આ વર્ણન ચાલે છે; તેમાંથી જીવત્વશક્તિ, ચિતિશક્તિ અને દૃશિશક્તિ – એ ત્રણ શક્તિઓનું વર્ણન કર્યું. હવે ચોથી શક્તિનું વર્ણન કરે છે.

આત્માની જ્ઞાનશક્તિ સાકાર ઉપયોગમયી છે; જ્ઞાન પદાર્થોના વિશેષ આકારોને પણ જાણે છે તેથી તેને સાકાર કહેવાય છે. જ્ઞાનશક્તિઓ એવો મહાન વિશેષ સ્વભાવ છે કે તે બધા પદાર્થોને વિશેષપણે ભિન્ન ભિન્ન જાણે છે. 'આ જીવ, આ અજીવ, આ જ્ઞાન,આ દર્શન, આ સુખ' એમ બધાને પૃથક્ પૃથક્ જ્ઞાન જાણે છે. જ્ઞાન સિવાય બીજી કોઈ શક્તિમાં આવું સામર્થ્ય નથી. આત્મા ઇંદ્રિયોથી કે રાગથી જાણે – એવી તો અહીં વાત જ નથી, પણ પર તરફ વળીને રાગસહિત જાણે તેવા જ્ઞાનની પણ આ વાત નથી; અહીં તો સ્વ તરફ વળીને રાગસહિત બધું જાણે તેવી આત્માની જ્ઞાનશક્તિ છે તેની વાત છે. આત્માની એક સમયની જ્ઞાનપર્યાયમાં અનંતા સિદ્ધો અને કેવળી ભગવંતો

જ્ઞેયપણે આવી જાય એવું એકેક પર્યાયનું અનંતું સામર્થ્ય છે.

પર્યાયમાં જે એકેક સમયનું જ્ઞાન છે તે ત્રિકાળી જ્ઞાનશક્તિમાંથી પરિણમે છે. શક્તિનો સમુદ્ર ભર્યો છે તેમાંથી જ પર્યાયોનો પ્રવાહ છે. સાદિ – અનંતકાળ સુધી કેવળજ્ઞાનના પર્યાયો પ્રવહ્યા કરે તો પણ જ્ઞાનશક્તિમાં જરાય હીનતા ન થાય – એવું જ્ઞાનશક્તિનું અચિંત્ય સામર્થ્ય છે.

આત્માનું જ્ઞાન કોઈ પરના આશ્રયે, આંખ વગેરે નિમિત્તોના આશ્રયે કે રાગના આશ્રયે પરિણમતું નથી, પણ આ ત્રિકાળી જ્ઞાનશક્તિના આશ્રયે જ સમય સમયનું જ્ઞાન પરિણમે છે. તે એક સમયના જ્ઞાનપર્યાયમાં સમસ્ત દ્રવ્ય – ગુણ – પર્યાયોનું જ્ઞાન થઈ જાય છે. જ્ઞાનમાં આખો આત્મા જણાય, તેનો જ્ઞાનગુણ જણાય, દર્શન જણાય, સુખ જણાય, તેમ જ કેવળજ્ઞાનાદિ પર્યાયો પણ જણાય, – આવી એકેક સમયની જ્ઞાનપરિણતિની તાકાત છે. એવી જ્ઞાનપરિણતિ જેમાંથી પ્રગટે એવી જ્ઞાનશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આવી શક્તિવાળા આત્માની પ્રતીત કરે તેને કેવળજ્ઞાનની શંકા રહે નહિ.

જ્ઞાનના એકેક પર્યાયમાં અનંત સામર્થ્ય છે. એક સમયનાં જ્ઞાનમાં ત્રણ કાળનાં સમસ્ત પદાર્થોનું જ્ઞાન સમાઈ જાય છે. રાગને પણ જ્ઞાન જોવા મળે છે, પણ જ્ઞાનમાં રાગ નથી, તેમ જ રાગને લીધે જ્ઞાન થતું નથી. જ્ઞાન કરવાનો આત્માનો સ્વભાવ છે પણ વિકાર કરવાનો આત્માનો સ્વભાવ નથી. માટે જ્ઞાનીનાં હૃદયમાં રાગનો વાસ નથી પણ શુદ્ધ આત્માનો જ વાસ છે.

અહો ! જ્ઞાનીનાં હૃદયમાં તીર્થંકર વસે છે, જ્ઞાનીમાં અંતરમાં સિદ્ધ ભગવાન વસે છે. સિદ્ધ ભગવાન અને તીર્થંકર ભગવાનનો જેવો આત્મા છે તેવો જ મારો આત્મા છે – એમ જેણે પરમાત્મા જેવા પોતાના આત્માની પ્રતીત કરી છે તે ધર્માત્માનાં હૃદયમાં અનંતા સિદ્ધ ભગવંતોનો અને તીર્થંકર દેવોનો વાસ છે. જેણે પોતાના પૂર્ણ સ્વભાવનો ભરોસો કર્યો તેણે પોતાના આત્મામાં સિદ્ધોને અને તીર્થંકરોને સ્થાપ્યા અને રાગને કે અપૂર્ણતાને આત્મામાંથી કાઢી નાંખ્યા, – તેનો નિષેધ કર્યો. જ્ઞાનીના આત્મામાં તીર્થંકરનો વાસ છે, તીર્થંકરદેવ તેના કાળજામાં બેસીને બોલે છે; જે તીર્થંકરદેવ કહે છે તે જ જ્ઞાનીનું હૃદય બોલે છે; કેમ કે તીર્થંકર જેવા જ પરિપૂર્ણ પોતાના આત્માને તેણ પ્રતીતમાં લઈને અનુભવ કર્યો છે. અહો ! મારા જ્ઞાનનો સ્વભાવ એવો છે કે ત્રણકાળના સમસ્ત તીર્થંકરોને એક સમયમાં જાણી લઉં; એક નહીં પણ અનંત તીર્થંકરોને અને સિદ્ધોને

મારા જ્ઞાનની એક પર્યાયમાં સમાવી દઉં – એવો વિશાળ મારા જ્ઞાનનો મહિમા છે, – એમ જ્ઞાનીને પ્રતીત છે.

ત્રણકાળના તીર્થંકરોને જાણે, સિદ્ધોને જાણે, સંતોને – ધર્માત્માઓને જાણે, તેમ જ ઊંધા પડેલા જીવોને પણ જાણે, અભવ્યને પણ જાણે ને અજીવને પણ જાણે, અનંત અનંત આકાશ છે તેને પણ જાણે – આવું જ્ઞાનશક્તિનું બેહદ સામર્થ્ય છે. જેનો સ્વભાવ જ જાણવાનો છે તે કોને ન જાણે ? જ્ઞાન પોતે પોતામાં જ એકાગ્ર રહીને બધાને જાણી લ્યે છે, જાણવા માટે તેને ક્યાંય બહાર લંબાવું નથી પડતું. આવા જ્ઞાનને ક્યાં શોધવું? શરીરની ક્રિયામાં કે શાસ્ત્રના શબ્દોમાં ગોતવા જાય તો આવું જ્ઞાન ન મળે, સમ્મેદશિખર તીર્થના પહાડ ઉપર કે મંદિરમાં જઈને ગોતે તો ત્યાં પણ આવું જ્ઞાન મળે નહિ; આ જ્ઞાન તો આત્માની નિજશક્તિ છે એટલે આત્મામાં અંતરશોધ કરે તો આવું જ્ઞાન મશક્તિળે. આત્મામાં આ જ્ઞાનશક્તિ તો ત્રિકાળ છે પણ તેનો વિશ્વાસ કરતાં પર્યાયમાં તેનો વિકાસ પ્રગટે છે.

જ્ઞાન તો અભેદ – ભેદ, સામાન્ય – વિશેષ બધાને જાણે છે એટલે જ્ઞાનના વિષયમાં અનંત વિશેષ પ્રકારો પડે છે. ત્રણે કાળમાં જે જે સમયે જેમ થવાનું છે તેમ તેને જાણી લેવાનો જ્ઞાનનો સ્વભાવ છે, પણ તેમાં કાંઈ આઘુપાછું કરવાનો કે રાગદ્વેષ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. આવા જ્ઞાનની જે પ્રતીત કરે તેનું જ્ઞાન આત્મા તરફ વળ્યા વગર રહે નહિ આત્મા જ્ઞાનાદિ અનંત શક્તિઓથી અભેદ છે, તેના આશ્રયે જ ધર્મ થાય છે.

અહીં ત્રીજી અને ચોથી શક્તિમાં દૃશિશક્તિ અને જ્ઞાનશક્તિનું વર્ણન કર્યું; અને આગળ નવમી અને દસમી શક્તિમાં સર્વદર્શિત્વ તથા સર્વજ્ઞત્વશક્તિનું વર્ણન કરશે, તેમાં આ દૃશિશક્તિ તથા જ્ઞાનશક્તિનું વિશેષ સામર્થ્ય બતાવશે.

* * * * *

## (વીર સં. ૨૪૭૫ : કારતક સુદ ૬)

જુઓ, આ ધર્મની વાત છે.

જેણે આત્માનો ધર્મ કરવો હોય તેણે શું કરવું ? – કે પોતાના આત્માને ઓળખવો. આત્મા કેવો છે ? – તેનામાં શું છે ? – કે આત્મા પોતાની અનંતી શક્તિવાળો

છે, તેનામાં જ્ઞાન છે, દર્શન છે, સુખ છે, જીવન છે, પ્રભુતા છે, ઈત્યાદિ અનંત શક્તિઓ છે. આત્મામાં પોતાની અનંતી સ્વચ્છ શક્તિઓ ભરેલી છે, પણ તેનામાં વિકાર, શરીર કે સ્ત્રી – પુત્ર – લક્ષ્મી કે સ્વર્ગ જોઈતાં હોય તેને આત્માનો ધર્મ જોઈતો નથી, કેમ કે તે કોઈ વસ્તુઓમાં આત્માનો ધર્મ નથી, અને આત્મામાં તે કોઈ વસ્તુઓ નથી. કોઈ પરવસ્તુથી આત્માનો ધર્મ થતો નથી અને આત્માના ધર્મથી કોઈ પરવસ્તુઓ મળતી નથી. આત્મા પોતે પોતાની અનંતશક્તિઓનો ભરપૂર ભંડાર છે, તેના જ આધારે તેને ધર્મ થાય છે. માટે આત્માની સન્મુખ થઈને તેમાં શોધે તો ધર્મ મળશે. ધર્મ કરનારે પ્રથમ પોતાના આત્માને ઓળખવો જોઈએ.

ચૈતન્યમૂર્તિ આત્મા જ્ઞાનલક્ષણથી ઓળખાય છે. જ્ઞાનલક્ષણથી ઓળખાતો આત્મા અનંતધર્મનો પિંડ છે. તેમાંથી આત્માનો ધર્મ પ્રગટે છે. જ્યાં જે માલ ભર્યો હોય ત્યાંથી તે માલ મળે. આ શરીરની દુકાનમાં તો જડનો માલ ભર્યો છે, તેની ક્રિયામાંથી આત્માના ધર્મનો માલ નહિ મળે. અને ચૈતન્યભગવાન આત્માની દુકાને અનંતગુણોનો ખજાનો ભર્યો છે, ત્યાંથી જ્ઞાનાદિ ધર્મનો માલ મળશે પણ વિકાર તેમાંથી નહિ મળે.

જેમ અફીણવાળાની દુકાને તો સારું અફીણ મળે પણ કાંઈ માવો કે હીરા ન મળે; અને કંદોઈની દુકાને માવો મળે પણ તેની દુકાને કાંઈ અફીણ ન મળે; ઝવેરીની દુકાને હીરા મળે પણ તેની દુકાને કાંઈ અફીણ ન મળે. તેમ જેને અફીણ જેવા વિકારી – શુભા – શુભભાવો જોઈતા હોય તેને આત્માનાં સ્વરૂપમાં તે મળે તેમ નથી; વિકારી ભાવો અને જડની ક્રિયા તે તો અફીણની દુકાન જેવા છે, તેમાંથી ચૈતન્યનો નિર્મળ ધર્મ મળી શકે તેમ નથી. અને ચૈતન્યમૂર્તિ આત્મા અનંતશક્તિનો ભંડાર છે તે ઝવેરી અને કંદોઈની દુકાન જેવો છે, ત્યાંથી સમ્યગ્દર્શન આદિ રત્નો અને અતીન્દ્રિય આનંદના મેવા મળશે, પણ વિકાર નહીં મળે. આત્માનાં સ્વરૂપમાં વિકારને સંઘરી રાખે તેવી કોઈ શક્તિ નથી. તેમ જ પૈસા વગેરેને સંઘરી રાખે એવી પણ કોઈ શક્તિ તેનામાં નથી. આત્માની જીવત્વશક્તિમાં એવી તાકાત છે કે આત્માના ચૈતન્યજીવનને ત્રિકાળ ટકાવી રાખે, પણ તે જીવત્વશક્તિમાં એવી તાકાત નથી કે તે પૈસાને, શરીરને કે વિકારને આત્મામાં ટકાવી રાખે. માટે જેને આત્માનું ચૈતન્યજીવન જોઈતું હોય તેણે આત્માની ભાવના કરવી ને વિકારની ભાવના છોડાવી. જેને રાગની ભાવના છે તેને અનંતશક્તિના પિંડ ચૈતન્યની ભાવના નથી. આત્મા તો પોતાની જ્ઞાનાદિ અનંતશક્તિનો પિંડ છે, તેનામાં

બીજા આત્માઓ નથી, બીજાના કોઈ ગુણો કે પર્યાયો પણ તેનામાં નથી; પોતાના સ્વભાવ સિવાય કોઈ પણ બીજા સંયોગોને આત્મા પોતામાં ભેળવે એવી તેની તાકાત નથી, અને પર્યાયના ક્ષણિક પુણ્ય -પાપને પણ બીજા સમયે ટકાવી રાખે એવી તેની તાકાત નથી. પહેલાં સમયે જે વિકાર થયો તે તો બીજા સમયે ટળી જ જાય, તેને કોઈ પણ આત્મા ટકાવી ન શકે. પણ પોતે પોતાની નિર્વિકારી અનંતી શક્તિને એક સાથે ત્રિકાળ ટકાવી રાખે એવું આત્માનું સામર્થ્ય છે. તેમ જ જ્ઞાન – દર્શનથી એક સમયમાં બધાને જાણે – દેખે એવી તેની તાકાત છે, પણ ક્યાંય ઘાલમેલ કરવાની કે પરને પોતાનું કરવાની આત્માની તાકાત નથી. આવા ભગવાન આત્માની દુકાને ચૈતન્યશક્તિ મળે પણ વિકાર ન મળે, એટલે કે આત્મસ્વભાવની સન્મુખ થતાં ચૈતન્યનાં પરિણમનમાં અનંતશક્તિઓ નિર્મળપણે પરિણમે છે, પણ વિકાર પરિણમતો નથી.

(અહીં ચોથી જ્ઞાનશક્તિનું વર્ણન પૂરું થયું.)

❋ ❋ ❋

# ૫ સુખ શક્તિ

**આત્માનું સમ્યગ્જ્ઞાન થતાં તેની સાથે જ સિદ્ધિ જેવા સુખનો અંશ અનુભવમાં આવે છે..... ને સુખનો પરિપૂર્ણ દરિયો પ્રતીતમાં આવી જાય છે.... ધર્માત્મા પોતાના અંતરમાં સુખનો દરિયો ઉલ્લસતો દેખે છે. જેનામાં સુખશક્તિ છે એવા આનંદધામ આત્માની ઓળખાણ તે જ સુખી થવાનો સાચો રસ્તો છે.**

અનાકુળતા જેનું લક્ષણ છે એવી સુખશક્તિ આત્મામાં ત્રિકાળ છે. કાંઈ પણ કરવાની વૃત્તિનું ઉત્થાન તે આકુળતા છે અને આકુળતા તે દુઃખ છે. અશુભ કે શુભ કોઈ પણ વૃત્તિ રહિત શાંત નિરાકુળ દશા તે જ સુખનું સ્વરૂપ છે. આત્માની અનંત શક્તિઓમાં આવી સુખશક્તિ પણ ભેગી જ છે.

પ્રશ્ન :- જો આત્મામાં સુખ ત્રિકાળી ભર્યું છે તો તે કેમ અનુભવમાં આવતું નથી ?

ઉત્તર :- જો સ્વભાવશક્તિનો વિશ્વાસ કરીને તેની સન્મુખ થાય તો સુખનો અનુભવ થયા વિના રહે નહિ. પોતાના સ્વભાવમાં સુખ ભર્યું છે ત્યાં શોધતો નથી પણ બહારમાં શોધે છે તેથી પોતાનું સ્વભાવસુખ જીવના અનુભવમાં આવતું નથી. જ્યાં સુખ ભર્યુ છે ત્યાં શોધે તો મળીને ? જડમાં તો ક્યાંય એવી સુખશક્તિ નથી કે તે આત્માને સુખ આપે; જડના લક્ષે જે કૃત્રિમ શુભ અશુભ આકુળતારૂપ ભાવો થાય છે તેમાં પણ સુખ નથી; સુખશક્તિ તો આત્મામાં છે. આત્મા ત્રિકાળ સુખનો સમુદ્ર છે, તેને સુખ માટે કોઈ બાહ્ય પદાર્થની – પૈસા વગેરેની – જરૂર પડે તેવું નથી. જે આવી સુખશક્તિવાળા આત્માને સમજે તેને પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય ને તેનું જ્ઞાન સ્વભાવ તરફ વળી

જાય; તે જ્ઞાનપરિણમનમાં સુખશક્તિ પણ ભેગી જ ઊછળે છે. એકેક શક્તિઓ જુદી નથી, જ્યાં એક શક્તિ છે ત્યાં જ અનંતશક્તિનો પિંડ છે, એટલે એક શક્તિને જોતાં આખો ચૈતન્યપિંડ લક્ષમાં આવે છે. જ્યાં જ્ઞાન પરિણમે છે – આવું અનેકાંતસ્વરૂપ છે. કોઈ કહે કે અમને જ્ઞાન થયું છે પણ સુખ ક્યાંય દેખાતું નથી, – તો તેણે જ્ઞાન અને સુખને સર્વથા જુદા માન્યા છે એટલે તેણે અનેકાન્તસ્વરૂપી આત્માને જાણ્યો નથી, અને તેનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ અજ્ઞાન જ છે. અનંત ધર્મોનો એક પિંડ આત્મા છે તેની શ્રદ્ધા – જ્ઞાન કરતાં સમ્યગ્જ્ઞાન થતાં તેની સાથે જ સિદ્ધ જેવા આનંદનો અંશ અનુભવમાં આવે છે. એ પ્રમાણે અનંતી શક્તિઓ એક સાથે નિર્મળપણે પરિણમી રહી છે. – કોને ? કે જેને આત્મા ઉપર દૃષ્ટિ છે તેને. અજ્ઞાની તો યથાર્થ આત્માને માનતો જ નથી તેથી તેને શક્તિઓનું નિર્મળ પરિણમન થતું નથી.

આત્માનો સ્વભાવ ત્રિકાળ સુખથી ભરેલો છે, તેમાં દુઃખનો એક અંશ પણ નથી. પરનું કાંઈ કરવાની આકુળતા આત્મામાં નથી. પરનું હું કાંઈ કરી શકું – એવી જેની માન્યતા છે તે જીવ પરનું કરવાનાં અભિમાનથી સદાય આકુળ જ રહ્યા કરે છે. હું કોઈ પરનો કર્તા નથી, હું તો જ્ઞાતા છું – એમ જ્ઞાતાપણે રહેવામાં અનાકુળ શાંતિ છે તે જ સુખ છે. મારું સુખ પરમાં છે એવી જેની બુદ્ધિ છે તે, કરોડો રૂપિયા હોય ને મેવા – જાંબુ ખાતો હોય તથા સોનાના હીંડોળે હીંચતો હોય તો પણ, આકુળતાથી દુઃખી જ છે. આનંદધામ એવા સ્વતત્ત્વનો મહિમા છોડીને પરનો મહિમા કર્યો તે જ દુઃખ છે. બહારમાં પ્રતિકૂળતા હોવી તે કાંઈ દુઃખનું લક્ષણ નથી. દુઃખ એટલે આકુળતા; આકુળતા કહો કે મોહ કહો, જેટલો મોહ તેટલું દુઃખ. આ દુઃખ આત્માના ક્ષણિક પર્યાયમાં થાય છે, પણ આત્માના સ્વભાવમાં દુઃખ નથી. આત્માના સ્વભાવમાં તો એકલું સુખ જ ભર્યું છે. જેને આકુળતા જોઈતી હોય – દુઃખ જોઈતું હોય તેને ચૈતન્યસ્વભાવમાંથી તે નહિ મળે; અને જેને નિરાકુળ સુખ જોઈતું હોય તેને ચૈતન્યસ્વભાવ સિવાય બીજે ક્યાંયથી તે નહિ મળે. જેને સુખી થવું હોય તેણે આવા આત્માની સમજણનો રસ્તો લેવો પડશે.

એકેક આત્મા અનંત ગુણનો ભંડાર છે. તેના દરેક ગુણનું લક્ષણ ભિન્ન છે અને આખા આત્માનું લક્ષણ 'જ્ઞાન' છે. સુખ વગેરે અનંત ગુણો પણ તે જ્ઞાનની સાથે જ રહેલા છે. તેમાં 'જાણવું' તે જ્ઞાનનું લક્ષણ છે અને નિરાકુળતા તે સુખગુણનું લક્ષણ

છે. સુખગુણ આત્મદ્રવ્યમાં છે, ગુણમાં છે ને પર્યાયમાં પણ છે, દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં સુખ વ્યાપેલું છે; આત્માના અસંખ્ય પ્રદેશોમાં સુખ ફેલાયેલું છે, આત્માનો એક પણ પ્રદેશ સુખશક્તિ વગરનો ખાલી નથી. જેવો આત્માનો આકાર છે તેવો જ તેના સુખનો આકાર છે. આત્માના દ્રવ્ય ગુણ પર્યાયમાં આનંદ છે, પણ તેનાથી બહાર ક્યાંય મકાનમાં, પૈસામાં, સ્ત્રીમાં કે રાગમાં આનંદ નથી; આત્માના જ્ઞાન – દર્શન – ચારિત્ર વગેરે અનંત ગુણોમાં આનંદ અભેદપણે રહેલો છે; તેમાંથી આનંદ લેવા માગે તો મળશે, પણ તેમાંથી સ્વર્ગાદિ લેવા માગે તો તે નહિ મળે. સ્વર્ગ મળે તે પણ રાગનું ફળ છે, આત્માના ગુણોમાં રાગનો અભાવ છે ને રાગમાં આત્માના ગુણોનો અભાવ છે.

આનંદગુણની પ્રધાનતાથી જોતાં આખો આત્મા આનંદમય છે, આત્માના અનંતગુણો આનંદથી ભરેલા છે, તેમાં ક્યાંય આકુળતા નથી. પર્યાયમાં એક સમયની આકુળતા થાય તેની અહીં વાત નથી, તે પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી સ્વભાવની મુખ્યતાથી અહીં કહે છે કે આત્મામાં આકુળતા છે જ નહિ, આત્મા તો ત્રિકાળ સુખનો સાગર છે. જેને એકલી આકુળતા જ ભાસે છે પણ તે વખતે જ બેહદ અનાકુળ સુખસ્વભાવ નથી ભાસતો તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. જેણે એક સમયની લાગણી જેટલું જ પોતાનું સ્વરૂપ માન્યું તેણે આત્માને જાણ્યો નથી. આકુળતા તો એક સુખગુણની એક સમયની વિકૃત અવસ્થા છે, તે જ વખતે અનંતી અનાકુળતાનો પિંડ એવો સુખગુણધ્રુવ પડયો છે ને એવા અનંતગુણોનો પિંડ આત્મા છે, તે સ્વભાવના અનંત મહિમાના જોરે સાધક કહે છે કે આકુળતા મારામાં છે જ નહિં. જેને સ્વભાવનું જોર ન ભાસતા વિકારનું જોર ભાસે છે તેને સ્વભાવનો મહિમા અને વિશ્વાસ નથી, એટલે સ્વભાવનો અનાદર છે ને વિકારનો આદર છે, તે જ સંસારનું મૂળ છે. અહીં આત્માના અનંત ધર્મને ઓળખાવે છે, તે ઓળખતાં ક્ષણિક વિકારનો મહિમા છૂટી જાય છે અને સ્વભાવનું સમ્યગ્દર્શન પ્રગટે છે, તે મુકિતનું મૂળ છે; તે પ્રગટ થતાં જ અનંત સંસારનું મૂળ છેદાઈ જાય છે.

આકુળતા ત્રિકાળી નથી પણ આકુળતાના અભાવરૂપ આનંદસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે; તે આનંદનું વેદન પર્યાયમાં એકેક સમયપૂરતું છે પણ શક્તિ ત્રિકાળ છે. ત્રણ કાળનો આનંદ જ્ઞાનમાં એક સાથે જણાય ખરો પણ ત્રણ કાળના આનંદનો અનુભવ એક સાથે ન થાય, અનુભવ તો વર્તમાન પૂરતો જ હોય. ભવિષ્યના આનંદનું જ્ઞાન

અત્યારે થાય પણ તેનો ભોગવટો અત્યારે ન થાય. ત્રણકાળના આનંદના વેદનને એક સમયમાં જાણી લે એવું જ્ઞાનનું સામર્થ્ય છે પણ ત્રણકાળના આનંદને ભેગો કરીને વર્તમાનમાં વેદી લે એવું જ્ઞાનનું સામર્થ્ય નથી. સિદ્ધભગવંતો પોતાના ભવિષ્યના અનંત અનંતકાળના આનંદને વર્તમાનમાં જાણે છે, પણ ભવિષ્યના આનંદનું વેદન તો તે ભવિષ્યની પર્યાયમાં થશે, તેનું વેદન અત્યારે થતું નથી; વેદન તો વર્તમાન પર્યાયના આનંદનું જ છે, સમયે સમયે નવા નવા પરિપૂર્ણ આનંદને તેઓ વેદી રહ્યા છે. એવી આનંદશક્તિ દરેક આત્મામાં ત્રિકાળ પડી છે, તેનો ભરોસો કરતાં તે વ્યકત થાય છે. જો ત્રિકાળી દ્રવ્ય – ગુણનો આનંદ એક સમયમાં વ્યકતપણે વેદાઈ જાય તો બીજા સમયનો આનંદ ક્યાંથી આવશે ? ત્રિકાળ શકિતરૂપ આનંદ તો અવ્યક્ત છે, ને પર્યાયમાં સમયે સમયે આનંદ વ્યકત થાય છે તે વેદાય છે.

હે જીવ ! આનંદશક્તિ તારા દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં રહેલી છે. માટે તારો આનંદ તારામાં જ શોધ. તારો આનંદ તારામાં છે, તે બહાર શોધવાથી નહિ મળે. તારું આખુ દ્રવ્ય જ આનંદથી ભરેલું છે, અનંતશક્તિના પિંડ આત્માની અભેદદૃષ્ટિ કર તો તે આનંદનો અનુભવ થાય. પરના આશ્રયમાં રોકાતાં આકુળતા થાય છે તે આત્માનું સ્વરૂપ નથી. સામાન્ય દ્રવ્યમાં આનંદ છે, તેના અનંત ગુણોમાં આનંદ છે ને અનંત પર્યાયોમાં આનંદ છે, એ રીતે આત્મા અનંત આનંદમય છે. અહો ! આવા આનંદસ્વરૂપ આત્માની સામે જુએ તો દુઃખ છે જ ક્યાં ? આત્માના આશ્રયે ધર્માત્મા નિઃશક છે કે ભલે શરીરનું ગમે તેમ થાય કે બ્રહ્માંડ આખું ગડગડી જાય તો પણ હું તો મારા જ્ઞાતાભાવને આશ્રયે શાંતિ રાખી શકું છું, કેમકે મારી શાંતિ – મારો આનંદ મારા આશ્રયે છે. હું મારા આનંદસમુદ્રમાં ડૂબકી મારીને લીન થયો ત્યાં મારી શાંતિમાં વિઘ્ન કરનાર જગતમાં કોઈ નથી. અંતરમાં પોતાની આત્મશક્તિનો આવો નિઃશક ભરોસો આવ્યા વિના ધર્મનો અપૂર્વ પુરુષાર્થ કોના જોરે કરશે ?

જ્ઞાનસ્વરૂપ આત્મા આકુળતા વગરનો છે. જ્ઞાન કરવામાં કાંઈ આકુળતા નથી. જો જ્ઞાન કરવું તે આકુળતાનું કારણ હોય તો તો તે આત્માનું સ્વરૂપ થઈ જાય અને આકુળતા કદી જ્ઞાનથી જુદી જ ન પડે. સર્વજ્ઞભગવાન આખા વિશ્વને જાણે છે છતાં તેમને આકુળતાનો એક અંશ પણ નથી. માટે જ્ઞાનમાં આકુળતા નથી આત્માના અસ્તિત્વધર્મમાં પણ આકુળતા નથી; આકુળતાનો નાશ થતાં આત્મામાંથી કાંઈ ઘટી

જતું નથી, આકુળતાનો નાશ થવા છતાં આત્માનું પૂરેપૂરું અસ્તિત્વ રહે છે, માટે આત્માના અસ્તિત્વમાં રાગ નથી. એ રીતે આત્માના કોઈ ગુણમાં આકુળતા નથી. આકુળતાના અભાવમાં પોતાના અનંત ગુણ – પર્યાયોને આત્મા ટકાવી રાખે છે.

જેને આત્મા જોઈતો હોય તેને સંસાર નહિ મળે; અને જેને સંસાર રાખવો હશે તેને આત્મા નહિ મળે. સંસારની ચારે ગતિના નદાવા કરીને આવે કે 'હવે આ સંસારથી બસ થાવ, હવે મારે આ સંસાર ન જોઈએ'– તેનો આત્મા મળશે. સંસારનો એક કણિયો પણ જેને ગમતો હશે – પુણ્યની કે સ્વર્ગની પણ જેને પ્રીતિ હશે તે જીવ આત્મા તરફ નહિ વળી શકે. જો તારે આનંદમૂર્તિ આત્મા જોઈતો હોય તો શરીર અને વિકારને 'હરામ' દુર કર કે મારે હવે તે કાંઈ જોઈતું નથી, એક ચિદાનંદ આત્મા સિવાય શરીર કે વિકાર તે કાંઈ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાન છું – એમ જ્ઞાનવડે આત્માને ગોતતાં તેમાં જ્ઞાન સાથે આનંદ વગેરે અનંતી શક્તિઓ મળશે, પણ પુણ્ય, શરીર કે પૈસા – છોકરા એવું કાંઈ તેમાંથી નહિ મળે.

આત્માની સત્તામાં અનંતો આનંદ છે. તેવા આત્માનાં ભાન સહિત ચક્રવર્તીને બહારમાં છ ખંડનું રાજ્ય અને છન્નુ હજાર રાણીઓ વગેરે વૈભવ હતો, પણ હરામ છે તેમાં ક્યાંય આનંદ માનતા હોય તો ! અસ્થિરતાનો જે રાગ છે તેને પણ આત્માના અસલી સ્વરૂપમાં ખતવતા નથી, આત્મામાં જ આનંદ માન્યો છે. ચૈતન્યતત્ત્વમાં પરમજ્ઞાન આનંદ વગેરે અનંતશક્તિઓ છે પણ તેમાં પુણ્ય–પાપ વગેરે વિકારી તત્ત્વો નથી; આવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. અહો ! સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્મા સિવાય ક્યાંય સુખ દેખતો નથી, તે સુખને પોતાના આત્મામાં જ દેખે છે. જ્ઞાન સાથે સુખ વગેરે અનંત ગુણો આત્મામાં ભેગા જ ઊછળે છે – એમ અનેકાન્તને દેખનાર ધર્મીની દૃષ્ટિ પોતાના આત્મા ઉપર છે, એટલે આત્માની દૃષ્ટિમાં તેને સુખ જ છે; પરથી સુખ માનતો નથી ને પોતાના સ્વભાવમાં દુઃખને દેખતો નથી. સ્વભાવ તો સુખશક્તિથી જ ભરેલો છે.

આત્માના સ્વભાવમાં આકુળતા ત્રણકાળમાં પ્રવેશતી નથી અને અનાકુળતા ત્રણકાળમાં ખસતી નથી. આખા દ્રવ્યના આનંદનું વેદન એક સમયમાં ન થાય પણ તેનું જ્ઞાન થઈ જાય. જેમ આખા લાડવાનું એક બટકું ખાતાં જ આખા લાડવાના સ્વાદનું જ્ઞાન થઈ જાય, પણ તે બધો સ્વાદ વેદનમાં આવી જતો નથી; તેમ જ્ઞાનને અંતર્મુખ

કરતાં ત્રિકાળી આનંદનું જ્ઞાન થઈ જાય છે પણ દ્રવ્ય – ગુણનો ત્રિકાળી આનંદ એક સમયના વેદનમાં આવી જતો નથી. જો એક સમયના પર્યાયમાં જ ત્રિકાળી દ્રવ્ય – ગુણનો આનંદ વ્યકતપણે વેદાઇ જાય તો આનંદશક્તિ ક્યાં રહી ! અને બીજા સમયનો આનંદ ક્યાંથી આવશે ! દ્રવ્ય ગુણનો આનંદ તો ત્રિકાળ અનાદિઅનંત છે ને પર્યાયનો આનંદ એક સમય પૂરતો છે તે નવો પ્રગટે છે, પ્રગટ્યા પછી સમયે સમયે નવો નવો થઈને સાદિ – અનંત છે. પર્યાયનો આનંદ છે તેનો પ્રવાહ દ્રવ્ય – ગુણમાંથી આવ્યો છે માટે તે આનંદ દ્રવ્ય – ગુણમાંથી સદાય આવ્યા જ કરશે, દ્રવ્યની સાથે સદાય તે આનંદ ટક્યા કરશે. જેને આવા આત્મદ્રવ્યની શ્રદ્ધા થઈ તેને 'મારો આનંદ કોઈ લૂંટી જશે' એવી શંકા રહેતી નથી. આ સુખશક્તિ અથવા તો આનંદશક્તિ, શક્તિમાન એવા દ્રવ્યના આશ્રયે રહેલી છે. એકેક આત્મા આવી અનંતશક્તિથી પરિપૂર્ણ પરમાત્મા છે, તેની પ્રતીતિ કરવી તે જૈનધર્મનું સમ્યગ્દર્શન છે અને તે જ મુક્તિનું પહેલું સોપાન છે. જ્યાં સુધી પોતાની પરમાત્મશક્તિનો વિશ્વાસ પોતાને જ અંતરથી ન જાગે ત્યાં સુધી પરમાત્મા થવાના ઉપાયની શરૂઆત થાય નહિ. અનંતશક્તિના ચૈતન્યપિંડમાં કોઇ એક ગુણ જુદો નથી, તેથી એક ગુણને લક્ષમાં લેવા જતાં પરમાર્થે અનંતગુણોથી અભેદ આત્માનું જ લક્ષ થઈ જાય છે. આ શક્તિઓના વર્ણન દ્વારા અનંત શક્તિનો પિંડ આખો આત્મા બતાવવાનું પ્રયોજન છે.

આત્મામાં સુખશક્તિ ત્રિકાળ છે, તે એમ જાહેર કરે છે કે જો આત્મા જોઈતો હોય તો દુ:ખ નહિ રાખી શકાય, આત્માને અંગીકાર કર્યા પછી દુ:ખ માગશો તોય નહિ મળે! જેમ સમ્યગ્દર્શનની એવી પ્રતિજ્ઞા છે કે મને જે અંગીકાર કરે તેને જરૂર મોક્ષમાં લઈ જવો, મને અંગીકાર કર્યા પછી સંસારમાં નહિ રહી શકાય ! તેમ જેને આત્માનું પરમ સુખ જોઈતું હોય તેને ઇંદ્રિયસુખ નહિ મળે, ને અતીન્દ્રિય ચૈતન્યસુખ મળ્યા વગર રહેશે નહિ. આવી સુખશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આવી સુખશક્તિવાળા આત્માની પ્રતીત કરે તેને પર્યાયમાં સુખ પ્રગટ્યા વિના રહે નહિ. દ્રવ્ય – ગુણ તો ત્રિકાળ સુખરૂપ થઈ ગઈ. એ રીતે દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણે સુખરૂપ છે. સાધકનું જ્ઞાન અંતર્મુખ થઈને પરિણમ્યું ત્યાં તે જ્ઞાનક્રિયા સાથે આવી સુખશક્તિ પણ ઊછળે છે.

(પાંચમી સુખશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.)

# ૬ વીર્ય શક્તિ

**વીર્યશક્તિ એટલે નિજસ્વરૂપને રચવાનું સામર્થ્ય; આત્મામાં અનંત સ્વભાવસામર્થ્ય છે તેને જો ન ઓળખે તો તે સામર્થ્ય પ્રગટશે ક્યાંથી ? હે જીવ ! તારા કેવળજ્ઞાનાદિ સ્વરૂપની રચના કરવાનું સામર્થ્ય તારામાં ભર્યું છે, તે સામર્થ્યની સંભાળ કરતાં જ તારા પર્યાયમાં સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની રચના થશે.**

આત્મામાં અનંત શક્તિઓ છે; તેમાંથી જીવત્વશક્તિ, ચિતિશક્તિ, દૃશિશક્તિ, જ્ઞાનશક્તિ અને સુખશક્તિનું વર્ણન કર્યું. હવે છઠ્ઠી વીર્યશક્તિનું વર્ણન કરે છે. પોતાના સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીયશક્તિ છે.. આ વીર્યશક્તિએ આખી ચૈતન્યવસ્તુને સ્વરૂપમાં ટકાવી રાખી છે. વીર્યશકિત દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં રહેલી છે. પર્યાયમાં પણ પોતાની રચનાનું સામર્થ્ય છે. વસ્તુના અનંત ગુણો છે તે બધાય નિજ નિજ સ્વરૂપે અનાદિઅનંત ટકી રહ્યા છે. જ્ઞાન અનાદિઅનંત જ્ઞાનરૂપે ટકી રહે છે, સુખ અનાદિઅનંત સુખરૂપે ટકી રહે છે, અસ્તિત્વ અનાદિઅનંત અસ્તિત્વપણે ટકી રહે છે, – એવું દરેક ગુણનું સામર્થ્ય છે. જેમ ગુણ અનાદિઅનંત નિજસ્વરૂપે ટકી રહે છે એવુ ગુણવીર્ય છે તેમ અનાદિઅનંત પર્યાયોમાં દરેક પર્યાય પોતપોતાના સ્વરૂપમાં પોતપોતાના સ્થાને એકેક સમયના સત્ તરીકે ટકી રહેલી છે, કોઈ પર્યાય પોતાનું સ્વરૂપ છોડીને આઘી–પાછી થતી નથી એવું એકેક સમયની યર્યાયનું વીર્ય છે.

દ્રવ્ય – ગુણ અને નિર્મળપર્યાય તે આત્માનું સ્વરૂપ છે; તે સ્વરૂપની રચનાના

સામર્થ્યરૂપ વીર્યશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આ શક્તિ નિર્મળ સ્વરૂપને જ રચે છે, રાગની રચના કરે તે ખરેખર આત્મવીર્ય નથી. જો વીર્યશક્તિ રાગને રચતી હોય તો તો સદાય રાગને રચ્યા જ કરે ! તો પછી રાગરહિત મુક્તદશા ક્યારે થાય ? માટે રાગાદિ વિકારની રચના – ઉત્પત્તિ – ગોઠવણ કરે એવું ચૈતન્યની વીર્યશક્તિનું સ્વરૂપ નથી. પરવસ્તુમાં કાંઈ ઊથલપાથલ કરે એવું તો આત્માનું બળ નથી, અને વિકાર કરે એવું પણ ખરેખર આત્માનું બળ નથી, આત્માનું બળ તો પોતાના સ્વરૂપની રચના કરવાનું છે. આત્મામાં એક એવું ચેતનબળ છે કે કોઈ બીજાની સહાય વગર પોતે પોતાના સ્વરૂપની રચના કરે છે. અહીં 'સ્વરૂપની રચના' કરવાનું કહ્યું તેનો અર્થ શું ? કાંઈ સ્વરૂપને નવું બનાવવાનું નથી, પણ આત્માની સત્તા કાયમ નિજસ્વરૂપે ટકી રહે છે તેનું નામ જ સ્વરૂપની રચના છે. આત્મા પોતાના ધર્મોવડે વિકારની કે પરની રચના કરતો નથી, 'હું પરની રચના કરી દઉં' એમ અજ્ઞાની કલ્પે છે તે તેની મૂઢતા છે. શરીરની, મકાનની, વચનની વગેરે કોઈ પણ પરદ્રવ્યની રચના કરવાની તાકાત આત્મામાં છે જ નહિ. અમુક આહારને લેવો ને અમુક આહારને છોડવો – એમ આહારની રચના કરવાનું સામર્થ્ય આત્મામાં નથી; તે બધી જડની ક્રિયાઓ જડ – વીર્યથી એટલે કે પુદ્‌ગલના સામર્થ્યથી થાય છે, આત્માનું કિંચિત્ પણ બળ તેમાં ચાલતું નથી; અને દયા કે હિંસા વગેરે મલિન ભાવને બનાવે એવું પણ ખરેખર આત્માનું સામર્થ્ય નથી. દ્રવ્ય – ગુણ – પર્યાયમય અખંડતત્ત્વને સ્વરૂપમાં ટકાવી રાખે એવી આત્માની વીર્યશક્તિ છે.

અહીં શક્તિ વર્ણન દ્વારા શક્તિમાન આખો આત્મા બતાવવો છે, પ્રતીતિનો - દ્રવ્યદૃષ્ટિનો વિષય બતાવવો છે. આ તો આચાર્યદેવના મહમંત્રો છે. જેમ મોરલીનો મધુર નાદ સાંભળતા સર્પ બહાર નિકળે અને ઝેરને ભૂલીને ડોલવા માંડે, તેમ ચિદાનંદી આત્માના અનંત ગુણોના વર્ણનરૂપી આચાર્યદેવની સુમધુર મોરલીનો નાદ સાંભળતાં ભવ્ય આત્મા જાગૃત થાય છે ને વિકારને ભૂલી જઈને પોતાના સ્વરૂપમાં ડોલી ઊઠે છે કે અહો ! હું તો ત્રિકાળ મારા અનંત ગુણોથી ભરપૂર છું, મારા ગુણો કોઈ બીજાની સહાય વગર મારા પોતાના સ્વભાવસમર્થ્ય ટકી રહ્યાં છે. – આમ પોતાની શક્તિની સંભાળ કરીને આત્મા આનંદમાં ડોલી ઉઠે છે.

આત્માના સ્વરૂપમાં સંસાર છે જ નહિ; વીતરાગદેવની વાણીમાં કહેલો મુનિનો કે સમ્યગ્દૃષ્ટિનો જે વ્યવહાર છે તે વ્યવહારના શુભરાગની રચના કરવાનું આત્મામાં

બળ નથી. જો આત્મામાં રાગને રચવાની શક્તિ હોય તો તે ત્રણેકાળ રાગને રચ્યા જ કરે ! રાગ તો ક્ષણિક છે ને આ વીર્યશક્તિ ત્રિકાળ છે. દરેક આત્મામાં અનંત શક્તિ છે, પણ તેમાં કોઈ પણ શક્તિ એવી નથી કે જે સંસારની રચના કરે. આત્માના સ્વરૂપમાં વિકાર ભર્યો નથી, તો પછી આત્માની શક્તિ વિકારને ક્યાંથી રચે ? જીવ પર્યાયબુદ્ધિમાં જ સંસારની (વિકારની) રચના છે, સ્વભાવબુદ્ધિમાં સંસારની રચના નથી. અહીં સ્વભાવદૃષ્ટિથી ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે. આત્માની એવી થનગણાટ કરતી વીર્યશક્તિ છે કે તે દ્રવ્યદૃષ્ટિથી સ્વરૂપની રચના જ કરે છે, વિકારને તે પોતાના સ્વરૂપમાં સ્વીકારતી જ નથી. આવી સ્વભાવશક્તિને સ્વીકારે તેનું વીર્યબળ સ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ અને તેને પર્યાયમાં પણ નિર્મળ નિર્મળ પર્યાયોની જ રચના થવા માંડે.

અનંતગુણોના પિંડમાં આખા દ્રવ્યને ટકાવી રાખે એવી આત્મવીર્યની શકિત બધા ગુણોમાં વ્યાપક છે, તેથી બધાય ગુણો નિજ સ્વરૂપે જ ટકી રહે છે, કોઈ ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી.

આત્માના અસંખ્ય પ્રદેશો છે, તેમાંનો દરેક પ્રદેશ અનાદિઅનંત નિજસ્વરૂપે રહે છે, કદી એક પ્રદેશ બીજા પ્રદેશરૂપે થઈ જતો નથી, અસંખ્ય પ્રદેશો એમ ને એમ સ્વપ્રદેશપણે બિરાજી રહ્યા છે, – આવું આત્માનું ક્ષેત્રવીર્ય છે.

વળી દરેક ગુણની અનાદિ અનંતકાળની અવસ્થાઓમાં એકેક સમયની અવસ્થાનું વીર્ય સ્વતંત્ર છે, તે અવસ્થાનું વીર્ય જ અવસ્થાની રચના કરે છે. અવસ્થાનું વીર્ય એકેક સમયનું ભિન્નભિન્ન છે, ને દ્રવ્ય – ગુણનું વીર્ય ત્રિકાળ છે.

આ રીતે આત્માની વીયશક્તિ દ્રવ્યના સામર્થ્યને ટકાવે છે, અનંત ગુણોને નિજ નિજ સ્વરૂપે ટકાવે છે અને એકેક સમયના પર્યાયને રચે છે, – એવી સ્વરૂપરચના કરવાનું તેનું સામર્થ્ય છે. પરંતુ આત્મા પોતાના વીર્ય સામર્થ્યવડે પરની રચના કરી શકતો નથી શરીરને ટકાવવું કે ભાષાની રચના કરવી તે આત્માના વીર્યનું કાર્ય નથી. આત્માનું સ્વભાવવીર્ય વિકારને કે જડને રચે નહિ. પર્યાયમાં એક સમય પૂરતી વિકારની યોગ્યતા છે તે આત્મવીર્યનો સ્વભાવ નથી, ત્રિકાળી શક્તિમાં વિકારની યોગ્યતા પણ નથી. આવી સ્વભાવશક્તિની પ્રતીત કરાવવા માટે અહીં વિકારમાં અટકતાં વીર્યને આત્માનું ગણ્યું જ નથી. ચૈતન્યના દ્રવ્ય – ગુણ – પર્યાયની રચના કરે એવું વીર્યશક્તિનું સામર્થ્ય છે, તે દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણે નિર્મળ છે. પહેલાં પોતાના આવા સ્વભાવનો

વિશ્વાસ આવે તો તેના જોરે સાધકદશાનો વિકાસ થાય. વિકારને રચવાનું જ પોતાના વીર્યનું સામર્થ્ય જે માને તેણે તો આખા આત્માને જ વીકારી માન્યો છે. કોઈ પણ વિકારમાં એવી તાકાત નથી કે તે લંબાઈને એક સમય કરતાં વધારે વખત ટકે; કેમ કે આત્માની વીર્યશકિત વિકારની રચના કરતી નથી. અહો, ભગવાન આત્મા વિકારી ભાવની રચના પણ નથી કરતો, તો પછી જગતની સૃષ્ટિની રચના તો કોણ કરે ? કોઈ પણ આત્મા પરની રચના પરની રચના કરે એમ માનવું તે તો મોટી મૂઢતા છે, મહા અધર્મ છે. જેમને અનંત આત્મબળ પ્રગટ્યું છે એવા સિદ્ધ ભગવાનમાં પણ પરની રચના કરવાનું સામર્થ્ય બિલકુલ નથી. પોતાનાં સ્વરૂપની રચના કરવાનું પૂરેપૂરું સામર્થ્ય છે ને પરની રચના કરવાનું જરા પણ સામર્થ્ય નથી – એમ અસ્તિ નાસ્તિ છે. છ દ્રવ્યમય આ સૃષ્ટિ સ્વયંસિદ્ધ છે, કોઈ તેનો રચનાર નથી. અજ્ઞાની લોકો પરને જગતનો રચનાર માને છે પણ અહીં તો કહે છે કે દરેક આત્મા પોતે જ પોતાની રચના રચનારો ધણી છે, સ્વરૂપની રચના રચનારી આ વીયશક્તિ છે. આત્મા પોતે જ પોતાના દ્રવ્યગુણ – પર્યાયની રચના વીર્યશક્તિવડે કરે છે, એ સિવાય કોઈ ઈશ્વર કે નિમિત્તો આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાયની રચના કરનારા નથી. આવી વીર્યશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આવી અનંત શક્તિઓથી અભેદરૂપ આત્માને પ્રતીતમાં લેવો તે પ્રથમ ધર્મ છે.

❋ ❋ ❋

જ્ઞાન, સુખ, વીર્ય વગેરે અનંત ગુણો આત્મામાં છે; તે બધા ગુણોનો આધાર આત્મા જ છે, કોઈ રાગ કે શરીરાદિના આધારે તે ગુણો રહેલા નથી અને એકલા પર્યાયના આધારે પણ રહેલા નથી. જેમ તે શક્તિઓ ટકવા માટે કોઈ બીજાના આધાર રાખતી નથી તેમ પરિણમવા માટે પણ કોઈ બીજાનો આધાર રાખતી નથી. અહીં આત્માની શક્તિઓના વર્ણનમાં પરની અને વિકારની ઉપેક્ષા છે.

આત્મામાં 'વીર્ય' નામની શક્તિ ત્રિકાળ છે; વીર્ય એટલે આત્મબળ, તે આત્માના જ આધારે છે. શરીર નિર્બળ હોય કે બળવાન હોય તે આત્મશક્તિનું કાર્ય નથી, શરીરથી તો આત્માની શક્તિઓ અત્યંત જુદી છે. વર્તમાન અવસ્થાની રચના થાય તેમાં તે અવસ્થાનું સ્વતંત્ર સામર્થ્ય છે, અવસ્થાની રચના કરે એવું અવસ્થાનું વીર્ય છે, ત્રિકાળી વીયશક્તિ વર્તમાન પરિણમનમાં જ વર્તમાન અવસ્થાની રચના કરવાનું સામર્થ્ય છે.

જે આમ સ્વીકારે તેની દૃષ્ટિ ત્રિકાળીતત્ત્વ ઉપર જાય છે કેમકે વીર્યશક્તિ એકલી પર્યાય જેટલી નથી પણ દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં રહેલી છે.

વીર્યશક્તિ કહો કે પુરુષાર્થ કહો, તે એક જ છે. આત્માના દરેકે દરેકે પર્યાયમાં પુરુષાર્થનું પરિણમન ભેગું જ છે. પુરુષાર્થ વગરનો આત્મા એક સમય પણ હોતો નથી.

કોઈ એમ કહે કે 'જૈનો તે સર્વજ્ઞને માને છે તેથી તેમાં પુરુષાર્થ નથી; કેમ કે સર્વજ્ઞભગવાને જોયું હશે ત્યારે મોક્ષ થશે, માટે મોક્ષમાર્ગમાં જીવનો પુરુષાર્થ નથી' – તો તે મિથ્યાદૃષ્ટિ જીવનો ઊંધો તર્ક છે. મોક્ષમાર્ગમાં પુરુષાર્થ નથી એમ જે કહે છે તેણે મોક્ષમાર્ગમાં આત્મા જ નથી – એમ માન્યું. કેમ કે જ્યાં પુરુષાર્થ નથી ત્યાં આત્મા જ નથી. અનંત શક્તિમાંથી એક પણ શક્તિને જો ન માને તો તેણે આત્માને જ માન્યો નથી. એક શક્તિનો નિષેધ કરતાં શક્તિમાન્ એવા આખા આત્માનો જ નિષેધ થઈ જાય છે. જો વીર્ય – પુરુષાર્થ ન હોય તો મોક્ષમાર્ગની રચના કોણ કરે ? સ્વરૂપની રચનાનું સામર્થ્ય તો વીયશક્તિમાં છે. વળી જે પુરુષાર્થને નથી માનતો તેણે ખરેખર સર્વજ્ઞને પણ નથી માન્યા; કેમ કે સર્વજ્ઞભગવાને તો મોક્ષમાર્ગમાં પુરુષાર્થનું પરિણમન પણ ભેગું જ જોયું છે, તેને જે ન માને તેણે સર્વજ્ઞનાં જ્ઞાનને ખરેખર કબૂલ્યું જ નથી, સર્વજ્ઞદેવની 'સર્વજ્ઞતા'નો નિર્ણય કરનારા પોતાના પર્યાયમાં પણ અનંતો સમ્યક્પુરુષાર્થ રહેલો છે. જે જીવને પોતાનો સમ્યક્પુરુષાર્થ એવા પોતાના આત્માને પણ તેણે કબૂલ્યો નથી, તે તો નાસ્તિક જેવો મિથ્યાદૃષ્ટિ છે.

વળી, બહારમાં સારી સામ્રગી મળે કે સારા નિમિત્તો મળે તો મારો પુરુષાર્થ જાગે – એવી જેની બુદ્ધિ છે તેણે વીર્યશક્તિને આત્માની નથી માની પણ પરના આશ્રયે માની છે. અહીં આચાર્યભગવાન કહે છે કે હે જીવ ! તારી અનંતીશક્તિઓ તારા આત્માના જ આશ્રયે પરિણમી રહી છે, માટે તું તારા આત્મા સામે જ જો. આત્માની સન્મુખ જોતાં તારી બધી શક્તિઓ નિર્મળપણે ખીલી જશે.

આત્માની વીર્યશક્તિનો સ્વભાવ એવો છે કે તે સ્વરૂપની જ રચના કરે છે, વિકારની રચના કરતી નથી. આત્માની સ્વરૂપઅવસ્થાની રચના કોઈ પર કરી શકે નહિ અને આત્મા કોઈ પરની રચના કરી શકે નહિ. એક સમય પૂરતો વિકાર તે તો કૃત્રિમ અટકતો ભાવ છે, વિકારની ઉત્પત્તિ કરે એવું વીર્યશક્તિનું સ્વરૂપ નથી. જો કે રાગદ્વેષમાં અટકે છે તે પણ આત્માનું વીર્ય છે પણ તે વિકાર જેટલી જ વીયશક્તિ નથી; વીર્યશક્તિ

ત્રિકાળ છે, તે ત્રિકાળની દૃષ્ટિમાં એક સમયના વિકારનો અભાવ છે, માટે અહીં વિકારમાં અટકે તેને આત્મવીર્ય ગણ્યું નથી, વિકારને પણ આત્મા ગણ્યો નથી; દ્રવ્ય – ગુણ અને તેમાં અભેદ થયેલી નિર્મળ પરિણતિ તેને જ અહીં આત્મા ગણ્યો છે.

આત્માની વીર્યશક્તિ પોતાના દ્રવ્ય – ગુણ – પર્યાયને નિજ સ્વરૂપમાં ટકાવી રાખે છે. પોતાનું જીવત્વ, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ, પ્રભુત્વ વગેરેની રચના કરે – તેને પામે – પ્રગટ કરે – સરજે તે વીયશક્તિનું કાર્ય છે. આત્મા પોતાના વીર્યગુણથી પોતાની સૃષ્ટિને સરજે છે, પણ પરની સૃષ્ટિનો સરજનહાર આત્મા નથી ને આત્માની સૃષ્ટિનો સરજનહાર પર નથી.

વીર્યશક્તિ આત્માના બધા ગુણોમાં વ્યાપક છે તેથી આત્માનો દરેક ગુણ પોતે પોતાના પર્યાયને સમજવામાં સામર્થ્ય છે. દેવ – ગુરુ – શાસ્ત્ર વગેરે કોઈ નિમિત્તો આવીને આત્માના પર્યાયને સર્જે એ વાત તો દૂર રહો, પુણ્યવડે આત્માનો નિર્મળપર્યાય સર્જાય એ વાત પણ દૂર રહો. પરંતુ આત્માનો એક ગુણ પણ બીજા ગુણના પર્યાયને સર્જતો નથી, દરેક ગુણ પોતે જ પોતાના પર્યાયને સર્જે છે. શ્રદ્ધાગુણના આશ્રયે શ્રદ્ધાના પર્યાય સર્જાય છે, જ્ઞાનગુણના આશ્રયે જ્ઞાનના પર્યાય સર્જાય છે, ચારિત્રના આશ્રયે ચારિત્રના પર્યાય સર્જાય છે. અખંડ આત્માના આશ્રયે બધા ગુણોના નિર્મળપર્યાય એક સાથે રચાતા જાય છે. એ સિવાય મંદ કષાયથી અર્થાત્ વ્રત – ભક્તિ વગેરેના શુભ પરિણામથી સમ્યક્શ્રદ્ધા વગેરે પર્યાયની રચના થતી નથી.

આત્મા વીર્યશક્તિથી પોતે સ્વતંત્રપણે પોતાનાં સ્વરૂપની રચના કરે છે; સ્વરૂપની રચના કરવા માટે કોઈ વિકલ્પનો કે દિવ્યધ્વનિના ઉપદેશનો આશ્રય તેને નથી. પરને લઈને પર્યાય ખીલે એવો આત્માનો સ્વભાવ જ નથી. પોતાના પર્યાય ખીલવા માટે જેણે પરનો આશ્રય માન્યો છે તે મિથ્યાદૃષ્ટિ છે, ને તેની તે પરાશ્રયની માન્યતા જ સંસારનું મૂળ કારણ છે. ત્રિકાળી શક્તિના આશ્રયપૂર્વક એકેક સમયના પર્યાય તે તે કાળના સ્વતંત્ર વીર્યસામર્થ્યથી પરિણમી રહી છે, તેને કોઈ પરની તો અપેક્ષા નથી ને પોતાના પૂર્વપર્યાયની અપેક્ષા પણ નથી. અહો ! નિરપેક્ષ સ્વતંત્ર વીર્ય સમયે સમયે આત્મામાં ઊછળી રહ્યું છે. જો આવી પોતાની શક્તિને ઓળખે તો પોતાના પર્યાયની રચના માટે પરાશ્રયની બુદ્ધિ છૂટી જાય, એટલે સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ – નિર્મળ પર્યાયની રચના થાય, તેનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

આત્મા પરનું કરે એ વાત તો અહીં નથી ને પરનું ન કરે એ વાત પણ અત્યારે નથી, કેમકે આત્માના સ્વભાવ તરફ વળ્યો ત્યાં પર સામે લક્ષ જ નથી. વળી સ્વભાવદૃષ્ટિમાં આત્મા રાગને કરે એ વાત તો નથી અને આત્મા રાગને ટાળે એ વાત પણ નથી; કેમ કે સ્વભાવદૃષ્ટિથી જોતાં આત્મામાં રાગ છે જ નહિ, તેથી તેને ટાળવાનું પણ ક્યાં રહ્યું ? આવી સ્વભાવદૃષ્ટિ કરવી તે જ વીતરાગતાનું મુળ છે. રાગની રચના કરે એવો તો આત્માનો સ્વભાવ નથી અને તે રાગને ટાળવા ઉપર પણ લક્ષ નથી, ફકત સ્વરૂપમાં જ લક્ષ છે, સ્વરૂપના લક્ષે વીતરાગી પર્યાયની રચના થઈ જાય છે. વસ્તુસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ અવસ્થાની રચના કરે એવું આત્માનું સામર્થ્ય છે. 'આત્મા' જ તેને કહ્યો કે જેના સામર્થ્યથી નિર્મળ સ્વરૂપની જ ઉત્પત્તિ થાય, જેનાથી વિકારની ઉત્પત્તિ થાય તેને આત્મા કહેતાં નથી. જો આત્મસ્વરૂપ પોતે રાગની ઉત્પત્તિ કરે તો તો રાગ કદી ટળી જ ન શકે, અને જો પરની રચના કરવાની તેનામાં તાકાત હોય તો તે પરથી કદી જુદું પડી શકે નહિ. જે જેની રચના – ઉત્પત્તિ કરે તે તેનાથી જુદો રહી શકે નહિં. રાગનો ઉત્પન્નકર્તાત્ત આત્મા રાગનો ટાળનાર હોય તો રાગને સદાય ટાળ્યા જ કરે એટલે કે સદાય રાગ ઉપર જ લક્ષ રહ્યા કરે, રાગરહિત સ્વરૂપમાં કદી વળી શકે નહિ. 'હું રાગને ટાળું' એવી જેની બુદ્ધિ છે તેનું લક્ષ રાગ ઉપર છે પણ આત્મસ્વભાવ ઉપર તેનું લક્ષ નથી. અહીં તો સર્વતઃ વિશુદ્ધ આત્માની જ અસ્તિ છે, એ સિવાય બીજા કોઈ ભાવનો સ્વીકાર તેમાં નથી. અહો ! આત્મા એકલો ભગવાન છે, પોતે જ ચૈતન્ય પરમેશ્વર છે; જીવત્વ, જ્ઞાન, અસ્તિત્વ, પ્રભુત્વ વગેરે અનંત શક્તિઓના અભેદ પિંડની દૃષ્ટિથી, શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણોને સ્વસ્વરૂપમાં પરિણમાવીને સ્વરૂપની રચના કરવાનું તેનું સામર્થ્ય છે.

**પ્રશ્ન** :- શું પહેલેથી જ આવો આત્મા સમજવો ? કે પહેલાં બીજાું કાંઈ કરવું ?

**ઉત્તર** :- જો ધર્મ કરવો હોય – આત્માનું કલ્યાણ કરવું હોય તો પહેલાં જ આવો આત્મા સમજવો, કેમ કે ધર્મ પોતાના આત્મામાંથી જ પ્રગટે છે, ક્યાંય બહારથી પ્રગટતો નથી. ધર્મ કરવા માટે પહેલી જ રીત આ છે, બીજી કોઈ રીત નથી. દેહથી પાર, તથા પાપ અને પુણ્યના અભાવરૂપ અનંત શક્તિપિંડ જ્ઞાયકમૂર્તિ આત્મા છે, તે આત્માના સ્વરૂપની સાચી પ્રતીતિ કરવી તે જ ધર્મની શરૂઆતનો ઉપાય છે.

આત્માના અનંત સ્વભાવસામર્થ્યની ના પાડે, – તેને કબુલે પણ નહિ, તો તે સામર્થ્ય

ક્યાંથી પ્રગટશે ? જ્યાં સત્તા પડી છે તેમાંથી આવશે કે બહારથી ? પરમાત્મપણાની સત્તા પોતામાં ભરી છે તે સત્તાને સ્વીકારીને તેની સન્મુખ થયા વિના પરમાત્મદશા ખીલે નહિ. જગતના બધાય પદાર્થો પોતપોતાના સ્વકાળ પ્રમાણે બદલી રહ્યાં છે, તે તે સમયના તેના સ્વભાવથી જ દરેક પદાર્થ પરિણમી રહ્યો છે; તેમાં ઇંદ્ર પણ શું કરે ને તિર્થંકર પણ શું કરે ? જો આવી વસ્તુસ્થિતિ સમજે તો ક્યાંય પણ પરનો મિથ્યા અહંકાર રહે નહિ, એટલે પરથી ને વિકારથી ઉદાસીન થઈને જ્ઞાયકસ્વરૂપનો ઉત્સાહ જાગ્યા વગર રહે નહીં. અહો ! ક્રમબદ્ધ પર્યાયમાં વસ્તુઓ પરિણમી રહી છે, એ નિર્ણયમાં તો પરમ વીતરાગતા છે, એકલો જ્ઞાયકભાવ જ ઘૂંટાય છે. એ જ્ઞાન અને વીતરાગતાના પુરુષાર્થની અજ્ઞાનીને ગંધ પણ નથી એટલે તે તેને એકાંત નિયતવાદ કહે છે.

સાધકને હજી અવસ્થામાં થોડીક નબળાઈ છે, પરંતુ પરિપૂર્ણ સ્વભાવ સામર્થ્યના સ્વીકારમાં અવસ્થાની નબળાઇનો કે વિકારનો નિષેધ છે. સ્વભાવના સામર્થ્યમાં નબળાઈ કેવી ? સ્વભાવનું સામર્થ્ય કહેવું અને વળી તેમાં નબળાઈ કહેવી તે તો 'મારા મોઢામાં જીભ નથી' એમ બોલવા જેવું થયું ! અહીં તો અખંડ સ્વભાવની દૃષ્ટિમાં પહેલાં શ્રદ્ધા ખીલે ને પછી ચારિત્ર ખીલે – એવા ભેદની પણ મુખ્યતા નથી. પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે એવી વીર્યશક્તિ આત્મામાં ત્રિકાળ છે ને એવી એવી અનંત શક્તિથી અભેદ આત્મા છે, તે આત્માના આશ્રયે જ્ઞાનમાત્રભાવનું પરિણમન થતાં એક સાથે અનંતી શક્તિઓ નિર્મળપણે ખીલી જાય છે. – આવો આત્માનો અનેકાન્ત સ્વભાવ છે.

(અહીં છઠ્ઠી વીયશક્તિનું વર્ણન પૂરું થયું.)

❋ ❋ ❋

# ૭ પ્રભુત્વ શકિત

**આત્માની પ્રભુતાનું અદ્‌ભુત વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે અહો જીવો! તમારી પ્રભુતાની પ્રતીત તો કરો. પ્રભુતાની પ્રતીત કરતાં જ તમારા આત્મામાં સમ્યગ્દર્શનરૂપી સુપ્રભાત ઊગશે.... આત્માની પ્રભુતા બતાવીને સંતો બેસતા વર્ષના `સ્વભાવ – અભિનંદન' આપે છે.**

અનંત ધર્મસ્વરૂપ આત્મામાં 'પ્રભુત્વ' નામની શકિત છે, તેથી અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી આત્મા સદા શોભી રહ્યો છે. જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકતો નથી એવા સ્વાતંત્રથી (સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશકિત આત્મામાં ત્રિકાળ છે. જેમ આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, જીવન વગેરે શકિતઓ છે તેમ આ પ્રભુત્વશકિત પણ છે. આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં પ્રભુતા રહેલી છે. આત્મામાં ક્યાંય પામરતા નથી પણ પ્રભુતા છે; દ્રવ્યમાં પ્રભુત્વ છે, જ્ઞાનાદિ અનંતગુણોમાં પ્રભુત્વ છે ને પર્યાયમાં પણ પ્રભુત્વ છે. દ્રવ્ય, ગુણને પર્યાય ત્રણેની સ્વતંત્રતાથી આત્મા શોભી રહ્યો છે. આત્માના દ્રવ્યની, ગુણની કે પર્યાયની પ્રભુતાના પ્રતાપને ખંડિત કરવા કોઈ સમર્થ નથી. કોઈ નિમિત વગેરે પરવસ્તુથી કે પુણ્યથી આત્મા શોભતો નથી પણ પોતાની અખંડ પ્રભુતાથી જ આત્મા શોભે છે. જેટલા પ્રભુ થયા તે બધાય પોતાના આત્માની પ્રભુતાને જાણી – જાણીને જ થાય છે, પ્રભુતા ક્યાંય બહારમાંથી નથી આવી પામરતામાંથી પ્રભુતા નહિ આવે, પણ આત્મસ્વભાવ ત્રિકાળ પ્રભુતાનો પિંડ છે તેમાંથી જ પ્રભુતા આવશે માટે પહેલાં પોતાની પ્રભુતાનો વિશ્વાસ કરો.

આ વખતે (વીર સં. ૨૪૭૫ના ) સુપ્રભાત – મંગલમાં આ પ્રભુત્વશકિતનું વર્ણન આવ્યું હતું. બેસતા વર્ષે લોકો શરીર – મકાન વગેરે બહારની શોભા કરે છે, પણ અહીં તો અંતરમાં આત્માની શોભાની વાત છે. ઘર વગેરેની શોભામાં આત્માની શોભા નથી પણ પોતાની પ્રભુત્વશકિતથી જ આત્માની અખંડ શોભા છે, આત્માનો પ્રતાપ અખંડ છે.

ચૈતન્ય ભગવાન અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભી રહ્યો છે; જગતના કોઈ નિમિતો કે પ્રતિકૂળ સંયોગો તેની શોભાને નુકશાન કરી શકતા નથી તેમજ કોઈ અનુકૂળ સંયોગો તેની શોભાને સહાય પણ કરતા નથી, તે પોતે પોતાના અખંડિત પ્રતાપથી શોભે છે, એવી પ્રભુતા આત્મામાં ત્રિકાળ છે. દ્રવ્યમાં પ્રભુતા છે, ગુણમાં પ્રભુતા છે ને પર્યાયમાં પણ પ્રભુતા છે. દ્રવ્યગુણની પ્રભુતાના સ્વીકારથી પર્યાયમાં પણ પ્રભુતા પ્રગટી ગઈ છે.

દ્રવ્યદૃષ્ટિથી જોતાં આત્માની પ્રભુતામાં કદી વિકાર થયો જ નથી. પર્યાયમાં એકેક સમયનો વિકાર કરતાં કરતાં અત્યારસુધીનો ગમે તેટલો કાળ ગયો ને ગમે તેટલી મલિનતા થઈ, પરંતુ દ્રવ્યની પ્રભુતાને તોડવા તે કોઈ સમર્થ નથી, દ્રવ્યની પ્રભુતા તો અખંડપણે એવી ને એવી શોભી રહી છે, તેમાં અંશમાત્રખંડ પડ્યો નથી; તેમ જ ગુણનું પ્રભુત્વ પણ એવું ને એવું અખંડિત છે; અને એકેક સમયની પર્યાય પણ પરની અપેક્ષા વગર સ્વાશ્રયે સ્વતંત્રતાથી શોભી રહી છે. આ દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેની પ્રભુતા જયવંત વર્તી રહી છે. પ્રભુત્વશકિત આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં વ્યાપી રહી છે, તેથી આત્મા પોતે પ્રભુ છે.

‘હે પ્રભુ, હે પ્રભુ ! શું કહું .......’ એમ બીજાને પોતાના પ્રભુ કહેવા તે વિનયથી વ્યવહારનું કથન છે; ખરેખર આ આત્માનો પ્રભુ કોઈ બીજો નથી, પોતે જ પોતાની પ્રભુત્વશકિતનો ધણી છે, સ્વતંત્રતાના અખંડ પ્રતાપથી પોતે શોભે છે તેથી પોતે જ પોતાનો પ્રભુ છે. આત્માની પ્રભુતાનો પ્રતાપ એવો અખંડિત છે કે અનંત અનુકૂળ કે પ્રતિકૂળ પરિષહો આવે તોય તેનો પ્રતાપ ખંડિત થતો નથી, અરે ! ક્ષણિક પુણ્ય – પાપની વૃતિથી પણ તેની પ્રભુતાનો પ્રતાપ ખંડિત થતો નથી; કેમ કે આત્માની પ્રભુત્વશકિત તો દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં વ્યાપક છે ને ત્રિકાળ છે, વિકાર કાંઈ દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં વ્યાપતો નથી તેમજ તે ત્રિકાળ નથી, માટે તે

ક્ષણિક વિકારવડે પણ આત્માની પ્રભુતા ખંડિત થઈ જતી નથી. આત્માની આવી પ્રભુતા છે તે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. આવી આત્માની પ્રભુતા જેને બેઠી તેને પર્યાયમાં કેવળજ્ઞાનરૂપી પ્રભુતા પ્રગટ્યા વગર રહે નહિ.

ધર્મી જાણે છે કે મારી પ્રભુતા મારામાં છે, મારી પ્રભુતાથી જ મારી શોભા છે; મારી પ્રભુતાનો પ્રતાપ એવો અખંડિત છે કે ત્રણલોકમાં કોઈ દ્રવ્ય – ગુણ – પર્યાય મારા દ્રવ્ય – ગુણ – પર્યાયની સ્વતંત્રતાની શોભાને લૂંટનાર નથી. મારું પ્રભુત્વ અનાદિઅનંત છે, હું મારી અખંડ સ્વતંત્રતાના પ્રતાપથી શોભી રહ્યો છું. મારા એકેક ગુણમાં પણ પ્રભુત્વ છે, જ્ઞાનમાં જાણવાનું એવું પ્રભુત્વ છે કે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણી લ્યે, શ્રદ્ધામાં પ્રતીતિનું એવું પ્રભુત્વ છે કે એક ક્ષણમાં પરિપૂર્ણ પરમાત્માને પ્રતીતમાં લ્યે, દર્શનમાં દેખવાનું પ્રભુત્વ છે, આનંદમાં આહ્‌લાદનું પ્રભુત્વ છે. એ રીતે જ્ઞાન – શ્રદ્ધા – આનંદ વગેરે ગુણો પોતાના અખંડ પ્રતાપથી શોભી રહ્યા છે. દ્રવ્ય – ગુણની જેમ એકેક સમયના પર્યાયમાં પણ મારી પ્રભુતા છે. પર્યાયમાં અલ્પ રાગદ્વેષ થાય છે તે ગૌણ છે, તેનો ત્રિકાળી આત્મસ્વરૂપમાં અભાવ છે. આત્માની પ્રભુતા કદી અધૂરી કે પરની ઓશિયાળી થઈ જ નથી, તે તો ત્રિકાળ અબાધિત છે, તેનો સ્વાધીન પ્રતાપ અખંડ છે. વિકારમાં તો પ્રભુત્વ જ નથી કેમ કે તે ત્રિકાળી દ્રવ્ય – ગુણમાં કે સમસ્ત પર્યાયમાં વ્યાપતો નથી. આત્માની પ્રભુતા તો ત્રિકાળી દ્રવ્ય – ગુણમાં તેમ જ સમસ્ત પર્યાયોમાં વ્યાપનારી છે.

જેને પોતાની ચૈતન્ય પ્રભુતાનું ભાન નથી એવા અજ્ઞાની જીવો પર સંયોગથી પોતાની મોટપ માને છે ને તે સંયોગ મેળવવાની ભાવના કરે છે. બહારમાં રિદ્ધિ – સિદ્ધિ મળે ને શરીર સારું રહે એવી બહારના પદાર્થોની ભાવના અજ્ઞાની કરે છે પણ પોતે પોતાના સ્વભાવની રિદ્ધિ – સિદ્ધિ અને પ્રભુતાથી ભરેલો છે તેની ઓળખાણ ને ભાવના કરતો નથી. જેણે પોતાના સુખ માટે પર વસ્તુની જરૂર માની તેણે પોતાના આત્માની પ્રભુતા માની નથી પણ પામરતા માની છે, તેથી તેને પર્યાયમાં જે પ્રભુતા પ્રગટી તેના પ્રતાપને ખંડિત કરવા જગતમાં કોઈ ક્ષેત્ર, કોઈ કાળ કે કોઈ સંયોગ સમર્થ નથી.

શ્રદ્ધાના એકેક સમયના પર્યાયમાં એવી ત્રેવડ છે કે આખા પરિપૂર્ણ દ્રવ્યને તે પ્રતીતમાં લઈ લે છે. શ્રદ્ધા – જ્ઞાન – આનંદ વગેરે ગુણોના એકેક પર્યાયે દ્રવ્યની અખંડતાને ટકાવી રાખી છે. જો જ્ઞાન વગેરે કોઈ પણ ગુણનો એક જ પર્યાય કાઢી

નાખો તો ગુણનું અનાદિ – અનંત અખંડપણું રહેતું નથી; અને ગુણ અખંડ ન રહેતાં દ્રવ્ય પણ અખંડ રહેતું નથી; માટે એકેક પર્યાયમાં પણ પ્રભુત્વ છે. દ્રવ્ય અનંતગુણનો પિંડ છે ને ગુણ અનાદિઅનંત પર્યાયોનો પિંડ છે; એટલે દ્રવ્યની પ્રભુતા તેના સમસ્ત ગુણોમાં ને સમસ્ત પર્યાયોમાં ફેલાયેલી છે, તે બધાય સ્વતંત્રતાથી શોભી રહ્યાં છે. આત્માની અનંતશક્તિઓમાંથી જો એક શક્તિને પણ કાઢી નાંખો તો દ્રવ્યની પ્રભુતા ખંડિત થઈ જાય; તેમ જ જ્ઞાન – દર્શન – અસ્તિત્વ વગેરે કોઈ એક ગુણની એક સમયની અવસ્થા કાઢી નાંખો તો પણ ગુણ અનાદિઅનંત અખંડ નથી રહેતો પણ તે ખંડિત થઈ જાય છે. અહીં એકેક સમયના પર્યાયમાં પણ પ્રભુતા સિદ્ધ થાય છે.

પર્યાય એક સમયની જ છે માટે તેને તુચ્છ – અસત્ માને તે તેની પ્રભુતા ન સ્વીકારે તો પર્યાયની પ્રભુતા વગર દ્રવ્યની અખંડ પ્રભુતા જ સિદ્ધ નહિ થાય. જેમ કોઈ માણસ ૧૦૦ વર્ષની ઉંમરનો હોય, તેના ૧૦૦ વર્ષમાંથી એક સમય પણ જો કાઢી નાંખો તો તેનું ૧૦૦ વર્ષનું અખંડપણું નથી રહેતું પણ બે ખંડ પડી જાય છે; તેમ જો દ્રવ્યના એક પણ પર્યાયની સત્તાને કાઢી નાખો તો દ્રવ્યનો પ્રતાપ ખંડિત થઈ જાય છે, પર્યાય વગર આખું દ્રવ્ય જ સિદ્ધ થઈ શકતું નથી. આ રીતે દ્રવ્યના એકેક પર્યાયમાં પણ અખંડ પ્રતાપ છે. – આવી આત્માની પ્રભશક્તિ છે.

આત્માની પ્રભુતા અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલી છે, જેમ એકેક પર્યાયમાં પ્રભુતા છે તેમ એકેક પ્રદેશમાં પણ પ્રભુતા છે, પ્રદેશે પ્રદેશે પ્રભુતા ભરી છે. અનાદિઅનંત એક પ્રદેશ બીજા પ્રદેશરૂપે થતો નથી, બીજા અનંતજીવોના અનંત પ્રદેશોથી ભિન્ન પોતાનું સ્વાધીન અસ્તિત્વ તે ટકાવી રાખે છે – એવી પ્રદેશની પ્રભુતા છે. આત્મામાં પર્યાયની પ્રભુતા અને પ્રદેશની પ્રભુતામાં એટલો ફેર છે કે એક પર્યાય તો આત્માના સર્વક્ષેત્રમાં – બધા પ્રદેશમાં વ્યાપક છે, પણ એક પ્રદેશ સર્વપ્રદેશોમાં વ્યાપક નથી; પર્યાય સર્વપ્રદેશમાં વ્યાપક છે પણ તે એક જ સમય પૂરતી છે, અને એક પ્રદેશ સર્વપ્રદેશમાં વ્યાપક ન હોવા છતાં તે ત્રિકાળ છે. ક્ષેત્ર ભલે નાનું હોય તો પણ તેમાં ય પ્રભુતા છે. ભગવાન આત્માનો કોઈ અંશ પ્રભુતાથી ખાલી નથી. જો પોતાના આત્માની આવી અખંડ પ્રભુતા જાણે તો કોઈ પર વસ્તુને પ્રભુતા ન આપે એટલે કે પરનો આશ્રય ન કરે, પરાશ્રય છોડીને પોતાની પ્રભુતાનો આશ્રય કરે, એનું નામ ધર્મ છે ને એ જ મુક્તિનો ઉપાય છે. આત્માની પ્રભુતાના સ્વીકારમાં સ્વાશ્રયનો સ્વીકાર છે ને સ્વાશ્રયના સ્વીકારમાં મુક્તિ

છે. જો કોઈ નિમિત્ત સંયોગ વગેરે પરના આશ્રયે લાભ માને તો પોતાની પ્રભુતાની પ્રતીત રહેતી નથી, તેમ જ પર્યાયમાં થતા અલ્પ વિકારને પ્રભુતા આપી દે તોપણ પોતાની પ્રભુતાની પ્રતીત રહેતી નથી. સંયોગ અને વિકાર વગરની આત્માની અનંત ગુણોથી શોભિત અખંડ પ્રભુતા છે.

અજ્ઞાની કહે છે કે દ્રવ્ય – ગુણમાં તો સ્વતંત્ર પ્રભુતા છે, પણ પર્યાય પરના આશ્રયે થાય છે. જેણે પર્યાયને પરના આશ્રયે થતો માન્યો છે તેણે ખરેખર દ્રવ્ય – ગુણના સ્વાધીન પ્રભુતાને પણ જાણ્યો નથી. જ્યાં દ્રવ્ય – ગુણની પ્રભુતાને સ્વીકારી ત્યાં પર્યાય પણ દ્રવ્ય –ગુણ તરફ વળી ગયો ને તેમાં પણ પ્રભુતા થઈ ગઈ; આ રીતે દ્રવ્ય – ગુણની સન્મુખ વળ્યાં વિના દ્રવ્ય – ગુણની પ્રભુતાને પણ ખરેખર સ્વીકારી ન કહેવાય. જો ખરેખર દ્રવ્ય – ગુણની પ્રભુતા સ્વીકારે તો પર્યાયનું વલણ પરાશ્રયથી છૂટીને અંતર્મુખ થયા વિના રહે નહિ. જેમ ત્રિકાળી દ્રવ્યગુણ સત્ – અહેતુક છે તેમ એકેક સમયનો પર્યાય પણ સત્ – અહેતુક છે. પર્યાયનું કારણ પરવસ્તુઓ તો નથી, તેમ જ જો પર્યાયનું કારણ દ્રવ્ય – ગુણને કહો તો તે દ્રવ્યગુણ તો બધા જીવોને એક સરખા છે છતાં પર્યાયમાં ફેર કેમ પડે છે ? માટે દરેક પર્યાયમાં પોતાની અકારણીય પ્રભુતા છે. પર્યાયનું આવું નિરપેક્ષપણું કબૂલ કરતાં પર્યાયનું નિર્મળ પરિણમન જ થતું જાય છે; કેમ કે નિરપેક્ષતા કબૂલ કરનારો પર્યાય સ્વદ્રવ્ય તરફ ઝૂકેલો છે. અહો ! દ્રવ્યનો અંશેઅંશ સ્વતંત્ર છે, એકે અંશમાત્ર પણ પરાધીન નથી. – આવી પ્રતીત કરનારને સ્વભાવ – આશ્રિત નિર્મળ પરિણમન જ થઈ રહ્યું છે.

પ્રભુત્વશક્તિએ આખા આત્માને પ્રભુતા આપી છે; એકલા પ્રભુત્વગુણમાં જ પ્રભુતા છે એમ નથી, પણ આખા દ્રવ્યમાં, તેના સમસ્ત ગુણોમાં તેમ જ દરેક પર્યાયમાં પ્રભુતા છે. – આવી પ્રભુતાને જાણવાથી જીવ પોતાના અનંત પ્રભુત્વને પામે છે. આવી પોતાની પ્રભુતાનું શ્રવણ – મંથન કરીને તેનો મહિમા – રુચિ અને તેમાં લીનતા કરવી તે અપૂર્વ મંગળ છે.

સમ્યક્શ્રદ્ધાએ આખા આત્માની પ્રભુતાની પ્રતીત કરી છે, પર્યાયની પ્રભુતાએ આખા દ્રવ્યની પ્રભુતાનો સ્વીકાર કર્યો છે. હવે તે દ્રવ્યના જ લક્ષે એકાગ્ર થઈને પૂર્ણ કેવળજ્ઞાનરૂપી પ્રભુતાના અપ્રતિહતભાવમાં વચ્ચે કોઈ વિઘ્ન કરનાર આ જગતમાં નથી.

આત્માની પ્રભુતા કેવડી હશે ? શું મેરુપર્વત જેવડી હશે ! તો કહે છે કે ના;

મેરુની ઉપમા તો તેને બહુ નાની પડે. ક્ષેત્રની વિશાળતાથી આત્માની પ્રભુતાનું માપ ન નીકળે, એક સમયના પર્યાયમાં અનંતા મેરુને જાણી લ્યે – એવું તેની ભાવપ્રભુતાનું સામર્થ્ય છે. આત્માના એક જ્ઞાનપર્યાય એક સાથે સમસ્ત લોક – અલોકને જાણી લ્યે છતાં હજી અનંતુ જાણે તેવું સામર્થ્ય બાકી રહી જાય છે; એટલે લોકાલોકની ઉપમાથી પણ એક જ્ઞાનપર્યાયના સામર્થ્યનું ય પૂરું માપ નથી નીકળતું, તો આખા આત્માની પ્રભુતાના સામર્થ્યની શું વાત કરવી ? આત્માના એક પર્યાયની આવડી મોટી પ્રભુતાનો જેને વિશ્વાસ અને આદર થયો તે જીવ પોતાના પર્યાયમાં કોઈ પરનો આશ્રય ન માને, રાગનો આદર ન કરે, અપૂર્ણતામાં તેને ઉપાદેય ભાવ ન રહે, તે તો પૂરા સ્વભાવના આશ્રયે પૂરી દશા પ્રગટ કર્યે જ છૂટકો કરે. પૂર્ણધ્યેયને લક્ષમાં લીધા વગરની શરૂઆત સાચી હોય નહિ; કેમ કે પૂણધ્યેય જેના લક્ષમાં નથી આવ્યું તે તો અધૂરી દશાનો ને વિકારો આદર કરીને ત્યાં જ અટકી જશે, તેને પૂર્ણતાનાં લક્ષે શરૂઆત થઈ ગઈ એટલે તેના આત્મામાં સમ્યગ્દર્શનરૂપી પરોઢિયું થયું – અંશે સુપ્રભાત શરૂ થયું, હવે અલ્પકાળમાં સુપ્રભાત થશે ને કેવળજ્ઞાનરૂપી ઝગમગતો સૂર્ય ઊગશે. આચાર્યદેવ કહે છે કે એવું સુપ્રભાત જયવંત વર્તે છે. તે સુપ્રભાત પ્રગટ્યા પછી કદી અસ્ત થતું નથી.

અહો જીવો ! પ્રતીત તો કરો.....તમારી પ્રભુતાની પ્રતીત તો કરો.....તમારા જ્ઞાન સ્વભાવમાં તમારી પ્રભુતા ભરી છે તેનો વિશ્વાસ તો કરો. 'હું એક સમયના વિકાર જેટલો તુચ્છ – પામર નથી પણ મારો આત્મા ત્રણ લોકનો ચૈતન્યનાથ છે, હું જ અનંતશક્તિવાળો પ્રભુ છું' – એમ પોતાની પ્રભુતાનો એવો દૃઢ વિશ્વાસ કરો કે ફરીથી કદી કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગમાં સુખ કે દુઃખની કલ્પના ન થાય અને અખંડ પ્રતાપવંત કેવળજ્ઞાન લેવામાં વચ્ચે વિઘ્ન ન આવે.

અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભાયમાનપણું તે પ્રભુતાનું લક્ષણ છે. આત્મામાં એવો અખંડ પ્રતાપ છે કે અનંતી પ્રતિકૂળતાના ગંજ આવી પડે તોય પોતાની પ્રભુતાને તે ન છોડે, કોઈને આધીન થઈ જાય એવો તેનો સ્વભાવ નથી; તેને કોઈ પરની ઓશિયાળ ન કરવી પડે, કોઈના ઓજસમાં – પ્રભાવમાં તે અંજાઈ ન જાય, કોઈથી ભય ન પામે, – આવી સ્વાધીન પ્રભુતાથી આત્મા શોભી રહ્યો છે. આત્માના સ્વભાવ કરતાં મોટો કોઈ જગતમાં છે જ નહિ તો તેને કોનો ભય ? જે જીવ કલ્પના કરીને રાગથી કે સંયોગથી પોતાની પ્રભુતાને ખંડિત માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને અહીં આચાર્યદેવ

તેની અખંડ પ્રભુતા બતાવે છે.

આત્માની પ્રભુતા આત્મામાં છે ને જડની પ્રભુતા જડમાં છે, એકેક પરમાણુમાં તેની પ્રભુતા છે. કોઈ કોઈની પ્રભુતાને ખંડિત કરતા નથી. અજ્ઞાનીઓ એમ કહે છે કે જગતના જડ – ચેતનમાં સર્વત્ર એક પ્રભુ રહેલો છે, – તેની વાત તો મિથ્યા છે; અહીં તો કહે છે કે ચેતનમાં ને જડમાં – બધા પદાર્થોમાં પોતપોતાની પ્રભુતા રહેલી છે. આત્માની ક્રિયા આત્માની પ્રભુતાથી થાય છે ને જડની ક્રિયા જડની પ્રભુતાથી થાય છે. કોઈની પ્રભુતા બીજામાં ચાલતી નથી. જેમ અન્યમતિ એમ માને છે કે ઈશ્વરે જગતને બનાવ્યું તેમ જૈનમતમાં રહેલા પણ કોઈ એમ માને કે મેં પર જીવને બચાવ્યો, – તો તે બંને જીવો પ્રભુતાની પ્રતીત વગરના મિથ્યાદૃષ્ટિ છે. અહો ! દરેક દ્રવ્ય પોતપોતાની પ્રભુતામાં સ્વતંત્રતાથી શોભી રહ્યું છે. અહીં તો જીવની પોતાની પ્રભુતાની વાત છે. પોતાની પ્રભુતાને ચૂકીને પરનો આશ્રય માનવો તેમાં જીવની શોભા નથી. રાગાદિથી જીવની શોભા નથી. જીવની શોભા પોતાની પ્રભુત્વશક્તિથી છે. તે પ્રભુતાની પ્રતીત કરવી તે જ ધર્મ છે. પ્રભુતાશક્તિને માનતાં અખંડ આત્મા પ્રતીતમાં આવે છે, તેજ ધર્મીની દૃષ્ટિમાં ઉપાદેય છે. જુઓ ! આ સ્વતંત્રતાનો ઢંઢેરો છે, સ્વતંત્રતાનો ઢંઢેરો એકેક આત્માને પ્રભુ જાહેર કરે છે.

પરમેશ્વર ક્યાં રહે છે ?... પ્રભુને ક્યાં શોધવો ? – તો કહે છે કે તારો પ્રભુ તું જ છો, તારો પ્રભુ તારાથી બહાર બીજે ક્યાંય નથી; તારા આત્મામાં જ પ્રભુશક્તિ છે તેથી આત્મા પોતે જ પરમેશ્વર છે. અંતર્મુખ નજર કરીને તેનો વિશ્વાસ કર !

જેમ સૂર્ય અને અંધકાર કદી એક થતા નથી અને સૂર્ય અને પ્રકાશ કદી જુદા નથી; તેમ ભગવાન ચૈતન્યસૂર્ય રાગાદિ અંધકાર સાથે કદી એક થતો નથી ને પોતાના જ્ઞાનપ્રકાશથી તે કદી જુદો નથી. – આવા આત્માની શ્રદ્ધા કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન છે.

જુઓ તો ખરા, એકેક શક્તિનાં વર્ણનમાં આચાર્ય ભગવાને કેટલા ગંભીર ભાવો ભરી દીધા છે. આ એક જ શક્તિમાં પ્રતાપ....અખંડતા...સ્વતંત્રતા...શોભા અને પ્રભુતા...એવા પાંચ બોલ મૂકીને આત્માને પ્રભુ તરીકે વર્ણવ્યો છે.

બધા આત્મામાં પ્રભુત્વશક્તિ સરખી છે. જેમ ઘઉંનો ઢગલો પડ્યો હોય તેમાં દરેક દાણો જુદો છે પણ ઘઉંની જાત એક જ છે; અને તેને પીસીને લોટ કરતાં બધા દાણામાંથી

ઘઉંનો લોટ જ થાય, કોઈ ઘઉંમાંથી બાજરાનો લોટ કે ધૂળ ન થાય. તેમ વિશ્વમાં અનંતા આત્માઓનો ગંજ પડ્યો છે, તેમાં દરેક આત્મા જુદો છે, દરેક આત્મામાં પોતપોતાની ચૈતન્યપ્રભુતા ભરી છે; તેને પીસીને લોટ કરતાં એટલે કે પ્રતીત કરીને પરિણમન કરતાં એક સાથે અનંત ગુણોની પ્રભુતાનું પરિણમન થાય છે, પણ આત્માની પ્રભુતા પરિણમીને તેમાંથી રાગ નીકળે – એવું તેનું સ્વરૂપ નથી.

અહો ! ધર્મી જાણે છે કે મારી સ્વાધીન પ્રભુત્વશક્તિ અનાદિઅનંત છે; મારી પ્રભુતાને કોઈ બીજાની જરૂર નથી તેમજ કર્મ વગેરેથી તે ખંડિત થતી નથી; ગમે તેવા રોગ – તૃષા વગેરે અનંત પ્રતિકૂળતા આવે છતાં મારી પ્રભુતાના એક અંશને પણ કોઈ ખંડિત કરી શકે તેમ નથી. અધર્મી જીવ એમ માને છે કે અરેરે ! હું પામર અને પરાધીન છું, પરંતુ તે વખતે ય તેની પ્રભુતા તો તેનામાં પડી જ છે પણ તેને તેની પ્રતીત નથી તેથી તેનું નિર્મળ પરિણમન થતું નથી. પ્રભુતાને ભૂલીને એકાંત પામરતા માની તે એકાંત મિથ્યાત્વ છે. શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહે છે કે ‘સમકિતી પોતાના આત્માને તૃણ – સમાન સમજે છે’ ત્યાં પ્રભુતાની પ્રતીત સહિત પર્યાયના વિવેકની વાત છે; અહો ! ક્યાં દિવ્ય કેવળજ્ઞાન ! અને ક્યાં મારી અલ્પજ્ઞતા ! એમ વિવેક કરીને દ્રવ્યના આશ્રયે પૂર્ણ પર્યાય પ્રગટ કરવાની ભાવના ભાવે છે. જો એકલી પામરતા જ માનશે અને પ્રભુતા નહિ ઓળખે, તો પામરતા ટળીને આવશે શેમાંથી ?

પોતાને રાગવાળો કે દેહાદિવાળો માનતાં પોતાની પ્રભુતાનું અપમાન થાય છે તેનું અજ્ઞાનીને ભાન નથી એટલે બહારમાં કોઈ અપમાન કરે ત્યાં ‘મારું નાક કપાણુ’ એમ પોતાનું અપમાન માને છે, તેમ જ બહારની અનુકૂળતાથી પોતાની મોટાઈ માને છે, તે દેહદૃષ્ટિ – બહિરાત્મા છે. અંતરાત્મા ધર્મી જીવ તો એવો નિઃશંક છે કે બહારમાં કોઈ અપમાન કરે કે શરીર છેદાય તો પણ મારી પ્રભુતાને તોડવાની કોઈની તાકાત નથી; મારા સ્વભાવમાં શ્રદ્ધાનું, જ્ઞાનનું, અસ્તિત્વનું, જીવનનું, સુખનું – વગરે અનંત ગુણનું પ્રભુત્વ છે તેની એક કોરને પણ ખંડિત કરવા કોઈ સમર્થ નથી.

લ્યો, આ બેસતા વર્ષના સ્વભાવ – અભિનંદન ! લૌકિકમાં ‘તમને લક્ષ્મી વગેરે મળો’ એમ કહીને અભિનંદન આપે છે, તે ખરા અભિનંદન નથી; અહીં તો ‘તારા આત્મામાં ત્રિકાળ પ્રભુતા છે’ એમ કહીને શ્રી આચાર્યદેવ પ્રભુતાના અભિનંદન આપે છે, – આત્માને તેની પ્રભુતાનો ભેટો કરાવે છે.

અખંડ પ્રતાપવાળી પ્રભુતાથી આત્મા સદાય શોભી રહ્યો છે, પંચમકાળે પણ તેની પ્રભુતા ખંડિત થઈ નથી. કોઈ કહે : અત્યારે અહીં કેવળજ્ઞાન અને મનઃપર્યય જ્ઞાનનો તો વિચ્છેદ છે ને ? તો આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ ! આત્માની સ્વભાવ – પ્રભુતાનો અંશમાત્ર વિચ્છેદ થયો નથી, તે સ્વભાવ પાસે પર્યાયની મુખ્યતા કરે છે જ કોણ ? સાધક તો પોતાના સ્વભાવને મુખ્ય કરીને કહે છે કે અહો ! મારી પ્રભુતા એવી ને એવી વિદ્યમાન છે. આત્મા પોતે અખંડિત જ્ઞાનપ્રકાશથી મંડિત એવો પંડિત છે. અખંડિત આત્માની પ્રભુતામાં જે પ્રવીણ હોય તે જ સાચો પંડિત છે. કેવળજ્ઞાન અને સિદ્ધપદ પ્રગટવાની તાકાત આત્મામાં સદાય ભરી છે. કેવળજ્ઞાન તો પર્યાય છે, તેને પ્રગટ કરવાની અખંડ તાકાત આત્મામાં ભરી છે. આવા અખંડિત પ્રતાપવાળા સ્વાતંત્ર્યથી શોભિત આત્માની પ્રભુતા છે.

આત્માની પ્રભુતામાં કદી ખામી નથી;<br>
શોભામાં અશોભા નથી;<br>
અખંડ પ્રતાપમાં ખંડ નથી;<br>
ને સ્વાતંત્ર્યમાં પરાધીનતા નથી.

આત્માની સ્વતંત્રતાનો પ્રતાપ અખંડિત છે, તે કોઈથી ખંડિત કરી શકાતો નથી. ઘાતીકર્મોથી પણ આત્માનો પ્રતાપ હણાતો નથી; પૂર્વના ઘણાં પાપો વર્તમાન પર્યાયના પ્રતાપને ખંડિત કરતા નથી, – એવી પર્યાયની સ્વતંત્ર પ્રભુતા છે.

શ્રી તીર્થંકરો એમ કહે છે કે જેવા અમે તેવો તું. કોઈ વાત ન સમજાય એવું તારા જ્ઞાનસ્વરૂપમાં છે જ નહિ, બધું જ સમજવાની તારા જ્ઞાનની તાકાત છે. જો કાંઈ પણ ન સમજાય તેવું હોય તો તો જ્ઞાનનો પ્રતાપ ખંડિત થઈ જાય. માટે હે જીવ ! તું વિશ્વાસ કર કે મારા જ્ઞાનમાં કેવળજ્ઞાન જેટલી પૂરી તાકાત ભરી છે. તું તારામાં ને મારામાં ભેદ ન પાડ. જેણે આત્માની પ્રભુતા ભૂલીને તીર્થંકરને મોટપ આપી તે પોતાની પ્રભુતા લાવશે ક્યાંથી ? – અને ખરેખર તેણે તિર્થંકરની પ્રભુતા પણ ઓળખી નથી.

**'દીન ભયો પ્રભુ પદ જપે રે, મુક્તિ કહાંસે હોય ?'**

પોતે દીન થઈને પારકાની પ્રભુતાને જપ્યા કરે, પણ પોતે પોતાની પ્રભુતાને ન સ્વીકારે તો મુક્તિ ક્યાંથી થાય ? જેવા સિદ્ધ તેવો જ હું, સિદ્ધમાં અને મારામાં કાંઈ ફેર નથી – એમ પોતાની પરમાત્મ શક્તિનો વિશ્વાસ અને ઉલ્લાસ આવ્યા વિના મુક્તિ થવી હરામ

છે. જો લાકડાને કે મડદાને ધર્મ થાય તો દેહની ક્રિયાથી ધર્મ થાય ! જો દેહની ક્રિયાથી ધર્મ થતો હોય તો તો સૌથી પહેલાં દેહને જ ધર્મ અને મુક્તિ થાય ! દેહ તો જડ છે, તેમાં ચૈતન્યનો ધર્મ છે જ નહિ, તો તેની ક્રિયાવડે આત્માને ધર્મનો લાભ ક્યાંથી થાય ? 'मूलं नास्ति कुत: शाखा ?'આત્મા પોતે અનંત ધર્મોનો ભંડાર છે, તેની જ ક્રિયાથી એટલે કે તેના આશ્રયે પરિણમનથી જ ધર્મ થાય છે.

ધર્મીને પ્રભુતાથી ભરેલા પોતાના આત્મા ઉપર દૃષ્ટિ છે, તેનો જ મહિમા, તેની જ રુચિ અને તેની જ મુખ્યતા છે, તેની મુખ્યતાનો ભાવ છૂટીને કદી બીજાનો મહિમા આવતો નથી. અજ્ઞાની જીવ એક સમયના વિકાર જેટલો જ આખો આત્મા માને છે, મારામાં પ્રભુતા નથી પણ હું તો પામર છું એમ તે માને છે એટલે પોતાની પ્રભુતાને ચૂકીને પરને પ્રભુતા આપી – આપીને તે સંસારમાં રખડે છે. આચાર્યદેવ સમજાવે છે કે અહો ! આત્મામાં ત્રિકાળ પોતાની પ્રભુતા છે, સિદ્ધ ભગવાન જેવી જ આત્માની પ્રભુતા છે તેમાં જરાય ફેર નથી. હે ભાઈ ! જે પ્રભુતા તું બીજાને આપે છે તે પ્રભુતા તો તારામાં જ ભરી છે; માટે બહારમાં જોઈને પરનો મહિમા કરવા કરતાં તારા અંતરમાં જ સિદ્ધપણાની તાકાત ભરી છે તેનો વિશ્વાસ અને મહિમા કર. તારો પ્રભુ તું જ છો, કોઈ બીજો તારો પ્રભુ નથી. આત્મામાં અંતર્મુખ થઈને પ્રતીત કરે કે હું જ મારો પ્રભુ છું; મારા સ્વભાવ સિવાય બીજા કોઈની પ્રભુતા મારામાં નથી; મારામાં રાગની કે એકલા પર્યાયની પણ પ્રભુતા નથી. ત્રિકાળ અખંડસ્વભાવવાળો મારો આત્મા જ સ્વતંત્રતાથી શોભિત પ્રભુ છે. – જુઓ, આનું નામ સ્વતંત્રતા અને સ્વરાજ્ય છે; આ સિવાય બીજું બધું થોથેથોથાં છે.

* કોઈ કહે કે અરે ! દેશ પરાધીન...નેતાઓ જેલમાં...છતાં કહેવું કે આત્મા સ્વાધીન...એ કઈ રીતે ? તો કહે છે કે અરે ભાઇ ! આત્માને બહારની પરાધીનતા છે જ ક્યાં ? આત્માને કોઈ રાજા પરાધીન કરી શકે નહિ, મોંઘવારીથી આત્મા પરાધીન થાય નહિ, ગમે તેટલી પ્રતિકૂળતામાં ય સ્વાધીન શાંતિને છોડે નહિ એવો આત્માનો સ્વભાવ છે. રાજા ભલે જેલમાં પૂરે પણ જેલમાં બેઠો બેઠો આત્માના ધ્યાનની શ્રેણી માંડે તો અંદર કોણ રોકનારું છે ? સ્વભાવનો આશ્રય કરીને જ નિર્મળ પ્રભુતા પ્રગટી તેના પ્રતાપને ખંડિત કરનાર જગતમાં કોઈ સંયોગ છે જ નહિ.

આત્મા દ્રવ્યદૃષ્ટિએ સ્વાધીન છે ને પર્યાયદૃષ્ટિએ પરાધીન છે – એમ સમયસાર નાટકમાં કહ્યું છે, ત્યાં એમ નથી કહ્યું કે ધર્મ જીવને પરાણે પરાધીન કરે છે; પરંતુ અજ્ઞાની

* ઈ.સ.૧૯૪૪માં થયેલા છઠ્ઠી વખતના સમયસાર–પ્રવચનોનો આ ભાગ છે.

જીવ પોતાની પ્રભુતાને ભૂલીને સ્વભાવની આધીનતા ચૂક્યો તેથી પર્યાયદૃષ્ટિમાં તે પરાધીન થયો છે, એમ ત્યાં કહ્યું છે. પરંતુ આ શક્તિઓનાં વર્ણનમાં તો 'આત્મા પોતે પોતાની મેળે પરાધીન થયો છે' એ વાત પણ નથી. અહીં તો સાધકની વાત છે; સાધક જીવ આત્માની પ્રભુતામાં પરાધીનતાને ભાળતો જ નથી. પોતાની પ્રભુતાની સંભાળ કરીને સાધક કહે છે કે મારા શાંતિ પરિણામને ફેરવવા ત્રણકાળ ત્રણલોકમાં કોઈ સમર્થ નથી; મારી પ્રભુત્વશક્તિ સ્વાધીન છે, જગતનો કોઈ સંયોગ મારી પ્રભુતાને તોડવા સમર્થ નથી. મારા સ્વરૂપમાં પરાધીનતા નથી, સંયોગથી પરાધીનતા નથી ને પરિણતિ સંયોગથી ખસીને સ્વરૂપમાં અભેદ થઈ તેમાં પણ પરાધીનતા નથી, – એ રીતે સાધકને ક્યાંય પરાધીનતા છે જ નહિ.

જ્ઞાનીની દૃષ્ટિ આત્માના ત્રિકાળી અખંડ પ્રતાપ ઉપર છે, તેમાં અપૂર્ણતાનો ને વિકારનો તો નિષેધ છે જ, નિષેધ કરવો નથી પડતો. આત્માના દરેક ગુણો પણ અખંડ પ્રતાપથી શોભી રહ્યા છે, ને પર્યાય પણ સ્વતંત્ર પ્રતાપથી શોભે છે; એટલે શાસ્ત્રથી જ્ઞાન થાય, અથવા વ્યવહારરત્નત્રયનો શુભરાગ કરતાં કરતાં નિશ્ચયરત્નત્રય થાય એ વાત રહેતી નથી. પરતંત્રતાથી શોભતો નથી. આત્માની એવી પ્રતાપવંતી સંપદા છે કે સિદ્ધ જેવી સંપદાને પોતામાંથી પ્રગટ કરે.

'મને મારા આત્માની મોટપ નથી જણાતી' એમ કહેનારો રુચિની ઊંધાઈથી પોતાની મોટપને સ્વીકારતો નથી. તે અજ્ઞાની પોતાની પ્રભુતાને ભૂલીને, કાળ – કર્મ – નિમિત્ત વગેરે પરને પ્રભુતા આપે છે ને પોતાને પામર માને છે. પણ ભાઈ ! એટલો તો વિચાર કર કે પરને પ્રભુતા આપનારો કોણ છે ? પરને પ્રભુતા આપનારો પોતે પ્રભુતાથી ખાલી ન હોય. તારી પ્રભુતાનો તેં પરમાં આરોપ કરી દીધો છે, ખરેખર તો તારામાં જ તારી પ્રભુતા ભરી છે. સિદ્ધ ભગવંતોને જે પ્રભુતા પ્રગટી તે ક્યાંથી પ્રગટી? – આત્મામાંથી જ પ્રગટી કે બહારથી ? સિદ્ધ ભગવાનને જે પ્રભુતા પ્રગટી તે આત્મામાંથી જ પ્રગટી છે અને એવું જ સામર્થ્ય તારામાં પણ ભર્યું છે. આવી પોતાની પ્રભુતાની પ્રતીત કરતાં પોતે પ્રભુ થઈ જાય છે. પ્રભુતાની પ્રતીતમાં પ્રભુતા છે ને નિષેધમાં નિગોદ છે. માટે હે ભાઈ ! તું આવા પ્રભુતાથી ભરેલા આત્માની પ્રતીત કર કે જેના પ્રતાપમાં કદી ખંડ ન થાય ને સિદ્ધપદ મળ્યા વગર રહે નહિ. – આવું તારી પ્રભુતાનું માંગળિકપણું છે. પ્રભુત્વશક્તિ અને આત્મા ત્રિકાળ અભેદ છે, તેની પ્રતીત કરતાં પર્યાયમાં મંગળ થાય છે.

સાધકને પર્યાયમાં અલ્પ રાગ થાય તેના ઉપર દૃષ્ટિ નથી, તે રાગ વખતે ય સ્વભાવના અખંડ પ્રતાપ ઉપર દૃષ્ટિ પડી છે; સ્વભાવની પ્રભૂતાને ખુલીને કદી રાગની મુખ્યતા તેની દૃષ્ટિમાં થતી નથી, રાગ વખતે રાગની અધિકતા નથી પણ પ્રભુતાની જ અધિકતા છે, પ્રભુતાની પ્રતીત કરીને તેમાં દૃષ્ટિ પરિણમી ગઈ છે. આવી પ્રભુતાની દૃષ્ટિ વગર ધર્મ થતો નથી. આત્મા પોતાની પ્રભુતાથી કદી જુદો પડતો નથી; રાગ તો બીજી ક્ષણે છટી જાય છે તેથી તેની સાથે ખરેખર આત્માને એકતા નથી, ને પરથી તો ત્રિકાળ જુદો જ છે. આ રીતે, પ્રભુતાને સ્વીકારતાં જ રાગ અને પર સાથેની એકતાબુદ્ધિનું પરિણમન છૂટીને ત્રિકાળી સ્વરૂપમાં એક્તારૂપ પરિણમન થાય છે, એટલે પોતાની પ્રભુતાને સ્વીકારતાં જીવ પ્રભુ થાય છે.

અહો ! ભગવન્ ! તારી પ્રભુતા તું બહારમાં ક્યાં શોધે છે ? તારી પ્રભુતા તો તારા દ્રવ્ય – ગુણ – પર્યાયમાં છે, તારા અસંખ્યપ્રદેશી તત્ત્વમાં અનંતગુણોની પ્રભુતા ભરેલી છે; તેનો અચિંત્ય મહિમા પ્રતીતમાં લેતાં દુનિયાનો મહિમા ટળીને અંતર્મુખદશામાં સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્ર પ્રગટીને મુક્તિ થઈ જાય છે....ને આત્મા પોતે પોતાની પ્રભુતાથી શોભી ઊઠે છે.

**`જય હો... આત્માની પ્રભુતાનો !'**

(અહીં સાતમી પ્રભુત્વશક્તિનું વર્ણન પૂરું થયું )

❋ ❋ ❋

# વિભુત્વ શક્તિ

**આત્માની એવી વિભુતા છે કે તે પોતાના અનંતગુણોમાં વ્યાપીને રહ્યો છે. જ્યાં એક ગુણ છે ત્યાં જ અનંતગુણો છે. આત્માનો અનંતગુણરૂપી સમાજ સદા સંપીને રહે છે. તે ગુણો સદા ભેગા ને ભેગા રહે છે, કદી જુદા પડતા નથી. `વિભુ સૌમાં વસેલો છે' ત્યાં સૌમાં એટલે જડ ચેતન બધામાં એમ નહીં પરંતુ સૌમાં એટલે પોતાના સર્વે ગુણપર્યાયોમાં વસેલો આત્મા જ વિભુ છે. આ વિભુ પોતે જ કેવળજ્ઞાનાદિ નિજવૈભવનો દાતાર છે.**

જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે તો સમ્યગ્જ્ઞાન અને ધર્મ થાય છે. જ્ઞાનસ્વરૂપ આત્મામાં અનંત ધર્મો રહેલા છે. તે આત્માનું જ્ઞાન કરાવવા માટે અહીં આત્માની શક્તિઓનું વર્ણન ચાલે છે. અત્યાર સુધીમાં નીચેની સાત શક્તિઓનું વર્ણન થયું છે.

(૧) સૌથી પહેલાં જીવત્વશક્તિ બતાવી; જડમાં અસ્તિત્વ છે પણ જીવત્વ નથી, આત્મામાં જીવત્વ ત્રિકાળ છે તેથી તે ચૈતન્યપ્રાણવડે સદા જીવી રહ્યો છે. આત્મા પરને જીવાડે કે પોતે પરથી જીવે – એવુ તેનું સ્વરૂપ નથી.

(૨) બીજી ચિતિશક્તિ છે; જો આ ચિતિશક્તિ ન હોય તો આત્મા જડ થઈ જાય અને જીવને જાણે કોણ ? આ ચેતનાશક્તિ સદા જાગૃતિસ્વરૂપ છે.

(૩-૪) દૃશિશક્તિ અને જ્ઞાનશક્તિ કહીને ચેતનાની ક્રિયા બતાવી; દર્શન સમસ્ત પદાર્થોના સામાન્ય અવલોકનરૂપ છે ને જ્ઞાન સમસ્ત પદાર્થોને વિશેષપણે જાણનારું છે.

(૫) પાંચમી સુખશક્તિ કહીને તેમાં સમ્યક્ત્વ અને ચારિત્ર બંનેનું ફળ સમાવી દીધું. જ્ઞાનદર્શનમય આત્માની પ્રતીતિ કરે તેવી એક સમ્યકત્વશક્તિ છે, અને તેમાં લીન થાય તેવી ચારિત્રશક્તિ છે. આત્માની પ્રતીત કરીને તેમાં લીન થતાં પરમ અનાકુળ

– શાંત – આહ્‌લાદરૂપ સુખનો અનુભવ થાય છે. આવી સુખશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

(૬) છઠ્ઠી વીર્યશક્તિ છે. આત્માનું સુખ સમ્યક્‌પુરુષાર્થપૂર્વક પ્રગટે છે, તે પુરુષાર્થ અર્થાત્ વીર્યશક્તિ આત્મામાં ત્રિકાળ છે; તેના વડે સ્વરૂપની રચના થાય છે. દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં આત્માનું વીર્ય છે.

(૭) સાતમી પ્રભુત્વશક્તિનાં વર્ણનમાં તો અદ્‌ભુત વાત કરી. આ પ્રભુત્વને લીધે આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય સ્વતંત્રતાથી શોભી રહ્યાં છે. આ પ્રભુત્વશક્તિ આત્માના પ્રતાપને અખંડ રાખે છે. આત્માની પ્રભુતા આત્મામાં જ ભરી છે એમ તે બતાવે છે.

એ પ્રમાણે સાત શક્તિઓનું વર્ણન કર્યું; હવે વિભુત્વ નામની આઠમી શક્તિનું વર્ણન કરે છે.

સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આત્મા પોતાના બધા ગુણ – પર્યાયોમાં વ્યાપેલો વિભુ છે, તેમજ તેના જ્ઞાનાદિ દરેક ગુણ પણ સર્વભાવોમાં વ્યાપનારા છે. જો એક ગુણ બધા ગુણોમાં વ્યાપેલ ન હોય તો અનંતગુણનો અભેદપિંડ અનુભવમાં આવી શકે નહિ અને બધા ગુણની અભેદતાનો આનંદ આવી શકે નહિ. 'વિભુ'નો અર્થ વ્યાપક થાય છે. વિભુત્વશક્તિથી આત્મા વિભુ છે; એટલે પોતાના સર્વભાવોમાં રહેલો હોવા છતાં એક ભાવરૂપ છે. જ્ઞાનગુણ બધા ગુણોમાં વ્યાપે છે એવું જ્ઞાનનું વિભુત્વ છે. એ પ્રમાણે અનંતા ગુણો છે તેમાંથી દરેક ગુણ બીજા બધા ગુણોમાં વ્યાપક છે – એ રીતે અનંતગુણોનું વિભુત્વ જાણવું. રાગદ્વેષ વગેરેમાં એવું વિભુત્વ નથી કે તે આત્માના સમસ્ત ભાવોમાં વ્યાપે. આત્માના વિભુત્વમાં રાગાદિભાવો ખરેખર વ્યાપતા જ નથી; એક સમયની રાગ પર્યાય શ્રદ્ધા – જ્ઞાન – ચારિત્ર વગેરે બધા ગુણોમાં વ્યાપી શકતી નથી; જો રાગ ત્રિકાળી ગુણમાં વ્યાપક થઈ જાય તો તો તે કદી જુદો પડી શકે નહિ. એક સમય પૂરતો રાગ બીજા ગુણોમાં તો નથી વ્યાપયો, પણ અખંડ ચારિત્રગુણમાં પણ તે વ્યાપ્યો નથી. જ્યારે આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, જીવત્વ, અસ્તિત્વ વગેરે શક્તિઓ તો બધા ગુણોમાં ત્રિકાળ ફેલાયેલી છે. – આવો આત્માની વિભુતાશક્તિનો વૈભવ છે; તેને જાણતાં રાગાદિ ભાવો પ્રત્યેનો ઉત્સાહ લૂખોલસ થઈ જાય છે ને રુચિનો ઉત્સાહ ત્રિકાળી સ્વભાવ તરફ વળી જાય છે.

આત્મા લોકલોકમાં વ્યાપેલો નથી, પણ પોતાના સમસ્ત ભાવોમાં વ્યાપેલો છે. અહીં વિકારી ભાવોને આત્માના ગણ્યા નથી કેમ કે આ તો સ્વભાવશક્તિનું વર્ણન છે. આત્મા

બહારમાં સર્વવ્યાપક નથી પણ અંદર પોતાના ભાવોમાં સર્વવ્યાપક છે, પોતાના અનંતગુણ – પર્યાયસ્વરૂપમાં આત્મા વ્યાપેલો છે. બહારમાં સર્વથી ભિન્ન ને અંતરમાં સર્વવ્યાપક – એવો આત્માનો વિભુત્વસ્વભાવ છે. આત્માનો મહિમા બહારમાં ક્ષેત્રની વિશાળતાથી નથી, આત્માનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં તેનું સ્વભાવસામર્થ્ય અચિંત્ય – અમર્યાદિત છે, તેના વડે જ આત્માનો મહિમા છે. જેને અંતરના સ્વભાવમહિમાનું ભાન નથી એવા બાહ્યદૃષ્ટિ જીવો જ બહારમાં સર્વવ્યાપકતાથી આત્માનો મહિમા માને છે, પણ આત્મા પરમાં કદી વ્યાપતો નથી.

શરીર તો આત્મામાં કદી વ્યાપ્યું જ નથી ને આત્મા કદી શરીરમાં વ્યાપ્યો નથી.

રાગ આખા આત્મામાં વ્યાપ્યો નથી ને આત્મા રાગમાં વ્યાપ્યો નથી.

નિર્મળ પર્યાય આત્મામાં એક સમય પૂરતી વ્યાપક છે પણ તે ત્રિકાળ વ્યાપક નથી.

અસ્તિત્વ વગેરે ગુણો છે તે તો આત્મામાં ત્રિકાળ વ્યાપક છે. દ્રવ્ય ‘છે’ ગુણ ‘છે’ પર્યાય ‘છે’ શ્રદ્ધા ‘છે’ જ્ઞાન ‘છે’ ચારિત્ર ‘છે’ – એમ બધામાં હોવાપણું વ્યાપેલું છે. એ જ પ્રમાણે જ્ઞાન વગેરે ગુણો પણ બધામાં વ્યાપક છે. આ રીતે વિભુત્વશક્તિ સ્વરૂપ જાણતાં ત્રિકાળી આત્મા જ લક્ષમાં આવી જાય છે. ત્રિકાળી તત્ત્વની સામે જોઈને તેની શક્તિઓનો યથાર્થ નિર્ણય થાય છે.

સ્તુતિમાં એમ આવે કે ‘હે નાથ ! આપ વિભુ છો, ત્યાં કાંઈ બીજા ભગવાન આ આત્મામાં વ્યાપનારા નથી. લોકાલોકને જાણે એવું આત્માનું વિભુત્વ છે, પણ લોકાલોકમાં વ્યાપે એવું તેનું વિભુત્વ નથી. આત્મા પોતામાં રહીને ત્રણકાળ ત્રણલોકને જાણે છે. આખું તત્ત્વ એકરૂપ થઈને પોતામાં અખંડ વ્યાપકપણે રહ્યું છે, એકેક શક્તિ પણ આખા તત્ત્વમાં વ્યાપીને પડી છે. સર્વભાવોમાં પ્રસરવા છતાં એક ભાવરૂપ રહે એવું વિભુત્વ છે; અનંત ભાવોમાં વ્યાપેલો હોવા છતાં આત્મા એકપણે જ રહે છે, એક પણે રહીને અનંતમાં વ્યાપે છે પણ અનંતરૂપ થઈ જતો નથી. તેમ જ જ્ઞાન, દર્શન વગેરે દરેક ગુણો પણ પોતપોતાનું એકપણું રાખીને આખા આત્મામાં વ્યાપેલો છે, એક ગુણ અનંતગુણોમાં વ્યાપી રહ્યો છે. અસ્તિત્વ બધા ગુણમાં વ્યાપક, જ્ઞાન બધા ગુણમાં વ્યાપક, આનંદ બધા ગુણમાં વ્યાપક – એ પ્રમાણે અનંતી શક્તિઓનું વિભુત્વ સમજી લેવું. ‘વિભુત્વશક્તિ’ તો એક છે. પણ તેણે આખા આત્માને અને બધા ગુણોને વિભુતા આપી છે; જેમ અસ્તિત્વગુણથી બધા અસ્તિરૂપ છે તેમ ત્રિભુત્વશક્તિથી બધા વિભુસ્વરૂપ છે.

એક ગુણ બીજા અનંત ગુણોમાં વ્યાપે છે ને એક ગુણમાં બીજા અનંતગુણો વ્યાપે

છે. કોઈ એક ગુણ એવો નથી કે જ્યાં બીજા ગુણો વ્યાપ્યા ન હોય. જુઓ, આ આત્માના અંતરંગ સમાજનો સંપ ! અનંત ગુણોનો સમાજ પરસ્પર વ્યાપીને ત્રિકાળ કેવો સંપીને રહ્યો છે ! જ્ઞાનગુણ સર્વમાં વ્યાપક છે એવી જ્ઞાનની વિભુતા છે, અસ્તિત્વગુણ સર્વમાં વ્યાપક છે એવી સત્તાની વિભુતા છે. અસ્તિત્વમાં જો જ્ઞાન ન હોય તો અસ્તિત્વ અચેતન ઠરે; અને જ્ઞાનમાં જો અસ્તિત્વ ન હોય તો જ્ઞાન અભાવરૂપ ઠરે. તેમ જ આનંદમાં જો જ્ઞાન ન હોય તો આનંદગુણ જ્ઞાન વગરનો જડ થઈ જાય, અને જો જ્ઞાનમાં આનંદ ન હોય તો જ્ઞાન આનંદ વગરનું લૂખુંલસ થઈ જાય. – એમ બધા ગુણો એકબીજામાં વ્યાપી રહ્યા છે. પુણ્ય – પાપના વિકારીભાવો તો એક ગુણની એક સમયપૂરતી પર્યાયમાં તે વિકારીભાવો વ્યાપતાં નથી; માટે વિકારમાં વિભુત્વ નથી, વિકાર વસ્તુનું સ્વરૂપ નથી. અનંતા ગુણોમાં એક ગુણ વ્યાપક ને એક ગુણમાં અનંતા ગુણો વ્યાપક – આવો આત્મગુણોનો સમાજ છે.

અસ્તિત્વ બધામાં વ્યાપીને બધાને અસ્તિપણે રાખે છે, – જેમ કે જ્ઞાનનું અસ્તિત્વ, આનંદનું અસ્તિત્વ, વગેરે.

વસ્તુત્વ બધામાં વ્યાપીને બધા ગુણોના પ્રયોજનને સિદ્ધ કરે છે, – જેમ કે જ્ઞાનનું પ્રયોજન જાણવું તે, આનંદનું પ્રયોજન અનાકુળ આહ્‌લાદ આપવો તે, વગેરે.

દ્રવ્યત્વગુણ બધામાં વ્યાપીને બધાને પરિણમાવે છે, – જેમકે જ્ઞાનનું પરિણમન, આનંદનુ પરિણમન, વગેરે. આત્મદ્રવ્ય પરિણમતાં તેના બધા ગુણોનું પરિણમન થઈ જાય છે.

પ્રમેયત્વગુણે બધામાં વ્યાપીને બધા ગુણોને પ્રમેયરૂપ બનાવ્યા; ચેતનાએ બધામાં વ્યાપીને બધાને ચેતનરૂપે બનાવ્યા; વિભુત્વે બધામાં વ્યાપીને બધાને વ્યાપકરૂપ બનાવ્યા.

– એ પ્રમાણે એક વિભુત્વશક્તિને સ્વીકારતાં અનંતગુણનો અખંડ સમાજ ઊભો થાય છે. એવા અખંડ તત્ત્વની દ્રષ્ટિ તે જ ધર્મીની દ્રષ્ટિ છે. ધર્મી જીવ એકેક સમયની પર્યાયને કે એકેક શક્તિના ભેદ પાડીને મુખ્યપણે નથી જોતા, પણ ત્રિકાળી તત્ત્વને જ મુખ્યપણે જુએ છે, ધર્મીની દ્રષ્ટિ ત્રિકાળી તત્ત્વ ઉપર થંભી ગઈ છે.

એક ઘરમાં રહેનારા દસ માણસો એકબીજામાં વ્યાપી શકતા નથી પણ ચૈતન્યઘરમાં રહેનારા અનંતગુણો એકબીજામાં વ્યાપક છે. એક જ ઘરમાં રહેનારા દસ માણસોમાં તો કોઈ ક્યાંયથી આવ્યો હોય ને કોઈ ક્યાંયથી આવ્યો હોય, તથા અલ્પકાળમાં કોઈ ક્યાંય ચાલ્યો જાય ને કોઈ ક્યાંય ચાલ્યો જાય, ત્યાં તો કોઈને કોઈ સાથે લાગતુંવળગતું નથી, બધા જાદેજુદાં જ છે; પરંતુ આત્માના અનંતગુણો તો ત્રિકાળ ભેગાં ને ભેગાં

જ રહેનારા છે, કદી જુદા પડતા નથી. આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જેનામાં સંસારભાવ વ્યાપે, સંસારભાવને ઉત્પન્ન કરીને તેમાં વ્યાપે એવું આત્માના કોઈ ગુણનું સ્વરૂપ નથી.

જેમ સોનામાં તેની પીળાશ બધે વ્યાપક છે, ચીકાશ બધે વ્યાપક છે, વજન બધે વ્યાપક છે, તેમ ચૈતન્યધાતુમાં અનંતગુણો સર્વવ્યાપક છે, ને ચૈતન્યવસ્તુ એક પિંડપણે સર્વગુણોમાં વ્યાપેલી છે, આવી આત્માની વિભુતા છે. 'એક આત્મા ક્ષેત્રથી સર્વવ્યાપક વિભુ છે અર્થાત્ જડ અને ચેતન સમસ્ત પદાર્થોમાં વિભુનો વાસ છે' – એમ અજ્ઞાની કહે છે; પણ અહીં તો એક આત્મા પોતાના અનંત ગુણોમાં સર્વવ્યાપક રહીને, જડ–ચેતન બધાનો જાણનાર વિભુ છે, – એમ શ્રી સર્વજ્ઞ કહે છે.

અસ્તિત્વને મુખ્ય કરીને જુઓ તો આત્માના બધા ગુણોમાં અસ્તિપણું ભાસે, જીવત્વશક્તિને મુખ્ય કરીને જોતાં બધા ગુણોમાં જીવત્વ ભાસે, જ્ઞાનને મુખ્ય કરીને જોતાં બધા ગુણોમાં જ્ઞાન ભાસે, આનંદને મુખ્ય કરીને જોતાં બધા ગુણોમાં આનંદ ભાસે; – એમ એક ગુણ સાથે જ અનંતગુણનો પિંડ સંકળાયેલો છે. એક ગુણનો ભેદ પાડીને લક્ષમાં લેવો તે રાગનો વિકલ્પ છે, અનંતગુણના અભેદપિંડને લક્ષમાં લેવો તેમાં વીતરાગતા છે.

જુઓ, આંખ – કાન વગેરે ઇંદ્રિયો બંધ કરીને પણ અંતરમાં 'હું જ્ઞાન છું, હું સહજ આનંદ છું' એમ વિચાર થાય છે ને ! તે વિચાર કોણ કરે છે ? કઈ સામગ્રીથી તે વિચાર કરે છે ? વિચાર કરનારો એટલે કે જ્ઞાન કરનારો આત્મા પોતે જ છે; બાહ્ય સામગ્રીનો અભાવ હોવા છતાં અંતરમાં અખંડ સ્વભાવસામગ્રી પડી છે તેના અવલંબને પોતે વિચાર કરે છે. આત્માના અંતરમાં કાંઈ આંખ – કાન વગેરે ઇંદ્રિયો નથી. બાહ્ય ઇંદ્રિયો તેમ જ રાગનાં અવલંબન વગર જ આત્માની ચૈતન્યસત્તામાં જ્ઞાનનું કાર્ય થાય છે. માટે નક્કી થાય છે કે ઇંદ્રિયોથી કે રાગથી ચૈતન્યસત્તા જુદી છે. અનંતગુણનો એકરૂપ ગાંઠડો અંદરમાં ભાસે છે તે કોની હયાતીમાં ભાસે છે ? રાગની સત્તામાં કે જડ ઇંદ્રિયોની સત્તામાં તે ભાસતો નથી પણ ચૈતન્યસત્તાની હયાતીમાં જ અનંતગુણનો એકરૂપ ગાંઠડો ભાસે છે. તે ચૈતન્યસત્તાના સ્વીકારથી ધર્મની શરૂઆત થાય છે.

શરીરાદિ પરવસ્તુઓ તો આત્માના દ્રવ્ય – ગુણ – પર્યાય ત્રણેમાં ત્રિકાળ અભાવ છે જે ક્ષણપૂરતા રાગાદિ વ્યવહાર પરિણામ થાય છે તે આખા દ્રવ્યમાં કે તેના ગુણોમાં વ્યાપતા નથી, બધા ગુણની પર્યાયમાં પણ તે રાગાદિ વ્યાપતાં નથી અને એક ગુણની

બધી પર્યાયોમાં પણ તે વ્યાપતા નથી, માત્ર એક ગુણની એક પર્યાયમાં સમય પૂરતા જ તે રાગાદિ ભાવો છે જ્યારે તે જ વખતે આ બાજુ અંતરમાં અનંત ગુણ – પર્યાયમાં ત્રિકાળ વ્યાપક અખંડ વિભુતાવાળો ભગવાન આત્મા છે. – તો કોની મુખ્યતા કરવી ? કોનો આદર – બહુમાન કરવું ? ક્ષણિક રાગનું કે અખંડ વિભુતાવાળા આત્માનું ? અખંડવિભુનો અનાદર કરીને તુચ્છ રાગનો આદર કરવો તે મહાન અધર્મ છે; ધર્મી જીવ તો અખંડ વિભુ એવા નિજ આત્માનો જ આદર કરે છે, ધર્મીની અંતર્દૃષ્ટિમાં રાગનો અભાવ છે.

આ પહેલાં આચાર્યદેવે ૧૮૨મા કલશમાં પણ આત્માને 'વિભુ' કહ્યો હતો. ત્યાં કહ્યું હતું કે વિભુ એવા શુદ્ધ ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી; સમસ્ત વિભાવોથી રહિત શુદ્ધચૈતન્યભાવ તે વિભુ છે; ત્યાં સર્વગુણ – પર્યાયોમાં વ્યાપક એવો વિભુનો અર્થ કર્યો હતો. આત્મા અને તેનો દરેક ગુણ સમસ્ત ગુણ – પર્યાયોમાં વ્યાપક છે એવી આત્માની વિભુતા છે. બહારથી લક્ષ્મી વગેરેની વિભુતા આત્મામાં નથી. જે જીવ પોતાના શુદ્ધચૈતન્ય વિભુત્વનો વિશ્વાસ કરે તેને અનંત ગુણની વિભૂતિ – કેવળજ્ઞાનાદિ નિજવૈભવ પ્રગટે.

❋ ❋ ❋

# સર્વદર્શિત્વશક્તિ

**આત્મામાં પૂર્ણતા ભરી છે...સ્વરૂપ સન્મુખ થઈને જે પૂર્ણની ભાવના કરશે તેને પૂર્ણતા મળશે. ભગવાન અરિહંત સર્વજ્ઞ અને સર્વદર્શી છે – તેની વાસ્તવિક ઓળખાણ પોતાનાં પૂર્ણસ્વરૂપની સન્મુખ થયા વગર થઈ શકતી નથી. સ્વરૂપસન્મુખ થવું તે જ સર્વદર્શી થવાનો ઉપાય છે.**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનામાં અનંત ધર્મો છે તેથી તે અનેકાન્તની મૂર્તિ છે; તેના ધર્મોનું આ વર્ણન ચાલે છે.

સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે પરિણમેલા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ છે. પહેલાં ત્રીજી શક્તિમાં 'દર્શિત્વશક્તિનું વર્ણન હતું ત્યાં તો 'અનાકાર ઉપયોગમયી દર્શિશક્તિ છે' એમ સામાન્ય વર્ણન હતું ને આ સર્વદર્શિત્વશક્તિ કહીને દર્શનનાં પરિપૂર્ણ સામર્થ્યનું વિશેષ વર્ણન કર્યું છે. સર્વ પદાર્થના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર દેખે એવી સર્વદર્શિત્વશક્તિ છે. આત્મામાં લોકાલોકને દેખવાની શક્તિ છે પણ તેને પોતાનાં કરવાની કે તેમાં કાંઈ ઊથલપાથલ કરવાની તાકાત નથી. જેમ આંખનો સ્વભાવ પદાર્થોને ફકત દેખવાનો છે પણ તેમાં આઘુંપાછું કરવાનો આંખનો સ્વભાવ નથી; તેમ આત્માને દર્શન અને જ્ઞાનરૂપી આંખો છે, તેનો સ્વભાવ સમસ્ત પદાર્થોને દેખવા – જાણવાનો છે, પણ ક્યાંય ઘાલમેલ કરવાનો તેનો સ્વભાવ નથી.

આંખથી દેખવાનો આત્માનો સ્વભાવ નથી; હું આંખથી દેખું છું એમ જે માને તેણે ખરેખર આત્માની સર્વદર્શિત્વશક્તિ પરિણમવાની શક્તિને માની નથી. જો પોતાની સર્વદર્શિત્વશક્તિને જાણે તો ઇંદ્રિયોથી દેખવાનું માને નહિ તેમ જ રાગને કે અલ્પદર્શિત્વશક્તિની સન્મુખ થતાં તે બધાનો મહિમા છૂટી જાય છે. સાધકની પર્યાયમાં

હજી સર્વદર્શિપણું પ્રગટ્યું ન હોવા છતાં તેને સર્વદર્શિત્વ પરિણમનની પ્રતીત છે કે સર્વદર્શિત્વપણે પરિણમવાની તાકાત મારામાં અત્યારે પણ ભરી છે. સર્વદશિપણું એટલે કેવળ દર્શન, તે કેવળદર્શનરૂપે પરિણમવાની તાકાત જો મારામાં ન હોય તો કેવળદર્શનનું વ્યકત પરિણમન ક્યાંથી થશે ? ત્રિકાળી શક્તિની પ્રતીતમાં તેની વ્યક્તિની પ્રતીત પણ આવી જ જાય છે.

અજ્ઞાની લોકો બહારની અમુક સંપદા મેળવવાની ભાવના કરે છે, પણ અહીં તો આખી દુનિયાની સમસ્ત સંપદા એક સાથે જ્ઞેયપણે પ્રાપ્ત થાય તેવો ઉપાય આચાર્યદેવ બતાવે છે. જેને લોકાલોકની સંપદા જોઈતી હોય તેણે આત્માના કેવળજ્ઞાન – કેવળદર્શનની પ્રતીત કરવી. લોકાલોકની સંપદા કાંઈ આત્મામાં ઘૂસી જતી નથી, પણ જ્ઞાનદર્શનમાં લોકલોક જણાય - દેખાય તે જ લોકાલોકની પ્રાપ્તિ છે.ખરેખર તો જ્ઞાન જ્ઞાનમાં છે ને લોકાલોક લોકાલોકમાં છે, પણ લોકાલોકનું જ્ઞાન થઈ ગયું તે અપેક્ષાએ તેની પ્રાપ્તિ કહેવાય છે. જે થોડું થોડું માંગશે – એટલે કે અલ્પતાની ભાવના કરશેં તેને કાંઈ નહિ મળે અને જે પૂર્ણતાની ભાવના ભાવશે તેને પૂરું મળશે – બધુંય જણાશે. માટે લક્ષ્મી વગેરે પરને મેળવવાની ભાવના છોડીને એવી ભાવના ભાવો કે જેમાં બધુંય એક સાથે જણાય એવું કેવળજ્ઞાન હજો ! અત્યારે કેવળદર્શનની વાત ચાલે છે, પછી દસમી શક્તિમાં કેવળજ્ઞાનની વાત કરશે; વસ્તુમાં તો બંને એક સાથે જ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ પરિણમન થાય તેવી શક્તિ આત્મામાં ભરી છે; તેની ભાવના ભાવતાં એટલે કે તેની શ્રદ્ધા – જ્ઞાન કરીને તેમાં લીન થતાં કેવળજ્ઞાન અને કેવળદર્શનનું વ્યકત પરિણમન થઈ જાય છે.

અહીં તો કહ્યું છે કે સર્વદર્શિત્વશક્તિ આત્મદર્શનમયી છે, એટલે કે આત્માને દેખતાં તેમાં ત્રણકાળ ત્રણલોક દેખાઈ જાય તેવી સર્વદર્શિત્વશક્તિ છે. આત્મા ઈન્દ્રિયોવડે તો નથી દેખતો, તેમ જ લોકાલોકને દેખવા માટે તેને લોકાલોકની સન્મુખ થવું નથી પડતું, પણ આત્મસન્મુખ રહીને જ લોકાલોકને દેખી લ્યે એવી આત્માની તાકાત છે. અને આત્માનાં આવા સામર્થ્યની પ્રતીત પણ કોઈ પરવડે કે પરની સન્મુખતાથી થતી નથી, સ્વરૂપસન્મુખતાથી જ તેની પ્રતીત થાય છે.

કોઈ એમ કહે કે 'ભગવાન અનંતશક્તિસંપન્ન છે પણ સર્વશક્તિસંપન્ન નથી, એટલે ભગવાન અનંતને દેખે પણ સર્વને ન દેખે'– તો એમ કહેનારને આત્માના સર્વદર્શિત્વસ્વભાવની

પ્રતીત નથી એટલે તેણે આત્માને જ માન્યો નથી. અંતર્દૃષ્ટિ વગર પોતાને પંડિત માનીને લોકો અનેક પ્રકારના કુતર્ક કરે છે, પણ ચૈતન્યવસ્તુ એકલા તર્કનો વિષય નથી, આ માર્ગ તો અંતર્દૃષ્ટિ અને અનુભવનો છે. આચાર્યદેવે અહીં સ્પષ્ટ કહ્યું છે કે આત્માના દર્શનસ્વભાવમાં સર્વદર્શીપણે પરિણમવાની તાકાત છે. સર્વજ્ઞતા અને સવદર્શિતારૂપે આત્માનું પરિણમન થઈ શકે છે – એવી પણ જેને પ્રતીત નથી તેણે તો ખરેખર સર્વજ્ઞદેવને જ માન્યા નથી એટલે તેને તો જૈનધર્મની વ્યવહારશ્રદ્ધા પણ નથી.

આ શક્તિઓનું વર્ણન કરીને આચાર્યદેવે થોડા શબ્દમાં ઘણું રહસ્ય ભરી દીધું છે.

ભગવાન સ્તુતિમાં આવે છે કે '**सव्वण्णुणं सव्वदरिसीणं**' – હે ભગવાન ! આપ સર્વજ્ઞ અને સર્વદર્શી છો. – સ્તુતિમાં આમ બોલે પણ ભગવાન જેવી જ સર્વજ્ઞ અને સર્વદર્શિત્વશક્તિ પોતાના આત્મામાં ભરી છે તેનો વિશ્વાસ ન કરે તો ધર્મનો લાભ થાય નહિ અને તેણે ભગવાનની પરમાર્થસ્તુતિ કરી ન કહેવાય. ભગવાનમાં જેવી સર્વજ્ઞતા અને સર્વદર્શિતા છે તેવી જ સર્વજ્ઞતા અને સર્વદર્શિતા પ્રગટવાનું સામર્થ્ય પોતામાં પણ ભર્યું છે તેનો વિશ્વાસ કરે તેણે જ ભગવાનની ખરી સ્તુતિ કરી છે.

ત્રીજી દૃશિશક્તિનાં વર્ણનમાં દર્શનઉપયોગનું કથન વિસ્તારથી આવી ગયું છે. દૃશિશક્તિ પરિણમીને સર્વદર્શિપણું થાય એવો તેનો સ્વભાવ છે, અધૂરાપણે પરિણમે એવો તેનો સ્વભાવ નથી. લોકાલોકને દેખતાં આત્મા લોકાલોકમય થઈ જતો નથી માટે અહીં સર્વદર્શિપણું છે એમ નથી. લોકાલોકને લીધે આત્માનું સર્વદર્શિપણું ખીલતું નથી; જો લોકાલોકથી તે ખીલતું હોય તો, લોકાલોક તો અનાદિથી છે તેથી સર્વદર્શિપણું પણ અનાદિથી ખીલવું જોઈએ. માટે કહ્યું કે સર્વદર્શિત્વશક્તિ આત્માદર્શનમય છે, આત્માનાં અવલંબને સર્વદર્શિપણું ખીલી જાય છે. જેણે સર્વદર્શિ એવા નિજ આત્માને દેખ્યો તેણે બધું દેખ્યું. યર્થાથપણે એક પણ શક્તિને દેખતાં અનંતગુણમય આખું દ્રવ્ય જ દેખવામાં આવી જાય છે. એક ગુણની પ્રતીત કરતાં અભેદપણે આખું દ્રવ્ય જ પ્રતીતમાં આવી જાય છે, કેમ કે જ્યાં એક ગુણ છે ત્યાં જ અભેદપણે અનંતગુણો છે.

આત્માનું સર્વદર્શિપણું કોઈ નિમિત્તની સામે જોવાથી વિકાસ પામતું નથી, તેમ જ પુણ્યનાં લક્ષે કે વર્તમાન પર્યાયના આશ્રયે પણ તેનો વિકાસ થતો નથી, સર્વદર્શિત્વસામર્થ્ય જેનામાં ત્રિકાળ પડ્યું છે એવા અભેદ પરિપૂર્ણ દ્રવ્યનાં લક્ષે જ

સર્વદર્શિત્વપણાનો પરિપૂર્ણ વિકાસ થાય છે; એટલે દ્રવ્યદૃષ્ટિ કરવી તે જ તાત્પર્ય છે એમ સિધ્ધ થાય છે. કોઈ નિમિત્તમાં કે રાગમાં એવી તાકાત નથી કે સર્વદર્શિતા આપે. અધૂરી પર્યાયમાં પણ સવદર્શિતા આપવાની તાકાત નથી; સર્વદર્શિતા આપવાની તાકાત તો ત્રિકાળી દ્રવ્યમાં જ છે, માટે દ્રવ્યનો આશ્રય કરીને પરિણમવું તે જ સર્વદર્શિ થવાનો ઉપાય છે.

જે સર્વદર્શિત્વ પ્રગટ્યું તે બધા પદાર્થોને સ્પષ્ટ દેખે છે, દૂરની વસ્તુને ઝાંખી દેખે ને નજીકની વસ્તુને સ્પષ્ટ દેખે – એવા ભેદ તેનામાં નથી. વળી, દૂરની વસ્તુથી લાભ ન માને પણ શરીર કે દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે નજીકની વસ્તુથી લાભ માને – એવું પણ સર્વદર્શિત્વશક્તિમાં નથી. જેણે સર્વદર્શિત્વશક્તિસામર્થ્યની પ્રતીત કરી છે તે જીવ કોઈ પણ પરવસ્તુથી લાભ–નુકસાન માનતો નથી. સર્વદર્શિત્વ તો આત્મદર્શનમય છે, તેનો સંબંધ પર સાથે નથી; તો પછી મહાવિદેહ વગેરે દૂરની વાણીથી લાભ ન થાય ને આ નજીકની સાક્ષાત્ વાણીથી લાભ થાય – એ વાત ક્યાં રહી ? આમાં ક્યાંય પરનું આલંબન કે પરમાં રાગ – દ્વેષ કરવાનું રહેતું નથી, એકલા સ્વદ્રવ્યનાં આલંબને વીતરાગતા થાય એવી જ આ વાત છે.

**પ્રશ્ન** – વાણી દૂર હો કે નજીક હો, તેનાથી તો કાંઈ સમજાતું નથી, પોતાથી જ સમજાય છે, તો પછી સત્સમાગમનું કામ છે ?

**ઉત્તર** – 'અહો ! ગમે ત્યાં મને મારા આત્માથી પોતાથી જ જ્ઞાન થાય છે'– એ વાત જેને અંતરમાં રુચી તેને તેવું સાંભળનારા જ્ઞાનીઓ પ્રત્યે બહુમાન આવ્યા વિના રહે નહિ એટલે તેને સત્સમાગમની ભાવના થયા વિના રહે જ નહિ; પણ શ્રવણ વખતેય તેના લક્ષમાં તો એમ છે કે હું જેટલી મારા સ્વભાવની રુચિ અને ભાવનાનું પોષણ કરું છું તેટલો જ મને લાભ છે, નિમિત્તથી કે નિમિત્ત તરફના રાગથી મને લાભ નથી.

મહાવિદેહક્ષેત્રે ઠીક અને ભરતક્ષેત્ર ઠીક નહિ – એમ ઠીક અઠીકનો ભાવ કરવાનું આત્માની કોઈ શક્તિમાં નથી; કોઈ વાર વિદેહક્ષેત્ર વગેરે સંબંધી વિકલ્પ ઊઠે તો ત્યાં ધર્મીને નિઃશંકતા છે કે આ વિકલ્પ મારા સ્વરૂપમાંથી આવેલો નથી, મારા સ્વરૂપમાં એવી કોઈ શક્તિ નથી કે જે વિકલ્પને ઉપજાવે. મારી સર્વદર્શિત્વશક્તિ બધાને દેખનારી છે પણ કોઈને ઠીક–અઠીક માનનારી નથી. આત્માની અનંતશક્તિઓને પણ

સર્વદર્શિશક્તિ દેખે છે. જેણે આત્માને દેખ્યો તેણે બધું દેખી લીધું. સર્વદર્શિશક્તિ આત્મદર્શનમય છે એટલે લોકાલોકને દેખવા માટે આત્માને બહાર ડોકિયું કરવું પડતું નથી પણ આત્મસ્વરૂપને દેખતાં લોકાલોક દેખાઈ જાય છે. એક ગુણની પ્રતીત કરવા જતાં પણ આખો આત્મા જ પ્રતીતમાં આવી જાય છે. આખા આત્માને જાણે તો જ એક ગુણને યર્થાથ જાણે, એક પણ ગુણને યર્થાથ સમજતાં અનંતગુણનો પિંડ સમજાય છે. એક ગુણને પણ ખરેખર ક્યારે સમજ્યો કહેવાય ? એક ગુણનો ભેદ પાડીને જો તેનો આશ્રય કરવા જાય તો તેણે ગુણને જ આખી વસ્તુ માની લીધી છે, તેણે એક ગુણને પણ જાણ્યો નથી; એક ગુણને જાણતાં, તેની સાથે અભેદરૂપ આખા દ્રવ્યને પકડી લ્યે તો જ ગુણને જાણ્યો કહેવાય, કેમ કે ગુણીથી જુદો ગુણ રહેતો નથી. ઘણી શક્તિઓ છે તેથી કાંઈ આત્મામાં ભેદ પડી જતો નથી, આત્મામાં તો અનંત શક્તિથી અભેદતા છે. તે અભેદતાના આશ્રયપૂર્વક જ જુદી જુદી શક્તિઓનું યર્થાથ જ્ઞાન થાય છે.

આત્માની સર્વદર્શિત્વશક્તિ લોકાલોકને દેખતી હોવા છતાં તે નિરાકાર છે; લોકાલોકને દેખવાથી તે સાકાર થઈ જતી નથી કેમ કે તે ભેદ વિના સર્વેને સત્તામાત્ર જ દેખે છે; પોતે નિરાકાર આત્મદર્શનપણે પરિણમીને બધાને ભેદરહિત દેખે છે. જડ કે ચેતન, સિદ્ધ કે સંસારી, ભવ્ય કે અભવ્ય – એવા વિશેષ ભેદો તે જ્ઞાનનો વિષય છે, દર્શન તેવા ભેદ વગર સામાન્યસત્તાનો પ્રતિભાસ કરે છે. અનંતગુણના પિંડ અખંડ આત્માને પણ દર્શનશક્તિ દેખે છે, તેથી સર્વદર્શિત્વશક્તિની પ્રતીતમાં અખંડ આત્માની પ્રતીત પણ ભેગી જ છે.

લોકાલોકને દેખવાનું સર્વદર્શિત્વશક્તિનું સામર્થ્ય છે તે ઉપચારથી નથી પણ સ્વભાવથી જ છે, આવી સર્વદર્શિત્વશક્તિ આત્માના જ્ઞાનમાત્રભાવની સાથે જ પરિણમી રહી છે. આત્મામાં જ્ઞાન–દર્શન વગેરે અનંત ગુણોનું પરિણમન એક સાથે જ છે. કેવળી ભગવાનને પહેલાં જ્ઞાન પરિણમે અને પછી દર્શન પરિણમે – એમ જ જ્ઞાન–દર્શનનો ક્રમ માને તેણે એક સાથે અનંત શક્તિવાળા આત્માને જાણ્યો નથી, તેને ખરેખર કેવળી પ્રભુની પ્રતીત નથી ને આત્માની પણ પ્રતીત નથી. જ્ઞાન જ્યાં સ્વભાવનો આશ્રય કરીને પરિણમ્યું ત્યાં અનંતગુણોનું પરિણમન તેની સાથે ઊછળી રહ્યું છે. આવા અનંતધર્મોથી પરિણમતા એક આત્માને જાણવો તેનું નામ અનેકાન્તધર્મ છે અને તે જ મોક્ષમાર્ગ છે.

(અહીં નવમી સર્વદર્શિત્વશક્તિનું વર્ણન પૂરું થયું.)

# સર્વજ્ઞત્વ શક્તિ

**`ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.' તે સર્વજ્ઞતાના નિર્ણયમાં ઘણી ગંભીરતા રહેલી છે. દરેક આત્મામાં રહેલી સર્વજ્ઞશક્તિ ઉપરનાં આ પ્રવચનમાં પૂ. ગુરુદેવે જૈન ધર્મના અનેક મૂળભૂત રહસ્યો ખોલ્યાં છે. દરેક આત્માર્થી જીવે આ વિષય મનનપૂર્વક સમજવા જેવો છે.**

દરેક આત્મામાં અનંત શક્તિઓ છે, તેથી તે અનેકાન્તની મૂર્તિ છે. તે અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માને ઓળખાવવા માટે અહીં તેની કેટલીક શક્તિઓનું વર્ણન ચાલે છે. તેમાં સર્વદર્શિત્વશક્તિનું વર્ણન કર્યું, હવે તેની સાથે સર્વજ્ઞશક્તિનું વર્ણન કરે છે.

સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમેલા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ છે. દર્શન તો 'બધું છે' એમ સામાન્ય સત્તામાત્ર ભાવને દેખે છે; પરંતુ, જગતના બધા પદાર્થો સત્તાપણે સમાન હોવા છતાં તેમના સ્વરૂપમાં વિશેષતા છે; કોઈ જીવ છે, કોઈ અજીવ છે, કોઈ સિદ્ધ છે, કોઈ સાધક છે, કોઈ અજ્ઞાની છે – એમ અનંત પ્રકારના જુદાજુદા ભાવો છે, તે બધાયને વિશેષપણે જાણે એવી આત્માની સર્વજ્ઞત્વશક્તિ છે. આ શક્તિ દૂરના કે નજીકના, વર્તમાનના કે ભૂત–ભવિષ્યના સમસ્ત પદાર્થોને જાણે છે પણ તેમાં કોઈને ઠીક–અઠીક માનતી નથી, આમાં એકલો જાણવાનો જ ભાવ છે, રાગ–દ્વેષનો ભાવ સર્વજ્ઞત્વ શક્તિમાં નથી. 'સર્વ ભાવ જ્ઞાતાદ્રષ્ટા સહ શુદ્ધતા' એવું આ શક્તિઓનું પરિણમન છે.

આત્માની બધી શક્તિઓમાં એવી કોઈ શક્તિ નથી કે જે પરને કે વિકારને કરે; પરંતુ કરને કે વિકારને ન કરે એવી અકર્તૃત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે, તેમ જ

પરને તેમ જ વિકારને જાણે એવી સર્વજ્ઞત્વશક્તિ ત્રિકાળ છે.

અહો, સમસ્ત વિશ્વને જાણવાની તાકાત આત્મામાં સદાય પડી છે. તેની પ્રતીત કરનાર જીવ ધર્મી છે. તે ધર્મી જીવ શરીર–મન–વાણી વગેરેની જે કાંઈ ક્રિયા થાય તેને જાણવાની ક્રિયા કરે છે, પણ 'હું તેને કરું છું અથવા તો આ હોય તો મને ઠીક ને આ ન હોય તો ઠીક' એવી માન્યતારૂપ મિથ્યાત્વની ક્રિયાને તે કરતો નથી. તે જાણે છે કે મારા આત્મામાં પરને જાણે તેવો ગુણ છે પણ કોઈ પરને લ્યે – મૂકે એવો કોઈ ગુણ મારામાં નથી; જગતના બધા પદાર્થોને જેમ છે તેમ ભિન્ન ભિન્ન સ્વરૂપે જાણવારૂપે પરિણમે એવી સર્વજ્ઞત્વશક્તિનો હું સ્વામી છું પણ પરની ક્રિયાનો સ્વામી હું નથી. મારી ક્રિયાશક્તિથી મારા અનંતગુણનાં પરિણમનરૂપ ક્રિયાને હું કરું છું પણ પરની ક્રિયાને કે વિકારને હું કરતો નથી. જડમાં પણ ક્રિયાશક્તિ છે, તેની ક્રિયા તેનાથી થાય છે, હું તો તેનો જાણનાર છું. આત્માની શક્તિનો વિકાસ થતાં પોતામાં સર્વજ્ઞપણું પ્રગટે, પણ આત્માની શક્તિનો વિકાસ થતાં તે પરનું કાંઈ કરી દે કે જગતનો ઉદ્ધાર કરી દે – એમ બનતું નથી.

સાધકને પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટી ન હોવા છતાં તે પોતાની સર્વજ્ઞત્વશક્તિની પ્રતીત કરે છે; તે પ્રતીત પર્યાયની સામે જોઈને કરી નથી પણ સ્વભાવ સામે જોઈને કરી છે. વર્તમાન પર્યાય તો પોતે જ અલ્પજ્ઞ છે, તે અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કેમ થાય ? અલ્પજ્ઞપર્યાયવડે સર્વજ્ઞતાની પ્રતીત થાય, પણ અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કેમ થાય ? અલ્પજ્ઞપર્યાયવડે સર્વજ્ઞતાની પ્રતીત થાય, પણ અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત ન થાય; ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ સર્વજ્ઞતાની પ્રતીત થાય છે. પ્રતીત કરનારી તો પર્યાય છે પણ તેને આશ્રય દ્રવ્યનો છે. દ્રવ્યના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કરનાર જીવને સર્વજ્ઞતારૂપે પરિણમન થયા વગર રહે નહિ.

હજી પોતાના સર્વજ્ઞપણું પ્રગટ્યા પહેલાં પણ 'મારો આત્મા ત્રણેકાળે સર્વજ્ઞતાપણે પરિણમવાની તાકાતવાળો છે' એમ જેણે સ્વસન્મુખ થઈને નક્કી કર્યું તે જીવ અલ્પજ્ઞતાને, રાગને કે પરને પોતાનું સ્વરૂપ ન માને. અલ્પજ્ઞપર્યાય વખતે પણ સર્વજ્ઞત્વ શક્તિ હોવાનો જેણે નિર્ણય કર્યો તેની રુચિનું જોર અલ્પજ્ઞપર્યાય ઉપરથી ખસીને અખંડ સ્વભાવમાં વળી ગયું છે, એટલે તે 'સર્વજ્ઞભગવાનનો નંદન' થયો છે.

આત્માના બધા ગુણો પોતામાં જ કાર્ય કરે છે. આત્મા પોતાના અનંગગુણ –

પર્યાયનો વિભુ છે, અનંત ગુણ – પર્યાયમાં તેની સત્તા વ્યાપે છે. પણ આત્મા પરનો વિભુ નથી, પર ઉપર તેની સત્તા નથી. તેમ જગતના સમસ્ત પદાર્થોને, તેના ગુણોને તેમ જ તેની ભાવાંતર કે ક્ષેત્રાંતરરૂપ અવસ્થાઓને – બધાને એકસાથે જાણે એવું આત્માનાં જ્ઞાનનું વિભુત્વ છે; જે આત્મા પોતાની આવી જ્ઞાનશક્તિની પ્રતીત કરે તે જ ખરો જૈન અને સર્વજ્ઞદેવનો ભક્ત છે; પણ આત્મા પરનું લ્યે–મૂકે–ફેરફાર કરે એમ જે માને છે તે આત્માની શક્તિને, સર્વજ્ઞદેવને કે જૈનશાસનને માનતો નથી, તે ખરેખર જૈન નથી.

જુઓ ભાઈ ! આ શું કહેવાય છે ? આત્મા મોટો ભગવાન છે, તેની મોટાઈના આ ગાણાં ગવાય છે. આ કાંઈ કલ્પનાથી નથી કહેવાતું પણ આત્માનો સ્વભાવ જ એવો છે. સર્વજ્ઞશક્તિ બધા આત્મામાં ભરી છે. 'સર્વજ્ઞ' એટલે બધાને જાણનાર. અનંત દ્રવ્ય, અનંત ગુણો, અનંતી પર્યાયો – એ બધાને જાણે એવો મોટો મહિમાવંત પોતાનો સ્વભાવ છે, તેને અન્યપણે–વિકારીસ્વરૂપે માનવો તે જ આત્માની મોટી હિંસા છે. ભાઈ રે ! તું સર્વનો જ્ઞ એટલે જાણનાર છો, પણ પરનું તો કાંઈ કદી કરી શકતો નથી. જ્યાં દરેક વસ્તુએ વસ્તુ જુદી છે ત્યાં જુદી ચીજનું તું શું કર ? તું સ્વતંત્ર અને તે પણ સ્વતંત્ર, બધા સ્વતંત્ર છે. અહો ! અનેકાન્તમાં તો એકલી વીતરાગતા છે. 'હું મારાપણે છું ને પરપણે નથી' એમ નક્કી કરતાં જ અનંતા પરતત્ત્વોથી ઉદાસ થઈને સ્વતત્ત્વમાં રહી ગયો એટલે વીતરાગતા થઈ ગઈ, – આમ અનેકાન્તમાં વીતરાગતા આવી જાય છે. અનેકાન્ત કહો કે ભેદજ્ઞાન કહો, તેના વિના વીતરાગતા હોય જ નહીં.

અનેકાન્ત તે વીતરાગી વિજ્ઞાન છે, તેમાં સમ્યગ્જ્ઞાનપૂર્વકની વીતરાગતા છે; અને એકાંતમાં એટલે કે સ્વ–પરની એકત્વબુદ્ધિમાં અજ્ઞાનસહિતનો કષાયભાવ છે. અનેકાન્તમાં તો વીતરાગીશ્રદ્ધા, વીતરાગી જ્ઞાન ને વીતરાગીચારિત્રનું સ્થાપન છે એટલે અનેકાન્ત તે જ મોક્ષમાર્ગ છે, અનેકાન્ત તે પરમ અમૃત છે. જ્યાં પરનું કરવાનું માન્યું ત્યાં એકાન્ત છે, તેમાં મિથ્યાત્વ અને રાગ–દ્વેષ ભરેલા છે, તે જ સંસારનું મૂળ છે.

અનેકાન્ત દરેક પદાર્થનું સ્વાધીનસ્વરૂપ બતાવે છે, દરેક પદાર્થ પોતાનાં સ્વરૂપથી જ અનંતધર્મવાળો છે એમ અનેકાન્ત બતાવે છે. 'અનેકાન્ત' કહેતાં જ સ્વથી અસ્તિને પરથી નાસ્તિ એટલે પોતાથી પરિપૂર્ણ અને પરથી પૃથક્ વસ્તુ સિદ્ધ થાય છે. હું પરથી

શૂન્ય છું ને મારા સ્વભાવથી સ્વાધીન–પરિપૂર્ણ છું– એમ અનેકાન્તમાં વીતરાગીશ્રદ્ધા છે, સ્વ–પરતત્ત્વની ભિન્નતાનું વીતરાગીજ્ઞાન છે, અને તેમાં જ સ્વરૂપસ્થિરતારૂપ વીતરાગીચારિત્ર છે કેમ કે પરથી ભિન્નતા જાણી એટલે જ્ઞાન પરમાં ન રોકાતાં સ્વમાં ઠર્યું. – એ રીતે વીતરાગી–શ્રદ્ધા, વીતરાગીજ્ઞાન અને વીતરાગીચારિત્ર એ ત્રણેય અનેકાન્તમાં આવી જાય છે.

હું બીજાનું કાંઈ કરી દઉં એવી જેની માન્યતા છે તેણે સામાતત્ત્વને પરાધીન માન્યું છે. જેણે એક પણ તત્ત્વને પરાધીન માન્યું તેણે જગતનાં સમસ્ત પદાર્થોને પરાધીનસ્વરૂપે માન્યા છે, અને સ્વાધીન તત્ત્વને કહેનારા ત્રણકાળના સંતોનો તેણે વિરોધ કર્યો છે; એ રીતે પરનું કર્તૃત્વ માનનારા એકાંતવાદી જીવનું અનંતું વીર્ય ઊંધી શ્રદ્ધામાં, ઊંધા જ્ઞાનમાં ને ઊંધા ચારિત્રમાં રોકાઈ ગયું છે, તેથી તે અનંત સંસારમાં રખડે છે. અનેકાન્તનું ફળ મોક્ષ છે ને એકાંતનું ફળ સંસાર છે. એકાંતવાદીને આચાર્યદેવે 'પશુ' કહ્યો છે કેમ કે તે પોતાના આત્મસ્વભાવને પરથી ભિન્નપણે નથી દેખાતો, પણ કર્મ વગેરે પરને જ આત્માપણે દેખે છે. અનેકાન્તવાદી તો પોતાના આત્માને પરથી ભિન્નપણ સાધે છે. અનેકાન્તમાં ઘણી ગંભીરતા છે.

'હું પરનું કરું' એનો અર્થ એ થયો કે મારું અસ્તિત્વ પરમાં છે, એટલે કે હું મારાપણે નથી. અને જેમ 'હું મારાપણે નથી' તેમ જગતનું કોઈ તત્ત્વ પોતાપણે નથી – એમ પણ તેમાં ગર્ભિતપણે આવી ગયું; એટલે તેના અભિપ્રાયમાં જગતનો કોઈ પદાર્થ સત્ રહ્યો જ નહિ; જગતના પદાર્થો તો જેમ છે તેમ સત્ છે, તેમનો તો કાંઈ અભાવ થતો નથી, પણ ઊંધો અભિપ્રાય સેવનાર જીવને પોતાની પર્યાયમાં મિથ્યાત્વનું મહાપાપ ઊભું થાય છે. જો આ અનેકાન્તથી વસ્તુસ્વરૂપને સમજે તો બધા ઊંધા અભિપ્રાયો છૂટી જાય. હું મારાપણે સત્ છું ને પર પરંપણે સત્ છે, હું પરપણે અસત્ છું ને પર મારાપણે અસત્ છે – એમ સમજતાં ક્યાંય પરાવલંબનનો ભાવ રહેતો નથી, સ્વાવલંબને એકલી વીતરાગતા જ પ્રગટે છે. આખું જગત એમ ને એમ પોતપોતાનાં સ્વરૂપમાં બિરાજી રહ્યું છે, તેમાં ક્યાં રાગને ક્યાં દ્વેષ ? હું તો બધાયનો જાણનાર જ છું, સર્વજ્ઞશક્તિનો પિંડ છું – એમ ધર્મી જાણે છે.

આ આત્મવૈભવનું વર્ણન ચાલ છે. પોતામાં જ સ્થિર રહીને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવો જ્ઞાનવૈભવ આત્મામાં ભર્યો છે. જો આત્માની સર્વજ્ઞત્વશક્તિનો

વિશ્વાસ કરે તો ક્યાંય ફેરફાર કરવાની વાત ઊડી જાય છે. 'નિમિત્ત આવે તો કાર્ય થાય ને નિમિત્ત ન હોય તો કાર્ય અટકી જાય'– એવી જેની માન્યતા છે તેને સર્વજ્ઞત્વશક્તિની પ્રતીત નથી, 'સર્વજ્ઞતા' કહેતાં જ બધા પદાર્થોનું ક્રમબદ્ધ પરિણમન સિદ્ધ થઈ જાય છે. જો પદાર્થની ત્રણેકાળની પર્યાયો ચોક્કસ ક્રમબદ્ધ ન હોય ને આડીઅવળી થતી હોય તો સર્વજ્ઞતા જ સિદ્ધ થઈ ન શકે; માટે સર્વજ્ઞતા કબૂલ કરનારે આ બધું કબૂલ કરવું જ પડશે.

આત્મામાં સર્વજ્ઞશક્તિ ત્રિકાળ છે; તે સર્વજ્ઞશક્તિ આત્મજ્ઞાનમય છે. આત્મા પર સાથે તન્મય થઈને પરને નથી જાણતો પણ સ્વમાં તન્મય રહીને જાણે છે. કોઈ પરના કારણે સર્વજ્ઞત્વશક્તિ પરિણમતી નથી પણ આત્માના આશ્રયે જ પરિણમે છે, આત્મસન્મુખ રહીને આત્માને જાણતાં લોકાલોક જણાઈ જાય છે. માટે સર્વજ્ઞત્વશક્તિ આત્મજ્ઞાનમય છે; જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. લોકાલોકને જાણવા છતાં સર્વજ્ઞત્વશક્તિ તો આત્મજ્ઞાનમય જ છે, લોકાલોકને કારણે કેવળજ્ઞાન નથી. આ વાત સર્વદર્શિત્વશક્તિનાં વર્ણનમાં વિસ્તારથી આવી ગઈ છે તે પ્રમાણે અહીં જાણવું.

હે જીવ ! તારા જ્ઞાનમાત્ર આત્માનાં પરિણમનમાં અનંતધર્મો એક સાથે ઊછળી રહ્યાં છે, તેમાં જ ડોકિયું કરીને તારા ધર્મને શોધ, તારા ધર્મને ક્યાંય બહારમાં ન શોધ. જેણે પોતાની સર્વજ્ઞતાની પ્રતીત કરી તે જીવ દેહાદિની ક્રિયાનો જ્ઞાતા રહ્યો. પરની ક્રિયાને ફેરવવાની વાત તો દૂર રહી પણ પોતાની ક્રિયાવતી શક્તિથી આત્માનું જેમ ક્ષેત્રાંતર થાય તેને પણ જ્ઞાન ફેરવતું નથી, માત્ર જાણે જ છે. 'સર્વજ્ઞતા' કહેતાં દૂર કે નજીકના પદાર્થને જાણવામાં ભેદ ન રહ્યો; પદાર્થ દૂર હો કે નજીક હો તેને લીધે જ્ઞાન કરવામાં કાંઈ ફેર પડતો નથી. દૂરના પદાર્થને નજીક કરવા કે નજીકના પદાર્થને દૂર કરવા તે જ્ઞાનનું કાર્ય નથી, પણ નજીકના પદાર્થને જેમ જ દૂરના પદાર્થને પણ સ્પષ્ટ જાણવાનું જ્ઞાનનું કાર્ય છે. જગતાના વિશેષ ભાવોને એક સરખી રીતે જ્ઞાન જાણે છે. કેવળી ભગવાનને સમુદ્ઘાત થવા પહેલાં તેને જાણવારૂપ પરિણમન થઈ ગયું છે; ભવિષ્યની અનંત અનંત સુખપર્યાયોનું વેદન થયા પહેલાં સર્વજ્ઞત્વશક્તિ તેને જાણવાપણે પરિણમી ગઈ છે. ભગવાન જિનેન્દ્રદેવની પૂજામાં 'સીમંધર જિન ચરણકમલ પર...' વગેરે બોલવાની ક્રિયા અને શુભ વિકલ્પ થાય તે કાર્ય પણ જ્ઞાનનું નથી, જ્ઞાનનું કાર્ય તો માત્ર 'જાણવું' તે જ છે; તેમાં પણ અધૂરું જાણવારૂપે પરિણમે તેવું જ્ઞાનનું મૂળ

સ્વરૂપ નથી, સર્વને જાણવારૂપે પરિણમે એવું જ્ઞાનનું સ્વરૂપ છે, – એમ અહીં સર્વજ્ઞત્વશક્તિ વર્ણવીને આચાર્યદેવે બતાવ્યું છે.

ધર્મીનો આશય એમ છે કે અમે તો જ્ઞાયક છીએ, એક પરમાણુમાત્રને પણ ફેરવવાનું કર્તાપણું અમે માનતા નથી. તણખલાના બે કટકા થાય તેને કરવાની અમારી તાકાત નથી પણ જાણવાની તાકાત છે – અને તે પણ એટલું જ જાણવાની તાકાત નથી પણ પરિપૂર્ણ જાણવાની તાકાત છે. જે જ્ઞાનની પૂર્ણ જાણવાની શક્તિને માને તે અધૂરી દશાને કે રાગને પોતાનું સ્વરૂપ ન માને, એટલે તેને જ્ઞાનના ઉઘાડનો અહંકાર ક્યાંથી થાય ? જ્યાં પૂર્ણ સ્વભાવનો આદર છે ત્યાં અલ્પજ્ઞાનનો અહંકાર હોતો જ નથી. જ્ઞાનસ્વભાવી આત્મા સંયોગ વિનાનો તેમ જ પરમાં અટકવાના ભાવ વિનાનો છે, કોઈ બીજાવડે તેનું માન કે અપમાન નથી. સર્વજ્ઞતા એટલે એકલું જ્ઞાન....પૂરેપૂરું જ્ઞાન....એવા જ્ઞાનથી ભરેલા આત્માની પ્રતીત કરવી તે ધર્મનો મૂળ પાયો છે.

નિમિત્તથી આત્માને લાભ થાય એમ માનનારને વિષયોમાં સુખબુદ્ધિ ટળી નથી. નિમિત્તથી આત્માને લાભ થાય એમ માનનારે આત્માની સર્વજ્ઞત્વશક્તિને માની નથી. મારામાં જ સર્વજ્ઞપણે પરિણમવાની શક્તિ છે તેનાથી જ મારું જ્ઞાન પરિણમે છે એમ ન માનતાં શાસ્ત્ર વગેરે નિમિત્તના આધારે મારું જ્ઞાન પરિણમે છે એમ જેણે માન્યું તેણે સંયોગથી લાભ માન્યો. જે જેનાથી લાભ માને તેને તેમાં સુખબુદ્ધિ હોય જ. સંયોગથી લાભ માને તેને સંયોગમાં સુખબુદ્ધિ છે, નિમિત્તથી લાભ માની તેને નિમિત્તમાં સુખબુદ્ધિ છે. સંયોગ એટલે પર વિષય; નિમિત્ત પણ પર વિષય છે. જેને નિમિત્તના આશ્રયથી બુદ્ધિ છે તેને પર વિષયમાં સુખબુદ્ધિ છે. જેણે આત્માને કોઈ પણ સંયોગથી કે નિમિત્તથી લાભ માન્યો તેને ઊંડેઊંડે પર વિષયોની જ રુચિ પડી છે, તેને આત્માના સ્વાધીનસુખની રુચિ થઈ નથી ને સ્વવિષય તેની દૃષ્ટિમાં આવ્યો નથી. જેને ખરેખર આત્માના સુખની રુચિ હોય તે એક પણ પર વિષયથી લાભ માને નહિં; ચૈતન્યબિંબ સ્વતત્ત્વ સિવાય બીજાથી લાભ માનવો તે વિષયોમાં સુખબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે.

'મારો આત્મા જ સર્વજ્ઞતા અને પરમ સુખથી ભરેલો છે' એવી જેને પ્રતીત નથી તે જીવ ભોગહેતુ ધર્મને એટલે કે પુણ્યને જ શ્રદ્ધે છે; ચૈતન્યના નિર્વિષય સુખનો તેને અનુભવ નથી એટલે ઊંડાણમાં તેને ભોગનો જ હેતુ પડ્યો છે.

સર્વજ્ઞત્વપણે પરિણમવાની આત્માની જ શક્તિ છે, તેને બદલે નિમિત્તના આશ્રયે

જ્ઞાન ખીલે એમ જે માને તેને પાંચ ઇંદ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ ટળી નથી; નિમિત્ત અને વિષયો બંને એક છે. નિમિત્તથી લાભ માનનાર કે વિષયોમાં સુખ માનનાર એ બંનેની એક જ જાત છે. તેઓ આત્મસ્વભાવનો આશ્રય કરીને ન પરિણમતાં સંયોગનો આશ્રય કરીને જ પરિણમી રહ્યા છે; ભલે શુભભાવ હો તો પણ તેમને વિષયોની રુચિ ટળી નથી ને સ્વભાવસુખની રુચિ થઈ નથી.

પરમાંથી કાંઈ લાભ લ્યે એવી કોઈ શક્તિ આત્મામાં નથી, તેમ જ આત્માને લાભ આપે એવી કોઈ શક્તિ પરવસ્તુમાં નથી; છતાં પરનો આશ્રય કરીને લાભ લેવાનું જે માને છે તેને સ્વવિષયની રુચિ નથી પણ ઊંડાણમાં વિષયોનાં સુખની રુચિ પડી છે; તેણે પોતાના આત્માને ધ્યેયરૂપ નથી કર્યો પણ વિષયોને જ ધ્યેયરૂપ બનાવ્યા છે. અહીં વિષયો કહેતાં એકલા અશુભરાગના નિમિત્તો જ ન સમજવા, પણ દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે શુભરાગના નિમિત્તો તે પણ પરવિષય જ છે. પોતાના ચૈતન્યસ્વભાવ સિવાયના બધાય પદાર્થો પરવિષયો છે, તેમના આશ્રયથી જે લાભ માને તેને પરવિષયોની પ્રીતિ છે.

દરેક આત્મામાં સર્વજ્ઞત્વશક્તિ છે; તેની શ્રદ્ધા કરનારને પરવિષયોના આશ્રયથી લાભની બુદ્ધિ હોતી નથી. 'અહો, મારા આત્મામાં સર્વજ્ઞતાનું સામર્થ્ય છે' એમ જેણે પ્રતીત કરી તેણે તે પ્રતીત પર સામે જોઈને કરી છે કે પોતાની શક્તિ સામે જોઈને કરી છે ? આત્માની શક્તિની પ્રતીત આત્માને ધ્યેય બનાવીને થાય કે પરને ધ્યેય બનાવીને થાય ? કોઈ નિમિત્ત, રાગ કે અધૂરી પર્યાયના લક્ષે પૂર્ણતાની પ્રતીત થતી નથી પણ અખંડ સ્વભાવનાં લક્ષે જ પૂર્ણતાની પ્રતીત થાય છે. પરમાર્થે અર્હંતભગવાન આ આત્માનાં ધ્યેય નથી, તેમના લક્ષે તો રાગ થાય છે; અર્હંતભગવાનની શક્તિ તેમનામાં છે, તેમની પાસેથી કાંઈ આ આત્માની શક્તિ આવતી નથી. અર્હંતભગવાન જેવી આ આત્માની શક્તિ પોતામાં ભરી છે. જો અર્હંતભગવાનની સામે જ જોયા કરે ને પોતાના આત્મા તરફ ન વળે તો મોહનો ક્ષય થાય નહિ. જેવા શુદ્ધ અર્હંતભગવાન છે તેવો જ હું છું – એમ જાણીને જો પોતાના આત્મા તરફ વળે તો સમ્યગ્દર્શન પ્રગટીને મોહનો ક્ષય થાય છે. પ્રભો ! તારી ચૈતન્યસત્તાના અસંખ્યપ્રદેશી ખેતરમાં તારા અચિંત્ય નિધાન ભર્યાં છે, તારી સર્વજ્ઞશક્તિ તારા જ નિધાનમાં પડી છે, તેની પ્રતીત કરીને સ્થિરતા દ્વારા ખોદ તો તારા નિધાનમાંથી સર્વજ્ઞતા પ્રગટે.

વિશ્વના સમસ્ત ભાવોને વિશેષ પ્રકારે જાણવાની આત્માની તાકાત છે. જડ–ચેતન, મૂર્ત–અમૂર્ત, સિદ્ધ–સંસારી, ભવ્ય–અભવ્ય ઇત્યાદિ સમસ્ત વિધવિધ અને વિષમ ભાવોને વીતરાગપણે જાણી લ્યે એવું સર્વજ્ઞતાનું સામર્થ્ય આત્મામાં ભર્યું છે, કોઈ નિમિત્તના કારણે તે જ્ઞાનસામર્થ્ય ખીલતું નથી. જો આત્મા નિમિત્તથી જાણતો હોય તો તો સર્વજ્ઞત્વશક્તિ નિમિત્તમયી થઈ ગઈ, પણ આત્મજ્ઞાનમયી ન રહી ! જેમ પૂર્ણતાને પામેલા જ્ઞાનમાં નિમિત્તનું અવલંબન નથી, તેમ નીચલી દશામાં પણ જ્ઞાન નિમિત્તને લીધે થતું નથી, એટલે ખરેખર પૂર્ણતાની પ્રતીત કરનારો સાધક પોતાનાં જ્ઞાનને પરાવલંબને માનતો નથી, પણ સ્વભાવના અવલંબને માનીને સ્વતરફ વાળે છે. પર સામે જોયે આત્માનું કાંઈ વળે તેમ નથી, સર્વજ્ઞશક્તિવાળા પોતાના આત્મા સામે જુએ તો સર્વજ્ઞતા મળવાની નથી, ને નિજસ્વભાવ સામે જોઈને સ્થિર થતાં ક્ષણમાત્રમાં સર્વજ્ઞતા પ્રગટી જાય તેવું છે.

પોતાના સ્વભાવનાં અવલંબને ત્રણકાળ ત્રણલોકને જાણવારૂપે પરિણમવાની આત્માની તાકાત છે; તેને બદલે સ્વભાવ–ઘરને છોડીને નિમિત્ત વગેરે પરદ્રવ્યનાં અવલંબને જે પોતાનું પરિણમન માને છે તે અજ્ઞાનીની વ્યભિચારીબુદ્ધિ છે. નિમિત્તના આશ્રયથી લાભ થાય એવી માન્યતા કહો, અજ્ઞાન કહો, મિથ્યાત્વ કહો, મૂઢતા કહો, સંયોગીદૃષ્ટિ કહો, વિષયોમાં સુખબુદ્ધિ કહો, વ્યભિચારીબુદ્ધિ કહો, અધર્મ કહો કે અનંત સંસારનું મૂળકારણ કહો – તે બધાયનો એક જ ભાવ છે. જ્યાં પોતાના સહજસ્વરૂપની રુચિ નથી ને પરાશ્રયભાવની રુચિ છે ત્યાં ઉપરના બધા ભાવો તેમાં પડ્યાં જ છે.

સર્વજ્ઞતા પ્રગટ્યા પહેલાં સાધકદશામાં જ આત્માની પૂર્ણશક્તિની પ્રતીત કરવાની આ વાત છે. પૂર્ણ શક્તિની પ્રતીત કરીને તેનો આશ્રય લેવાથી જ સાધકદશા શરૂ થઈને પૂર્ણદશા પ્રગટે છે.

સાધકને શાશ્વત તિર્થ સમ્મેદશિખર વગેરેની યાત્રાનો શુભ ભાવ આવે, પણ સમ્મેદશિખર વગેરેનાં કારણે મને મોક્ષ થશે – એમ તે માનતા નથી. તેને એમ પ્રતીત છે કે મારો મોક્ષ મારા જ્ઞાનસ્વભાવના આધારે જ થશે. નજીકનાં તેમ જ દૂરનાં સમસ્ત પદાર્થોને સમાનપણે જાણવાની મારા જ્ઞાનની તાકાત છે, મારા જ્ઞાનસામર્થ્યને દૂરનું કે નજીકનું જાણવામાં ફેર પડતો નથી. જ્યાં પૂરું જ્ઞાનસામર્થ્ય ખીલી ગયું તેમાં દૂર શું ને નજીક શું ? જ્ઞાન તો આત્મામાં રહીને જાણે છે, કાંઈ પદાર્થોની સમીપ જઈને તેને

નથી જાણતું. એક સર્વજ્ઞ અઢી દ્વિપની બરાબર વચમાં હોય ને બીજા સર્વજ્ઞ અઢી દ્વિપના છેડા ઉપર હોય, તો ત્યાં વચમાં રહેલા સર્વજ્ઞને ચારે બાજુના પદાર્થોનું કાંઈ વધારે સ્પષ્ટ જ્ઞાન થાય અને છેડા ઉપર રહેલા સર્વજ્ઞને સામા છેડાના પદાર્થો દૂર હોવાથી કાંઈ ઓછું જ્ઞાન થાય – એમ નથી; બંનેનું સર્વજ્ઞપણું સરખું જ છે. અહીંના પદાર્થનું જેવું સ્પષ્ટ જ્ઞાન અહીં રહેલ કેવળીને થાય તેવું જ સ્પષ્ટ જ્ઞાન લાખો-કરોડો યોજન દૂર રહેલા સિદ્ધ ભગવંતોને થાય છે; સર્વજ્ઞતામાં ફેર પડતો નથી. આવી સર્વજ્ઞતારૂપે પરિણમવાની શક્તિ દરેક જીવમાં ત્રિકાળ છે.

'અહો ! મારું સર્વજ્ઞપદ પ્રગટવાની તાકાત મારામાં વર્તમાન જ ભરી છે'– આમ સ્વભાવસામર્થ્યની શ્રદ્ધા કરતાં જ તે અપૂર્વ શ્રદ્ધા જીવને બહારમાં ઉછાળા મારતો અટકાવી દે છે ને તેનાં પરિણમનને અંતર્મુખ કરી દે છે. સ્વભાવસન્મુખ થયા વિના સર્વજ્ઞત્વશક્તિની પ્રતીત થાય નહિ. આ રીતે એક સર્વજ્ઞત્વશક્તિની પ્રતીત કરતાં તેમાં મોક્ષની ક્રિયા– ધર્મની ક્રિયા આવી જાય છે. જે જીવ સ્વભાવની સન્મુખ થઈને તેની પ્રતીત કરતો નથી અને નિમિત્તની સન્મુખતાથી લાભ માને છે તે જીવને વિષયોમાંથી સુખબુદ્ધિ ટળી નથી ને સ્વભાવબુદ્ધિ થઈ નથી. માથું કાપનાર નિમિત્ત મને નુકસાન કરે અને ભગવાનની વાણી મને લાભ કરે – એમ પર વિષયોથી લાભ-નુકસાન થવાની જેની માન્યતા છે તે જીવ મિથ્યાદૃષ્ટિ, વિષયોની બુદ્ધિવાળો છે, સ્વભાવની બુદ્ધિવાળો ધર્મી જીવ તો એમ જાણે છે કે માથું કાપનાર કસાઈ કે દિવ્ય વાણી સંભળાવનાર વીતરાગદેવ – એ બંને મારા જ્ઞાનનો જ્ઞેયો છે. તે જ્ઞેયોને કારણે મને કાંઈ લાભ-નુકસાન નથી તેમ જ તે જ્ઞેયોને કારણે હું તેને જાણતો નથી. રાગ-દ્વેષ વગર સમસ્ત જ્ઞેયોને જાણી લેવાની સર્વજ્ઞત્વશક્તિ મારામાં છે. કદાચ અસ્થિરતાનો વિકલ્પ આવી જાય તો પણ ધર્મીને આવી શ્રદ્ધા તો ખસતી જ નથી. તેથી જે પૂર્ણ જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં લીધો છે તેના જ અવલંબનનાં બળે અલ્પકાળમાં તેમને પૂર્ણ સર્વજ્ઞતા ખીલી જાય છે.

(અનેકાન્તસ્વરૂપી આત્માની સર્વજ્ઞત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું)

❋ ❋ ❋

હે જીવ ! તારું સર્વજ્ઞપદ તારામાં જ છે. – એમ જાણીને તું આનંદિત થા....ને આત્મા પ્રત્યે ઉલ્લસિત થા... તારો એ ઉલ્લાસ તને સર્વજ્ઞપદ પમાડશે.

# સ્વચ્છત્વ શક્તિ

**હે જીવ ! તારામાં એવી સ્વચ્છતાની શક્તિ છે કે તારા ઉપયોગદર્પણમાં લોકાલોક એક સાથે જણાઈ જાય. તું પરને જાણવાની આકુળતા છોડ....ને અંતર્મુખ થઈને તારાં સ્વરૂપમાં ઠર....ત્યાં લોકાલોક સ્વયમેવ તારા ઉપયોગમાં ઝળકશે...તેને જાણવા માટે તારે બહાર ડોકિયું નહિ કરવું પડે.**

**જેમ આંખમાં એક રજકણ પણ સમાય નહિ તેમ તારા ચૈતન્યની સ્વચ્છતામાં વિકારનો અંશ પણ રહી શકે નહિ.**

અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક (અર્થાત્ અનેક આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છશક્તિ આત્મામાં છે. જેમ અરીસાની સ્વચ્છશક્તિથી તેની પર્યાયમાં ઘટ–પટાદિ પ્રકાશે છે, તેમ આત્માની સ્વચ્છશક્તિથી તેના ઉપયોગમાં લોકાલોકનો આકારો પ્રકાશે છે.

અનંત શક્તિઓવાળા આત્માના આધારે કર્મ થાય છે, તેથી તેની શક્તિઓ વડે તેને ઓળખવા માટે આ વર્ણન ચાલે છે. આત્માના ઉપયોગમાં લોકાલોક જણાય એવો તેનો સ્વચ્છ સ્વભાવ છે. બહારમાં શરીરને ધોવાથી આત્માની સ્વચ્છતા થાય – એમ નથી; સ્વચ્છતા તો આત્માનો જ ગુણ છે, તે ક્યાંય બહારથી આવતી નથી. અજ્ઞાનીઓ ચૈતન્યના સ્વચ્છ સ્વભાવને ભૂલીને શરીરની સ્વચ્છતામાં ધર્મ માને છે, ને શરીરની અશુચિ થતાં જાણે કે પોતાના આત્મામાં મલિનતા લાગી ગઈ એમ તે માને છે; પણ આત્મા તો સ્વયં સ્વચ્છ છે, તેના ઉપયોગમાં લોકાલોક જણાય છતાં તેને મલિનતા ન

લાગે એવો તેનો સ્વચ્છ સ્વભાવ ત્રિકાળ છે.

હે જીવ ! તારી સ્વચ્છતા એવી છે કે તેમાં જગતનો કોઈ પદાર્થ જણાયા વગર રહે નહિ. જેમ અરીસાની સ્વચ્છતામાં બધું દેખાય છે તેમ સ્વચ્છશક્તિને લીધે આત્માના ઉપયોગમાં લોકાલોક જણાય છે. શરીર તો જડ છે, તેનામાં કોઈને જાણવાની તાકાત નથી, રાગાદિ ભાવોમાં પણ એવી સ્વચ્છતા નથી કે તે કોઈને જાણી શકે, તે તો આંધળા છે; આત્મામાં જ એવી સ્વચ્છતા છે કે તેના ઉપયોગમાં બધું ય જણાય છે. સ્વચ્છતાને લીધે આત્માનો ઉપયોગ જ લોકાલોકના જ્ઞાનપણે પરિણમી જાય છે. શરીર સ્વચ્છ હોય તો આત્માના ભાવ નિર્મળ થાય – એમ નથી. શરીર સ્વચ્છ હોવા છતાં ઘણા જીવોના ભાવ મલિન પણ હોય છે; અને મુનિવરો વગેરેને શરીર કદાચ મલિન હોય તો પણ ભાવમાં પરમ શુદ્ધતા હોય છે. ધર્મી જાણે છે કે જગતના બધા પદાર્થો મારા ઉપયોગમાં જણાય ભલે, પણ તે કોઈ પદાર્થ મારી સ્વચ્છતાને બગાડવા સમર્થ નથી. બહારના પદાર્થો કાંઈ જ્ઞાનમાં નથી આવી જતા, પણ જ્ઞાનના ઉપયોગનો એવો મેચક સ્વભાવ છે કે સમસ્ત પદાર્થોના જ્ઞાનપણે તે પરિણમે છે, છતાં પોતે સ્વચ્છતાને છોડતો નથી. જેણે પોતાના આવા પવિત્ર ઉપયોગ સ્વભાવની પ્રતીત કરી તે જીવ સ્વસન્મુખતાથી પર્યાયે પર્યાયે પવિત્રતાને પ્રગટ કરતો કેવળજ્ઞાનની સન્મુખ થતો જાય છે.

લોકાલોકને દેખવા માટે જીવને ક્યાંય બહાર જોવું નથી પડતું, પણ જ્યાં જ્ઞાનનો ઉપયોગ સ્વરૂપમાં લીન થઈને સ્વચ્છપણે પરિણમ્યો ત્યાં તેની સ્વચ્છતામાં લોકાલોક આપોઆપ આવીને ઝળકે છે. વસ્તુપાળ–તેજપાળના સંબંધમાં એમ વાત આવે છે એક વાર ચોરના ભયથી ઘરેણાં વગેરે મિલ્કત દાટવા માટે જમીનમાં ખાડો ખોદતા હતા, ત્યાં તે ખાડામાંથી જ સોનામહોરોનાં નિધાન નીકળી પડ્યા, તે જોઈને તેમની સ્ત્રીઓ કહે છે કે અરે સ્વામી ! આપણે તે કાંઈ જમીનમાં દાટવાનું હોય ? જ્યાં પગલે પગલે નિધાન નિકળે છે ત્યાં દાટવાનું શું હોય ? માટે આ લક્ષ્મીને એવી રીતે વાપરો કે જે કોઈ ચોરી ન શકે. – આ ઉપરથી પછી તેઓએ મંદિરો બંધાવ્યા. તેમ અહીં ચૈતન્યમાં એવી ઉપયોગલક્ષ્મીનો ભંડાર કર્યો છે કે અંતર્મુખ ઊંડા ઊતરીને તેને ખોદતાં કેવળજ્ઞાનનાં નિધાન પ્રગટે છે, ને લોકાલોક આવીને તેમાં ઝળકે છે. તે ઉપયોગની સ્વચ્છતાને કોઈ ચોરી જઈ શકતું નથી. જેના સ્વભાવમાં આવા નિધાન ભર્યાં તેને વળી કોઈ પરનો આશ્રય કેમ હોય ? સ્વભાવના આશ્રયે પર્યાયે પર્યાયે પૂરા નિધાન પ્રગટે છે. આત્મામાં

જ એવી સ્વચ્છતા ભરી છે કે કોઈ પરવસ્તુના કે મંદ કષાયના આશ્રય વગર જ તેનો ઉપયોગ લોકાલોકને જાણવાપણે પરિણમે છે.

સ્વચ્છ અરીસાની સામે મોર હોય ત્યાં અરીસામાં એવું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય, – જાણે કે મોર અરીસામાં પેસી ગયો હોય ! ત્યાં ખરેખર અરીસામાં મોર નથી દેખાતો પણ તેવું અરીસાની સ્વચ્છતાનું જ પરિણમન છે. તેમ ચૈતન્યમૂર્તિ આત્માનો ઉપયોગ તે આખા જગતનો મગલઅરીસો છે; તેની સ્વચ્છતામાં લોકાલોક એવા સ્પષ્ટપણે જણાય છે કે જાણે લોકાલોક તેમાં પ્રવેશી ગયા હોય ! ખરેખર કાંઈ લોકાલોક આત્માના ઉપયોગમાં પેસી જતા નથી, લોકાલોક તો બહાર જ છે, આત્માનો સ્વચ્છ ઉપયોગ જ તેવા સ્વરૂપે પરિણમ્યો છે. આવી સ્વચ્છશક્તિ આત્મામાં ત્રિકાળ છે. કાંઈ બહારના લક્ષે ઉપયોગની સ્વચ્છતા નથી થતી પણ ત્રિકાળી સ્વચ્છ ઉપયોગસ્વભાવની સન્મુખ થતાં ઉપયોગની સ્વચ્છતા પ્રગટે છે. આ રીતે સ્વચ્છશક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપેલી છે. એક સમયમાં જગતના અનેક પદાર્થોને જાણે તેવા આકારરૂપે ઉપયોગનું પરિણમન થવા છતાં તેનામાં ખંડખંડ કે મલિનતા થઈ જતી નથી – એવો સ્વચ્છતા શક્તિનો પ્રતાપ છે.

પરની સામે જોયે કે શુભરાગને લઈને ઉપયોગનું સ્વચ્છત્વ નથી થતું, શુભરાગ તો પોતે મલિનતા છે. આત્માનો ત્રિકાળી સ્વચ્છસ્વભાવ છે તેની પ્રતીત કરીને પરિણમતાં લોકાલોકને પ્રકાશે એવો સ્વચ્છ ઉપયોગ પ્રગટે છે. તે ઉપયોગ પરની સામે જોયા વિના પોતે પોતામાં લીન રહીને પોતાની સ્વચ્છતામાં બધાને જાણી લે છે. જેમ કોઈ વાર સ્વયંવર વગેરેમાં કન્યાને રાજકુમારો સામે જોવું ન પડે તે માટે એક સ્વચ્છ મોટો અરીસો રાખે છે, તે અરીસાની સામે જોતાં કન્યા તેમાં રાજકુમારનું મોઢું દેખી લે છે, કન્યાને બીજા સામે જોવું નથી પડતું; તેમ આત્મામાં એવી સ્વચ્છતા છે કે પર લોકાલોકની સામે જોયા વિના, પોતે પોતાના સ્વભાવની સામે જોતાં નિર્મળ ઉપયોગદર્પણમાં લોકાલોકને દેખી લે છે. જેમ સતી સ્ત્રીઓ પરપુરુષની સામે આંખ ઊંચી કરતી નથી તેમ પવિત્રમૂર્તિ આત્મા પરની સામે જોયા વગર જ લોકાલોકને પ્રકાશવારૂપે પરિણમવાની તાકાતવાળો છે.

દ્રૌપદી, સીતાજી વગેરે મહાન સતીઓ હતી, એક પતિ સિવાય બીજા કોઈને સ્વપ્નેય ઈચ્છે નહિ. દ્રૌપદી સતીને એક જ પતિ હતો, સ્વયંવરમાં તેણે પાંચ પાંડવોને વરમાળા

નથી નાંખી, પણ એકલા અર્જુનને તે વરી છે; પૂર્વના પ્રારબ્ધયોગે એવી ખોટી લોકવાયકા ઊડી ગઈ કે દ્રૌપદીને પાંચ પતિ હતા. અહો ! યુધિષ્ઠિર અને ભીમ એ જેઠ તો પિતાતુલ્ય હતા ને નકુલ–સહદેવે એ દિયર તો તેના દીકરાતુલ્ય હતા, આવી પવિત્ર સતીને પાંચ પતિ કહેવા તે કલંક આપવા જેવું છે. સતીને સ્વપ્નેય તેવું ન હોય. સતી સીતા, દ્રૌપદી, રાજિમતી વગેરે તો જગતની હીરલાઓ હતી, તેમને આત્માનું ભાન હતું, અંદરમાં બ્રહ્મઆનંદનો રસ ચાખ્યો હતો તેથી વિષયો નિરસ લાગ્યા હતા, વિષયમાં કિંચિત્ સુખ માનતા ન હતા. એવી પવિત્ર સતિઓ બીજા સામે જુએ નહિ. અહીં સતીઓનો દાખલો આપીને એમ સમજાવ્યું છે કે જેમ પવિત્ર સતીઓ બીજા પુરુષની સામે જોતી નથી તેમ ભગવાન આત્માનો એવો સ્વચ્છ–પવિત્ર સ્વભાવ છે કે કોઈ બીજાની સામે જોયા વિના, પોતે પોતાના સ્વભાવથી જ લોકાલોકને જાણવારૂપે પરિણમી જાય છે, ઇંદ્રિયોનાં આલંબનથી કે પરજ્ઞેયોની સન્મુખતાથી તે નથી જાણતો.

આ દ્રવ્યદ્રષ્ટિની વાત છે; વર્તમાન પર્યાયમાં કચાસ હોવા છતાં, સ્વસન્મુખ સ્વભાવની પ્રતીત કરવાની આ વાત છે. જેટલું બહિર્મુખ વલણ જાય તે મારું સ્વરૂપ નથી, મારો આખો સ્વભાવ અંતર્મુખ છે. મારા સ્વભાવની સ્વચ્છતા એવી છે કે તેની સામે જોતાં બધુંય જણાઈ જાય છે. બહારમાં જોવા જતાં તો વિકલ્પ ઊઠે છે ને પૂરું જણાતું નથી; લોકાલોકને જાણવા માટે બહારમાં લક્ષ લંબાવવું નથી પડતું પણ અંતરમાં એકાગ્ર થવું પડે છે; અનંતું અલોકક્ષેત્ર, અનંતો કાળ ને લોકના અનંતા પદાર્થો તે બધુંય સ્વભાવની સામે જોતાં જણાઈ જાય છે. લોકાલોકની સામે જોઈને કોઈ જીવ લોકાલોકનો પાર ન પામી શકે, પણ જ્ઞાન અંદરમાં ઠરતાં લોકાલોકનો પાર પામી જાય છે. – આમ ધર્મીને પોતાના અંતર્મુખ સ્વભાવની પ્રતીત છે.

આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ ! તું પરને જાણવાની આકુળતા છોડીને તારામાં ઠર, પરને જાણવાની આકુળતા કરવાથી તો તારું જ્ઞાન ઊલટું રોકાઈ જશે ને પૂરું જાણી નહિ શકે. પણ જો સ્વરૂપમાં સ્થિર થા તો તારા જ્ઞાનનો એવો વિકાસ પ્રગટી જશે કે લોકાલોક તેમાં સહજપણે જણાશે. માટે સ્વભાવસન્મુખ થઈને તારી સ્વચ્છતાના સામર્થ્યની પ્રતીત કર અને તેમાં ઠર. જુઓ, આ લોકાલોકને જાણવાનો ઉપાય !

અમૂર્તિક આત્મપ્રદેશોમાં જ લોકાલોક ઝળકે છે. લોકમાં મૂર્તિક પદાર્થો છે તેઓ પણ અમૂર્તિકજ્ઞાનમાં જણાય છે. મૂર્તિકપદાર્થોને જાણતાં જ્ઞાન કાંઈ મૂર્તિક થઈ જતું

નથી, કેમ કે મૂર્તિક પદાર્થોનું જ્ઞાન તો અમૂર્તિક જ છે. જગતમાં આત્મા છે, તેમાં જ્ઞાનગુણ છે, તેના ઉપયોગનું પરિણમન છે, તેનું પૂર્ણ સ્વચ્છ પરિણમન થતાં તેમાં લોકાલોક જણાય છે, સામે લોકાલોક જ્ઞેયપણે છે, પણ લોકાલોકને જાણનારું જ્ઞાન તેનાથી જુદું છે, લોકાલોકનું જ્ઞાન તો આત્મપ્રદેશોમાં જ સમાઈ જાય છે, – એક સ્વચ્છશક્તિને માનતાં તેમાં આ બધુંય આવી જાય છે. જે આ બધું ન સ્વીકારે તેને આત્માના સ્વચ્છસ્વભાવની પ્રતીત નથી.

અરીસાની સ્વચ્છતાને લીધે તેમાં મયૂર વગેરે સ્વયં પ્રકાશિત થાય છે. જિનમંદિરમાં બંને બાજુના અરીસામાં અનેક જિનપ્રતિમાની હાર હોય તેવું દેખાય છે, ત્યાં અરીસામાં કાંઈ જિનપ્રતિમા નથી, તે તો અરીસાની સ્વચ્છતાનું તેવું પરિણમન છે. અનેક પ્રકારના રંગ અને આકૃતિઓ અરીસામાં દેખાય છે તે કાંઈ બહારની ઉપાધિ નથી પણ અરીસાની સ્વચ્છતાની જ અવસ્થા છે. તેમ આત્માનો એવો સ્વચ્છ સ્વભાવ છે કે તેના ઉપયોગના પરિણમનાં લોકાલોકનું પ્રતિબિંબ ઝળકી રહ્યું છે, અનંત સિદ્ધ ભગવંતો જ્ઞાનમાં એક સાથે ઝળકી રહ્યા છે; ત્યાં જ્ઞાનમાં કાંઈ પરદ્રવ્યો ઉપાધિ નથી. અહો ! આવા સ્વચ્છ જ્ઞાનસ્વભાવમાં ક્યાંય પરનું આલંબન, વિકાર કે અધૂરાશ છે જ ક્યાં ?

જેમ બજારમાં દુકાનમાં અરીસો ટાંગ્યો હોય તેમાં બજારમાં ચાલ્યા જતા હાથી, ઘોડા, મોટર, સાયકલ, માણસો, સ્ત્રીઓ, કોલસા કે વિષ્ટા વગેરે વિચિત્ર પદાર્થો ઝળકે છે પણ તે અરીસા કોઈ ઉપર રાગ કે દ્વેષ થતો નથી; અરીસો પોતે સ્થિર રહે છે ને પદાર્થો તેમાં સ્વયમેવ ઝળકે છે. તેમ આત્માના ચૈતન્યઅરીસામાં વિશ્વના સમસ્ત ચિત્ર–વિચિત્ર પદાર્થો ઝળકે છે એવો તેને સ્વભાવ છે પણ તેમાં કોઈ ઉપર રાગદ્વેષ કરવાનો તેનો સ્વભાવ નથી; સિદ્ધ ઉપર રાગ અને અભવ્ય ઉપર દ્વેષ કરે એવું તેમાં નથી; તે તો નિજસ્વરૂપમાં સ્થિર રહીને વીતરાગપણે વિશ્વના પ્રતિબિંબને પોતામાં ઝળકાવી રહ્યો છે. અરીસાનું દૃષ્ટાંત આપ્યું તે અરીસો તો જડ છે, તેને પરની કે પોતાના સ્વભાવની ખબર નથી, આત્મા તો લોકાલોકપ્રકાશક ચૈતન્યઅરીસો છે, તે પોતે પોતાના સ્વભાવનો તેમજ પરનો પ્રકાશક છે. સ્થિર થઈને પોતે પોતાના અરીસામાં જુએ તો તેમાં પોતાનું શુદ્ધસ્વરૂપ દેખાય, ને લોકાલોકનું પણ જ્ઞાન થઈ જાય.

જુઓ, અહીં આચાર્યભગવાન કહે છે કે નિજસ્વરૂપને જાણતાં પરનું જ્ઞાન થઈ જાય છે. સ્વભાવને જાણ્યા વગર એકલા પરને જ જાણવા જાય તો તે મિથ્યાજ્ઞાન છે,

તેમાં પરનું પણ યથાર્થ જ્ઞાન થતું નથી. જ્યાં સ્વપ્રકાશક્તારૂપ નિશ્ચય હોય ત્યાં જ પરપ્રકાશક્તારૂપ વ્યવહાર હોય છે.

જગતમાં સ્વ અને પર બંને વસ્તુઓ છે, અને તે બંનેને જાણવાનું જ્ઞાનનું સામર્થ્ય છે; પણ સ્વમાં પરનો અભાવ છે ને પરમાં સ્વનો અભાવ છે. – આમ જાણવું તે અનેકાન્ત છે, અને તે જ સત્યસ્વરૂપ છે. દરેક વસ્તુ પોતપોતાના સ્વભાવસામર્થ્યથી પરિપૂર્ણ છે ને પરથી છૂટી છે – એમ અનેકાન્તવડે સત્ય વસ્તુસ્વરૂપને ઓળખ્યા વગર વીતરાગી સત્યની જાહેરાત થઈ શકે નહિ.

આત્માની સ્વચ્છશક્તિમાં વિકાર નથી અને તે સ્વચ્છશક્તિમાં અભેદ થઈને પરિણમતાં પર્યાયમાં પણ મલિનતા રહી શકતી નથી. જેમ આંખમાં એક રજકણ પણ રહી શકે નહિ, તેમ આત્માના સ્વચ્છઉપયોગમાં વિકારનો અંશ પણ રહી શકે નહિ.

અનંતધર્મોવાળા આત્માની સ્વચ્છશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# પ્રકાશ શક્તિ

**ચૈતન્યનો મહિમા એવો છે કે પોતે પોતાના સ્વસંવેદનથી સ્પષ્ટ અનુભવમાં આવે છે. ચૈતન્યના આવા મહિમાને જાણે તો અપૂર્વ કલ્યાણ પ્રગટે. આત્માનો મહિમા પોતાની અનંત શક્તિઓથી જ છે, કોઈ બાહ્ય વસ્તુવડે આત્માનો મહિમા નથી. જેને મોક્ષમાં જવું હોય તેને માટે આચાર્યદેવ આ ચૈતન્યનો કરિયાવર આપે છે.**

આત્માની અનંત શક્તિઓમાં એક પ્રકાશ નામની શક્તિ છે; કેવી છે તે શક્તિ ? સ્વયં પ્રકાશમાન વિશદ (સ્પષ્ટ) એવા સ્વસંવેદનમયી એટલે કે સ્વાનુભવસ્વરૂપ પ્રકાશશક્તિ છે.

જ્ઞાનમૂર્તિ આત્માનું સ્વસંવેદન કેવું છે ? કે સ્વયં પ્રકાશમાન છે અને સ્પષ્ટ છે, પ્રત્યક્ષ છે. આત્મા પોતે પોતાથી જ પ્રત્યક્ષ સ્વાનુભવમાં આવે – એવી તેની પ્રકાશશક્તિ છે. આત્મામાં અનાદિ–અનંત એવો પ્રકાશસ્વભાવ છે કે પોત પોતાથી પ્રકાશમાન છે અને પોતે જ પોતાનું સ્પષ્ટ સંવેદન કરે છે. આત્માને પોતાનું સ્વસંવેદન કરવામાં કોઈ પરના આશ્રયની જરૂર પડતી નથી. ઇંદ્રિયો વગેરે નિમિત્તોનો સંયોગ હોય તો આત્માને પોતાનું સંવેદન થાય – એમ નથી; તેમ જ આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન કરી શકે, પરોક્ષપણે જ આત્માની શ્રદ્ધા–જ્ઞાન થાય – એવું પણ નથી, કેમ કે પ્રકાશશક્તિને લીધે આત્માનો સ્વભાવ સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ સ્વસંવેદનરૂપ છે. ઇંદ્રિયો કે મનના આશ્રયે જે વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન કરે છે તે આત્માની એક સમય પૂરતી યોગ્યતા છે પણ આત્માનો ત્રિકાળી સ્વભાવ તેવો નથી તેમ જ એકલા પરોક્ષજ્ઞાનથી અનુભવમાં આવે એવો પણ

આત્મા નથી; આત્માનો સ્વભાવ તો સ્વયં પોતાથી અનુભવમાં આવે અને પ્રત્યક્ષ અનુભવમાં આવે એવો છે. જો નિમિત્તનાં અવલંબનથી આત્માના સ્વાનુભવનો પ્રકાશ થતો હોય તો આત્મામાં સ્વયંસિદ્ધ પ્રકાશશક્તિ રહેતી નથી. આત્મવસ્તુનાં શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ વગેરે બધું પોતામાં જ સમાય છે, પોતાના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ માટે કોઈ પરનો આશ્રય કે મદદ લેવી પડે એવો આત્માનો સ્વભાવ નથી. પરથી આત્માને લાભ થાય કે આત્મા પરને લાભ આપે – એવી શક્તિ આત્મામાં નથી.

આત્મામાં જીવત્વ, શ્રદ્ધા, જ્ઞાન, સુખ, પ્રભુત્વ વગેરે અનંત ગુણો છે, તે બધા સ્વયં પ્રકાશમાન છે, કોઈ પરનિમિત્તને લીધે પ્રકાશે એવો આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો સ્વભાવ નથી; પોતે પોતાથી જ સ્પષ્ટપણે પોતાના જ્ઞાન–આનંદ–શાંતિ વગેરેનું સ્વસંવેદન કરે – એવો આત્માનો ત્રિકાળ સ્વભાવ છે. જ્ઞાનાદિમાં પરોક્ષપણું રહે તે આત્માનો સ્વભાવ નથી. જો આત્માની આવી શક્તિને ન માને ને એકાન્ત પરોક્ષ જ માને તો તેણે આત્માને જાણ્યો નથી.

શ્રી વીતરાગી પ્રતિમા, શાસ્ત્ર, ઇંદ્રિયો વગેરે નિમિત્તોનાં કારણે અથવા તે તરફના શુભ વિકલ્પનાં કારણે મારું જ્ઞાન પ્રકાશે છે – એમ જે માને તેણે આત્માની સ્વયંસિદ્ધ સ્પષ્ટ સ્વાનુભવરૂપ પ્રકાશશક્તિને માની નથી એટલે કે શક્તિવાળા આત્માને પણ તેણે માન્યો નથી. જો જ્ઞાન એક સમય પૂરતો રાગ અને નિમિત્તોનાં લક્ષે જ જાણવામાં રોકાય પણ સ્વસન્મુખ થઈને આત્માનો પ્રત્યક્ષ અનુભવ ન કરે તો આત્માનું હિત થતું નથી; કેમ કે પરાશ્રિતપણે કાર્ય કરે એવો આત્માનો સ્વભાવ નથી, આત્મા તો સ્વયંપ્રકાશમાન સ્વભાવવાળો છે. આત્માને પોતાના સ્વાશ્રયે નિર્મળતા પ્રગટે – એવો તેનો સ્વભાવ છે, પણ પોતાની નિર્મળદશા પ્રગટ કરવા માટે કોઈ નિમિત્તનું કે પરનું અવલંબન કરવું પડે એવો તેનો સ્વભાવ નથી.

જુઓ, આ ચૈતન્યનો મહિમા ! પોતામાં આવી અનંત શક્તિઓ ભરેલી છે તેનાથી જ આત્માનો મહિમા છે, એ સિવાય લક્ષ્મી વગેરે બાહ્ય વસ્તુઓથી આત્માનો મહિમા નથી. જેમ સાસરે જતાં કરિયાવર આપે, તેમ જેને મોક્ષમાં જવું હોય તેને આચાર્યદેવ આત્માનો કરિયાવર દેખાડે છે. જો ભાઈ ! તારા આત્મામાં તારી અનંત શક્તિઓ ભરી છે તેના મહિમાને તું ઓળખ તો તેના અવલંબને અલ્પકાળમાં તારી સિદ્ધદશા પ્રગટી જશે. જેમ આત્મવસ્તુને કોઈએ બનાવી નથી પણ તેની સત્તા સ્વયંસિદ્ધ છે, તેમ

તેના જ્ઞાનાદિ અનંત ગુણો પણ સ્વયં પ્રકાશમાન છે. શું ઇંદ્રિયો છે માટે આત્મા છે ? શું મન છે માટે આત્મા છે ? શું પુણ્ય – પાપ છે તેથી આત્મા ટક્યો છે ? ના, ઇંદ્રિયોને લીધે, મનને લીધે કે પુણ્ય–પાપને લીધે આત્મા ટકેલો નથી પણ આત્મા તો સ્વયંસિદ્ધ અનાદિ–અનંત તત્ત્વ છે, તેની જ્ઞાનાદિ અનંતશક્તિઓ પણ સ્વયંસિદ્ધ અનાદિ–અનંત પ્રકાશમાન છે અને તેની સમયસમયની અવસ્થા પણ પોતાથી જ સ્વયં થાય છે. જુઓ, આ આત્માની પ્રકાશશક્તિનો મહિમા ! આત્માના આવા મહિમાને જાણે તો અપૂર્વ કલ્યાણ પ્રગટે.

પોતાથી બહારના પદાર્થો છે તેમાં ભળ્યા વગર તેને સ્પષ્ટ પ્રકાશવાનો આત્માનો સ્વભાવ છે. તે બહારના પદાર્થોને લીધે કાંઈ આત્મા તેમને પ્રકાશતો નથી પણ સ્વતઃ પોતાના પ્રકાશસ્વભાવથી જ તે પ્રકાશે છે. પરને જાણવા માટે બહારનું અવલંબન લેવું પડે એવો આત્માનો સ્વભાવ નથી. આત્મા ત્રિકાળ છે, તે સ્વયં સત્‌ છે, કોઈથી તે બનેલો નથી, તેમ આત્માના જ્ઞાનાદિ અનંત ગુણોમાં પણ સ્વયં પ્રકાશવાનો સ્વભાવ છે. પર્યાયમાં પરના અવલંબનને લીધે એક સમયપૂરતો જે વિકાર થાય છે તે આત્માનો સ્વભાવ નથી, તેના ઉપર ધર્મીની દૃષ્ટિ નથી; તેમ જ તેના આશ્રયે આત્માનો ધર્મ થતો નથી. જો જ્ઞાન પોતાના આત્માનો આશ્રય છોડીને રાગના અને પરના આશ્રયે જ કામ કરે તો ત્યાં અધર્મ થાય છે. પરથી તો આત્મા જુદો છે ને પોતાના એકવંશમાં વિકાર છે તેમાં અહંબુદ્ધિ છોડીને ત્રિકાળી ધ્રુવસામર્થ્યથી પરિપૂર્ણ આત્મસ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન કરવાની તાકાત આત્મામાં અનાદિ–અનંત છે, ને તે શ્રદ્ધા–જ્ઞાન આત્માના પોતાના જ અવલંબને થાય છે, તેથી તે સ્વયં પ્રકાશમાન છે, આવા શ્રદ્ધા–જ્ઞાન કરવાથી જ જીવને ધર્મ થાય છે. આ સિવાય પરના આશ્રયે જે શ્રદ્ધા–જ્ઞાન થાય તેનાથી ખરેખર જીવને કાંઈ લાભ થતો નથી. રાગનો કે નિમિત્ત વગેરે પરનો આશ્રય કરીને તેનાથી આત્માને કાંઈ લાભ થાય – એવો કોઈ ગુણ આત્મામાં નથી, તેમ જ પરમાં પણ એવો કોઈ લાભ આપે ! પરના આશ્રયે થતા કોઈ પણ ભાવથી લાભ થાય એવી માન્યતા તે મિથ્યાબુદ્ધિ છે. પરના આશ્રયે આત્માને લાભ થવાનું જે માને તે પરનો આશ્રય છોડીને આત્માનો આશ્રય કરે જ ક્યાંથી ? પરના આશ્રયે લાભ થવાનું માનનારને આત્માનો મહિમા નથી પણ પરનો મહિમા છે, એટલે તે જીવ મિથ્યાદૃષ્ટિ અધર્મી છે.

ઘણા જીવો નિમિત્તને લીધે આત્માને લાભ–નુકસાન થવાનું માની રહ્યા છે, તે

નિમિત્તાધીનદૃષ્ટિવાળા જીવો તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્ત એટલે પરદ્રવ્ય, તે આત્માને કાંઈ પણ લાભ કે નુકસાન કરી શકે નહિ. ખોટા દેવ–ગુરુ–શાસ્ત્ર તો ધર્મનાં નિમિત્ત પણ નથી, ને સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર પણ પોતાથી પર દ્રવ્ય છે, તેમના આધારે આત્માનું જ્ઞાન થતું નથી પણ આત્માના પોતાના આધારે જ જ્ઞાન થાય છે. – આવા સ્વાશ્રયની પ્રતીતમાં મુક્તિનો પરમ પુરુષાર્થ છે.

કેવો છે આત્માનો પ્રકાશસ્વભાવ ? એક તો સ્વયં પ્રકાશમાન છે અને સ્પષ્ટ સ્વસંવેદનમય છે. સ્વયં પ્રકાશમાન છે એટલે આત્મા પોતાના સ્વરૂપસન્મુખ રહીને સ્વયં પ્રકાશે છે, તેથી તેમાં પ્રત્યક્ષપણું જ આવ્યું; પરલક્ષે જે જ્ઞાન થાય તે પરોક્ષ છે, તે ખરેખર સ્વયં પ્રકાશમાન સ્વભાવ નથી. પરનું લક્ષ છોડીને તેમ જ અવસ્થામાં પરલક્ષે થતા રાગાદિને હેય કરીને, જ્ઞાનને અંતર્મુખ કરીને ત્રિકાળી આત્મસ્વભાવની સન્મુખ થવું તે જ સમ્યકશ્રદ્ધા–જ્ઞાન ને ચારિત્રનો ઉપાય છે. આત્માની સન્મુખ થઈને તેની પ્રતીત કર્યા સિવાય કદી પણ સમ્યકશ્રદ્ધા–જ્ઞાન કે ચારિત્ર થતાં નથી.

આત્માનું સ્વરૂપ સ્વયં પોતાથી પ્રગટ થાય – તેવું છે, આખો આત્મા પોતે પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ અનુભવમાં આવે છે – એવો તેનો સ્વભાવ છે; અને તે જ ઉપાદેય છે.

મંગલાચરણમાં આચાર્યદેવે કહ્યું હતું કે '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**'– પોતે પોતાની જ અનુભૂતિથી પ્રકાશમાન એવા શુદ્ધ આત્માને નમસ્કાર. નિમિત્ત–વ્યવહાર કે પ્રકાશજ્ઞાનનાં અવલંબન વિના જ ચિદાનંદમૂર્તિ ભગવાન આત્મા સ્વયં પોતાના સ્વભાવથી જ પ્રકાશમાન છે. ખરેખર આવા આત્મસ્વભાવમાં કોઈ નિમિત્ત–રાગ–વ્યવહાર કે પરોક્ષજ્ઞાન છે જ નહિ, એટલે તે નિમિત્ત–રાગ–વ્યવહાર કે પરોક્ષજ્ઞાનનો અભાવ કરવાની વાત પણ રહેતી નથી, સ્વયં પ્રકાશશક્તિવાળા શુદ્ધ આત્માનું અવલંબન લેતાં તે સિવાય બીજા બધાનું અવલંબન છૂટી જાય છે. નિમિત્તનાં લક્ષે જે જ્ઞાન તથા રાગ થાય તે પરાશ્રિત વ્યવહાર છે, તેને લીધે આત્માના કોઈ ગુણોનો વિકાસ થાય – એમ નથી. આત્માનું અવલંબન લેતાં પર્યાયમાંથી તે પરાશ્રિત જ્ઞાન તથા રાગનો અભાવ સહેજે થઈ જાય છે, અર્થાત્ સ્વાશ્રિત પર્યાયમાં તે પરાશ્રિતભાવની ઉત્પત્તિ જ થતી નથી. વ્યવહારનાં લક્ષે વ્યવહારનો અભાવ કરવા માગે – તો એમ પણ બનતું નથી. 'આ વ્યવહાર છે અને તેનો અભાવ કરું' – એવા વિકલ્પથી વ્યવહારનો અભાવ

થતો નથી પણ રાગની ઉત્પત્તિ થાય છે, શુદ્ધ આત્માની સન્મુખતા વડે સ્વયં પ્રકાશશક્તિનું પરિણમન પ્રગટતાં પરાશ્રયરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય છે. જેમ સૂર્યના પ્રકાશનો વિસ્તાર થાય ત્યાં અંધારું રહેતું જ નથી તેમ ચૈતન્યસૂર્યના સ્પષ્ટ સ્વાનુભવ વડે જ્યાં આત્માની સ્વયં પ્રકાશમાન શક્તિનાં કિરણો વિસ્તાર પામ્યા ત્યાં પરાશ્રયભાવરૂપ વ્યવહારઅંધકાર રહેતો નથી. પોતે પોતાથી પોતાનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે એવો આત્માનો પ્રકાશસ્વભાવ છે, ને પરોક્ષપણાનો તેમાં અભાવ છે. જેમ જેમ આત્માનું પ્રત્યક્ષ સ્વસંવેદન વધતું જાય છે તેમ તેમ પરોક્ષપણું છૂટતું જાય છે. જો કે સાધકને હજી પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન પ્રગટ્યું નથી ને પરોક્ષજ્ઞાન પણ વર્તે છે, પરંતુ તેને આત્માના સ્વભાવનું એક અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન થઈ ગયું છે. જો અંશે પણ પ્રત્યક્ષ સંવેદન ન થયું હોય ને સર્વથા પરોક્ષ જ જ્ઞાન હોય તો તે જીવ અજ્ઞાની છે; અને જો સંપૂર્ણ પ્રત્યક્ષ સ્વસંવેદનમય આત્મા આવી ગયો છે, અને પર્યાયમાં અંશે સ્વસંવેદનપ્રત્યક્ષ પ્રગટ્યું છે તથા અંશે પરોક્ષપણું પણ છે; પરંતુ સાધકની પ્રતીતનું જોર સ્વયંપ્રકાશમાન પરિપૂર્ણ પ્રત્યક્ષસ્વસંવેદનમય સ્વભાવ ઉપર હોવાથી તે દૃષ્ટિમાં પરોક્ષપણું ગૌણ છે. સ્વભાવના આશ્રયે તે પોતાની પૂર્ણતાને સાધે છે.

યથાર્થપણે આત્માની એક પણ શક્તિને સમજે તો શક્તિમાન એવો આખો આત્મા અને સમસ્ત જૈનશાસન સમજવામાં આવી જાય છે. સમસ્ત જૈનશાસનનો સાર શુદ્ધ આત્મા છે, તેથી જે શુદ્ધ આત્માને સમજ્યો તેણે સમસ્ત જૈનશાસન જાણ્યું. પર્યાયમાં તો વ્યવહાર, પરોક્ષપણું અને નિમિત્ત વગેરે છે, પણ તે સ્વભાવ નથી તેનો નિષેધ કરવામાં આવે છે. પર્યાયમાં વ્યવહાર, પરોક્ષપણું અને નિમિત્તનું અવલંબન અનાદિથી ચાલ્યા આવે છે પણ તેના અવલંબને લાભ થતો નથી. માટે અહીં આચાર્યદેવ કહે છે કે અરે જીવ ! તારી પૂર્ણ શક્તિ તારામાં ભરી છે તેને તું સંભાળ અને તેનું અવલંબન કર. અનાદિથી પોતાની સ્વભાવશક્તિને ભૂલીને બહારથી જ્ઞાનાદિ માનતો આવ્યો છે છતાં પોતાની સ્વયં પ્રકાશરૂપ શક્તિનો અભાવ થયો નથી. તારા સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માની એકવાર હા તો પાડ ! – કઈ રીતે ? કે ઇંદ્રિયો અને મનથી પાર થઈને સ્વયં પ્રકાશમાન એવા આત્માના પ્રત્યક્ષ સ્વાનુભવપૂર્વક એકવાર હા પાડ, તો તારા ભવભ્રમણનો નાશ થઈ જાય... ને તારો આત્મા અતીન્દ્રિય ચૈતન્યપ્રકાશથી ઝળહળી ઊઠે.

જુઓ, આ આત્માનો પ્રકાશ ! આ સિવાય બીજા લોકો એમ કહે છે કે ‘આત્માના ધ્યાનમાં અમને પ્રકાશનો પુંજ દેખાય છે,’– તે તો તેમની ભ્રમણા છે. હજી આત્મા કેવો છે તેની ખબર પણ નથી તો તેનું ધ્યાન ક્યાંથી હોય ? આત્મામાં કાંઈ મૂર્તિક પ્રકાશ નથી પણ ચૈતન્યપ્રકાશ છે. ખરેખર જ્ઞાનપ્રકાશી આત્મા જ બધાનો પ્રકાશક છે; જો આત્માનો જ્ઞાનપ્રકાશ ન હોય તો સૂર્ય વગેરેના પ્રકાશને જાણે કોણ ? સૂર્યનો પ્રકાશ પોતે પોતાને જાણતો નથી, તેને જાણનારું તો જ્ઞાન છે, અને તે જ્ઞાન સ્વયં પ્રકાશમાન છે, તે પોતે પોતાને પણ પ્રત્યક્ષ જાણે છે. આ પ્રત્યક્ષ સ્વસંવેદનમય પ્રકાશશક્તિ આત્માના બધા ગુણોમાં વ્યાપેલી છે, તે કાંઈ જુદી નથી રહેતી. તેથી તે એક શક્તિની પ્રતીત કરવા જતાં અનંત ગુણનો પિંડ આખો આત્મા જ દૃષ્ટિમાં આવી જાય છે. અખંડ આત્માને દૃષ્ટિમાં લીધા વિના તેની એકેય શક્તિની યથાર્થ પ્રતીત થતી નથી.

નિમિત્ત વગેરે પરવસ્તુ તો આત્મામાં કદી એક ક્ષણ પણ વ્યાપતી નથી, વિકાર તથા પરોક્ષપણું એક સમયપૂરતી પર્યાયમાં જ વ્યાપક છે. ત્રિકાળી આત્મામાં તે વ્યાપક નથી, ને આ પ્રત્યક્ષ સ્વસંવેદનરૂપ પ્રકાશશક્તિ તો આત્મામાં ત્રિકાળ વ્યાપક છે, આખા આત્માના સમસ્ત ગુણ–પર્યાયોમાં તે વ્યાપક છે. જેણે આત્માની આવી સ્વયંપ્રકાશશક્તિ સ્વીકારી, તેને પર્યાયમાં પરોક્ષજ્ઞાન હોવા છતાં તેનો આદર ન રહ્યો, પણ ત્રિકાળ સ્વભાવનો જ આદર રહ્યો; તેના આશ્રયે જ સમ્યક્શ્રદ્ધા – જ્ઞાન – ચારિત્ર અને મોક્ષદશા થાય છે. અહીં તો, આત્મા સ્વયંપ્રકાશમાન સ્પષ્ટ સ્વાનુભવરૂપ છે એમ અસ્તિથી વાત કરી, પણ પરોક્ષપણું નથી – એમ નાસ્તિની વાત ન કરી. નિશ્ચયનાં અવલંબનમાં વ્યવહારનો નિષેધ આવી જ ગયો.

અજ્ઞાની કહે છે કે ‘નિમિત્ત અને વ્યવહારના આશ્રયથી ધર્મ થવાની તમે ના પાડો છો, તો શું નિમિત્ત નથી ? – વ્યવહાર નથી ?’– આમ કહીને તે નિમિત્ત અને વ્યવહારના આશ્રયથી લાભ મનાવવા માંગે છે. પણ જ્ઞાની કહે છે કે અરે ભાઈ ! નિમિત્ત અને વ્યવહાર નથી – એમ કોણે કહ્યું ? – પણ તેના આશ્રયે લાભ થાય– એવી વાત ક્યાંથી લાવ્યો ? જગતમાં તો બધું ય છે; નિમિત્ત છે – તેથી શું ? – શું તેને લીધે આત્માને જ્ઞાન થાય છે ? વ્યવહારનો રાગ અને વિકલ્પ છે – તેથી શું ? – શું તેના વડે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર થાય છે ? એમ કદી થતું નથી. જીવને સંસાર છે, પણ શું તે સંસાર છે તેને લીધે આત્માની મુક્તિ થાય છે ? જેમ સંસાર

છે પણ તે કાંઈ મોક્ષનું કારણ નથી, તેમ નિમિત્ત અને વ્યવહાર છે પણ તે કાંઈ ધર્મનું ખરું કારણ નથી; સંસારનો નાશ થતાં મોક્ષદશા પ્રગટે છે, તેમ નિમિત્ત અને વ્યવહારનું અવલંબન છોડીને પરમાર્થરૂપ આત્મદ્રવ્યનું અવલંબન કરવાથી ધર્મ થાય છે. જુઓ, આમાં વ્યવહાર અને નિમિત્ત સ્થપાય છે કે ઉથાપાય છે ? વ્યવહાર અને નિમિત્ત છે એમ તો કરતાં કરતાં ધર્મ થાય તે વાત ઉથાપાય છે; વ્યવહાર અને નિમિત્તનું અવલંબન કરતાં કરતાં ધર્મ થવાનું જે માને તે મિથ્યાદૃષ્ટિ છે – એમ નક્કી કરવું, અને પોતે એવી માન્યતા છોડીને શુદ્ધસ્વભાવની રુચિ અને અવલંબન કરવું તે કલ્યાણનો ઉપાય છે.

અહો ! એકેક શક્તિનાં વર્ણનમાં આચાર્યદેવે આખો ભગવાન બતાવી દીધો છે; દિવ્યધ્વનિનો સાર, બાર અંગેનો સાર શુદ્ધ આત્મા છે. એવા શુદ્ધ આત્મદ્રવ્યની પ્રતીત તે ધર્મનું પ્રથમ પગથિયું છે, તે જ મુક્તિનું પહેલું સોપાન છે. પહેલાં પોતાના શુદ્ધઆત્મદ્રવ્યનો આશ્રય કર્યા વગર સમ્યક્ પ્રતીતિ થતી નથી. અને સમ્યક્ પ્રતીતિ વગર પોતાને વ્રત – પડિમા કે મુનિપણું માનવું તે તો અરણ્યમાં રુદન કરવા જેવું છે, તે કોણ સંભાળે ? આત્માની સન્મુખ થઈને તેની પ્રતીત કર્યા વગર અંદરથી આત્મા જવાબ આપે તેવો નથી.

જુઓ, આ કોનું વર્ણન ચાલે છે ? કોઈ બહારની વસ્તુનું આ વર્ણન નથી, પણ અંદરમાં પોતાની ચૈતન્યવસ્તુ અનંત ગુણથી પરિપૂર્ણ છે – તેને આચાર્યદેવ ઓળખાવે છે. તારા આત્મામાં પ્રકાશશક્તિ એવી છે કે જે સ્વયં પ્રકાશમાન છે, લોકાલોકને સ્પષ્ટ જાણે એવું તેનું સામર્થ્ય છે, અને તે પોતાના આત્માના સ્વસંવેદનમય છે. પોતાને તો સ્વસંવેદનથી પ્રત્યક્ષ જાણે છે ને પરને પણ પ્રત્યક્ષ જાણે છે. પરથી આત્મા જુદો છે માટે તેનું પ્રત્યક્ષજ્ઞાન ન થાય – એમ નથી; પ્રત્યક્ષપણું તો જ્ઞાનમાં છે. વળી કોઈ એમ કહે કે 'આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન જાણી શકે'– તો એમ કહેનાર ચૈતન્યતત્ત્વને આંધળું માન્યું છે એટલે કે ચૈતન્યતત્ત્વને તેણે જાણ્યું નથી. ચૈતન્યતત્ત્વ આંધળું નથી કે પોતાને પોતાનો અનુભવ કરવા માટે કોઈ બીજાની મદદ લેવી પડે ! પણ તે તો એવું સ્પષ્ટ પ્રકાશમાન છે કે પોતે સ્વયં પોતાનો પ્રત્યક્ષ સ્વાનુભવ કરે છે.

કોઈ કહે કે આત્માનો પૂર્ણ પ્રત્યક્ષ અનુભવ તો કેવળીને હોય, નીચલી દશામાં ન હોય. તો તેનું સમાધાન : અહીં વસ્તુના સ્વભાવની વાત છે, વસ્તુ તો ત્રિકાળી

કેવળી જ છે, વસ્તુમાં જો પૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાનનું સામર્થ્ય ન હોય તો તે આવશે ક્યાંથી ? અને જ્યાં આવી વસ્તુની પ્રતીત કરી ત્યાં પોતાને પોતાની મુક્તિની પણ નિઃશંક ખબર પડે છે. આત્માનો સ્વભાવ સ્વયં પ્રકાશમાન છે એટલે પોતાની પોતાને ખબર પડે છે. 'અમારી મુક્તિ કોણ જાણે ક્યારે થશે – એની કાંઈ અમને ખબર ન પડે, અથવા તો આત્મામાં કેટલી શુદ્ધતા થઈ ને કેટલી અશુદ્ધતા ટળી–તેની પોતાને ખબર ન પડે'– આમ જે માને છે તેણે સ્વયંપ્રકાશમાન આત્માને જાણ્યો જ નથી. પોતાને પોતાની ખબર ન પડે – એવી વાત આત્મામાં છે જ નહિ. પોતાના અપૂર્વ સ્વાનુભવનાં વેદનનો પ્રકાશ પોતે જ પોતાની પ્રકાશશક્તિથી કરે છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન થતાં આત્માના અપૂર્વ અતીન્દ્રિય આનંદનું વેદન થાય અને તેની પોતાને ખબર ન પડે – એમ બને જ નહિ, કેમ કે આત્મા પોતે જ સ્વયં પ્રકાશક છે. આત્મા પોતાના પ્રત્યક્ષ અનુભવથી પ્રકાશમાન છે; એકલા અનુમાનથી પરોક્ષ જાણે કે 'આત્મા આવો હોવો જોઈએ'– તો તે જ્ઞાન યથાર્થ નથી. આત્મા એકલા પરોક્ષજ્ઞાનથી પ્રકાશિત થતો નથી, પણ સ્પષ્ટ પ્રગટપણે પોતાના સંવેદનથી સાક્ષી લાવતો પોતે પોતાથી જ પ્રકાશમાન છે, બીજા કોઈની સાક્ષી લેવા જવું પડતું નથી. પોતાના સ્વભાવનું પરિણમન થયું, પોતાને સ્વભાવનું સ્પષ્ટ વેદન થયું–તેને પ્રગટપણે પ્રકાશવાની શક્તિ આત્મામાં છે. કોઈ કહે કે અમને અમારી ખબર ન પડે. તો તેને કહે છે કે અરે મૂર્ખ ! તને તારી ખબર ન પડે !! તું તો ચેતન છો કે જડ છો ? જડને પોતાની કે પરની ખબર ન પડે, પણ ચેતનમાં તો પોતાને તેમ જ પરને જાણવાની પરિપૂર્ણ તાકાત છે. ભાઈ, તું તારી પૂર્ણ તાકાતને ઓળખ.

પોતે પોતાથી અજાણ્યો રહે – એવો આત્માનો સ્વભાવ જ નથી; 'ન જાણવું' એવી શક્તિ જ આત્મવસ્તુમાં નથી. 'હું મને ન જણાઉં' એ તો અજ્ઞાનથી ઊભી કરેલી કલ્પના છે. આત્મા ચૈતન્યપ્રકાશથી પ્રભુ છે, તે પોતે પોતાને બરાબર જાણી શકે છે, પોતે પોતાનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે, તેમાં શાસ્ત્રને કે ભગવાનને પૂછવા જવું ન પડે. શાસ્ત્રમાં આત્માનું ગમે તેટલું વર્ણન કર્યું હોય, પણ તે શાસ્ત્રનો મર્મ જાણશે કોણ ? જાણનાર તો આત્મા છે ને ! માટે આત્મા પોતે પોતાથી જ પ્રકાશમાન છે.

કેટલાક જીવો એમ શંકા વેદતા હોય છે કે આપણને આપણી કાંઈ ખબર પડતી નથી, ભગવાને જ્ઞાનમાં જોયું હોય તે ખરું ! પણ અરે ભાઈ ! તારા જ્ઞાનમાં સંદેહ

વેદાતો હોય તો ભગવાન તે પ્રમાણે જાણે, અને તું તારો અનુભવ કરીને નિઃશંકતા પ્રગટ કર તો ભગવાન તેમ જાણે. જેમ વસ્તુસ્થિતિ હોય તેમ ભગવાન જાણે. વળી 'ભગવાન જ્ઞાનનો નિર્ણય તો તે કર્યો ને ? – તો ભગવાનનો જ્ઞાનનો જે નિર્ણય કરે તે પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કેમ ન કરી શકે ? જે જીવ જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને આત્માનો અનુભવ કરે તેને પોતાના અનુભવની નિઃશંક ખબર પડે છે.

અજ્ઞાનીને આત્માની રુચિ નથી તેથી ત્યાં એમ કહે છે કે અમને આત્માની ખબર ન પડે. પણ ભાઈ ! તું આત્માની રુચિ કરીને તેની સન્મુખતાનો બરાબર પ્રયત્ન કર તો આત્માની ખબર પડ્યા વિના રહે નહિ. સંસારના વેપાર–ધંધા કે રસોઈ વગેરે કામમાં 'મને નથી આવડતું'– એમ નહિ કહેતા, ત્યાં તો 'હું જાણું છું'– એમ પોતાના જાણપણાનું ડહાપણ કરે છે; અને અહીં પોતે પોતાને જાણવાની વાત આવે ત્યાં ના પાડે છે. અરે ભાઈ ! ઊંધી દૃષ્ટિને લીધે તારા જ્ઞાનમાં સ્વની નાસ્તિ ને પરની અસ્તિ થઈ ગઈ છે. 'બધાને જાણે છે કોણ ?'– કે હું. 'તો તને તારી ખબર ન પડે ?'– તો કહે છે કે ના. વાહ રે વાહ ! આશ્ચર્ય છે, 'અમુક દેશમાં માણસ વગર ચાલે તેવા એરોપ્લેન નીકળ્યા છે, મોટી લડાઈમાં હવે ફલાણો દેશ હારી જશે' એમ ત્યાં તો પોતાનું જાણપણું બતાવે છે, ત્યાં તો કાંઈ અજાણપણું નથી બતાવતો; તો હે ભાઈ ! 'આવો મારો ચૈતન્યમૂર્તિ આત્મા છે, મારામાં આવી અનંતી શક્તિઓ છે અને તેના આશ્રયે અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મારી મુક્તિ થશે, – આમ તારા આત્માનું નક્કી કરવાની શક્તિ તારામાં ખરી કે નહિ ? જે પર પદાર્થોને પ્રકાશી રહ્યો છે તેનો પોતાનો સ્વયં પ્રકાશમાન સ્વભાવ છે, એટલે આત્મા સ્વાનુભવથી પોતાને સ્પષ્ટ જાણે એવો તેનો પ્રકાશસ્વભાવ છે. માટે આચાર્યભગવાન કહે છે કે હે જીવ ! મને મારી ખબર ન પડે – એ વાત હૃદયમાંથી કાઢી નાંખ, અને તારા આત્મામાં પ્રકાશશક્તિ ત્રિકાળ છે તેનો વિશ્વાસ કર, તેની સન્મુખ થઈને પ્રતીતિ કર. પ્રકાશસ્વભાવી આત્માની પ્રતીતિ કરતાં તને તારા આત્માનું પ્રત્યક્ષ સ્વસંવેદન થઈને અલ્પકાળમાં તારી મુક્તિ થશે.

– આત્માની અનંતશક્તિઓમાંથી પ્રકાશશક્તિનું વર્ણન પૂરું થયું.

❋ ❋ ❋

**હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે !**

શ્રી ગુરુના પરમ અનુગ્રહથી જેને અનુભૂતિ પ્રગટી છે એવો શિષ્ય,આ ગાથામાં પોતાના સ્વસંવેદનનું વર્ણન કરીને કહે છે કે મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.

❋ ❋ ❋

# અસંકુચિત વિકાસત્વ શક્તિ

**હે જીવ ! તારી શક્તિ એવી છે કે સંકોચ વગરનો વિકાસ થાય. જે ભાવે તારી પર્યાયમાં સંકોચ થાય ને વિકાસ અટકે તે ભાવ તારું સ્વરૂપ નથી, એમ જાણીને તેનું અવલંબન છોડ ને સ્વભાવ શક્તિનું અવલંબન કર. તેનાં અવલંબને તારી પરિણતિનો એવો વિકાસ થશે કે જેમાં સંકોચ ન રહે, વિકાર કે અપૂર્ણતા ન રહે.**

ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્‌વિલાસ સ્વરૂપ અસંકુચિતવિકાસત્વ નામની શક્તિ છે, આ શક્તિ પણ આત્માના જ્ઞાનમાત્રભાવમાં ભેગી જ પરિણમે છે. સંકોચ વગરનો વિકાસ થાય – એવો ચૈતન્યનો વિલાસ છે. અમુક જ ક્ષેત્ર અને અમુક જ કાળને જાણે ને પછી વધારે ન જાણી શકે – એવી કોઈ મર્યાદા ચૈતન્યના વિકાસમાં નથી. ચૈતન્યનો એટલો વિકાસ થાય કે તેમાં જરાય સંકોચ ન રહે; અમર્યાદિત કાળ અને અમર્યાદિત ક્ષેત્રને પણ તે જાણી લ્યે – એવા અસંકુચિતવિકાસરૂપ ચૈતન્યસ્વભાવ છે. આત્મા પોતે ભલે અસંખ્યપ્રદેશી છે પણ તેથી કાંઈ તેની ચૈતન્યશક્તિનો વિલાસ મર્યાદિત થઈ ગયો નથી, અસંખ્યપ્રદેશી હોવા છતાં અનંત–અનંત અમર્યાદિત ક્ષેત્રને જાણે – એવી તેની તાકાત છે. ક્ષેત્રથી અનંતપ્રદેશી કે સર્વવ્યાપક હોય તો જ તેની અનંત શક્તિ કહેવાય – એમ નથી. પોતે અલ્પક્ષેત્રમાં રહીને સર્વક્ષેત્રને જાણી લે છે તથા એક સમયમાં ત્રણ કાળને જાણી લે છે, જાણવામાં કાંઈ સંકોચ થતો નથી. લોકાલોકમાં જેટલા જ્ઞેયો છે તેના કરતાં અનંતગુણા હોત તો તેને પણ જાણી લેવાની જ્ઞાનની બેહદ

તાકાત છે. જેનો સ્વભાવ જ જાણવાનો છે તેને જાણવામાં ક્ષેત્રની કે કાળની હદ ન હોય.

આત્મા જાણે છે પોતાના અસંખ્યપ્રદેશમાં,– પણ જાણે છે અનંત ક્ષેત્રને ! તેમ જ તે જાણે છે એક જ સમયમાં, પણ અનંત અમર્યાદિત કાળને જાણે છે. જુઓ, આ ચૈતન્યનો વિલાસ. આ ચૈતન્યવિલાસને કોઈ કેદમાં પૂરી શકે નહિ; જેમ કોઈ માણસને જેલમાં પૂર્યો હોય, પણ તે માણસ જેલની ઓરડીમાં બેઠો બેઠો પોતાનાં જ્ઞાનમાં બહારના પદાર્થોને જાણે – તો શું તેના જ્ઞાનને કોઈ રોકી શકે તેમ છે ? 'તને જેલમાં પૂર્યો છે માટે જેલની બહારનું જ્ઞાન તને નહિ કરવા દઉં'– એમ શું કોઈ તેને રોકી શકે છે ? તેમ આત્માના બેહદ જ્ઞાનવિલાસને કોઈ રોકી શકતું નથી, તેને કેદમાં પૂરી શકાતો નથી. અલ્પજ્ઞતા ને અલ્પવીર્ય વગેરે સંકોચપણે રહેવાનો આત્માનો સ્વભાવ નથી, શક્તિનો પરિમિત વિકાસ રહે – એવો તેનો સ્વભાવ નથી, પણ અસંખ્યપ્રદેશમાં ને એક સમયમાં પૂરું અમર્યાદિત કેવળજ્ઞાન તથા બેહદ વીર્ય, આનંદ વગેરે વિકાસ પામે – એવો અમર્યાદિત આત્મસ્વભાવ છે.

જુઓ, આવી અમર્યાદિત શક્તિનો પૂર્ણ વિકાસ કોના આશ્રયે પ્રગટે ? નિમિત્તનો, વિકારનો કે મર્યાદિત પર્યાયનો આશ્રય કરતાં અમર્યાદિત સામર્થ્ય પ્રગટતું નથી, પણ ઊલટું પર્યાયનું સામર્થ્ય સંકોચાઈ જાય છે; આત્માનો ત્રિકાળ અમર્યાદિત સ્વભાવ છે તેનો આશ્રય કરીને પરિણમતાં પર્યાયમાં પણ અમર્યાદિત ચૈતન્યશક્તિ વ્યકતપણે ઊછળે છે, પ્રગટ થાય છે. પ્રથમ આવા નિજસ્વભાવની પ્રતીત કરવી તે ધર્મની શરૂઆત છે. વર્તમાન પર્યાયમાં અલ્પ વિકાસ હોવા છતાં દ્રવ્યસન્મુખ દૃષ્ટિથી પોતાના પૂર્ણ વિકાસ થવારૂપ સ્વભાવસામર્થ્યની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. અને પોતાના પૂર્ણ સામર્થ્યની પ્રતીત ન કરતાં, પર્યાયનાં અલ્પ વિકાસ જેટલો જ પોતાને માનીને ત્યાં અટકી જવું તે પર્યાયમૂઢતાનું મિથ્યાત્વ છે.

અજ્ઞાની જીવો આત્માને નમાલો, તુચ્છ અને સામર્થ્યહીન માની રહ્યા છે, તેને આચાર્યદેવ આત્માનો બેહદ સામર્થ્યરૂપ સ્વભાવ બતાવે છે કે જો ભાઈ ! આ અલ્પ સામર્થ્ય જેટલો જ સંકુચિત તારો આત્મા નથી પરંતુ સંકોચ વગરનો બેહદ વિકાસ થાય – એવું તારા આત્માનું અચિંત્ય સામર્થ્ય છે. ચૈતન્યસામર્થ્યનો એવો અમર્યાદિત વિલાસ છે કે ગમે તેટલા ક્ષેત્રનું ને ગમે તેટલા કાળનું જાણવામાં તેને ક્યાંય સંકોચ નથી, મર્યાદા

નથી, કે થાક લાગતો નથી. ઘણું જાણ્યું માટે જ્ઞાન થાકી ગયું અથવા જ્ઞાનમાં સંકડાશ પડી – એવું કદી બનતું નથી; ચૈતન્યવિકાસથી લીલામાત્રમાં ત્રણકાળ– ત્રણલોકને જાણી લ્યે અને સાથે બેહદ આનંદને ભોગવે – આવી અદ્‌ભુત ચૈતન્યવિલાસની મોજ છે. અજ્ઞાની મૂઢ જીવો બહારમાં વિષય–કષાયમાં મોજ માની રહ્યા છે પણ તે તો આકુળતા છે – દુઃખ છે, તેને પોતાની અતિન્દ્રિય ચૈતન્યમોજની ખબર નથી તેથી જ તે બહારના ઇન્દ્રિયવિષયોમાં મોજ કલ્પે છે. જ્ઞાની તો જાણે છે કે મારા ચૈતન્યના વિલાસમાં જ મારી મોજ છે; તે જ્ઞાની બહારના ઇન્દ્રિયવિષયોમાં સ્વપ્ને પણ મજા માનતા નથી.

ચૈતન્યનો વિલાસ કેવો છે ? કે સંકોચ વિનાનો અમર્યાદિત તેનો વિકાસ છે; અમુક જ જાણે એવી તેની મર્યાદા નથી, તેમ જ ચૈતન્યનો જે પૂર્ણ વિકાસ પ્રગટવાનો તે ફરીને કદી સંકોચ પામતો નથી. આત્માના ચૈતન્ય–વિલાસને કાળ કે ક્ષેત્રની મર્યાદા નથી. પંચમકાળ છે અને ભરતક્ષેત્ર છે માટે આત્માની સ્વભાવશક્તિમાં કાંઈ સંકોચ થઈ ગયો – એમ નથી; સ્વભાવસામર્થ્ય ત્રણેકાળે એકરૂપ છે. ચૈતન્યના વિલાસને કોઈ ક્ષેત્ર કે કાળની મર્યાદામાં બાંધી શકાય નહિ, જે ક્ષેત્ર–કાળની મર્યાદા બાંધે છે તે ચૈતન્યતત્ત્વને કેદમાં બાંધે છે; ચૈતન્યતત્ત્વનો અમર્યાદિત વિલાસરૂપ અસંકુચિતવિકાસસ્વભાવ છે તેનો તો કાંઈ નાશ થતો નથી, તે તો અત્યારે પણ દરેક આત્મામાં છે, પરંતુ તેને જે જાણતો નથી તેને સંસારપરિભ્રમણ થાય છે.

અહીં આ શક્તિઓનું વર્ણન કરીને એમ બતાવવું છે કે જ્ઞાનમાત્ર આત્મામાં આ બધી શક્તિોઓ પણ ભેગી જ રહેલી છે તેથી આત્માને 'જ્ઞાનમાત્ર' કહેતાં એકાંત થઈ જતો નથી પણ અનેકાંત સ્વયમેવ પ્રકાશે છે; એવા અનેકાન્તમૂર્તિ આત્માને ઓળખતાં તેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે. આ બધી શક્તિઓ વડે જ્ઞાયકસ્વરૂપ આત્મા જ લક્ષિત થાય છે, એનાથી ભિન્ન બીજું કાંઈ લક્ષિત થતું નથી; કેમ કે અનંત શક્તિઓનો પિંડ આત્મા પોતે જ છે. આવા અનેકાન્તસ્વરૂપ આત્માને જાણવો તે જ જિનનીતિ છે. જુઓ, આ જૈનધર્મની લોકોત્તર નીતિ ! આગળ ૨૬૫મા કળશમાં કહેશે કે આવી અનેકાન્તાત્મક વસ્તુતત્ત્વની વ્યવસ્થિતિને અનેકાન્ત સાથે મેળવાળી દૃષ્ટિવડે સ્વયમેવ દેખતા થકા, સ્યાદ્વાદની અત્યન્ત શુદ્ધિને જાણીને, જિનનીતિને એટલે કે જિનેશ્વરદેવના માર્ગને નહિ ઉલ્લંઘતા થકા, સત્પુરુષો જ્ઞાનસ્વરૂપ થાય છે.

'જ્ઞાનસ્વરૂપ' કહીને આત્માને ઓળખાવ્યો છે, પરંતુ આત્મામાં કાંઈ એકલો જ્ઞાનગુણ

જ નથી પણ જ્ઞાન સાથે બીજા અનંત ગુણો છે. તે બધા ગુણો સહવર્તી છે અને તેની પર્યાયો ક્રમેક્રમે એક પછી એક થાય છે તેથી પર્યાયો ક્રમવર્તી છે. પર્યાય તો નવી થતી જાય છે ને બીજા સમયે નાશ પામી જાય છે, ગુણો નવા થતા નથી તેમ જ કદી નાશ પણ થતા નથી. દ્રવ્ય ત્રિકાળ અનંતગુણનો પિંડ છે. આવો આત્મસ્વભાવ સમજતાં પરથી ઉપેક્ષા થઈને પોતાના સ્વભાવનો આશ્રય થાય છે તેનું નામ ધર્મ છે. આત્માની એકેય શક્તિ પરમાં નથી, તેથી પરની સામે જોયે આત્મા જણાતો નથી ને તેના ગુણો પ્રગટતા નથી. ફક્ત ક્ષણિક પર્યાય ઉપર જુએ તો પણ અનંતશક્તિવાળો આત્મા જણાતો નથી. જ્ઞાનાદિ અનંતગુણનો જે પિંડ છે તેને અભેદપણે લક્ષમાં લ્યે તો આત્મા યર્થાથસ્વરૂપે જણાય.

હું શરીર વગેરે પરનાં કામ કરું – એમ જે માને તેની પર્યાય તો પરને જોવામાં જ અટકી ગઈ, પરથી ભિન્ન પોતાના આત્મા સામે તે જુએ નહિ એટલે તેનું મિથ્યાત્વ ટળે નહિ અને તેને ધર્મલાભ થાય નહિ. આત્માના ગુણોવડે જ્યારે પરથી ભિન્નપણું જાણ્યું અને પર તરફનું વલણ છોડીને આત્મા તરફ વલણ કર્યું ત્યારે, પહેલાં પરક્ષણે જે જ્ઞાન–દર્શન–આનંદ–વીર્ય વગેરે ગુણો સંકુચિત હતા તેમનો હવે પર્યાયમાં વિકાસ પ્રગટ્યો. સ્વભાવમાં તો વિકાસ થવાનું સામર્થ્ય હતું જ, તે હવે પર્યાયમાં પ્રગટ્યું. આત્મામાં આવો અસંકુચિતવિકાસધર્મ છે એટલે તેના બધા ગુણોમાં સંકોચ વગરનો અમર્યાદિત વિકાસ થાય – એવો તેનો સ્વભાવ છે.

આત્માનું જ્ઞાન સર્વથા બીડાઈ જઈને આત્મા જડ થઈ જાય – એમ કદી બનતું નથી; નિગોદની હલકામાં હલકી અવસ્થામાં પણ જ્ઞાનનો અમુક ક્ષયોપશમભાવ તો હોય છે એટલો એટલો અલ્પવિકાસ તો ત્યાં હતો, પણ તે સંકોચરૂપ હતો, મર્યાદિત હતો, – આત્માનો સ્વભાવ એવો નથી, સંકોચ વગરનો પરિપૂર્ણ વિકાસ થાય – એવો આત્માનો સ્વભાવ છે. હજી પર્યાયમાં પૂર્ણતા પ્રગટી ગયા પહેલાં આવા પરિપૂર્ણ સ્વભાવને પ્રતીતમાં લેવાની આ વાત છે, એટલે સાધકદશાની આ વાત છે. પહેલાં પોતાના પૂર્ણ સ્વભાવને ઓળખીને પ્રતીતમાં પણ ન લ્યે તો તેને પર્યાયમાં પૂર્ણતા ક્યાંથી આવશે ? કોના આધારે તે પોતાની પૂર્ણતાને સાધશે ! પરના આધારે લાભ માનશે તો તો ઊલટું મિથ્યાત્વનું પોષણ થશે. માટે આચાર્યપ્રભુ કહે છે કે બીજા બધા સાથેના સંબંધને ભૂલી જા અને એકલા તારા આત્માને તેના અનંતગુણોવડે લક્ષમાં લે – આ જ સાધક થઈને

સિદ્ધ થવાનો રસ્તો છે.

બીજા પદાર્થોને એક વાર લક્ષમાંથી કાઢી નાંખ અને તારા આત્માને જાુદો લક્ષમાં લે. જો, આ આત્મા છે ને ! – 'હા.' તેનામાં જ્ઞાન વગેરે ગુણો છે ને ! – 'હા.' હવે તે આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણોને પરથી પૃથક્ રાખે છે કે પર સાથે એકમેક થઈ જાય છે ? આત્માના ગુણો પરથી તો જાુદા જ છે. જેમ કે આ સુખડની લાકડી છે, તે લાકડીના સુગંધ વગેરે ગુણો હાથથી જાુદા છે કે એકમેક છે ? જાુદા છે. જેમ સુખડની લાકડીના ગુણો હાથથી એકમેક નથી પણ જાુદા છે તેમ આત્માના જ્ઞાનાદિ ગુણો છે તે કોઈ બીજાની સાથે એકમેક નથી પણ જાુદા જ છે. જો પોતાના જાુદા ગુણો ન હોય તો પદાર્થ જ જાુદો સિદ્ધ ન થાય. આત્માનો ગુણો પરથી પૃથક્ અને આત્મા સાથે એકમેક છે; આવા પોતાના ગુણોથી આત્મા ઓળખાય છે. તેથી આત્માની ઓળખાણ કરાવવા માટે તેના ગુણો કયાં કયાં છે તેનું આ વર્ણન ચાલે છે.

આત્માનું જ્ઞાન પ્રત્યક્ષ થઈને પરિપૂર્ણ વિકસિત થાય – એવો તેનો સ્વભાવ છે; પર્યાયમાં તે પૂર્ણ વિકાસ ક્યારે પ્રગટ થાય ? કે ત્રિકાળી પ્રત્યક્ષ પરિપૂર્ણ સ્વભાવનો આશ્રય કરીને પરિણમે ત્યારે પર્યાયમાં પૂર્ણ વિકાસ થાય. એ સિવાય વિકારનો આશ્રય કરીને લાભ માને તો પર્યાયમાં વિકાસ ન થાય પણ વિકાર થાય. અને જડનું હું કરું એમ માનીને જડના આશ્રયમાં રોકાય તો આત્મા જડ તો ન થઈ જાય પણ તેની પર્યાય સંકોચરૂપ રહે, પર્યાયનો જે વિકાસ થવો જોઈએ તે ન થાય. પરનાં લક્ષે કે વિકારનાં લક્ષે આત્માની પર્યાયમાં સંકોચ થાય છે ને વિકાસ થતો નથી. જીવની પર્યાયમાં અનાદિથી સંકોચ છે, તે સંકોચ ટળીને સંકોચ વગરનો વિકાસ કેમ પ્રગટે–તે અહીં આચાર્યદેવ બતાવે છે. આત્મામાં જ્ઞાનાદિનો અમર્યાદિત વિકાસ થવાની શક્તિ ત્રિકાળ છે, તેની પ્રતીત કરતાં તે પ્રતીત કરનારી પર્યાય પણ વિકાસ પામી જાય છે. અહીં તો આત્મ ત્રિકાળ સંકોચરહિત વિકાસરૂપ ચૈતન્યવિલાસથી પરિપૂર્ણ જ છે, પર્યાયમાં વિકાસ ન હતો ને પ્રગટ થયો – એવી પર્યાયદૃષ્ટિની અહીં પ્રધાનતા નથી.

મારી પર્યાયો મારા દ્રવ્યમાંથી આવે છે ને દ્રવ્ય તો પરિપૂર્ણ છે – આમ સ્વસન્મુખ થઈને દ્રવ્યની પ્રતીત કરે તો તેના આશ્રયે અમર્યાદિતપણે ચૈતન્યનો વિકાસ થઈને કેવળજ્ઞાન થાય. આત્માના સ્વભાવમાં અમર્યાદિત શક્તિ હોવા છતાં તેની પર્યાયમાં અલ્પતા કેમ થઈ ? જો સ્વભાવનો આશ્રય કરે તો તો સ્વભાવ જેવી જ પર્યાય થાય,

પણ સ્વભાવનો આશ્રય છોડીને પર્યાય પરાશ્રયમાં અટકી તેથી તેમાં અલ્પતા થઈ. જ્ઞાન પર તરફ વળ્યું તેથી તે અલ્પ થયું, શ્રદ્ધાએ પરમાં એકત્વ માનતાં તે મિથ્યા થઈ, ચારિત્રની સ્થિતિ પરમાં થતાં આનંદને બદલે આકુળતાનું વેદન થયું, વીર્ય પણ પર તરફનાં વલણથી અલ્પ થયું. એ રીતે પર તરફનાં વલણમાં અટકવાથી પર્યાયમાં અલ્પતા થઈ, સંકોચ થયો, તે અલ્પતા અને સંકોચ ટળીને પૂર્ણતાનો વિકાસ કેમ થાય તેની આ વાત છે.

આત્મામાં જીવનશક્તિ છે તેને ભૂલીને શરીર અને અન્ન વગેરેથી પોતાનું જીવન માનતો, ત્યારે આત્માની શક્તિ સંકોચાયેલી હતી, તેને બદલે હવે જીવત્વ શક્તિનું ભાન કર્યું કે હું તો મારા ચૈતન્યપ્રાણથી જ ત્રિકાળ જીવનારો છું, એટલે સ્વાશ્રયે સાચા ચૈતન્યજીવનનો વિકાસ થયો.

પહેલાં પોતાની સ્વાધીન શક્તિને ભૂલીને ચેતના તથા દર્શન–જ્ઞાનને પરાશ્રયે માનતો, ત્યારે તેની પર્યાય સંકોચરૂપ હતી, હવે જ્યાં સ્વાધીન શક્તિનું ભાન થયું ત્યાં તેના આશ્રયે ચેતના તથા દર્શન–જ્ઞાનનો બેહદ વિકાસ પ્રગટી ગયો.

એ જ પ્રમાણે પહેલાં પોતાની સ્વાધીન સુખશક્તિને ભૂલીને પરમાં સુખ માનતો ત્યારે સુખને બદલે આકુળતાનું વેદન કરતો હતો, તેને બદલે હવે સુખશક્તિ તો આત્મામાં છે એવું ભાન થતાં આત્માના આશ્રયે સુખનો વિકાસ થયો.

પહેલાં પરમાં સુખ માનતો ત્યારે આત્માનું વીર્ય પણ પરમાં રોકાતું એટલે સંકોચરૂપ હતું, તેને બદલે હવે તે વીર્ય સ્વભાવ તરફ વળતાં સ્વાશ્રયે તેનો વિકાસ ખીલ્યો.

વળી, પહેલાં પોતાની પ્રભુતાને ચૂકીને પરને પ્રભુતા આપતો તેથી પર્યાયમાં પ્રભુતા પ્રગટી ન હતી, તેને બદલે હવે નિજસ્વભાવની સ્વાધીન પ્રભુતાનું ભાન થતાં તેના આશ્રયે પ્રભુતા પ્રગટ થઈ.

પોતાની અનંત શક્તિઓમાં વિભુત્વ ભૂલીને આત્માને પરમાં વ્યાપક માનતો ત્યારે તેની શક્તિ સંકોચાયેલી હતી, પોતાની સ્વતંત્ર વિભુતાનું ભાન થતાં સ્વાશ્રયે વિભુત્વનો વિકાસ થયો.

વળી સર્વદર્શિત્વ અને સર્વજ્ઞત્વશક્તિ પોતામાં છે તેને ભૂલીને અલ્પજ્ઞતા જેટલો માન્યો ત્યારે દર્શન–જ્ઞાનનું પરિણમન અલ્પમર્યાદિત–સંકોચવાળું હતું, તેને બદલે હવે આત્મા જ સર્વદર્શી અને સર્વજ્ઞ સ્વભાવવાળો છે એવું ભાન થતાં તેના આશ્રયે સર્વદર્શિતા અને સર્વજ્ઞતાનો અમર્યાદિત વિકાસ ખીલી જાય છે.

પોતાના સ્વચ્છ ઉપયોગસ્વભાવને ભૂલીને તેને મલિન–રાગાદિમય માનતો ત્યારે તેના ઉપયોગમાં લોકાલોક જણાતા ન હતા, હવે આત્માના સ્વચ્છસ્વભાવનું ભાન થતાં તેના આશ્રયે ઉપયોગની એવી સ્વચ્છતા ખીલી કે તેમાં લોકાલોક જણાય છે.

વળી પહેલાં પોતાની પ્રકાશશક્તિને ભૂલીને પોતાનાં જ્ઞાનને પરાશ્રયે જ માનતો એટલે પોતાનું પ્રત્યક્ષ સ્વસંવેદન થતું ન હતું. હવે પોતાની સ્વાધીન પ્રકાશશક્તિને જાણતાં જ્ઞાન અંતર્મુખ થઈને સ્વયંપ્રકાશમાન એવું પ્રત્યક્ષ સ્વસંવેદન પ્રકાશિત થયું.

આ રીતે, અહીં આત્માની જીવત્વ આદિ બાર શક્તિઓનું વર્ણન કર્યું તે પ્રમાણે બીજી શક્તિઓમાં પણ સમજી લેવું કે આત્માની શક્તિ જ્યારે પરાશ્રયમાં રોકાય ત્યારે તેના વિકાસની મર્યાદા રહે છે અર્થાત્ તે સંકુચિત રહે છે, ને આત્મસ્વભાવનો આશ્રય કરતાં બધી શક્તિઓનાં પરિણમનમાં અમર્યાદિત વિકાસ ખીલી ઊઠે છે. જીવ શું કરે ?– કાં તો આત્માને ભૂલી પરાશ્રયમાં રોકાઈને પોતાની પર્યાયમાં સંકોચ પામે, અને કાં તો આત્માનું ભાન કરીને તેમાં એકાગ્રતાવડે પર્યાયમાં વિકાસ પામે; આ રીતે પોતાના જ પરિણમનમાં સંકોચ કે વિકાસ સિવાય પરનાં પરિણમનમાં તો જીવ કાંઈ કરી શકતો જ નથી – એ નિયમ છે. અને પોતાનાં પરિણમનમાં પણ જે સંકોચ થાય તે ખરેખર જીવનો મૂળસ્વભાવ નથી, સંકોચ વગરનો પરિપૂર્ણ વિકાસ થાય – એવો જીવનો સ્વભાવ છે. આવા સ્વભાવનું જે ભાન કરે તેને તે સ્વભાવના આશ્રયે પર્યાયનો વિકાસ થતાં અમર્યાદિત ચૈતન્યવિલાસ પ્રગટી જાય છે.

**પ્રશ્ન** :- આત્મા શરીરમાં રહે છતાં તેનું કાંઈ ન કરે ?

**ઉત્તર** :- અરે ભાઈ, ખરેખર આત્મા શરીરમાં રહ્યો જ નથી, આત્મા તો પોતાની અનંત શક્તિઓમાં રહ્યો છે.

**પ્રશ્ન** :- પણ વ્યવહારથી તો શરીરમાં રહેલો કહેવાય છે ને ?

**ઉત્તર** :- ભાષાની પદ્ધત્તિથી, આત્મા શરીરમાં રહ્યો કહેવાય છે પરંતુ ભાષાની પદ્ધત્તિ જાુદી છે ને સમજણની પદ્ધત્તિ જાુદી છે. વસ્તુસ્વરૂપ શું છે તે સમજે નહિ અને માત્ર ભાષાના શબ્દોને જ પકડીને તેવું વસ્તુસ્વરૂપ માની લ્યે તો તે જીવ અજ્ઞાની છે. આત્મા શરીરમાં રહ્યો છે એમ કહેવું તે તો નિમિત્ત અને સંયોગનું કથન છે, પણ વસ્તુસ્વરૂપ તેમ નથી. આત્માનું યર્થાથસ્વરૂપ શું છે તે સમજ્યા વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ.

અનાદિથી સ્વભાવને ભૂલીને પર્યાયબુદ્ધિ અને દેહબુદ્ધિથી જ પર્યાયમાં સંકોચ રહ્યો છે ને તેથી જ સંસાર છે, એટલે પર્યાયબુદ્ધિથી જ સંસાર છે. દેહના સંબંધ વિનાનો ને રાગથી પણ પાર, પોતાની જ્ઞાનાદિ અનંત શક્તિઓથી પરિપૂર્ણ – એવા સ્વભાવને જાણીને તેમાં તન્મયતા કરતાં પર્યાયનો વિકાસ થઈને મુક્તિ થઈ જાય છે, ને સંકોચ તથા સંસાર ટળી જાય છે.

આત્માના અસંખ્યપ્રદેશી ક્ષેત્રમાં ચૈતન્યસ્વભાવની અમર્યાદિત તાકાત છે; અસંખ્યપ્રદેશમાં પ્રભુતાની તાકાત ભરી છે, સિદ્ધની તાકાત આટલા જ ક્ષેત્રમાં છે, ત્રણકાળ ત્રણલોકને જાણનારો આટલા સ્વક્ષેત્રમાં જ રહેલો છે. ત્યાં, 'આટલા અલ્પક્ષેત્રમાં આવો બેહદસ્વભાવ કેમ હોય !'– એમ અલ્પક્ષેત્રની સામે જોઈને જે બેહદસ્વભાવમાં સંદેહ કરે છે તેને વસ્તુસ્વભાવની ખબર નથી. આત્માનું ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશી જ હો, પણ એટલા ક્ષેત્રમાં જ અનંત જ્ઞાન–દર્શન–આનંદ ઉત્પન્ન કરવાની તાકાત તેનામાં ભરી છે. – આમ આત્માસ્વભાવની અમર્યાદિત પ્રભુતાનો વિશ્વાસ કરતાં પર્યાય વિકસે છે, નાના–મોટા ક્ષેત્રની સાથે તેને સંબંધ નથી. કોઈને સાત હાથનો આકાર હોય ને કેવળજ્ઞાન પામે; માટે ક્ષેત્ર ઉપરથી સ્વભાવનું માપ નથી. જુઓ, આકાશ લોકાલોક વ્યાપી અનંતઅનંત પ્રદેશી છે, ને પરમાણુ એકપ્રદેશી જ છે; છતાં, જેમ અનંતપ્રદેશી આકાશ પોતાના સ્વભાવથી જ ત્રિકાળી ટકે છે તેમ એકપ્રદેશી પરમાણુ પણ પોતાના સ્વભાવથી ત્રિકાળ ટકનાર છે; પોતપોતાની સત્તાથી બંને પરિપૂર્ણ છે. આકાશમાં જેટલા અનંત ગુણો છે તેટલા જ ગુણો એક પરમાણુમાં પણ છે; આકાશનું ક્ષેત્ર મોટું અને પરમાણુનું ક્ષેત્ર નાનું માટે તેનામાં ઓછા ગુણો– એમ નથી. આ રીતે ક્ષેત્ર ઉપરથી સ્વભાવની તાકાતનું માપ નીકળતું નથી. જીવ અસંખ્યપ્રદેશી દ્રવ્ય છે છતાં તેના સ્વભાવમાં અનંત કાળ અને અનંતક્ષેત્રના પદાર્થોને જાણવાની તાકાત ભરી છે. તે સ્વભાવનો વિશ્વાસ કરે તો તેની અપાર શક્તિનો વિકાસ થઈ જાય છે. સ્વભાવની સામે જોવાથી જ સ્વભાવનો વિશ્વાસ થાય છે; એ સિવાય બહારમાં બીજો કોઈ તેનો ઉપાય નથી.

આત્મદ્રવ્યના એક સમયનાં પરિણમનમાં અનંત અમર્યાદિત તાકાત પ્રગટવાની શક્તિ છે; તે તાકાત પરના કે પર્યાયના આશ્રયે નહિ પણ દ્રવ્યના જ આશ્રયે પ્રગટે છે. આવો અમર્યાદિત ચિદ્વિલાસ છે. નિમિત્ત તો પર છે ને પર્યાય અધૂરી છે તેના ઉપર જોર આપતાં તે મર્યાદિતનાં લક્ષે મર્યાદિતપણું જ રહે છે, પણ વિકાસ થતો નથી.

ત્રિકાળીસ્વભાવનું જોર આપતાં પર્યાયમાં પણ અમર્યાદિત શક્તિ ખીલે છે.

જેમ લોકોમાં પણ જે ઉદાર હોય તે એમ કહે છે કે તમારે જોઈએ તેટલું લઈ જાઓ, અમને સંકોચ નહિ આવે. તેમ અનંતશક્તિનો પિંડ પ્રભુ આત્મા એવો ઉદાર છે કે જો તેની શ્રદ્ધા કરે તો વિકસે તો પણ આત્મામાં કદી સંકોચ પડતો નથી. આત્મામાં એવી શક્તિ છે કે તેનો વિશ્વાસ કરીને તેનું અવલંબન લેતાં કેવળજ્ઞાન પૂરું વિકસે,તેમાં સંકોચ ન રહે. પણ આવા આત્માને સમજવાની દરકાર કરવી જોઈએ બહારમાં બુદ્ધિ લગાવીને મફતનો અભિમાન કરે છે તેને બદલે અંતરમાં પોતાના આત્માને પકડવા માટે બુદ્ધિ લગાવવી જોઈએ, તેની રુચિ અને ઉલ્લાસ જોઈએ. અનંતકાળમાં પૂર્વે કદી નથી કરી એવી અપૂર્વ સમજણ માટેનો પ્રયત્ન પણ અપૂર્વ હોવો જોઈએ.

અહો ! મારા ચૈતન્યનો વિલાસ, ચૈતન્યનો આનંદ, ચૈતન્યનો મોક્ષમાર્ગ અને ચૈતન્યનો મોક્ષ – એ બધું મારા ચૈતન્યદ્રવ્યના જ આશ્રયે છે – આવી અંત્‌શ્રદ્ધા – જ્ઞાન કરતાં પર્યાયનો વિકાસ પ્રગટે, વિકાર ટળે, શુદ્ધતા વધે ને અમર્યાદિત જ્ઞાન–આનંદનો વિલાસ ખીલે. જે જીવ આમ નથી જાણતો તે ખરેખર દેવ–ગુરુ–શાસ્ત્રને જાણતો નથી, આત્માને જાણતો નથી ને જૈનશાસનને પણ જાણતો નથી.

અનાદિકાળથી જીવને આ સંસાર પર્યાયબુદ્ધિથી જ ઊભો છે. અંતરમાં પરિપૂર્ણ શક્તિના પિંડરૂપ દ્રવ્ય સદાય છે, પણ પર્યાયબુદ્ધિ છોડીને તે દ્રવ્યની સામે કદી જોયું નથી. અહો ! ત્રિકાળસ્વભાવના અંતરઅવલોકનની આળસે જ મુક્તિ અટકી છે. જેમ ભગવાન સામે બિરાજતા હોય પણ પોતે આંખ ઉઘાડવાની આળસ કરે તો ભગવાન ક્યાંથી દેખાય ? તેમ આત્મા પોતે ચૈતન્યભગવાન છે તે પોતાની પાસે જ છે પણ અંતર્‌નયનની આળસે તેને દેખતો નથી, તેથી સંસારમાં રખડે છે. લોકમાં પણ કહે છે કે 'મારા નયણની આળસે રે....નીરખ્યા ન હરિને જરી' હરિ એટલે બીજો કોઈ નહિ પણ પોતાના આત્મા; નયણની આળસે એટલે જ્ઞાનચક્ષુના પ્રમાદને લીધે પોતે પોતાને દેખ્યો નહિ. પાપના ઓઘને જે હરે તે હરિ; – કઈ રીતે હરે ? કે હરિ એવો જે પોતાનો શુદ્ધ ચૈતન્ય પરમેશ્વર, તેને દૃષ્ટિમાં લેતાં જ મિથ્યાત્વ વગેરે પાપસમૂહનો નાશ થઈ જાય છે. મિથ્યાત્વાદિનો નાશ કરવો તે પણ વ્યવહારથી કથન છે, ખરેખર તો શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિમાં તે મિથ્યાત્વાદિની ઉત્પત્તિ જ થતી નથી. જુઓ, આ પ્રભુના દર્શન કરવાની રીત ! અહીં આચાર્યદેવ આત્માને પામર કહીને સંબોધતા નથી પણ

આત્માની પ્રભુતા દેખાડે છે; સાક્ષાત્ ચૈતન્યપ્રભુની પ્રગટતા દેખાડાય છે, તું તારા જ્ઞાનનયન ખોલીને દેખ – એટલી જ વાર છે. સંકોચ અને વિકાર થયો છે તે ક્ષણિક પર્યાયની યોગ્યતા છે પણ તારી ત્રિકાળી શક્તિ તેવી નથી; તે વિકાર અને સંકોચપર્યાયની સામે જોતાં આત્માની પ્રતીત થાય છે ને તેમાંથી અમર્યાદિત અસંકુચિત વિકાસ પ્રગટે છે.

કોઈ કહે કે આત્મામાં અસંકુચિતવિકાસત્વ સ્વભાવ હોવા છતાં અત્યાર સુધી તેની પર્યાયમાં સંકોચ કેમ રહ્યો ? તો તેનું કારણ એ છે કે જીવને અનાદિથી પર્યાયબુદ્ધિ છે એટલે તે ક્ષણિક પર્યાય જેટલો જ પોતાને માને છે, પણ પોતાના સ્વભાવસામર્થ્યને ધ્યાનમાં લેતો નથી. જો સ્વભાવને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થાય તો પર્યાયમાંથી સંકોચ ટળીને વિકાસ થયા વિના રહે નહિ. અહીં તો દ્રવ્ય – પર્યાય સહિતની વાત છે, એટલે કે સાધકની વાત છે; સાધક જીવે પોતાની સ્વભાવશક્તિને પ્રતીતમાં લીધી છે ને પર્યાયમાં તેને તે શક્તિઓનું નિર્મળ પરિણમન ઊછળે છે. જે જીવ પોતાની સ્વભાવશક્તિને પ્રતીતમાં નથી લેતો તેને તેનું નિર્મળ પરિણમન ઊછળતું નથી.

જીવની પર્યાયમાં અનાદિથી જે સંકોચ છે તે કોઈ પરના કારણે નથી પણ પોતાની જ પર્યાયમાં ભૂલને કારણે છે. જે જીવ પોતાની પર્યાયની ભૂલને ન પકડે અને પરને કારણે પોતાની પર્યાય સંકોચાણી છે – એમ માને, તે જીવ ભલે રાગ ઘટાડીને ઘણા શાસ્ત્રોની ધારણા કરી જાય તોય તેને આત્માનો લાભ ન થાય. અને, મારી પર્યાયમાં સંકોચ છે તે મારી પોતાની ભૂલને કારણે છે, કોઈ પરના કારણે નથી – એમ તો માને, પરંતુ જો ભૂલરહિત સ્વભાવની સામે જોઈને તે ભૂલનો નાશ ન કરે તો તેને પણ આત્માનો લાભ થાય નહિ. ત્રિકાળી ચૈતન્યસ્વભાવનો પિંડ આત્મા છે તેની સન્મુખતાથી જ આત્માનો લાભ થાય છે તથા સંકોચ ટળીને વિકાસ પ્રગટે છે. મારો ત્રિકાળી સ્વભાવ શું છે અને પરિણમનમાં સંકોચ કેમ છે – તે વાત સમજ્યા વિના કોની સામે જોઈને પર્યાયનો વિકાસ કરશે ? મંદકષાય થયો તેને જ ચૈતન્યનો વિકાસ જીવ માની બેઠો હોય તેને કષાયથી ભિન્ન ચૈતન્યસ્વભાવનું ભાન નથી એટલે તેને ચૈતન્યનો વિલાસ પ્રગટે નહિ. મૂળ ભૂલ શું છે અને તે ભૂલ વગરનો સ્વભાવ શું છે – તે જાણે નહિ ને બફમમાં–ભ્રમણામાં રહી જાય તેને ચૈતન્યનો વિકાસ થતો નથી; તેને કદાચ કષાયની મંદતા અને જ્ઞાનનો ઉઘાડ ભલે હોય પરંતુ તેમાં આત્માનું હિત

નથી, તે ચૈતન્યનો ખરો વિલાસ નથી. ચૈતન્યના વિલાસની અતીન્દ્રિય મોજ તો કોઈ પરમ અદ્‌ભુત છે !

કોઈ જીવ જ્ઞાનના ઉઘાડના બળે આ વાત ધારી લ્યે, પણ પોતાને આત્માની પર્યાયમાં જે ભૂલ છે તેની જો ખબર ન પડે તો તેને જ્ઞાનના ઉઘાડથી આ વાત ખ્યાલમાં આ વાત ખ્યાલમાં આવવા છતાં પણ તેની ભૂલ ભાંગે નહિ અને અપૂર્વ કલ્યાણ પ્રગટે નહિ. ભૂલનો જ ખ્યાલ ન આવે તો તે ભૂલ ભાંગીને ભગવાન ક્યાંથી થાય ? ભગવાનપણુ અને ભૂલ – એ બંનેને જે જીવ સમજે તેને પોતામાં ભૂલ ટળીને ભગવાનપણાનો વિકાસ થયો વિના રહે નહિ. મારો સ્વભાવ શું છે અને અંતરની સૂક્ષ્મ ભૂલ ક્યાં રહી જાય છે એની ખબર પડ્યા વગર અગિયાર અંગ ભણ્યો તોપણ જીવની ભૂલ ભાંગી નહિ. જો વર્તમાનમાં ભૂલ છે તો નક્કી થાય છે કે નિજસ્વભાવની જેવી રુચિ હોવી જોઈએ તેવી રુચિ કરી નથી, અને જો ભૂલ ન હોય તો નિજસ્વરૂપ સમજાયું હોવું જોઈએ અને તેના આનંદ વગેરેનો વિલાસ ખીલવો જોઈએ. સંકોચ વગરનો મારો સ્વભાવ કેવો છે અને અત્યાર સુધી પર્યાયમાં સંકોચ કેમ રહ્યો – એ વાત જેને પકડતાં ન આવડે તે જીવ સંકોચપર્યાયનો નાશ ન કરી શકે અને તેને સંકોચ વગરનો વિકાસ પ્રગટે નહિ.

ઘણાને એમ પ્રશ્ન ઊઠે છે કે દ્રવ્યની પર્યાયો તો ક્રમબદ્ધ જ થાય છે – એમ આપ કહો છો, તો તેમાં પુરુષાર્થ ક્યાં આવ્યો ? – તેનું સમાધાન જુઓ ભાઈ ! દ્રવ્યની ક્રમબદ્ધ પર્યાયો થાય છે એમ જેણે નક્કી કર્યુ તેણે એમ પણ નક્કી કર્યું જ છે કે તે પર્યાયો દ્રવ્યમાંથી આવે છે, બહારથી નથી આવતી; એટલે એમ નક્કી કરનારની દૃષ્ટિ બહારમાં નથી રહેતી પણ અંતરમાં પોતાના દ્રવ્ય ઉપર તેની દૃષ્ટિ જાય છે. અને દ્રવ્યમાં તો સંકોચ વગરનો વિકાસ થવાનો સ્વભાવ છે તેથી તે દ્રવ્યની દૃષ્ટિના જોરે પર્યાયના નિર્ણયમાં દ્રવ્યદૃષ્ટિ અને મોક્ષમાર્ગનો અપૂર્વ પુરુષાર્થ આવી જાય છે.

કોઈ પણ શક્તિથી આત્માને ઓળખતાં તેમાં ઘણું રહસ્ય આવી જાય છે. આત્માની એક પણ શક્તિનું જ્ઞાન કરતાં આખા દ્રવ્યનું, ગુણોનું, પર્યાયનું, વિપરીતદશાનું, સમ્યક્‌દશાનું, સાધકનું ને સિદ્ધનું – એમ બધાનું જ્ઞાન થઈ જાય છે. ચૈતન્યનો બેહદ વિલાસ પ્રગટ કરીને અતીન્દ્રિય આનંદની મોજ માણે એવો અનાદિઅનંત ગુણ આત્મામાં છે. અવિનાશી ચૈતન્યતત્ત્વનો વિકાસ કોના આશ્રયે પ્રગટે ? શું નાશ થવાયોગ્ય એવા શુભ વિકલ્પરૂપ વ્યવહારના આશ્રયે, સંયોગના આશ્રયે કે ક્ષણિક પર્યાયના આશ્રયે

અવિનાશી ચૈતન્યતત્ત્વનો વિકાસ થાય ? ના. પોતાનો જે અમર્યાદિત સ્વભાવ ત્રિકાળ છે તેનો વિશ્વાસ કરતાં તેના આશ્રયે ચૈતન્યનો વિકાસ પરિપૂર્ણ ખીલી જાય છે.

જેમ કોઈ શેઠ હોય, તેનું મકાન બહારથી જુઓ તો ઝૂંપડા જેવું લાગતું હોય, પણ અંદર જઈને જુઓ તો ઘણી વિશાળતા હોય ને અબજોની કિંમતનું ઝવેરાત પડયું હોય. તેમ શેઠ એટલે કે બધા પદાર્થોમાં શ્રેષ્ઠ એવો ચૈતન્યમૂર્તિ આત્મા અસંખ્યપ્રદેશી ઝૂંપડીમાં રહ્યો હોવા છતાં તેનામાં અનંત સ્વભાવસામર્થ્ય ભર્યું છે. જગતનો રાજા ચૈતન્યભગવાન આત્મા પોતે અનંત સામર્થ્યનો ભંડાર છે, તે એવો ઉદાર છે કે પોતામાં સંસારપર્યાયરૂપી દુષ્કાળ ટાળીને અનંત આનંદમય મોક્ષદશા પ્રગટ કરવા માટે કોઈ પરની મદદ લ્યે તેવો નથી, પોતે એકલો પોતાના સ્વભાવની તાકાતથી પર્યાયનો સંકોચ ટાળીને વિકાસ કરીને મોક્ષદશા પ્રગટ કરે છે. પહેલાં આવી શ્રદ્ધા પણ જે ન કરે તેનામાં ચારિત્રદશાની કે મુનિપણાની લાયકાત હોય જ નહિ.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તથા મુનિપણું તો આત્મસ્વભાવના જ આશ્રયે છે; મોક્ષમાર્ગમાં નિજસ્વભાવની જ અપેક્ષા છે ને પરની–નિમિત્તોની ઉપેક્ષા છે; નિશ્ચયસ્વભાવનો જ આશ્રય છે ને વ્યવહારની ઉપેક્ષા છે; અભેદ દ્રવ્યની જ પ્રધાનતા છે ને પર્યાયની ગૌણતા છે. – આવા મોક્ષમાર્ગને સાધતાં સાધકને પર્યાયમાંથી સંકોચ ટળીને પૂર્ણ વિકાસ પ્રગટી જાય છે. ચૈતન્યસ્વભાવમાં એવાં અક્ષય નિધાન ભર્યા છે કે તેમાંથી ગમે તેટલું કાઢ્યા જ કરો તોપણ ખૂટે નહિ. આત્મા કહે છે કે મારામાં પરિપૂર્ણ નિધાન ભર્યા છે, જે જોઈએ તે લઈ જાઓ, જેવડી દશા જોઈએ તેવડી પ્રગટ કરો, મારામાં કદી સંકોચ પડે તેમ નથી; પરમઅવગાઢ શ્રદ્ધા, દિવ્ય કેવળજ્ઞાન, અનંત અતીન્દ્રિય આનંદ અને અનંત વીર્ય – એવા અનંત સ્વચતુષ્ટયરૂપ અમર્યાદિતદશા મારામાંથી પ્રગટ કરો. પણ તે કઈ રીતે પ્રગટે ? કે અંતર્મુખ અવલોકનવડે જ તે પ્રગટે છે, બહારમાં અવલોકનથી તે પ્રગટતી નથી. અંતર્મુખ થઈને સ્વભાવશક્તિની પ્રતીત કરતાં તેના અવલંબને પર્યાયમાંથી ક્રમે ક્રમે સંકોચ ટળીને વિકાસ થતો જાય છે ને અલ્પકાળમાં પૂર્ણતા પ્રગટી જાય છે. તે પૂર્ણતા પ્રગટ્યા પછી તેમાં ફરીને કદી સંકોચ થતો નથી. આવી તેરમી શક્તિની પ્રતીતિ તે તેરમા ગુણસ્થાનનું કારણ છે.

– તેરમી અસંકુચિતવિકાસત્વ શક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

સંતાનો અંતર્અનુભવમાંથી એવો રણકાર ઊઠ્યો કે અરે જીવ ! તેં તારા પરમાનંદ સ્વભાવને કદી છોડ્યો નથી, તારો સહજ જ્ઞાન–આનંદ સ્વભાવ તારામાં જ છે, અનાકુળ શાંતરસનો કુંડ તારા અંતરમાં છે....અંતરમાં અવલોકન કર.

❋ ❋ ❋

# અકાર્યકારણત્વ શક્તિ

**સર્વજ્ઞભગવાને આત્મામાં એવી કોઈ શક્તિ નથી જોઈ કે જેથી તે શરીરાદિનાં કાર્યોને કરે. તો હે મૂઢ ! તું વળી સર્વજ્ઞથી વધારે ડાહ્યો ક્યાંથી નીકળ્યો ? – કે મફતનો પરને કરવાનું માને છે ?**

**આત્માના સ્વભાવને તો વિકાર સાથે પણ કારણકાર્યપણું નથી. કેમ કે જો સ્વભાવથી આત્મા વિકારનું કારણ હોય તો, વીતરાગતા થવાનો અવસર તો દૂર રહો પરંતુ ભેદજ્ઞાન થવાનો અવસર પણ ન રહે. આત્માનો સ્વભાવ તો સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાયોનું જ કારણ થાય તેવો છે. આવા સ્વભાવને જે જાણે તેને તેવું કાર્ય પ્રગટે અને તે વિકારનો અકર્તા થાય.**

જ્ઞાનસ્વરૂપી આત્મામાં અનંત શક્તિઓ રહેલી છે તેનું આ વર્ણન ચાલે છે; આત્મામાં એક અકાર્યકારણત્વશક્તિ છે; આત્માના દ્રવ્ય, ગુણ કે પર્યાયને કોઈ પરવસ્તુ કરતી નથી તેથી આત્મા અકાર્ય છે, અને આત્મા કોઈ પરવસ્તુના દ્રવ્ય, ગુણ કે પર્યાયને કરતો નથી તેથી આત્મા અકારણ છે; પર સાથેનાં કાર્ય–કારણભાવ વગરનો આત્મા પોતે સર્વેથી ભિન્ન એક દ્રવ્યસ્વરૂપ છે. આવા આત્માને જે ઓળખે તેને સ્વભાવનું કાર્ય પ્રગટ્યાં વિના રહે નહિ. આત્મસ્વભાવનાં અવલંબને જે નિર્મળ પર્યાય પ્રગટી તે આત્માનું

કાર્ય છે અને આત્મા જ તેનું કારણ છે. એ સિવાય કોઈ પણ પર ચીજ આત્માનાં કાર્યનું કારણ છે જ નહીં. આત્મામાં અનંત શક્તિઓ છે પણ તેમાં કોઈ એવી શક્તિ નથી કે જેથી આત્માપરનું કારણ થાય. આત્માનું કારણ પર નહિને પરનું કારણ આત્મા નહિ; આત્માનાં સ્વકારણ – કાર્ય આત્મામાં, ને પરના કારણ–કાર્ય પરમાં.

આ અકાર્યકારણત્વશક્તિ આત્મામાં ત્રિકાળ છે, એટલે ખરેખર તો ક્ષણિક વિકારનું કાર્ય–કારણપણું પણ આત્મામાં નથી. જો ત્રિકાળી આત્મા વિકારનું કારણ હોય તો તો વિકાર સદા થયા જ કરે– પણ એમ નથી. તેમ જ આત્મા વિકારનું કાર્ય પણ નથી; એટલે કે વ્યવહારરત્નત્રય તે કારણ અને આત્માનું સમ્યગ્દર્શન તે કાર્ય – એમ નથી. સમ્યગ્દર્શન વગેરે નિર્મળપર્યાય પ્રગટી તે આત્મામાં અભેદ છે, એટલે જેમ વ્યવહારરત્નત્રયના કારણથી આત્મદ્રવ્ય નથી બનતું તેમ તેની નિર્મળ પર્યાય પણ નથી બનતી. કારણ– કાર્ય અભેદ છે. અહીં એનો અર્થ એમ ન સમજવો કે કર્મના કારણે વિકાર થાય છે ! અહીં તો આત્માની ત્રિકાળી શક્તિઓની વાત છે, ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિથી જોતાં આત્મામાં વિકાર થતો નથી, માટે આત્મા વિકારનું કારણ નથી – એમ સમજવું.

ચૈતન્યસ્વરૂપ આત્મામાં પોતાની જ્ઞાનાદિ અનંતશક્તિઓ ત્રિકાળ છે, પરંતુ શરીર–મન–વાણી કે પુણ્ય–પાપ તે કોઈ આત્માના ત્રિકાળ સ્વરૂપમાં નથી; તેથી તે શરીર–મન–વાણીવડે કે પુણ્ય–પાપવડે આત્માનો મહિમા નથી પણ પોતાની અનંતશક્તિઓ વડે જ આત્માનો મહિમા છે. જેમ કંદોઈની દુકાને અફીણ કે કોડિયાં ન મળે પણ માવો મળે, અને અફીણવાળાની દુકાને માવો ન મળે પણ અફીણ મળે, જેની પાસે જે હોય તે તેની પાસેથી મળે; તેમ આત્મા જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણનો ભંડાર છે તેની શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા કરવાથી તેમાંથી ગુણ મળે, પણ વિકાર કે જડ તેમાંથી ન મળે. પુણ્ય–પાપ તો અફીણના ગોટા જેવા છે તેની દુકાન જુદી છે, અને શરીર–મન–વાણીની ક્રિયા તે કુંભારના કોડિયા જેવી છે, તેમાં ક્યાંયથી આત્માનો ધર્મ મળે તેમ નથી, અને આત્મસ્વભાવની દુકાનેથી તે કોઈ મળે તેમ નથી. જડનું કોઈ તત્ત્વ અથવા જડની ક્રિયા કે પુણ્ય–પાપના વિકારી ભાવોને આત્માના અંતરસ્વરૂપમાં શોધે તો તે મળે તેમ નથી. અને જડની ક્રિયામાં કે વિકારી ભાવોમાં આત્માના અંતર્તત્ત્વને શોધે તો તે પણ મળે તેમ નથી.

આત્માના સ્વભાવમાં એવું અકાર્યકારણપણું છે કે પોતાના સ્વભાવથી અન્ય એવા કોઈ પણ પરદ્રવ્ય કે પરભાવ સાથે તેને કારણકાર્યપણું નથી. પુણ્ય પાપ પણ આત્માના સ્વભાવથી અન્ય છે એટલે તેનાથી આત્માનું સમ્યગ્દર્શનાદિ કાંઈ કાર્ય થાય – એમ નથી, તેમ જ આત્મા કારણ થઈને તે વિકારી ભાવોરૂપ કાર્યને ઉત્પન્ન કરે – એમ પણ નથી. આવો આત્માનો અનાદિઅનંત અકાર્યકારણ સ્વભાવ છે. અકાર્યકારણત્વ શક્તિ તો જો કે બધા દ્રવ્યોમાં છે, પરંતુ અત્યારે આત્માની ઓળખાણ કરાવવા માટે તેની શક્તિઓનું વર્ણન ચાલે છે. કોઈ પણ દ્રવ્યમાં એવી શક્તિ નથી કે બીજાનાં કાર્યને કરે. અને કોઈ પણ દ્રવ્ય એવું પરાધીન નથી કે પોતાનાં કાર્યને માટે જુદા કારણની અપેક્ષા રાખે. આવું વસ્તુસ્વરૂપ છે, આ જૈનદર્શનનું રહસ્ય છે.

આત્મદ્રવ્યનું કાર્ય બીજી કોઈ ચીજ વડે કરાતું નથી અને આત્મા બીજી કોઈ ચીજનાં કાર્યને કરતો નથી; એટલે આત્માને કોઈ અન્યના આશ્રયે પોતાનું ધર્મકાર્ય થતું નથી પણ એક પોતાના દ્રવ્યના આશ્રયે જ ધર્મકાર્ય થાય છે. 'અકાર્યકારણ' શબ્દમાં જે 'અ' છે તે કાર્ય અને કારણ બંનેની સાથે લાગુ પડે છે એટલે કે આત્મદ્રવ્ય પરનું કાર્ય નથી તેમ જ પરનું કારણ પણ નથી. જે જીવ ખરેખર સમસ્ત દ્રવ્યો સાથે પોતાનું અકાર્યકારણપણું સમજે તેને સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળ કાર્ય પ્રગટ્યાં વિના રહે જ નહિ. આત્મા પરના કાર્યનું કારણ થાય એવી શક્તિ જ તેનામાં નથી; તેમ જ પોતાના કાર્યને માટે પર કારણની અપેક્ષા રાખે એવી પરાધીનતા પણ તેનામાં નથી. આમ સમજે તેને ક્યાંય પર સાથે 'આ મારું કાર્યને આ મારું કારણ' એવી એકત્વબુદ્ધિ ન રહે, એટલે સ્વભાવના આશ્રયે નિર્મળ કાર્ય પ્રગટે. તેનું કારણ પણ આત્મા પોતે જ છે, બીજું કોઈ કારણ છે જ નહિ; એકેક સમયની પર્યાય પોતે જ પોતાના કારણકાર્યપણે વર્તે છે. પરમ શુદ્ધદ્દષ્ટિમાં તો કારણકાર્યના ભેદ જ નથી, કારણ–કાર્યના ભેદ કહેવા તે પણ વ્યવહાર છે.

નિમિત્તકારણવડે કાર્ય થાય એમ જે માને તે મિથ્યાદ્દષ્ટિ છે, તેને આત્માના અકાર્યકારણસ્વભાવનું ભાન નથી. નિમિત્તની ઓળખાણ કરાવવા માટે 'આ નિમિત્તથી આ કાર્ય થયું' એમ કહેવાય, પણ તે વ્યવહારથી જ છે, ખરેખર નિમિત્તને કારણે કાર્ય થવાનું માની લ્યે તો તેને સ્વ–પરતત્ત્વની એકબુદ્ધિ છે, તેને યથાર્થ કારણ–કાર્યની ખબર નથી. કારણ અને કાર્ય જુદા જુદા દ્રવ્યોમાં હોય જ નહિ. કારણ એક દ્રવ્યમાંને તેનું

કાર્ય બીજા દ્રવ્યમાં એમ હોય નહિ, છતાં જે તેમ માને તેને બે દ્રવ્યોમાં એકત્વબુદ્ધિ છે.

આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે, તેના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે સ્વયંસિદ્ધ છે. આત્મા કોઈ ઈશ્વરનું કાર્ય નથી એટલે કોઈ ઈશ્વરે આત્માને બનાવ્યો નથી; અમુક પદાર્થો ભેગા થઈને તેમાંથી આત્મા ઉત્પન્ન થયો – એમ નથી. તેમ જ નિમિત્તવડે, પુણ્ય–પાપવડે કે વ્યવહારવડે આત્મદ્રવ્યની રચના થઈ શકતી નથી એટલે કે તે કોઈવડે આત્મદ્રવ્યનો અનુભવ થતો નથી. કોઈ કહે કે વ્યવહારને કારણે આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની રચના થઈ, – તો એમ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની રચનામાં આત્માના સ્વભાવ સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ. આવો સ્વભાવ સમજતાં પર ઉપર દૃષ્ટિ રહેતી નથી પણ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. જડ કર્મનું કારણ આત્મા નથી. ક્ષણિક વિકારપરિણામ થાય તેના કારણપણે આખું દ્રવ્ય નથી, એટલે દ્રવ્યની સન્મુખ જોનાર જીવને ક્ષણિક વિકારની કર્તૃત્વબુદ્ધિ રહેતી નથી. ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરતાં વિકારની ઉત્પતિ થતી નથી માટે ત્રિકાળી દ્રવ્ય વિકારનું કારણ નથી. ત્રિકાળી દ્રવ્યના આશ્રયે તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની જ ઉત્પત્તિ થાય છે તેથી તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું કારણ થાય એવો દ્રવ્યનો સ્વભાવ છે.

વ્યવહારરત્નત્રયથી આત્મા નથી બનતો; જો વ્યવહારરત્નત્રયથી આત્મા બનતો હોય તો વ્યવહારરત્નત્રયનો નાશ થતાં આત્માનો પણ નાશ થઈ જાય ! વળી દ્રવ્યના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટી તે તો દ્રવ્યમાં અભેદ છે એટલે વ્યવહારરત્નત્રયથી જેમ દ્રવ્ય નથી બનતું તેમ નિર્મળપર્યાય પણ તેનાથી બનતી નથી. પર્યાય દ્રવ્યમાંથી આવે કે પરમાંથી ? પર્યાય તો દ્રવ્યમાંથી જ આવે છે એટલે પર્યાયનો પિતા દ્રવ્ય છે. દ્રવ્ય જ પોતાની પર્યાયનું ઉત્પાદક છે તેને બદલે બીજાને ઉત્પાદક માનવો તે કલંક છે.

જડની કે પરની ક્રિયા તો આત્માથી નથી થઈ, પરંતુ અહીં તો કહે છે કે પુણ્ય–પાપ આત્માથી થયા એમ પણ નથી. પર્યાયદૃષ્ટિમાં પુણ્ય–પાપ થાય છે, પણ ત્રિકાળી દૃષ્ટિથી જોતાં આત્મામાં પુણ્ય–પાપ છે જ નહિ, માટે આત્મા તેનો કર્તા નથી. પર્યાયબુદ્ધિવાળો જીવ આ વાત યથાર્થપણે માની શકે નહિ. આત્મા તો જ્ઞાન–દર્શન–સુખ વગેરે અનંત સ્વભાવની મૂર્તિ છે, તેનામાં એવો કોઈ સ્વભાવ નથી કે જે વિકારનું

કારણ થાય ! અથવા પરનાં કાર્યને કરે !

આ આત્માને કારણે જગતનું કાર્ય થાય છે – એમ નથી, અને જગતના પદાર્થોને કારણે આત્માનું કાર્ય થાય છે – એમ પણ નથી. આત્માના આવા સ્વભાવને જે ન ઓળખે તે જીવ આત્માનો બેખબરો એટલે કે ભાન વિનાનો છે. સર્વજ્ઞ ભગવાને આત્મામાં એવો કોઈ ગુણ નથી જોયો કે જે શરીર–મન–વાણીની ક્રિયા કરે ! તો હે મૂઢ ! તું વળી સર્વજ્ઞથી વધારે ડાહ્યો ક્યાંથી નીકળ્યો ! આત્માથી પરનું કાર્ય કદી પણ થતું જ નથી તો મફતનો પરનું કરવાનું તું કેમ માને છે ? જો શરીર–મન–વાણી વગેરેનાં કાર્યો આત્માથી થતાં હોય તો તેમનાથી આત્મા કદી જુદો પડે નહિ અને પોતાનું સ્વકાર્ય કરવા તે કદી નવરો થાય નહિ. એ જ પ્રમાણે દ્રવ્ય પોતે કારણ થઈને જો પુણ્ય–પાપને રચે તો દ્રવ્યમાંથી પુણ્ય–પાપ કદી જુદા જ ન પડે, એટલે વીતરાગતા તો ન થાય પરંતુ ભેદજ્ઞાન થવાનો અવસર પણ રહે નહિ. માટે દ્રવ્ય પોતે વિકારનું કારણ નથી.– આમ સમજતાં સ્વભાવ અને વિકારનું ભેદજ્ઞાન થાય છે અને સ્વભાવના અવલંબને વિકાર ટળીને વીતરાગતા પ્રગટે છે.

(૧) જો આત્માનું કાર્ય અન્યથી થતું હોય તો તેને પોતામાં કાંઈ કરવાનું રહેતું નથી, સ્વકાર્ય પ્રગટ કરવા માટે પોતાના સ્વભાવ સામે જોવાનું પણ રહેતું નથી.

(૨) અને જો આત્મા પરનું કાર્ય કરતો હોય તો તે પરની સામે જ જોયા કરે, ને પોતાનું કાર્ય કરવા નવરો થાય નહિ, એટલે તેમાં પણ સ્વસન્મુખ જોવાનું આવતું નથી. એટલે એ બંને માન્યતા બાહ્યદૃષ્ટિથી જીવોની છે.

જેને પોતાના આત્માનું હિત કરવું હોય ને મોક્ષમાર્ગ સાધવો હોય તે જીવ જગતની દરકાર કરે નહિ. ‘જગતનું શું થશે’ એવી ચિંતામાં રોકાય તો આત્માનું હિત ક્યારે સાધે ? જગતનું તો તેના કારણે જેમ થવાનું છે તેમ થઈ રહ્યું છે, જગતનો બોજો મારા માથે નથી, હું મારા આત્માનું સાધી લઉં – આ પ્રમાણે ધર્મી જીવ સ્વસન્મુખ થઈ પોતે પોતાનું હિત સાધે છે.

દરેક આત્મામાં અનંતશક્તિઓ છે તેનું આ વર્ણન ચાલે છે. મારી અનંતશક્તિઓ મારામાં છે – એમ જો જીવ જાણે તો તેને પોતાનો અનંત મહિમા આવે અને પરનો મહિમા ટળી જાયને ક્ષણિક વિકારનો પણ મહિમા છૂટી જાય; એટલે પરનું સ્વામીપણું છોડી પોતે પોતાની શક્તિની સંભાળ કરીને સિદ્ધદશાને સાધે. સંસારી જીવ અનાદિથી

પોતાની નિજનિધિને ભૂલ્યો છે તેને સર્વજ્ઞદેવ તેની નિધિ બતાવે છે. કોઈ પૂછે કે આ આત્માની અનંતશક્તિની વાત શા માટે સંભળાવો છો ? તો કહે છે કે – હવે તને સંસારમાંથી સિદ્ધદશામાં મોકલવો છે તેથી તને તારો કરિયાવર સોંપાય છે. 'આત્માની સાથે શું આપશો ?'– કે આત્મામાં પોતાની અનંતી શક્તિ છે તે ઓળખાવીને તેની અનંતી નિર્મળ પર્યાયો આત્માને સિદ્ધદશામાં સાથે આપશું, તેનો ભોગવટો સાદિ અનંતકાળ સિદ્ધદશામાં સાથે રહેશે. એટલે કે આત્માની અનંતશક્તિની પ્રતીત કરે તેને અલ્પકાળમાં આવી સિદ્ધદશામાં સાથે રહેશે. એટલે કે આત્માની અનંતશક્તિની પ્રતીત કરે તેને અલ્પકાળમાં આવી સિદ્ધદશા થયા વિના રહે નહિ.

'અહો ! મારી અનંતશક્તિ મારામાં છે, મારા હિતને માટે મારે કોઈ બીજાની ઓશિયાળ નથી' – આમ સમજતાં જ દૃષ્ટિ પલટી જાય છે; જે આમ સમજ્યો તેણે સંસાર સાથે સંબંધ તોડીને આત્માની સિદ્ધદશા સાથે સગપણ બાંધ્યું. જેમ પુત્રી માબાપને ત્યાં હોય ત્યારે તો એમ માને કે આ મારું ઘર અને આટલી અમારી મૂડી. પણ સગપણ થતાં જ તેની દૃષ્ટિ ફરી ગઈ કે આ ઘર અને આ મૂડી મારાં નહિ, તે મારી સાથે આવવાની નથી પણ જ્યાં સગપણ કર્યું તે ઘર અને તે ઘરની મૂડી મારી છે. તેમ અજ્ઞાની જીવ અનાદિકાળથી સંસારમાં ઊછર્યો છે, શરીર તે હું, પુણ્ય–પાપ તે હું – એમ બાલકપણે તે માની રહ્યો છે. હવે અનંતશક્તિના પિંડ આત્મા સાથે તેનું સગપણ કરાવીને જ્ઞાની કહે છે કે જો ભાઈ ! તારે સિદ્ધ થવું છે ને !... 'હા'....તો તારી સાથે તારા અનંત ગુણની ઋદ્ધિ આવશે, પણ આ શરીર–મન–વાણી–લક્ષ્મી–કુટુંબ કે પુણ્ય–પાપ તે કોઈ તારી સાથે આવશે નહિ; તારી અનંતગુણની ઋદ્ધિ તારી સાથે કાયમ રહેશે પણ શરીર કે પુણ્ય–પાપ તે કોઈ તારી સાથે કાયમ રહેવાનાં નથી. આમ સમજતાં જ જીવની દૃષ્ટિ ફરી જાય છે કે અહો ! મારી અનંત શક્તિઓ મારામાં છે તેનો જ હું સ્વામી છું, તે જ મારું સ્વરૂપ છે, તેને ભૂલીને શરીરને તથા પુણ્ય–પાપને મેં ભ્રમથી મારું સ્વરૂપ માન્યું હતું પણ તે કોઈ મારું સ્વરૂપ નથી, તે કોઈ મારી સાથે રહેવાનાં નથી. જુઓ, સાચું સમજતાં જ દૃષ્ટિ ગુલાંટ મારે છે, પરસન્મુખ દૃષ્ટિ હતી તે છૂટીને સ્વસન્મુખ દૃષ્ટિ થઈ જાય છે. તેમાં અપૂર્વ પુરુષાર્થ છે.

ધર્મી સમજે છે કે ત્રિકાળ ટકનાર અનંત શક્તિરૂપ સ્વભાવ તે હું, ને ક્ષણિક રાગ–દ્વેષ તે હું નહિ, શરીર હું નહિ; જગતની ચીજો મને કારણ નથી, તથા મારા

કારણે જગતની ચીજો નથી. – આમ ધર્મી જીવ પરનું સ્વામિત્વ છોડીને પોતાની સ્વભાવઋદ્ધિનો સ્વામી થાય છે. પરથી લાભ–નુકસાન થાય એવી દૃષ્ટિ તેને છૂટી ગઈ ને આત્મા સાથે સગપણ કર્યું.

અહો ! જ્ઞાની કેવી મીઠી–મધુરી વાત કરે છે ! ભાઈ ! તારા અનંતગુણો ત્રિકાળ તારી સાથે રહેનારા છે, એ સિવાય પુણ્ય–પાપ કે શરીર–કુટુંબ વગેરે કોઈ તારી સાથે નહિ આવે; માટે પર મારું કારણ ને હું પરનો કારણ–એવી બુદ્ધિ છોડ. પર સાથે કાર્ય–કારણપણું માનવું તે મિથ્યાત્વ છે. અહીં તો કહે છે કે તે મિથ્યામાન્યતાનું કારણ પણ ત્રિકાળી આત્મદ્રવ્ય નથી, પરંતુ જે આમ સમજે તેને પર્યાયમાં મિથ્યાત્વ રહે જ નહિ.

જુઓ, આ તો દ્રવ્યદૃષ્ટિના અજરપ્યાલાની વાત છે. આવી દૃષ્ટિ પચાવવા માટે અંતરમાં જીવની કેટલી પાત્રતા હોય ! સદ્‌ગુરુ પ્રત્યે વિનય–બહુમાન, વૈરાગ્ય વગેરે લાયકાત તેનામાં હોય જ. ગમે તેમ સ્વચ્છંદપૂર્વક વર્તે અને આ વાત સમજાય – એમ બને નહિ. જ્ઞાનપ્રધાન વર્ણન ચાલતું હોય ત્યારે એ બધી વાત વિસ્તારથી આવે, અત્યારે દર્શનપ્રધાન વર્ણન ચાલે છે; એટલે સમ્યગ્દર્શનને યોગ્ય પ્રાથમિક ભૂમિકા તો જેને તૈયાર થઈ ગઈ છે એવા જિજ્ઞાસુને માટે આ વાત છે.

આત્મસિદ્ધિમાં કહ્યું છે કે:

**'સર્વ જીવ છે સિદ્ધસમ જે સમજે તે થાય'**

આમાં આત્માના સ્વભાવની અને તે સમજવાની વાત કરી. પણ તે સમજનાર જીવને નિમિત્ત કેવાં હોય ? તો કહે છે કે –

**'સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા નિમિત્તકારણમાંય.'**

સર્વજ્ઞ વીતરાગ જિનદશા કેવી હોય તેનો વિચાર અને સદ્‌ગુરુની આજ્ઞા તે આત્માનું સ્વરૂપ સમજવામાં નિમિત્તકારણ છે; કુદેવ–કુગુરુને માનતો હોય અને આત્માનું સ્વરૂપ સમજી જાય – એમ બને નહિ. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં એકલો અભેદ આત્મા જ છે, તેમાં નિમિત્તની વાત ન આવે. આવી અભેદદૃષ્ટિથી જ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે. આત્મા અકારણસ્વભાવ છે, તેના અનુભવ માટે બીજું કોઈ કારણ છે જ નહિ. પોતાના અનુભવમાં વ્યવહારની કે પરની મદદ લેવી પડે એવો આત્માનો સ્વભાવ જ નથી. તેમ જ આત્મા પરનું કારણ થાય એવો પણ તેનો સ્વભાવ નથી.

**પ્રશ્ન** :- શું આત્મા વગર બોલાય છે ? મડદાં કેમ નથી બોલતાં ? આત્મા હોય તો ભાષા બોલાય છે, માટે ભાષાનું કારણ આત્મા છે કે નહિ ?

**ઉત્તર** :- આત્માની હાજરી હોય ને ભાષા બોલાય તે વખતે પણ તે ભાષાનું કારણ આત્મા નથી પણ જડ પરમાણુનાં કારણે ભાષા થઈ છે. આત્માની અનંતશક્તિ પોતામાં જ સમાય છે, પરથી તો તે તદ્દન ભિન્ન છે; તેથી પરનું કાંઈ કરે એવી તો આત્માની એકેય શક્તિ નથી. અજ્ઞાની કહે છે કે આત્મામાં તો અનંતશક્તિ છે તેથી તે પરનું પણ કરી શકે ! પરંતુ એમ માનનાર મૂઢ છે, તેણે આત્માને કે આત્માની શક્તિઓને જાણી જ નથી. આત્માની અનંતશક્તિનું કાર્ય તો આત્મામાં હોય કે આત્માથી બહારના પદાર્થમાં હોય ? વળી જો આત્મા પરનું કાર્ય કરે, તો શું પર પદાર્થમાં તેનું પોતાનું કાર્ય કરવાની શક્તિ નથી ? આત્મા પરનું કરે એમ માનનારે પરદ્રવ્યની શક્તિને પણ જાણી નથી અને પરથી ભિન્ન પોતાની આત્મશક્તિને પણ જાણી નથી.

આત્મા ત્રિકાળી વસ્તુ છે ને તેનામાં પોતાની અનંત શક્તિઓ અનાદિઅનંત છે. અહો ! વિચાર તો કરો કે આત્મામાં અનંતશક્તિઓ છે – તો તેનો મહિમા કેટલો !! જીવે કદી પોતાના મહિમાનો યથાર્થપણે વિચાર જ કર્યો નથી. કેવળજ્ઞાન તો જેના એક ગુણની માત્ર એક સમયની પર્યાય, એવી અનંત ગુણો જેનામાં ભર્યા છે તે વસ્તુના મહિમાની શી વાત !! તે વસ્તુનો મહિમા સમજે તો તેમાં અંતર્મુખ થઈને આનંદનું વેદન થાય.

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિસ્વભાવે ત્રિકાળ સત્ છે, તેના હોવાપણામાં બીજો કોઈ પદાર્થ કારણરૂપ નથી; કોઈ ઈશ્વર વગેરે તેનો કર્તા નથી. આત્મા કોઈ કારણથી બનેલો નથી પણ સ્વતઃસિદ્ધ વસ્તુ છે. કોઈ પણ પર વસ્તુને કે તેના કોઈ કાર્યને આત્મા કરતો નથી અને આત્માને કે આત્માના કોઈ કાર્યને પરવસ્તુ કરતી નથી. આ રીતે આત્મા કોઈનું કાર્ય કે કારણ નથી. શરીર વગેરે જડ પદાર્થોમાં જે કાર્ય થાય છે તેનું કારણ આત્મા નથી, તથા આત્મામાં જે કાર્ય થાય છે તેમાં જડ પદાર્થ કારણ નથી. આ રીતે આત્મા કોઈ પણ પર વસ્તુના દ્રવ્ય–ગુણ કે પર્યાય સાથે કાર્ય–કારણ સંબંધ વગરનો એકદ્રવ્યસ્વરૂપ છે. આત્મવસ્તુમાં જ્ઞાનાદિ અનંત ગુણોની સાથે એક આવી 'અકાર્યકારણ' શક્તિ પણ છે. 'અકાર્ય'= આત્માના દ્રવ્ય, ગુણ કે પર્યાય પરથી થયા નથી; અને 'અકારણ'= આત્મા પોતે પરવસ્તુના દ્રવ્ય, ગુણ કે પર્યાયને કરતો નથી.

પ્રભુ ! તારા આત્મામાં જેમ જાણવારૂપ જ્ઞાનગુણ ત્રિકાળ છે તેમ કોઈ બીજાનું કાર્ય કે કારણ ન થાય એવો અકાર્યકારણસ્વભાવ પણ તારામાં ત્રિકાળ છે. જુઓ, આવી સમજણનું ફળ એ છે કે જ્ઞાનપરમાં લીનતાથી પાછું ફરીને પોતાના સ્વભાવમાં ઠરે છે. 'મને કોઈ કરે અથવા હું કોઈને કરું' એવી માન્યતામાં તો સ્વ–પરની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ થઈ જાય છે; પણ 'હું કોઈનું કાર્ય–કારણ નથી, મારો કોઈ કર્તા નથી ને હું કોઈનું કારણ નથી' એવા જ્ઞાનમાં સ્વપરની પૃથક્તારૂપ અનેકાન્ત છે. પરમાં એકત્વબુદ્ધિ તે મિથ્યા એકાન્ત છે; સ્વમાં એકત્વબુદ્ધિ તે સમ્યક્ એકાન્ત છે, અને સ્વ–પરના ભેદજ્ઞાન અપેક્ષાએ તે જ સમ્યક્ અનેકાન્ત છે. જે જીવ પરપદાર્થો સાથે પોતાનું કાર્ય–કારણપણું માને છે તેને સ્વ–પરની એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ છે એવા જીવને મુનિપણાનો કે શ્રાવકપણાનો કોઈ ધર્મ હોતો નથી.

કોઈ પૂછે કે 'હું શા કારણે છું ? હું ન હોઉં તો શું 'વાંધો ?' તેનો ઉત્તર : અરે ભાઈ ! 'હું ન હોઉં' એનો શું અર્થ ? તું તો સત્ છો, તારો અકારણસ્વભાવ છે એટલે તારા હોવાપણામાં કોઈ કારણ છે જ નહિ. પ્રશ્ન પૂછનારો તું પોતે બેઠો છો પછી 'ન હોઉં તો' એ વાત ક્યાં રહી ? તથા તું જગતની સત્ વસ્તુ છો, તો સત્‌ને વળી બીજું કારણ કોણ હોય ? માટે દ્રવ્યનું કોઈ કારણ છે જ નહિ.

વળી કોઈ એમ પૂછે કે : દ્રવ્યનું કારણ ભલે કોઈ ન હોય, પણ 'હું ચેતન છું ને જડ નથી' તેનું શું કારણ ? કોઈ દ્રવ્યો ચેતન અને કોઈ દ્રવ્યો જડ–તેનું કારણ શું ? તેનો ઉત્તર :- જે ચેતન છે તે પોતાના સ્વભાવથી જ ચેતન છે અને જે જડ છે તે પોતાના સ્વભાવથી જ જડ છે, તે સ્વભાવમાં કોઈ કારણ છે જ નહિ. એટલે આ ચેતન કેમ અને આ જડ કેમ – એવો પ્રશ્ન જ રહેતો નથી.

એ જ પ્રમાણે પર્યાયમાં પણ કોઈ એમ પૂછે કે 'આ સમયે આવી જ પર્યાય કેમ થઈ ? ને બીજી કેમ ન થઈ ?' તેનું કારણ કોણ ? તો તેનો ઉત્તર એ છે કે – તે વસ્તુનો પર્યાયસ્વભાવ જ તેવો છે. જે વસ્તુમાં જે સમયે જે પર્યાય થવાનો સ્વભાવ હોય તે જ થાય, બીજી પર્યાય ન જ થાય– એવો તેનો સ્વભાવ છે, તેમાં કોઈ બીજું કારણ નથી.

આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેયમાં અકાર્યકારણસ્વભાવ રહેલો છે. 'આમ કેમ ?'– એમ કારણ શોધવાનું રહેતું નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય જેમ સત્ છે તેમ જાણી લેવું –

એવો જ આત્માનો સ્વભાવ છે; જાણવામાં વચ્ચે 'આમ કેમ ?' એવો પ્રશ્ન ઉઠાવવાનો જ્ઞાનનો સ્વભાવ નથી.

**પ્રશ્ન** :- વસ્તુમાં અકાર્યકારણશક્તિ છે તેથી ત્રિકાળી દ્રવ્યને કે ગુણને તો પરનું કાર્ય–કારણપણું નથી – એ વાત ખરી, પરંતુ પર્યાય તો નવી પ્રગટે છે માટે તેનું કારણ તો પર છે ને ? પર્યાયમાં તો પરનું કાર્ય–કારણપણું છે ને ?

**ઉત્તર** :- જે અકાર્યકારણસ્વભાવ છે તે દ્રવ્ય–ગુણ અને પર્યાય ત્રણેમાં રહેલો છે, તેથી જેમ દ્રવ્ય–ગુણનું કારણ કોઈ બીજું નથી તેમ પર્યાયનું કારણ પણ કોઈ બીજું નથી. અરે ભાઈ ! શું ત્રિકાળી દ્રવ્ય કદી પણ વર્તમાન પર્યાય વગરનું હોય ? દ્રવ્ય પોતાની કોઈ ને કોઈ પર્યાય સહિત જ હોય, પર્યાય વગરનું દ્રવ્ય કદી ન હોય. જો પર્યાયનું કારણ પર કહો તો તેનો અર્થ એ થયો કે દ્રવ્ય પોતે પર્યાય વગરનું છે એટલે કે દ્રવ્ય જ નથી ભેદ પાડીને કહેવું હોય તો દ્રવ્ય કારણ અને પર્યાય કાર્ય – એમ કહી શકાય, કેમ કે પર્યાય તે દ્રવ્યની જ છે. પરંતુ અહીં તો એ ભેદની વાત પણ નથી લેવી, અહીં તો દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ કારણ પરવસ્તુ છે એ વાત તો રહી જ ક્યાં ? જેણે અકાર્યકારણરૂપ દ્રવ્યસ્વભાવને સ્વીકાર્યો તેની પર્યાય પણ અંતર્મુખ થઈને દ્રવ્યમાં અભેદ થયેલી છે તેથી તે પર્યાય પણ પરનું કાર્યકારણ નથી. જો પરનું કાર્ય–કારણપણું માને તો તે પર્યાય પરસન્મુખ છે, તેણે અંતરના દ્રવ્યને સ્વીકાર્યું નથી. જેણે અંતરના દ્રવ્યને સ્વીકાર્યું. તેની દૃષ્ટિ ભિન્ન કારણ–કાર્ય ઉપર હોતી નથી.

એકેક શક્તિનાં વર્ણનમાં ઘણું રહસ્ય છે. આ એક અકાર્યકારણશક્તિને બરાબર સમજે તો આત્માની સ્વતંત્રતા સમજાઈ જાય; પછી ગમે તેવા સંયોગોમાં પણ પરને કારણે મને કાંઈ થાય છે – એમ માને નહિ તેમ જ હું પરનું કાંઈ કરી દઉં છું – એમ પણ માને નહિ; એટલે તેની પ્રતીતમાં ક્યાંય પણ રાગ–દ્વેષ કરવાનું ન રહ્યું. આવી વીતરાગી શ્રદ્ધા થયા પછી અલ્પ રાગ–દ્વેષ થાય ત્યાં ધર્મી જાણે છે કે આ રાગ–દ્વેષ કોઈ પર કરાવતું નથી તેમ જ એ રાગ–દ્વેષદ્વારા હું પરનાં કાંઈ કામ કરી શકતો નથી; મારા નિર્મળ દ્રવ્યસ્વભાવમાં આ રાગ–દ્વેષ છે નહિ એટલે મારું દ્રવ્ય પણ રાગનું કારણ નથી, માત્ર અવસ્થાની તે પ્રકારની ભૂમિકા છે પણ તેટલું જ મારું સ્વરૂપ નથી આ પ્રમાણે ધર્મી જીવન સર્વ સમાધાન અને વિવેક વર્તે છે.

આત્માનો અકાર્યકારણસ્વભાવ હોવાથી આત્માને ત્રણે કાળે પરવસ્તુનાં કારણ વગર

જ ચાલી રહ્યું છે; આત્માને પોતાનાં કાર્યને માટે પરવસ્તુની જરૂર પડે – એવું તેનું સ્વરૂપ નથી. છતાં, મારે પર વસ્તુ વિના ન ચાલે – એમ અજ્ઞાની માની બેઠો છે તે તેનો મિથ્યા અભિપ્રાય છે. આ મિથ્યા અભિપ્રાય જ સંસારનું મૂળ કારણ છે. જ્યાં મિથ્યા અભિપ્રાય હોય ત્યાં તીવ્ર રાગ–દ્વેષ થયા વગર રહે જ નહિ.

હું એક સ્વતઃસિદ્ધ વસ્તુ છું, મારું કોઈ કારણ નથી અને હું કોઈનું કારણ નથી. જો મારે પર સાથે કારણકાર્યપણું હોય તો સ્વ–પરની એકતા થઈ જાય, એટલે હું પરથી ભિન્ન એક સ્વદ્રવ્યપણે જ ન રહું પરંતુ પર દ્રવ્યપણે પણ થઈ જાઉં ! પરંન્તુ હું તો એક સ્વદ્રવ્યસ્વરૂપ જ છું. કોઈ પણ પરદ્રવ્યની સાથે મારે કારણ–કાર્યપણું નથી. – આ પ્રમાણે યથાર્થ સમજણ કરવી તે સંસારના નાશનું કારણ છે.

– આ પ્રમાણે અકાર્યકારણશક્તિનું વર્ણન પૂર્ણ થયું.

❋ ❋ ❋

# પરિણમ્ય–પરિણામકત્વ શક્તિ

**સ્વપરને સંપૂર્ણપણે જાણે એવું આત્માનું સ્વભાવસામર્થ્ય છે. આત્માનાં સ્વભાવસામર્થ્યને જે જાણે તે જીવને `હું મારું કાર્ય નહિ સાધી શકું' એવો અનુત્સાહભાવ ન રહે તેમજ `હું પરનું કરું' એવું અભિમાન પણ ન રહે. એટલે પરથી ઉદાસીનતા થઈને સ્વભાવનો ઉત્સાહ વધે. સ્વભાવશક્તિના ભરોસે ગમે તેવા પ્રસંગમાં પણ તે ઉત્સાહહીન ન થાય... પણ ઉત્સાહપૂર્વક તે સ્વકાર્યને સાધે.**

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા પરથી નિરાળો છે, તેના સ્વભાવમાં પોતાના અનંતગુણો એક સાથે રહેલા છે, તેનું આ વર્ણન ચાલે છે. ચૌદમી શક્તિમાં એમ કહ્યું કે આત્માને પરદ્રવ્ય સાથે કાર્ય–કારણપણું નથી. હવે આત્મામાં સ્વ–પરના જ્ઞાતા થવાનો તેમ જ સ્વ–પરનું જ્ઞેય થવાનો સ્વભાવ છે – તે વાત કરે છે. પર અને પોતે જેમનું નિમિત્ત છે એવા જ્ઞેયાકારો તથા જ્ઞાનકારોને ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વ શક્તિ આત્મામાં છે એટલે આત્મા સ્વ–પરનો જ્ઞાતા થાય તેમ જ સ્વ–પરનું જ્ઞેય થાય – એવો તેનો સ્વભાવ છે. આત્મામાં પરનું કરવાની તાકાત નથી પણ પરને જાણવાની તાકાત છે, અને તે પણ એકલા પરને જાણવાની નહિ પરંતુ સ્વ અને પર બંનેને જાણવાની તાકાત છે. તથા આત્મા અન્યનું કાર્ય ન થાય પણ અન્યના જ્ઞાનનું જ્ઞેય થાય – એવો તેનો સ્વભાવ છે. આત્મા એકલા પર જ જણાય–ને પોતે પોતાને ન જણાય – એમ નથી, પરંતુ સ્વ તેમજ પર બંનેનું જ્ઞેય થાય –

એવો તેનો સ્વભાવ છે.

આત્મા સ્વ–પર બંનેને જાણે ખરો, પરંતુ સ્વ–પર બંનેનું કાર્ય કરે નહિ, કાર્ય તો એકલા સ્વનું જ કરે. આત્મા પોતે જ્ઞાનપણે પરિણમીને સ્વ–પરને જાણે છે, આત્માના જ્ઞાનાકારમાં પરજ્ઞેયો નિમિત્ત છે, તેમ જ પરના જ્ઞાનમાં આ આત્મા જણાય એવો તેનો સ્વભાવ છે. પોતાના જ્ઞાનને તેમ જ પર જ્ઞેયોને – એ રીતે સ્વ–પર બંનેને ગ્રહણ કરે એટલે કે જાણે – એવી આત્માની પરિણમ્યશક્તિ છે તથા સ્વ પર બંનેનાં જ્ઞાનમાં ગ્રહણ થાય એટલે કે જણાય એવી આત્માની પરિણામકત્વશક્તિ છે, – આ રીતે આત્મા પરિણમ્યપરિણામક શક્તિવાળો છે. આ શક્તિમાં જ્ઞાતૃત્વ અને પ્રમેયત્વ બંને ભાવો સમાઈ જાય છે.

વાણી જ્ઞેય છે, તે જ્ઞેયને જાણવાની આત્માની તાકાત છે, પણ તે જ્ઞેયને લીધે જ્ઞાન થયું – એમ નથી. વળી અનંતા સિદ્ધભગવંતો, અરિહંતભગવંતો વગેરેનાં જ્ઞાનમાં પ્રમેય થવાનો આત્માનો સ્વભાવ છે; અને પોતે પોતાના જ્ઞાનમાં અનંત સિદ્ધભગવંતો, અરિહંતભગવંતો વગેરેને જાણે એવી આત્માની તાકાત છે. ભગવાન ! આ તારા સામર્થ્યની વાત ચાલે છે. તને તારા સામર્થ્યનો મહિમા ભાસ્યો નથી એટલે પરને મહિમા આપીને રખડી રહ્યો છે, જો સ્વભાવસામર્થ્યનો મહિમા સમજે તો પરનો મહિમા ટળે અને પરિભ્રમણનો અંત આવે. તારામાં તારું પોતાનું અને પરનું જ્ઞાન કરવાની તાકાત છે, તેમજ પોતાનું જ્ઞેય થવાની અને પરનું જ્ઞાન કરવાની તાકાત છે. તારી એકેક પર્યાયમાં સ્વ–પરનું જ્ઞાન કરવાની ને સ્વ–પરનું જ્ઞેય થવાની તાકાત છે. આ સમજે તો 'પોતે પોતાને ન જણાય' એવી શંકા રહે નહિ. આત્મા એકલા પરને જ જાણે – એમ જે માને છે તેને આત્માના સ્વભાવનું ભાન નથી. આત્મામાં સ્વ અને પર બંનેને જાણે – એવી તાકાત છે.

જગતમાં કોઈ પણ પદાર્થ એવો નથી કે તેને જાણવાનું સામર્થ્ય આત્મામાં ન હોય. પૂરેપૂરું જાણે એવું આત્માનું સ્વરૂપ છે; અધૂરું જાણે કે રાગ–દ્વેષ થાય તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્માની પર્યાયમાં ધર્મ થાય ને પોતાને તેની ખબર ન પડે – એમ જે માને તેણે આત્માની આ શક્તિને માની નથી. આત્મામાં જે ધર્મપર્યાય પ્રગટી તે પર્યાય પોતે પોતાને જાણે, ત્રિકાળી દ્રવ્યગુણને જાણે તેમ જ પરને જાણે – આવું તેનું સામર્થ્ય છે. જ્ઞાન એવું આંધળું નથી કે પોતે પોતાને ન જાણે. ધર્મી જાણે છે કે

'સ્વ–પરપ્રકાશક શક્તિ હમારી' આત્માના જ્ઞાતાસ્વભાવમાં પોતે પોતાને જાણતાં લોકાલોક પણ જણાય – આવું સ્વપર–પ્રકાશક સામર્થ્ય છે.

સ્વપરને જાણે તેમ જ સ્વ–પરનું જ્ઞેય થાય આવી પરિણમ્યપરિણામકત્વ શક્તિ માત્ર જીવમાં જ છે તેથી તે વિશેષ છે; પ્રમેયત્વગુણ તો બધા દ્રવ્યોમાં છે, પણ જીવ સિવાયના બીજા કોઈ દ્રવ્યમાં સ્વ–પરને જાણવાનું સામર્થ્ય નથી. જીવમાં તો જ્ઞાતાપણું અને પ્રમેયત્વપણું બંને છે – એટલે જીવનું બેવડું સામર્થ્ય છે. આવા સ્વભાવસામર્થ્ય ને જે જાણે તેને પર તરફથી ઉદાસીનતા થયા વિના રહે નહિ અને સ્વભાવધર્મમાં શંકા રહે નહિ, પોતે પોતાના ધર્મને નિઃશંકપણે જાણે છે. આત્માના આવા સ્વભાવને જાણે તે જીવને 'હું મારું કાર્ય નહિ કરી શકું' એવો અનુત્સાહભાવ ન રહે, તેમ જ 'હું પરનું કરું' એવું અભિમાન પણ ન રહે, એટલે પરથી ઉદાસીનતા થઈને સ્વભાવનો ઉત્સાહ વધે; હું મારા આત્માને નહિ ઓળખી શકું – એમ તે ઉત્સાહહીન ન થાય, એટલે આવી પ્રતીત કરે તેને આત્માની કોઈ શક્તિ હીણી ન રહે પણ અલ્પકાળમાં પૂર્ણતા થઈ જાય.

હું સ્વપરનો પ્રકાશક છું તેમ જ સ્વપરનાં જ્ઞાનનું જ્ઞેય થવાનો મારો સ્વભાવ છે – એમ જાણીને, પોતે પોતાના આત્માને જ પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવીને એકાગ્ર થતાં તે પર્યાયમાં દર્શન–જ્ઞાન–ચારિત્રને તપ એ ચારેય આરાધના સમાઈ જાય છે. જ્ઞાનને અંતર્મુખ કરીને પોતાના આત્માને જ્ઞેય બનાવવો તે મોક્ષમાર્ગ છે, તેમાં આનંદનું વેદન છે.

અહો ! આત્માના આનંદમાં ઝૂલતાં વીતરાગી સંતોએ આત્માની શક્તિઓનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. આત્મામાં તો એક સાથે અનંત શક્તિઓ છે પણ ભાષામાં તો કેટલીક આવે ? – તેથી અહીં ૪૭ શક્તિઓનું વર્ણન કરીને પછી 'ઈત્યાદી...' કહીને આચાર્યપ્રભુ સંકેલી લેશે. સંતો કહે છે કે અહો, કેટલાંક નામ લઈએ ? શબ્દો તો થોડા છે ને આત્મામાં શક્તિઓ તો અનંત છે, તો ભાષાથી કેમ પૂરું પડે ? અનંત શક્તિઓ જુદી જુદી કહી શકાય એવા (શબ્દો જ) ક્યાં છે ? અને એવો વખત પણ ક્યાં છે ? અમારે તો (શીઘ્ર) કાર્ય કરવા ! અમારે અમારું કેવળજ્ઞાન લેવાનું કાર્ય (કરવાનું છે.) અમે કેવળજ્ઞાન પ્રગટ કરશું તેમાં અનંત શક્તિઓ પ્રત્યક્ષ (જણાઈ આવશે,) વાણીમાં બધું ન આવે. છતાં અહીં જે શક્તિઓનું વર્ણન કર્યું છે તેમાં આચાર્યદેવે ઘણુંઘણું રહસ્ય ભરી દીધું

છે.

આત્મામાં અનાદિ–અનંત એક એવી શક્તિ છે કે પોતે સ્વ પરનો જ્ઞાતા પણ થાય ને જ્ઞેય પણ થાય. આત્મા પરને ન જાણે, અથવા આત્મા પોતે પોતાને ન જાણે – એમ જે માને તેણે આત્માની આ શક્તિને જાણી નથી, એટલે તે આત્માને જ સમજ્યો નથી.

આત્મામાં સ્વ–પરનું જ્ઞેય થવાનો સ્વભાવ છે – એમ કહ્યું, પણ તેથી એમ ન સમજવું કે ઇન્દ્રિયજ્ઞાનથી પણ આત્મા જણાય. આત્મા ઇંદ્રિયજ્ઞાનથી તો જણાય નહિ – એવો તેનો સૂક્ષ્મસ્વભાવ છે, અતીન્દ્રિયજ્ઞાનથી જ તે જણાય.

આત્માનું જ્ઞાન સ્વ–પર બંનેને જાણનારું છે, એટલે બધાને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે, પણ ક્યાંય રાગ–દ્વેષ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. ચારિત્રના અપરાધથી રાગદ્વેષ થાય તેને પણ જાણવાની જ્ઞાનની તાકાત છે અને તે રાગદ્વેષ જ્ઞાનનું જ્ઞેય થાય છે. જુઓ, રાગમાં કાંઈ એવી તાકાત નથી કે સ્વપરને જાણે, જ્ઞાનમાં જ એવી તાકાત છે કે સ્વપરને જાણે. આ રીતે જ્ઞાન અને રાગની ભિન્નતા છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ તો દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રહેલો છે, પણ રાગ–દ્વેષાદિ ભાવો કાંઈ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રહ્યા નથી, તે તો ફક્ત ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં જ વ્યાપક છે; તે જ વખતે સાથે બીજા અનંતગુણોની પર્યાયો વર્તે છે તેમાં તે રાગ વ્યાપતો નથી. આમ છતાં, અનંતગુણના શુદ્ધ પિંડ ઉપર દૃષ્ટિ ન દેતાં ક્ષણિક રાગ જેટલો જ હું – એમ અજ્ઞાની અનુભવે છે તે મિથ્યાત્વ છે. ક્ષણિક રાગનો આદર કરીને અનંતગુણનો અનાદર કરવો તે અનંત સંસારનું એટલે કે અનંત દુઃખનું કારણ છે. અહીં ચૈતન્યસ્વભાવનું રાગથી ભિન્નપણું બતાવીને આચાર્યદેવ તે દુઃખથી છોડાવે છે.

રાગ આખા આત્મામાં વ્યાપક નથી પણ જ્ઞાન આખા આત્મામાં વ્યાપક છે તેમ જ પ્રમેયત્વ પણ આખા આત્મામાં વ્યાપક છે. આત્માના જ્ઞાનમાં બધું જાણવાની શક્તિ છે, કોઈ પણ દ્રવ્ય–ગુણ–પર્યાય આત્માના જ્ઞાનમાં જણાયા વિના રહે નહિ. જો પૂરું ન જાણે તો તે જ્ઞાનનું પરિણમન અધૂરું છે, પૂર્ણ જ્ઞાનમાં જણાયા વિના કાંઈ પણ ન રહે. અહીં દૃષ્ટિના વિષયમાં તો પૂરા સ્વભાવસામર્થ્યની જ વાત છે. અંતર્મુખ થઈને પ્રતીત કરતાં શરીર–મન–વાણી કે રાગ–દ્વેષ એ બધાં જ્ઞાનથી જુદાં રહ્યાં ને જણાવાયોગ્ય

જ રહ્યાં; આત્મા સ્વ–પરનો જ્ઞાતા થયો ને પોતે પોતાનું જ્ઞેય પણ થયો. – આવું જ્ઞાન કરવું તે ધર્મ છે. આવા જ્ઞાન વગર ધર્મ બીજી કોઈ રીતે થાય નહિ.

ચૌદમી અકાર્યકારણશક્તિમાં એમ કહ્યું કે આત્મા પરનું કાર્ય કે કારણ નથી. શરીર ચાલે તે જ્ઞાનમાં જણાય એવી આત્માની શક્તિ છે પણ શરીરને ચલાવવામાં કારણ થાય એવી કોઈ શક્તિ આત્મામાં નથી; તેમ જ પરવસ્તુ એવી પરાધીન નથી કે આત્માનાં કારણે તે હાલે–ચાલે, અને તેનામાં એવી તાકાત પણ નથી કે તે આત્માના જ્ઞાનમાં મદદ કરે. તેનામાં માત્ર જ્ઞેય થવાનો સ્વભાવ છે અને આત્માનો જ્ઞાતા સ્વભાવ છે. બસ ! જ્ઞેય જ્ઞાયક સિવાય બીજો કાંઈ સંબંધ પર સાથે નથી. સ્વ–પરને જાણનાર તેમ જ સ્વ–પરનાં જ્ઞાનમાં જણાવાયોગ્ય એવો મારો સ્વભાવ છે, પણ એથી આગળ વધીને રાગાદિકને કરે એવી કોઈ ત્રિકાળી શક્તિ નથી. પર્યાયમાં જે ક્ષણિક રાગાદિ થાય છે તે કાંઈ પરને કારણે થતા નથી પણ પોતાની જ પર્યાયનો અપરાધ છે, પરંતુ સદાય રાગને કર્યા જ કરે એવું આત્માનું સ્વરૂપ નથી.

આત્મા સ્વ–પરનું જ્ઞેય થાય – એમ કહ્યું, ત્યાં પરનું એટલે બીજા જીવોનાં જ્ઞાનનું જ્ઞેય થાય, પણ કાંઈ જડનું જ્ઞેય ન થાય, કેમ કે જડમાં એવી તાકાત નથી કે તે કોઈને જ્ઞેય બનાવી શકે. જડના સ્વભાવની જડને ખબર નથી પણ આત્માને પોતાની તેમ જ જડની બંનેની ખબર છે. આત્માના આવા સ્વભાવને જાણતાં પોતાને પોતાની ખબર પડે છે. 'સમ્યગ્દર્શન તો અરૂપી સૂક્ષ્મ વસ્તુ છે તેથી આત્માને તેની ખબર ન પડે' એમ કોઈ અજ્ઞાની માને છે, પણ એમ નથી. પોતામાં સમ્યગ્દર્શન પર્યાય પ્રગટી તેને પણ જ્ઞેય કરવાની આત્માની તાકાત છે. જો પોતાને પોતાની ખબર ન પડે તો નિઃશંકતા થાય કઈ રીતે ? અને સ્વભાવની પ્રતીતમાં નિઃશંકતા થયા વગર સાધક જીવ વસ્તુને સાધે કઈ રીતે ? જ્ઞાન જાગ્યું અને પ્રતીત થઈ ત્યાં સ્વભાવનો સંદેહ રહે નહિ.

રાગદ્વેષમાં જ્ઞાનનું જ્ઞેય થવાની લાયકાત છે, પણ તે રાગદ્વેષમાં એવી તાકાત નથી કે તે જાણે, અથવા તો જાણવામાં કાંઈ મદદ કરે. વ્યવહારરત્નત્રયનો જે શુભ રાગ છે તે જ્ઞાનનું જ્ઞેય છે પણ જ્ઞાનમાં મદદ કરનાર નથી. અને જ્ઞાનસ્વભાવમાં એવી તાકાત છે કે તે સ્વ–પરને બધાને જાણે, રાગને પણ જાણે, પણ રાગને ઉત્પન્ન કરે કે રાગથી લાભ લ્યે એવું તેનું (જ્ઞાનસ્વભાવનું) સ્વરૂપ નથી.

આ જગતના અનંતાનંત પદાર્થોમાં કોઈ જીવ છે, કોઈ જડ છે; જીવ છે તે જીવને

કારણે છે, જડ છે તે જીવને કારણે છે, જડ છે તે જડનાં કારણે છે, કોઈનાં કારણે કોઈ નથી. કોઈ કહે કે 'આ જીવ કેમ ?' – કે એવો જ એનો સ્વભાવ. 'આ જડ કેમ ?'– કે એવો જ એનો સ્વભાવ. જેમ ચેતન અને જડ પદાર્થો પોતપોતાના સ્વભાવથી જ જડ કે ચેતન છે, તેનું બીજું કોઈ કારણ નથી તેને તે ચેતન અને જડ પદાર્થોની સમય સમયની અવસ્થા પણ પોતપોતાને કારણે છે. કોઈ પૂછે કે 'આવી પર્યાય કેમ થઈ ?' કે એવો જ એનો પર્યાયસ્વભાવ છે, બીજું કોઈ તેનું કારણ નથી. જે દ્રવ્ય, જે ગુણ, જે પર્યાય જેમ છે તેમ તેને જાણે એવો આત્માનો જ્ઞાયકસ્વભાવ છે, – આવા સ્વભાવના નિર્ણયથી સમ્યગ્જ્ઞાન અને વીતરાગતા થાય છે. આવા સ્વભાવનો નિર્ણય કર્યા વિના કદી પણ સમ્યગ્જ્ઞાન કે વીતરાગતા થાય નહિ.

કોઈ કહે કે અત્યારે તો જીવ ને દેહનો સંયોગ છે ને ? પણ સંયોગ એટલે જુદા. જીવ અને દેહ અત્યારે પણ જુદા છે તેથી જ તેનો સંયોગ કહેવાયો, જો જુદા ન હોત તે એકેમેક હોત તો તેને સંયોગ ન કહેવાત પણ સ્વભાવ કહેવાત. સંયોગ બે જુદા પદાર્થોનો હોય, માટે બે પદાર્થોનો સંયોગ કહેતાં જ તે બંનેનું ભિન્નભિન્નપણું સિદ્ધ થાય છે. અત્યારે પણ જીવ અને શરીર તે બંને 'બે' પદાર્થો છે કે 'એક' છે ? જો બંને એક જ હોય તો સંયોગ ન કહેવાય. અત્યારે પણ તે બંને જુદા જુદા બે પદાર્થો છે. આમ ભિન્નતાના જ્ઞાનપૂર્વક સંયોગને જાણવો તે વ્યવહાર છે, પણ ભિન્નતાના ભાન વિના એકલા સંયોગને જ જાણવા જાય તો તેમાં જડ–ચેતનની એકત્વબુદ્ધિથી મિથ્યાજ્ઞાન થયા વિના રહેશે નહિ. જુઓ, દૂધ અને પાણીનો સંયોગ છે પણ તે બંનેનો સ્વભાવ જુદો છે તેથી અગ્નિ ઉપર મૂકતાં પાણીની વરાળ થઈને ઊડી જાય છે ને દૂધ ઘટ થઈને તેનો માવો થઈ જાય છે. બંને એક ઠેકાણે રહેલ હોવા છતાં, તેમ જ બંનેને અગ્નિનું નિમિત્ત સરખું હોવા છતાં, બંનેના સ્વભાવ જુદા છે તેથી તેમ થાય છે. તેમ આત્મા અને શરીર એક ક્ષેત્રે હોવા છતાં તેમનો સ્વભાવ ભિન્ન છે, આત્મામાં તો સિદ્ધદશામાં અભેદભાવ પ્રગટે છે ને શરીરના પરમાણુઓ છૂટા પડીને ઊડી જાય છે. સંયોગ વખતે પણ સ્વભાવની ભિન્નતા છે. મિથ્યાદ્રષ્ટિ જીવ ત્રિકાળીસ્વભાવને ન જોતાં માત્ર સંયોગને જ જુએ છે તેથી તેની દ્રષ્ટિ પરમાંથી ખસતી નથી. છએ દ્રવ્યોનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે, અને દરેક દ્રવ્યમાં પોતપોતાની કાળલબ્ધિ છે. એકલા જીવનમાં જ કાળલબ્ધિ છે એમ નથી, પણ દરેક પરમાણુમાં પણ સમયસમયની તેની કાળલબ્ધિ છે,

તેની કાળલબ્ધિથી તે પરિણમી રહ્યા છે, જીવ તેનો કર્તા નથી, જીવ તો જ્ઞાતા છે.

જીવનો સ્વભાવ સ્વ–પર જ્ઞેયોને 'ગ્રહણ કરવાનો' છે, 'ગ્રહણ'નો અર્થ હાથથી પરદ્રવ્યને પકડે છે – એમ નથી, જીવને હાથ પગ નથી કે પરદ્રવ્યને પકડે; ગ્રહણ કરવું એટલે જાણવું – એમ સમજવું. સ્વ–પર જ્ઞેય કહ્યાં તેમાં ત્રિકાળી દ્રવ્ય–ગુણને તેમાં અભેદ થયેલી વીતરાગી પર્યાય તે સ્વજ્ઞેય છે, અને વ્યવહારરત્નત્રયનો રાગ તે પરજ્ઞેયમાં જાય છે, કેમકે તે જીવનો સ્વભાવ નથી. આ સમજતાં શ્રદ્ધાજ્ઞાનમાં શુદ્ધચૈતન્યનું ગ્રહણ થયું ને ઊંધી માન્યતાનો ત્યાગ થયો – તે અપૂર્વ ધર્મ છે.

એકનો એક વીસ વર્ષનો દીકરો માંદો પડે ત્યાં જ્ઞાન તેને જાણે, તથા બચાવવાની ઈચ્છા થાય તેને પણ જ્ઞાન જાણે પરંતુ જ્ઞાનમાં કે ઈચ્છામાં એવી તાકાત નથી કે પુત્રના શરીરને નિરોગ બનાવી દે. ઈચ્છા તેમ જ રોગ તે બંને જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાન ખરેખર ઈચ્છાને પણ કરતું નથી, તો પરને બચાવે તે વાત ક્યાં રહી ?

સમવસરણમાં સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય તેમની સેવાનો ભાવ થાય તેમજ ભગવાનની મૂર્તિ સ્થાપીને તેની ભક્તિનો ભાવ આવે, પણ ત્યાં ધર્મી જાણે છે કે ખરેખર ભગવાન આ આત્માનો કાંઈ કરી દેતા નથી, ભગવાન પણ મારા જ્ઞાનનું જ્ઞેય છે. એ જ પ્રમાણે જડ કર્મ પણ જ્ઞાનનું જ્ઞેય છે, રાગ કરાવીને આત્માને રખડાવે – એવી તેનામાં તાકાત નથી. કર્મ પણ જ્ઞેય છે, ને જ્ઞાનમાં તેને પણ જાણવાની તાકાત છે. જુઓ, આ જ્ઞાનસામર્થ્યનો મહિમા ! અમુક નિમિત્તથી લાભ થાય ને અમુક નિમિત્તથી નુકસાન થાય – એ વાત રહેતી નથી; જ્ઞાનમાં તો બધુંય જ્ઞેય છે, તેમાં વિતરાગભાવ છે. આ ઈષ્ટ અને આ અનિષ્ટ – એવું જ્ઞાનમાં નથી ને જ્ઞેયમાં પણ નથી. આમાં જ્ઞાનની પુષ્ટિ થાય છે ને નિમિત્તાધીનદૃષ્ટિના ભુક્કા ઊડી જાય છે.

વિકારને કરે એવો પણ આત્માનો ત્રિકાળીસ્વભાવ નથી તો જડને કે પરને કરે – એ વાત તો રહી જ ક્યાં ? જેમ ઈશ્વર જગતનો કર્તા છે એમ માનનારા અન્યમતી મિથ્યાદૃષ્ટિ છે તેમ જૈનમતમાં રહેલા પણ જો એમ માને કે આત્મા પરનો કર્તા છે – તો તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે. જીવ કર્મને કરતો નથી અને કર્મ જીવને રખડાવતું નથી; જીવ શરીરને હલાવતો નથી તેમજ તે શરીરમાં રહેતો નથી, જીવ તો પોતાના અનંતગુણધામ અસંખ્યપ્રદેશમાં રહે છે. ખરેખર જીવ કે શરીર કોઈ મરતાં નથી, કેમ કે જીવનો કે શરીરનાં રજકણોનો કાંઈ સર્વથા નાશ તો થતો નથી, માત્ર તેમની અવસ્થા

પોતપોતાનાં કારણે બદલાય છે. માટે હું પર જીવને મારું કે બચાવું – એવી માન્યતા તે અજ્ઞાન છે. આત્મામાં એવી શક્તિ છે કે સ્વ–પર બધાને જાણે તેમ જ સ્વ–પરના જ્ઞાનમાં જણાય. આત્માના આવા સ્વભાવને સમજ્યા વગર રાગ ઘટાડીને પુણ્ય બાંધે તોય ચોરાશીના અવતારમાં રખડે પણ જન્મ મરણનો અંત આવે નહીં.

આત્માની ત્રિકાળી શક્તિઓનું આ વર્ણન ચાલે છે; આત્માની કોઈ પણ શક્તિ પરના કે રાગના આશ્રયે નથી, ક્ષણિક પર્યાયના કે એકેક શક્તિના આશ્રયે પણ તે નથી, અનંત શક્તિના પિંડરૂપ આત્મદ્રવ્યના આશ્રયે જ બધી શક્તિઓ રહેલી છે; અનંત શક્તિના પિંડરૂપ આત્મદ્રવ્યના આશ્રયે જ બધી શક્તિઓ રહેલી છે; માટે તે દ્રવ્યની સામે જોઈને જ આ શક્તિઓની યથાર્થ કબૂલાત થઈ શકે છે.

આત્મામાં બીજાને સમજાવી દ્યે એવી તાકાત નથી પણ બીજાના જ્ઞાનમાં પોતે જણાય અને બીજાને પોતે જાણે એવું તેનું સામર્થ્ય છે. જ્ઞાનસ્વભાવના મહિમાનો વિશ્વાસ કરતાં પોતામાં સ્વ–પરપ્રકાશક સામર્થ્ય પ્રગટી જાય છે, અને બીજા જે જીવોમાં તે પ્રકારનું જ્ઞાનસામર્થ્ય પ્રગટ હોય તેમના જ્ઞાનમાં જ્ઞેય થવાનો પણ આત્માનો સ્વભાવ છે. જો કોઈ એમ માને કે કેવળી ભગવાન આ આત્માની ત્રણકાળની પર્યાયોને વર્તમાનમાં ન જાણે પણ જ્યારે પર્યાય થાય ત્યારે જાણે, – તો તેણે આત્માના પ્રમેય થવાના સ્વભાવને જ નથી માન્યો અને કેવળીને પણ નથી માન્યા; તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અને પોતાના સ્વભાવથી જ સ્વ–પરને જાણે એવું આત્માનું સામર્થ્ય છે તેને બદલે વાણી–શાસ્ત્ર વગેરે પરને લીધે આત્માનું જ્ઞાન સામર્થ્ય છે તેને બદલે વાણી–શાસ્ત્ર વગેરે પરને લીધે આત્માને જ્ઞાન થાય એમ જે માને છે તેને પણ આત્માના જ્ઞાનસ્વભાવની ખબર નથી. પર પદાર્થોમાં આત્માના જ્ઞાનનું જ્ઞેય થવાનો સ્વભાવ છે પણ તેઓ જ્ઞાનનું કારણ થાય એવો તો તેમનો પણ સ્વભાવ નથી. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય જ્ઞાનમાં જણાય એવો સ્વભાવ છે; જો જ્ઞાનમાં તે ત્રણેય ન જણાય તો તેઓ જ્ઞેય રહેતાં નથી ને તેમનું સત્‌પણું જ સાબિત થતું નથી; અને જો જ્ઞાનમાં તે ત્રણેને જાણવાનું સામર્થ્ય ન હોય તો તે જ્ઞાન જ રહેતું નથી. જ્ઞાનનો સ્વભાવ બધાને જાણવાનો છે ને જ્ઞેયનો સ્વભાવ જ્ઞાનમાં પ્રમેય થવાનો છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને ન જાણે ને વસ્તુ એકલી નિત્ય જ માને અથવા સર્વથા ક્ષણિક જ માને તો તે પ્રમાણજ્ઞાન જ નથી પણ મિથ્યા જ્ઞાન છે, તે જ્ઞાન પ્રમાણે પ્રમેય વસ્તુ જગતમાં નથી અને જેવી વસ્તુ છે તેવું તેને જ્ઞાન નથી. આત્માના પરિણમ્યપરિણામક

સ્વભાવને બરાબર સમજે તો મિથ્યાજ્ઞાન રહે નહિ; આ એક શક્તિમાં સ્વ–પરપ્રકાશક જ્ઞાન અને પ્રમેયત્વ બંનેની સિદ્ધિ થઈ જાય છે.

અહીં પંદરમી પરિણમ્યપરિણામકત્વ શક્તિનું વર્ણન પૂરું થયું.

❋ ❋ ❋

# ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ

**અનંતશક્તિનો પિંડ જ્ઞાનસ્વરૂપ મારો આત્મા છે, તે અગ્રાહ્ય એવા પરદ્રવ્યને કે વિકારને ગ્રહતો નથી, અને ગૃહિત એવા નિજસ્વભાવને કદી છોડતો નથી, સદાય પોતાના જ્ઞાનસ્વરૂપમાં નિશ્ચલ રહે છે. – આમ ધર્મી પોતાના આત્માને ગ્રહણ–ત્યાગરહિત એકરૂપ દેખે છે. એવા સ્વરૂપનાં અવલંબને તેને પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે છે ને રાગાદિ ટળતા જાય છે.**

આત્માને જ્ઞાનસ્વરૂપ કહીને ઓળખાવ્યો ત્યાં જ્ઞાન સાથે બીજા અનંત ધર્મો રહેલાં છે. તેમાં એક ત્યાગોપાદાનશૂન્યત્વ નામની શક્તિ છે; તેથી આત્મા, જે ઘટતું–વધતું નથી એવા સ્વરૂપમાં નિયતપણે રહે છે. પરનું ગ્રહણ–ત્યાગ તો આત્મામાં છે નહિ અને વિકારનું ગ્રહણ–ત્યાગ પણ આત્માના ત્રિકાળસ્વરૂપમાં નથી; ત્રિકાળી સ્વભાવમાં વિકારને છોડું ને નિર્મળપર્યાયને ગ્રહું – એમ પણ નથી, તે તો પર્યાયમાં છે. દ્રવ્યદૃષ્ટિથી જોતાં આત્મા પોતાના એવા ને એવા સ્વરૂપમાં નિશ્ચલપણે રહેલો છે; તે ત્રિકાળ સિદ્ધ સમાન છે, તેના સ્વરૂપમાં જરાય વધ–ઘટ થતી નથી. પર્યાયમાં વિકાર હોય ને તે ટળીને નિર્મળતા પ્રગટે પણ તેથી ત્રિકાળી દ્રવ્યમાં કાંઈ ઘટી કે વધી જતું નથી. વર્તમાન અંશ સામે જુઓ તો પર્યાયમાં ઘટતું-વધતું દેખાય છે. પર્યાયના અંશમાં જે વધ–ઘટ દેખાય છે તે વ્યવહારનયનો વિષય છે, એટલે અભૂતાર્થ છે; અહીં ભૂતાર્થદૃષ્ટિમાં તેનો નિષેધ કરીને કહે છે કે આત્માનો ત્રિકાળીસ્વભાવ ત્યાગ–ગ્રહણથી રહિત છે તેમાં

કાંઈ ઘટતું વધતું નથી. આવા સ્વભાવની દૃષ્ટિ કરતાં પર્યાયમાં રાગ ટળીને વીતરાગભાવ થઈ જાય છે, તેમજ જ્ઞાનાદિ પર્યાયમાં પણ વૃદ્ધિ થતી જાય છે.

આત્મામાં પરદ્રવ્યનું તો ગ્રહણ કે ત્યાગ નથી પરંતુ રાગનું ગ્રહણ ત્યાગ પણ આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. ત્રિકાળી સ્વભાવ તો રાગના અભાવસ્વરૂપ જ છે, રાગનો ત્યાગ કરું ને નિર્મળ પર્યાયને ગ્રહણ કરું એવું ત્રિકાળી સ્વભાવમાં નથી.

વળી ત્રિકાળી સ્વરૂપથી જોતાં આત્મા એકરૂપ છે, તેમાં સ્વરૂપમાં કાંઈ ઘટતું–વધતું નથી. સંસારપર્યાય વખતે આત્માના ત્રિકાળી ગુણામાંથી કાંઈ ઘટી ગયું અને મોક્ષપર્યાય પ્રગટતાં આત્માની ત્રિકાળી ગુણોમાં કાંઈ વધી ગયું – એમ નથી; અથવા સંસારદશામાં અલ્પ પર્યાય પ્રગટ હોય ત્યારે દ્રવ્યમાં શક્તિ ઓછી રહી – એમ પણ નથી. અત્યારે તો આત્માના એકરૂપ અસ્તિસ્વભાવની વાત છે; તે સ્વભાવના આશ્રયે પર્યાયમાં રાગનો ત્યાગ ને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે, પણ તેની પ્રધાનતા નથી, કેમકે તે પર્યાય તો અભેદદ્રવ્યની જ પ્રધાનતા રહી. આથી અભેદદૃષ્ટિ કરવી તે ધર્મનું મૂળ છે.

વિકારનાં લક્ષે વિકાર ટળતો નથી. ત્રિકાળીસ્વભાવની દૃષ્ટિમાં તો હીણી પર્યાયનો ત્યાગ ને પૂરી પર્યાયનું ગ્રહણ–તે પણ નથી, ત્રિકાળીસ્વભાવની દૃષ્ટિથી પર્યાયમાં તેમ થઈ જાય છે ખરું, પણ તે પર્યાયની સન્મુખ દૃષ્ટિ નથી, દૃષ્ટિ તો દ્રવ્યમાં વળી ગઈ છે. હું આ રાગને છોડું – એવા વિકલ્પથી જે લાભ માને તે મિથ્યાદૃષ્ટિ છે; કેમ કે 'રાગ છોડું' એવા લક્ષે પણ થાય છે તો વિકારની ઉત્પત્તિ, છતાં તેને વિકાર છોડવાનું સાધન માને છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માના મૂળ સ્વભાવમાં રાગ નથી એટલે તે સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્ર રહેતાં પર્યાયમાં રાગની ઉત્પત્તિ જ થતી નથી. – આ જ રાગના ત્યાગની રીત છે. આ સિવાય બીજા ઉપાયથી રાગનો ત્યાગ કરવાનું માને તે અજ્ઞાની છે.

આત્માના ત્રિકાળીગુણોમાં વિકારનું ગ્રહણ–ત્યાગ નથી તેમ જ તેમાં ઘટતું–વધતું નથી – આવા સ્વભાવની દૃષ્ટિ તે દ્રવ્યદૃષ્ટિ છે, આવી દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે ને તે જ પહેલો ધર્મ છે. જુઓ, આત્માનો જ્ઞાનગુણ ત્રિકાળ છે, તેમાં પહેલાં મતિ–શ્રુતરૂપ અલ્પ પર્યાય હતી ને પછી પૂર્ણ કેવળજ્ઞાન પર્યાય પ્રગટી; ત્યાં મતિ–શ્રુતરૂપ અલ્પ પર્યાય વખતે જ્ઞાનગુણની શક્તિ વધારે હતી ને કેવળજ્ઞાનરૂપ પૂર્ણપર્યાય પ્રગટતાં

જ્ઞાનગુણની શક્તિ ઓછી રહી – એમ નથી. હીન કે અધિક ગમે તેવી પર્યાય પ્રગટ હો પણ દ્રવ્ય–ગુણનું સામર્થ્ય તો અનાદિઅનંત એકરૂપ છે, તે ઘટતું–વધતું નથી, – આવો જ દ્રવ્યસ્વભાવ છે. અહો ! આવી દૃષ્ટિમાં કેટલી વીતરાગતા છે !! પર્યાયની બુદ્ધિ છોડીને ત્રિકાળી દ્રવ્યમાં દૃષ્ટિ અભેદ થઈ ત્યાં ક્ષણેક્ષણે ધર્મ થાય છે.

પર્યાયમાં ઊંધી માન્યતા તે અધર્મ છે. ત્રિકાળીદ્રવ્યમાં તેનું ગ્રહણ નથી; અને આમ જે સમજે તેને તો પર્યાયમાં પણ ઊંધી માન્યતા રહે નહિ.

**પ્રશ્ન** :- મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ પ્રગટ કરું – એમ વિચારે તો ?

**ઉત્તર** :- એ બરાબર, પણ તેની રીત શું છે તે સમજવું જોઈએ ને ? 'મિથ્યાત્વ ટાળું' એવા લક્ષે શું મિથ્યાત્વ ટાળે છે ? ને 'સમ્યક્ત્વ પ્રગટ કરું' એવા વિકલ્પથી શું સમ્યક્ત્વ પ્રગટે છે ? – એમ તો બનતું નથી. ધ્રુવ ચિદાનંદસ્વભાવ અનાદિઅનંત એકરૂપ છે – જેનામાં મિથ્યાત્વ ટાળું ને સમ્યક્ત્વ કરું – એવા ભેદ નથી, તે સ્વભાવની રુચિ અને મહિમા કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાં મિથ્યાત્વનો વ્યય અને સમ્યક્ત્વનો ઉત્પાદ થઈ જાય છે. માટે આવા એકરૂપ સ્વભાવને જાણીને તેમાં દૃષ્ટિ અને એકાગ્રતા કરવી તે જ ધર્મની રીત છે.

અજ્ઞાની જીવો દેહના સંયોગને અને રાગને જ આત્મા માની રહ્યા છે પણ આત્મા તો જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ છે, રાગની ઉપાધિ કે દેહનો સંયોગ તે તેનું ખરું સ્વરૂપ નથી – આવા આત્માને અજ્ઞાની ઓળખતો નથી, તેથી અહીં આત્માના સ્વભાવનું વર્ણન કરીને તેની ઓળખાણ કરાવે છે. હે ભાઈ ! રાગ તે તારું અસલી કાયમ ટકનારું સ્વરૂપ નથી પણ ક્ષણિક ઉપાધિભાવ છે, તે રાગ છૂટી જતાં તારા સ્વરૂપમાંથી કાંઈ ઘટી જતું નથી; અને પર્યાયમાં જે જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે તે તારા સ્વરૂપમાંથી આવે છે, તે કાંઈ બહારથી નથી આવતાં, એટલે તે શુદ્ધતા વધતાં દ્રવ્યમાં કાંઈ વધી ગયું એમ નથી.

આત્મા પરના ગ્રહણ–ત્યાગથી રહિત પોતાના એકરૂપ સ્વરૂપમાં નિશ્ચલ છે. જો આત્મા પરને ગ્રહે તો વધે અને જો પોતાના જ્ઞાનાદિ ગુણોને છોડે તો ઘટી જાય, પણ એમ કદી બનતું નથી; આત્માએ પોતાના સ્વભાવને કદી છોડ્યો નથી ને પરને કદી ગ્રહણ કર્યું નથી. સમાધિતંત્રમાં શ્રી પૂજ્યપાદસ્વામી પણ કહે છે કે –

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुञ्चति ।
जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ।।२०।।

જે અગ્રાહ્યને એટલે કે નહિ ગ્રહવાયોગ્ય એવા પર પદાર્થને અને વિકારને ગ્રહતું નથી તેમ જ ગૃહિતને એટલે કે ગ્રહણ કરેલા એવા પોતાના શાશ્વતસ્વભાવને છોડતું નથી, સર્વને સર્વ પ્રકારે જાણે છે, એવું સ્વસંવેદ્ય તત્ત્વ તે હું છું, – આમ ધર્મી અનુભવે છે. આત્મા સદા પોતાના એકરૂપ સ્વરૂપમાં નિશ્ચલ છે. એની દૃષ્ટિ અને એનો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

અહીં આચાર્યભગવાન કહે છે કે આત્મા પરને ગ્રહે કે ત્યાગે એ વાત જ જૈનધર્મમાં નથી. જૈનધર્મ તે અનેકાન્તમાર્ગ છે અને તેમાં સ્વભાવની અસ્તિની પ્રધાનતા છે, અને તેનાં સ્વભાવની અસ્તિમાં પ્રધાનતા છે, અને સ્વભાવની અસ્તિમાં રાગની નાસ્તિ છે. આવા સ્વભાવની અસ્તિનાં અવલંબને પર્યાયમાં રાગની નાસ્તિ થઈ જાય છે. આત્માની અસ્તિમાં પરની તો ત્રણે કાળ નાસ્તિ છે એટલે પરનો ત્યાગ કરું એ વાત તો વસ્તુમાં છે જ નહિ. અને રાગનો ત્યાગ સત્ વસ્તુના અવલંબન વિના બને નહિ માટે ધ્રુવ વસ્તુનું અવલંબન તે જ જૈનમાર્ગ છે. જૈનમાર્ગ કહો, વીતરાગમાર્ગ કહો, અનેકાન્તમાર્ગ કહો, ત્યાગમાર્ગ કહો, મોક્ષમાર્ગ કહો કે અહિંસાધર્મ કહો,–પોતાના આત્મસ્વભાવનાં અવલંબનમાં જ તે બધાં સમાઈ જાય છે.

'ત્યાગોપાદાનશૂન્ય' કહીને આત્માનો ત્રિકાળ અસ્તિરૂપ સ્વભાવ સ્થાપ્યો છે. નિશ્ચયથી તો વસ્તુ પોતાના સ્વરૂપમાં જ ત્રિકાળ એકરૂપ છે, તેમાં કાંઈ ગ્રહણ કે ત્યાગ નથી, તેમાં કાંઈ વધતું કે ઘટતું નથી. અજ્ઞાનીને પણ આવો જ સ્વભાવ છે, પણ તેને પોતાના સ્વભાવનું ભાન નથી. પોતાના આવા સ્વભાવનું ભાન થતાં પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે છે....ને રાગાદિ ટળતા જાય છે.

વસ્તુ અખંડ પરિપૂર્ણ છે, તે અખંડ વસ્તુની દૃષ્ટિ કરતાં અવસ્થામાં નિર્મળતા થાય છે ને અશુદ્ધતા ટળે છે. ધર્મી જીવની દૃષ્ટિમાં અખંડ નિર્મળ તત્ત્વ છે, તેથી વસ્તુમાં વધ–ઘટ નથી એમ કહીને અહીં વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરાવી છે. પરંતુ પોતાની અવસ્થામાં વિકાર છે તેને સ્વીકારે જ નહિ તો ટાળવાનો ઉદ્યમ ક્યાંથી કરશે ? અને જો વિકારની સામે જ જોયા કરે ને વિકાર વગરના પોતાના શુદ્ધસ્વભાવને નહિ ઓળખો તો વિકારને કોના અવલંબને ટાળશે ? માટે દ્રવ્ય અને પર્યાય બંનેને જેમ છે તેમ ઓળખવા

જોઈએ. દ્રવ્ય–પર્યાયની સંધિ કર્યા વગર એકાંત ખેંચી જાય તો કાંઈ ધર્મ થાય તેમ નથી.

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માને પોતાનાં સ્વરૂપનું ભાન છે. તે સ્વરૂપમાં નિર્વિકલ્પ એકાગ્રતા ન રહી શકે ત્યારે શુભ વિકલ્પમાં પણ તે જોડાય છે પરંતુ શુભરાગ તે કાંઈ ખરેખર મોક્ષમાર્ગ નથી. કોઈ અજ્ઞાની પ્રાણી પણ વ્યવહારમાં તીવ્ર કષાયભાવ છોડીને રાગ ઘટાડતો હોય, ત્યાં તે મંદરાગ જોકે ધર્મ નથી તો પણ તેને રાગ ઘટાડવાની કાંઈ ના કહેવાય નહિ. ધર્મીની દૃષ્ટિમાં જ્યાં પુણ્યભાવનો પણ આદર નથી તો પછી પાપભાવ વધારવાની તો વાત જ ત્યાં શેની હોય ? પણ કોઈ પાપભાવ ઘટાડીને પુણ્યભાવમાં ધર્મ માનીને સંતોષાઈ જાય તો જ્ઞાની તેને કહે કે બાપુ ! એ ધર્મ નથી, ધર્મ તો અંતરમાં તારા સહજસ્વભાવની વસ્તુ છે. પરના ગ્રહણ–ત્યાગ વગરની અખંડ એકરૂપ વસ્તુ તારા અંતરમાં બિરાજે છે તેની દૃષ્ટિ વિના તને સાચી સ્થિરતા નહિ થાય, અને સ્થિરતા વિના ચારિત્ર કે કેવળજ્ઞાન નહિ થાય, માટે પહેલાં યથાર્થ વસ્તુનો મહિમા સમજીને તેમાં દૃષ્ટિ કર.

આત્મામાં અનંત શક્તિઓ છે તે બધી એક સાથે જ વર્તી રહી છે, તેમાં આ શક્તિ પહેલી ને આ બીજી – એવા નંબર નથી લખ્યા, પણ ભાષામાં તો ક્રમથી જ આવે. તેમ જ આત્માની અનંત શક્તિઓમાં એકનો મહિમા વધારે ને બીજીનો મહિમા ઓછો – એવા ભેદ નથી, બધી શક્તિઓ પોતપોતાના પૂરા મહિમાને ધારણ કરે છે, જ્ઞાનનો મહિમા વધારેને દર્શનનો મહિમા ઓછો – એમ નથી. અભેદ આત્મદ્રવ્યમાં બધી શક્તિઓ એક સાથે જ વર્તે છે, તેમનામાં કાળભેદ કે ક્ષેત્રભેદ નથી.

આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વ સ્વભાવ છે તેથી આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય પરના ગ્રહણ–ત્યાગથી રહિત છે. આત્માની ચારિત્રદશા–મુનિદશા પ્રગટે ત્યાં વસ્ત્રોનો સંયોગ હોય જ નહિ – એ બરાબર છે, તો પણ વસ્ત્રાદિને છોડે કે નિર્દોષ આહારને ગ્રહણ કરે – એવો ચારિત્રપર્યાયનો સ્વભાવ નથી, ચારિત્રપર્યાયનો સ્વભાવ તો આત્મામાં લીન થવાનો છે. એ જ પ્રમાણે જ્ઞાનગુણમાં જાણવાનો સ્વભાવ છે પણ પરજ્ઞેયોને ગ્રહે કે છોડે એવો તેનો સ્વભાવ નથી. આ પ્રમાણે આત્માના બધા ગુણ–પર્યાયો પરના ગ્રહણ–ત્યાગથી રહિત છે. આવું સ્વરૂપ સમજે તેનું પરિણમન પરથી પાછું ખસીને સ્વદ્રવ્ય તરફ ઝૂક્યા વગર રહે જ નહિ. મારામાં પરનું તો ગ્રહણ–ત્યાગ છે જ નહિ, મારા

શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર–સુખ વગેરે કોઈ ગુણોનું પરમાંથી ગ્રહણ થતું નથી એટલે મારે પરસન્મુખ જોવાનું રહેતું નથી, અને મારામાં હીન–અધિક પર્યાય વખતે પણ મારું દ્રવ્ય તો પોતાના એકરૂપ સ્વરૂપમાં જ નિશ્ચલપણે સ્થિત છે. – આમ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં પર્યાયની મુખ્યતા રહેતી નથી, એટલે કે દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગરૂપ પરિણમન થઈ જાય છે.

આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને અનાદિથી ચાર ગતિમાં રખડ્યો, પરંતુ ત્યાં તેણે પોતાના દ્રવ્યસ્વભાવને કદી છોડ્યો નથી અને જડ શરીર વગેરેને ખરેખર કદી ગ્રહ્યા નથી; જડથી તો તે સદા જાુદો ને જાુદો જ રહ્યો છે. આત્માના દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં પરદ્રવ્યનું ગ્રહણ છે જ નહિ. ધર્મી જીવની દૃષ્ટિમાં પોતાના શુદ્ધ ચિદાનંદ આત્માનું એકનું જ ગ્રહણ છે; અજ્ઞાની જીવ ભ્રાંતિથી વિકારને ગ્રહે છે, પરંતુ પરદ્રવ્યનું ગ્રહણ કે ત્યાગ તો જ્ઞાની કે અજ્ઞાની કોઈને નથી. 'અરિહંત' એટલે કર્મરૂપી વેરીને હણનાર – એમ ઉપચારથી કહેવાય, પરંતુ ખરેખર અરિહંત ભગવાનના આત્મામાં જડકર્મનું ગ્રહણ કે ત્યાગ નથી. હજી તો જડ–ચેતનની ભિન્નતાને પણ સમજે નહિ અને આત્મા જડને ગ્રહે ને છોડે એમ માને તેને ધર્મ ક્યાંથી થાય ? એવો જીવ પોતાની મિથ્યાકલ્પનાથી પોતાને ધર્મી, વ્રતધારી કે મુનિ ભલે માને પરંતુ ધર્મ શું કહેવાય તેની પણ તેને ખબર નથી.

આત્માનું પોતાનું જે અસલી સ્વરૂપ છે તેને આત્મા કદી છોડતો નથી, અને પરદ્રવ્યનો આત્મામાં અભાવ છે તેને આત્મા કદી ગ્રહતો નથી. અજ્ઞાનીઓ માને છે કે બાહ્યત્યાગ તે ધર્મ છે. પરંતુ ભગવાન કહે છે કે અરે ભાઈ ! બાહ્ય વસ્તુનો પ્રવેશ જ આત્મામાં નથી, આત્મામાં બાહ્ય વસ્તુ હોય તો આત્મા તેને છોડ ને ? 'ખરેખર મેં બાહ્ય વસ્તુને છોડી'– એવો જેનો અભિપ્રાય છે તેણે બાહ્ય વસ્તુને આત્મામાં પ્રવેશી ગયેલી માની છે, તેની તે માન્યતામાં સ્વ–પરની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

ભગવાન આત્મા તો અખંડ વિજ્ઞાનઘન છે, તેનામાં વચ્ચે એવું પોલાણ નથી કે તેમાં પર વસ્તુ પેસી જાય ! પર વસ્તુને મેળવવી કે દૂર કરવી તેમાં આત્માનો પુરુષાર્થ નથી. આત્મા કાં તો ઊંધા પુરુષાર્થથી વિકાર કરે, અને કાં સવળા પુરુષાર્થથી ધર્મ કરે, પણ પરમાં કાંઈ કરી શકે નહીં. ધર્મનો પુરુષાર્થ પૂર્વે કદી ક્ષણમાત્ર પણ કર્યો નથી તેથી તે અપૂર્વ છે. પૂર્વે અનંતકાળમાં જીવે પોતાની પર્યાયમાં પુણ્ય–પાપનો પુરુષાર્થ

કર્યો પરંતુ પરદ્રવ્યનું ગ્રહણ–ત્યાગ તો કોઈ જીવે કદી કર્યું નથી. આવી જ વસ્તુસ્થિતિની મર્યાદા છે.

❋ ❋ ❋

(વીર સં. ૨૪૭૫ કારતક શુદ ૧૩ રવિવાર)

## 卐 ૭ કુમારિકા બેનોનાં બ્રહ્મચર્યનો દિવસ 卐

આ આત્માના સ્વભાવની વાત ચાલે છે. ભગવાન આત્મામાં ત્રિકાળ અનંત શક્તિઓ છે. જેટલી સિદ્ધભગવાનમાં શક્તિ છે તેટલી શક્તિ દરેક આત્મામાં છે, એકેક આત્મા પોતાની પ્રભુતાનો પિંડ છે. આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વ નામની એક શક્તિ છે એટલે જે કદી ઘટતું–વધતું નથી એવા પોતાના નિશ્ચલ સ્વરૂપમાં આત્મા રહેલો છે. પૂર્વે અનાદિકાળથી નિગોદદશામાં રહ્યો તેથી કાંઈ દ્રવ્ય ઘટી ગયું નથી અને સિદ્ધદશા પ્રગટે તેથી કાંઈ દ્રવ્ય વધી જતું નથી; તેમ જ જ્યારે અલ્પદશા પ્રગટ હોય ત્યારે દ્રવ્યમાં ઘણી શક્તિ બાકી રહી અને પરિપૂર્ણ સિદ્ધદશા પ્રગટી ત્યારે પાછળ દ્રવ્યની શક્તિ ઓછી રહી – એમ પણ નથી. દ્રવ્યસામર્થ્ય સદા એવું ને એવું છે, તે કદી ઘટતું–વધતું નથી. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો પ્રગટી જાય તોપણ દ્રવ્યનું સ્વભાવસામર્થ્ય કિંચિત્ પણ ઘટતું નથી. આવા દ્રવ્યને લક્ષમાં લઈને તેમાં પર્યાયને એકાગ્ર કરતાં આનંદનો અનુભવ થાય છે.

કેવળજ્ઞાન પર્યાય પ્રગટે તે ત્રિકાળી જ્ઞાનગુણમાંથી પ્રગટે છે, તોપણ કાંઈ ગુણ ઘટીને તે પર્યાય થતી નથી, ગુણનું સામર્થ્ય તો એવું ને એવું પરિપૂર્ણ રહીને પર્યાય થાય છે. જેમ કોથળીમાં સો રૂપીઆ હોય ને તેમાંથી એક રૂપીયો કાઢતાં સોમાંથી એક ઓછો થાય, તેવું અહીં ગુણમાં નથી, પર્યાય પ્રગટતાં કાંઈ ગુણનું સામર્થ્ય ઘટી જતું નથી. – આવો જ અચિંત્ય સ્વભાવ છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશા આવી ક્યાંથી ? ...કે...દ્રવ્યમાંથી; દ્રવ્યમાં કાંઈ ઓછું થયું ?....કે....ના. જુઓ, આ વસ્તુસ્વભાવ ! સંસારદશા હો, સાધકદશા હો કે સિદ્ધદશા હો, પણ દ્રવ્ય–ગુણમાં કાંઈ વધ–ઘટ નથી. ઓછી–વધતી દશા થાય છે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે, અહીં દ્રવ્યસ્વભાવની પ્રધાનતા છે કેમ કે દ્રવ્યની દૃષ્ટિપૂર્વક જ પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે.

બહારનું ગ્રહણ–ત્યાગ તો આત્મામાં નથી; અંતરમાં નિર્મળ દશાનું ગ્રહણને વિકારનો ત્યાગ તે પર્યાય અપેક્ષાએ છે, પરંતુ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તો તે પણ નથી. આત્મા પોતાની પર્યાયમાં પુણ્ય–પાપ કરે કે વીતરાગતા કરે તોપણ તેનામાં એવી તાકાત નથી

કે પરને ગ્રહે અગર છોડે. રાગ કરીને બીજાને મદદ કરી શકે કે દ્વેષ કરીને બીજાને કાંઈ નુકસાન પહોંચાડી શકે – એવી તાકાત આત્મામાં નથી. આત્મા પોતામાં સાચાં શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ કરે પણ તેથી કાંઈ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને નજીક કરે કે કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રને દૂર કરે એવી તાકાત તેનામાં આવી જતી નથી; કેમકે આત્માના દ્રવ્ય–ગુણ કે પર્યાયમાં પરનું ગ્રહણ–ત્યાગ નથી. પરની વાત તો દૂર રહો, પોતાની પર્યાયમાં વિકારનો ત્યાગ અને અવિકારભાવનું ગ્રહણ તે પણ એક સમયપૂરતી પર્યાયનો–અંશનો જ સ્વભાવ છે, અંશી એવી ત્રિકાળી દ્રવ્યના સ્વભાવમાં કાંઈ નવું ગ્રહણ–ત્યાગ નથી.–આવો આત્માનો ત્યાગોપાદાનશૂન્યત્વ સ્વભાવ છે.

આત્માનો આવો સ્વભાવ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ જીવે જાણ્યો નથી, જો જાણે તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહિ. જેને આ સંસારપરિભ્રમણથી થાક લાગ્યો હોય અને મુક્તિ જોઈતી હોય તેણે મુક્તિ ક્યાં શોધવી ? આત્માની મુક્તિ પરમાં શોધે તો તે ન મળે, પુણ્ય–પાપમાં પણ ન મળે, વર્તમાન અધૂરી પર્યાયમાં પણ ન મળે, વિકારને છોડુને નિર્મળતાને પ્રગટ કરું – એવા વિચારથી પણ મુક્તિ ન મળે, જેમાં વિકારનું પણ ગ્રહણ–ત્યાગ નથી એવા ધ્રુવ–એકરૂપ દ્રવ્યસ્વભાવમાં શોધે તો તેમાંથી મુક્તિ મળે તેમ છે. ધ્રુવસ્વભાવની સન્મુખ થઈને તેનું અવલંબન લેતાં પર્યાયમાં મુક્તિ થઈ જાય છે.

પરને લેવા–મૂકવાનું તો ત્રિકાળી દ્રવ્યમાં નથી ને અવસ્થામાંય નથી; હવે જોવાનું રહ્યું પોતામાં. પોતાની પર્યાયમાં પણ વિકારને ટાળું – એમ પર્યાય સામે લક્ષ કરતાં વિકાર ટળતો નથી પણ દ્રવ્યનાં લક્ષે એકાગ્ર થતાં વિકાર ટળીને નિર્વિકારદશા પ્રગટી જાય છે. માટે અહીં એક સમયની અવસ્થા ગૌણ કરીને, – તેના ઉપર વજન ન આપતાં, ત્રિકાળી દ્રવ્યની મુખ્યતા કરીને તેના જ અવલંબનનો ઉપદેશ છે; આ જ મોક્ષમાર્ગની રીત છે. સવારે પ્રવચનસારની ૮૦મી ગાથામાં એમ કહ્યું કે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જે જાણે છે તે જીવ પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ ક્ષય પામે છે, – તેમાં પણ દ્રવ્યદૃષ્ટિની આ જ વાત છે. ત્યાં અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય ઓળખાવીને પણ આત્માનો ત્રિકાળી સ્વભાવ બતાવ્યો છે અને અહીં આત્માની શક્તિઓનું વર્ણન કરીને પણ ત્રિકાળી–સ્વભાવ બતાવ્યો છે. સાધકની દૃષ્ટિમાંથી દ્રવ્યની મુખ્યતા એક સમય પણ છૂટતી નથી. વિકારનો ત્યાગ ને નિર્વિકારનું ગ્રહણ પર્યાયમાં

થાય છે ખરું, પણ તે ક્યારે થાય ? – કે જ્યારે ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે તેમ થાય છે; માટે, આત્માના સ્વભાવમાં વિકારનું પણ ગ્રહણ–ત્યાગ નથી એટલે તેમાં કાંઈ વધતું–ઘટતું નથી – એમ કહીને અહીં ત્રિકાળી એકરૂપ દ્રવ્યની દૃષ્ટિ કરાવી છે.

અજ્ઞાની જીવોને એમ લાગે છે કે અમે આ બધું લઈ–મૂકીએ છીએ. પણ અરે ભાઈ ! તું તો આત્મા છો, પરદ્રવ્યો તારાથી ભિન્ન છે, તારાથી ભિન્નપણે તેઓ સ્વયં પરિણમી રહ્યા છે. તારો સ્વભાવ તે પરદ્રવ્યોના ગ્રહણ–ત્યાગ વગરનો છે, પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવી શક્તિ આત્મામાં છે જ નહિ. શું આત્મા છે માટે જગતના પદાર્થો છે ? – ના, એમ નથી. તેમ જ આત્માની પર્યાય છે માટે જડની પર્યાય છે – એમ પણ નથી. જગતના દરેક તત્ત્વો પોતપોતાથી સ્વતંત્ર છે. પરના ત્યાગ–ગ્રહણથી રહિત તેમ જ પર્યાયના હીનાધિકતાના ભેદોને ગૌણ કરીને આત્માના એકરૂપ નિશ્ચલસ્વરૂપને દેખવું તે આ શક્તિના વર્ણનનો સાર છે.

– એ પ્રમાણે ત્યાગોપાદાનશૂન્ય નામની સોળમી શક્તિનું વર્ણન પૂરું થયું.

❋ ❋ ❋

# અગુરુલઘુત્વ શક્તિ

**અગુરુલઘુત્વને લીધે સ્વરૂપમાં પ્રતિષ્ઠિત એવો આત્મા સ્વયં શોભાયમાન છે. બીજાવડે તેની શોભા નથી. આત્મા પરમાત્મા થાય એના જેવી શોભા કઈ ? અને જેમાંથી અનંતકાળ સુધી પરમાત્મદશા પ્રગટ્યા કરે–એવા આત્મ–સ્વભાવની શોભાની તો શી વાત !**

હવે, આત્માની અનંતશક્તિઓમાં 'અગુરુલઘુત્વ' નામની શક્તિ છે તેનું વર્ણન કરે છે. ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમેલો અને સ્વરૂપપ્રતિષ્ઠિત્વનાં કારણરૂપ એવો જે વિશિષ્ટ ગુણ તે સ્વરૂપ અગુરુલઘુત્વ શક્તિ છે. આત્માની પર્યાયમાં છ પ્રકારની વૃદ્ધિ–હાનિ થવા છતાં તે પોતાનાં સ્વરૂપમાં એવો ને એવો ટકી રહે છે – એવો તેનો અગુરૂલઘુસ્વભાવ છે. આ સૂક્ષ્મસ્વભાવ કેવળીગમ્ય છે.

| | |
|---|---|
| ૧. અનંતગુણવૃદ્ધિ | ૧. અનંતભાગહાનિ |
| ૨. અસંખ્યગુણવૃદ્ધિ | ૨. અસંખ્યભાગહાનિ |
| ૩. સંખ્યાતગુણવૃદ્ધિ | ૩. સંખ્યાતભાગહાનિ |
| ૪. સંખ્યાતભાગવૃદ્ધિ | ૪. સંખ્યાતગુણહાનિ |
| ૫. અસંખ્યભાગવૃદ્ધિ | ૫. અસંખ્યાતગુણહાનિ |
| ૬. અનંતભાગવૃદ્ધિ | ૬. અનંતગુણહાનિ |

– ઉપર પ્રમાણે છ પ્રકારે વૃદ્ધિ તથા છ પ્રકારે હાનિ થાય છે, તે રૂપે અગુરુલઘુગુણનું કોઈ સૂક્ષ્મ પરિણમન થાય છે તે કેવળીગમ્ય છે.

વળી આ અગુરુલઘુત્વ શક્તિને લીધે દ્રવ્ય પોતાનાં સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે, વસ્તુ પોતાનાં સ્વરૂપમાં જ ટકી રહે છે. અનંત ગુણનો ભંડાર આત્મા કદી પણ પોતાનાં સ્વરૂપને છોડીને પરરૂપે થતો નથી, તેના અનંત ગુણો વીંખાઈને છિન્નભિન્ન થઈ જતા નથી. આ અગુરુલઘુસ્વભાવ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપેલો છે એટલે દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડીને અન્યથા થઈ જતું નથી, દ્રવ્યનો કોઈ પણ ગુણ પોતાના સ્વરૂપને છોડીને અન્યગુણરૂપ થઈ જતો નથી, તેમ જ દ્રવ્યની કોઈ પર્યાય બીજી પર્યાયરૂપે થઈ જતી નથી, સૌ પોતપોતાનાં સ્વરૂપમાં ટકી રહે છે. દ્રવ્ય અનાદિઅનંત પોતાના સ્વરૂપમાં ટકી રહ્યું છે તેનાથી જ તેની શોભા છે. પોતાની દ્રવ્યની ત્રિકાળી શોભાને ભૂલીને, પરથી પોતાની શોભા માનીને જીવ સંસારમાં રખડી રહ્યો છે. તેને અહીં આચાર્યદેવ સ્વભાવની શોભા બતાવે છે : અરે જીવ ! રૂપાળું શરીર વગેરે જડમાં તો તારી શોભા નથી, અને જીવ સંસારમાં રખડ્યો – એવી બંધનની વાત કરવી તેમાં પણ શોભા નથી, તારો આત્મા પોતાના એકત્વશુદ્ધસ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તેમાં જ તારી ત્રિકાળી શોભા છે, અને તેની ઓળખાણથી પર્યાયમાં શોભા પ્રગટે છે. પોતાનાં સ્વરૂપમાં પ્રતિષ્ઠાથી આત્મા ત્રિકાળ શોભી રહ્યો છે – એવો તેનો અગુરુલઘુત્વ સ્વભાવ છે. લોકો બહારની પ્રતિષ્ઠા અને શોભાથી મોટાઈ માને છે. અહીં આચાર્યભગવાન આત્માની સ્વરૂપ પ્રતિષ્ઠા બતાવીને તેનો મહિમા સમજાવે છે; આ સમજતાં પર્યાય પણ દ્રવ્ય તરફ વળીને નિર્મળપણે શોભી ઊઠે છે. આ સિવાય પૈસાથી, શરીરથી, વસ્ત્રથી કે દાગીનાથી, અરે ! પુણ્યથી પણ આત્માની શોભા માનવી તે ખરી શોભા નથી પણ કલંક છે. સ્વરૂપમાં પ્રતિષ્ઠિત એવો આત્મા પોતે સ્વયં શોભાયમાન છે, કોઈ બીજાવડે તેની શોભા નથી. આત્મા પરમાત્મા થાય એના જેવી કઈ શોભા ! અને જેમાંથી અનંતકાળ પરમાત્માદશા પ્રગટ્યા કરે – એ દ્રવ્યસામર્થ્યની શોભાની તો શી વાત !! મોટી શોભા ત્રિકાળ દ્રવ્યમાં છે તેના જ આધારે પર્યાયમાં શોભા પ્રગટી જાય છે. સિદ્ધદશા તે પર્યાયની શોભા છે, તે એક સમયપૂરતી છે ને દ્રવ્યની શોભા ત્રિકાળ છે. એક સમયની પર્યાયમાં શોભા ક્યારે પ્રગટે ?.... કે ત્રિકાળ શોભતા દ્રવ્યની સામે દૃષ્ટિ કરે ત્યારે ! જે આમ સમજે તેનું વલણ દ્રવ્યસ્વભાવ તરફ વળી જાય, તે પરથી પોતાની શોભા માને નહિ એટલે

તેની દૃષ્ટિમાં પર પ્રત્યે વીતરાગભાવ થઈ જાય. – આ રીતે આમાં ધર્મ આવે છે.

આત્માનું જ્ઞાનપરિણમન ઘટતાં ઘટતાં તે જ્ઞાનનો સર્વથા અભાવ થઈને આત્મા જડ થઈ જાય – એમ કદી ન બને, અને જ્ઞાનપરિણમન વધીને કેવળજ્ઞાન થયા પછી પણ જ્ઞાન વધ્યા જ કરે – એમ પણ ન બને. વળી આત્મામાં જે અનંતા ગુણો છે તેમાંથી એક પણ ગુણ કદી ઘટતો કે વધતો નથી. પર્યાયમાં વધ–ઘટ હોવા છતાં ત્રિકાળી દ્રવ્ય–ગુણ વધતા–ઘટતા નથી. હીણી અવસ્થા વખતે આત્માના કોઈ ગુણો ઘટી ગયા એમ નથી, તેમ જ પૂરી અવસ્થા પ્રગટતાં આત્માના ગુણો વધી ગયા – એમ પણ નથી. એકરૂપ સ્વરૂપમાં પ્રતિષ્ઠાથી ભગવાન આત્મા ત્રિકાળી મહિમાવંતપણે શોભી રહ્યો છે. આવા શોભાતાં દ્રવ્યની દૃષ્ટિ કરતાં પર્યાયમાં વીતરાગી શોભા પ્રગટી જાય છે; પણ તે પર્યાય ઉપર દૃષ્ટિ નથી કેમ કે તે પર્યાય પોતે અંતરમાં વળીને ત્રિકાળી દ્રવ્યની શોભામાં સમાઈ ગઈ છે.

આત્માની અગુરુલઘુત્વશક્તિ વસ્તુને ત્રિકાળ સ્વરૂપમાં ટકવાનું કારણ છે. પૂર્વે નિગોદ અવસ્થા હતી તે વખતે, સાધક અવસ્થા વખતે કે સિદ્ધદશા વખતે, સદાય આત્મા પોતાના સ્વરૂપમાં જ રહેલો છે. આત્માના અનંત ગુણો છે તે બધાય અગુરુલઘુસ્વભાવવાળા છે; પર્યાયમાં હાનિવૃદ્ધિ ભલે હો પણ અનંતા ગુણો પોતાનાં સ્વરૂપમાં ત્રણેકાળ એવા ને એવા સ્થાપી છે. – આવી સ્વરૂપ–પ્રતિષ્ઠા અનાદિઅનંત છે. જેમ જિનબિંબ–પ્રતિષ્ઠા નવી પણ થાય છે ને અનાદિના જિનબિંબ પણ જગતમાં છે, તેમ ભગવાન આત્મા ચૈતન્ય–જિનબિંબ અનાદિથી પોતાનાં સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત છે અને તેના અવલંબને પર્યાયમાં નવી પ્રતિષ્ઠા (એટલે કે નિર્મળતારૂપી શોભા) પ્રગટે છે. આ રીતે સદાય સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ આત્માનો અગુરુલઘુસ્વભાવ છે.

ત્રિકાળ એવો ને એવો ધ્રુવ, સ્વરૂપની પ્રતિષ્ઠાનું કારણ, બધા ગુણોને સમતોલ રાખવાનું કારણ, બધા ગુણપર્યાના આધારભૂત એવો એક સ્વભાવ અનાદિઅનંત છે, તે બધા ગુણપર્યાયમાં અભેદ છે, તેની શોભાનો અપાર મહિમા છે. અહો ! આવા મહિનાથી જેને સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું તે જીવ એકલી પર્યાયની શોભામાં બધું અર્પી ન દ્યે, પણ દ્રવ્ય–ગુણને સાથે ને સાથે રાખે છે. અપૂર્વ સમ્યગ્દર્શન–જ્ઞાન થયા, પણ તે ક્યાંથી થયા ? ત્રિકાળી દ્રવ્યમાં સામર્થ્ય હતું તેમાંથી થયા છે, માટે તે ત્રિકાળી સામર્થ્યનું અપાર માહાત્મ્ય છે. આ પ્રમાણે ત્રિકાળીદ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખીને

પર્યાયનું સમતોલપણું ધર્મી જીવ જાળવી રાખે છે; અજ્ઞાની જીવ એકલી પર્યાયના મહિમામાં જ અટકી જાય છે, દ્રવ્યના ધ્રુવમહિમાની તેને ખબર નથી. શ્રી આચાર્યદેવ કહે છે કે હે ભાઈ ! તારા ત્રિકાળી સ્વરૂપથી જ તારી શોભા છે – એમ અમે બતાવ્યું, તે સમજીને તું એકલી પર્યાયના બહુમાનમાં ન અટકતાં ત્રિકાળી દ્રવ્યનું બહુમાન કર; એમ કરવાથી દ્રવ્યદૃષ્ટિમાં સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો સહેજે પ્રગટી જશે અને તારો આત્મા પર્યાયથી પણ શોભી ઊઠશે.

દરેક આત્મા અનંતશક્તિસંપન્ન ચૈતન્યપરમેશ્વર છે, પૈસા–મકાન–સ્ત્રી વગેરે પરદ્રવ્ય કે પુણ્ય તે આત્માની ખરી સંપત્તિ નથી, ચક્રવર્તીનો વૈભવ કે ઈન્દ્રપદની વિભૂતી તેના વડે આત્માની મહત્તા નથી, પોતાની અનંતશક્તિરૂપ સંપત્તિ–કે જે આત્માથી કદી પણ જુદી ન પડે. તે જ આત્માની ખરી સંપત્તિ છે, તે જ આત્માનો ખરો વૈભવ છે અને તેનાથી આત્માની મહત્તા છે. આવા સ્વભાવના બહુમાનમાં પર્યાયમાં જ્ઞાનાદિ પ્રગટે તેનું અભિમાન થતું નથી; જેને ચૈતન્યની મહત્તાનું ભાન નથી ને જે તુચ્છબુદ્ધિ છે તેને જ અલ્પપર્યાયનું ને પરનું અભિમાન થાય છે. અનંતગુણનું નિધાન અંદર ત્રિકાળ ભર્યું છે તે શાશ્વત સંપદાને અજ્ઞાની ઓળખતો નથી. જો તે નિધાનને ઓળખે તો પરનું અભિમાન છૂટી જાય ને અનાદિકાળની દીનતાનો અંત આવીને સિદ્ધપદનાં નિધાન પ્રગટે. માટે ત્રિકાળી શક્તિની શોભાનો મહિમા કરવો તે જ સમ્યગ્દર્શનનો અને સિદ્ધપદનો ઉપાય છે.

આત્માના અનંત ગુણોમાં એક જ્ઞાનગુણ છે, તે ત્રિકાળ છે, તેની એક સમયની પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન અવસ્થામાં ત્રણકાળ ત્રણલોકના સમસ્ત દ્રવ્ય–ગુણ–પર્યાય જણાય છે એવું તેનું અનંત સામર્થ્ય છે. અહો ! અચિંત્ય સામર્થ્યવાળુંને વિકલ્પ વિનાનું એવું પૂર્ણ શુદ્ધસ્વભાવરૂપ જે કેવળજ્ઞાન તેનો મહિમા કેટલો ? અને જે દ્રવ્યના આશ્રયે તે કેવળજ્ઞાન પ્રગટ્યું તેના અપાર સામર્થ્યના મહિમાની તો શું વાત !! કેવળજ્ઞાન થયા પછી એવી ને એવી પર્યાય સમયે સમયે નવી નવી થયા કરે છે. કેવળજ્ઞાનની એક પર્યાય કરતાં બીજી પર્યાયમાં જાણવાનું સામર્થ્ય હીણું કે અધિક થતું નથી, સામર્થ્ય એટલું ને એટલું રહે છે, છતાં તેમાં પણ અગુરુલઘુગુણનું સૂક્ષ્મ પરિણમન તો સમયે સમયે થયા જ કરે છે – એવો જ કોઈ અચિંત્યસ્વભાવ છે, તે કેવળીગમ્ય છે.

જુઓ, આ કેવળજ્ઞાનની ગંભીરતા ! છદ્મસ્થના જ્ઞાનમાં જો બધું જણાઈ જાય તો

પછી કેવળજ્ઞાનનું માહાત્મ્ય ક્યાં રહ્યું ? કેવળજ્ઞાનમાં જેટલું જણાય તે બધુંય છદ્મસ્થ ન જાણી શકે, પરંતુ પોતાના આત્મહિતને માટે પ્રયોજનભૂત જે હોય તેને તો સમ્યગ્જ્ઞાની છદ્મસ્થ પણ બરાબર નિઃસંદેહપણે જાણી શકે છે. આત્માના અગુરુલઘુસ્વભાવનું કોઈ એવું અચિંત્ય સૂક્ષ્મ પરિણમન છે કે જે કેવળીગમ્ય છે.

– સત્તરમી અગુરુલઘુત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

પોતાનું અપૂર્વ કલ્યાણ કરવા માટે આત્માની આ વાત સમજવા જેવી છે. જેમ લૌકિક કથા–વાર્તા હોય તો તે સમજવું સહેલું લાગે છે, – તેમ આ પણ ચૈતન્ય ભગવાન આત્માની વાર્તા જ છે; માટે આ સમજવામાં હોંશ અને ઉત્સાહ આવવો જોઈએ; આત્માની સાચી સમજણ પૂર્વે અનંત કાળમાં કરી નથી તેથી શરૂઆતમાં નવું લાગે પણ રુચિ અને ઉલ્લાસથી સમજવા માંગે તો બધું સમજાય તેમ છે. મારે હવે તો મારા આત્માનું હિત કરવું છે એમ જેને અંતરમાં દરકાર જાગે તેની બુદ્ધિ આત્માની સમજણ તરફ વળ્યા વિના રહે નહિ.

# ✡ ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિ ✡

**વસ્તુના સ્વભાવનું આ વર્ણન છે. વસ્તુના સ્વભાવનો જે નિર્ણય કરે તેને પોતામાં સ્વભાવના આશ્રયે નિર્મળ પર્યાય શરૂ થઈ જાય છે. કોઈ પણ શક્તિથી આત્મસ્વભાવનો નિર્ણય કરતાં જ્ઞાન અંતમુર્ખ થઈને પરિણમે છે....એટલે તે જ્ઞાનમાં આત્માની પ્રસિદ્ધિ થાય છે...એ જ તેનું ફળ છે.**

આત્મામાં અનંત ધર્મો હોવા છતાં તેને 'જ્ઞાનસ્વરૂપ' કહીને ઓળખાવ્યો છે, કેમકે જ્ઞાન તેનું લક્ષણ છે. – ક્યું જ્ઞાન ? કે જે જ્ઞાને અંતર્મુખ થઈને લક્ષ્યને લક્ષમાં લીધું તે જ્ઞાન લક્ષણ થયું, ને તે લક્ષણે અનેકાન્તસ્વરૂપ ભગવાન આત્માની પ્રસિદ્ધિ કરી. જ્ઞાને અંતર્મુખ થઈને આત્માને પકડતાં, તેની સાથે શ્રદ્ધા–આનંદ–સુખ–જીવન–પ્રભુતા–સ્વચ્છતા–વીર્ય–કર્તૃત્વ વગેરે અનંત શક્તિઓ પણ નિર્મળપણે પરિણમી રહી છે; પણ તેમાં જ્ઞાન જ સ્વ–પર પ્રકાશપણે પ્રસિદ્ધ હોવાથી તે જ્ઞાનલક્ષણવડે આત્માને ઓળખાવ્યો છે. અને તેથી અનંતધર્મસ્વરૂપ આત્માને 'જ્ઞાનમાત્ર' જ કહ્યો છે. આ રીતે આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી એકાંત થઈ જતું નથી, પણ જ્ઞાનની સાથે બીજી અનંત શક્તિઓ ઉલ્લસતી હોવાથી અનેકાન્ત પ્રકાશે છે. જ્ઞાનનાં પરિણમનની સાથે નિર્મળપણે ઉલ્લસતી શક્તિઓનું આ વર્ણન ચાલે છે. ક્રમ પ્રવૃતિરૂપ અને અક્રમ પ્રવૃતિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ નામની શક્તિ છે, આ શક્તિ પણ આત્મામાં ત્રિકાળ છે.

પર્યાયો ઉત્પાદ–વ્યયરૂપ છે, ને ગુણો ધ્રુવરૂપ છે; ઉત્પાદવ્યયરૂપ પર્યાયો ક્રમવર્તી છે ને ધ્રુવરૂપ ગુણો અક્રમવર્તી છે. ગુણો બધા એક સાથે અક્રમે વર્તે છે તેથી તેને અક્રમવર્તી કહ્યા; પણ બધાય ગુણોની પર્યાયો તો ક્રમબદ્ધ જ છે. ક્રમબદ્ધપર્યાયનો જે સિદ્ધાંત છે તેની સામે અજ્ઞાની એમ દલીલ કરે છે કે 'પર્યાયો ક્રમબદ્ધ જ થાય એવો કોઈ ગુણ આત્મામાં નથી.'–પણ અહીં તેનો ખુલાસો આવી જાય છે કે દ્રવ્યના બધાય ગુણોમાં એવો સ્વભાવ છે કે ગુણપણે ધ્રુવ રહીને ક્રમબધ્ધપર્યાયોપણે પરિણમે છે. આ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિથી આખું દ્રવ્ય ક્રમ–અક્રમ સ્વભાવવાળું છે.

સર્વવિશુદ્ધજ્ઞાન–અધિકારની શરૂઆતમાં (ગા.૩૦૮થી ૩૧૧માં) આચાર્યદેવે એ વાત સ્પષ્ટ કરી છે કે જીવ ને અજીવ બધાય દ્રવ્યો પોતાના ક્રમબદ્ધ પરિણામે પરિણમે છે. અજ્ઞાની કહે છે કે ક્રમબદ્ધ પરિણમવાનો કોઈ ગુણ નથી; આચાર્યદેવ કહે છે કે આખું દ્રવ્ય જ એવું છે. દ્રવ્યના દરેક ગુણમાં પણ ધ્રુવ રહેવાનો ને ક્રમે પરિણમવાનો સ્વભાવ છે. આ એક ઉત્પાદ–વ્યય–ધ્રુવશક્તિને બરાબર ઓળખે તો, પર્યાય આડીઅવળી થાય કે નિમિત્તને લીધે થાય – એવી ઊંધી દૃષ્ટિ રહે નહિ.

ગુણો બધા ધ્રુવપણે એક સાથે સહવર્તી છે, પહેલાં જ્ઞાન, પછી દર્શન, પછી સુખ, એવો ક્રમ તેનામાં નથી. અને પર્યાયો એક પછી એક થાય છે. સિદ્ધપર્યાય વખતે સંસારપર્યાય ન હોય; સંસારપર્યાય વખતે સિદ્ધપર્યાય ન હોય; મતિજ્ઞાન વખતે કેવળજ્ઞાન ન હોય; કેવળજ્ઞાન વખતે મતિજ્ઞાન ન હોય, – આ રીતે પર્યાયો ક્રમવર્તી છે; પણ ગુણો તો બધાય એક સાથે જ વર્તે છે. સંસારદશા વખતે કે સિદ્ધદશા વખતે એટલા ને એટલા ગુણો સદા એક સાથે વર્તે છે. આ રીતે ક્રમ ને અક્રમવર્તીરૂપ વસ્તુસ્વભાવ છે. ગુણરૂપે સદા અચલ રહેવાની, અને પર્યાયરૂપે સમયે સમયે પલટવાની વસ્તુની શક્તિ છે, તેનું નામ ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિ છે.

જ્ઞાની પોતાના આવી શક્તિવાળા આત્માને ઓળખીને તેના આશ્રયે નિર્મળપણે પરિણમે છે, એટલે તેને શક્તિ નિર્મળપણે ઊછળે છે. અજ્ઞાનીને પણ જો કે આવી શક્તિઓનું પરિણમન છે પરંતુ તેને તેની ઓળખાણ નથી એટલે શક્તિ–સ્વભાવનો આશ્રય કરીને ન પરિણમતાં તે એકલા પરને લક્ષે પરિણમે છે, તેથી તેને વિપરીત પરિણમન થાય છે. અહીં તો એવી વાત છે કે, અંતરમાં અનંત શક્તિના પિંડરૂપ આત્મસ્વભાવનું અવલંબન લઈને, તેની સન્મુખ એકાકાર અભેદ થઈને નિર્મળ પર્યાયરૂપે

પરિણમે તે જ આત્માનું ખરું પરિણમન છે, તેમાં જ ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. સ્વભાવને ચૂકીને એકાન્ત પરાશ્રયે વિકારી પરિણમે તેમાં ખરેખર આત્માની પ્રસિદ્ધિ નથી તેથી તે ખરેખર આત્મા નથી, એટલે અજ્ઞાનીને આત્માની અપ્રસિદ્ધિ છે.

પર્યાયમાં ક્રમવર્તીપણું તો જ્ઞાની અજ્ઞાની બંનેને છે, પણ જ્ઞાનીને સ્વભાવસન્મુખતાને લીધે ક્રમવર્તી પર્યાયો નિર્મળ થાય છે, ને અજ્ઞાનીને પરસન્મુખતાને લીધે ક્રમવર્તી પર્યાયો મલિન થાય છે. વિભાવરૂપ પરિણમન તે શક્તિ ખરું પરિણમન નથી, શક્તિમાં અભેદ થઈને નિર્મળ સ્વભાવરૂપ પરિણમન થાય તે જ તેનું ખરું પરિણમન છે.શક્તિ તો ત્રિકાળ છે, પણ પહેલાં અભાનદશામાં તેનું વિભાવપરિણમન હતું ને ભાન થતાં તેનું સ્વભાવપરિણમન શરૂ થયું. આ રીતે, સ્વભાવના આશ્રયે નિર્મળ પરિણમન થાય છે તે આ શક્તિઓની ઓળખાણનું ફળ છે. જ્ઞાનને અંતર્મુખી કરીને અનેકાન્તવડે જેણે ભગવાન આત્માને પ્રસિદ્ધ કર્યો છે તેને અભેદ પરિણમનમાં આ બધી શક્તિઓ નિર્મળપણે ઊછળે છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવતા તો બધા જીવોને અનાદિથી છે જ, ઉત્પાદ–વ્યય–ધ્રુવતા વિનાનો કોઈ જીવ એક ક્ષણ પણ હોય નહિ. પણ જ્ઞાની પોતાના આવા સ્વભાવને જાણતો તેના આશ્રયે નિર્મળપણે ઊપજે છે, અને અજ્ઞાની પોતાના આવા સ્વભાવને નહિ જાણતો પરાશ્રયે વિકારપણે ઊપજે છે. – બસ ! આમાં ધર્મ–અધર્મ સમાઈ જાય છે. સ્વાશ્રિત નિર્મળ પરિણમન તે ધર્મ અને મોક્ષમાર્ગ છે, ને પરાશ્રિત વિકારી પરિણમન તે અધર્મ અને સંસાર છે. જેમ અભવ્ય જીવને પણ જ્ઞાનગુણ તો અનાદિઅનંત પરિણમે છે, જ્ઞાન પરિણમન વગરનું તો એક સમય પણ હોય નહિ, પણ તેને પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નથી એટલે જ્ઞાનશક્તિનો આશ્રય કરીને તે નથી પરિણમતો, પણ રાગાદિમાં તન્મય થઈને પરિણમે છે, તેથી તેનું જ્ઞાન અજ્ઞાનરૂપ થઈને પરિણમે છે; તે ખરેખર જ્ઞાનનું પરિણમન નથી. જ્ઞાનશક્તિ સાથે એકતા કરીને પરિણમે તે જ જ્ઞાનનું ખરું પરિણમન છે. તેમ આ ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિ પણ બધા જીવોમાં ત્રિકાળ છે, ને તેનું પરિણમન પણ થઈ રહ્યું છે, પણ અજ્ઞાનીને સ્વભાવમાં અભેદપરિણમન નથી એકલું વિભાવરૂપ પરિણમન છે. તે વિભાવપરિણમન સ્વભાવની સાથે એકમેક નથી માટે તે શક્તિનું ખરુ પરિણમન નથી – એમ જ્ઞાની જાણે છે. ક્રમ અને અક્રમપણે વર્તવાના સ્વભાવવાળું જે આત્મદ્રવ્ય તેનો આશ્રય(રુચિ અને લીનતા) કરીને પરિણમ્યો

તેને જ આત્માની પ્રસિદ્ધિ થઈ એટલે સ્વાશ્રય કરીને નિર્મળપણે પરિણમ્યો તે જ ખરેખર આત્મા છે.

'આત્માનો ક્રમ–અક્રમ સ્વભાવ છે, તેથી તેની પર્યાયો ક્રમબદ્ધ પણ થાય ને અક્રમે પણ થાય' – એમ કોઈ કહે તો તેની વાત જાુઠી છે, આત્માના ક્રમ–અક્રમ સ્વભાવને (ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિને) તે સમજ્યો નથી. ભાઈ ! અક્રમપણું તો ગુણોની ધ્રુવતા અપેક્ષાએ છે, પર્યાય અપેક્ષાએ કાંઈ અક્રમપણું નથી, પર્યાયો તો ક્રમવર્તી સ્વભાવવાળી જ છે.

વસ્તુના બધા ગુણો સહભાવી છે એટલે કે એક સાથે રહેલા છે, એકબીજાનો સાથ છોડતા નથી, તેમાં ક્ષેત્રભેદ કે કાળભેદ નથી, એટલે ક્રમ નથી; ને પર્યાયો ક્રમભાવી છે એટલે ક્રમ નથી; ને પર્યાયો ક્રમભાવી છે એટલે એક પછી બીજી થાય છે, બે પર્યાયો ભેગી થતી નથી એટલે તેમાં કાળભેદ છે.

જેમ વસ્તુના બધા ગુણો એક સાથે જ વસ્તુમાં સર્વ પ્રદેશે વ્યાપેલા છે, તેમાં કદી કોઈ ગુણ ઘટતો કે વધતો નથી; તેમ વસ્તુના અનાદિઅનંત પ્રવાહક્રમમાં ત્રણકાળની પર્યાયો પોતપોતાના સમયમાં વ્યાપેલી છે. ત્રણકાળની પર્યાયોનો પ્રવાહ વસ્તુમાં નિયત પડ્યો છે, પર્યાયોની ક્રમબદ્ધધારા કદી તૂટતી નથી. કોઈ એમ કહે કે 'ક્રમવર્તીનો અર્થ ફક્ત એક પછી એક એટલો જ કરવો, એક પછી એક થનાર પર્યાયમાં અમુક સમયે અમુક જ પર્યાય થશે – એમ નિશ્ચિત નથી' તો એની વાત ખોટી છે. ક્રમવર્તી પર્યાય કહેતાં એક પછી એક તો ખરું, પણ ક્યા સમયે કઈ પર્યાય થવાની છે તેનો ક્રમ પણ નિશ્ચિત છે. પ્રમેયકમલમાર્તંડ (૩-૨૮)માં 'ક્રમભાવ'ને માટે નક્ષત્રોનું દૃષ્ટાંત આપ્યું છે. જેમ ૨૮ નક્ષત્રો નિશ્ચિત ક્રમબદ્ધ છે, સાત વાર નિશ્ચિત ક્રમબદ્ધ છે, તેમ દ્રવ્યની ત્રણકાળની પર્યાયો પણ નિશ્ચિત ક્રમબદ્ધ છે.

' उत्पादव्ययध्रौव्युक्तं सत् ' – દરેક સત્ વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવવાળી છે એટલે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિ તો દરેક આત્મામાં સદાય છે, પણ જે જીવ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવી આત્માનું લક્ષ કરીને પરિણમે તેના આ શક્તિનું ભાન થયું કહેવાય ને તેને જ તેનું ખરું પરિણમન થાય. આ પ્રમાણે બધી શક્તિઓનું સમજવું. જેમ કે પ્રભુત્વશક્તિ તો બધા આત્મામાં ત્રિકાળ છે, પણ અજ્ઞાનદશામાં તેનું ભાન નહિ હોવાથી તેનું વિકારી પરિણમન છે. જ્યારે પ્રભુત્વસ્વભાવનું ભાન કરીને તેના આશ્રયે પરિણમ્યો

ત્યારે પ્રભુતાનું ખરુ પરિણમન થયું. વળી એ જ રીતે અકાર્યકારણશક્તિ પણ દરેક આત્મામાં ત્રિકાળ છે, તેનું પરિણમન પણ સદાય થયા જ કરે છે; પણ અજ્ઞાનીને તે શક્તિનું ભાન નથી એટલે તેને તેવું વાસ્તવિક પરિણમન થતું નથી; જ્ઞાનીને પોતાના અકાર્ય–કારણસ્વભાવનું (–વિકારનું કાર્ય નહિ ને વિકારનું કારણ નહિ – એવા જ્ઞાનસ્વભાવનું) ભાન થતાં પર્યાય પણ તેવા સ્વભાવરૂપે પરિણમી ગઈ, એટલે પર્યાયમાં પણ અકાર્યકારણપણું થઈ ગયું. આ રીતે બધી શક્તિઓ દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપે છે. આ ખાસ સમજવા જેવી વાત છે. કોઈ એમ કહે કે અકાર્યકારણપણું પર્યાયમાં ન હોય–તો તેણે ખરેખર અકાર્યકારણશક્તિને જાણી જ નથી. અકાર્યકારણશક્તિને ખરેખર જાણે અને પર્યાયમાં તેનું નિર્મળ પરિણમન ન થાય એમ બને નહિ.

અહીં ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિનું વર્ણન ચાલે છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિ તો જડમાં પણ છે, પરંતુ તેની શક્તિ તેનામાં રહી, આત્મામાં તેનું નાસ્તિપણું છે. અહીં તો આત્માના જ્ઞાનમાત્રભાવની સાથે રહેલી શક્તિઓનું આ વર્ણન છે. જ્ઞાનમાત્રભાવની સાથે આ શક્તિઓ પરિણમે છે, જેને જ્ઞાનમાત્રભાવની ખબર નથી ને એકલા વિભાવનું જ પરિણમન વર્તે છે તેને શક્તિનું ખરું પરિણમન નથી. પર્યાયના ક્રમને આડોઅવળો ફેરવી નાંખવાની વાત તો દૂર રહી, પરંતુ પોતાની પર્યાયના ક્રમમાં જેને એકલા વિભાવનું જ પરિણમન છે તેને પણ વસ્તુના ક્રમ–અક્રમસ્વભાવની ખબર નથી. વસ્તુના ક્રમ–અક્રમસ્વભાવને જાણે તો સ્વસન્મુખ નિર્મળ પરિણમન થયા વિના રહે નહિ, એટલે તેના ક્રમમાં એકલું વિભાવ પરિણમન રહે જ નહિ, પણ સાધકદશા થઈ જાય.

દ્રવ્ય ધ્રુવપણે રહીને સમયે સમયે પર્યાય પલટે છે, દરેક ગુણ પણ ધ્રુવ રહીને પર્યાય પલટે છે, ને પર્યાય નિયમિત ક્રમપ્રમાણે વર્તે છે; આ રીતે વસ્તુ ક્રમ–અક્રમપણે વર્તવાના સ્વભાવવાળી છે; ક્રમ–અક્રમરૂપ વર્તન કહો, કે ઉત્પાદ–વ્યય–ધ્રુવતા કહો; ક્રમ તે ઉત્પાદ–વ્યય–ધ્રુવ સૂચવે છે ને અક્રમ તે ધ્રુવતા સૂચવે છે. વિકારી પર્યાય કે નિર્મળ પર્યાય તે દરેક પોતપોતાના ક્રમમાં જ વર્તે છે, તેમાંથી કોઈ પણ પર્યાયના નિશ્ચિતક્રમને આઘોપાછો ફેરવવાનું માને તો તેને વસ્તુસ્વરૂપની ખબર નથી, જ્ઞાયકસ્વભાવની ખબર નથી. **આમાં ખાસ વિશેષતા એ છે કે વસ્તુના આવા સ્વભાવનો જે નિર્ણય કરે તેને પોતામાં નિર્મળપર્યાયનો ક્રમ શરૂ થઈ જ જાય છે. સ્વભાવશક્તિની પ્રતીત થતાં તેના આશ્રયે નિર્મળપર્યાય પરિણમવા માંડે છે.** પછી સાધકદશામાં અલ્પવિકારનું પરિણમન

રહ્યું તેનો તે જ્ઞાતા છે, વિકારનો ખરેખર કર્તા નથી તેમજ તે પર્યાયના ક્રમને આઘોપાછો ફેરવવાની બુદ્ધિ પણ નથી. જુઓ, કોઈ પણ શક્તિથી આત્માનો નિર્ણય કરતાં જ્ઞાન અંતર્મુખ થઈને પરિણમે છે, એ જ તેનું ફળ છે.

જુઓ, આ વસ્તુસ્વરૂપ ! પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પોતાથી જ છે. આત્મા પોતે પોતાના સ્વભાવથી જ એક અવસ્થા બદલીને બીજી અવસ્થારૂપે થાય છે. આ વાત સમજે તો, મારી અવસ્થા બીજો કોઈ પલટાવી દેશે એવી પરાશ્રયબુદ્ધિ છૂટી જાય, ને પોતામાં ધ્રુવસ્વભાવ તરફ વલણ થઈ જાય; ધ્રુવ સાથે પર્યાયની એકતા થતાં નિર્મળ પર્યાયરૂપે મોક્ષમાર્ગ પ્રગટે છે.

જે સમયે અપૂર્વ સિદ્ધદશાનો ઉત્પાદ, તે જ સમયે સંસારદશાનો વ્યય, ને આત્મદ્રવ્યની ધ્રુવતા; જે સમયે અપૂર્વ સમ્યગ્દર્શનનો ઉત્પાદ, તે જ સમયે મિથ્યાત્વદશાનો વ્યય, ને શ્રદ્ધાગુણની ધ્રુવતા; આમ એક જ સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું છે. આવું ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું વસ્તુમાં ત્રિકાળ છે, પણ જ્યારે તેનું ભાન કરીને સ્વાશ્રયે પરિણમે ત્યારે નિર્મળતાનો ઉત્પાદ ને મલિનતાનો વ્યય થાય છે.

આત્માના ઉત્પાદ–વ્યય પોતાથી જ છે, માટે વિકાર પણ પોતાથી જ થાય છે–એ તો ખરું; પણ પોતાની પર્યાયમાં જેને એકલા વિકારની જ ઉત્પત્તિ ભાસે છે તેણે આત્માના સ્વભાવને ખરેખર જાણ્યો જ નથી. 'મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવ મારાથી જ છે' એમ જેણ નક્કી કર્યું. તેણે કોની સામે જોઈને તે નક્કી કર્યું ? મારા સ્વભાવથી જ મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે – એમ નક્કી કરનારની દૃષ્ટિ તો પોતાના સ્વભાવ ઉપર આવી, એટલે એકલા વિકારની ઉત્પત્તિ તેને રહે જ નહિ, તેને તો સ્વભાવદૃષ્ટિમાં નિર્મળ પર્યાય પ્રગટીને સાધકદશા શરૂ થઈ જાય. જેને આવી સાધકદશા થાય તેને જ પર્યાયના વિકારનું યથાર્થ જ્ઞાન થાય. આ મૂળભૂત ન્યાય છે.

પોતાનાં કારણે ક્રમબદ્ધ 'વિકાર' થાય છે – એમ એકલા વિકાર ઉપર દૃષ્ટિવાળાને ખરેખર ક્રમબદ્ધપર્યાયની કે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વશક્તિની પ્રતીત નથી; કેમકે જો શક્તિની પ્રતીત થાય તો શક્તિવાનના અવલંબને નિર્મળ પરિણમન શરૂ થયા વિના રહે નહિ. ત્રિકાળી ગુણી સાથે અભેદ થઈને પર્યાયનું પરિણમન થાય તે ધર્મ છે.

'સર્વજ્ઞ ભગવાને ક્રમબદ્ધપર્યાયમાં જોયું છે માટે મારામાં મિથ્યાત્વાદિ વિકાર થાય છે' – એમ એકલા વિકારના ક્રમને જ દેખનારની દૃષ્ટિ ઘણી ઊંધી છે. આચાર્યદેવ

કહે છે કે અરે મૂઢ ! તું સર્વજ્ઞનું નામ ન લે, તેં સર્વજ્ઞદેવને માન્યા જ નથી. તું સર્વજ્ઞને નથી દેખતો પણ એકલા વિકારને જ દેખે છે, ક્રમબદ્ધપર્યાયની પણ તને ખબર નથી. સર્વજ્ઞદેવને પ્રતીતમાં લ્યે તેને તો પોતામાં સાધકદશાનો ક્રમ થઈ જાય, એકલો વિકારનો ક્રમ તેને રહે જ નહિ. જેને સ્વભાવના આશ્રયે અમુક નિર્મળ પરિણમન થયું છે ને બાકી અલ્પવિકાર કહ્યો છે – એવા સાધક જીવની આ વાત છે. તેને જ પોતાના ક્રમ–અક્રમસ્વભાવની (-ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સ્વભાવની ) તેમ જ સર્વજ્ઞદેવની ખરી પ્રતીત ક્યાંથી કરે ? વિકારના પ્રવાહમાં તણાઈ રહ્યો છે તે જીવ કોના આધારે સ્વભાવની પ્રતીત કરશે ? ને કોના આધારે સર્વજ્ઞને માનશે ? સ્વભાવ તરફ વળેલો જીવ વિકારને પણ જેમ છે તેમ જાણશે, ને તે સર્વજ્ઞતાને યર્થાથપણે માનશે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિ વગેરે અનંત શક્તિનો પિંડ મારો આત્મા છે, – એમ અનંતગુણના પિંડરૂપ જ્ઞાનસ્વભાવની દ્રષ્ટિ કરતાં, ગુણોમાં અક્રમપણું ને પર્યાયમાં નિર્મળક્રમ – એવા આત્માનો અનુભવ થયો, અને તેને જ શક્તિઓનું ખરું પરિણમન થયું, તેણે જ સર્વજ્ઞદેવને ખરેખર જાણ્યા, તેને જ ક્રમબદ્ધપર્યાયનું ભાન થયું, તેણે જ સર્વજ્ઞદેવને ખરેખર જાણ્યા, તેને જ ક્રમબદ્ધપર્યાયનું ભાન થયું; તે કર્મથી વિકાર થવાનું માને નહિ, ને વિકારથી લાભ માને નહિ. દ્રષ્ટિમાં જ્ઞાનાનંદ–સ્વભાવની મુખ્યતા રાખીને અસ્થિરતાનો જે અલ્પ વિકાર છે તેને જ્ઞેયપણે જેમ છે તેમ તો જ્ઞાતા જાણે છે.

પર્યાય અંતરમાં વળીને ત્રિકાળી દ્રવ્ય–ગુણ સાથે અભેદ થઈને પરિણમી ત્યારે જ આત્માને ખરેખર માન્યો છે, ને ત્યારે જ આત્માની પ્રસિદ્ધિ થઈ છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ અથવા ગુણ–પર્યાયરૂપ સ્વભાવ છે તેની ખરી પ્રતીત ક્યારે થઈ કહેવાય ? – કે ગુણીના અવલંબને નિર્મળ પર્યાય પ્રગટ કરે ત્યારે. જે એકલા વિકારને જ દેખે છે ને વિકારમાં જ તન્મય થઈને પરિણમે છે તેણે અનંત શક્તિવાળા આત્માને ખરેખર માન્યો નથી. જો અનંત શક્તિવાળા આત્માને માને તો તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નિર્મળપરિણમન થયા વગર રહે નહિ. કોઈ પણ શક્તિની પ્રતીત ધ્રુવસ્વભાવના આશ્રયે જ થાય છે. અભેદ આત્મસ્વભાવનો આશ્રય લીધા વગર તેની એક પણ શક્તિની ખરી ઓળખાણ થતી નથી.

એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા એ તો જૈનશાસનની મૂળ વાત છે, ને વસ્તુનો સ્વભાવ છે. આવા વસ્તુસ્વભાવની પ્રતીત કરે તો વીતરાગીદ્રષ્ટિ થઈ જાય. જેમ રવિ–

સોમ–મંગળ એ બધા વાર એક પછી એક ક્રમસર થાય છે, તેમ પર્યાયો ક્રમસર થાય છે. પહેલા સમયની અવસ્થા બીજા સમયે રહેતી નથી પણ વ્યય પામી જાય છે; કોઈ જીવ પર્યાયને બીજા સમયે રાખવા માંગે તો પણ રહી શકે નહિ, એવો જ સ્વભાવ છે. માટે શું કરવું ? કે ધ્રુવસ્વભાવ કાયમી શુદ્ધ એવો ને એવો ટકતો છે, તેની સામે જો, અને તેમાં દૃષ્ટિની એકાગ્રતા કર, તો તે ધ્રુવના આધારે પર્યાયનો નિર્મળ પલટો થઈ જશે. ત્યાંય સમયે સમયે પલટો તો થશે પણ તે પર્યાયો નિર્મળ જ્ઞાન–આનંદસ્વરૂપ થતી જશે.

એક સમયની પર્યાય બીજા સમયે ન રહે, બીજા સમયે નવી પર્યાય થાય – એવો ઉત્પાદ–વ્યયસ્વભાવ છે, ને દ્રવ્યોનો કદી નાશ ન થાય એવો ધ્રુવસ્વભાવ છે. ઉત્પાદ–વ્યય ને ધ્રુવ એ જુદી જુદી વસ્તુ નથી પણ એક જ વસ્તુનો તેવો સ્વભાવ છે. જ્ઞાની કે અજ્ઞાની બધા આત્માને ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો સમયે સમયે વર્તે જ છે, પણ તેમાં ફેર એટલો છે કે જ્ઞાનીને તો સ્વભાવની દૃષ્ટિથી નિર્મળપર્યાયોની ઉત્પત્તિ થતી જાય છે, ને અજ્ઞાનીને વિકારમાં જ આત્મબુદ્ધિ હોવાથી વિકારી પર્યાયોની ઉત્પત્તિ થાય છે. બસ, આ જ ધર્મ–અધર્મ છે, મોક્ષમાર્ગ ને સંસારમાર્ગ આમાં આવી જાય છે.

મારા આત્મામાં એક સાથે અક્રમપણે અનંતગુણો વર્તે છે ને પર્યાય સમયે સમયે મારા ઉત્પાદ–વ્યયસ્વભાવથી પલટે છે, – આમ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવી આત્માને ઓળખીને તેના શ્રદ્ધા–જ્ઞાન કરે ત્યાં મિથ્યાત્વનો ઉત્પાદક રહે જ નહિ.

આત્માનો કયો સમય પર્યાય વગરનો હોય ? ઉત્પાદ–વ્યય–ધ્રુવશક્તિ આત્મામાં અનાદિઅનંત છે, તેથી ત્રણકાળમાં એક પણ સમય પર્યાય વગરનો નથી, ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ સ્વભાવથી દરેક સમયે પર્યાય થયા જ કરે છે. એટલે નિમિત્ત આવે તો પર્યાય થાય ને નિમિત્ત ન આવે તો ન થાય – એ વાત રહેતી નથી. આવા સ્વભાવની શ્રદ્ધા થતાં જ્ઞાતાદૃષ્ટાપણાનો વીતરાગભાવ પ્રગટે છે, પર્યાયના ક્રમને ફેરવવાની કે રાગમાં એકપણાની બુદ્ધિ રહેતી નથી. આ રીતે પર્યાયબુદ્ધિનો નાશ ને સ્વભાવબુદ્ધિની ઉત્પત્તિ તે આ શક્તિઓની સમજણનું ફળ છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિ આત્મામાં પણ છે ને જડમાં પણ છે. આત્માના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં શરીરની ક્રિયા ન આવે. શરીરની ક્રિયા તો જડના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં છે. દરેક દ્રવ્યના ઉત્પાદ–વ્યય–ધ્રુવ બીજાથી ભિન્ન છે. જડના ઉત્પાદ–વ્યય આત્માથી

જુદા છે, એટલે તેનાથી આત્મામાં કાંઈ થતું નથી, ને આત્મા તેનું કાંઈ કરતો નથી. કોઈ એમ વિચારે કે સસલાનાં શીંગડામાં હું સુંદર કારીગરી કરું ! – તો તે તેની ભ્રમણા છે, કેમકે સસલાના શીંગડાનો અભાવ છે; જેમ સસલાના શીંગડાનો અભાવ છે, એટલે તે દેહાદિમાં કાંઈ પણ કરું – એ પણ અજ્ઞાનીની ભ્રમણા જ છે.

આત્મા કોને કહેવો ? કે જે પોતાના જ્ઞાનસ્વભાવના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં ત્રિકાળ વર્તે છે તે આત્મા છે; પુણ્ય–પાપમાં વર્તે તે ખરેખર આત્મા નથી અને જડની ક્રિયામાં તો આત્મા કદી વર્તતો જ નથી; જડના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં જડ વર્તે છે. અજ્ઞાની પરની ક્રિયાનું અભિમાન કરીને, પોતાના અનંતગુણોનો અનાદર કરતો થકો અનાદિથી વિકારમાં જ વર્તે છે, તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી. પોતાના ગુણ–પર્યાયમાં અભેદ થઈને વર્તે તે આત્મા છે. આત્મા ને તેના ગુણ–પર્યાય વચ્ચે ખરેખર ભેદ નથી. અનાદિથી પોતાના ગુણ–પર્યાયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવપણે આત્માનો વર્તી જ રહ્યો છે, પણ અજ્ઞાની તેની સામે જોતો નથી તેથી વિકારપણે પરિણમે છે. પોતાના સ્વભાવસન્મુખ થઈને નિર્મળદશારૂપે પરિણમવું ને મલિનતાનો નાશ કરવો તથા ધ્રુવપણે ટકી રહેવું – તે આત્માની ફરજ છે; ફરજ કહો કે મોક્ષનો ઉપાય કહો; અજ્ઞાની આવી ફરજ ચૂકીને વિકારપણે પરિણમે છે, પણ પરમાં તો કંઈ પણ ફરજ તે પણ બજાવી શકતો નથી. વસ્તુના ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવને બરાબર સમજે તો બધા ગોટા નીકળી જાય. વસ્તુના સ્વભાવના સ્વીકાર વગર કોઈ રીતે ધર્મ થાય નહિ ને મિથ્યાત્વાદિ પાપ મટે નહિ.

જેણે જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ થઈને તેનો સ્વીકાર કર્યો તેને આત્માના અનંતગુણોનો આદર છે, અને ક્ષણિક વિકારનો આદર નથી. જ્યાં અનંતગુણનો આદર છે ત્યાં જ્ઞાનીને આશક્તિના પાપપરિણામ હોય તો પણ તે બહુ જ હળવા છે, અનંતગુણના આદર પાસે તેની કાંઈ ગણતરી નથી; અને અજ્ઞાની જીવ આત્મસ્વભાવના અનંતગુણનો અનાદર કરીને ક્ષણિક વિકારનો આદર કરે છે, તે જીવ પુણ્યપરિણામ કરતો હોય તોપણ તે વખતેય ધર્મના અનાદરનું અનંતું પાપ તે સેવી જ રહ્યો છે. મૂળ ધર્મ શું છે ને મૂળ પાપ શું છે તે સમજ્યા વગર જીવોનો મોટો ભાગ પુણ્યમાં કે બહારની ક્રિયામાં જ ધર્મ માનીને અટકી રહ્યો છે. અહીં આચાર્યદેવ સમજાવે છે કે ભાઈ ! અનંતગુણનો આધાર એવો તારો આત્મસ્વભાવ છે તેનો આદર કરવો તે જ મૂળ ધર્મ છે, ને તે સ્વભાવનો અનાદર એ જ મહાન પાપ છે. સ્વભાવના આધારે વિકાર ટળે છે તેને

બદલે વિકારના આધારે વિકારને ટાળવા માંગે છે તે મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના સ્વભાવનો તિરસ્કાર કરી રહ્યો છે.

શરીર–મન–વાણીના ફેરફારની ક્રિયા (ઉત્પાદ–વ્યય) આત્માના સ્વરૂપમાં નથી એટલે તે ક્રિયા આત્માની નથી ને આત્માની તે ક્રિયાથી ધર્મ થતો નથી.

પુણ્યપાપના ઉત્પાદ–વ્યયરૂપ ક્રિયા જીવની પર્યાયમાં થાય છે, પણ તે વિકાર ક્રિયા છે, તે પણ જીવને હિતનું કારણ નથી, તેના લક્ષે હિત થતું નથી.

જીવની પર્યાયમાં નિર્મળતાના ઉત્પાદરૂપ ક્રિયા થાય તે ધર્મ છે; પણ તે નિર્મળતાની ઉત્પત્તિ કોના લક્ષે થાય ? પૂર્ણ શક્તિથી ભરેલો ધ્રુવસ્વભાવ તેના લક્ષે જ સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય પ્રગટે છે ને તે હિતરૂપ છે. અહીં આચાર્યભગવાન આત્માની શક્તિઓ બતાવીને તેનો જ આશ્રય કરાવવા માંગે છે.

આત્માનો એક એવો સ્વભાવ છે કે ક્રમ–અક્રમપણે વર્તે. ગુણો બધાય અનાદિઅનંત એક સાથે અક્રમ રહેલા છે, ને અનાદિઅનંતકાળની પર્યાયો ક્રમવર્તી પણે ગોઠવાયેલી છે, તે પોતાના વ્યવસ્થિતક્રમપણે એક પછી એક વર્તે છે, એવો ક્રમવર્તી સ્વભાવ છે. આવા સ્વભાવને માનતાં એકેક પર્યાય કે એકેક ગુણ ઉપરથી દૃષ્ટિ છૂટીને, અનંત ગુણના પિંડરૂપ અખંડ સ્વભાવ ઉપર દૃષ્ટિ થંભે છે, ને તે દૃષ્ટિમાં ક્રમે ક્રમે નિર્મળ પર્યાયોની ઉત્પત્તિ થાય છે. – આનું નામ સાધકદશા ને આ મોક્ષનો માર્ગ !

પોતાના આવા સ્વભાવનું યથાર્થ શ્રવણ કરીને તેનું ગ્રહણ અને ધારણ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ જીવે કર્યું નથી. એકવાર પણ જ્ઞાની પાસેથી આવા સ્વભાવની વાત સાંભળતાં અંતરના ઉલ્લાસથી તેની પક્કડ થઈ જાય તો અલ્પકાળમાં તે જીવની મુક્તિ થયા વગર રહે નહિ. 'મારો સ્વભાવ શું છે' એમ લક્ષ કરીને જીવે કદી સાચું શ્રવણ કર્યું નથી. પૂર્વે કોઈ વાર સાંભળવા મળ્યું અને ધારણા પણ કરી પણ આત્માના તે રુચવ્યું નથી, – પોતાના ઘરનું કરીને બેસાડ્યું નથી.

જુઓ, આ આત્મા જ્ઞાનસ્વભાવની વસ્તુ અનાદિઅનંત છે; તેના જ્ઞાનાદિ ગુણો નવા કરાયેલા છે કે અકૃત્રિમ છે ? જો નવા કરાયેલા હોય તો તે ક્ષણિક હોય ને તેનો નાશ થઈ જાય, એટલે આત્માનો જ નાશ થઈ જાય, – પણ એમ કદી બનતું નથી. 'પર્યાય' નવી ઉત્પન્ન થાય છે ને તેનો નાશ થાય છે, પણ ગુણ કદી નવા ઉત્પન્ન થતા નથી તેમજ તેનો નાશ થતો નથી. ગુણો તો વાસ્તુનિષ્ઠ છે, વસ્તુમાં અનાદિઅનંત

વસેલા છે. વસ્તુ કે તેના ગુણો નવા ન થાય પણ તેની અવસ્થા નવી ઉત્પન્ન થાય, તેમજ વસ્તુ કે તેના ગુણોનો નાશ ન થાય પણ તેના પર્યાયોનો નાશ થાય. જેમકે જીવમાં સિદ્ધ પર્યાયમાં ઉત્પત્તિ નવી થાય, ને સંસારપર્યાયનો નાશ થાય, પણ કાંઈ જીવદ્રવ્ય કે તેના જ્ઞાનાદિ ગુણો નવા ઉત્પન્ન ન થાય, તેમજ તેના નાશ ન થાય; તે તો સિદ્ધદશા વખતે કે સંસારદશા વખતે એકરૂપ ધ્રુવ રહે છે. આવો ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ સ્વભાવ છે.

વળી ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં પણ, ધ્રુવવભાવના લક્ષે વીતરાગતા થાય છે, ઉપાદ–વ્યયને લક્ષે તો રાગ–દ્વેષ થાય છે. જેમ સોનામાં હાર–અવસ્થા નાશ પામીને મુગટ–અવસ્થાની ઉત્પત્તિ થઈ; ત્યાં જે પુરુષ હાર–અવસ્થાને ઈચ્છે છે તેને તે અવસ્થાનો વ્યય થતાં દ્વેષ થાય છે, જે પુરુષ મુગટ–અવસ્થાને ઈચ્છે છે તેને તે અવસ્થાની ઉત્પત્તિ થતાં રાગ થાય છે, પણ જે પુરુષ સોનાની ધ્રુવતાને દેખે છે તેને તે સંબંધી રાગદ્વેષ થતો નથી કેમકે સોનું તો હાર વખતે કે મુગટ વખતે તેટલું ને તેટલું ધ્રુવ છે. તેમ આત્માના ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવના આશ્રયે વીતરાગતા થાય છે, ક્ષણિક પર્યાયના ઉત્પાદ–વ્યયના લક્ષે તો રાગ–દ્વેષ થાય છે.

પરથી ઉત્પાદ–વ્યય થાય એ તો વાત છે જ નહિ. અને, જેમ સોનામાં તાંબાનો ભાગ હોય તો તે તેનો મૂળસ્વભાવ નથી તેમ આત્માની પર્યાયમાં રાગ–દ્વેષ થાય તે આત્માનો મૂળસ્વભાવ નથી. માટે, આત્માના સ્વભાવને જોનાર તે રાગ–દ્વેષપણે ઊપજતો નથી પણ વીતરાગી–નિર્મળતાપણે ઊપજે છે. આ રીતે સ્વભાવદૃષ્ટિમાં નિર્મળક્રમની જ વાત છે. વસ્તુનો જે જ્ઞાયકસ્વભાવ, તે સ્વભાવમાં એકાગ્ર થનાર જીવ સમ્યગ્દૃષ્ટિ થઈને ક્રમેક્રમે નિર્મળ પર્યાયમાં આગળ વધતો વધતો કેવળજ્ઞાન પામે છે.

ક્ષણિક પર્યાયના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે, તેને બદલે પર્યાયના લક્ષે લાભ થવાનું (–સમ્યગ્દર્શનાદિ થવાનું) જે માને તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયના આશ્રયે લાભ માનનાર ક્ષણિક પર્યાયને જ વસ્તુનું સર્વસ્વ માને છે એટલે તે પર્યાયની દૃષ્ટિ છોડીને દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ કરતો નથી તેથી તેને સમ્યક્‌દર્શનાદિનો લાભ થતો નથી. ધ્રુવસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિનો લાભ થાય છે. ધ્રુવસ્વભાવ એટલે કે પરમ જ્ઞાયકસ્વભાવ, તેનો વિશ્વાસ કરીને તેમાં એકાગ્રતાથી વીતરાગી સમભાવ રહે છે, એકલી પર્યાયના વિશ્વાસે કદી વિતરાગી સમભાવ રહે જ નહિ.

આત્માનો વીતરાગી જ્ઞાતાસ્વભાવ છે, તે સ્વભાવ તરફ વળીને જ્ઞાતા રહે તો નિર્મળભાવરૂપ પરિણમતો થકો ક્રમબદ્ધપર્યાયોનો જેમ છે તેમ વીતરાગભાવે જાણનાર રહે છે. પણ જ્ઞાતાપણું ચૂકીને ફેરફાર કરવા માંગે છે તે મિથ્યાદૃષ્ટિ થાય છે. જેમ કુદરતના ક્રમમાં સાત વારનો કે અઠ્ઠાવીસ નક્ષત્રનો જે ક્રમ છે તે કદી ફરતો નથી, છતાં તેમાં ફેરફાર થવાનું જે માને તેના જ્ઞાનમાં ભૂલ થાય છે. તેમ પદાર્થોની બધી પર્યાયોનો જે ક્રમ છે તે કદી ફરતો નથી, છતાં તેમાં ફેરફાર થવાનું જે માને તેના જ્ઞાનમાં ભૂલ થાય છે એટલે તે જ્ઞાતા ન રહેતાં મિથ્યાદૃષ્ટિ થાય છે.

જુઓ, આ 'ક્રમબદ્ધપર્યાય' ની વાત અટપટી છે....પણ સરળ થઈને, જ્ઞાનસ્વભાવનો મહિમા લાવીને જો સમજવા માંગે તો સીધીસટ છે. આ પોતાના સ્વભાવના ઘરની વાત છે. આ વાત અંતરમાં બેઠા વગર કોઈ રીતે માર્ગ હાથ આવે તેમ નથી. બધાને જાણનારો પોતે, પોતે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યા વગર જ્ઞાનનું સાચું કાર્ય ક્યાંથી થશે ? શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે –

'ઘટપટ આદિ જાણ તું – તેથી તેને માન;
જાણનારને માન નહિ – કહિયે કેવું જ્ઞાન ?'

પોતાના જ્ઞાનમાં ઘટ–પટ વગેરે જણાય છે, તે ઘટ–પટને તો માને, પણ તેને જાણનાર એવા પોતાના જ્ઞાનસ્વભાવને ન ઓળખે, તો તે જ્ઞાન કેવું ? તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. અરે ભાઈ ! તું પરને તો જાણે છે, પણ જાણનાર પોતે પોતાને નથી જાણતો – એ આશ્ચર્ય છે. તે જ પ્રમાણે અહીં ક્રમબદ્ધમાં પણ, વિકારનો ને પરનો ક્રમ માને પણ તે ક્રમનો જાણનારા એવો પોતાના જ્ઞાયકસ્વભાવને ન જાણે તો તેનું જ્ઞાન કેવું છે ?– કે મિથ્યા છે.

પહેલાં ઓછું જ્ઞાન હોય ને પછી વધારે જ્ઞાન થાય ત્યાં, મારો જ્ઞાનસ્વભાવ બદલીને (–પરિણમીને) આ વિશેષ જ્ઞાન આવ્યું છે – એમ અજ્ઞાની નથી જાણતો, પણ શાસ્ત્ર વગેરે બાહ્ય સંયોગમાંથી જ્ઞાન આવ્યું એમ તે મૂઢ માને છે, તેથી સંયોગનું લક્ષ છોડીને સ્વભાવમાં તે વળતો નથી. જ્ઞાની તો જાણે છે કે મારા જ્ઞાનસ્વભાવનું પરિણમન થઈને તેમાંથી આ જ્ઞાન આવ્યું છે, એટલે તે સ્વભાવ તરફ વળે છે અને સ્વભાવના આશ્રયે તેને સમ્યગ્જ્ઞાન થઈને પરમાત્મદશા પ્રગટી જાય છે. જો રાગના આશ્રયે જ્ઞાન વધતું હોય તો રાગ વધતાં જ્ઞાન વધતું જાય ને ઘણા રાગથી પરમાત્મદશા થાય.–પણ એમ

કદી બનતું નથી. રાગનો સર્વથા અભાવ થયા પછી જ કેવળજ્ઞાન ને પરમાત્મદશા પ્રગટે છે, માટે રાગ તે જ્ઞાનનું કારણ નથી. તેમ જ સંયોગના લક્ષે પણ જ્ઞાન વધતું નથી. કેમકે સંયોગનું લક્ષ છોડીને જ્ઞાનાનંદસ્વભાવમાં લક્ષ કરીને લીન થાય ત્યારે જ કેવળજ્ઞાન થાય છે, માટે સંયોગનાં લક્ષે જ્ઞાન વધતું નથી. સમ્યગ્દર્શનને માટે, સમ્યગ્જ્ઞાનને માટે, કે સમ્યક્ચારિત્રને માટે એક પોતાના જ્ઞાનાનંદસ્વભાવ સિવાય બીજો કોઈ આધાર છે જ નહિ ધર્મમાં પોતાના સ્વભાવ સિવાય બીજા કોઈના આશ્રયનો અભાવ છે.

ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવથી આત્મા પોતાના ગુણોમાં અક્રમે વર્તે છે ને પર્યાયોમાં ક્રમે વર્તે છે. આ રીતે પોતાના ગુણ–પર્યાયમાં વર્તવું તે જ આત્માનું વર્ણન છે. આ સિવાય, પોતાના ગુણ–પર્યાયોથી બહાર આત્મા કદી વર્તતો નથી, તેથી બહારમાં આત્માનું વર્તન છે જ નહિ. દરેક દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયમાં વર્તે છે એ જ તેનું વર્તન છે. આત્માનું વર્તન કેમ સુધરે ? અનાદિથી સંયોગમાંને વિકારમાં પોતાપણું માનીને વિકારી પર્યાયમાં વર્તે છે તે અશુદ્ધ વર્તન છે; સંયોગથી ને રાગથી પાર, જ્ઞાનાનંદસ્વભાવને જ પોતાનું સ્વરૂપ માનતાં નિર્મળપર્યાયો પ્રગટે છે, તે નિર્મળપર્યાયોમાં વર્તવું તે આત્માનું શુદ્ધ વર્તન છે, ને તે જ વર્તન મોક્ષનું કારણ છે.

અહીં કહે છે કે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિથી દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયમાં વર્તે છે. આમાં 'વર્તનાર' ઉપર વજન છે. ગુણમાં અક્રમપણે વર્તે છે ને પર્યાયમાં ક્રમપણે વર્તે છે. – કોણ વર્તે છે ? કે આત્મદ્રવ્ય. એટલે, આમ નક્કી કરનારને કોઈ પણ પર્યાયમાં આત્મદ્રવ્યની દૃષ્ટિ છૂટે નહિ. દરેક પર્યાયમાં અખંડ દ્રવ્ય વર્તે છે, – આમ વર્તનાર ઉપર (દ્રવ્ય ઉપર) દૃષ્ટિ ગઈ ત્યાં પર્યાયમાં નિર્મળતા થઈ.

દરેક આત્માનો આવો સ્વભાવ છે. પણ અહીં બીજા આત્માનું કામ નથી; પોતે પોતાના સ્વભાવને નક્કી કરીને સ્વ તરફ વાળવાની વાત છે. સ્વભાવ તરફ વળીને જે જ્ઞાતા થયો તે પોતાના સ્વ–પરપ્રકાશક સામર્થ્યથી પરને પણ જેમ છે તેમ જાણે છે. સ્વસન્મુખ થઈને સ્વભાવમાં વર્તન થાય ત્યાં વિકારનું વર્તન રહે નહિ એટલે નિર્વિકાર દશા પ્રગટે, તેનું નામ મોક્ષ.

આત્મસ્વભાવ તરફ વળીને, 'આત્મા પવિત્ર છે' એમ જે જ્ઞાનપર્યાયે જાણ્યું તે પર્યાય પોતે પણ પવિત્ર થયેલી છે, પવિત્ર સ્વભાવના આશ્રયે તેમાં પણ પવિત્રતાની વૃદ્ધિ થતી જાય છે; આ રીતે સ્વભાવ શક્તિની પ્રતીતિનું ફળ મુક્તિ છે.

બહારમાં લૂખો ખોરાક ખાય તેને લોકો ધર્મ માની લ્યે છે; પણ જ્ઞાની તો તેને કહે છે કે અરે ભાઈ ! જડથી ને રાગથી તારા આત્માની ભિન્નતાનું તને ભાન નથી ને એને તું ધર્મ માને છે, તો તું લૂખું નથી ખાતો પણ ચીકણું જ ખાય છે, તું રાગની ચીકાસને જ ભોગવી રહ્યો છે, પણ રાગથી લૂખો એવો જે વીતરાગીજ્ઞાનભાવ તેની તને ખબર નથી. જ્ઞાની પોતાના આત્માને રાગાદિથી જાુદો જ અનુભવે છે, જ્ઞાનાનંદસ્વરૂપના શ્રદ્ધાજ્ઞાનમાં તેને લૂખો એટલે કે રાગ વગરનો ભાવ છે; આત્માના શાંતરસથી ભરેલો ને રાગના રસથી ખાલી એવો જ્ઞાનીનો ભાવ છે તે જ ધર્મ છે.

જ્ઞાનના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પોતાથી થાય છે, પરથી થતા નથી; એટલે શબ્દોના કારણે જ્ઞાનની ઉત્પત્તિ નથી થતી, પણ જ્ઞાનસ્વભાવ પોતે જ વિશેષજ્ઞાનપણે પરિણમે છે. ધ્રુવજ્ઞાનસ્વભાવના આધારે અજ્ઞાનનો નાશ લઈને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

**પ્રશ્ન** :- જો સાંભળવાના કારણે જ્ઞાન નથી થતું તો પછી સાંભળવાનું શું કામ ?

**ઉત્તર** :- સાંભળવાના કારણે જ્ઞાન નથી થતું – એ વાત સાચી, – પણ તે નક્કી કોણે કર્યું ? જેણે આવો નિર્ણય કર્યો તેની રાગની દિશા પલટીને સત્શ્રવણ વગેરે તરફ વળ્યા વગર રહે જ નહિ. જિજ્ઞાસુભૂમિકામાં મિથ્યાત્વના નિમિત્તો તરફનું વલણ છૂટીને સત્ના નિમિત્તો તરફ જ વલણ જાય, અને જ્ઞાની પાસેથી સત્ના શ્રવણો ભાવ, સત્ શ્રવણનો પ્રેમ ને ઉત્સાહ આવે. 'વાણીથી જ્ઞાન થતું નથી માટે સાંભળવાનું શું કામ છે !' એવો સ્વચ્છંદનો ભાવ તેને આવે જ નહીં. સત્ના શ્રવણ વખતે પણ ભાવ તો પોતાના ઘુંટાય છે ને ! હા, શ્રવણ વખતેય નિમિત્ત ઉપર, રાગ ઉપર કે પર્યાય ઉપર તેનું વજન ન હોય, પણ જ્ઞાની જે સ્વભાવ સમજાવવા માંગે છે તે સ્વભાવ તરફ જ તેનું વજન હોય....જ્યાંથી જ્ઞાનનો પ્રવાહ આવે છે એવા દ્રવ્યસ્વભાવનું અવલંબન કરવાનું જ્ઞાની બતાવે છે, ને ખરા શ્રોતાનું વજન પણ તેના ઉપર જ છે. આ સિવાય રાગથી કે વાણીથી જ લાભ માનીને તેના ઉપર જે વજન આપે તે ખરો શ્રોતા નથી, કેમ કે જ્ઞાની એમ કહેતા જ નથી.

વળી સત્સ્વભાવનું ભાન થયા પછી જ્ઞાનીને પણ વારંવાર સત્ના શ્રવણનો ભાવ આવે છે. ત્યાં જ્ઞાનીની રુચિનું જોર તો પોતાના સત્સ્વભાવમાં જ વળેલું છે, નિમિત્ત ઉપર કે રાગ ઉપર તેની રુચિનું જોર નથી. રુચિનું જોર કઈ તરફ કામ કરી રહ્યું છે તેના ઉપર ધર્મ–અધર્મનો આધાર છે. આત્માનો ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વભાવ છે તેને

ઓળખે તો રુચિનું જોર પર ઉપર કે વિકાર ઉપર રહે જ નહિ, આત્મસ્વભાવમાં જ રુચિનું જોર વળી જાય. આત્મામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા વગેરે અનંતશક્તિઓ એક સાથે પરિણમી રહી છે.

**પ્રશ્ન** :- આત્મામાં અનંતશક્તિઓ છે એમ, ભગવાને જોયું છે તેથી કહો છો ? – કે આત્મામાં છે તે જાણીને કહો છો ?

**ઉત્તર** :- વસ્તુના સ્વભાવમાં એમ છે ને ભગવાને તેમ જોયું છે;–પણ ભગવાનની પ્રતીત કોણે કરી ? સર્વજ્ઞ ભગવાનની યે પ્રતીત કરનારને તો પોતાનું જ્ઞાન છે ને!! માટે પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેમાં આ બધું આવી જાય છે. પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતને સાથે ભેળવ્યા વગર એકલા ભગવાનના નામે માને તે યથાર્થ માર્ગ નથી. આ તો પોતાના આત્માને સાથે ભેળવીને વાત છે. પોતાના આત્મા તરફ વળીને તેની પ્રતીત કર્યા વગર ભગવાનની કે ભગવાનના માર્ગની ખરી ઓળખાણ થાય નહિ. અહીં આત્માની શક્તિઓનાં વર્ણનમાં પણ, અભેદ આત્મસ્વભાવના આશ્રયપૂર્વક જ તેની શક્તિઓનો નિર્ણય થઈ શકે છે – એમ સમજવું.

❋ ❋ ❋

# પરિણામ શક્તિ

**મહિમાવંત ભગવાન આત્મા અનંતધર્મથી પ્રસિદ્ધ છે, સર્વે સંતો અને શાસ્ત્રો પ્રસિદ્ધપણે તેનો મહિમા ગાય છે.....અંતરમાં આવા આત્માની પ્રસિદ્ધિ કેમ થાય તેની આ વાત છે. હે જીવ ! અનંતશક્તિ-સંપન્ન તારા આત્માને જાણીને તું રાજી થા...ખુશી થા...આનંદિત થા.**

**આત્માના હિતની ખરેખરી ધગશવાળો જીવ તેના પ્રયત્નને માટે મુદત ન મારે... અપૂર્વ અંતરપ્રયત્ન ઊગે ત્યારે જ આત્મા પ્રાપ્ત થાય.**

જ્ઞાનસ્વરૂપ આત્મામાં કેવી કેવી શક્તિઓ ઉલ્લસે છે તેનું આ વર્ણન છે. શ્રદ્ધાનું મૂળ, આનંદનું મૂળ આત્મા છે; તે આત્મા કેવો છે તે જ્યાંસુધી યથાર્થરૂપે જાણવામાં ને અનુભવવામાં ન આવે ત્યાંસુધી શ્રદ્ધા-જ્ઞાન-આનંદના અંકુરા ફૂટે નહિ. આનંદ કયા પદાર્થમાં ભર્યો છે કે જેની સન્મુખ થતાં આનંદનું વેદન થાય ? આત્મા શું વસ્તુ છે કે જેને લક્ષમાં લઈને ચિંતવતાં આનંદ થાય ? – તેનું જ્યાં યથાર્થ શ્રવણ-ગ્રહણ-ધારણ ને નિર્ણય પણ ન હોય ત્યાં ચિંતન ક્યાંથી કરે ? ને તેના આનંદનો અનુભવ ક્યાંથી થાય ? અહો ! મહિમાવંત ભગવાન આત્મા અનંતધર્મથી પ્રસિદ્ધ થાય છે, – તેનો મહિમા પ્રસિદ્ધપણે સર્વે સંતો અને શાસ્ત્રો ગાય છે. પણ તેની સન્મુખ થઈને પોતાની પર્યાયમાં જીવે કદી તેની પ્રસિદ્ધિ કરી નથી. ભગવાન આત્માની પ્રસિદ્ધિ કેમ થાય એટલે કે પર્યાયમાં તેનો પ્રગટ અનુભવ કેમ થાય તે અહીં બતાવે છે.

સ્વસંવેદનજ્ઞાનરૂપ લક્ષણવડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય છે. જ્ઞાનલક્ષણને અંતરમાં વાળીને આત્માને લક્ષ્ય બનાવતાં ચૈતન્યમૂર્તિ આત્માનો અનુભવ થાય છે. તે અનુભવમાં એકલું જ્ઞાન જ નથી પરંતુ જ્ઞાનની સાથે શ્રદ્ધા, આનંદ, વીર્ય, પ્રભુતા, સ્વચ્છતા વગેરે અનંતશક્તિઓ પણ ભેગી જ ઊછળે છે, તેમાં એક 'પરિણામ શક્તિ' છે.

તે પરિણામશક્તિ કેવી છે ? 'દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય–વ્યય–ઉત્પાદથી આલિંગિત, સદૃશ અને વિસદૃશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વમાત્રમયી પરિણામશક્તિ છે.' આમાં પહેલાં તો એમ કહ્યું કે ધ્રૌવ્ય, વ્યય ને ઉત્પાદ એ ત્રણેય, દ્રવ્યના સ્વભાવભૂત છે, કોઈ બીજાને લીધે નથી. જેમ ધ્રુવ ટકવાપણું પોતાના સ્વભાવથી જ છે, કોઈ બીજાને લીધે નથી, તેમ ક્ષણે ક્ષણે નવી પર્યાયનું ઊપજવાપણું પણ દ્રવ્યના પોતાના સ્વભાવથી જ છે, પરને લીધે નથી. પર નિમિત્તને લીધે આત્માના પરિણામ ઊપજવાનું માને તો તેણે પરિણામશક્તિવાળા આત્માને જાણ્યો નથી. ઉત્પાદ–વ્યય–ધ્રુવ તે દ્રવ્યના સ્વભાવભૂત છે; અને દ્રવ્યનું અસ્તિત્વ એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવથી આલિંગિત છે, એટલે કે ઉત્પાદ વ્યય–ધ્રુવની ભિન્ન ભિન્ન ત્રણ સત્તા નથી પરંતુ એક જ સત્તા એ ત્રણેથી એક સાથે સ્પર્શાયેલી છે; તે સત્તાનું અસ્તિત્વ ધ્રુવતા અપેક્ષાએ તો સદૃશ છે ને ઉત્પાદ–વ્યય અપેક્ષાએ વિસદૃશ છે. – આવા અસ્તિત્વમાત્રમય પરિણામશક્તિ છે. ધ્રુવતા વગર પરિણામ શેમાં થાય ? અને ઉત્પાદ–વ્યય વગર પરિણામ કઈ રીતે થાય ? ઉત્પાદ–વ્યયને ધ્રુવતા વગર પરિણામ બની શકે નહિ, માટે કહ્યું કે ધ્રૌવ્ય–વ્યય–ઉત્પાદથી આલિંગિત એવા એક અસ્તિત્વમાત્રમય પરિણામશક્તિ છે. ' उत्पादव्ययध्रौव्ययुक्तं सत् 'અને' सत्लक्षणं द्रव्य ' એ બંને મહત્ત્વનાં સૂત્રો (તત્ત્વાર્થ સૂત્રનાં) આમાં સમાઈ જાય છે. અસ્તિત્વમાત્ર કહીને સત્પણું બતાવવું છે.

જો કે પરિણામશક્તિ તો આત્મા અને જડ બધાય દ્રવ્યોમાં છે, પરંતુ અત્યારે તો આત્માની વાત છે. દરેક આત્મામાં પરિણામશક્તિ ત્રિકાળ છે. અજ્ઞાનદશા, સાધકદશા કે સિદ્ધદશા – તે દરેક વખતે પરિણામશક્તિનું પરિણમન તો વર્તી જ રહ્યું છે. પણ, પરિણામશક્તિવાળા આત્માનું ભાન કરીને તેનો આશ્રય કરતાં પરિણામશક્તિનું નિર્મળ પરિણમન થાય છે. આ રીતે શક્તિઓનું નિર્મળ પરિણમન થાય તે જ ધર્મ છે, તેમાં જ આત્માની પ્રસિદ્ધિ છે.

જેમ ઘરમાં લાખ રૂપિયાની કિંમતનો એક દાગીનો પડ્યો હોય, પરંતુ જ્યાંસુધી

તેની પ્રસિદ્ધિ નથી – એટલે કે તેની ખબર નથી ત્યાંસુધી તો, તે ઘરમાં હોવા છતાં ન હોવા સમાન જ છે. તેમ આ ભગવાન આત્મા જ્ઞાન આનંદ વગેરે અનંત શક્તિઓરૂપી દાગીનાથી ભરેલો છે, પરંતુ જ્યાંસુધી તેનું ભાન નથી ત્યાંસુધી તે અપ્રસિદ્ધ છે, એટલે કે અજ્ઞાનીને તો આત્મા, વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવો છે, તેને તેની પ્રસિદ્ધિ નથી. અને અંતર્મુખ થઈને આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરતાં તેની પ્રસિદ્ધિ થાય છે, અર્થાત્ આત્માની શક્તિઓ નિર્મળપણે પરિણમીને તેનો પ્રગટ અનુભવ થાય છે. આવી આત્માની પ્રસિદ્ધિ થાય તેનું નામ ધર્મ છે.

અઢારમી શક્તિમાં ક્રમપ્રવૃતિ અને અક્રમપ્રવૃતિ કહીને ઉત્પાદ–વ્યય–ધ્રુવ બતાવ્યા હતા; ને અહીં સદ્રશ અને વિસદ્રશરૂપ અસ્તિત્વ કહીને પરિણામશક્તિ બતાવી છે. ધ્રુવ અપેક્ષાએ સદ્રશતા છે, ને ઉત્પાદ–વ્યય અપેક્ષાએ વિસદ્રશતા છે. આવા ઉત્પાદ–વ્યય–ધ્રુવ વિના પરિણામ બની શકે જ નહિ. અજ્ઞાન ટળીને જ્ઞાન, દુઃખ ટળીને આનંદ, સંસાર ટળીને મોક્ષ ઈત્યાદિ પરિણામ ઉત્પાદ–વ્યય–ધ્રુવતા વગર થઈ શકતા નથી. માટે કહ્યું છે કે આ પરિણામશક્તિ ઉત્પાદ–વ્યય–ધ્રુવથી વણાયેલા અસ્તિત્વમય છે. આચાર્યદેવ એકેક શક્તિમાં ગઢપણે વસ્તુસ્વરૂપ ગૂંથી દીધું છે.

જ્ઞાનસ્વરૂપ આત્મામાં સદ્રશપણું અને વિસદ્રશપણું બંને રહેલાં છે. ગુણોની ધ્રુવતા અપેક્ષાએ સદ્રશતા છે એટલે કે એકરૂપપણું રહે છે, – ગુણો તેને તે જ રહે છે; ને અવસ્થાના ઉત્પાદ–વ્યયની અપેક્ષાએ વિસદ્રશતાત છે એટલે કે બીજા–બીજાપણું છે. અવસ્થા એક વ્યય થાય છે ને બીજી ઉત્પન્ન થાય છે – એ રીતે તેમાં વિસદ્રશપણું છે; 'વિસદ્રશપણું' કહ્યું તે કાંઈ વિકારીપણું નથી સૂચવતું પરંતુ બદલવાપણું સૂચવે છે, સિદ્ધભગવંતોને એવી ને એવી નિર્મળ પર્યાય જ સદાય થયા કરે છે, છતાં ત્યાં પણ પર્યાયનું વિસદ્રશપણું તો છે જ.

ધ્રુવશક્તિપણે વસ્તુ એકરૂપ હોય, પણ અવસ્થાપણે એકરૂપ ન હોય. જો ધ્રુવપણે એકરૂપ ન હોય, ને વિસદ્રશ હોય તો આત્મા ચેતન પલટીને જડ થઈ જાય; – પણ એમ બને નહિ. ચેતન તો ચેતનપણે ધ્રુવ રહે છે. અને અવસ્થાથી પણ જો એકરૂપતા હોય તો સંસાર અવસ્થા ટળીને મોક્ષ અવસ્થા થઈ જ ન શકે. – પણ એમ નથી. વસ્તુ ધ્રુવરૂપે સદ્રશ–એકરૂપ રહેતી હોવા છતાં અવસ્થામાં ઉત્પાદ–વ્યયરૂપ વિસદ્રશપણું છે. – આવો વસ્તુનો સ્વભાવ છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવ સહિત અસ્તિત્વ છે, ને એવા

અસ્તિત્વમય પરિણામશક્તિ છે. જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં આ શક્તિ પણ ભેગી જ નિર્મળપણે ઉલ્લસી રહી છે.

**પ્રશ્ન** :- સાધકને પર્યાયમાં વિકાર પણ છે તો ખરો !

**ઉત્તર** :- વિકાર છે તે ખરેખર શક્તિનું પરિણમન નથી, કેમ કે શક્તિનું પરિણમન ખરેખર તેને જ કહીએ છીએ કે જે શક્તિ સાથે અભેદ થઈને નિર્મળપણે પરિણમે. શક્તિનો આશ્રય છોડીને પરના આશ્રયે વિકારપણે પરિણમે તેને ખરેખર શક્તિનું પરિણમન કહેતા નથી. સાધકને અનંતશક્તિના પિંડરૂપ આત્માના આશ્રયે શક્તિનું નિર્મળ પરિણમન થાય છે; અને જરાક અશુદ્ધતા છે તે શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં તેને અભૂતાર્થ છે–ગૌણ છે તેથી તેનો અભાવ જ ગણ્યો છે. પર્યાયમાં અલ્પ વિકાર હોવા છતાં તેનો અભાવ કહેવો–એ અપૂર્વ અંતર્દૃષ્ટિની વાત છે, શુદ્ધ દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ હોય તેને જ એ સમજાય તેવી છે.

અહીં જે શક્તિઓ વર્ણવી છે તેમાંથી કેટલીક શક્તિઓ એવી છે કે જે આત્મા સિવાય જડમાં પણ છે; પરંતુ અહીં તો આત્માની જ વાત છે; ને તેમાં પણ જેની પર્યાયમાં આત્માની પ્રસિદ્ધિ થઈ છે એવા સાધક જીવને અનુલક્ષીને વાત છે. અજ્ઞાનીને તો આત્માની પ્રસિદ્ધિ નથી, આત્માના જ્ઞાનલક્ષણની પણ તેને ખબર નથી. અહો, આ શક્તિઓ વર્ણવીને તો આચાર્યદેવે આત્માનો સ્વભાવનો અદ્ભુત મહિમા પ્રસિદ્ધ કર્યો છે, જ્ઞાનમાત્ર આત્મામાં કેટલી ગંભીરતા ભરી છે તે ખોલીને બતાવ્યું છે.

**પ્રશ્ન** :- જો જ્ઞાનમાત્ર ભાવમાં જ આ બધી શક્તિઓ સમાઈ જાય છે તો પછી આટલી બધી શક્તિઓ જુદી જુદી શા માટે વર્ણવો છો ? આટલી બધી શક્તિઓ સમજવામાં તો ઘણી મહેનત પડે !

**ઉત્તર** :- અરે ભાઈ ! આ શક્તિઓ સમજે તો તો અંતરમાં આનંદના તરંગ ઊછળે એવી અદ્ભુત વાત છે. આ સમજવું તે ' મહેનત ' નથી પણ અનંતકાળના થાક ઉતારવાનો આ રસ્તો છે. વળી ' જ્ઞાનમાત્ર ભાવમાં બધી શક્તિઓ સમાઈ જાય છે ' એમ કહ્યું તે તો અભેદ અનુભવની અપેક્ષાએ છે એટલે કે જ્ઞાનને અંતરમાં વાળીને જ્યાં અભેદ આત્માને અનુભવમાં લીધો ત્યાં કાંઈ જુદી જુદી શક્તિનો વિચાર નથી, ત્યાં તો અભેદ આત્માનાં પરિણમનમાં બધી શક્તિઓનો રસ એક સાથે વેદાય છે, તેથી જ્ઞાનમાત્રભાવમાં બધી શક્તિઓ સમાયેલી છે એમ કહ્યું. પરંતુ એકલા જ્ઞાનગુણમાં કાંઈ બીજા બધા

ગુણો આવી જતા નથી. જો એક ગુણમાં બીજા બધા ગુણ આવી જાય તો તે એક ગુણ પોતે જ આખું દ્રવ્ય થઈ ગયું ! – પણ એમ નથી. ' द्रव्याश्रया निर्गुणा गुणाः ' દ્રવ્યમાં આશ્રયે અનંતગુણો રહેલા છે, પરંતુ એક ગુણના આશ્રયે બીજા ગુણ નથી. આ રીતે અનંતગુણથી અભેદરૂપ આત્મવસ્તુની દ્રષ્ટિ કરવા માટે આ વર્ણન છે. આત્માનો સ્વભાવ અનેકાન્તમય કઈ રીતે છે એટલે કે તેમાં અનંતધર્મો કઈ રીતે છે તે સ્પષ્ટ સમજાવવા માટે આચાર્યદેવે આ વર્ણન કર્યું છે – તેથી જિજ્ઞાસુઓએ આ વાત સમજવી જરૂરી છે. 'અનેકાન્ત' આત્માને પરથી અત્યંત જાુદો ને પોતાના અનંત ધર્મોથી પરિપૂર્ણ પ્રસિદ્ધ કરે છે. આવા આત્માને જાણવો–શ્રદ્ધવો–અનુભવવો તે મુક્તિમાર્ગ છે. વસ્તુપણે આત્મા પોતે નિત્ય છે; કાયમ ' હું....હું ' એવા સંવેદનથી તેની નિત્યતાનો અનુભવ થાય છે; ને પર્યાયમાં દુઃખ–સુખ, અજ્ઞાન–જ્ઞાન ઈત્યાદિ અનેક ફેરફારના અનુભવથી તેની અનિત્યતા સિદ્ધ થાય છે. હે જીવ ! શરીર અને રાગાદિ બાદ કરતાં એકલું જ્ઞાન રહ્યું તે પણ સ્વતઃ આવા પરિણામસ્વભાવવાળું છે, તેમાં આનંદ છે, પ્રભુતા છે, સ્વચ્છતા છે, ચૈતન્યમય જીવન છે. – ઈત્યાદિ અનંત શક્તિઓ તારા જ્ઞાનમાત્ર સ્વભાવને અભિનંદે છે. માટે તું પરની સામે ન જોતાં અંતરદ્રષ્ટિ કરીને આવા તારા આત્મસ્વભાવને દેખ...તારા આત્માના અનંત નિધાનને દેખ. એને દેખતાં જ તને અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે. ને ક્યાંય પરના આશ્રયથી લાભ થવાની તારી મિથ્યાબુદ્ધિ ટળી જશે.

સદ્રશતા અને વિસદ્રશતા એવા બંને સ્વભાવવાળું તારું અસ્તિત્વ છે. અશુભ વિચાર બદલીને શુભ થાય છે–એ તો સૌને અનુભવસિદ્ધ છે; વિસદ્રશતા વિના વિચારનો પલટો થઈ શકે નહિ. અને, પહેલાં અશુભવિચારમાં હું હતો ને અત્યારે શુભવિચારમાં હું છું – એમ પોતાના સળંગપણાનો અનુભવ થાય છે–તે સદ્રશતા વિના બની શકે નહીં વિસદ્રશતા (અર્થાત્ ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા) વિના પરિણામરૂપ કાર્ય થઈ શકે જ નહિ. એક પરિણામશક્તિમાં આ બધું આવી જાય છે. પરિણામશક્તિ આત્માની છે એટલે પોતાની પર્યાયના ઉત્પાદ–વ્યય (–સમ્યક્ત્વનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય ઈત્યાદિ) પોતાના સ્વભાવથી જ થાય છે, કોઈ બીજાને લીધે થતાં નથી.

જેમ ૧૦ તોલા સોનું છે, તેની હાર–અવસ્થા છે, તે પલટીને બંગડી થઈ; ત્યાં સોનું દસેદસ તોલા ટકીને હારમાંથી બંગડી અવસ્થારૂપે બદલ્યું છે. એટલે તે સોનું ટક્યું પણ છે ને બદલ્યું પણ છે. એ રીતે દરેક વસ્તુ ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ પરિણામસ્વભાવવાળી

છે. અહીં વસ્તુનો સૂક્ષ્મસ્વભાવ સમજાવવા માટે સોનાનો સ્થૂળ દાખલો છે. આત્મા તો સ્વાભાવિક ચીજ છે, સોનું તે કાંઈ મૂળ–સ્વાભાવિક ચીજ નથી, તે તો સંયોગી ચીજ છે; તે સંયોગની વાત સ્વભાવમાં પૂરી લાગુ ન પડે. સોનામાં ભાગ કરતાં કરતાં જેના કોઈ પ્રકારથી બે ભાગ ન પડી શકે એવો જે છેલ્લો પોઈન્ટ(પરમાણુ) રહે તે મૂળ વસ્તુ છે. સોનું તો નાશ પણ પામે, પણ પરમાણુનો નાશ કદી થતો નથી. અહીં તો દૃષ્ટાંત તરીકે સમજાવવા સોનાને મૂળ વસ્તુ ગણવામાં આવે છે. જેમ આકાર બદલવા છતાં સોનું તે સોનું જ રહે છે, લાકડું થઈ જતું નથી; અને સોનારૂપે ધ્રુવ રહેવા છતાં તેના વિધવિધ આકારો બદલે છે; તેમ આત્મામાં મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–કેવળજ્ઞાન વગેરે અવસ્થાઓ પલટે છે અને જ્ઞાનસ્વભાવપણે આત્મા એવો ને એવો રહે છે. અહીં તો એ વિશેષ બતાવવું છે કે ટકીને અવસ્થા બદલે છે તે પોતાના સ્વભાવભૂત છે. કોઈ બીજાને લીધે આત્મા ટકતો નથી, ને કોઈ બીજાને લીધે તેની અવસ્થા થતી નથી. એ જ પ્રમાણે બીજા પદાર્થોમાં પણ સૌ સૌના સ્વભાવથી જ ઉત્પાદ–વ્યય–ધ્રુવતા વર્તે છે.

જુઓ, આવા વસ્તુસ્વભાવની પ્રતીત તે વીતરાગતાનું કારણ છે. કોઈ બીજાને કારણે સુખ–દુઃખ થાય એ વાત રહેતી નથી. જગતમાં જે જીવો દુઃખી છે તેઓ પોતાની પર્યાયના જ તેવા ઉત્પાદથી દુઃખી છે, અને તેની દુઃખપર્યાય પલટીને સુખપર્યાયનો ઉત્પાદ તે પોતે કરે તો થાય, બીજો જીવ તેની પર્યાય કરી શકે નહિ. આત્મા પોતે અનંત શક્તિનો પિંડ છે પણ તેની સંભાળ ન કરતાં શરીર ઉપર લક્ષ કરીને ' શરીર તે જ હું ' એમ માને છે ને શરીરમાં કાંઈક થતાં ' મને થયું ' એમ માનીને પોતાની ભિન્ન સત્તાને ભૂલી જાય છે તેથી જ જીવ દુઃખી છે. જ્યાંસુધી દેહથી ભિન્ન ચૈતન્યસત્તાની પોતે સંભાળ ન કરે ત્યાંસુધી તેનું દુઃખ ટળે નહિ. આ એક સિદ્ધાંત છે કે, દુઃખ કોઈ બહારના સંયોગનાં કારણે થયું નથી તેથી બહારના સંયોગવડે દુઃખ મટતું નથી, પણ પોતે ઊંધા ભાવથી દુઃખ ઊભું કરે છે તે પોતાના સવળા ભાવથી મટે છે. બીજો કોઈ દુઃખ આપી શકે નહિ ને મટાડી શકે પણ નહિ.

જુઓ, ' હું દુઃખ ટાળું ' એમ વિચાર આવે છે, પણ 'હું આત્માનો જ નાશ કરી નાંખુ' એમ વિચાર આવતો નથી. એટલે કે પોતે કાયમ ટકીને દુઃખઅવસ્થા પલટીને સુખઅવસ્થા કરવા માંગે છે. આ રીતે, ' મારે દુઃખ ટાળીને સુખી થવું છે '– એમાં જ ઉત્પાદ–વ્યય–ધ્રુવનો ધ્વનિ આવી જાય છે. આત્મા ત્રિકાળ છે ને દુઃખ ક્ષણિક છે,

તે દુઃખ ટળી શકે છે. દુઃખ કોણ ટાળે ? – જેણે ઉત્પન્ન કર્યું છે તે; બીજા જોનારે કાંઈ તે દુઃખ ઉત્પન્ન કર્યું નથી એટલે તે તેને ટાળી ન શકે. હું તો ચૈતન્ય છું, દેહના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવ તદ્દન જુદા છે, મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં મારી અનંત શક્તિઓ પરિણમી રહી છે – એમ સ્વશક્તિની સંભાળ કરે તો તેમાં ક્યાંય દુઃખ છે જ નહિ.

અજ્ઞાની અનુકૂળ સંયોગથી સુખ અને પ્રતિકૂળ સંયોગથી દુઃખ એમ માને છે, એટલે દુઃખ ટાળીને સુખ કરવા માટે તે સંયોગ તરફ જ જોયા કરે છે, પણ સંયોગથી ભિન્ન પોતાના આત્મા તરફ જોવાનું તેને બનતું નથી, તેથી તેને સંયોગના આશ્રયે રાગ–દ્વેષ જ થયા કરે છે, વીતરાગી શાંતિનો અનુભવ થતો નથી. જ્ઞાની સંયોગોથી પોતાને સુખ–દુઃખ માનતા નથી, સુખ પોતાના સ્વભાવમાં જ છે એમ તેને અનુભવ છે અને બહિર્મુખ વલણ જાય તેટલું દુઃખ છે – એમ તે જાણે છે; એટલે દુઃખ ટાળવા માટે તે પર તરફ નથી જોતા પણ પોતાના સ્વભાવના આનંદના અનુભવ તરફ વળે છે. અહીં આત્માની શક્તિઓ બતાવીને સ્વદ્રવ્ય તરફ વળવાનું આચાર્યદેવ બતાવે છે.

જગતના બધા દ્રવ્યો સત્ છે, ને તેનું બદલવાપણું તેના સ્વભાવથી જ છે; તેને બદલે અજ્ઞાની તેની સત્તાનો ઈન્કાર કરીને કહે છે કે હું તેને બદલાવી દઉં. – એટલે ખરેખર તે પોતાની ચૈતન્યસત્તાને પરથી ભિન્ન સ્વીકારતો નથી, ઊંધા અભિપ્રાયવડે પોતે પોતાની સત્તાનો જ ઘાત કરે છે. મારા ઉત્પાદ–વ્યય–ધ્રુવ મારી સત્તામાં જ છે, ને પરના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પરની સત્તામાં જ છે, – બંનેની સત્તા ભિન્ન ભિન્ન છે, તેથી એકના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં બીજાનો કાંઈ હાથ નથી. – આમ જાણીને પોતે પોતાની શુદ્ધ ચૈતન્યસત્તાને શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રમાં અંગીકાર કરવી ને પરસત્તાને પોતાથી ભિન્ન જેમ છે તેમ જાણવી – આવું ભેદજ્ઞાન તે આત્માને જીવતો રાખે છે – આત્માને પ્રસિદ્ધ કરે છે, તેમાં આત્મા જેવો છે તેવા સ્વભાવે પ્રસિદ્ધ થઈને મુક્તિ થાય છે.

'હું' અને 'તે' આવા બે ભેદ પડે છે તે જ બતાવે છે કે સ્વ અને પરવસ્તુની સત્તા ભિન્ન ભિન્ન છે; જો ભિન્ન સત્તા ન હોય તો 'આ હું' અને 'આ તે' એવા બે ભેદ પડે નહિ. સ્વ–પરની સત્તા ભિન્ન ભિન્ન હોવા છતાં, પરવસ્તુના કાર્યો મારાથી થાય એમ જે માને છે તે પરવસ્તુની સ્વતંત્ર સત્તાના અધિકાર ઉપર તરાપ મારે છે, પરને પોતાને આધીન માનીને તેની સ્વાધીનતા હણવા માંગે છે; પરંતુ પર ચીજ તો

કાંઈ તેને આધીન થઈને પરિણમતી નથી તેથી તે અજ્ઞાની પરના આશ્રયે પરિણમતો થકો આકુળ–વ્યાકુળ થઈને પોતે પોતાની સ્વાધીનતાને હણે છે. જેમ એક રાજાની સત્તા ઉપર બીજો રાજા અધિકાર જમાવવા જાય તો ત્યાં લડાઈ થાય છે, તેમ ચૈતન્ય અને જડ બંને પદાર્થો પોતપોતાની સ્વતંત્ર સત્તાના રાજા છે, છતાં આત્મા પરને પોતાનું માનીને તેની સત્તામાં ઘાલમેલ કરવા જાય તો ત્યાં વિસંવાદ ઊભો થાય છે એટલે કે આત્માની પર્યાયમાં શાંતિ હણાઈને અશાંતિ થાય છે–દુઃખ થાય છે–સંસાર થાય છે. પરથી અત્યંત વિભક્ત અને પોતાના જ્ઞાનાદિ અનંતગુણોથી એકત્વ એવી પોતાની ચૈતન્યસત્તાને જાણીને – શ્રદ્ધા કરીને તેમાં સ્થિર રહેતાં શુદ્ધતા થાય છે–સુખ થાય છે–મુક્તિ થાય છે, ને સ્વભાવઆશ્રિત સ્વતંત્રતાથી આત્મા શોભે છે.

અહો, આત્માનું કલ્યાણ જેને કરવું હોય તેણે અત્યારે જ આ સમજવા જેવું છે. આત્માને ભવથી છોડાવવાની ને કલ્યાણ કરવાની જેને ખરી લગની હોય તે તો બીજા બધા કાર્યોની પ્રીતિ છોડીને આત્માના હિતનો ઉદ્યમ કરે, – પહેલાં બીજું કરી લઈએ પછી આત્માનું કરશું – એવી મુદત તે વચ્ચે ન નાંખે. વળી તેને એમ પણ કાળની મર્યાદા ન હોય કે અમુક દિવસોમાં જ આત્મા સમજાય તો સમજવો છે, અમને બહુ ઝાઝો ટાઈમ નથી. જ્યાં રુચિ હોય – ખરેખરી ધગશ હોય તે આત્માના પ્રયત્નને માટે કાળની મુદત બાંધતો નથી અને જેને આવી લગની હોય તેને આત્માનું હિત અલ્પકાળમાં જરૂર સધાય છે. સંસારમાં જેને પૈસાની પ્રીતિ છે તે એમ મુદત નથી મારતો કે અમુક વખતમાં જ પૈસા મળે તો લેવા – ત્યાં તો કાળની દરકાર કર્યા વગર દિનરાત પ્રયત્ન કર્યા જ કરે છે ને એમાં ને એમાં આખી જિંદગી વ્યર્થ ગુમાવે છે. તેમ જેને આત્માની રુચિ જાગી છે તે એમ મુદત નથી મારતો કે મારે અમુક વખત સુધી જ આત્માની સમજણનો પ્રયત્ન કરવો તે તો કાળની દરકાર કર્યા વિના નિરંતર પ્રયત્ન કર્યા જ કરે છે, ને તેને જરૂર આત્માનો અનુભવ થાય છે. આત્માની રુચિના અભ્યાસમાં જે કાળ જાય તે પણ સફળ છે. હમણાં બહારના વેપાર–ધંધા વગેરે કામ કરી લઈએ પછી નિરાંતે આત્માનું કરશું – આમ જે મુદત મારે છે તેને ખરેખર આત્માની લગની જાગી જ નથી. અરે, મારા આત્માની દરકાર વગર અનંત–અનંતકાળ વીતી ગયો છતાં મારા ભવભ્રમણનો આરો ન આવ્યો, માટે હવે તો આત્મા આ ભવભ્રમણથી છૂટે એવો ઉપાય કરું – આમ જેને અંતરથી આત્માર્થ જાગે તે આત્મહિતના પ્રયત્ન સિવાય

એક ક્ષણ પણ નકામી જવા દે નહીં. જ્યારે આવો અપૂર્વ અંતરનો પ્રયત્ન ઊગે ત્યારે જ આત્મા પ્રાપ્ત થાય તેવો છે. ભાઈ, તારું હિત બીજો કોઈ કરી દે તેમ નથી, તું જ તારા સ્વભાવનો ઉદ્યમ કરીને તારું હિત કર ! સ્વભાવને ભૂલીને પર ભાવના પ્રેમથી તેં તારું અહિત અત્યાર સુધી કર્યું, હવે સત્સમાગમે યથાર્થ સ્વભાવને સમજીને તું જ તારું અપૂર્વ હિત કર.

જે હજી તો પરનું કરવાના ભાવમાં રોકાય તે પોતાના આત્માના હિતનો પ્રયત્ન ક્યાંથી કરે ? પરનાં કાર્ય કરવાની બુદ્ધિ તે પર તરફનો વેગ સૂચવે છે, અને જ્યાં પર તરફનો એવો વેગ છે ત્યાં સ્વભાવ તરફની બેદરકારી છે. જેને સ્વભાવની સાચી દરકાર જાગે તેને પર તરફનો એવો વેગ હોય જ નહીં; તેનો વેગ તો સ્વભાવ તરફ વળે, ને પરનાં કાર્યોથી તેને સહેજે ઉદાસીનવૃતિ થઈ જાય. અને આમ થાય ત્યારે જ જીવ આત્મહિત સાધી શકે.

કેટલાક મૂઢ જીવો એમ માને છે કે ‘કાળ પ્રમાણે ધર્મ પણ પલટાવવો જોઈએ; અત્યારે આત્માની સમજણનો કાળ નથી, અત્યારે તો બસ ! દેશસેવાના કામમાં લાગી જવું એ જ ધર્મ છે.’ તેને જ્ઞાની કહે છે કે અરે ભાઈ ! શું અત્યારે તારો આત્મા મરી ગયો છે ? આત્મા ત્રિકાળ છે તો તેનો ધર્મ પણ ત્રિકાળ એકરૂપ વર્તે છે. શું ચોથા કાળનો આત્મા જુદી જાતનોને પંચમકાળનો આત્મા જુદી જાતનો એમ છે ? નહિ, આત્મા તો તે જ છે, કાળ પલટતાં આત્માનું સ્વરૂપ કાંઈ પલટી જતું નથી; એટલે ચોથા કાળે ધર્મનું જે સ્વરૂપ હતું તે જ અત્યારે છે. ‘એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ’ ધર્મનું સ્વરૂપ ત્રણેકાળે એક જ છે. તેમાં કોઈ કાળે ફેરફાર થતો નથી. જૈન ધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહિ. જૈનધર્મ એ વસ્તુનું સ્વરૂપ છે, અર્થાત્ આત્માની શુદ્ધતા તે જૈનધર્મ છે; આત્માને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહિ, વસ્તુસ્વરૂપનો નિયમ ફેરવી શકાય નહિ. કોઈ કાળે વસ્તુસ્વરૂપ વિપરીત થતું નથી. ચેતનવસ્તુ જડ બની જાય કે જડવસ્તુ ચેતન થઈ જાય – એમ કોઈ કાળે પણ બનતું નથી, તેમ જે વિકારી ભાવ છે તેનાથી ધર્મ થઈ જાય – એમ પણ કોઈ કાળે બનતું નથી. માટે વસ્તુસ્વભાવરૂપ જૈનધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાતો નથી, આ કાળે કે ગમે તે કાળે, સ્વભાવઆશ્રિત જેટલી શુદ્ધતા થાય તેટલો જ ધર્મ છે.

આત્માની સત્તા ત્રિકાળ છે, તે ગુણરૂપે ધ્રુવ ટકીને પર્યાયરૂપે પલટે છે. – આવા

સત્ સ્વભાવની જેને શ્રદ્ધા થાય તે સમજે છે કે મારા સત્‌ને પરનો આશ્રય નથી; – આવું યથાર્થ ભાન થતાં પરસન્મુખ તેનું વલણ ન રહેતાં પોતાના સ્વભાવ તરફ તેનું વલણ જાય છે એટલે સ્વભાવના સમ્યક્ શ્રદ્ધાન્ – જ્ઞાન – આચરણરૂપ ધર્મ તેને થાય છે.

મૂઢ પ્રાણી કહે છે કે પહેલાં સંસાર સુધારી લઈએ, પછી ધર્મ કરશું. – તો તને કહે છે કે અરે ભાઈ ! વિકારી ભાવ તે જ સંસાર છે; તે સંસાર તો કાળા કોલસા જેવો છે. જો તેને ધોળો કરવો હોય તો તને સળગાવી દે.....એટલે કે સંસાર કદી સુધરે તેમ નથી, માટે સ્વભાવના સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન–આચરણવડે વિકારને બાળી નાંખીને તું સંસારથી છૂટીને મોક્ષ પામી જા.

દરેક વસ્તુ પોતાના સ્વભાવથી જ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ છે, એટલે તેના સ્વભાવથી જ તેનું પરિણમન થાય છે. પણ અજ્ઞાની જીવ સ્વભાવને ન જોતાં સંયોગથી જ જુએ છે એટલે સંયોગને લીધે કાર્ય થયું – એમ તે વિપરીત દેખે છે. આ 'દેખત–ભૂલ' અર્થાત્ દૃષ્ટિનો દોષ એ જ સંસારનું મૂળ છે. અને વસ્તુના યથાર્થ સ્વભાવને દેખવો તે મોક્ષનું મૂળ છે. વસ્તુના સ્વભાવને જાણ્યા વગર બહારથી જ્ઞાની ઓળખાય નહિ, અને જ્ઞાની કઈ રીતે ધર્મ કરે છે તે પણ ઓળખાય નહિ. આ સંબંધી વાંદરાનું દૃષ્ટાંત.–

એક વાર કેટલાક માણસો એક ગામથી બીજે ગામ જતાં વચ્ચે જંગલમાં રોકાયા. પોષ મહિનાની કડકડતી ઠંડીના દિવસો, એટલે આસપાસથી સૂકા ડાળ–પાન ભેગા કરીને ઢગલો કર્યો ને તેમાં ચીનગારી મૂકીને ભડકો કર્યો, અને તાપીને ટાઢ ઊડાડી. તે વખતે ઝાડ ઉપર બેઠેલા વાંદરાઓએ તે જોયું. વાંદરા પણ ટાઢથી ધ્રૂજે, એટલે તેમને પણ ટાઢ ઊડાડવાનું મન થયું. ઝાડપાનનો ઢગલો તો ભેગો કર્યો, પણ હવે ચીનગારી ક્યાં ? માણસોએ ચકચકતું કાંઈક મૂક્યું હતું એમ ધારીને રાતના આગિયા જીવડા– જે ચકચક થતા હોય છે તેને પકડ્યાને ઢગલા વચ્ચે મૂકયા ! ઘણી મહેનત કરી પણ ભડકો થયો નહિ ને વાંદરાભાઈની ટાઢ ઊડી નહીં. તેમ જ્ઞાનીઓએ તો આત્મામાં ચૈતન્ય–ચીનગારી પ્રગટાવી છે, અંતરમાં અતીન્દ્રિયસ્વભાવની સમ્યક્‌શ્રદ્ધા–જ્ઞાન–રમણતાવડે તેને ધર્મ થાય છે, ને શુભરાગ વખતે તેઓ પૂજા–ભક્તિ–દયા–દાન વગેરેમાં પણ પ્રવર્તે છે. ત્યાં અજ્ઞાની જીવો (વાંદરાની જેમ), જ્ઞાનીઓની ચૈતન્ય–ચીનગારીને તો ઓળખતા નથી, ને એકલા પૂજા–ભક્તિ દયા–દાન વગેરે શુભ ક્રિયાથી જ્ઞાનીઓને

ધર્મ થતો હશે – એમ માનીને પોતે પણ તેને જ ધર્મ માનીને પૂજા–ભક્તિ વગેરેમાં પ્રવતે છે. જ્ઞાનીની એકલી બહારની શુભક્રિયા જોઈને અજ્ઞાની તેને ધર્મ માની લ્યે છે, પણ ચૈતન્ય–ચિનગારીને જાણતો નથી તેથી તેને ધર્મ થતો નથી, ને તેની અશાંતિરૂપી ટાઢ ઊડતી નથી. આ રીતે સ્વભાવને ન જોતાં સંયોગને જ અજ્ઞાની જુએ છે. જ્ઞાનીને ઉપદેશનો ભાવ આવે ને હજારો–લાખો જીવોને હિતનો ઉપદેશ કરે, – ત્યાં અજ્ઞાનીને એમ લાગે કે આ બીજાનું ભલું કરતાં લાગે છે માટે તે જ ધર્મનો ઉપાય છે ! પણ ભાઈ, તે જે જોઈ તે ક્રિયા ખરેખર જ્ઞાનીઓ કરી જ નથી, અને જ્ઞાનીએ જે ક્રિયા કરી છે તેને તો તું દેખતો નથી. ખરેખર વાણીની કે રાગની ક્રિયાના જ્ઞાની કર્તા નથી, તેણે તો પોતાના જ્ઞાનાનંદસ્વભાવના સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન–રમણતા જ કર્યા છે, ને તેના વડે જ ધર્મ થાય છે. આ સમજ્યા વગર એકલી બહારની ક્રિયાની નકલ કરે તે તો વાંદરાની માફક 'અક્કલ વગરની નકલ' છે, તેમાં ધર્મ કે કલ્યાણ નથી.

મહાવીર ભગવાને સાડાબાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી – એમ કહે, પરંતુ તે વખતે ભગવાનના આત્માએ અંતરમાં શું કર્યું તે તો જાણે નહિ, – ભગવાનની તપશ્ચર્યાનું સ્વરૂપ તો જાણે નહિ. – ને આહાર છોડીને પોતે પણ ભગવાન જેવી તપશ્ચર્યા કરી એમ માની લ્યે, પણ તેમાં કિંચિત્ ધર્મ નથી. અહો, ભગવાને તો અંતરના ચૈતન્યસ્વભાવમાં લીન થઈને આનંદનો અનુભવ કર્યો હતો, ને તે આનંદની લીનતામાં તેમને આહારની વૃત્તિ જ ઊઠતી ન હતી, – એવી ભગવાનની તપશ્ચર્યા હતી. ત્યાં અંતરમાં આનંદની લીનતા થઈ તેને તો મૂઢ જીવો દેખતા નથી ને એકલા બહારના આહાર–ત્યાગને જ ધર્મ માની લે છે; તે પણ ઉપરના દૃષ્ટાંતની માફક અક્કલ વગરની નકલ છે, તેમાં ધર્મ નથી.

ધર્મની સત્તા આત્મામાં છે, આત્માની સન્મુખ જેનું વલણ છે તેને સર્વત્ર ધર્મ થાય છે; અને આત્મસન્મુખ નહિ પણ પરસન્મુખ જેનું વલણ છે તે ગમે ત્યાં હો...વનમાં હો, મંદિરમાં હો, કે સાક્ષાત્ ભગવાન પાસે હો....પણ તેને ધર્મ થતો નથી, કેમ કે ગુણ જ્યાં ભર્યા છે તેની સામે તો તે જોતો નથી. પોતામાં ગુણ ભર્યા છે તેમાં જે દૃષ્ટિ કરતો નથી તેને ધર્મ થતો નથી. અજ્ઞાનીને મિથ્યાશ્રદ્ધાથી આખો આત્મા ઢંકાઈ ગયો છે, તેને યથાર્થ આત્મા ઓળખાવીને **આચાર્યદેવ આત્માની પ્રસિદ્ધિ કરાવે છે, તેથી આ સમયસારની ટીકાનું નામ પણ ' आत्मरुपायाति '(આત્માની પ્રસિદ્ધિ) રાખ્યું છે. (અને**

**તેના ઉપરનાં આ પ્રવચનો હોવાથી આ પુસ્તકનું નામ પણ ' આત્મપ્રસિદ્ધિ ' રાખ્યું છે.)**

ભાઈ, જ્ઞાનલક્ષણથી તારો આત્મા પ્રસિદ્ધ છે, આત્માને જ્ઞાનલક્ષણવાળો કહેતાં તે જ્ઞાનની સાથે આનંદ વગેરે અનંતશક્તિઓ ભેગી જ છે. તેમાં એક પરિણામશક્તિ પણ છે; એક સાથે ઉત્પાદ–વ્યય–ધ્રુવતાથી આલંબિત, સદ્રશ તેમજ વિસદ્રશરૂપ અસ્તિત્વને આત્મા પોતાની પરિણામશક્તિવડે ધારી રાખે છે. આ પરિણામશક્તિમાં 'ધ્રુવઉપાદાન' અને 'ક્ષણિકઉપાદાન' બંને સમાઈ જાય છે. સદ્રશતા અથવા ધ્રુવતા તે તો ધ્રુવઉપાદાન છે અને વિસદ્રશતા અથવા ઉત્પાદ–વ્યય તે ક્ષણિક ઉપાદાન છે. – આવી પરિણામશક્તિને ઓળખતાં 'નિમિત્તથી કાર્ય થાય' એવી પરાશ્રયબુદ્ધિ છૂટી જાય છે ને સ્વભાવઆશ્રિત અનંતગુણોનું નિર્મળ પરિણમન થાય છે. – આ જ સિદ્ધિનું સાધન છે.

આવા પોતાના આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો તે જ દરેકની પહેલી ફરજ છે. અત્યારે તો લોકો બહારમાં ફરજ–ફરજ કરે છે, દેશની ફરજ, કુટુંબની ફરજ, પુત્રની ફરજ, યુવાનોની ફરજ – એમ અનેક પ્રકારે બહારની ફરજ મનાવે છે ને મોટામોટા ભાષણ કરે છે, – પણ અહીં તો કહે છે કે ભાઈ, એ બધી બહારની ફરજ તે તો વૃથા વ્યથા છે, – મફતની હેરાનગતી છે. આ આત્માની સમજણ કરવી તે જ બધાયની ખરી ફરજ છે, – એ ફરજ એક વાર બજાવે તો મોક્ષ મળે.

જુઓ, આ આત્માની ફરજ ! બહારમાં ક્યાંય આત્માની ફરજ છે ? કે ના; બહારનું તો આત્મા કાંઈ કરી શકતો નથી, છતાં ફરજ માને તે તો મિથ્યા–અભિમાન છે. તારો સ્વ–દેશ તો તારો આત્મા છે, અનંત ગુણથી ભરેલો તારો અસંખ્યપ્રદેશી આત્મા જ તારો ' સ્વદેશ ' છે, તેને ઓળખીને તેની સેવા(આરાધના) કર, તે તારી ફરજ છે; એ સિવાય બહારનો દેશ તે તો 'પર–દેશ' છે, તેમાં તારી ફરજ નથી. હવે અંદર શુભરાગ થાય તે તો ફરજ છે ને ? – તો કહે છે કે ના; રાગ તે પણ ખરેખર ફરજ નથી. રાગ કરે છે પોતે, પણ તે ફરજ નથી–કર્તવ્ય નથી, કેમ કે તેમાં પોતાનું હિત નથી. જેમાં પોતાનું હિત ન હોય તેને ફરજ કેમ કહેવાય ? અંતરમાં ચૈતન્યમૂર્તિ આનંદથી ભરપૂર પોતાના આત્માને ઓળખીને તેના આશ્રયે સમ્ક્યશ્રદ્ધા–જ્ઞાનચારિત્ર પ્રગટ કરવા, ને એ રીતે આત્માને ભવદુઃખથી છોડાવવો તે દરેક જીવની ફરજ છે.

આ દેહ તારો નથી,
દેહમાં તારી કંઈ ફરજ નથી,

ને દેહ તને શરણ નથી.

તારી અનંત શક્તિમાં રાગ નથી,

રાગ તે તારી ફરજ નથી,

ને રાગ તને શરણ નથી.

તારો આત્મા અનંતશક્તિસંપન્ન છે,

તે જ તારું સ્વરૂપ છે,

ને તે શક્તિની સંભાળ કરીને તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરવા તે તારી ફરજ છે, અને તે જ તને શરણભૂત છે.

– માટે તેને ઓળખીને તેનું શરણ કર, ને તારી ફરજ બજાવ. હું પરનું કરી દઉં – એવી માન્યતામાં જે રોકાય છે તે પોતાની વાસ્તવિક ફરજ ચૂકી જાય છે.માટે હે ભવ્ય ! પરનું કરવાની બુદ્ધિ તું છોડ, ને આત્મહિતમાં તારી બુદ્ધિ જોડ. આત્માની સંભાળ કર, તેનું શરણ કર, ને તેના શરણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરીને તારા આત્માને ભવભ્રમણથી છોડાવ....ને એ રીતે તારી ફરજ બજાવ. આ મનુષ્યપણું પામીને આત્માને હવે ભવદુઃખથી છોડાવવો તે જ, હે જીવ ! તારી ફરજ છે.

આત્મા પોતાની અનંત શક્તિથી પરિપૂર્ણ છે; તેનામાં કોઈ શક્તિ ઓછી નથી કે બીજા પાસેથી લ્યે ! ને આત્માની કોઈ શક્તિ વધારાની નથી કે બીજાને આપે ! આત્મા પોતાની શક્તિ બીજાને આપતો નથી ને બીજા પાસેથી પોતાની શક્તિ લેતો નથી. પરની શક્તિ પરમાં, ને પોતાની શક્તિ પોતામાં. દરેક દ્રવ્ય પોતપોતાની શક્તિઓથી પરિપૂર્ણ છે. પોતાના આવા સ્વભાવનો નિર્ણય કરે તો ક્યાંય પરમાંથી લાભ લેવાની પરાશ્રયબુદ્ધિ છૂટી જાય ને અંતરના સ્વભાવના આશ્રય તરફ વલણ થઈ જાય.– માટે હે ભાઈ ! તું જરાક વિચાર તો કર કે તારા ગુણ ક્યાંથી આવે છે ? તારા ગુણોનું ટકવાપણું કે દોષ ટળીને નિર્મળ પર્યાયનું ઉત્પન્ન થવાપણું કોઈ બીજાના કારણે નથી, પણ તારા આત્માના પરિણામસ્વભાવથી જ છે. કોઈના આધારે તારા ગુણ–પર્યાયનો નીભાવ નથી, ને તું આધાર થઈને કોઈ બીજાના ગુણ–પર્યાયને નીભાવી દેતો નથી; માટે કોઈ બીજાથી તું રાજી થા કે તું કોઈ પરને રાજી કર – એવો તારો સ્વભાવ નથી; તારા આત્માનું અવલંબન કરીને તું પોતે રાજી થા (એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન-આનંદરૂપ થા) એવો તારો સ્વભાવ છે, માટે તારા આત્માની નિજશક્તિને સંભાળીને

તું પ્રસન્ન થા ! તારા નિજવૈભવનું અંતરઅવલોકન કરીને તું આનંદિત થા ! 'અહો !' મારો આત્મા આવો પરિપૂર્ણ શક્તિવાળો.........આવા આનંદવાળો ! એમ આત્માને જાણીને તું રાજી થા....ખુશી થા.....આનંદિત થા !! જે આત્માને યથાર્થપણે ઓળખે તેને અપૂર્વ આનંદનો અનુભવ થાય જ, માટે તે આચાર્યદેવ આત્માની અનેક શક્તિઓનું વર્ણન કરીને કહે છે કે હે ભવ્ય ! આવા આત્માને જાણીને તું આનંદિત થા !

( ઓગણીસમી પરિણામશક્તિનું વર્ણન અહીં પૂરું થયું. )

❋ ❋ ❋

**પ્રશ્ન** :- કોણ ધન્ય છે ?

**ઉત્તર :- ધન્ય અહો ! ભગવંત બુધ, જે ત્યાગ પરભાવ; લોકાલોક પ્રકાશકર જાણે વિમલસ્વભાવ**

અહો ! તે ભગવાન્ જ્ઞાનીઓને ધન્ય છે કે જેઓ પરભાવનો ત્યાગ કરે છે અને લોકાલોકપ્રકાશક એવા નિર્મળ આત્માને જાણે છે. (યોગસાર ૬૪)

# અમૂર્તત્વ શક્તિ

**ભાઈ ! એક વાર તારા સ્વભાવનો હરખ લાવ.... મુંઝા નહીં, હતાશ ન થા ! સ્વભાવનો ઉત્સાહ લાવીને તારી તાકાતને ઊછાળ !**

**અહો ! આનંદસ્વભાવી ચૈતન્ય ભગવાન પોતે બિરાજી રહ્યો છે.....પણ પોતાની સામે ન જોતાં વિકારની જ સામે જાુએ છે, તેથી વિકારનું જ વેદન થાય છે. જો સ્વભાવ સામે જાુએ તો આનંદનું વેદન થાય.**

સમયસારમાં આચાર્યદેવ આત્માને ' જ્ઞાયકમાત્ર ' કહીને ઓળખાવ્યો છે. આત્માને જ્ઞાયકમાત્ર કહ્યો તેનો અર્થ એવો નથી કે આત્મામાં એક જ્ઞાનગુણ જ છે ને બીજા કોઈ ગુણો છે જ નહિ; જ્ઞાન સિવાય બીજા પણ અનંતગુણો આત્મામાં અનાદિઅનંત રહેલા છે પરંતુ જ્ઞાનાદિ ગુણોથી વિરુદ્ધ એવા રાગાદિ વિકારથી અને જડથી આત્મસ્વભાવની ભિન્નતા બતાવવા તેને જ્ઞાનમાત્ર કહ્યો છે; ને એ રીતે જ્ઞાનને લક્ષણ બનાવીને અનંતગુણથી અભેદ આત્મા લક્ષિત કરાવ્યો છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત થતા આત્મામાં કેવી કેવી શક્તિઓ છે તેનું આ વર્ણન ચાલે છે.

' કર્મબંધનના અભાવથી વ્યકત કરાયેલા, સહજ, સ્પર્શાદિ રહિત એવા આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તત્વશક્તિ છે. '– જ્ઞાનમાત્ર પરિણમનમાં આ શક્તિ પણ ભેગી જ પરિણમે છે.

આત્મા અસંખ્યપ્રદેશી અખંડ વસ્તુ છે. આત્માના પ્રદેશો અમૂર્ત છે, તેનામાં વર્ણ. ગંધ, રસ કે સ્પર્શ નથી. અસંખ્યપ્રદેશે ચૈતન્યસુખ વીર્ય અને સત્તાથી ભરેલો, તથા જડથી ખાલી એવો અમૂર્ત આત્મા છે. આત્માના અસંખ્ય પ્રદેશમાં ક્યાંય કાળો–લીલો–લાલ–પીળો કે સફેદ એવો કોઈ વર્ણ નથી; આત્માના અસંખ્ય પ્રદેશો આનંદરૂપી રસથી ભરેલા છે પરંતુ તીખો–કડવો–કસાયેલો–ખાટો કે મીઠો એવો કોઈ રસ આત્મામાં નથી; તેમજ

લાખો કે ચીકણો, ઠંડો કે ગરમ, કઠોર કે કોમળ ને હલકો કે ભારે એવો કોઈ સ્પર્શ પણ આત્મપ્રદેશમાં નથી. આત્મા વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી શૂન્ય અમૂર્તિક પ્રદેશોવાળો છે. આવો અમૂર્તિક આત્મા ઇંદ્રિયોદ્વારા દેખાતો નથી પણ અતીન્દ્રિયજ્ઞાનદ્વારા જ અનુભવમાં આવે છે.

અહીં આચાર્યદેવે આત્મપ્રદેશોને ' કર્મબંધનના અભાવથી વ્યકત કરાયેલા ' એમ કહીને નિર્મળપર્યાયને પણ ભેગી ભેળવીને અમૂર્તત્વ શક્તિ વર્ણવી છે. આ પ્રમાણે દરેક શક્તિની સાથે તે તે શક્તિનું નિર્મળ પરિણમન પણ ઓળખાવતા જાય છે. શક્તિને ઓળખીને તેનું સેવન કરતાં તે શક્તિનું નિર્મળ પરિણમન થાય છે.

મૂર્ત કર્મ અને શરીરના સંબંધમાં રહ્યો હોવા છતાં આત્મા કાંઈ મૂર્ત થઈ ગયો નથી, અત્યારે પણ આત્મા અમૂર્તસ્વભાવી જ છે. ભાઈ, મૂર્ત એવા કર્મ કે શરીર તારા અમૂર્ત આત્મા સાથે જરાય એકમેક થઈ ગયા નથી. અમૂર્ત એવો તારો ચૈતન્ય–આત્મા ને મૂર્ત એવાં જડ કર્મો, તે બંને એકક્ષેત્રે હોવા છતાં સ્વભાવથી સર્વથા જુદાં છે. સિદ્ધદશામાં કર્મબંધનો સર્વથા અભાવ થતાં સાક્ષાત્ અમૂર્તપણું પ્રગટ થયું તે બતાવીને આચાર્યદેવ કહે છે કે આવો તારો અમૂર્તસ્વભાવ છે. સિદ્ધભગવંતોને જે અમૂર્તપણું પ્રગટ્યું તે ક્યાંથી પ્રગટ્યું ? પહેલેથી આત્માનો અમૂર્તસ્વભાવ હતો તે જ પ્રગટ્યો છે; પહેલાં આત્મા મૂર્ત હતો ને પછી કર્મો ટળતાં અમૂર્ત થયો – એમ કાંઈ નથી. મૂર્તના સંબંધથી આત્માને મૂર્ત કહેવો તે તો ઉપચારથી જ છે, ખરેખર કાંઈ આત્મા મૂર્ત નથી. કર્મની ઉપાધિ તરફ ન જોતાં સહજ આત્મપ્રદેશો અમૂર્ત છે. આત્માના અમૂર્તપણાનો નિર્ણય કરે તોય મૂર્તિક પદાર્થો ( શરીર,કર્મો વગેરે ) સાથેની એકતાબુદ્ધિ છૂટી જાય; અને, રાગાદિ વિકાર જો કે અરૂપી છે તો પણ તે કર્મના સંબંધની અપેક્ષા રાખે છે, તેથી જ્યાં કર્મનો સંબંધ તોડી નાંખ્યો ત્યાં વિકાર સાથેની એકતાબુદ્ધિ પણ છૂટી જાય છે. અજ્ઞાનીને એમ લાગે છે કે મારું જ્ઞાન જડમાં ચાલ્યું જાય છે અથવા તો જડનો રસ (જાંબુનો સ્વાદ વગેરે) મારા જ્ઞાનમાં આવી જાય છે; પરંતુ ખરેખર કાંઈ અમૂર્તિકજ્ઞાન મૂર્ત પદાર્થમાં ચાલ્યું જતું નથી, તેમ જ મૂર્ત પદાર્થનો રસ કાંઈ અમૂર્તિકજ્ઞાનમાં આવી જતો નથી. પણ અજ્ઞાની તે સ્વાદ વગેરેને જાણતાં ત્યાં જ રાગ કરીને રાગમાં રોકાઈ જાય છે ને જ્ઞાનના વાસ્તવિક સ્વાદને ભૂલી જાય છે – ભિન્ન જ્ઞાનને ભૂલી જાય છે. આ રીતે અજ્ઞાનથી તેને જડ સાથે એકપણાની બુદ્ધિ થઈ ગઈ છે. જ્ઞાની તો જાણે છે કે મારું અમૂર્તિકજ્ઞાન જડથી

તો જુદું જ છે, ને રાગથી પણ જુદું છે. મારું જ્ઞાન તો અતીન્દ્રિયઆનંદના સ્વાદવાળું છે.

ચેતન કે જડ, અમૂર્ત કે મૂર્ત, જેવી વસ્તુ હોય તેવા જ તેના ગુણ–પર્યાયો હોય છે. આત્મા અમૂર્તિક વસ્તુ છે; તે દ્રવ્ય અમૂર્ત, તેના બધા ગુણો અમૂર્ત ને તેની પર્યાય પણ અમૂર્ત છે. જડ–પુદ્‌ગલો મૂર્ત છે; તે દ્રવ્ય મૂર્ત, તેના ગુણો મૂર્ત અને તેની અવસ્થા(કર્મ–શરીર વગેરે) પણ મૂર્ત છે. આ રીતે અમૂર્તિક અને મૂર્તિક બંને વસ્તુના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ ત્રિકાળ જુદેજુદા છે. એકક્ષેત્રાવગાહીપણું હોવા છતાં બંનેના સ્વપ્રદેશો ભિન્ન ભિન્ન છે. આત્માના પ્રદેશો અમૂર્તિક છે, ને શરીર કર્મ વગરેના પ્રદેશો મૂર્ત છે. આત્મા અમૂર્તિક હોવાથી તેનું જ્ઞાન પણ અમૂર્ત છે, તેનું સમ્યગ્દર્શન પણ અમૂર્ત છે, તેનો આનંદ પણ અમૂર્ત છે; – આ રીતે અતીન્દ્રિયજ્ઞાનનો જ વિષય થવાનો તેનો સ્વભાવ છે. આવા અમૂર્ત ચિદાનંદસ્વભાવની દ્રષ્ટિ કરીને તેના અવલંબને મૂર્ત–ક્રમ વગેરે સમસ્ત ચિદાનંદસ્વભાવની દ્રષ્ટિ કરીને તેના અવલંબને મૂર્ત–કર્મ વગેરે સમસ્ત પદાર્થો સાથેનો નિમિત્તનૈમિત્તિકસંબંધ જ્યાં તૂટ્યો ત્યાં સાક્ષાત્ અમૂર્ત એવી સિદ્ધદશા થયા વિના રહે નહિ.

એકેક શક્તિનું વર્ણન કરતાં તે શક્તિની નિર્મળ પર્યાયને તેમ જ આખા આત્મદ્રવ્યને સાથે ને સાથે રાખીને આ વાત છે. દ્રવ્યની દ્રષ્ટિથી જ આ શક્તિઓની યથાર્થ ઓળખાણ થાય છે. અને એ રીતે શક્તિની યથાર્થ ઓળખાણ થતાં તેની નિર્મળપર્યાય થાય છે. આ રીતે દ્રવ્ય–ગુણને નિર્મળ પર્યાયની સંધિ છે. કોઈ કહે કે દ્રવ્ય–ગુણને માન્યા પણ નિર્મળપર્યાય ન થઈ. – તો એમ બને જ નહિ; તેણે ખરેખર દ્રવ્ય–ગુણને માન્યા જ નથી. નિર્મળ પર્યાય વગર દ્રવ્ય–ગુણને માન્યા કોણે ? માનનાર તો પર્યાય છે. જે પર્યાય દ્રવ્ય તરફ ઝૂકીને દ્રવ્યને માને છે તે તો દ્રવ્ય સાથે અભેદ થયેલી નિર્મળપર્યાય જ છે.

અહીં અમૂર્તત્વશક્તિમાં ' કર્મબંધના અભાવથી વ્યકત કરાયેલા....આત્મપ્રદેશો '– એમ કહીને શક્તિની નિર્મળપર્યાય બતાવી છે; તેમ જ પહેલાં સંસારદશામાં કર્મબંધ નિમિત્તપણે છે એમ પણ બતાવ્યું છે. આત્માને સંસારપર્યાય છે અને તેના નિમિત્તરૂપે કર્મનો સંબંધ પણ છે – તેની ના પાડનાર તેના અભાવનો પ્રયત્ન નહીં કરે. જો જીવ અવસ્થાની અશુદ્ધતાને તેમજ તેના નિમિત્તને જેમ છે તેમ ઓળખે, તેમજ પોતાની

અશુદ્ધશક્તિને ઓળખે, તો જ શુદ્ધશક્તિનું અવલંબન કરીને અવસ્થામાંથી અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરે. આત્માનાં કર્મનો સંબંધ તો કૃત્રિમ–ઉપાધિરૂપે છે, ને કર્મબંધના અભાવથી વ્યકત થયેલા આત્મપ્રદેશો સહજ–સ્વભાવિક છે. આવા સહજ આત્મપ્રદેશોસ્વરૂપ અમૂર્તિકપણું છે તે આત્માનો ત્રિકાળ સ્વભાવ છે; એટલે આત્મા ત્રિકાળ વર્ણ–ગંધ–રસ–સ્પર્શથી રહિત છે.

હે ભાઈ ! આ શરીર તો જડ–મૂર્તિક છે, વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળું છે, તે શરીર તારું નથી; તું તો ચૈતન્યસ્વભાવરૂપ અમૂર્ત છો, વર્ણ–ગંધ–રસ–સ્પર્શ વગરનો છો; તારા અમૂર્ત આત્મપ્રદેશોમાં શરીર–મન–વાણી કે રાગદ્વેષ ભર્યા નથી, પણ જ્ઞાન શ્રદ્ધા–સુખ–વીર્ય વગેરે અનંત શક્તિઓ ભરી છે. જેમ ગોળમાં ગોળપણ ભર્યું છે પણ કાંઈ તેમા કડવાશ નથી ભરી, તેમ આત્મામાં જ્ઞાનાદિ અનંતી શક્તિઓ ભરેલી છે, પણ તેમાં કાંઈ વિકાર નથી ભર્યો. વિકાર તો ઉપલકભાવ છે, અંતરના ઊંડા સ્વભાવમાં વિકાર નથી. આત્માની સ્વભાવશક્તિને પકડીને તેના આનંદના અનુભવમાં લીન રહેતાં આહાર તરફ વૃત્તિ જ ન જાય તેનું નામ ઉપવાસ છે, ને એવો તપ તે ધર્મ છે. ‘ આત્મા ખોરાક ખાય છે તે તેણે છોડી દીધો તેનું નામ ઉપવાસ ’ એમ અજ્ઞાનીઓ માને છે. પણ ભાઈ ! આત્મા તો અમૂર્ત છે, તે મૂર્તિક ખોરાકને ગ્રહતો પણ નથી ને છોડતો પણ નથી. આત્માને કાંઈ એવા હાથ–પગ નથી કે મૂર્તિક વસ્તુને ગ્રહે ને છોડે !

આત્માને વર્તમાન અવસ્થાથી જોતાં તેને કર્મનો સંબંધ અને રાગાદિ ભાવસંબંધ છે પરંતુ તે ખરેખર આત્મા નથી કેમ કે તેના આશ્રયે આત્માને હિત થતું નથી. આત્મા તો પોતાની ત્રિકાળી શક્તિઓનો પિંડ છે, તેના આશ્રયે વિકારની ઉત્પત્તિ થતી નથી. આત્માની કોઈ શક્તિ વિકારની ઉત્પાદક નથી.

**પ્રશ્ન** :- જો આત્માની કોઈ શક્તિ વિકારની ઉત્પાદક નથી તો વિકાર કેમ ઊપજે છે ?

**ઉત્તર** :- આત્માની ત્રિકાળી શક્તિને જો વિકારની ઉત્પાદક હોય તો વિકાર કદી ટળી શકે નહિ. પરંતુ શક્તિ તો ત્રિકાળ રહીને વિકાર ટળી જાય છે, માટે વિકાર તે ખરેખર શક્તિનું પરિણમન નથી. શક્તિનો આશ્રય ન કરતાં પરનો આશ્રય કર્યો તેથી વિકારની ઉત્પત્તિ થઈ, અને પરાશ્રય છટતાં વિકાર પણ છૂટી જાય છે; માટે તે

સમયનો પરાશ્રયભાવ પોતે જ વિકારનો ઉત્પાદક છે. શક્તિના આશ્રયે વિકાર થતો નથી માટે શક્તિ વિકારની ઉત્પાદક નથી. આ રીતે આત્માના સ્વભાવ સાથે એકતા કરે તેને જ (–નિર્મળપર્યાયને જ) અહીં આત્માની પર્યાય ગણી છે, આત્મા સાથે એકતા ન કરે તેને (–મલિનપર્યાયને) ખરેખર આત્માની પર્યાય ગણતા જ નથી. જો કે તે થાય છે આત્મામાં, પરંતુ આત્માના શુદ્ધસ્વભાવની મુખ્યતામાં તે અભાવ સમાન જ છે.

પોતાની અવસ્થામાં અશુદ્ધતા છે ને તેને જો સ્વીકારે જ નહિ તો તેને ટાળવાનો ઉદ્યમ કેમ કરે ? અને જો તે અશુદ્ધતા જેટલો જ પોતાને સ્વીકારી લ્યે તોય તેને ટાળવાનો ઉદ્યમ ક્યાંથી કરે ? મારા ત્રિકાળી સ્વભાવમાં આ અશુદ્ધતા નથી – એમ જાણીને, શુદ્ધસ્વભાવનો આદર કરતાં અશુદ્ધતાનો અભાવ થઈને શુદ્ધ સિદ્ધપદ પ્રગટે છે. હજી તો અમૂર્ત આત્માની શ્રદ્ધા કરવાની પણ જે ના પાડે ને મૂર્ત કર્મવાળો જ આત્માનો માને તો તેને સિદ્ધપદ ક્યાંથી પ્રગટે ?

આત્માની પર્યાયમાં વિકાર છે, કર્મનો સંબંધ છે – એનો સ્વીકાર તે વ્યવહાર છે; અને આત્માની ત્રિકાળી શક્તિથી પરિપૂર્ણ છે, શુદ્ધ છે, તેમાં વિકાર કે બંધન નથી – એવા આત્મસ્વભાવની સ્વીકાર તે નિશ્ચય છે. ત્યાં જે જીવ એકલા વ્યવહારને જ સ્વીકારીને તેના આશ્રયમાં અટકે છે તે તો મિથ્યાદૃષ્ટિ–અધર્મી છે. જે જીવ શુદ્ધઆત્મસ્વભાવને દૃષ્ટિમાં લઈને તેનો આશ્રય કરે છે, તે સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્મા છે, તેને શુદ્ધદ્રવ્યનો આશ્રયે પર્યાય પણ નિર્મળ થતી જાય છે, અને કર્મ સાથેનો નિમિત્ત–સંબંધ છટતો જાય છે. આત્મા અમૂર્તધર્મવાળો છે, એટલે કોઈ મૂર્તની (શરીર વગેરેની) મદદથી તેને ધર્મ થાય–એવો આત્મા નથી. ઇંદ્રિયો પણ મૂર્ત છે, તે અમૂર્ત આત્માના ધર્મમાં મદદગાર નથી; આત્માનો જ્ઞાનાનંદ–સ્વભાવ અમૂર્ત–અતીન્દ્રિય છે, સ્વભાવનાં અવલંબને જ ધર્મ થાય છે. આત્મામાં આવી નિર્મળ શક્તિઓ તો ત્રિકાળ છે જ, પણ પોતે પોતાની શક્તિને સેવતો નથી એટલે તે શક્તિ ઊછળતી નથી – નિર્મળપણે પરિણમતી નથી. પર્યાયને અંતર્મુખ કરીને જો શક્તિને સેવે તો તે શક્તિ પર્યાયમાં પણ નિર્મળપણે ઊછળે, તેનું નામ ધર્મ છે. પોતાની વર્તમાન પર્યાયને પોતાના સ્વભાવમાં ન વાળતાં પર તરફ વાળે તો તે મલિન થાય છે એટલે કે અધર્મ થાય છે; અને પોતાની વર્તમાનપર્યાયને પોતાના ત્રિકાળી સ્વભાવમાં વાળતાં તે નિર્મળ થાય છે, ને મૂર્ત કર્મ સાથેનો સંબંધ ટળીને સાક્ષાત્ સિદ્ધદશા પ્રગટે છે. ત્યાં આત્માની અમૂર્તશક્તિ શુદ્ધપણે

પરિણમી જાય છે. આવું, અનંતશક્તિવાળા જ્ઞાનસ્વભાવી આત્માની શ્રદ્ધાનું ફળ છે.

– અહીં વીસમી અમૂર્તત્વશક્તિનું વર્ણન પૂરું થયું.

❋ ❋ ❋

# અકર્તૃત્વ શક્તિ

**હે ભાઈ ! વિકાર વગરના તારા જ્ઞાયકસ્વભાવને પ્રસિદ્ધ કરીને સંતો કહે છે કે તું ગભરા મા. તારા સ્વભાવનો મહિમા સાંભળીને તું પ્રસન્ન થા.**

**સિદ્ધભગવાનમાં જે નથી તે તારા સ્વરૂપમાં પણ નથી, અને સિદ્ધભગવાન જે છે તે તારાં સ્વરૂપમાં છે. – આમ જાણીને, વિકારના કર્તૃત્વથી વિરામ પામીને તું ઉપશાંત થા !**

'સમસ્ત, કર્મથી કરવામાં આવેલાં, અને જ્ઞાતૃત્વમાત્રથી જુદાં જે પરિણામો તે પરિણામો તે પરિણામોના ઉપરમસ્વરૂપ એવી અકર્તૃત્વ શક્તિ છે.' જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માનો અનુભવ કરતાં તેમાં આ શક્તિનું પરિણમન પણ ભેગું વર્તે છે. જ્ઞાનમાં જ્યાં આત્મસ્વભાવને પકડ્યો ત્યાં વિકારીભાવોનું કર્તાપણું છૂટી જાય છે – વિરામ પામે છે, તે અકર્તૃત્વશક્તિનું નિર્મળ પરિણમન છે. શુભ–અશુભ સમસ્ત પરિણામો આત્માના જ્ઞાયકભાવથી જુદા છે, તેથી પર્યાયનું વલણ જ્યાં જ્ઞાયકસ્વભાવ તરફ વળ્યું ત્યાં જ્ઞાતાપણું જ રહ્યું ને શુભ–અશુભ પરિણામનું કર્તાપણું ઉપરમ પામ્યું – છૂટી ગયું. આ રીતે જ્ઞાનમાત્રભાવમાં વિકારને ન કરે એવું પરિણમન પણ છે. અહીં વિકારના અકર્તાપણાની અપેક્ષાએ 'અકર્તૃત્વશક્તિ' બતાવી છે, ને ૪૨મી 'કર્તૃત્વશક્તિ'કહીને ત્યાં નિર્મળપર્યાયનું કર્તાપણું બતાવશે. પોતાની પર્યાયના છએ કારકરૂપે આત્મા પોતે જ પરિણમે છે – એવી તેની શક્તિ છે તેનું અદ્‌ભુત વર્ણન આગળ જતાં આવશે.

વિકારીભાવો કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી, જ્ઞાનથી તે વિકારી ભાવો જુદા છે તેથી કર્મથી કરાયેલા કહ્યા છે. તેમાં વિકારથી ભિન્ન જ્ઞાનસ્વભાવ બતાવવાનું પ્રયોજન

છે. 'વિકારીભાવો મારા જ્ઞાનથી કરાયેલા નથી પણ કર્મથી કરાયેલા છે' – એમ માનનારની દૃષ્ટિ ક્યાં પડી છે ? એની દૃષ્ટિ તો પોતાના જ્ઞાતાસ્વભાવ ઉપર પડી છે. સાધકજીવ જ્ઞાતાસ્વભાવની દૃષ્ટિના બળે નિર્દોષતારૂપે જ પરિણમે છે એટલે તેને મિથ્યાત્વાદિ અશુદ્ધપરિણામનું તો કર્તૃત્વ રહ્યું જ નથી, ને જે અલ્પ રાગાદિભાવ થાય છે તેની મુખ્યતા નથી,–તેને જ્ઞાયકભાવથી ભિન્ન જાણ્યા છે તેથી તેનું પણ અકર્તાપણું સમજનાર સાધકજીવ પર્યાયમાં પણ અકર્તાપણે પરિણમ્યો છે. પરંતુ જે જીવ વિકારથી ભિન્ન એવા જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ તો કરતો નથી, વિકારથી લાભ માનીને તેનું કર્તુત્વ તો છોડતો નથી એવું ને એવું મિથ્યાત્વ સેવ્યા કરે છે અને કહે છે કે 'વિકાર તો કર્મનું કાર્ય છે – એમ શાસ્ત્રમાં કહ્યું છે'– તો તે જીવ શાસ્ત્રનું નામ લઈને માત્ર પોતાનો સ્વચ્છંદ જ પોષે છે, આત્માની અકર્તૃત્વશક્તિ તેની પ્રતીતમાં આવી જ નથી; કેમ કે અકર્તૃત્વશક્તિને સ્વીકારે તો પર્યાયમાં મિથ્યાત્વાદિનું કર્તૃત્વ રહે જ નહિ, એટલે કે તેના મિથ્યાત્વાદિ ભાવો ઉપરામ પામી જાય.

આત્મામાં અકર્તૃત્વસ્વભાવ તો અનાદિઅનંત છે, તે સદાય વિકારથી ઉપરમસ્વરૂપ જ છે, તે સ્વરૂપની અપેક્ષાએ આત્મા વિકારનો કર્તા છે જ નહીં. જેણે આવા સ્વભાવને સ્વીકાર્યો તેને પર્યાયમાં પણ મિથ્યાત્વાદિનું અકર્તાપણું થઈ જાય છે. મિથ્યાત્વભાવ થાય છે ને તેનો અકર્તા છે – એમ નહિ, પરન્તુ મિથ્યાત્વભાવ તેને થતો જ નથી; અને અસ્થિરતાનો જે અલ્પરાગ રહે છે તેનો શ્રદ્ધામાં સ્વીકાર નથી માટે તેનો પણ અકર્તા છે. અજ્ઞાની જીવ પોતાના અકર્તાસ્વભાવને ભૂલીને, પર્યાયની ઊંધાઈથી વિકારના કર્તાપણે પરિણમે છે; પરનું કર્તાપણું તો અજ્ઞાનીને પણ નથી. પરથી તો આત્મા અત્યંત જુદો છે એટલે તેનું તો કર્તાપણું છે જ નહિ, તેથી પરના અકર્તાપણાની વાત અહીં નથી લીધી. પણ, અજ્ઞાનદશામાં વિકારનું કર્તાપણું છે તેથી જ્ઞાયકસ્વભાવ બતાવીને તે વિકારનું અકર્તાપણું આચાર્યદેવ સમજાવે છે. ભાઈ, તારો આત્મા જ્ઞાયકસ્વભાવથી ભરેલો છે, તે કાંઈ વિકારથી ભરેલો નથી, વિકાર તો તેનાથી બહાર છે, માટે વિકારના અકર્તારૂપ તારો સ્વભાવ છે – એમ તું સમજ ! આવી અકર્તાશક્તિને જે સમજે તે વિકારનો કર્તા કેમ થાય ? – ક્ષણિક વિકારને જ આત્મા તે કેમ માને ? વિકારથી છૂટીને તેની પર્યાય શુદ્ધજ્ઞાયકસ્વભાવ તરફ વળી જાય છે. અહો ! જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં જ્ઞાતાપરિણામ થઈ ગયા – તે આ શક્તિની ઓળખાણનું ફળ છે.

સ્વભાવદૃષ્ટિમાં રહેતાં જ્ઞાતાપણે પરિણમે છે, અલ્પ વિકાર કહ્યો તેના પણ જ્ઞાતાપણે જ પરિણમે છે, કર્તાપણે પરિણમતા નથી, તેથી તેને ટાળવાની પણ આકુળતા ધર્મીને નથી, સ્વભાવ તરફ વેદનની મુખ્યતામાં તેને સમતા અને શાંતિ છે, વિકારથી ઉપરામ પામીને તે આત્મા ઉપશાંત થઈ ગયો છે. 'અહો, હું તો જ્ઞાનસ્વભાવની આત્મા છુ, મારા જ્ઞાનમાં પરનું કે વિકારનું કર્તૃત્વ નથી, મારા જ્ઞાતાપરિણામ રાગના પણ કર્તા નથી, મારા જ્ઞાયકભાવ સિવાય સર્વત્ર મારે અકર્તાપણું જ છે' – એ પ્રમાણે ધર્મી જીવ પોતાની અકર્તૃત્વશક્તિને નિર્મળપણે ઉલ્લસાવે છે. જ્ઞાયકસ્વભાવી આત્માની અકર્તૃત્વશક્તિ એવી છે કે તેનો સ્વભાવ કદી પણ રાગના કર્તાપણે પરિણમતો જ નથી, અને આવા સ્વભાવ તરફ ઝૂકેલી પર્યાય પણ રાગના કર્તાપણે પરિણમતી નથી. આત્માના આવા સ્વભાવને ઓળખ્યા વગર રાગાદિ વિકારનું કર્તાપણું ટળે નહિ, એટલે કે ધર્મ થાય નહીં. લોકો કહે છે કે ' નિવૃત્તિ લ્યો....' – પણ ક્યાંથી નિવૃત્તિ લેવી છે ? પરથી તો આત્મા જુદો જ હોવાથી તેનાથી તો આત્મા નિવર્તેલો જ છે; અનાદિથી ક્ષણે ક્ષણે વિકારને પોતાનું સ્વરૂપ માનીને તેમાં પ્રવર્તી રહ્યો છે, તેનાથી નિવર્તવાનું છે. તે નિવૃત્તિ કેમ થાય ? – કે આત્માનું જ્ઞાયકસ્વરૂપ વિકારથી ત્રિકાળ નિવૃત્ત જ છે, એવા સ્વભાવને ઓળખીને તેમાં જે પર્યાય વળી તે પર્યાય વિકારથી નિવૃત્ત થઈ જાય છે. નિવૃત્ત એવા જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરતાં કરતાં સાધકને પર્યાયમાં નિવૃત્તિ વધતી જાય છે, ક્ષણે ક્ષણે વીતરાગતા વધતાં વધતાં તેને રાગનું સાક્ષાત્ અકર્તાપણું થઈ જાય છે. આ રીતે અનેકાન્તસ્વરૂપ આત્માને ઓળખતાં મુક્તિ થાય છે.

વસ્તુના અનેકાન્તસ્વરૂપને ભૂલીને એકાંતમાર્ગે ચડી ગયેલા અજ્ઞાની જીવને આત્માની શક્તિઓની ઓળખાણ દ્વારા અનેકાન્તમય આત્મસ્વરૂપ બતાવીને આચાર્યદેવ મોક્ષમાર્ગે લઈ જાય છે. અરે જીવ ! તારા આત્મામાં જ્ઞાનની સહચારિણી અનંતશક્તિઓ એક સાથે છે, અનંતશક્તિથી ભરેલા તારા જ્ઞાનમૂર્તિ આત્માને શ્રદ્ધાજ્ઞાનમાં લે તો પર્યાયમાં અનંત શક્તિનું નિર્મળ પરિણમન થતાં થતાં મુક્તિ થાય; ને વિકાર સાથે એકપણાની તારી એકાંતબુદ્ધિ છૂટી જાય.

ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ આત્માનો સ્વભાવ જ્ઞાન–દર્શન–આનંદ છે, વિકાર કરવાનો તેનો સ્વભાવ નથી, તેથી સમસ્ત વિકારીભાવોને કર્મથી કરવામાં આવેલા કહીને જ્ઞાયકસ્વભાવમાં તેનું અકર્તાપણું બતાવ્યું છે, એ રીતે શુદ્ધ જ્ઞાયકઆત્માની દૃષ્ટિ કરાવી

છે. જે જીવ શુદ્ધ જ્ઞાયક–આત્માની દૃષ્ટિ કરે તેને જ આ અકર્તૃત્વ વગેરે શક્તિઓનું ખરું સ્વરૂપ સમજાય છે. જેવી શુદ્ધ શક્તિ છે તેવો નમૂનો પર્યાયમાં આવે તો જ શક્તિની સાચી ઓળખાણ થઈ છે.

પર્યાયમાં વિકારીભાવ જીવ પોતે કરે છે, કાંઈ કર્મ નથી કરાવતું; પરંતુ જેની દૃષ્ટિ શુદ્ધઆત્મા ઉપર છે તે શુદ્ધઆત્માથી વિરુદ્ધ એવી વિકારીભાવનો કર્તા નથી; જેની દૃષ્ટિ શુદ્ધઆત્મા ઉપર નથી પણ કર્મ ઉપર જે જેની દૃષ્ટિ છે તે જ વિકારમાં એકત્વબુદ્ધિ વડે તેનો કર્તા થાય છે. આ રીતે કર્મની દૃષ્ટિમાં જ તે વિકારનું કર્તાપણું નથી માટે સ્વભાવદૃષ્ટિવાળો આત્મા તેનો અકર્તા જ છે. અહીં સમ્યગ્દૃષ્ટિના વિષયભૂત–ધ્યેયભૂત શુદ્ધ આત્મા બતાવવો છે, એટલે નિર્મળપર્યાય તો તેમાં અભેદપણે આવી જાય; પણ મલિનપર્યાય તેમાં ન આવે. શુદ્ધ આત્માની દૃષ્ટિમાં મલિનતા નથી તેથી તે દૃષ્ટિમાં મલિનતાને કર્મકૃત જ કહેવાય છે.

હે ભાઈ ! તું કોણ છો ? તેની આ વાત છે. તું આત્મા છો, તો કેટલો છો ને કેવો છો ? તું ત્રિકાળ છો, તારી અનંતશક્તિ અને તેની નિર્મળપર્યાયો જેટલો તું છો; વિકારને ઉપજાવે એવો તું નથી. તારા આત્માની અનંતી શક્તિમાં એવી એક પણ શક્તિ નથી કે જે વિકારને કરે. અજ્ઞાની કહે છે કે ' આપણને આત્મા સમજાય નહિ, આપણે તો પુણ્ય કર્યા કરશું ને સંસારના સુખ ભોગવ્યા કરશું !'– તેને જ્ઞાની કહે છે કે અરે મૂઢ ! પુણ્ય કરવાનો આત્માનો સ્વભાવ જ નથી. આત્માનો અનાદર કરીને તું પુણ્યનાં ફળ ભોગવવાની મીઠાસ કરી રહ્યો છે તેમાં તો અનંતા પાપનાં મૂળિયાં પડ્યાં છે. જો વિકાર કરવાનો આત્માનો સ્વભાવ હોય તો તો વિકારથી તેનો છૂટકારો કદી થાય જ નહિ; એટલે મુક્તિ કદી થાય જ નહિ. વિકારનું કર્તૃત્વ માનનાર, ને જ્ઞાયકસ્વભાવને નહિ જાણનાર કદી મુક્તિ પામતો નથી.

જે જીવ આત્માના શુદ્ધ સ્વભાવ ઉપર જોર નથી આપતો, ને પુણ્ય ઉપર જોર આપે છે તે વિકાર કરવાનો જ આત્માનો સ્વભાવ માને છે, એટલે વિકારના અકર્તાપણારૂપ આત્માની શક્તિનો તે અનાદર કરે છે; આત્માના અનાદરનું ફળ અનંત સંસારમાં પરિભ્રમણ છે; અને આત્મસ્વભાવની આરાધનાનું ફળ મુક્તિ છે. અરે જીવ ! હવે તારે તારા શુદ્ધ આત્મા પ્રત્યે હોંશ કરવી છે કે પુણ્ય–પાપ પ્રત્યે ? અનાદિથી વિકાર પ્રત્યે હોંશ કરીકરીને તો તું સંસારમાં રખડ્યો, હવે જો તારે સંસારથી મુક્ત

થવું હોય તો તારા શુદ્ધઆત્માની હોંશ કર ! અહો ! મારો આત્મસ્વભાવ કદી વિકારરૂપે થઈ ગયો નથી, મારી અનંત શક્તિની શુદ્ધતામાં કદી વિકાર પેઠો નથી, માટે વિકાર તે મારું કર્તવ્ય નથી, હું તો જ્ઞાયકભાવમાત્ર જ છું – એમ સ્વભાવની હોંશ લાવીને તે તરફ વળ અને વિકારના કર્તૃત્વથી હવે વિરામ પામ ! શુભ કે અશુભ સમસ્ત વિકારી પરિણામો તારા જ્ઞાયકભાવથી જુદા છે, તેને કરવાની તારી ફરજ નથી, પણ જ્ઞાયકપણે રહીને તે વિકારનો અકર્તા થવાની તારી ફરજ છે. ફરજ એટલે સ્વભાવ. જેના અંતર્‌અવલંબને વિકારને છેદીને મુક્તિ થાય એવો તારો સ્વભાવ છે ને તે જ તારી ફરજ છે. રાગને જે પોતાની ફરજ માને તે રાગને છેદીને મુક્તિ ક્યાંથી પામશે ?

જુઓ, આ એક લાખ ચોત્રીસ હજાર રૂા. નો ‘ ભગવાન શ્રી કુંદકુંદ–પ્રવચનમંડપ ’ થયો, ને સવાલાખનો માનસ્તંભ થયો, તે કોણે કર્યો ? શું આત્માએ કર્યો ? ના; આત્મા તો એનો અકર્તા છે, અજ્ઞાનીનો આત્મા પણ તેનો તો અકર્તા જ છે; અને ધર્માત્માને તે તરફનો શુભરાગ થાય તે રાગના પણ ધર્મી અકર્તા છે, કેમકે ધર્મી તો જ્ઞાયકસ્વભાવને એકને જ પોતાનું સ્વ માને છે, ને તે સ્વભાવની દૃષ્ટિમાં તેને વિકારનું કર્તાપણું નથી.

જ્ઞાની કહે છે કે આત્માના સ્વભાવના આશ્રયથી કલ્યાણ થાય, ને અજ્ઞાની કહે છે કે રાગથી ને વ્યવહારથી કલ્યાણ થાય. એમ નિશ્ચય વ્યવહાર, ઉપાદાન નિમિત્ત વગેરેમાં બે પક્ષ પડી ગયા છે. જેમ મોટી લડાઈ ચાલતી ત્યારે કોઈ કહેતાં કે ‘હીટલર’ જીતશેને બીજા કહેતાં કે બ્રિટિશ જીતશે, – એમ બે પક્ષ પડી જતા. તેમ અહીં એક પાર્ટીવાળા કહે છે કે નિશ્ચયથી એટલે કે આત્માના સ્વભાવની સન્મુખ થવાથી જ મુક્તિ થાય; ત્યારે તેનો વિરોધ કરીને બીજી પાર્ટીવાળા કહે છે કે વ્યવહારના આશ્રયથી– રાગના આશ્રયથી મુક્તિ થાય. આમ બંને પક્ષ અનાદિથી ચાલ્યા આવે છે. તેમાં સ્વાશ્રયથી મોક્ષ માનનારા તો સ્વાશ્રય કરીને મુક્તિ પામે છે ને પરાશ્રયથી મોક્ષ માનનારા પરાશ્રય કરી કરીને સંસારમાં જ રખડે છે.

અહીં અકર્તૃત્વશક્તિમાં આચાર્યદેવ સમજાવે છે કે ભાઈ ! પુણ્ય–પાપને કરે એવો તારો સ્વભાવ જ નથી, તો તે પુણ્ય–પાપના આશ્રયે તારું હિત કેમ હોય ? પુણ્ય–પાપના અભાવરૂપ એવો તારો જ્ઞાનાનંદસ્વભાવ છે તેમાં જ તારું હિત છે. જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં આ પુણ્ય–પાપની લાગણીઓ તો છૂટી જાય છે કેમ કે તે જ્ઞાતાસ્વભાવમાંથી આવેલી નથી. જ્ઞાતાસ્વભાવમાંથી આવેલા જ્ઞાન–આનંદના પરિણામ આત્મા સાથે સાદિ–

અનંતકાળ સુધી એવા ને એવા રહે છે. અનાદિથી સંસારદશામાં કર્તૃત્વના જે અનંત પરિણામ થયા તેનાં કરતાં સ્વભાવના જ્ઞાતૃત્વપરિણામ અનંતગુણા છે; સંસારદશાના કાળ કરતાં સિદ્ધદશાનો કાળ અનંતગુણો અધિક છે; કેમ કે સંસારની વિકારી દશાને તો કોઈ ત્રિકાળી આધાર ન હતો, ને આ સિદ્ધપદની નિર્મળદશાને તો અંતરમાં ત્રિકાળી ધ્રુવસ્વભાવનો આધાર છે. અહો, આવા આત્મસ્વભાવની પ્રતીત કરે તેને પોતાના સિદ્ધપદની નિઃશંકતા થઈ જાય, વર્તમાનમાં જ તેનું પરિણમન સિદ્ધદશા તરફ વળી જાય ને સંસારથી પાછું ફરી જાય, એટલે કે વર્તમાનમાં જ તે સિદ્ધપદનો સાધક થઈ જાય.

જુઓ, આ સૂક્ષ્મ વાત છે, સ્વભાવની વાત છે. વિકારના ક્ષણિક કર્તૃત્વ કરતાં ત્રિકાળ અકર્તૃત્વશક્તિનું જોર તો અનંતગણું છે જ; અને તે અકર્તૃત્વસ્વભાવની પ્રતીત કરતાં પર્યાયમાં જે સાદિ–અનંત અકર્તૃત્વપરિણામ પ્રગટ થયા તેની સંખ્યા પણ, કર્તૃત્વપરિણામ કરતાં અનંતગણી છે. આ રીતે વિકાર કરતાં નિર્વિકારભાવની તાકાત ભાવે તો અનંતગુણી છે ને સંખ્યાએ પણ અનંતભાવની તાકાત ભાવે તો અનંતગુણી છે ને સંખ્યાએ પણ અનંતગુણી છે. – આમ જે ઓળખે તેના શ્રદ્ધા–જ્ઞાન અંતરની શુદ્ધશક્તિ તરફ વળ્યા વગર રહે નહિ. જેઓ ભૂતકાળ અને ભવિષ્યકાળ એ બંનેને સરખાં માને છે તેઓ તત્ત્વની મોટી ભૂલ કરે છે, તેઓ વસ્તુના સ્વભાવની પરિપૂર્ણતા જાણતા નથી.

વિકારનો કર્તા થયા કરે એવો આત્માનો કોઈ સ્વભાવ નથી, પણ વિકારના અકર્તારૂપ જ્ઞાતૃત્વપરિણામ થયા કરે એવો આત્માનો ત્રિકાળ સ્વભાવ છે. આવા સ્વભાવને ઓળખતાં જ વર્તમાન પરિણામનું જોર તે તરફ વળી જાય છે. પછી સ્વભાવ તરફના વલણથી પર્યાયે–પર્યાયે તેને અકર્તાપણારૂપ નિર્મળ પરિણામ થતા જાય છે, ને વિકારનું કર્તૃત્વ છૂટતું જાય છે, એમ કરતાં કરતાં વિકારનો સર્વથા અભાવ થઈને સાક્ષાત્ સિદ્ધદશા પ્રગટે છે.

આત્મા અને તેની શક્તિઓ અનાદિઅનંત છે, તેના આશ્રયે વર્તમાન પર્યાયમાં વિકારના કર્તૃત્વનો અભાવ થઈને જે સિદ્ધદશા પ્રગટી તેનો હવે કદી અંત આવશે નહિ, સાદિ–અનંતકાળ સુધી સ્વભાવમાંથી નિર્મળ અકર્તૃત્વ–પરિણામનો પ્રવાહ વહ્યા જ કરશે. અહો, જેમાંથી આવા અનંતા શુદ્ધ અકર્તૃત્વ પરિણા પ્રગટે છે – એવા પોતાના સ્વભાવનો

તો વિશ્વાસ અજ્ઞાની જીવ કરતો નથી, ને એક સમયના વિકાર ઉપર જોર દઈને તેના જ કર્તૃત્વમાં રોકાઈ જાય છે – એ તેની ઊંધી રુચિનું અનંતું જોર છે.

અહો, એકેક શક્તિ વર્ણવીને આચાર્યદેવે આખા સમયસાર ભગવાનને પ્રસિદ્ધ કર્યો છે. એક શક્તિને પણ બરાબર સમજે તો આત્માનો સ્વભાવ લક્ષમાં આવી જાય, ને અનાદિની વિકારની ગંધ બેઠી છે તે નીકળી જાય. જ્ઞાયકસ્વભાવ તરફ વળતાં વિકારનો તો અંત આવી જાય છે. કેમકે તે વસ્તુના સ્વરૂપમાં નથી. પણ જ્ઞાયકસ્વભાવના આશ્રયે જે અકર્તૃત્વપરિણામ પ્રગટ્યા તેનો કદી અંત ન આવે, કેમ કે તે તો વસ્તુનું સ્વરૂપ જ છે, તેથી જેમ વસ્તુઓ અંત નથી આવતો તેમ તેના સ્વરૂપમાંથી પ્રગટેલા નિર્મળ પરિણામનો પણ અંત નથી આવતો. જુઓ, અંતરના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થતાં આનંદનો તો અનુભવ થાય છે પણ તેની સાથે કાંઈ રાગનો અનુભવ થતો નથી કેમ કે આનંદ તો આત્માનો સ્વભાવ છે, પણ રાગ તે આત્માનો સ્વભાવ નથી. એ જ પ્રમાણે આનંદની જેમ બીજી અનંતશક્તિઓ પણ જ્ઞાનની સાથે ઊછળે છે, તે બધી આત્માના સ્વભાવરૂપ છે, પણ વિકાર આત્માના સ્વભાવરૂપ નથી. એટલે તેનો તો અભાવ થઈ જાય છે. આમાં સ્વભાવ અને વિકાર વચ્ચેનું કેટલું સ્પષ્ટ ભેદજ્ઞાન છે !¿– પણ અજ્ઞાની વિકારની રુચિથી એવો આંધળો થઈ ગયો છે કે વિકારથી જુદો પોતાનો આખો જ્ઞાયકસ્વભાવ અનંતશક્તિથી ભરેલો છે તે તેને જરાપણ દેખાતો નથી; તેમજ જ્ઞાયકભાવવડે વિકારનું અકર્તાપણું સાધી–સાધીને અનંતા સંતમુનિઓએ આત્માનો ઉદ્ધાર કર્યો, – તેને અજ્ઞાની જાણતો નથી; તેથી વિકારની કર્તાબુદ્ધિથી તે સંસારમાં રખડે છે.

**પ્રશ્ન** :- રખડવાનું તો ફક્ત એક સમયપૂરતું જ છે ?

**ઉત્તર** :- એ તો જ્ઞાની કહે છે કે આત્મામાં રખડવાનો ભાવ (–વિકાર) એક સમયપૂરતો જ છે; પરંતુ અજ્ઞાની તો તે એક સમયના રખડવાના ભાવને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી તેની દૃષ્ટિમાં તો તે એક સમયનો નથી પણ ત્રિકાળ છે; વિકારથી જુદું કાંઈ સ્વરૂપ તેને ભાસતું જ નથી. જો રખડવાનો ભાવ એક સમયનો જ છે એમ ખરેખર જાણે તો તો તે રહિત ત્રિકાળીસ્વરૂપ શુદ્ધ થાય છે તેનો ખ્યાલ આવી ગયો, એટલે વિકાર અને સ્વભાવ વચ્ચે ભેદ પડી ગયો, ભેદજ્ઞાન થઈ ગયું, તેને તો વિકાર તરફનું વલણ છૂટીને સ્વભાવ તરફનું વલણ થઈ ગયું.

– આવી અંતર્દશા થાય ત્યારે વિકારને એક સમયપૂરતો જાણવો કહેવાય, પણ વિકાર તરફ જ જે વલણ રાખ્યા કરે છે તેણે વિકારને ખરેખર એક સમયપૂરતો નથી જાણ્યો, તેણે તો વિકારને જ આત્મા માન્યો છે. મારા જ્ઞાયકસ્વભાવમાં વિકાર છે જ નહિ, તેથી પર્યાયના ક્ષણિક વિકારનું કર્તૃત્વ પણ મારા સ્વભાવમાં નથી – એમ અકર્તૃત્વરૂપે જ્ઞાયકસ્વભાવને ઓળખીને તેની શ્રદ્ધા કરે તો તે સ્વભાવમાં એકાગ્રતાવડે પર્યાયમાંથી વિકારનો તદ્દન અભાવ કરીને વિકારનો સાક્ષાત્ અકર્તા થઈ જાય. – આવું આ શક્તિ સમજવાનું તાત્પર્ય છે.

હું જ્ઞાયકભાવ છું ને મારા જ્ઞાયકભાવમાં વિકારનું કર્તાપણું નથી – એમ પહેલાં દૃષ્ટિથી વિકારનું કર્તૃત્વ ખેંચી લ્યે, ને જ્ઞાયકસ્વભાવની જ દૃષ્ટિ રાખે, તેનું નામ સમ્યગ્દર્શન છે, તે ધર્મની શરૂઆત છે. આઠ કર્મની ૧૪૮ પ્રકૃતિમાંથી કોઈ પણ પ્રકૃતિ જે ભાવે બંધાય તે ભાવ વિકાર છે, ને આત્માના જ્ઞાયકભાવથી તે જુદો છે, તથા આત્માનો જ્ઞાયકભાવ તે વિકારથી નિવૃત્તસ્વરૂપ છે; અહો ! આવા નિવૃત્ત જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને તેમાં ઠરવા જેવું છે...તે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે. રાગના કર્તૃત્વમાં જ રોકાઈને રાગથી જે ધર્મ માની રહ્યા છે તેને વીતરાગી આત્મતત્ત્વની ખબર નથી, સંતોની દશાની ખબર નથી, જૈનધર્મની ખબર નથી, અને તેને ખરેખર જૈન કહેતા નથી.

**પ્રશ્ન** :- આમાં પુણ્યનો વિચ્છેદ થઈ જાય છે ?

**ઉત્તર** :- અરે ભાઈ ! વિકાર વગરના તારા જ્ઞાયકસ્વભાવની આમાં પ્રસિદ્ધિ થાય છે........માટે ગભરા મા ! તારા સ્વભાવનો મહિમા સાંભળીને પ્રસન્નતા કર. વળી આ સ્વભાવની સમજણના લક્ષે વચ્ચે જે પુણ્ય બંધાય છે તે પુણ્ય પણ ઊંચી જાતના હોય છે. બીજા પ્રયત્નમાં જે કષાયની મંદતા કરે તેના કરતાં સ્વભાવ સમજવાનો પ્રયત્ન કરતાં કરતાં ઘણી વધારે મંદતા સહેજે થઈ જાય છે. વળી જો સ્વભાવને સમજીને પુણ્ય–પાપનો વિચ્છેદ કરશે તો તો વીતરાગતા અને કેવળજ્ઞાન થશે. – તે તો કરવા જેવું જ છે. હજી તો પહેલેથી જ પુણ્ય–પાપનો વિચ્છેદ કરશે તો તો વિતરાગતા અને કેવળજ્ઞાન થશે. – તે તો કરવા જેવું જ છે. હજી તો પહેલેથી જ પુણ્ય–પાપનું કર્તાપણું સ્વીકારે, ને પુણ્ય–પાપથી ભિન્ન જ્ઞાયકસ્વભાવ વિકારનો અકર્તા છે તેની શ્રદ્ધા પણ ન કરે તો તે વિકારનો અભાવ કરીને વીતરાગતા ક્યાંથી કરશે ? માટે આ વાત સમજીને તેની

શ્રદ્ધા કરવા જેવું છે, તે સિવાય ક્યાંય જન્મ–મરણનો આરો આવે તેમ નથી.

**પ્રશ્ન** :- અનાદિથી પુણ્ય–પાપ કરતા આવ્યા છીએ છતાં તે કર્તવ્ય નહીં ?

**ઉત્તર** :- ભાઈ રે ! જ્ઞાયકસ્વભાવને ચૂકીને ' પુણ્ય–પાપ તે હું ' એમ તે અજ્ઞાનથી જ માન્યુ છે, તેથી પુણ્ય–પાપનો કર્તા થાય છે ને તેથી જ સંસારમાં અનાદિથી રખડે છે. હવે તે સંસારમાં રખડવાનું કેમ અટકે તેની આ વાત છે. ખોટી માન્યતામાં પુણ્ય–પાપનું કર્તાપણું ભાસ્યું છે. તે માન્યતા ફેરવી નાંખ કે હું તો જ્ઞાયક છું, શ્રદ્ધા–આનંદ વગેરે અનંતશક્તિનો પિંડ છું, ક્ષણિક વિકાર તે હું નથી ને તે મારું કર્તવ્ય નથી. જ્ઞાતાપણાના ભાવ સિવાય બીજું કાંઈ મારું કર્તવ્ય જગતમાં નથી. આત્મા જ્ઞાનમાત્ર ભાવ સિવાય બીજું શું કરે ? જો આત્મા પરનું કરતો હોય તો જગતનો ઉદ્ધાર કરવા ઉપરથી સિદ્ધભગવાન નીચે કેમ ન ઊતરે ? તેમને એવી વૃતિ જ નથી ઊઠતી કેમકે તે આત્માના સ્વભાવમાં નથી. જો સિદ્ધભગવાનમાં નથી તો આ આત્મામાં આવ્યું ક્યાંથી ? સિદ્ધભગવાનમાં જે નથી તે આ આત્માના સ્વભાવમાં પણ નથી. બસ ! આત્માનો સ્વભાવ જ અકર્તૃત્વ છે એટલે વિકારથી નિવર્તવું....નિવર્તવું....નિવર્તવું એ જ તેનું સ્વરૂપ છે, સ્વરૂપમાં ઠરવું...ઠરવું...ઠરવું એવું આત્માનું પણ કર્તવ્ય નથી. સિદ્ધભગવાનની પોતાના સ્વભાવમાં ફેર માને છે ને વિકારને આત્મસ્વભાવ સાથે એકમેક કરે છે તે જ સંસારનું મૂળ છે. ધર્મીનેય અસ્થિરતામાં શુભ લાગણી આવે, પણ તેને શ્રદ્ધા–જ્ઞાન વર્તે છે કે આ મારું સ્વરૂપ નથી, આ મારું કર્તવ્ય નથી, હું તો જ્ઞાયક જ છું ને મારું જ્ઞાયકતત્ત્વ આ વિકારી લાગણીનું કર્તા નથી. રાગ ટળીને મારા જ્ઞાયકસ્વરૂપમાં ઠરું તે જ મારું કર્તવ્ય છે. પુણ્યનો શુભરાગ તે પણ મારા ધર્મનો વોળાવિયો નથી પણ લૂટારો છે. વિકાર પોતે અવિકારીને મદદ નથી કરતો પણ રોકે છે માટે તે લૂંટારો છે, તેથી તે મારું કર્તવ્ય નથી. – આમ સમસ્ત વિકારના અકર્તારૂપ પોતાના જ્ઞાયકસ્વભાવને જાણીને તેના સેવનવડે વિકારથી અત્યંત નિવૃત્તિરૂપ મોક્ષપદને પામે છે.

**શંકા** :- ભગવાન સર્વજ્ઞ કહે છે કે આત્મામાં અકર્તૃત્વશક્તિ છે, એટલે વિકારને ન કરે એવો તેનો સ્વભાવ છે, પણ ભગવાને જો અમારામાં હજી કર્તાપણાનો કાળ (–મિથ્યાત્વનો કાળ) દેખ્યો હોય તો તે કેમ ફરે ? – તો પછી, હે નાથ ! શું આપના ઉપદેશની નિરર્થકતા થાય છે ?

**સમાધાન** :- હે ભાઈ ! સર્વજ્ઞદેવે જેવો કહ્યો તેવા આત્માના અકર્તાસ્વભાવનો નિર્ણય જે કરે તેને કર્તાપણું રહેતું જ નથી – એમ પણ સર્વજ્ઞભગવાને જોયું છે; એટલે જ્ઞાયકસ્વભાવી આત્માનું અકર્તાસ્વરૂપ જેની દૃષ્ટિમાં આવ્યું તેને કર્તાપણાનો (–મિથ્યાત્વનો) કાળ ભગવાને જોયો નથી; જ્ઞાયકસ્વભાવની સન્મુખતાથી મિથ્યાત્વનો નાશ કરીને તેની પર્યાયમાં અકર્તાપણું પ્રગટ થયું છે, અને તેને જ સર્વજ્ઞનો નિર્ણય થયો છે, અને સર્વજ્ઞ પણ તે જીવની પર્યાયમાં તેવું અકર્તાપણું જ દેખે છે. તું મિથ્યાત્વાદિના અકર્તાપણે પરિણમે અને સર્વજ્ઞ તારું કર્તાપણું દેખે એમ બને નહીં, માટે તું તારા સ્વભાવસન્મુખ થઈને પર્યાયમાં વિકારનું અકર્તાપણું પ્રગટ કર – એવું ભગવાનના ઉપદેશનું તાત્પર્ય છે.

એકવીસમી અકર્તૃત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

પરમાત્માને નમસ્કાર કરતાં ધર્માત્મા કહે છે કે હે ભગવાન ! જેવા આપ છો તેવા જ હું છું, આપની જાતનો જ હું છું, એવી ઓળખાણ કરીને હું આપની પંક્તિમાં આવું છું....હું પણ પરમાત્મા થવા માટે આપના પગલે પગલે આપના માર્ગે આવું છું.... રાગનો આદર છોડીને જ્ઞાનસ્વભાવનો જ આદર કરું છું.

# અભોકતૃત્વ શક્તિ

**જરાક પ્રતિકૂળતા આવે કે ચિંતા થાય ત્યાં તો, 'અરેરે ! મારો આત્મા ઘેરાઈ ગયો'–એમ અજ્ઞાનીને લાગે છે. તેને જ્ઞાની કહે છે કે અરે ભાઈ ! ચિંતાથી ઘેરાઈ જાય એવો તારા આત્માનો સ્વભાવ નથી....તારા આત્મામાં એવો અભોક્તા સ્વભાવ છે કે ચિંતા–પરિણામને ન ભોગવે. માટે મુંઝા નહિ. વિકારના વેદનથી વિરામ પામેલા એવા તારા જ્ઞાયકસ્વભાવ પાસે જા....ત્યાં તને આનંદનું વેદન થશે.**

જ્ઞાયકસ્વરૂપ આત્મામાં જેમ વિકારના અકર્તાપણારૂપ શક્તિ છે તેમ હર્ષ–શોકાદિ વિકારના અભોક્તાપણારૂપ શક્તિ પણ છે. 'સમસ્ત, કર્મથી કરવામાં આવેલાં, ને આત્માના જ્ઞાતૃત્વમાત્રથી જુદાં એવા પરિણામોના અનુભવના ઉપરમસ્વરૂપ અભોકતૃત્વ શક્તિ છે' જ્ઞાનને અંતરમાં વાળતાં જે અતીન્દ્રિય આનંદનો ભોગવટો થયો તેમાં હર્ષ–શોકનાં ભોગવટાનો અભાવ છે. હર્ષ–શોકાદિ વિકારી ભાવોને કર્મથી કરવામાં આવેલા કહ્યા તે જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિથી કહ્યું છે.

પરલક્ષે હર્ષ–શોકના ભાવો થાય છે તેને અનુભવવાની એક સમયપૂરતી પર્યાયમાં લાયકાત છે, પણ આત્માનો ત્રિકાળસ્વભાવ તો તે અનુભવથી રહિત છે. જો ત્રિકાળસ્વભાવ જ તેવો હોય તો તે વિકારના વેદનથી છૂટીને અંતર્અનુભવના નિર્વિકાર આનંદનું વેદન થઈ શકે નહી, તે ઉપરાંત અહીં તો પર્યાયને ભેળવીને એવી વાત છે કે, પર્યાયમાં

જેને એકાંત હર્ષ–શોકનું જ વેદન છે ને તેનાથી પાર જ્ઞાયકસ્વભાવનું વેદન જરા પણ નથી, તેને આત્માની અભોક્તૃત્વશક્તિની શ્રદ્ધા થઈ જ નથી. સાધકને, અલ્પ હર્ષાદિ વખતે પણ તેનાથી ભિન્ન જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ વર્તે છે એટલે એકલા હર્ષાદિનું જ વેદન તેને નથી પણ દૃષ્ટિના બળે હર્ષશોકના અભાવરૂપ જ્ઞાયકસ્વભાવનું વેદન પણ તેને વર્તે જ છે; એ રીતે તેને અભોકતાશક્તિનું નિર્મળ પરિણમન શરૂ થઈ ગયું છે.

આત્માથી ભિન્ન એવા શરીર, પૈસા, સ્ત્રી, અન્ન, વસ્ત્ર, રોગ વગેરે પર પદાર્થને ભોગવવાનું તો આત્માના સ્વરૂપમાં કદી છે જ નહિ. પરનો ભોગવટો કરવાનું અજ્ઞાની માને છે તે તો તેની માત્ર ભ્રમણા છે, તે કોઈ પરને નથી ભોગવતા, પણ પર તરફના વલણથી હર્ષ–શોકના ભાવ કરીને અજ્ઞાનભાવથી માત્ર તેને જ ભોગવે છે. અહીં અભોકતૃત્વશક્તિમાં તો આચાર્યદેવ એમ સમજાવે છે કે તે હર્ષ–શોકના ભાવો પણ આત્માના જ્ઞાયકસ્વભાવથી જુદા છે તેથી તેને ભોગવવાનો પણ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો જ્ઞાયકસ્વભાવમાં એકાગ્ર થઈને પોતાના વીતરાગીઆનંદને ભોગવવાનો છે.

* આત્માના દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં ક્યાંય પરનો તો ભોગવટો છે જ નહિ.

* હર્ષ–શોક–ચિંતા વગેરેનો ભોગવટો આત્માના દ્રવ્ય–ગુણમાં નથી, માત્ર અવસ્થામાં એક સમયપૂરતો છે.

* અને, વિકારના અભોકતાસ્વરૂપ એવા ત્રિકાળી દ્રવ્ય–ગુણ તરફ વળતાં પર્યાયમાંથી હર્ષ–શોકનું ક્ષણિક ભોક્તાપણું છૂટી જાય છે, એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેથી આત્મા સાક્ષાત્ અભોક્તા થઈ જાય છે.

શરીર કપાય તેનું વેદન આત્માને નથી, અને તે તરફના અણગમાનું વેદન કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી, જ્ઞાયકસ્વભાવનું વેદન કરવાનો આત્માનો સ્વભાવ છે. અજ્ઞાની કહે છે કે ' અરેરે, કરેલાં કર્મ ભોગવવાં પડે ! '– પણ અહીં કહે છે કે અરે ભાઈ ! તું તારા જ્ઞાયકસ્વભાવ તરફ વળ તો કર્મ તરફનું વેદન તને રહે નહિ, પણ આનંદનું વેદન થાય. જ્ઞાયકસ્વભાવ તરફ વળીને તેનું વેદન જે નથી કરતો તે જ વિકારનો ભોક્તા થઈને ચાર ગતિમાં રખડે છે. આત્માના લક્ષે કાંઈ હર્ષ–શોકનું વેદન થતું નથી, કેમ કે આત્માનો સ્વભાવ વિકારના ભોગાવટાથી રહિત છે; હર્ષ–શોક તે આત્માના જ્ઞાતાભાવથી જુદા છે. કર્મ તરફના વલણવાળો જીવ જ હર્ષ–શોકનો

ભોક્તા થાય છે માટે તેને કર્મનું જ કાર્ય કહ્યું છે, એટલે કે તે આત્માના સ્વભાવનું કાર્ય નથી. આત્માના સ્વભાવ સાથે જે પરિણતી અભેદ થઈ તે તો આત્મા છે, પણ જે પરિણતિ વિકારના જ અનુભવમાં રોકાય તેને આત્મા કહેતા નથી કેમકે તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી.

હર્ષ–શોકના ભોગવટા વગરનો, જ્ઞાયક રહેવાનો આત્માનો સ્વભાવ છે. અહો, આવા અભોક્તાસ્વભાવને લક્ષમાં લ્યે તે ગમે તે સંયોગમાં પણ જીવને પોતાની શાંતિનું વેદન છૂટે નહિ. સ્વભાવને ભૂલીને, બહારની વસ્તુથી મને ઠીક–અઠીક પડે ને તેનાથી મને સુખ–દુઃખ થાય – એવી માન્યતા તે સંસારનું મૂળ છે. શાસ્ત્રમાં કહે છે કે અજ્ઞાનીને જે અનંતુ દુઃખ છે તે તો વાસ્તવિક દુઃખ જ છે, પરંતુ તે પોતાને જે સુખ માને છે તે તો માત્ર કલ્પના જ છે. સુખ જ્યાં ભર્યું છે એવા જ્ઞાનસ્વભાવના અનુભવ વગર વાસ્તવિક સુખનું વેદન હોય જ નહિ. આત્માના સ્વભાવમાં જે વાસ્તવિક સુખ ભર્યું છે તેનું વેદન કેમ થાય, ને અનાદિનું દુઃખનું વેદન કેમ ટળે–તે અહીં બતાવે છે.

શરીર, લક્ષ્મી, મોટર વગેરે જડ વસ્તુ આત્માને સુખ આપે – એમ જે માને તેની દૃષ્ટિમાં આત્મા કરતાં તે જડ વસ્તુની મહત્તા વધી ગઈ ! આત્મામાં તો સુખ નથી ને જડ તેને સુખ આપે છે – એમ માનનાર મૂઢ જીવ કદી પણ જડ તરફનું વલણ છોડીને આત્મા તરફ વળશે નહીં, એટલે તે સંસારમાં જ રખડશે. જડમાં તો ક્યાંય મારું સુખ નથી, સુખ તો મારા સ્વભાવમાં છે ને તે સ્વભાવમાં અંતર્મુખ થવાની જ મને મારા સુખનું વેદન થાય છે – એમ જ્ઞાની જાણે છે, એટલે સંયોગ તરફનું વલણ સંકોચીને, સ્વભાવમાં અંતર્મુખ થઈને, અતીન્દ્રિય સુખનું વેદન કરતાં કરતાં તે પરમ સિદ્ધપદને પામે છે.

જુઓ, આ કોઈ સાધારણ ઉપરછલ્લી વાત નથી, આ તો આત્માના અંતર્સ્વભાવની અપૂર્વ વાત છે. એક વાર આ વાત સમજે તો અનંતકાળનું ભવભ્રમણ અટકી જાય. આ સમજતાવેંત જ અંતરમાં ઘણી વીતરાગી શાંતિ થઈ જાય. શાંતિ પામવાનો ને દુઃખથી છૂટવાનો ઉપાય તો આ જ છે, બીજા કોઈ ઉપાયે જીવને શાંતિ થાય તેમ નથી. આ શરીરમાં કોઈ ભક્તિથી ચંદન ચોપડે કે વાઘ તેને ફાડી ખાય, મીઠો રસ હો કે કડવો રસ હો, સુગંધ હો કે દુર્ગંધ હો, સારુ રૂપ હો કે કાળુંકૂબડું હો, કોઈ પ્રશંસા કરો કે કોઈ નિંદા કરો, – પણ જ્ઞાની જાણે છે કે તે બધાય મારાથી ભિન્ન છે, હું તે કોઈનો

ભોક્તા નથી, ને તેમાં જરાક હર્ષ–શોક થાય તે પણ મારા જ્ઞાયકસ્વભાવી આત્માથી જુદા છે, તેથી તેનો પણ હું ખરેખર ભોક્તા નથી, હું તો જ્ઞાયક જ–છું. આવી જ્ઞાયકદૃષ્ટિમાં વીતરાગતાનું ઘણું જોર છે. આવી અંતર્સ્વભાવની દૃષ્ટિ વગર અજ્ઞાની જીવ કદાચ પૂર્વે કહ્યા તે પ્રસંગોમાં શુભરાગથી સમતા રાખે, પણ તે સમતાના શુભપરિણામના ભોગવટામાં જ અટકી જાય છે ને તેને જ વાસ્તવિકસુખ માને છે, આત્માના અભોક્તાસ્વભાવની કે અતીન્દ્રિયસુખની તેને ખબર નથી, એટલે વાસ્તવિક શાંતિનું વેદન તેને થતું નથી.

આત્માનો અભોક્તાસ્વભાવ સમજે તો વિકારના ભોગવટા રહીત જ્ઞાન–આનંદસ્વભાવની શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થાય, ને પછી તે સ્વભાવમાં જેમ જેમ લીનતા થતી જાય તેમ તેમ વિકારનું ભોક્તાપણું પણ છૂટતું જાય. જેમ કે મુનિદશામાં આત્મસ્વભાવમાં લીનતાથી એટલું બધું અભોક્તાપણું પ્રગટી ગયું છે કે, ત્યાં શરીર ઉપર વસ્ત્ર કે બે વખત આહાર–ઈત્યાદિ ભોગવટાનો ભાવ રહ્યો જ નથી; ને કેવળજ્ઞાન થતાં તો પૂરું અભોક્તાપણું પ્રગટી ગયું, ત્યાં આહારાદિનો ભોગવટો સર્વથા હોતો જ નથી; પહેલેથી જ અભોક્તાપણું સાધતાં સાધતાં ત્યાં પૂરું થઈ ગયું છે. છતાં મુનિને વસ્ત્રની વૃતિ કે કેવળીભગવાનને આહાર ઈત્યાદિ જે માને છે તેને ખબર નથી કે કઈ ભૂમિકાએ કેવું અભોક્તાપણું પ્રગટે ! અને પોતાની દશામાં પણ જરાય અભોક્તાપણું તેને થયું નથી.

અરે જીવ ! તારો આત્મા તો આનંદની ખાણ....તેને તે આ વિકારનો કે વિષયોનો ભોગવટો શોભે ? તારા જ્ઞાયકસ્વભાવના આનંદનો ભોગવટો છોડીને, આ વિષ જેવા વિષય–વિકારનો ભોગવટો તને નથી શોભતો....માટે ભાઈ ! હવે તે વિકારનો ભોગવટો કરવામાં રાજી ન થા, ને તારા જ્ઞાનાનંદસ્વરૂપને સંભાળ. અંતરમાં લક્ષ કરીને તારા જ્ઞાયકસ્વભાવના અતીન્દ્રિય આનંદનો ભોગવટો કર.

બહારનાં રાજપદ કે પ્રધાનપદ તે તો બધું ધૂળધાણી જેવું છે, તેમાં કાંઈ આત્માનું હિત નથી, તે ખરેખર આત્માનું પદ નથી; છતાં તેને માટે લોકો પાસેથી મત લેવા કેટલા ઝાંવા નાંખે છે ! જો અંતર્દૃષ્ટિથી આત્માને રાજી કરીને તેનો મત મેળવે તો ત્રણ લોકમાં પ્રધાન–ઉત્કૃષ્ટ એવું સિદ્ધપદ મળે. આત્માનો મત કઈ રીતે મળે ? – જેવો આત્માનો સ્વભાવ છે તેવો અભિપ્રાયમાં–મતિમાં લ્યે તો આત્માનો મત મળે પણ જેવા

સ્વભાવ છે તેવો ન માનતાં તેનાથી વિરુદ્ધ માને તો તેને આત્માનો મત મળે નહિ, ને તેને સિદ્ધપદ થાય નહિ. એકલા વિકારને જ ભોગવવા ઉપર જેની દૃષ્ટિ છે તેની મતિમાં આત્મા આવ્યો જ નથી. વિકારનાં ભોગવટાથી રહિત આખો જ્ઞાનાનંદસ્વભાવ હું છું – એમ અંતર્સ્વભાવની દૃષ્ટિ કરતાં જે સમ્યક્મતિ થઈ તેમાં આત્મા આવ્યો છે, તેને આત્માનો મત્ મળ્યો એટલે કે સમ્યગ્દર્શન થયું અને તેના ફળમાં ત્રિલોકપૂજ્ય એવું સિદ્ધપદ તેને મળશે.

લોકો કહે છે કે 'આપણો દેશ ગુલામ છે, ગુલામને ધર્મ થાય નહિ, માટે ગુલામીની જંજીર તોડી નાંખો....' તેને કહે છે કે અરે ભાઈ ! ગુલામને ધર્મ ન થાય એ વાત ખરી પણ ગુલામીનો અર્થ શું તેની તને ખબર નથી. મારા આત્માને ધર્મ કરવા માટે પરસંયોગની જરૂર પડે એવી જે પરાધીનતાની બુદ્ધિ તે જ ગુલામી છે, ને એવા પરાધીનબુદ્ધિવાળા ગુલામને ધર્મ થતો નથી; કેમ કે તેણે પોતાના આત્માને સ્વતંત્ર ન માન્યો પણ દેશ વગેરે પરસંયોગોનો ગુલામ માન્યો. જ્ઞાની તો જાણે છે કે હું તો જ્ઞાયકસ્વભાવ છું, હું સંયોગનો ગુલામ નથી, મારો ધર્મ સંયોગોને આધીન નથી પણ જ્ઞાયકસ્વભાવના આધારે જ મારો ધર્મ છે. દેશ ગરીબ કે પરાધીન હોય તો હું મારા આત્માનો ધર્મ ન કરી શકું એવી પરાધીનતા મારામાં નથી. દેશ સ્વાધીન હો કે પરાધીન, ગમે ત્યારે પણ મારા જ્ઞાયકસ્વભાવના આશ્રયે હું મારા આત્માનો ધર્મ (સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર) કરી શકું છું. ખરેખર તો અનંતગુણોની વસતીથી ભરેલો અસંખ્યપ્રદેશી આત્મા જ મારો સ્વ–દેશ છે, એનાથી બહારનો બીજો દેશ મારો નથી, તે તો મારા માટે પર–દેશ છે. અહીં તો કહે છે કે વિકારી ભાવ પણ જ્ઞાયકસ્વભાવી આત્માથી પર છે, તેને પણ ભોગવવાનો આત્માનો સ્વભાવ નથી, તો પછી લક્ષ્મી વગેરે બહારના પદાર્થોની શી વાત ?

**પ્રશ્ન** :- કાર્તિકસ્વામીએ દ્વાદશાનુપ્રેક્ષામાં (ગાથા ૧૨માં) તો કંજૂસને લક્ષ્મી ભોગવવાનું કહ્યું છે ! અને અહીં કહો છો કે આત્મા તેના અભોક્તા છે, એ કઈ રીતે ?

**ઉત્તર** :- ત્યાં તો જે જીવ લક્ષ્મીની લોલુપતાથી તીવ્ર લોભપરિણામમાં ડુબેલો છે તેને મમત્વપરિણામ કાંઈક ઓછા કરાવવા માટે લક્ષ્મી ભોગવવાનું કહ્યું છે. લક્ષ્મીનો સંયોગ અધ્રુવ જાણીને તે પ્રત્યેના મમત્વ પરિણામ કાંઈક ઘટાડે ને કાંઈક વૈરાગ્યપરિણામ

કરે – તે માટે ત્યાં ઉપદેશ છે.–પરંતુ એટલા માત્રથી કાંઈ ધર્મ કેમ થાય તેની વાત છે, એટલે આત્માનો મૂળસ્વભાવ શું છે, તે બતાવે છે. આત્મા પરનો અભોક્તા છે એ વાત લક્ષમાં રાખીને ત્યાં નિમિત્તથી ઉપદેશ છે – એમ સમજવું.

આત્માના સ્વભાવની સન્મુખ થતાં વિકારનો પણ અનુભવ નથી રહેતો, તો પછી શરીર વગેરેનો ભોગવટાની શી વાત ? શરીરમાં રોગ થાય ત્યાં અજ્ઞાનીને એમ થઈ જાય છે કે ' હાય ! હાય ! હવે મારું મરણ થઈ જશે ! ' પણ અરે ભાઈ ! કોણ મરે ? આ શરીર તો તારાથી જાુદું જ અત્યારે છે, શરીરના રોગનો ભોગવટો તને નથી, માટે શરીરબુદ્ધિ છોડ, ને અવિનાશી ચૈતન્યસ્વભાવને લક્ષમાં લે, તો તને મરણની બીક ટળી જાય. દેહ છૂટે તેથી કાંઈ આત્મા મરી જતો નથી. શું સૂર્ય મરે છે ? ચંદ્ર મરે છે ? નક્ષત્રો મરે છે ? જગતમાં પરમાણુ મરે છે ? જીવ મરે છે ? – એ કોઈનું મરણ થતું નથી. જગતમાં અનાદિથી જેટલા જીવો છે ને જેટલા પરમાણુઓ છે તેટલા ને તેટલા જ સદાય રહે છે, તેમાંથી એક પણ જીવ કે એક પણ પરમાણુ કદી ઓછો થતો જ નથી. આત્મા ત્રિકાળ પોતાના જ્ઞાનસ્વભાવે જીવતો જ છે; વિકાર પણ એક ક્ષણ પૂરતો જ છે. તેનું બીજી ક્ષણે મરણ(અભાવ) થઈ જાય છે. માટે તે વિકારના અનુભવની બુદ્ધિ છોડને આત્માના જ્ઞાનસ્વભાવનો અનુભવ કર, તો મરણ રહિત એવી સિદ્ધદશા પ્રગટે. આ સિવાય વિકારના ભોગવટાની ઊંધી દ્રષ્ટિમાં તો અનંત મરણ કરાવવાની તાકાત પડી છે. કાળકૂળ સર્પનું ઝેર તો એકવાર મરણ કરે (–અને તે પણ આયુષ્ય ખૂટ્યું હોય તો), પરંતુ ઊંધી દ્રષ્ટિરૂપ મિથ્યાત્વનું ઝેર તો સંસારમાં અનંતમરણ કરાવે છે, માટે હે જીવ ! અનંત ચૈતન્યશક્તિથી ભરેલા તારા અમૃતસ્વરૂપ આત્માને ઓળખીને તેના અનુભવનો ઉદ્યમ કર, તે જ અનંત મરણથી આત્માને ઉગારનાર છે.

જરાક પ્રતિકૂળતા આવે કે ચિંતા થાય ત્યાં તો, અરેરે ! મારો આત્મા ચિંતાના ગંજથી ઘેરાઈ ગયો – એમ અજ્ઞાનીને લાગે છે........તેને જ્ઞાની કહે છે કે અરે ભાઈ ! ચિંતાથી ઘેરાઈ જાય એવો તારા આત્માનો સ્વભાવ નથી, તારા આત્મામાં એવો અભોક્તાસ્વભાવ છે કે ચિંતાના પરિણામને તે ન ભોગવ.......માટે તું મૂંઝા નહીં........ચિંતાના અભોક્તા એવા તારા જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લે. જ્ઞાનસ્વભાવના લક્ષે તને જ્ઞાતાપરિણામના અનાકુળ આનંદનું વેદન થશે, તે આનંદના જ ભોક્તા થવાનો તારો સ્વભાવ છે. જ્ઞાનીનેય

કોઈ વાર ચિંતાપરિણામ થાય, પણ આનંદસ્વભાવના વેદનની અધિકતામાં તેમને ચિંતાની અધિકતા કદી થતી એટલે તેમને મુંઝવણ થતી નથી, શંકા થતી નથી. માટે ખરેખર તે ચિંતાના કે હર્ષના ભોક્તા નથી, તેનું ભોક્તાપણું તેમને વિરમી ગયું છે; તેમને તો આનંદનું ભોક્તાપણું છે.

વળી હર્ષશોકના જે પરિણામ છે તે જ્ઞાતાપરિણામથી જુદા જ છે, એટલે જ્ઞાની તેનો ભોક્તા નથી પણ જ્ઞાતા જ છે. તેને હર્ષ–શોકના અલ્પ પરિણામ થાય છે તેમાં તે તન્મય નથી થતો; જો તેમાં તન્મય થઈ જાય તો તેનું અભોક્તાપણું રહેતું નથી, એટલે કે મિથ્યાત્વ થઈ જાય છે. અજ્ઞાની હર્ષ–શોક વગેરેમાં તન્મય થઈને તેને જ ભોગવે છે, તેનાથી જુદા જ્ઞાન–સ્વભાવનું જરા પણ વેદન તેને રહેતું જ નથી.

ક્ષણિક વિકાર જેટલો જ પોતાને માનીને તેનો જ જે ભોક્તા થાય છે તે જીવ અનંતધર્મોના પિંડરૂપ અનેકાન્તસ્વભાવમાંથી ખસીને એકાંત તરફ ઢળ્યો છે એટલે એકાંત અશુદ્ધ આત્મા જ તેને ભાસે છે. ક્ષણિક વિકારના ભોગવટા જેટલો આત્મા નથી પણ ત્રિકાળ તેનો અભોક્તા છે એટલે કે જ્ઞાન–આનંદ વગેરે અનંતશક્તિનો પિંડ આત્મા છે–એમ અનેકાંતસ્વરૂપ–અનંતશક્તિનો પિંડ આત્મા બતાવીને, અજ્ઞાનીને એકાંતબુદ્ધિ છોડાવીને આત્માના સ્વભાવમાં લઈ જવાની આ વાત છે. ભાઈ, તું તારી આત્મશક્તિનો વિશ્વાસ કર, તારી શક્તિ નાની ( ક્ષણિક વિકાર જેવડી ) નથી, તારી શક્તિ તો મોટી છે, અનંતશક્તિથી તારો આત્મા મહાન છે, વિકારનો અભોક્તા થઈને સ્વભાવની શાંતિનો ભોગવટો કરવાની તારામાં શક્તિ છે; તારામાં જ આવી શક્તિ છે તો બીજાની તારે શી જરૂર છે ? માટે તું તારી શક્તિનો વિશ્વાસ કર, તો તે શક્તિના અવલંબને શાંતિ પ્રગટે ને અશાંતિનું વેદન છૂટી જાય. તારી શક્તિના અવિશ્વાસને લીધે જ તું બહારમાં ભટકીને સંસારમાં રખડ્યો છે. તને પોતાને મારી શક્તિનો વિશ્વાસ ન આવે તો બીજું કોઈ તને શાંતિ આપી શકે તેમ નથી કેમકે તારી શાંતિ બીજા પાસે નથી.

બહારમાં અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ–વિયોગ આવે ત્યાં હર્ષ–શોક કરીને તેના વેદનમાં અજ્ઞાની એવો એકાકાર થઈ જાય છે કે તેનાથી ભિન્ન આત્માનું અસ્તિત્વ જ ભૂલી જાય છે. જરાક પ્રતિકૂળતાની ભીંસ આવે ત્યાં તો જાણે આત્મા ખોવાઈ જ ગયો. પણ અરે ભાઈ ! એવા સંયોગ–વિયોગ સંસારીને ન આવે તો શું સિદ્ધને આવે ? સિદ્ધ ભગવાનને સંયોગ–વિયોગ કે હર્ષ–શોક ન હોય, નીચલી દશામાં તો તે હોય. – પરંતુ

તે હોવા છતાં, હું તો તેનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવી સિદ્ધસમાન છું, જેમ સિદ્ધભગવાનનો આત્મા સંયોગ–વિયોગથી ને હર્ષ–શોકથી અત્યંત જુદો છે તેમ મારો આત્મસ્વભાવ પણ સંયોગ–વિયોગથી ને હર્ષ–શોકથી જુદો છે. મારો નિજભાવ તો જ્ઞાનમાત્ર જ છે – એમ શુદ્ધઆત્માને ધ્યેયરૂપે રાખીને તેના તરફ વલણ કરે તો તેનું પરિણમન સિદ્ધદશા તરફ થયા કરે, તેને વિકારનું વેદન ક્ષણે ટળતું જાય ને સિદ્ધભગવાન જેવી અતીન્દ્રિય આનંદનું વેદન ખીલતું જાય. – આવી સાધક દશા છે, ને આ જ ધર્મ છે.

આત્માની શક્તિઓનું આ વર્ણન ચાલે છે, આ શક્તિઓના વર્ણન દ્વારા આત્માનો સ્વભાવ બતાવવો છે. આ બાવીસમી શક્તિમાં રહે છે કે સમસ્ત કર્મ તરફનો ભાવોનો આત્મા અભોક્તા છે. જુઓ, કર્મની ૧૪૮ પ્રકૃતિમાંથી ઘાતિકર્મો, વેદનીય, ગોત્ર તેમ જ તીર્થંકરનામકર્મ વગેરે ૭૮ પ્રકૃતિઓને 'જીવવિપાકી' ગણી છે. અને અહીં કહે છે કે જીવ તેનો અભોક્તા છે. ત્યાં ગોમટ્ટસાર વગેરેમાં તો જીવની તે તે પ્રકારની પર્યાય સાથેનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા કથન છે, અને અહીં જીવનો શુદ્ધસ્વભાવ બતાવવા કથન છે, અને અહીં જીવનો શુદ્ધસ્વભાવ બતાવવો છે. જીવના શુદ્ધ જ્ઞાયકસ્વભાવમાં વિકારનો કે કર્મનો પાક છે જ નહિ, જીવના સ્વભાવમાં તો જ્ઞાન ને આનંદનો જ પાક થાય છે.

સાતમી નરકમાં કોઈને સમકિત થાય તે પણ એમ નિઃશંક જાણે છે કે આ નરકના સંયોગને કે તે તરફના અસાતાભાવનો ભોગવટો મારા જ્ઞાયકસ્વભાવમાંથી નથી; એ જ પ્રમાણે સર્વાથસિદ્ધિમાં રહેલા જીવો પણ તે અનુકૂળ સંયોગથી કે તે તરફના સાતાભાવના વેદનથી પોતાના જ્ઞાયયસ્વભાવને જુદો જ અનુભવે છે.

જુઓ ભાઈ ! બહારના સંયોગ–વિયોગનો પ્રેમ છોડીને આત્માના સ્વભાવનો પ્રેમ કરવો જોઈએ. જેનો પ્રેમ હોય તે તરફ વલણ જાય. જેને આત્માનો ખરો પ્રેમ હોય તેને આત્મા ન સમજાય એમ બને નહિ. આત્મસ્વભાવનો પ્રેમ કરીને તેના શ્રદ્ધા, જ્ઞાનને અનુભવ કરવા તે જ અનંતમરણથી આત્માને ઉગારનાર છે.

ઉપરાઉપરી દીકરી જન્મે ત્યાં ખેદ કરે, ને દીકરો જન્મે ત્યાં હર્ષ કરે...પણ અહીં કહે છે કે તે દીકરી કે દીકરાનો ભોગવનાર તો આત્મા નથી, ને તે તરફના શોક કે હર્ષના પરિણામને ભોગવવાનો પણ તારો સ્વભાવ નથી. એનાથી પાર તારું જ્ઞાયકસ્વરૂપ છે, તે સ્વરૂપના શ્રદ્ધામાં લે તો તારા આત્મામાં અતીન્દ્રિયઆનંદરૂપી પુત્રનો

જન્મ થાય. તે અતીન્દ્રિયઆનંદનો ભોગવટો કરવાનો આત્માનો સ્વભાવ છે. સમકિતી ધર્માત્મા રાગના વેદનને આત્માના સ્વભાવથી જુદું ગણે છે. આત્માના જ્ઞાયકભાવના વેદનની અને રાગના વેદનની જાત અત્યંત જુદી છે – એમ તે જાણે છે, એટલે રાગના વેદનમાં તે કદી એકાકાર થતા નથી, સ્વભાવના વેદનમાં એકાકાર થતા જાય છે ને રાગનું વેદન છૂટતું જાય છે. – આવું આત્માની અભોકતૃત્વશક્તિનું પરિણમન તેને ઉલ્લસે છે.

એ રીતે અભોકતૃત્વશક્તિને નિર્મળ પરિણમન થતાં થતાં જ્યાં કેવળજ્ઞાન અને પરિપૂર્ણ આનંદનો ભોગવટો પ્રગટ્યો ત્યાં હર્ષ–શોકનું ભોક્તાપણું જરાય ન રહ્યું, તેમજ આહારાદિના ભોક્તાપણામાં નિમિત્ત થાય એવું અશુદ્ધપણું ભગવાનને ન રહ્યું. અતીન્દ્રિયઆનંદનો પૂર્ણ ભોગવટો થઈ જવા છતાં કેવળીપ્રભુને આહારાદિ પણ હોય – એમ જે માને છે તેને કેવળીભગવાનની અભોકતૃત્વદશાનું કે પૂર્ણ આનંદનું ભાન નથી, અને પોતાના આત્માના અભોક્તાપણાની પણ તેને ખબર નથી. અરે, ભગવાનને પૂર્ણ આનંદ પ્રગટી ગયો ત્યાં આહાર કેવો ? પૂર્ણ આનંદ હોય ત્યાં આહાર ન જ હોય; હજી કે ત્યાં યોગનું કંપન હોઈ શકે, એટલે કે દિવ્યધ્વનિનું નિમિત્તપણું તો હોય, પણ આહારનું નિમિત્તપણું તો ન જ હોય. અહો, જ્યાં અતીન્દ્રિય આનંદનો પૂરો અનુભવ થઈ ગયો, ઉપયોગ એક સમયનો પૂરો થઈ ગયો, પરિપૂર્ણ અતીન્દ્રિયભાવ ઊઘડી ગયો, ત્યાં ઇંદ્રિયવિષયોનું ભોક્તાપણું કેમ હોય ?– ન જ હોય.

સાધકને જ્ઞાનસ્વરૂપી અભોક્તાસ્વભાવ ઉપર દૃષ્ટિ છે ને પર્યાયમાં હર્ષ–શોકનું અલ્પ વેદન પણ છે, એટલે તે સાધકને તો અભોક્તાપણું મુખ્યને ભોક્તાપણું ગૌણ– એવું મુખ્ય–ગૌણપણું થાય છે; પરંતુ કેવળીપ્રભુને એવું મુખ્ય–ગૌણપણું નથી, કેમકે તેમને તો જરાપણ હર્ષ–શોકનું ભોક્તાપણું રહ્યું જ નથી. તેમને સાતાનો ઉદય હોવા છતાં તે સાતાજનિત હર્ષપરિણામ નથી, તેથી તેમને તેના ભોક્તાપણાનો સર્વથા અભાવ છે.

હવે કેવળીભગવાનને જેમ હર્ષાદિના ભોકતાપણાનો સર્વથા અભાવ છે, તેમ તેમને યોગનું કંપન કે વાણીનો યોગ પણ હોઈ જ ન શકે – એમ નથી. કેવળજ્ઞાનની સાથે આહાર હોવામાં વિરોધ છે, પરંતુ કેવળજ્ઞાનની સાથે યોગનું કંપન કે દિવ્યધ્વનિ હોવામાં કાંઈ વિરોધ નથી. આત્માના જ્ઞાયકસ્વભાવમાં વિકારનું ભોક્તાપણું જરા પણ નથી – એમ જાણતો થકો જ્ઞાની તે સ્વભાવના આધારે વિકારના ભોગવટાનો ક્ષણેક્ષણે અભાવ

કરતો જાય છે, ને છેવટે વિકારના ભોગવટાનો સર્વથા અભાવ કરીને પૂર્ણ આનંદનો ભોક્તા થઈ જાય છે.

( બાવીસમી અભોકતૃત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયુ. )

❋ ❋ ❋

# નિષ્ક્રિયત્વ શક્તિ

**અનેકાન્તમય આત્માની પ્રસિદ્ધિ કઈ રીતે થાય ? તેનો અનુભવ કઈ રીતે થાય ? તેની આ વાત છે. જ્ઞાનલક્ષણવડે આત્માની પ્રસિદ્ધી થાય છે, તેથી તેને 'જ્ઞાનમાત્ર' કહ્યો છે. જ્ઞાનમાત્રભાવની સાથે અનંત શક્તિઓ પરિણમે છે તેથી ભગવાન આત્માને અને કાન્તપણું સ્વયમેવ પ્રકાશે છે. તેની શક્તિઓનું આ વર્ણન ચાલે છે.**

'સમસ્ત કર્મના ઉપરમથી પ્રવર્તેલી આત્મપ્રદેશોની નિષ્પંદતાસ્વરૂપ નિષ્ક્રિયાત્વ શક્તિ છે.' જ્ઞાનમાત્ર આત્મામાં આવી પણ એક શક્તિ છે.

આત્માના પ્રદેશોમાં હલન–ચલનરૂપ ક્રિયા થાય તે યોગ છે, તે ક્રિયાના નિમિત્તે કર્મો આવે છે; પણ તે કર્મો કે પ્રદેશોના કંપનરૂપ ક્રિયા આત્માનો સ્વભાવ નથી; – જેમ રાગ–દ્વેષથી અસ્થિરતા થાય તે આત્માનો સ્વભાવ નથી, વીતરાગી સ્થિરતા તે જ આત્માનો સ્વભાવ છે, તેમ પ્રદેશોનું કંપન–અસ્થિરતા થાય તે પણ આત્માનો સ્વભાવ નથી, આત્માનો જ્ઞાયકસ્વભાવ તો ઈચ્છા વગરનો અને કંપન વગરનો છે. આત્મા તો વીતરાગી અકંપસ્વભાવી છે. આવા આત્મસ્વભાવની દૃષ્ટિથી ક્ષણે ક્ષણે કર્મનું નિમિત્તપણું છૂટતું જાય છે, ને સર્વકર્મનો અભાવ થઈને સિદ્ધદશા પ્રગટે છે; ત્યાં આત્મા સાદિ–અનંત અકંપપણે સ્થિર રહે છે. ચૌદમાં ગુણસ્થાનથી જ અકંપપણું થઈ જાય છે, ત્યાં આત્માને કર્મનો આસ્ત્રવ સર્વથા અટકી ગયો છે. નીચલી દશામાં કંપન તો હોય, પરંતુ

તે હોવા છતાં, આત્મસ્વભાવ શું છે તેની ઓળખાણ કરવાની આ વાત છે. આત્માનો સ્વભાવ શું છે તેની ઓળખાણ કરવાની આ વાત છે. આત્માનો સ્વભાવ શું છે તેની ઓળખાણ કરવાની આ વાત છે. આત્માનો સ્વભાવ શું છે તે લક્ષમાં લઈને તેની હા તો પાડે, પછી તે સ્વભાવના અવલંબને પર્યાય પણ તેવી જ શુદ્ધ થઈ જશે.

અનાદિથી માંડીને તેરમા ગુણસ્થાન સુધી પ્રદેશોનું કંપન હોય છે. એક સમય પણ પર્યાયમાં અકંપપણું થાય તો મુક્તિ થયા વિના રહે નહિ; અને અકંપ–આત્મસ્વભાવની પ્રતીત કરે તેને પણ મુક્તિ થયા વિના રહે નહીં. નિષ્ક્રિયાત્વ આત્મસ્વભાવ પ્રતીતમાં લેતાવેંત જ પ્રદેશોનું કંપન અટકી જાય – એમ નથી, પરંતુ એટલું ખરું કે તે કંપન હોવા છતાં મિથ્યાત્વાદિનો રજકણો તો તે જીવને આવે જ નહીં.

પ્રદેશોનું કંપન હોવા છતાં સ્વરૂપની શ્રદ્ધા અને સ્થિરતા કરીને કેવળજ્ઞાન પામી શકાય છે, માટે તું તારા સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનને આનંદનો ઉદ્યમ કર, પ્રદેશોનું કંપન કાંઈ તારા શ્રદ્ધા–જ્ઞાન–આનંદને રોકતું નથી. કેવળી ભગવાનને પ્રદેશોનું કંપન હોવા છતાં આત્માનો અકંપસ્વભાવ કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાઈ ગયો છે, તેમ જ અકંપદશા પ્રગટશે તે પણ જણાઈ ગઈ છે. એ જ રીતે નીચલી દશામાં સાધકને તેની પ્રતીત થઈ ગઈ છે.

**પ્રશ્ન** :- આત્માનો સ્વભાવ નિષ્ક્રિય છે કે સક્રિય ?

**ઉત્તર** :- પ્રદેશોના કંપનરૂપ ક્રિયા આત્માનો સ્વભાવ નથી તે અપેક્ષાએ તો આત્મા નિષ્ક્રિય છે; પણ પોતાના જ્ઞાન–આનંદ વગેરેના નિર્મળ પરિણામરૂપે થવાની ક્રિયા તેનો સ્વભાવ છે, તે અપેક્ષાએ આત્મા સક્રિય છે. અહીં પ્રદેશોનાં કંપનના અભાવરૂપ નિષ્ક્રિયતાની વાત છે.

જ્ઞાન–આનંદના સ્વભાવથી ભરેલો આત્મા કંપન વગરના સ્થિર સ્વભાવવાળો છે. જેમ જિનબિંબ હલનચલન વગર ઠરી ગયેલા છે, તેમ આત્માનો સ્વભાવ સ્થિરબિંબ છે. અનંતા સિદ્ધભગવંતો ચૈતન્યની સ્થિર પ્રતિમા થઈ ગયા તેવો જ આત્માનો સ્વભાવ છે, એમ જાણીને હે ચૈતન્ય ! જિનપ્રતિમા થા ! ચૈતન્ય જિનપ્રતિમા થા !

જેમ કોઈ મૂર્ખ, મધ્યબિંદુથી આખો દરિયો ઊછળી રહ્યો છે તેને તો દેખે નહિ ને કાંઠે બહાર આવતા મેલને જ દેખીને કહે કે મેં દરિયો જોયા. – તો ખરેખર તેણે દરિયો જોયો નથી; કેમ કે કાંઠાનો મેલ તે દરિયો નથી, દરિયો તો અંદરથી ઊછાળા

મારતો મેલને બહાર કાઢી નાખે છે; તેમ આ આત્મા અનંત શક્તિઓથી ઊછળતો ચૈતન્યદરિયો છે. હે જીવ ! અંતરમાં અનંત શુદ્ધ શક્તિઓથી ભરચક્ર ચૈતન્યસમુદ્ર ઊછળી રહ્યો છે તેને તો જો ! અનંત શક્તિથી ઊછળતા ચૈતન્યસમુદ્રને તો જે દેખતો નથી ને કાંઠાના મેલની માફક પર્યાયના ક્ષણિક વિકારને જ દેખે છે ને તેને જ આત્મા માને છે તે જીવ મૂર્ખ એટલે કે મિથ્યાદૃષ્ટિ છે. અરે મૂઢ ! તારા આત્માનો સ્વભાવ તો અનંત શક્તિઓના નિર્મળ પરિણમનરૂપે ઊછળીને વિકારને બહાર કાઢી નાંખવાનો છે, માટે અંતર્મુખ નજર કરીને આખા ચૈતન્યદરિયાને દેખ, ને પર્યાયબુદ્ધિ છોડ. શાંતિનો દરિયો તારા આત્મસ્વભાવમાં ભર્યો છે, તેમાં દૃષ્ટિ કર તો તને શાંતિનું વેદન થાય.

તારા આત્માના સ્વભાવ સામે જો....તો તારી અનંત શક્તિઓનું શુદ્ધ પરિણમન ઊછળતાં પર્યાયમાંથી કંપન પણ છૂટીને સાદિ–અકંપ એવી સિદ્ધદશા પ્રગટશે.

ત્રેવીસમી નિષ્ક્રિયત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# નિયતપ્રદેશત્વ શક્તિ

**હે જીવ ! તારું જે કાંઈ છે તે બધુંય તારા અસંખ્ય પ્રદેશમાં જ છે. તારું સુખ કે દુઃખ, તારું જ્ઞાન કે અજ્ઞાન, તારી શાંતિ કે અશાંતિ એ બધુંય તારા અસંખ્યપ્રદેશમાં જ સમાય છે. તારું કાંઈ તારાથી બહાર નથી, માટે તું તારામાં જોતાં શીખ.**

**આત્માના અસંખ્યપ્રદેશની આવી વાત અર્હંતદેવનાં શાસન સિવાય બીજે ક્યાંય હોય નહીં.**

ચોવીસમી 'નિયતપ્રદેશત્વ શક્તિ' છે; તે કેવી છે ? – 'આત્માનું નિજક્ષેત્ર અસંખ્યપ્રદેશી છે, તે અનાદિસંસારથી માંડીને સંકોચ-વિસ્તારથી લક્ષિત છે અને મોક્ષદશામાં તે ચરમશરીરના પરિણામથી કંઈક ઊણા પરિણામે અવસ્થિત થાય છે; આવું લોકાકાશના માપ જેટલા અસંખ્ય આત્મ-અવયવપણું તે નિયતપ્રદેશત્વ શક્તિનું લક્ષણ છે.'

બહારમાં જે આ નાક-કાન વગેરે શરીરના અવયવો છે તે તો જડ છે, તે કાંઈ આત્માના અવયવ નથી. આત્માના અવયવ નથી. આત્મા તો અરૂપી-અવયવવાળો છે, ને અસંખ્યપ્રદેશો તે જ તેના અવયવો છે. લોકાકાશના પ્રદેશોની જેટલી સંખ્યા છે તેટલી જ આત્માના અવયવોની સંખ્યા છે. અને તે દરેક અવયવ જ્ઞાન-આનંદ વગેરે શક્તિથી ભરેલો છે.

આત્માના પ્રદેશો લોક જેટલા હોવા છતાં તે લોકમાં ફેલાઈને રહેલો નથી, કેવળી-સમુદ્‌ઘાત વખતે માત્ર અમુક સમયે જ લોકવ્યાપકપણે તેના પ્રદેશો વિસ્તરે, અને તે

સમુદ્ઘાત કેવળજ્ઞાનીને જ હોઈ શકે. એ સિવાય સંસારદશામાં તે તે શરીરપ્રમાણે આત્માના પ્રદેશોનો સંકોચ–વિસ્તાર થાય છે.

**પ્રશ્ન** :- જ્યારે હાથી જેવડા મોટા શરીરમાં વિસ્તાર પામે ત્યારે જીવના પ્રદેશો વધી જાય, ને જ્યારે કીડી જેવડા નાના શરીરમાં સંકોચ પામે ત્યારે જીવના પ્રદેશો ઘટી જાય – એમ બને કે નહીં ?

**ઉત્તર** :- ના; આત્માના 'નિયત અસંખ્ય પ્રદેશ' છે, તે તો ત્રિકાળ તેટલા જ રહે છે, તેમાં એક પણ પ્રદેશ ઘટતો કે વધતો નથી. નાના કે મોટા ગમે તે આકારમાં સરખેસરખા અસંખ્ય પ્રદેશો રહે છે.

**પ્રશ્ન** :- તો પછી, જ્યારે જીવનો આકાર સંકોચાય ત્યારે તેના પ્રદેશો નાના માપના થઈ જાય અને જ્યારે જીવનો આકાર વિકાસ પામે ત્યારે તેના પ્રદેશો મોટા થઈ જાય એમ છે ?

**ઉત્તર** :- ના; પ્રદેશ એટલે સૌથી છેલ્લો અંશ; તે કદી નાનો–મોટો થતો નથી; એટલે જીવના પ્રદેશો તો એવડા ને એવડા જ છે, તેમની સંખ્યા પણ એટલી ને એટલી જ છે.

**પ્રશ્ન** :- જો જીવના પ્રદેશોની સંખ્યા પણ ઘટતી–વધતી નથી ને તેના પ્રદેશોનું માપ પણ નાનું–માટું થતું નથી, તો જીવમાં સંકોચ–વિસ્તાર કઈ રીતે થાય છે ?

**ઉત્તર** :- પ્રદેશોની તે પ્રકારની હીન–અધીક અવગાહનાથી સંકોચ–વિસ્તાર થાય છે; લોકના અસંખ્ય પ્રદેશ અને એક જીવના અસંખ્ય પ્રદેશ એ બંને સરખા છે; લોકના એકેક પ્રદેશે જીવના જેમ જેમ વધુ પ્રદેશો અવગાહીને રહે તેમ તેમ જીવના આકારનો સંકોચ થાય, ને લોકના એકેક પ્રદેશે જીવના જેમ જેમ ઓછા પ્રદેશો રહે તેમ તેમ જીવના આકારનો વિકાસ થાય, એ રીતે સંકોચ–વિસ્તાર થાય છે. દાખલા તરીકે – જીવ જ્યારે આખા લોકમાં અવગાહીને રહ્યો હોય ત્યારે લોકના દરેક પ્રદેશે જીવનો એકેક પ્રદેશ હોય છે, અને જ્યારે અર્ધા લોકને વ્યાપીને જીવ રહે ત્યારે લોકના દરેક પ્રદેશ જીવના બબ્બે પ્રદેશો હોય છે, એ જ પ્રમાણે જ્યારે લોકના અસંખ્યતામા ભાગને વ્યાપીને જીવ રહે ત્યારે લોકના એકેક પ્રદેશે જીવના 'અસંખ્યાતમા ભાગના અસંખ્ય' પ્રદેશો રહેલા છે. જીવના અસંખ્યપ્રદેશોનું માપ એટલું મોટું છે કે તેને અસંખ્યથી ભાગતાં પણ અસંખ્ય આવે છે. ('અસંખ્ય'ના એક બીજાથી ચડિયાતા નવ પ્રકારો છે, તેમાંથી

જીવના પ્રદેશોનું જે અસંખ્યપણું છે તે આઠમાં પ્રકારનું છે. તેને 'મધ્યમ અસંખ્યાત અસંખ્યાત' કહેવાય છે. તેનો અસંખ્યતમો ભાગ તે પણ અસંખ્ય છે.) જીવનો અવગાહનસ્વભાવ એવો છે કે ગમે તેટલો તે સંકોચાય તો પણ અસંખ્ય પ્રદેશને તો તે રોકે જ; એક જ પ્રદેશમાં જીવના બધા પ્રદેશો રહી જાય – એવો સંકોચ જીવમાં કદી થતો નથી. કંદમૂળની, સોયની અણી ઉપર રહે એટલી નાની કટકીમાં પણ અસંખ્ય શરીરો છે ને એકેક શરીરમાં અનંત જીવો રહેલા છે, તે દરેક જીવે પણ અસંખ્ય પ્રદેશો રોક્યા છે.

**પ્રશ્ન** :- આખા લોકના પ્રદેશો તો અસંખ્યાત જ છે, ને લોકમાં જીવો તો અનંતાનંત છે, તો તે બધા જીવો લોકમાં કઈ રીતે સમાયા ?

**ઉત્તર** :- જીવનો અમૂર્ત સ્વભાવ છે એટલે જ્યાં એક જીવ રહેલો છે ત્યાં જ બીજા જીવના પ્રદેશો પણ રહી શકે છે, અને એ રીતે ભિન્ન ભિન્ન અનંતજીવોના અનંત પ્રદેશો એક પ્રદેશે રહી શકે છે. એક જ જીવના પૂરા–અસંખ્ય પ્રદેશો એક પ્રદેશે કદી ન રહે (કેમકે જીવના પ્રદેશોમાં જ એ પ્રકારનો સંકોચ થવાનો સ્વભાવ નથી), પરંતુ જુદા જુદા અનંત જીવોના અનંત પ્રદેશો એક જ પ્રદેશે રહેલા છે. એ રીતે લોકના અસંખ્ય પ્રદેશોમાં અનંતાનંત જીવો સમાયેલા છે. લોકાગ્રે જ્યાં એક સિદ્ધભગવાન છે ત્યાં જ બીજા અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે, છતાં બધા ભિન્ન ભિન્ન છે, દરેકને પોતપોતાનો આનંદ જુદો છે, દરેકને પોતપોતાનું જ્ઞાન જુદું છે, દરેકને પોતપોતાના આત્મપ્રદેશો જુદા છે; એ રીતે એક ક્ષેત્રે અનંતસિદ્ધો હોવા છતાં દરેકનું અસ્તિત્વ જુદું જુદું છે.

અસંખ્ય પ્રદેશ એટલા ને એટલા રહીને, સંસાર અવસ્થામાં જીવની આકૃતિમાં સંકોચ–વિકાશ થયા કરે છે, પણ મુક્તિ થયા પછી સિદ્ધદશાના પહેલા સમયે જેવો આકાર હોય તેવો આકાર સદાય રહે છે, પછી તેમાં સંકોચ–વિકાસ થતો નથી. અહીં ' ચરમશરીરથી કિંચિત્ ન્યૂન આકારે અવસ્થિત ' એવા અસંખ્યપ્રદેશીપણાને નિયતપ્રદેશત્વ શક્તિનું લક્ષણ કહ્યું, ચરમશરીર તો મોક્ષગામીને જ હોય; એટલે મોક્ષગામી જીવની વાત લીધી. જે જીવ આત્માની શક્તિ તરફ વળ્યો છે તે અલ્પકાળમાં જ ચરમશરીરી થઈને અશરીરી–સિદ્ધ થઈ જશે.

**પ્રશ્ન** :- સિદ્ધદશામાં આકાર હોય ?

**ઉત્તર** :- હા; જીવના અસંખ્ય પ્રદેશો છે તેનો સિદ્ધદશામાં પણ આકાર હોય છે.

**પ્રશ્ન** :- સિદ્ધદશામાં જીવનો કેવો આકાર હોય ?

**ઉત્તર** :- ચરમશરીરથી કિંચિત્ ન્યૂન, એટલે કે મોક્ષદશા પહેલાનું જે છેલ્લું શરીર હતું તે શરીરના આકારથી જરાક ઓછા માપનો આકાર સિદ્ધદશામાં હોય છે. બધાય સિદ્ધભગવંતોને જ્ઞાન સરખું, આનંદ સરખો, પ્રભુતા સરખી, આત્મપ્રદેશની સંખ્યા સરખી, પરંતુ આકાર એકસરખો જ બધાયનો હોય–એવો નિયમ નથી. જો કે એકસરખા આકારવાળા પણ અનંતા સિદ્ધ છે. છતાં બધાય સિદ્ધનો આકાર એકસરખો જ હોતો નથી; કોઈનો આકાર મોટો હોય, કોઈનો નાનો હોય; જેમકે બાહુબલી ભગવાન પાંચસો ને પચીસ ધનુષ ઊંચા હતા, ને મહાવીર ભગવાન એક ધનુષ ઊંચા હતા, સિદ્ધદશામાં પણ તેમનો આકાર તે પ્રકારે જુદો જુદો જ છે.

**પ્રશ્ન** :- સિદ્ધભગવાન તો બધાય સરખા, છતાં ત્યાંય મોટા–નાનાપણું ?

**ઉત્તર** :- એ તો એમ બતાવે છે કે આકારના મોટા–નાનાપણા સાથે જ્ઞાન–આનંદનું માપ નથી. સવાપાંચસો ધનુષનો મોટો આકાર હોય માટે તેને જ્ઞાન–આનંદ વધારે, ને એક ધનુષ જેવડો આકાર હોય માટે તેને જ્ઞાન–આનંદ ઓછા–એમ નથી. પ્રદેશો તો બંનેના સરખા જ છે.

જેની દૃષ્ટિમાં આત્માની સ્વભાવશક્તિનો મહિમા ન આવ્યો તેની દૃષ્ટિ બાહ્યક્ષેત્ર ઉપર થઈ, એટલે બાહ્યમાં ક્ષેત્રની વિશાળતાથી (સર્વવ્યાપકપણાથી) આત્માનો મહિમા કલ્પ્યો, પણ આ શરીર–પ્રમાણ મારા આત્માના અસંખ્યપ્રદેશમાં જ મારી અનંતશક્તિથી પરિપૂર્ણ પ્રભુતા ભરી છે, એનો વિશ્વાસ તેને ન આવ્યો. ખરેખર સર્વવ્યાપકતાથી આત્માનો મહિમા નથી પણ સર્વજ્ઞતાથી આત્માનો મહિમા છે.

અહો, આત્માની એકેક શક્તિના વર્ણનમાં કેટલી સ્પષ્ટતા ભરી છે ! આવી નિજશક્તિને ઓળખે તો અંતરમાં ભગવાન આત્માનો પ્રસિદ્ધ અનુભવ થયા વિના રહે નહીં.

આત્માના પ્રદેશો અસંખ્ય છે, પણ ગુણો અનંત છે, આત્માનો દરેક ગુણ તો અસંખ્ય પ્રદેશમાં વ્યાપીને રહેલો છે, પણ આત્માનો એક પ્રદેશ બધા પ્રદેશમાં વ્યાપતો નથી. અસંખ્ય પ્રદેશો સર્વત્ર જ્ઞાન, આનંદ વગેરે અનંતી શક્તિથી ભરેલા છે, એક ઠેકાણે જ્ઞાનને બીજા ઠેકાણે આનંદ એમ ભિન્ન ભિન્ન ક્ષેત્ર નથી. સંકોચ–વિકાસરૂપ ભિન્ન ભિન્ન

આકારોવડે આત્મા એકરૂપ લક્ષિત થતો નથી, કેમકે કોઈ પણ આકાર ત્રિકાળ નથી રહેતો, તેથી સંકોચ–વિસ્તારવડે તો માત્ર એક સમયનો આકાર લક્ષિત થાય છે, ને આત્માનું અસંખ્યપ્રદેશીપણું તો ત્રિકાળ એકરૂપ રહે છે, એટલે તે દ્રવ્યનો સ્વભાવ છે. – આમ હોવા છતાં એકલું અસંખ્યપ્રદેશીપણું તે કાંઈ આત્માનું લક્ષણ નથી કેમ કે અસંખ્યપ્રદેશીપણું તો ધર્માસ્તિકાય વગેરે જડ દ્રવ્યોમાં પણ છે; આત્માનું લક્ષણ તો 'જ્ઞાન' છે, તેના વડે જ આત્મા લક્ષિત થાય છે. અહીં 'જ્ઞાનલક્ષણ' તેને જ કહ્યું કે જે જ્ઞાન અંતર્મુખ થઈને આત્માને લક્ષિત કરે,–આત્માને પ્રસિદ્ધ કરે,–આત્માનો અનુભવ કરે. જો રાગ સાથે એકતા કરીને રાગને જ પ્રસિદ્ધ કરે,–ન અનુભવે તો તે જ્ઞાન ખરેખર જ્ઞાન જ નથી પણ અજ્ઞાન છે, તેને આચાર્યદેવ આત્માનું લક્ષણ નથી કહેતા. અહીં તો જ્ઞાનવડે પોતે પોતાના આત્માને પ્રસિદ્ધ કરવાની વાત છે; જે જ્ઞાન પોતે પોતાના આત્માને પ્રસિદ્ધ ન કરે ને પરને જ પ્રસિદ્ધ કરે તો તો તે પરનું લક્ષણ થઈ ગયું, તે આત્માનું લક્ષણ ન થયું.–એટલે કે તે જ્ઞાન મિથ્યા થયું.

આત્માના અસંખ્યપ્રદેશો સંખ્યાથી તો નિયત છે, તે ઉપરાંત સ્થાનથી પણ તેમનામાં નિયતપણું છે.(–માળાના મણકાની જેમ). આત્માના આવા અસંખ્યપ્રદેશોનો નિર્ણય આગમથીને યુક્તિથી થાય, પણ છદ્મસ્થને તે પ્રત્યક્ષ ન દેખાય; જેમ જ્ઞાન–આનંદનું સાક્ષાત્ સંવેદન થાય છે, તેમ અસંખ્ય પ્રદેશો સાક્ષાત્ ન દેખાય; પરંતુ, 'જેટલા ભાગમાં મને મારા જ્ઞાન–આનંદનું સંવેદન થાય છે તેટલા અસંખ્યપ્રદેશમાં જ મારું અસ્તિત્વ છે'– એમ નિર્ણય થઈ શકે.

આ અધિકારના છેડે ઉપસંહાર કરતાં આચાર્યદેવ કહેશે કે – આવી અનેકાન્તસ્વરૂપ વસ્તુ છે, તેને જાળવી તે જૈનનીતિ છે. આવી જૈનનીતિને જે સત્પુરુષો ઓળગંતા નથી તેઓ સ્વયં જ્ઞાનસ્વરૂપ થાય છે; એટલે કે આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ થઈ જાય–તે અનેકાન્તનું ફળ છે. એ જ વાત બીજી રીતે કહીએ તો જ્ઞાનને અંતર્મુખ કરીને જ્ઞાયકસ્વભાવી આત્માને પકડવો તે જ ખરો અનેકાન્ત છે, ને તે જ જૈનમાર્ગની નીતિ છે.

આત્માના અસંખ્યપ્રદેશો સર્વત્ર અનંતગુણોથી ભરેલા છે. તે ગુણોમાં એવી અંશકલ્પના નથી કે ગુણનો અમુક ભાગ એક પ્રદેશમાં ને અમુક ભાગ બીજા પ્રદેશમાં; આત્માના અસંખ્ય પ્રદેશોમાં કોઈ પ્રદેશ ગુણથી હીન કે અધિક નથી. હે જીવ ! તારું

જે કાંઈ છે તે બધુંય તારા અસંખ્યપ્રદેશમાં જ છે, તારા અસંખ્ય પ્રદેશની બહાર તારું કાંઈ નથી. તારું સુખ કે દુઃખ તારું જ્ઞાન કે અજ્ઞાન, તારી શાંતિ કે અશાંતિ, તારી વીતરાગતા કે રાગદ્વેષ, તે બધુંય તારા અસંખ્યપ્રદેશમાં જ છે. જ્યાં અશાંતિનું વેદન થાય છે ત્યાં જ તારો જ્ઞાનસ્વભાવ રહેલો છે, જ્યાં દુઃખનું વેદન છે ત્યાં જ તારો આનંદસ્વભાવ પરિપૂર્ણ છે, જ્યાં રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે તે જ ઠેકાણે તારો વીતરાગી સ્વભાવ વિદ્યમાન છે. માટે, અશાંતિ ટાળીને શાંતિ કરવા કે રાગ–દ્વેષ ટાળીને વીતરાગતા કરવા ક્યાંય બહારમાં ન જો, પણ તારા સ્વભાવમાં જ જો, તું પોતે જ જ્ઞાન–સુખ–શાંતિ વીતરાગતાથી ભરેલો છે. તારા આત્માનો એકેય પ્રદેશ એવો નથી કે જ્યાં જ્ઞાન–સુખ શાંતિ વીતરાગતારૂપ સ્વભાવ ન ભર્યો હોય, માટે તે સ્વભાવને જોતાં શીખ તો તને તારા જ્ઞાન–સુખ–શાંતિને વિતરાગનાનો વ્યકત અનુભવ થાય. બહારમાં જોયે જ્ઞાન–સુખ–શાંતિ કે વીતરાગતાનું વેદન નહિ થાય કેમકે તારું જ્ઞાન–સુખ–શાંતિ કે વીતરાગતા ક્યાંય બહારમાં નથી.

આત્મા પોતાની ઈચ્છા અનુસાર પરનું કામ કરી શકે એમ તો બનતું નથી, અને ઈચ્છા પ્રમાણે જ પ્રદેશોનો સંકોચ વિકાસ થાય એમ પણ બનતું નથી. કેમકે જીવની પ્રદેશશક્તિનું કાર્ય સ્વતંત્ર છે, એટલે ઈચ્છાને આધીન તે કાર્ય થતું નથી, પણ પ્રદેશોની તે પ્રકારની લાયકાતથી થાય છે. તે જ પ્રમાણે 'હું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કરું કે મોક્ષ પામું' એવી ઈચ્છાવડે સમ્યગ્દર્શનાદિ થતા નથી, પણ અંતર્સ્વભાવનું અવલંબન લઈને તે–રૂપે પરિણમન કરે તો જ સમ્યગ્દર્શનાદિ થાય છે. સમ્યગ્દર્શનાદિનું પરિણમન આત્માની શક્તિમાંથી થાય છે, કાંઈ ઈચ્છામાંથી નથી થતું; માટે આત્માની શક્તિનું અવલંબન કર, ને ઈચ્છાને નિરર્થક જાણ.

જીવ અને શરીર એકક્ષેત્રે રહેલા હોય ને તેમની ક્રિયા એક સાથે થાય તેથી કાંઈ તેમને એકબીજાના કર્તા કહી શકાય નહીં. જ્યાં સિદ્ધભગવંતો બિરાજે છે ત્યાં જ નિગોદના જીવ પણ રહેલા છે, સિદ્ધભગવંતો તો પોતાની પરમ આનંદરૂપ સિદ્ધદશારૂપે પરિણમી રહ્યા છે ને તે જ વખતે તથા તે જ ક્ષેત્રે રહેલ નિગોદનો જીવ પરમદુઃખરૂપ ક્ષેત્રે બંનેનું કાર્ય થયું તેથી તે બંનેને એક કહી શકાશે ? અથવા એકબીજાના કર્તા કહી શકાશે ?–ના; એ જ પ્રમાણે જીવ અને શરીરના સંકોચ–વિકાસનું કાર્ય એક ક્ષેત્રને એક કાળે થાય તેથી કાંઈ તે બંનેને એક ન કહી શકાય, અથવા એકબીજાના કર્તા પણ ન કહી

શકાય.– આમ ન્યાયથી બે દ્રવ્યોની ભિન્નતા ઓળખે તો બધાય પરમાંથી મોહ(–આત્મબુદ્ધિ) છૂટી જાય, ને ચૈતન્યસ્વરૂપ પોતાના આત્મામાં જ બુદ્ધિ વળી જાય. એ રીતે બુદ્ધિને એટલે મતિશ્રુતજ્ઞાનને આત્મસ્વભાવની સન્મુખ કરવા તે અપૂર્વ ધર્મની રીત છે.

જીવનો નાનો મોટો આકાર શરીરના કે આકાશના નિમિત્તે છે, પણ એકલા જીવનો સ્વ–આકાર તો નિશ્ચયથી સર્વજ્ઞભગવાને અસંખ્યપ્રદેશી જોયો છે. આ સિવાય શરીરના અવયવો તો જડની રચના છે, તેને આત્માના માનવા તે ભ્રમ છે. ભાઈ, તારું ચૈતન્યશરીર અસંખ્યપ્રદેશી છે, ને તે જ તારા અવયવ છે. અસંખ્યપ્રદેશે અનંતશક્તિઓ ભરેલી છે. ખરેખર તું જડ શરીરમાં નથી રહ્યો, પણ તારા અસંખ્ય પ્રદેશોમાં જ તું રહ્યો છે. અસંખ્યપ્રદેશી ક્ષેત્ર તે જ તારું ઘર છે, તે જ તારું રહેઠાણ છે, તેમાં જ તારો વાસ છે.

નિગોદમાંથી નીકળીને મનુષ્ય થઈ કોઈ જીવ કેવળજ્ઞાન અને સિદ્ધદશા પામે, ત્યાં પહેલાં નિગોદદશામાં જે અસંખ્યપ્રદેશો હતા તે જ અસંખ્યપ્રદેશો સિદ્ધદશામાં છે, કાંઈ બીજા નવા પ્રદેશો નથી આવ્યા. અસંખ્યપ્રદેશમાં જે શક્તિ ભરી હતી તે શક્તિ પ્રગટ થઈ. બાહ્ય આકૃતિથી મહત્તા નથી પણ અસંખ્યપ્રદેશમાં જે સ્વભાવ ભર્યો છે તે સ્વભાવની મહત્તા નથી પણ અસંખ્યપ્રદેશમાં ભરેલા આત્મસ્વભાવને જાણે તો દેહાદિ સમસ્ત પદાર્થોનો અહંકાર કે મહિમા છૂટી જાય, દેહ છૂટવાના પ્રસંગે પણ આવા સ્વભાવના લક્ષે શાંતિ હાજર રહે. શરીરમાં હું છું જ નહિં, હું તો મારા અસંખ્યપ્રદેશમાં જ છું – એવા ભિનતાના બોધવડે મૃત્યુપ્રસંગે પણ સમાધિ રહે છે.

આ રીતે ચોવીસમી શક્તિનું વર્ણન પૂરું થયું.

❋ ❋ ❋

# સ્વધર્મવ્યાપકત્વ શક્તિ

**રે જીવ ! સંસાર પરિભ્રમણ કરતાં અનંત શરીરોમાંથી તું પસાર થયો છતાં તારો આત્મા શરીરના ધર્મમાં વ્યાપી ગયો નથી એટલે કે જડ થઈ ગયો નથી પણ જ્ઞાનાદિ સ્વધર્મમાં જ વ્યાપીને ચૈતન્યસ્વરૂપે જ રહ્યો છે. – આમ જાણીને તું પ્રસન્ન થા.... અને તારા આત્માને સ્વધર્મમાં રહેલો જ અનુભવ.**

જ્ઞાનસ્વરૂપ આત્મામાં એક એવી શક્તિ છે કે અનાદિકાળથી દેવ–મનુષ્ય–નારક–તિર્યંચના અનેક શરીરો ધારણ કર્યા છતાં તે પોતે તો એકસ્વરૂપે જ રહ્યો છે; આત્મા અનેક શરીરોરૂપે થઈ ગયો નથી પણ પોતાના અનંત ધર્મોરૂપે જ રહ્યો છે. આ રીતે 'સર્વ શરીરોમાં એક સ્વરૂપાત્મક એવી સ્વધર્મવ્યાકત્વ શક્તિ આત્મામાં છે.' એટલે શરીરના ધર્મરૂપે ન થતાં આત્મા પોતાના ધર્મોમાં જ રહે છે. મનુષ્યદેહ હોય ત્યાં અજ્ઞાનીને દેહબુદ્ધિથી એમ લાગે છે કે હું મનુષ્ય છું, તિર્યંચનો દેહ હોય ત્યાં એમ લાગે છે કે હું તિર્યંચ છું, – એમ જે જે શરીર હોય તે શરીરરૂપે જ પોતાને માને છે; અહીં આચાર્યપ્રભુ સમજાવે છે કે અરે જીવ ! તું શરીરરૂપે થઈ ગયો નથી. જુદા જુદા અનંત શરીરો ધારણ કર્યાને છૂટ્યાં છતાં તારો આત્મા તો તે ને તે જ રહ્યો છે. મનુષ્ય અવતાર વખતે તું કાંઈ મનુષ્યશરીરમાં વ્યાપીને રહ્યો નથી, તું તો તારા જ્ઞાનાદિ અનંતધર્મોમાં જ વ્યાપીને રહ્યો છે. માટે તું તારા નિજધર્મોને દેખ.

આત્મા તો પોતાના જ્ઞાનધર્મમાં રહેલો છે ને શરીર તો અચેતન–જડધર્મમાં રહેલું

છે, એટલે આત્મા તો જાણનાર ધર્મવાળો છે, ને શરીર તો કંઈ પણ ન જાણે એવા જડધર્મવાળું છે; આ રીતે બંનેના ધર્મો પ્રગટ ભિન્ન ભિન્ન છે. પોતાના જ્ઞાનધર્મથી તે તે વખતના શરીરને જાણતાં ' આ શરીર જ હું છું ' એમ માનીને અજ્ઞાની જીવ પોતાના જ્ઞાનધર્મને ભૂલી જાય છે. દેહને જાણવાનો આત્માનો સ્વભાવ છે પણ પોતે દેહરૂપે થઈ જાય – એવો આત્માનો સ્વભાવ નથી, પોતે તો પોતાના જ્ઞાનાદિ સ્વભાવરૂપ ધર્મમાં જ રહે છે.

જુઓ, અનાદિથી જીવ રાગ–દ્વેષ–મોહ કરતો આવે છે છતાં જીવનો સ્વભાવ તે –રૂપ થઈ ગયો નથી. જેમ શરીરો અનેક ધારણ કર્યા છતાં આત્મા શરીરમય થઈ ગયો નથી, તેમ પોતાની અવસ્થામાં ક્ષણે ક્ષણે અનાદિથી રાગાદિ કરતો આવે છે છતાં આત્માનો સ્વભાવ તે રાગમય થઈ ગયો નથી. વિકાર ભાવ સળંગપણે રહેતા નથી, પણ આત્મા પોતાના અનંતધર્મો સહિત સળંગપણે અનાદિ–અનંત એકરૂપ વર્તે છે, માટે વિકાર તેનું વાસ્તવિક સ્વરૂપ નથી. અનંત ધર્મોમાં વ્યાપવાપણું ત્રિકાળ છે તે જ વાસ્તવિક સ્વરૂપ છે. આવા સ્વરૂપને ઓળખે તો પર્યાયમાંથી રાગાદિનું વ્યાપવાપણું છૂટી જાય ને નિર્મળતા વ્યાપે.

અજ્ઞાની તો પોતાના આત્માને દેહમાં કે રાગમાં જ વ્યાપેલો અનુભવે છે, જ્ઞાની તો જ્ઞાન–આનંદ વગેરે અનંતધર્મોમાં વ્યાપક્રમણે પોતાના આત્માને અનુભવે છે. એટલે તેના અનુભવમાં જ્ઞાન–આનંદ વગેરે અનંત ધર્મની શુદ્ધતાનું વેદન છે. 'મારો આત્મા સદાય દર્શન–જ્ઞાન–ચારિત્ર–આનંદ વગેરે મારા નિજધર્મોમાં જ રહેલો છે' એમ શ્રદ્ધા કરે તેને દર્શન–જ્ઞાન–ચારિત્ર–આનંદ વગેરે બધાય ધર્મોનું શુદ્ધ પરિણમન થયા વિના રહે નહિ.

બે માણસો ભેગા થાય ત્યાં પૂછે છે કે 'ક્યાં રહેવું ?' તેમ અહીં આત્માને કોઈ પૂછે કે 'ક્યાં રહેવું ?'– તો જ્ઞાની કહે છે કે 'અમારા નિજધર્મોમાં રહેવું.' આત્મા પોતાના નિજધર્મોમાં જ રહે છે, નિજધર્મને છોડીને આત્મા કદી બહાર રહેતો નથી. આત્મા શરીરમાં તો નથી રહ્યો, પણ એકલા રાગાદિમાં રહે તેને પણ ખરેખર આત્મા કહેતા નથી. આત્મા તો પોતાના અનંતધર્મો અને તેની નિર્મળ પર્યાયોમાં રહેનાર છે. આવા સ્વરૂપે ઓળખે તો જ આત્માને ઓળખ્યો છે.

**પ્રશ્ન** :- અત્યારે તો આત્મા શરીરમાં રહ્યો છે ને ?

**ઉત્તર** :- અરે ભાઈ, અત્યારે પણ શું આત્મા પોતાના જ્ઞાનસ્વભાવને છોડીને શરીરરૂપે થઈ ગયો છે ? – શરીરમાં આત્મા કઈ રીતે રહ્યો ? શરીરનું એક વાર પૃથક્કરણ તો કરી જો ! જડ પરમાણુના પિંડનું બનેલું આ શરીર તો લોહી–માંસ–ચરબી વગેરે સાત ધાતુનું ઢીંગલું છે, ને આ ભગવાન આત્મા તો ચૈતન્યધાતુનો પિંડ છે. એકબીજાના સંયોગમાં રહ્યા તેથી આત્મા શરીરમાં રહ્યો એમ લોકો બોલે છે, પણ ખરેખર તો અત્યારે પણ આત્મા પોતાના ગુણ–પર્યાયરૂપ ધર્મોમાં જ રહ્યો છે, દેહના ધર્મોમાં તે રહ્યો નથી. શરીર તો અચેતન પુદ્‌ગલોથી રચાયેલું છે, આત્મા કાંઈ અચેતન નથી, આત્મા તો ચૈતન્યમૂર્તિ છે. અચેતન–શરીરમાં ચૈતન્યમૂર્તિ આત્મા કેમ રહે ? આત્મા તો પોતાના ચૈતન્યધર્મમાં જ રહ્યો છે. અહો, દેહ અને આત્માનું આવું સ્પષ્ટ ભિન્નપણું હોવા છતાં મોહને લીધે અજ્ઞાની જીવને તેની ભિન્નતા દેખાતી નથી.

હનુમાનજી તે વાનરવંશના રાજકુમાર હતા, વિદ્યાધર હોવાથી તેઓ આકાશગમન કરી શકતા, તેમના પિતાનું નામ પવનકુમાર હોવાથી તેઓ 'પવનપુત્ર' પણ કહેવાય. તેમનું મૂળ નામ શ્રી શૈલેષકુમાર હતું. તેઓ કામદેવ હતા એટલે છ ખંડમાં ઉત્તમ તેમનું રૂપ હતું. એ જ પ્રમાણે શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નકુમાર પણ કામદેવ હતા, આદિનાથ પ્રભુના પુત્ર બાહુબલિકુમાર પણ કામદેવ હતા; તે બધાને દેહથી ભિન્ન ચિદાનંદસ્વરૂપી આત્માનું ભાન હતું, છ ખંડમાં રૂપાળું શરીર હોવા છતાં તે શરીરમાં આત્મબુદ્ધિ ભાન હતું, છ ખંડમાં રૂપાળું શરીર હોવા છતાં તે શરીરમાં આત્મબુદ્ધિ સ્વપ્નેય તેમને ન હતી, જેમ થાંભલાથી આત્મા જુદો છે તેમ દેહથી પણ આત્માને અત્યંત જુદો જાણતા હતા; આત્માના સ્વધર્મના ભાનમાં દેહાદિથી તો ઉદાસ–ઉદાસ હતા; સ્વપ્નેય તેમાં સુખ ભાસતું ન હતું. જેમ કોઈ મુસાફર રસ્તા ઉપરથી જતો હોય ત્યાં એક પછી એક ઝાડની છાયામાંથી પસાર થતો જાય છે, પણ હું આ ઝાડની છાયારૂપે થઈ ગયો – એવી કલ્પના તેને થતી નથી; આંબા, અશોક, ચંપા, જાંબુડા, દ્રાક્ષ, સોપારી, નાળિયેરી વગેરે અનેક પ્રકારના ઝાડની છાયામાંથી પસાર થવા છતાં મનુષ્ય તો તેને તે જ એકસ્વરૂપે રહ્યો છે, તે કાંઈ મનુષ્ય મટીને ઝાડની છાયારૂપે થઈ જતો નથી. તેમ સંસાર–પરિભ્રમણ કરતો જીવમુસાફર એક પછી એક શરીરો ધારણ કરે છે ને છોડે છે, અનેક શરીરોમાંથી પસાર થવા છતાં 'હું આ શરીરરૂપે થઈ ગયા' એવી કલ્પના પણ જ્ઞાનીને થતી નથી. દેવ–મનુષ્ય–બળદ વગેરે શરીરોમાંથી પસાર થવા છતાં આત્મા તો સોંસરવટ તેને તે

જ એકસ્વરૂપે રહ્યો છે, આત્મા ચેતન મટીને જડ શરીરરૂપે થઈ ગયો નથી. ભાઈ! આમ સ્પષ્ટપણે તારું સ્વરૂપ દેહથી અત્યંત જાુદું છે, તો જાુદાને જાુદારૂપે માનવામાં તને શું વાંધો આવે છે !!! જડથી જાુદો તારો આત્મા એવો ને એવો ચૈતન્યસ્વરૂપે રહ્યો છે એમ જાણીને તું પ્રસન્ન થા...ને તારા આત્માને સ્વધર્મમાં રહેલો જ અનુભવ. બધાય આત્મામાં આવી શક્તિ છે કે તે સ્વધર્મમાં જ રહે છે. આવા નિજધર્મને જે ઓળખે તેને શરીરનો સંબંધ છૂટીને અશરીરી મુક્તદશા થયા વિના રહે નહીં.

શરીરની ક્રિયા આત્મા કરે અથવા શરીરની ક્રિયાથી આત્માને ધર્મ થાય – એમ જેણે માન્યું તેણે આત્માને 'સ્વધર્મવ્યાપક' ન માન્યો પણ જડ શરીરના ધર્મોમાં વ્યાપક માન્યો. એટલે કે આત્માને જડરૂપ માન્યો, ને જડને આત્મારૂપ માન્યું, જીવને અજીવ માન્યો અને અજીવને જીવ માન્યો–તે મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ તે જ અધર્મની મહાન્ ક્રિયા છે. આત્મા તો જ્ઞાનાદિ સ્વધર્મોમાં જ રહેલો છે, ને શરીરથી તો જાુદો જ છે– એમ બંનેના ધર્મોને ભિન્ન ભિન્ન ઓળખીને, સ્વધર્મમાં વ્યાપક આત્માની શ્રદ્ધા કરવી તે અપૂર્વ સમ્યક્ત્વ છે. તે સમ્યક્ત્વ થતાં આત્મા પોતાની નિર્મળ પર્યાયોમાં વ્યાપે છે; અને તે જ ધર્મની ક્રિયા છે.

શરીરાદિ જડ પદાર્થોમાં તો ત્રણ કાળમાં એક ક્ષણ પણ આત્મા વ્યાપ્યો જ નથી. અજ્ઞાનદશામાં રાગાદિને જ નિજસ્વરૂપ માનીને તેમાં વ્યાપતો હતો, તે વખતે સ્વધર્મવ્યાપકશક્તિનું ભાન ન હતું. હવે, 'મારા આત્માના સ્વભાવ તો મારા અનંતધર્મોમાં જ વ્યાપેલો છે, વિકારમાં કે પરમાં વ્યાપવાનો મારો સ્વભાવ નથી'– એવું સમ્યગ્જ્ઞાન થતાં સાધક જીવ પોતાની નિર્મળ પર્યાયોમાં જ તન્મય થઈને તેમાં વ્યાપે છે. રાગાદિમાં પણ તે તન્મય થઈને વ્યાપતો નથી; તેને રાગાદિ ટળીને અલ્પકાળમાં મુક્તદશા થઈ જાય છે.

**પ્રશ્ન** :- આત્મા તો સ્વ–ધર્મમાં સદાય રહેલો જ છે. તો પછી તેને ધર્મ કરવાનું કેમ કહો છો ?

**ઉત્તર** :- જો 'આત્મા સદાય સ્વધર્મમાં રહેલો છે' એવું ભાન કરે તો તો તે જીવને પર્યાયમાં પણ સમ્યગ્દર્શનાદિ ધર્મ થઈ જાય. દ્રવ્યસ્વભાવથી આત્મા ત્રિકાળ પોતાના જ્ઞાનાદિ ધર્મોમાં વ્યાપેલો છે, પરંતુ અનાદિથી અજ્ઞાનીને તેનું ભાન નથી, તેથી પર્યાયમાં તેને નિજધર્મનો અનુભવ થતો નથી. માટે તેને કહે છે કે તું તારા નિજધર્મને ઓળખીને

તેનો અનુભવ કર તો તેને પર્યાયમાં સમ્યગ્દર્શનાદિ ધર્મ થાય.

સમયસારની ૧૮મી ગાથા પછીની ટીકામાં પણ આવી જ શૈલીનો પ્રશ્ન પૂછ્યો છે. જ્ઞાનસ્વરૂપ આત્માને નિરંતર સેવવાનો ( અનુભવવાનો ) ઉપદેશ આપ્યો, ત્યાં શિષ્ય પૂછે છે કે–પ્રભો ! આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યરૂપે–એકમેક છે, જુદો નથી, તેથી જ્ઞાનને સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાનો ઉપદેશ કેમ આપવામાં આવે છે ?

ત્યારે તેનું સમાધાન કરતાં આચાર્યદેવ કહે છે કે એમ નથી; જો કે આત્મા જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે તો પણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી; કારણકે સ્વયંબુદ્ધત્વ અથવા બોધિત્વબુદ્ધત્વ – એ કારણપૂર્વક જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. એટલે કે સ્વભાવથી તો આત્મા સદાય જ્ઞાનસ્વરૂપ હોવા છતાં, પર્યાયમાં અનાદિથી અજ્ઞાનને સેવી રહ્યો છે, જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને પર્યાયમાં તેનું સેવન કદી એક ક્ષણ પણ કર્યું નથી. અને જ્યાં સુધી પર્યાયમાં જ્ઞાનસ્વભાવનું સેવન ન કરે ત્યાં સુધી તે આત્મા અજ્ઞાની છે; જ્યારે અંતર્મુખ થઈને પર્યાયને જ્ઞાનસ્વભાવમાં એકાકાર કરીને તેનું સેવન(શ્રદ્ધા–જ્ઞાન–લીનતા) કરે ત્યારે આત્મા જ્ઞાની થાય છે. એ રીતે પર્યાયમાં જ્ઞાન નવું પ્રગટે છે. તેમ અહીં આત્માને સ્વધર્મવ્યાપક કહ્યો તેમાં એ પ્રમાણે સમજવું. સ્વભાવથી પોતાના સ્વધર્મમાં ત્રિકાળ વ્યાપેલો હોવા છતાં તેનું ભાન કરે ત્યારે પર્યાયમાં તેનું નિર્મળ પરિણમન થાય અને પર્યાયમાં ધર્મ પ્રગટે. **આ રીતે નિર્મળ પર્યાયને સાથે ભેળવીને આ શક્તિઓનું વર્ણન છે તે વાત ઘણીવાર સ્પષ્ટ કરવામાં આવી છે. નિર્મળ પર્યાયને સાથે ભેળવ્યા વગર શક્તિની પ્રતીત કરી કોણે ? પ્રતીત કરવાનું કાર્ય તો નિર્મળ પર્યાયમાં જ થાય છે; એટલે નિર્મળપર્યાય ભેગી ભેળવીને પ્રતીત કરે તેને જ આત્માની સાચી પ્રતીત થાય છે.** પર્યાયમાં જરા પણ નિર્મળતા થયા વગર એકલી શુદ્ધ શક્તિની પ્રતીત કરવાનું માને તો તેને સાચી પ્રતીત થતી નથી, પણ એકાંત થઈ જાય છે.

મૂઢ–અજ્ઞાની જીવો ચૈતન્યનું વાસ્તુ છોડીને, જડમાં ને વિકારમાં પોતાનો વાસ માની રહ્યા છે. તેને સમજાવે છે કે અરે જીવ ! તે તારો વાસ નથી, વિકારમાં વસવાનો તારો સ્વભાવ નથી, તારો સ્વભાવ તો તારા શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરે અનંતધર્મોમાં વસવાનો છે; માટે તારા સ્વભાવને ઓળખીને તેમાં વાસ કર–તેની શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા કર; ને વિકારની વાસના છોડ. પોતાના અનંતધર્મોમાં પોતાનું વાસ્તુ છે તેને ન માનતાં,

જડ શરીર વગેરેમાં પોતાનો વાસ જે માને છે તે સ્થુળ અજ્ઞાની છે, તેને જૈનધર્મની ગંધ પણ નથી. 'અનંતધર્મોમાં આત્મા રહ્યો છે' એમ કહેતાં અનંતધર્મો અને તેમાં રહેનારો આત્મા – એમ જુદી જુદી બે ચીજ ન સમજવી, પરંતુ આત્મા પોતે જ અનંતધર્મ સ્વરૂપ છે; અનંતધર્મોથી ભિન્ન બીજું કાંઈ આત્મત્વ નથી. આવા અનંતધર્મસ્વરૂપ એકાકાર પોતાના આત્માને ઓળખવો તે અનેકાન્ત છે ને તે અનેકાન્તનું ફળ પરમ અમૃત છે એટલે કે આત્માને ઓળખીને તેનો અનુભવ કરતાં પરમ આનંદરૂપ અમૃતનો સ્વાદ અનુભવવામાં આવે છે.

સ્વધર્મવ્યાપકત્વ શક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વ શક્તિ

**અંતર્મુખદ્રષ્ટિવડે જેમ વિકારને અને જ્ઞાનને જુદા પાડીને જ્ઞાનસ્વભાવનો અનુભવ થઈ શકે છે, તેમ જ્ઞાન અને આનંદને જુદા પાડી શકાતા નથી, કેમકે તે તો બંને આત્માના સ્વભાવરૂપ છે.**

'સ્વ–પરના સમાન, અસમાન, અને સમાન–અસમાન એવા ત્રણ પ્રકારના ભાવોના ધારણસ્વરૂપ ભાવોના ધારણસ્વરૂપ સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વ શક્તિ છે.'

આત્મામાં અનંત ધર્મો છે, પણ તે બધા એકસરખા નથી; તેમાં કેટલાક સાધારણ છે, કેટલાક અસાધારણ છે ને કેટલાક સાધારણ–અસાધારણ છે; એ રીતે ત્રણ પ્રકારના ધર્મોને ધારણ કરવાની આત્મામાં શક્તિ છે. તે શક્તિનું નામ 'સાધારણ–અસાધારણ–સાધારણાસાધારણધર્મત્વ શક્તિ' છે.

સાધારણ ધર્મ એટલે શું ?

– જે ધર્મ જીવમાં હોયને જીવ સિવાયના બીજા દ્રવ્યોમાં પણ તે સાધારણ ધર્મ છે,–જેમકે અસ્તિત્વધર્મ જીવ તેમજ અજીવ સમસ્ત દ્રવ્યોમાં છે તેથી તે સાધારણ ધર્મ અથવા સામાન્ય ગુણ છે.

અસાધારણધર્મ એટલે શું ?

– કે જે ધર્મ જીવમાં જ હોય, ને જીવ સિવાયના બીજા કોઈ પદાર્થમાં ન હોય તે જીવનો અસાધારણ ધર્મ છે; જેમ કે જ્ઞાનધર્મ જીવમાં જ છે, ને જીવ સિવાયના બીજા કોઈ દ્રવ્યોમાં નથી તેથી તે જીવનો અસાધારણ ધર્મ અથવા વિશેષ ગુણ છે.

ત્રીજો પ્રકાર સાધારણ–અસાધારણ ધર્મ છે, એટલે શું ?

– કે જીવનો જે ધર્મ બીજા કેટલાક દ્રવ્યો સાથે સમાન હોય ને કેટલાક સાથે અસમાન હોય, તેને સાધારણ–અસાધારણ ધર્મ કહેવાય છે. જેમકે જીવમાં અર્મૂતત્વધર્મ છે તે આકાશ વગેરે પણ છે તેથી આકાશ વગેરેની અપેક્ષાએ તે સાધારણ છે, ને પુદ્ગલમાં અમૂર્તપણું નથી તેથી પુદ્ગલની અપેક્ષાએ તે અસાધારણ છે, એ રીતે અમૂર્તપણું તે જીવનો સાધારણ–અસાધારણ ધર્મ છે.

આ રીતે ત્રણ પ્રકારના ધર્મો જીવમાં એક સાથે છે. ધર્મો તો અનંત છે, પણ આ ત્રણ પ્રકારમાં તે બધા ધર્મો સમાઈ જાય છે.

આત્મા છે ?–કે હા; આત્મા પણ છે અને આત્મા સિવાયના બીજા પદાર્થો પણ છે. હોવાપણું એટલે કે અસ્તિત્વ બધાય પદાર્થોમાં છે, તેથી તે સામાન્ય ધર્મ છે. એકલા અસ્તિત્વથી આત્માનું અન્ય દ્રવ્યથી જાુદું સ્વરૂપ લક્ષમાં આવતું નથી.

આત્મા છે તો ખરો, પણ તે કેવો છે ?

– કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. જ્ઞાન–આનંદ વગેરે ધર્મોથી જોતાં આત્મા સમસ્ત અન્ય દ્રવ્યોથી ભિન્ન લક્ષમાં આવે છે, કેમકે આત્મા સિવાય બીજે ક્યાંય જ્ઞાન કે આનંદ નથી. આ રીતે જ્ઞાન–આનંદ તે આત્માના અસાધારણ ધર્મ છે, આત્માની તે ખાસ વિશેષતા છે. તે વિશેષતાવડે આત્મા અન્ય દ્રવ્યોથી જાુદો પડી જાય છે.

વળી આત્માને અમૂર્ત કહેવાથી પણ તેનું વાસ્તવિક સ્વરૂપ બધા પદાર્થોથી જાુદું લક્ષમાં નથી આવતું, કેમ કે અમૂર્ત તો આકાશ પણ છે; અમૂર્ત કહેવાથી ફક્ત મૂર્ત–પુદ્ગલદ્રવ્યથી અસાધારણપણું જણાય છે, માટે તે ધર્મને સાધારણ–અસાધારણ ધર્મ કહેવાય છે.

આ રીતે, અસ્તિત્વ વગેરે સાધારણ ધર્મો, જ્ઞાન–આનંદ વગેરે અસાધારણ ધર્મો, તેમજ અમૂર્તપણું વગેરે સાધારણ–અસાધારણ ધર્મો, એમ ત્રણે પ્રકારના ધર્મો આત્મામાં છે. 'આત્મા સત્ ચૈતન્ય અમૂર્તિક છે'– એમ કહેતાં ઉપરના ત્રણે પ્રકારના ધર્મો તેમાં આવી જાય છે.

જ્ઞાનગુણ બધાય જીવોમાં છે, તો પણ આ જીવનું જે જ્ઞાન છે તે બીજા જીવોમાં નથી, તેથી પોતાના જ્ઞાનવડે પોતે બીજા બધા જીવથી જાુદો અનુભવમાં આવે છે.

હોવાપણે આત્મા અને બધા પદાર્થો સરખા છે; પરંતુ આત્મામાં જ્ઞાન છે ને જડમાં

જ્ઞાન નથી એ રીતે આત્માની વિશેષતા છે. જેમ પુદ્‌ગલમાં રૂપીપણું એટલે કે સ્પર્શ–રસ–ગંધ–વર્ણ છે, તે બીજા કોઈ દ્રવ્યોમાં નથી એટલે રૂપીપણું તે પુદ્‌ગલનો અસાધારણ ધર્મ છે. તેમ જ્ઞાન–દર્શન–આનંદ તે જીવમાં જ છે, ને બીજા કોઈમાં નથી, એટલે જ્ઞાનાદિ તે જીવના અસાધારણ ધર્મો છે.

જો બધી રીતે બધી વસ્તુઓ સમાન જ હોય ને સૌ સૌના વિશેષધર્મો જુદા ન હોય તો 'આ આત્મા છે ને આ પર છે' – એમ ભિન્નપણું કઈ રીતે ઓળખાય ? 'આ ચીજ આત્મા છે, ને આ ચીજ આત્મા નથી' એવું ભિન્નપણું આત્માના અસાધારણધર્મવડે ઓળખાય છે.

વળી, અસ્તિત્વ વગેરે ગુણો જેમ આત્મામાં છે તેમ પરમાં પણ છે. આત્માના એકેય ગુણો પરમાં નથી, પરંતુ આત્માની જાતના (અસ્તિત્વ વગેરે) કેટલાક ગુણો પરમાં છે. જો એમ ન હોય ને સર્વથા અસમાન ધર્મો જ હોય તો આત્માની માફક પરનું અસ્તિત્વ સિદ્ધ જ ન થાય, એટલે આત્મા છે ને પરચીજ નથી, અથવા પરચીજ છે ને આત્મા નથી – એમ થઈ જાય,–પરંતુ એમ નથી. આત્મા પણ અસ્તિરૂપ છે ને પરચીજ પણ અસ્તિરૂપ છે, આત્મા પણ વસ્તુ છે, ને પરચીજ પણ વસ્તુ છે, – એ રીતે અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે સાધારણ ધર્મો છે.

જેમ મનુષ્ય તરીકે બધા માણસો સરખા છે, છતાં તેમાં કોઈ ક્ષત્રિય છે, કોઈ બ્રાહ્મણ છે, કોઈ વાણીયા છે, કોઈ હરિજન છે, એમ તેનામાં વિશેષતા છે. તેમ જડ ચેતન બધી વસ્તુઓ અસ્તિપણે સરખી છે, પણ તેમાં કોઈ જ્ઞાનવાળી વસ્તુ છે, કોઈ જ્ઞાન વગરની છે, કોઈ અમૂર્ત છે, કોઈ મૂર્ત છે – એમ તેમનામાં વિશેષ ધર્મોવડે વિશેષતા પણ છે.

પરથી તો આત્મા જુદો છે, ને અંદરના અરૂપી વિકારથી પણ આત્માનો સ્વભાવ જુદો છે. જેમ આત્મા પણ છે ને પરમાણુ પણ છે, છતાં બંને જુદા છે, કેમ કે બંનેનો સ્વભાવ જુદો છે, તેમ આ આત્મામાં ત્રિકાળ શુદ્ધસ્વભાવ તે વિકારરૂપે નથી, ને વિકાર તે સ્વભાવરૂપ નથી, એ રીતે બંનેની ભિન્નતા છે. આ રીતે બંનેની ભિન્નતા હોવાથી, અંતર્મુખ દૃષ્ટિવડે વિકારથી ભિન્નતાનો અનુભવ થાય છે. જેમ વિકારને અને જ્ઞાનને જુદા પાડીને જ્ઞાનસ્વભાવનો અનુભવ થઈ શકે છે, તેમ જ્ઞાન અને આનંદને જુદા પાડી શકાતા નથી, કેમ કે તે તો બંને આત્માના સ્વભાવરૂપ છે, તે બંને ધર્મો આત્મામાં

એક સાથે રહેલા છે, તેમને જુદા પાડી શકાય નહિ; પરંતુ વિકારને ધારણ કરી રાખવાનો કોઈ ધર્મ આત્મામાં નથી એટલે તેને જુદો પાડી શકાય છે. વિકારથી જુદો ને પરથી જુદો આત્માનો અનુભવ થાય, પણ જ્ઞાનથી જુદો કે આનંદથી જુદો એવો આત્માનો અનુભવ થાય નહીં.

શરીર છે, રાગ છે, જ્ઞાન છે.

ત્રણેય હોવા છતાં, તે ત્રણેનું સ્વરૂપ સરખું નથી.

શરીર તે અજીવ છે–જ્ઞાન વગરનું છે, તેને અને જ્ઞાનને તદ્દન ભિન્નતા છે. વળી રાગ તો વિકાર છે ને જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે, એ રીતે રાગ અને જ્ઞાન એ બંને સરખાં નથી, પણ જુદા જુદા સ્વભાવવાળા છે. – આમ ભેદજ્ઞાન કરીને શુદ્ધ જ્ઞાનાદિ અનંત શક્તિઓથી એકાકાર એવા પોતાનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે.

આત્મા સર્વજ્ઞત્વ શક્તિનો ધરનાર અને પુદ્‌ગલ તદ્દન અચેતન, – આવો સ્વભાવછેદ છતાં અસ્તિત્વપણે બંનેમાં સમાનતા છે.

આત્મા અસંખ્યપ્રદેશી મર્યાદિત ક્ષેત્રવાળો, અને આકાશ અનંતપ્રદેશી અમર્યાદિત ક્ષેત્રવાળું, છતાં બંનેમાં અસ્તિત્વ સરખું છે, તેમજ અમૂર્તપણું બંનેમાં સરખું છે. અસ્તિત્વ વગેરે સમાન હોવા છતાં આત્માને પોતાના ચૈતન્યગુણવડે આકાશ સાથે અસમાનપણું છે.

અસ્તિત્વ વગેરે સામાન્ય ગુણોવડે બધા દ્રવ્યોને સમાનતા હોવા છતાં, પોતપોતાના જ્ઞાનાદિ વિશેષ ગુણોવડે દરેક દ્રવ્યોમાં અસમાનતા છે. એ સમાન, તેમજ અસમાન, અને સમાન–અસમાન એવા ત્રિવિધ ધર્મો આત્મામાં એક સાથે રહેલા છે. – જો કે બધા દ્રવ્યોમાં રહેલા છે પરંતુ અહીં આત્માની પ્રધાનતા છે.

અસ્તિત્વને લીધે દરેક દ્રવ્ય અનાદિઅનંત સ્વતઃસિદ્ધ ટકેલાં છે.

વસ્તુત્વને લીધે દરેક વસ્તુ પોતપોતાની પ્રયોજનભૂતક્રિયા સહિત છે.

દ્રવ્યત્વને લીધે દરેક દ્રવ્ય પોતાની પર્યાયોના પ્રવાહપણે દ્રવે છે–પરિણમે છે.

પ્રમેયત્વને લીધે દરેક દ્રવ્ય પ્રમાણજ્ઞાનમાં પ્રમેય થાય છે–જણાય છે.

અગુરુલઘુત્વને લીધે દરેક દ્રવ્ય પોતાના દ્રવ્યગુણ–પર્યાયપણે રહે છે, ને પરના દ્રવ્ય–ગુણ–પર્યાયપણે થતું નથી.

પ્રદેશત્વગુણને લીધે દરેક દ્રવ્ય પોતપોતાના પ્રદેશરૂપ આકારપણે રહે છે.

– આ અસ્તિત્વ વગેરે સામાન્ય ગુણો છે, તે દરેક દ્રવ્યમાં છે. જીવ–પુદ્‌ગલ–ધર્મ–અધર્મ–આકાશ અને કાળ એ છએ દ્રવ્યો આ સામાન્યગુણઅપેક્ષાએ સરખા છે અર્થાત્ સામાન્યગુણો છએ દ્રવ્યોમાં છે. અને જ્ઞાન, રૂપીપણું, ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહનહેતુત્વ તથા પરિણમનહેતુત્વ–ઈત્યાદિ વિશેષ ધર્મોવડે દરેક દ્રવ્યને બીજાથી અસાધારણપણું છે. આત્મામાં અનંત ધર્મો છે પણ તેમાં જ્ઞાન અસાધારણધર્મ છે, તેના વડે આત્મા લક્ષિત થાય છે.

જુઓ, આ આત્માને શોધવાની રીત ! ભાઈ, 'આત્મા છે' એમ એકલા અસ્તિત્વગુણથી આત્માને શોધીશ તો પરથી જુદો આત્મા નહિ પ્રાપ્ત નહિ થાય. આત્મા અમૂર્ત છે – એમ એકલા અમૂર્તપણાથી શોધતાં પણ વાસ્તવિક આત્મા પ્રાપ્ત નહિ થાય. પણ 'જ્ઞાન' તે આત્માનો અસાધારણ સ્વભાવ છે, તે જ્ઞાનવડે શોધતાં, પરથી ને વિકારથી જુદા તથા પોતાના અનંતધર્મો સાથે એકમેક એવા આત્માની પ્રાપ્તિ થાય છે. વિકાર તે આત્મા – એમ પ્રતીત કરતાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રાપ્ત થતું નથી, પણ જ્ઞાનસ્વરૂપ આત્મા – એમ પ્રતીત કરતાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ પ્રાપ્ત થાય છે. એકેક શક્તિને જુદી લક્ષમાં લઈને શ્રદ્ધા કરતાં આખો આત્મા શ્રદ્ધામાં નથી આવતો, પણ શક્તિવડે શક્તિમાન એવા અખંડ દ્રવ્યને શ્રદ્ધામાં લેતાં આખો આત્મા અનુભવમાં આવે છે, તે સમ્યગ્દર્શનની રીત છે. સમાન, અસમાન, તથા સમાન–અસમાન એવા ત્રિવિધ ધર્મોનો ધારક આત્મા છે, – એવા આત્માને જો ઓળખે તો પરથી ને વિકારથી ભેદજ્ઞાન થઈને શુદ્ધ આત્માનો અનુભવ થયા વિના રહે નહિ.

– છવ્વીસમી શક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# અનંતધર્મત્વ શક્તિ

**હે જીવ ! તારો આત્મા અનંત શક્તિથી મહાન છે. લોકોમાં કહેવાય છે કે ' મોટા સાથે મૈત્રી કરવી '– એટલે શું ? રાગાદિભાવો તો તુચ્છ છે–સામર્થ્યહીન છે, ને ચિદાનંદભગવાન આત્મા મોટો અનંત શક્તિવાળો છે; તે મોટાની સાથે મિત્રતા કરતાં મોક્ષપદ પમાય છે.**

જ્ઞાનસ્વરૂપ આત્મામાં, 'વિલક્ષણ અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ જેનું લક્ષણ છે એવી અનંત ધર્મત્વશક્તિ છે.' એટલે આત્મા પોતે એક ભાવપણે રહીને જુદા જુદા લક્ષણવાળા અનંતધર્મોને ધારણ કરે છે. આત્મામાં શક્તિઓ કેટલી ?– કે અનંત; તે અનંત શક્તિઓથી અભિનંદિત (અભિમંડિત) આત્મા એકસ્વરૂપ છે, એક જ સ્વરૂપ અનંત ધર્મરૂપ છે, એ રીતે અનંતધર્મત્વ નામની એક શક્તિ આત્મામાં છે.

એક આત્મામાં એક સાથે અનંત ધર્મો છે, તેમાં દરેક ધર્મનું લક્ષણ જુદું જુદું છે; પોતાના ભિન્નભિન્ન કાર્યવડે દરેક ગુણ ભિન્ન ભિન્ન લક્ષિત છે; જેમકે જાણવું તે જ્ઞાનનું લક્ષણ, પ્રતીત તે શ્રદ્ધાનું લક્ષણ, આહ્‌લાદનો અનુભવ થવો તે આનંદનું લક્ષણ, અનાકુળતા તે સુખનું લક્ષણ, અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભાયમાનપણું તે પ્રભુત્વનું લક્ષણ, ત્રિકાળ હોવાપણું તે અસ્તિત્વનું લક્ષણ, જણાવું તે પ્રમેયત્વનું લક્ષણ – એમ દરેક શક્તિનાં જુદાં જુદાં લક્ષણ છે; એ રીતે અનંતી શક્તિઓ વિલક્ષણ સ્વભાવવાળી છે, છતાં આત્મા તે અનંતશક્તિઓથી ખંડિત નથી થઈ થતો, આત્મા તો અનંતશક્તિઓથી અભેદ એવા એક ભાવસ્વરૂપ છે. ગુણો એકબીજાથી જુદા હોવા છતાં વસ્તુથી કોઈ ગુણ જુદો નથી; ભિન્ન ભિન્ન અનંતધર્મો હોવા છતાં એક ભાવસ્વરૂપે

રહેવાની આત્માની શક્તિ છે, તેનું નામ અનંતધર્મત્વ શક્તિ છે.

આત્માની અનંત શક્તિઓમાં એક શક્તિનું જે લક્ષણ છે તે બીજી શક્તિનું નથી, એ રીતે અનંતી શક્તિઓ વિલક્ષણ સ્વભાવવાળી છે; પરંતુ તેમાં વિકાર લક્ષણવાળી એકેય શક્તિ નથી. આત્માની બધી શક્તિઓ પરથી તો જુદી છે ને વિકારથી પણ ખરેખર જુદી છે.

આઠમી શક્તિમાં સર્વ ભાવોમાં વ્યાપક એવા એકભાવસ્વરૂપ વિભુત્વ કહ્યું હતું.

આ સત્તાવીસમી શક્તિમાં વિલક્ષણ અનંત સ્વભાવોથી ભાવિત એવા એકભાવસ્વરૂપ અનંતધર્મત્વ બતાવ્યું છે.

અનંત ધર્મોના સાધારણ, અસાધારણ તથા સાધારણાસાધારણ એવા ત્રણ પ્રકાર પાડીને તે ત્રણ પ્રકારના ધર્મોનાં ધારણસ્વરૂપે છવીસમી શક્તિ બતાવી; તેમાં ત્રણ પ્રકાર બતાવીને ત્રણે પ્રકારોને અભેદ આત્મા સાથે એકરૂપ કર્યા; અને અહીં વિલક્ષણ અનંત ધર્મોથી ભાવિત એવા એકભાવસ્વરૂપ અનંતધર્મત્વશક્તિ કહીને, અનંત ધર્મોનું આત્મામાં અભેદપણું બતાવ્યું. જુદા જુદા અનંત ધર્મો અને છતાં આત્માનું એકપણું – એવો અચિંત્ય અનેકાન્તસ્વભાવ છે. જ્ઞાનનો આત્મા જુદો, આનંદનો આત્મા જુદો, શ્રદ્ધાનો આત્મા જુદો, – એમ નથી, આત્મા તો અનંતગુણના પિંડસ્વરૂપ એક છે.

છદ્મસ્થને જુદાજુદા અનંત ધર્મો ખ્યાલમાં ન આવે, પણ અનંત ધર્મોથી અભેદ એવા આત્માનો અનુભવ થાય; તે અનુભવમાં બધાય ધર્મો આવી જાય છે; અને યુક્તિથી તથા આગમ વગેરેના અનંત ધર્મોનો નિર્ણય થાય છે. જેમ ઔષધિની એક ગોળીમાં અનેક પ્રકારના ઓસડનો સ્વાદ રહેલો છે, તેમ આત્મસ્વભાવના અનુભવમાં અનંત શક્તિઓનો રસ ભેગો છે. આ શક્તિઓનાં વર્ણન દ્વારા ધર્મોના ભેદ બતાવવાનું પ્રયોજન નથી, પણ ધર્મીના ધર્મોદ્વારા ધર્મી એવા અખંડ આત્માને લક્ષ્ય કરાવવો છે.

પરનાં લક્ષે આત્માની શક્તિઓની પ્રતીત થતી નથી, અખંડ આત્માના લક્ષે જ તેની શક્તિઓની યથાર્થ પ્રતીત થાય છે.

જ્ઞાનલક્ષણવડે અનંત ધર્મવાળો આત્મા પ્રસિદ્ધ થાય છે–તેની આ વાત ચાલે છે. લક્ષણ તેને કહેવાય કે ઘણા પદાર્થોમાંથી કોઈ એક ખાસ પદાર્થને જુદો ઓળખાવે. સમસ્ત પર પદાર્થોથી જુદો ને પોતાના અનંત ધર્મોનો પિંડ એવો આત્મા જ્ઞાનલક્ષણવડે જ ઓળખાય છે. જ્ઞાનલક્ષણ તો ખરેખર વિકારથી પણ આત્માને જુદો બતાવે છે.

આત્માનું લક્ષણ જ્ઞાન, ને જ્ઞાનનું લક્ષણ 'જાણપણું.' તે શું પુણ્ય–પાપને કરે ?–પરને કરે ? એ જ પ્રમાણે શ્રદ્ધાનું કાર્ય પ્રતીતિ, આનંદનું કાર્ય આહ્લાદ, એમ દરેક ગુણ પોતપોતાનાં કાર્યને કરે છે; કોઈ ગુણનું એવું કાર્ય નથી કે વિકારને કરે કે પરને કરે !

**પ્રશ્ન** :- રાગ–દ્વેષ તે ચારિત્રગુણનું કાર્ય તો છે ને ?

**ઉત્તર** :- જેને ગુણ–ગુણીની એકતાની ખબર નથી એવો અજ્ઞાની જીવ વિકારને પોતાના ગુણનું કાર્ય માને છે, તેને સ્વભાવ અને વિકારનું ભેદજ્ઞાન નથી. જ્ઞાન તો ગુણ–ગુણીની એકતાની દૃષ્ટિથી, ગુણસ્વભાવના આશ્રયે નિર્મળતારૂપે જ પરિણમે છે; ત્યાં જે થોડોક વિકાર રહ્યો છે તેને, સ્વભાવની દૃષ્ટિમાં ગુણનાં કાર્ય તરીકે તે સ્વીકારતો નથી, પણ તેને ગુણથી ભિન્ન જાણે છે. ગુણ સાથે એકતા થઈને જેટલી નિર્મળ પરિણતિ થઈ તે જ ગુણનું કાર્ય છે. જેને ગુણના શુદ્ધ સ્વભાવની ખબર નથી તેને ગુણનું શુદ્ધ કાર્ય ક્યાંથી થાય ? વિકાર કરવા ઉપર જેની દૃષ્ટિ છે તેને ગુણ ઉપર દૃષ્ટિ નથી.

આત્માના અનંતધર્મોનાં જ્ઞાનનાં લક્ષણવડે શ્રદ્ધા ન ઓળખાય, શ્રદ્ધાનાં લક્ષણવડે જ્ઞાન ન ઓળખાય; એમ અનંતગુણો ભિન્ન ભિન્ન લક્ષણવાળા હોવા છતાં 'આત્મા' કહેતાં તેમાં બધા ગુણો એક સાથે સમાઈ જાય છે; એટલે આવા અભેદ આત્મામાં અંતર્મુખ થઈને જે અનુભવ કરે તેને આત્માના અનંત કર્મોની ખબર પડે. બધાય આત્મા અનંત ગુણથી ભરેલા હોવા છતાં સ્વસ મુખ થઈને જે તેની સંભાળ કરે તેને માટે જ તેનું ખરું અસ્તિત્વ છે; અનંત શક્તિવાળા આત્માનો જેને નિર્ણય નથી તેને, અનંત શક્તિ હોવા છતાં તેનો શું લાભ ? એટલે તેને તો તે નહિ હોવા સમાન જ છે. જેમ ઘરમાં અનાજની કોઠી ભરી હોય પણ તેની ખબર ન હોય ને ભૂખે મરતો હોય તો, તેને તો તે અનાજ હોવા છતાં તે ન હોવા જેવું છે. તેમ આત્મામાં અનંત શક્તિ સિદ્ધભગવાન સમાનભરી હોવા છતાં, તેની જેને ખબર નથી–તેની સન્મુખ થઈને આનંદનો અનુભવ કરતો નથી ને એકલા વિકારને જ સર્વસ્વ માનીને અનુભવી રહ્યો છે, તેને તો તે શક્તિઓ ન હોવા સમાન છે, – તેને તે શક્તિઓ પર્યાયમાં ઊછળતી નથી. 'અહો! મારો આત્મા તો અનંત શક્તિસંપન્ન છે, ક્ષણિક વિકાર જેટલું મારું અસ્તિત્વ નથી' – આમ જ્યાં નિર્ણય કર્યો ત્યાં તે સ્વસન્મુખ અપૂર્વ પુરુષાર્થથી તે શક્તિઓ પર્યાયમાં ઊછળવા માંડી....અનંતી શક્તિઓ નિર્મળપણે વેદનમાં આવી....અનંતશક્તિવાળો ભગવાન આત્મા

પ્રસિદ્ધ થયો.–ત્યારે જ અનંતશક્તિના ખરા મહિમાની ખબર પડી.

અનંતી શક્તિનાં જુદાં જુદાં લક્ષણો વાણીથી વર્ણવી ન શકાય, તેમજ વિકલ્પથી કે છદ્મસ્થનાં જ્ઞાનથી પણ તે પકડી ન શકાય; પરંતુ અનંત શક્તિથી અભેદ એક દ્રવ્યને જ્ઞાનલક્ષણવડે પકડીને તેમાં લીન થતાં, બધી શક્તિઓને પૃથક્ પૃથક્ લક્ષણ સહિત પ્રત્યક્ષ જાણે એવી બેહદ તાકાતવાળું કેવળજ્ઞાન ખીલી જાય છે. જ્યાં સુધી શક્તિના ભેદ ઉપર લક્ષ છે ત્યાં સુધી બધી શક્તિનું ભિન્ન ભિન્ન જ્ઞાન પણ થઈ જાય છે. આ રીતે અંતરના અભેદ સ્વભાવનું અવલંબન તે જ માર્ગ છે. સમ્યગ્દર્શન પણ અંતરના અભેદ સ્વભાવના અવલંબને જ થાય છે, સમ્યગ્જ્ઞાન પણ તેનાં જ અવલંબને થાય છે, ને સમ્યક્ચારિત્ર પણ તેના જ અવલંબને થાય છે. બધાયમાં અંતર્મુખ વલણની એક જ ધારા છે.

જેને આત્માની લગની લાગી છે–મોક્ષની લગની લાગી છે એવા આત્માર્થી–મોક્ષાર્થી જીવને આચાર્યદેવ આત્માનો વૈભવ બતાવે છે. ભાઈ ! જુદાં જુદાં સ્વરૂપવાળી અનંતી શક્તિનો વૈભવ તારામાં છે, તેને સંભાળીને સિદ્ધપદમાં તે વૈભવને સાથે લઈ જવાનો છે. આવા અચિંત્ય વૈભવવાળા આત્માને લક્ષમાં લેતા વિકાર કે પર તેમાં નથી આવતા, એટલે વિકાર અને પર સાથેની એક્તાબુદ્ધિ થઈને, તેના આશ્રયે શક્તિઓ નિર્મળપણે ખીલી જાય છે...એટલે નિજવૈભવ સહિત આત્મા સિદ્ધપદમાં પહોંચી જાય છે.

અનંત પદાર્થોની મધ્યમાં રહેવા છતાં આત્મા કદી કોઈ જુદો પડતો નથી,–એવો અનંત શક્તિવાળો એક આત્મા છે. મારામાં અનંતધર્મત્વ શક્તિ છે એટલે મારા એક સ્વભાવપણે રહીને અનંત શક્તિઓને હું ધારણ કરનાર છું, – એ જ મારું સ્વતત્ત્વ છે, વિકારને કે પરને હું મારા સ્વભાવમાં ધારણ કરતો નથી, – આ પ્રમાણે અનંતધર્મવાળા શુદ્ધ ચૈતન્યતત્ત્વને અંતરમાં દેખવું તે સમ્યગ્જ્ઞાન છે, ને તે મોક્ષનું કારણ છે.

મંગલાચરણના બીજા શ્લોકમાં જ આચાર્યદેવે કહ્યું હતું કે પરથી ભિન્ન અનંતધર્મસ્વરૂપ એવા આત્મતત્ત્વને દેખનારી અનેકાન્તમયી મૂર્તિ સદાય પ્રકાશમાન રહો, આવા આત્મતત્ત્વને દેખનારું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સાચી વિદ્યા હોવાથી સરસ્વતી છે; તે જયવંત રહો, એટલે કે સાધકદશામાં થયેલું સમ્યગ્જ્ઞાન અપ્રતિહતભાવે આગળ વધીને કેવળજ્ઞાન થાઓ – એવી ભાવના છે. એક આત્મામાં અનંત ગુણો છે; ગુણો

અનંત ને વસ્તુ એક–એવું જ અનેકાંતસ્વરૂપ છે અને તે સર્વજ્ઞ ભગવાને પ્રત્યક્ષ જોયું છે. સર્વજ્ઞ ભગવાન જિનદેવના મત સિવાય બીજે ક્યાંય આવું યથાર્થ વસ્તુસ્વરૂપ છે જ નહિ. આવું યથાર્થ વસ્તુસ્વરૂપ અજ્ઞાની લોકોને ખ્યાલમાં નથી આવ્યું. એટલે એકાંત નિત્ય અથવા એકાંત અનિત્ય કે ઈશ્વરકર્તા એમ અનેક પ્રકારે ઊંધુ માની લીધું છે, ને તેથી જ સંસાર પરિભ્રમણ છે. અહીં આચાર્યદેવે અનેકાન્તનાં વર્ણનવડે યથાર્થ આત્મસ્વરૂપ અદ્ભુત શૈલીથી પ્રસિદ્ધ કર્યું છે. આત્મા વસ્તુપણે એક હોવા છતાં તેનામાં ગુણો અનંત છે. આનંદનું લક્ષણ જાુદું, શ્રદ્ધાનું જાુદું, જ્ઞાનનું જાુદું – એમ ગુણના લક્ષણ જાુદા છે; પરંતુ જ્ઞાનની વસ્તુ જાુદી, આનંદની જાુદી, શ્રદ્ધાની જાુદી – એમ કાંઈ જાુદીજાુદી વસ્તુઓ નથી, વસ્તુ તો એક જ છે. એક સાથે અનંત ગુણસ્વરૂપે એક જ વસ્તુ ભાસે છે. જો એક ગુણનું લક્ષણ બીજા ગુણોમાં આવી જાય–તો તે લક્ષણની અતિવ્યાપ્તિ થઈ જાય ને ભિન્નભિન્ન અનંત ગુણો સિદ્ધ થઈ શકે નહિ; તેમજ ગુણભેદ ન હોય તો ક્ષાયિક સમ્યગ્દર્શન થતાં બીજા બધા ગુણો પણ પૂર્ણ શુદ્ધ ક્ષાયિકભાવે ઊઘડી જવા જોઈએ ! પણ એમ તો બનતું નથી. સાધક દશામાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વગેરે ગુણના વિકાસો કેમ પડે છે, કેમ કે ગુણોનું લક્ષણ ભિન્નભિન્ન હોવાથી કાર્ય ભિન્નભિન્ન છે. તેમજ એકાંતે ગુણભેદ જ છે – એમ પણ નથી, વસ્તુપણે અનંતગુણની અભેદતા પણ છે, એટલે વસ્તુના આશ્રયે પરિણમન થતાં બધાય ગુણોની નિર્મળતાનો અંશ એક સાથે ખીલી જાય છે. સમ્યગ્દર્શન થતાં કેવળજ્ઞાન તે જ વખતે ભલે ન થાય, પરંતુ સમ્યગ્જ્ઞાન પણ ન થાય – એમ બનતું નથી. એ પ્રમાણે બધા ગુણનો એક અંશ તો ઊઘડી જાય છે. આ રીતે વસ્તુપણે અનંત ગુણોની અભેદતા, તથા લક્ષણવડે ભેદ, એવું જ વસ્તુસ્વરૂપ છે. એ રીતે અનંતધર્મસ્વરૂપ આત્માને ઓળખીને તેનો અનુભવ કરવો તે મુક્તિનું કારણ છે.

આત્મા અનંતધર્મસ્વરૂપ છે. તેના સ્વભાવમાં ભવ નથી, તે પોતે જ પોતાને તારનાર દેવ છે; બીજો કોઈ તારનાર નથી. વસ્તુનું સ્વરૂપ શું છે, અને આત્માનો સ્વભાવ શું છે તેની ખબર વિના બીજાું કોઈ જીવને તારી દે તેમ નથી. અરે જીવ ! તને તારી વસ્તુનું ભાન ન મળે; તારી શ્રદ્ધાનું પણ કાંઈ ઠેકાણું નહિ, તારા દેવનું સ્વરૂપ શું, તારા ગુરુનું સ્વરૂપ શું, તારા ધર્મનું સ્વરૂપ શું–તેની પણ તેને ઓળખાણ ન મળે તો તું કોના જોરે તરીશ ? ઊંધી માન્યતાને કુદેવ–કુગુરુ–કુધર્મનું સેવન તે તો સંસારમાં ડુબાડનાર છે. તારો આત્મા જ કલ્યાણસ્વરૂપ હોવાથી તું જ તારો ' શંકર ' છો, તારો

આત્મા જ તારી નિર્મળ પર્યાયરૂપ સૃષ્ટિનો સરજનહાર હોવાથી તું જ તારો 'બ્રહ્મા' છો, તારો આત્મા જ સ્વતઃ તારું રક્ષણ કરનાર હોવાથી તું પોતે જ તારો 'વિષ્ણુ' છો. આ સિવાય બીજા કોઈ શંકર, બ્રહ્મા કે વિષ્ણુ તારું કલ્યાણ કરનાર, સરજનહાર કે રક્ષણ કરનાર નથી. અન્ય કુદેવોની તો શી વાત ? સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પણ તારો કોઈ ધર્મ તને આપતા નથી; ભગવાન તો એમ કહે છે કે અમારા જેવા જ બધાય ધર્મો તારા આત્મામાં પણ છે, તેનો સ્વીકાર કર તો તું અમારા જેવો થા, ને તારું કલ્યાણ થાય.–આવા પોતાના સ્વભાવને જે જીવ સ્વીકારે તેણે જ સર્વજ્ઞદેવનો અને સર્વજ્ઞદેવની વાણીનો સ્વીકાર કર્યો છે; આનાથી વિપરીત માને તેણે સર્વજ્ઞદેવને કે તેમની વાણીને ખરેખર સ્વીકાર્યા નથી.

વાસ્તવિક આત્મા અચિંત્ય મહિમાવંત શું ચીજ છે, તેના ધર્મો કેવા છે તેની જેને ખબર નથી તે જીવ મૂઢતાને લીધે કાં તો પુણ્ય ઉપર મોહી જાય; કાં તો એના જેવા બીજા ઘણા લોકો જેને માનતા હોય તેને જ સાચું માનીને કુમાર્ગમાં ફસાઈ જાય, ને અવતાર નિષ્ફળ ગુમાવી દ્યે. જેમ રાખ તો ઘરેઘરે ચૂલામાં ભરી હોય, પણ રત્ન તો ક્યાંક વિરલા જ હોય, તેમ બહારથી ને રાગથી ધર્મ મનાવનારા અજ્ઞાનીની સંખ્યા તો જગતમાં ઘણી છે, પણ રાગરહિત ચૈતન્યરત્નને પારખનારા ધર્માત્મા જીવો જગતમાં બહુ વિરલા છે; સત્‌ધર્મની આવી વિરલતા જાણીને હે જીવ ! તું તેની આરાધના કર. લોકોની સંખ્યા ઉપર જોવાનું નથી, પણ પોતાનું હિત કયા ભાવમાં છે તે જોવાનું છે. જે ભાવમાં પોતાનું હિત હોય ન ઉત્તમ છે–પછી ભલે તેને માનનારા બહુ થોડા હોય; અને જે ભાવમાં પોતાનું હિત ન હોય તે છોડવા જેવો છે,–પછી ભલે તેને માનનારા ઘણા હોય. તારા આત્માનો ધર્મ કરવામાં તને બહારનો કોઈનો સાથ કામ આવે તેમ નથી, તારા આત્મામાં રહેલા અનંત ધર્મોનો જ તને સાથ છે. માટે તેની ઓળખાણ અને શ્રદ્ધા કરીને, તેની સાથે એકતા કર, તો તારી પર્યાયમાં અધર્મ છૂટીને, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ થાય.

જુઓ, કુંદકુંદ–કુમાર ૧૧મે વર્ષે મુનિ થયા, ઘર–કુટુંબ છોડીને વનવાસી મુનિ થયા.

**પ્રશ્ન** :- એમને વનમાં એકલા એકલા કેમ ગમતું હશે ?

**ઉત્તર** :- અહો ! એકલા નથી પણ અંતરમાં અનંત ગુણોનો સાથ છે. બહારનો

સંગ છોડીને અંતરમાં આત્માના અનંત ગુણો સાથે ગોષ્ઠી કરી તેમાં અપૂર્વ આનંદ છે તો કેમ ન ગોઠે ? – આનંદમાં કોને ન ગોઠે ? આત્માના અનંતગુણો સાથે ગોષ્ઠી (એકતા) કરતાં તેમાં અનંત આનંદ છે, પણ અજ્ઞાનીને તે આનંદ ભાસતો નથી; ને બહારમાં પરચીજ સાથે ગોષ્ઠી કરતાં તેમાં આકુળતાનું દુઃખ છે છતાં તેમાં અજ્ઞાનીને સુખ ભાસે છે. અરે ! કેવી વિચિત્રતા છે કે –

**'અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા !**
**અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં, વિચિત્રતા !**
**ઊઘાડ ન્યાયનેત્રને નીહાળ રે નીહાળ તું,**
**નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.'**

આત્માના સ્વભાવમાં અનંત સુખ ભર્યું હોવા છતાં તેની સાથે તો અજ્ઞાની મિત્રતા કરતો નથી, તેની સામું પણ જોતો નથી; અને બાહ્ય ચીજમાં કે રાગાદિમાં અંશમાત્ર પણ સુખ નથી, તેના લક્ષે તો એકાંત દુઃખ છે છતાં મૂઢ જીવ ત્યાં પ્રેમ કરીને મિત્રતા કરે છે, એ કેવી વિચિત્રતા છે ! – એમ જ્ઞાનીઓને કરુણા આવે છે, તેથી કહે છે કે અરે જીવ ! તારા જ્ઞાનરૂપી નેત્રને ઊઘાડીને તું નીહાળ રે નીહાળ ! સ્વભાવમાં સુખ છે ને બહારમાં ક્યાંય સુખ નથી એમ તું ન્યાયથી સમજ; અને બાહ્યમાં સુખની માન્યતારૂપ અજ્ઞાનથી તું શિઘ્ર નિવૃત્તિ પામ ! અજ્ઞાનની તે પ્રવૃત્તિને તું બાળી નાંખ ! તારા આત્માના અનંતધર્મોને ઓળખીને તેની સાથે ગોષ્ઠી કર... તેની સાથે પ્રેમ કર...તેની સાથે મિત્રતા કર...તેના આનંદમાં કેલિ કર. સ્વભાવ સાથે ગોષ્ઠી કરે અને ત્યાં ન ગોઠે એમ બને નહિ. અનંતા સંતો પોતાના સ્વભાવ સાથે ગોષ્ઠી કરીને, તેના આનંદમાં કેલિ કરતાં કરતાં મુક્તિ પામ્યા છે, માટે રાગાદિ સાથે એકતારૂપ મૈત્રી છોડીને અનંતશક્તિસંપન્ન આત્મા સાથે એકતારૂપ ગોષ્ઠી કર.–જેથી તને જ્ઞાન–આનંદમય એવા મુક્તપદની પ્રાપ્તિ થશે. લોકોમાં પણ એમ કહેવાય છે કે મોટા સાથે મિત્રતા કરવી; તેમ અહીં રાગાદિ તો તુચ્છ, સામર્થ્યહીન છે, ને ચિદાનંદસ્વભાવ મોટો અનંત શક્તિવાળો છે, તે મોટાની સાથે મિત્રતા કરતાં મોક્ષપદ પમાય છે.

– સત્તાવીસમી અનંતધર્મત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

જેઓ વન જંગલમાં વસતા હતા ને આત્માના આનંદનું શોધન કરીને તેના વેદનમાં જીવન ગાળતા હતા એવા સંત મુનિરાજ કહે છે કે અહો ! અમને અમારું ચૈતન્યપદ જ પરમ પ્રિય છે...ચૈતન્યનો આનંદ અચિંત્ય છે. દેવો પણ ચૈતન્યના આનંદની વાર્તા સાંભળવા માટે તલસે છે.

❋ ❋ ❋

# વિરુદ્ધ ધર્મત્વ શક્તિ

**અનેકાન્ત જ ધર્મનો પ્રાણ છે; જેમ પ્રાણ વિના જીવન ન હોય તેમ અનેકાન્તસ્વરૂપને સમજ્યા વિના ધર્મ ન હોય; માટે અનેકાન્ત જ ધર્મનો પ્રાણ છે. અનેકાન્તથી જ વીતરાગી જિનશાસન અનાદિથી જયવંત વર્તે છે. અમૃતમય એવું મોક્ષપદ તે અનેકાન્તવડે જ પમાય છે, તેથી અનેકાન્ત અમૃત છે.**

જ્ઞાયકસ્વરૂપ આત્મામાં 'તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું જેનું લક્ષણ છે એવી વિરુદ્ધધર્મત્વ શક્તિ' પણ છે.

આત્મા પોતાના જ્ઞાન, આનંદ વગેરે સાથે સદા તદ્રૂપ છે, અને પર પદાર્થો સાથે સદા અતદ્રૂપ છે, એ રીતે તદ્રૂપપણું અને અતદ્રૂપપણું – એવા વિરુદ્ધધર્મો એક સાથે છે. જો આવું વિરુદ્ધધર્મપણું ન હોય, ને એકલું તદ્રૂપપણું જ હોય તો આત્મા જડ સાથે પણ તદ્રૂપ થઈ જાય એટલે જડ થઈ જાય; ને એકલું અતદ્રૂપપણું જ હોય તો આત્મા પોતાના જ્ઞાન–આનંદથી પણ જુદો ઠરે; માટે તદ્રૂપ અને અતદ્રૂપ એવી બંને શક્તિઓ તેનામાં એકસાથે છે. આ રીતે વિરુદ્ધધર્મપણું છે, પરંતુ સર્વથા વિરુદ્ધધર્મપણું નથી, એટલે કે આત્મા અરૂપી છે ને રૂપી પણ છે, આત્મા ચેતન છે ને અચેતન પણ છે – એવું વિરુદ્ધધર્મપણું નથી. અસ્તિ–નાસ્તિપણું, તત્–અતત્પણું એવા ધર્મોને પરસ્પર વિરુદ્ધતા હોવા છતાં, સ્યાદ્વાદના બળવડે તે વિરોધ દૂર થઈને બંને ધર્મો આત્મામાં એક સાથે રહે છે. આત્મામાં અસ્તિપણું છે ?– કે હા; આત્મામાં સ્વઅપેક્ષાએ અસ્તિપણું છે. આત્મામાં નાસ્તિપણું છે ?– કે હા; પર અપેક્ષાએ આત્મામાં નાસ્તિપણું

છે. એ જ રીતે તત્‌પણું અતત્‌પણું વગેરેમાં પણ સમજવું. આ રીતે અનેકાન્તસ્વરૂપ આત્મા એકસાથે પરસ્પર વિરુદ્ધધર્મોને ધારણ કરે છે.

આ વાત સાંભળીને 'વિરોધ છે રે વિરોધ છે....' એમ અજ્ઞાની લોકો પોકાર કરે તો ભલે કરે, વસ્તુસ્વરૂપ જાણનારને તો કાંઈ વિરોધ નથી, તે તો જાણે છે કે વસ્તુસ્વરૂપમાં જ વિરુદ્ધધર્મત્વ નામની શક્તિ છે, એટલે વસ્તુ પોતે જ એવી છે કે પરસ્પર કથંચિત વિરુદ્ધધર્મોને પોતામાં ધારી રાખે છે. આવું વસ્તુસ્વરૂપ જાણતાં, પરથી પરાંગ્મુખ થઈને સ્વમાં વળવાનું થાય છે, પર સાથેની એકતા છૂટીને સ્વ સાથે એકતા થાય છે, મિથ્યાબુદ્ધિ છૂટીને સમ્યક્‌બુદ્ધિ થાય છે પરાશ્રય છૂટીને સ્વાશ્રય થાય છે; વીતરાગતા અને કેવળજ્ઞાન તેનું ફળ છે.

આત્મા પોતાપણે રહે ને પરપણે ન થાય, પોતાના સ્વભાવ સાથે સદા એકરૂપ રહે ને પરની સાથે કદી એકરૂપ ન થાય – એવું તદ્‌રૂપપણું અને અતદ્‌રૂપપણું તેનામાં એકસાથે છે. વળી સૂક્ષ્મતાથી લઈએ તો આત્મા પોતાના જ્ઞાન–આનંદ વગેરે સ્વભાવો સાથે સદા એકરૂપ છે ને રાગાદિ પરભાવો સાથે એકરૂપ કદી થતો નથી–એવો તેનો સ્વભાવ છે; આવા સ્વભાવને ઓળખીને તેની સન્મુખ થતાં પર્યાયમાં પણ તેવું (સ્વભાવમાં એકતાનું ને રાગથી ભિન્નતાનું) પરિણમન થાય છે; એટલે સ્વભાવમાં વળેલી તે પર્યાયમાં પણ જ્ઞાનઆનંદ સાથે તદ્રુપતાને રાગાદિ સાથે અતદ્રુપતા–એવું અનેકાંતપણું પ્રકાશે છે. એ જ ધર્મ છે ને એ જ મોક્ષમાર્ગ છે.

'એક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.' જુઓ, આચાર્યદેવે અનેકાન્તની અલૌકિક વ્યાખ્યા બાંધીને વસ્તુનું સ્વરૂપ સમજાવ્યું છે. આ અનેકાન્તથી જ વીતરાગી જૈનશાસન અનાદિથી જયવંત વર્તે છે, કેમ કે વસ્તુ પોતે જ આવા અનેકાન્તસ્વરૂપ છે. અનેકાન્ત જ ધર્મનો પ્રાણ છે. જેમ પ્રાણ વિના જીવન ન હોય તેમ અનેકાન્તસ્વરૂપને સમજ્યા વિના ધર્મ ન હોય; માટે અનેકાન્ત જ ધર્મનો પ્રાણ છે. અનેકાન્તને અમૃત પણ કહેવાય છે, કેમ કે અમૃતમય એવું જે મોક્ષપદ તે અનેકાન્તવડે પમાય છે. અનેકાન્તમય વસ્તુસ્વરૂપ જીવ અનંતકાળમાં એક ક્ષણ પણ સમજ્યો નથી, ને પોતાની મિથ્યા કલ્પનાવડે અનેકાન્તને વિપરીતપણે માનીને 'રાગથી પણ ધર્મ થાય, આત્મા પરનું પણ કરે' એમ માને છે. પરંતુ અનેકાન્તનું એવું સ્વરૂપ નથી. વીતરાગતા તે ધર્મ ને રાગ પણ ધર્મ એવો અનેકાન્ત નથી, પણ વીતરાગતા

તે ધર્મ, અને રાગ તે ધર્મ નહિ – એવો અનેકાન્ત છે. અનેકાન્ત, વસ્તુસ્વરૂપમાં પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ કહે છે, પણ કેવી ?– કે વસ્તુસ્વરૂપને નીપજાવનારી. 'વીતરાગતા તે ધર્મ ને રાગ પણ ધર્મ' એમ કહેવામાં ધર્મનુ સ્વરૂપ સિદ્ધ નથી થતું, પરંતુ 'વીતરાગતા તે જ ધર્મ છે ને રાગ તે ધર્મ નથી' એમ કહેતાં ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સિદ્ધ થાય છે, ને તે જ અનેકાન્ત છે.

વસ્તુસ્વરૂપમાં હોય તેવા ધર્મોને માનવા તે અનેકાંત છે, પણ વસ્તુસ્વરૂપમાં ન હોય તેવા ધર્મોને માનવા તે તો મિથ્યાત્વ છે. જેમ કે પરનું ન કરે એવો ધર્મ આત્મામાં છે, પરંતુ પરનું કરે એવો તો ધર્મ આત્મામાં નથી; છતાં આત્મા પરનું કરે એમ માનવું તે મિથ્યાત્વ છે. આત્મા પોતાનું કરે, ને પરનું પણ કરે–ત્યાં વિરુદ્ધધર્મત્વ ન થયું, પણ આત્મા પોતાનું કરે અને પરનું ન કરે – એમાં વિરુદ્ધધર્મત્વવડે વસ્તુની સિદ્ધિ થઈ, તેથી તે અનેકાંત છે. આ અનેકાન્તભાવરૂપી અભેદ કિલ્લો એવો છે કે આત્માને સદા પરથી અત્યંત ભિન્ન જ રાખે છે, પરના એક અંશને પણ આત્મામાં આવવા દેતો નથી. અંતર્દૃષ્ટિથી આવા (–પરથી અત્યંત વિભક્ત ને પોતાનાં સ્વરૂપથી એકત્વ) વસ્તુસ્વભાવને ઓળખવો તે અપૂર્વ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

આત્મા પોતાના જ્ઞાનપણે છે ને પરજ્ઞેયપણે નથી; – આવો નિર્ણય કર્યો ત્યાં એક સ્વતત્ત્વનું જ અવલંબન રહ્યું. આત્મા અને પરવસ્તુ બંને એકપણે કદી થયા જ નથી, જુદા જુદા બે પણે જ સદાય રહ્યા છે, તો કોઈ કોઈનું શું કરે ? એ જ ન્યાયે આત્મા અને કર્મનું પણ પરસ્પર અતત્પણું સમજવું. પોતાના સ્વધર્મોથી બહાર નીકળીને કદી કર્મપણે આત્મા થયો જ નથી, ને કર્મો આત્માનાં સ્વરૂપમાં આવ્યા જ નથી, તો આત્માને તે શું કરે ?

**પ્રશ્ન** :- શું કર્મ નથી ?

**ઉત્તર** :- કર્મ નથી એમ કોણે કહ્યું ? કર્મમાં કર્મ છે પણ આત્મામાં કર્મ નથી, અને આત્મામાં જેનું અસ્તિત્વ નથી તે આત્માને શું કરે ? આત્મા પોતાના ચૈતન્યમય દ્રવ્ય–ગુણ–પર્યાયો સાથે એકરૂપ છે ને કર્મના દ્રવ્ય–ગુણ–પર્યાયોથી અતત્રૂપ છે–જુદો છે. જો આમ ન હોય તો આત્મા અને જડ બંને એકમેક થઈ જાય, એટલે વસ્તુનો જ અભાવ થઈ જાય. વસ્તુના અભાવને તો કોણ ઈચ્છે ? નાસ્તિક હોય તે એવું માને !

હે ભાઈ ! જ્યાં તારું રૂપ નથી તેની સામે ન જો, જેની સાથે તારે તદ્રુપતા છે

એવા તારા સ્વરૂપમાં જો. તારા આનંદસ્વરૂપમાં તદ્રૂપતા થતાં તને તારા આનંદનો અનુભવ થશે. એ સિવાય બહારમાં કલ્પનાના ઘોડા દોડાવીને ત્યાં સુખ–દુઃખ માને તે તો ભ્રમણા છે. અરે ભાઈ !ક્યાં નાત ! ક્યાં કુટુંબ ! ક્યાં પૈસા ને ક્યાં શરીર ! – એ તો બધુંય આત્માથી બહાર છે, તું તે બધાયથી જુદો છો, તારે તે બધાની સાથે અતત્પણું છે, ને તારા જ્ઞાન–આનંદ વગેરે અનંતધર્મો સાથે તત્પણું છે. આત્માનું જે સ્વ–રૂપ (પોતાનું રૂપ) છે તે સ્વરૂપને ન સમજતાં ઊંધી શ્રદ્ધાથી પરને પોતાનું માને છે તે મોહ અનંતસંસારનું કારણ છે; માટે હે જીવ ! ક્યાંય બહારમાં તારાપણું ન માનતાં, અંતરમાં તારા આત્માને જો. – તે મોક્ષનું કારણ છે.

હું મારા સ્વભાવ સાથે તત્રૂપ છું, ને પરની સાથે અતત્રૂપ છું, – એમ સ્વભાવનું ભાન થતાં જીવની પર્યાય સ્વભાવમાં એકતારૂપે પરિણમે છે, એટલે તે પર્યાય સ્વભાવમાં તદ્રૂપ થઈ છે ને રાગ સાથે અતદ્રૂપ થઈ છે, આ રીતે પર્યાયમાં નિર્મળ પરિણમન થાય તેને જ શક્તિની યથાર્થ પ્રતીતિ છે. એકલા વિભાવમાં જ તદ્રૂપપણે જેયીપર્નાય પરિણમે છે તે તો રાગ સાથે એકતાબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ છે, તેને આત્માની શક્તિની પતીત નથી; 'રાગથી ને પરથી અતદ્રૂપ' એવા સ્વભાવને તેણે ખરેખર જાણ્યો જ નથી.

વિરુદ્ધ ધર્મોને કારણે ધારણ કરવાની આત્માની શક્તિ કહી, તેમાં વિરુદ્ધધર્મ કહેતાં રાગ–દ્વેષ વગેરે ન લેવા, પણ તત્–અતત્, અસ્તિ–નાસ્તિ ઈત્યાદિ સ્વભાવરૂપ ધર્મો લેવા, એટલે કે વિરુદ્ધધર્મો કહ્યા તે બંને સ્વભાવરૂપ છે, ને તે વિરુદ્ધધર્મો તો આત્મામાં ત્રિકાળ છે. રાગ તે આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે તે અપેક્ષાએ તેનેય વિરુદ્ધધર્મ કહેવાય, પરંતુ અહીં જે વિરુદ્ધધર્મો કહ્યા છે તેમાં તે ન આવે. આ વિરુદ્ધધર્મપણું તો આત્માનો સ્વભાવ છે.

* પરથી ભિન્નતા અને પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયની સાથે એકતા થઈને જે નિર્મળ પરિણમન થયું તે ' **વિરુદ્ધધર્મત્વ શક્તિવાળા આત્માનું અવિરુદ્ધ પરિણમન** 'છે. અને–

* સ્વભાવની એકતા ભૂલીને રાગાદિમાં એકતા થઈને જે મલિન પરિણમન થયું તે ' **વિરુદ્ધધર્મત્વ શક્તિવાળા આત્માનુ વિરુદ્ધ પરિણમન** ' છે.

– એ રીતે આત્માની શક્તિઓને ઓળખીને તેની સન્મુખ પરિણમન થતાં શક્તિઓનું નિર્મળ પરિણમન થાય છે; અજ્ઞાનીને નિર્મળ પરિણમન થતું નથી. રાગ સાથે તદ્રૂપ થઈને પરિણમે એવો આત્માનો સ્વભાવ નથી; પણ રાગથી ભિન્નતારૂપે ને

આનંદમાં એકતારૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે.–જે પોતાના આવા સ્વભાવને ઓળખે તેને તેવું પરિણમન થયા વગર રહે નહિ.

જ્ઞાન–આનંદ સ્વભાવમાં એકતા (–તદ્રુપતા), અને રાગાદિથી ભિન્નતા(–અતદ્રુપતા),–આમ પરસ્પર વિરુદ્ધધર્મો આત્મામાં છે. જુઓ, આ આત્માની વિરુદ્ધધર્મત્વ શક્તિ ! આ વિરુદ્ધધર્મત્વ શક્તિ પણ એવી છે કે જે આત્માને પરથી ભિન્ન પરિણમાવીને અને સ્વભાવમાં એકતા કરાવીને આત્માને લાભરૂપ થાય. વિરુદ્ધધર્મત્વ શક્તિ કાંઈ વિરોધ ઉપજાવનારી નથી, પરંતુ તે તો રાગાદિ વિરોધી ભાવોનો નાશ કરીને અવિરુદ્ધ શાંતિની આપનાર છે.

આત્માની અનંતશક્તિઓમાં એવી તો કોઈ શક્તિ નથી કે જેની સાથેના અભેદ પરિણમન થતાં લાભ જ થાય છે, અને તેને જ આત્મા કહ્યો છે. વચ્ચે વિકારનું પરિણમન થાય તે ગુણ સાથે અભેદ નથી એટલે તે આત્મા નથી, આત્માના ગુણોનું તે ખરું પરિણમન નથી. ગુણ સાથે એકતાથી ગુણની (એટલે કે નિર્મળ પર્યાયની) જ ઉત્પત્તિ થાય, ગુણ સામે ન જુએ તેને વિકાર થાય, તે વિકાર કાંઈ ગુણના કારણે નથી, તે તો તે પર્યાયનો જ અપરાધ છે. આ રીતે નિર્દોષ ગુણોથી ભરેલા આત્માનું ભાન કરે તો મુક્તિ થાય. સમકિતીને દૃષ્ટિઅપેક્ષાએ તો મુક્ત જ કહ્યો છે. સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ તો સમકિતી સર્વત્ર મુક્ત જ છે; અને તે દૃષ્ટિના બળે એકાદ ભવમાં જ તે સાક્ષાત્ મુક્ત સિદ્ધપરમાત્મા થઈ જશે.

અહો ! પહેલાં આત્માના આવા સ્વભાવનો પ્રેમ આવવો જોઈએ...એની વાત સાંભળતા પણ ઉત્સાહ આવવો જોઈએ.....ભાઈ, તને જે પ્રેમની વાત છે તે જ કહેવાય છે, પ્રેમપૂર્વક તું શ્રવણ કર ! બહારના પદાર્થો ઉપર પ્રેમ કરી કરીને તું અનંતકાળથી દુઃખી થયો, હવે તારા આત્માને પ્રેમ કર; જગતના પદાર્થો કરતાં તારા આત્માને જ સૌથી વહાલો કર, 'જગત ઈષ્ટ નહીં આત્મથી,' તો તારું અપૂર્વ કલ્પાણ થાય.

૨૮મી વિરુદ્ધધર્મત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

* * *

નિજ ચૈતન્યવિષયને ચૂકીને બાહ્યવિષયોમાં સુખદુઃખની બુદ્ધિથી અજ્ઞાની જીવો દિનરાત બળી રહ્યા છે.

અરે જીવો ! પરમ આનંદથી ભરેલા તમારા આત્માને સંભાળો ને આત્માના શાંતરસમાં મગ્ન થાઓ.

❋ ❋ ❋

# તત્ત્વ શક્તિ અને અતત્ત્વ શકિત

**ચૈતન્યમૂર્તિ આત્મા કેવો છે કે તેના સ્વભાવઘરમાં જઈને બારણું બંધ કરી દેતાં તેમાં રાગ–દ્વેષ–મોહ પ્રવેશી શકતાં નથી. જ્ઞાનીને તે રાગાદિ ભાવો પોતાના સ્વભાવપણે જરા પણ ભાસતા નથી, સ્વરૂપથી બહાર જ ભાસે છે.**

**મોક્ષ માટે શું કરવું ? – કે સ્વભાવસન્મુખ થઈને તદ્‌રૂપ પરિણમવું. સમકિતીને ક્ષણે ક્ષણે મોક્ષ તરફ જ પરિણમન થઈ રહ્યું છે.**

તદ્રૂપપણું અને અતદ્રૂપપણું એવા બે વિરુદ્ધ ધર્મો આત્મામાં છે એ વાત ૨૮મી શક્તિમાં કરી; હવે ૨૯ અને ૩૦મી શક્તિમાં તે બંનેનું કાર્ય બતાવે છે. 'તદ્રૂપ ભવનરૂપ એવી તત્ત્વશક્તિ છે,' અને 'અતદ્રૂપ ભવનરૂપ એવી અતત્ત્વશક્તિ છે.' જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વયમેવ આવી શક્તિવાળો છે.

ભવનરૂપ એટલે રહેવારૂપ અથવા પરિણમવારૂપ; જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના ચેતનસ્વભાવપણે જ રહીને પરિણમે છે, પણ જડરૂપે થતો નથી. આ રીતે, ચેતનસ્વભાવપણે જ રહેવારૂપ શક્તિ તત્ત્વશક્તિ છે, અને ચેતન મટીને જડરૂપ ન થવારૂપ શક્તિ તે અતત્ત્વશક્તિ છે. ખરેખર શુદ્ધ આત્મદ્રવ્યમાં તો પુણ્ય–પાપરૂપે પરિણમવાની પણ શક્તિ નથી, પુણ્ય–પાપથી અતદ્રૂપ રહેવાની તેની શક્તિ છે. જો ત્રિકાળી સ્વભાવ એક સમયના વિકારમાં તદ્રૂપ થઈ જાય તો તે વિકાર ટળી શકે જ નહિ, અથવા તો વિકાર ટળતાં આખા સ્વભાવનો જ નાશ થઈ જાય, માટે ત્રિકાળ શુદ્ધસ્વભાવને વિકાર સાથે તદ્રૂપતા નથી. સમયસારની છઠ્ઠી ગાથામાં પણ કહ્યું છે કે – શુદ્ધ દ્રવ્યના સ્વભાવની

દૃષ્ટિથી જોતાં જ્ઞાયકભાવ શુભાશુભ વિકારરૂપે પરિણમતો નથી. આત્માની શક્તિઓમાં વિકારરૂપે પરિણમવાનો પણ સ્વભાવ નથી તો પછી આત્મા દેહાદિનું કરવારૂપે પરિણમે, એ વાત તો ક્યાંથી હોય ?

અહીં અનેકાન્તસ્વભાવી આત્મતત્ત્વ બતાવવું છે, આત્માનો સ્વભાવ બતાવવો છે, આત્માની શક્તિઓ બતાવવી છે, એટલે અશુદ્ધતા તેમાં ન આવે. જો કે રાગ–દ્વેષ, દુઃખ વગેરે વિકાર છે તે આત્માની જ એક સમયપૂરતી પર્યાયની યોગ્યતા છે, પણ તે વિકારની યોગ્યતાથી ઓળખતાં આત્મતત્ત્વ ઓળખાતું નથી. જેવો સ્વભાવ છે તેવી પર્યાય થાય તેને જ આત્મત્ત્વ કહે છે. ધર્મ કરનારે ક્યાં દૃષ્ટિ કરવી ?– કે જેમાંથી ધર્મ આવે ત્યાં દૃષ્ટિ કરવી. મારો આત્મા તો ત્રિકાળ જ્ઞાન–સુખ ને શ્રદ્ધારૂપે થવાની તાકાતવાળો છે, વિકારરૂપે કે પરરૂપે ન થાય એવો મારો સ્વભાવ છે, – આમ જાણીને શુદ્ધસ્વભાવનો આશ્રય કરીને સમ્યક્ત્વાદિ ધર્મ થાય છે.

પરરૂપે કે કર્મરૂપે થવાની શક્તિ તો એક સમય પણ આત્મામાં–દ્રવ્યમાં, ગુણમાં કે પર્યાયમાં નથી, તેનાથી તો સર્વથા અતદ્રૂપે જ આત્મા પરિણમે છે.

પર્યાયમાં જે વિકાર છે તે–રૂપે થવાની શક્તિ પણ આત્માના–દ્રવ્યમાં કે ગુણમાં નથી, માત્ર તે સમયપૂરતી પર્યાયની જ તે લાયકાત છે. ત્રિકાળી દ્રવ્ય–ગુણ તે વિકાર સાથે તદ્રૂપ–એકાકાર થઈ ગયા નથી.

ત્રિકાળી દ્રવ્ય–ગુણ તરફ વળીને તેની સાથે જ્યાં પર્યાય એકાકાર–તદ્રપ થઈ ત્યાં તે પર્યાયમાં વિકારરૂપ પરિણમન પણ ન રહ્યું, એટલે સ્વભાવમાં તદ્‌રૂપે અને વિકાર સાથે અતદ્રૂપે તે પર્યાય પરિણમી ગઈ. આ રીતે સ્વશક્તિનાં અવલંબને પર્યાય શુદ્ધરૂપે પરિણમે એવી તત્ત્વશક્તિ, અને વિકારરૂપે ન પરિણમે એવી અતત્ત્વશક્તિ આત્મામાં છે.

આ શક્તિઓ તે સ્વભાવ છે ને આત્મા સ્વભાવી છે. આત્મા પોતે એવા સ્વભાવવાળો છે કે પોતાના સ્વભાવમાં (–દ્રવ્ય, ગુણને શુદ્ધ પર્યાયમાં) તદ્રૂપ–એકાકાર થઈને પરિણમે અને વિકારરૂપે કે પરરૂપે અતદ્રૂપ રહે એટલે તે–રૂપે ન પરિણમ. અહો! વિકારરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ જ નથી તો પછી કર્મ તેને વિકાર કરાવે એ વાત ક્યાં રહી ? જેને કર્મ ઉપર ને વિકાર ઉપર દૃષ્ટિ છે તેને આત્માના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ નથી; વિકારપૂરતો જ આત્માને અનુભવે છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને આચાર્યદેવ

સમજાવે છે કે અરે ભાઈ ! વિકારરૂપે પરિણમવાનો તારો સ્વભાવ નથી, તારો સ્વભાવ તો શુદ્ધચૈતન્યસ્વરૂપે થવાનો જ છે. તે સ્વભાવ તરફ જઈને તેનાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન કરવાં અને તેમાં લીનતા કરવી તે જ મોક્ષનો માર્ગ છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. વચ્ચે શુભભાવ હોય પણ તે મોક્ષમાર્ગ નથી અને તે–રૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ નથી. જો તે શુભને મોક્ષમાર્ગ માને અથવા તેમાં તદ્રૂપતા માને તો તે જીવે, શુભવિકારરૂપે નહિ પરિણમવારૂપ આત્મસ્વભાવને જાણ્યો નથી એટલે તે મોક્ષમાર્ગની ભ્રષ્ટ છે.

જેમ કોઈને ભૂત વગેરેનો ભય લાગે ત્યારે મકાનનાં બારણાં બંધ કરી દ્યે છે; તેમ જેને વિકારનો ને ભવનો ભય લાગ્યો છે એવો જીવ અતત્ત્વશક્તિની પ્રતીતવડે આત્માના બારણાં બંધ કરી દ્યે છે કે વિકારનો મારા સ્વભાવમાં પ્રવેશ જ નથી, મારો આત્મા વિકાર સાથે અતદ્રૂપ છે એટલે વિકારને માટે મારા આત્માનાં બારણાં બંધ છે. મકાનના બારણા બંધ કરી દ્યે છતાં તેમાં તો ભૂતડું પેસી પણ જાય, પણ આ ચૈતન્યમૂર્તિ આત્મા એવો છે કે તેના સ્વભાવઘરમાં જઈને બારણું બંધ કરી દ્યે પછી તેમાં રાગ–દ્વેષ–મોહરૂપી ભૂતડાં પેસી શકતા નથી; જ્ઞાનીને તે રાગાદિ ભાવો પોતાના સ્વભાવપણે જરા પણ ભાસતા નથી, પણ સ્વરૂપથી બહાર જ ભાસે છે.

**' જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતનરૂપ;**
**કોઈ કોઈ પલટે નહિ, છોડી આપસ્વરૂપ. '**

ચેતન ત્રણેકાળ ચેતનરૂપે રહીને પરિણમે છે, ને જડ ત્રણે કાળે જડરૂપે રહીને પરિણમે છે. જડ પલટીને કદી ચેતનરૂપ થતું નથી ને ચેતન પલટીને કદી જડરૂપ થતું નથી.– આવો જ વસ્તુનો સ્વભાવ છે. આત્મા ચેતન, અને શરીર જડ, બંને ત્રણ કાળે જુદેજુદા જ પરિણમી રહ્યા છે, કદી એક થયા જ નથી. તે ઉપરાંત અહીં તો અંદરના ભાવની સૂક્ષ્મ વાત છે કે ચેતન પોતાના ચૈતન્યસ્વભાવરૂપે જ પરિણમે અને રાગાદિરૂપે ન પરિણમે – એવું તેનું સ્વરૂપ છે.

જો તત્શક્તિ ન હોય તો આત્મા પોતાના ચેતનસ્વરૂપે રહી ન શકે, ચેતનપણાથી જુદો થઈ જાય. અને જો અતત્શક્તિ ન હોય તો આત્મા શરીરાદિથી જુદો ન રહી શકે, જડરૂપ થઈ જાય, અથવા ક્ષણિક વિકારરૂપે જ આખો સ્વભાવ થઈ જાય. આ રીતે આત્માની તત્–અતત્શક્તિઓને સમજતાં જડથી ને વિકારથી જુદો ચેતનસ્વભાવ

સમજાય છે, પોતાના આત્મા ચેતનસ્વભાવમય રહે છે ને વિકારમય થતો નથી–એવું ભેદજ્ઞાન થાય છે,–તે ધર્મ છે. પછી તે ધર્મની ભૂમિકામાં જે જે શુભ–અશુભ પરિણામો આવે તેને ધર્મી જીવ પોતાના સ્વભાવથી અતદ્રૂપ જ્ઞેયપણે જાણે છે, એટલે સ્વભાવની જ અધિકતા તેને રહે છે ને વિકારની હીનતા જ થતી જાય છે. વર્તમાન પરિપૂર્ણ શુદ્ધ ચિદાનંદ સ્વભાવની ઉપાદેયબુદ્ધિ થતાં સમસ્ત પરભાવોમાં હેયબુદ્ધિ થઈ ગઈ, તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, અને તે જ ચારિત્ર માટેની ભૂમિકા છે. આવી ભૂમિકા વગર ધર્મમાં આત્માનો પ્રવેશ થઈ શકતો નથી, અને વ્રત કે ત્યાગનાં પરિણામ યથાર્થ હોતા નથી.

અજ્ઞાનીઓ મૂળ વસ્તુસ્વરૂપ સમજ્યા પહેલાં વ્રત અને ત્યાગની વાતો કરે છે અને કહે છે કે ‘સમજ્યા પછી પણ એ જ કરવાનું છે ને ! માટે આપણે તે કરવા માંડો, તે કરતાં કરતાં સમજણ થઈ જશે.’–પણ તેની બધી વાત ખોટી છે. ભાઈ ! સમજ્યા પછી પણ તારા માનેલા વ્રતાદિ નહિ આવે. સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતા વગરના એકલા રાગને તેં વ્રતાદિ માન્યા છે પણ એવું વ્રતનું સ્વરૂપ છે જ નહિ. તારા માનેલા એકલા શુભરાગરૂપ વ્રતાદિ અનંત કાળ કર તો પણ તેનાથી આત્માની સમજણ થાય નહિ. ભાઈ, રાગના રસ્તા જુદા છે ને ધર્મની સમજણના રસ્તા જુદા છે. રાગને ધર્મનો રસ્તો તેં માની લીધો, તેમાં તો ધર્મના બહાને રાગનું સેવન થાય છે.

પહેલાં આત્માના શુદ્ધ સ્વભાવની ઓળખાણ કરી હોય તો જ તેમાં એકાગ્રતાવડે વિકારનો ત્યાગ થઈ શકે. આ સિવાય જડનો ત્યાગ કરવાનું માને તે તો આત્માને જડ સાથે એકમેક માને છે, એટલે તેણે જડથી ભિન્ન આત્માને ઓળખ્યો નથી. જેમ – સજ્જનનો સ્વભાવ માંસના ત્યાગરૂપ જ છે, તેણે મોઢામાં માંસ પકડ્યું જ નથી, તો છોડે શું ? તેમ જે અજ્ઞાની પરને છોડવાનું માને છે તેણે પરથી ભિન્ન આત્માને ઓળખ્યો નથી, કેમકે આત્માનો સ્વભાવ પરના તો ત્યાગરૂપ જ છે, તેણ પરવસ્તુને પકડી જ નથી તો છોડે કોને ? અહીં તો સ્વભાવદૃષ્ટિમાં ‘વિકારને છોડું’ એવો પણ વિકલ્પ નથી કેમકે સ્વભાવમાં વિકારનું ગ્રહણ થયું જ નથી. આવા સ્વભાવમાં જે પર્યાય અભેદ થઈ તે પર્યાય પણ સ્વયમેવ વિકારના અભાવરૂપ જ છે; સ્વભાવમાં તે તદ્રૂપ છે ને વિકારમાં અતદ્રૂપ છે.

આત્મામાં તદ્રૂપ પરિણમવાની શક્તિ છે એટલે જેવો શુદ્ધસ્વભાવ છે તેવારૂપે

પરિણમવાની શક્તિ છે, અને આ શક્તિ આત્માની હોવાથી તેના બધાય ગુણોમાં પણ તદ્રૂપ-પરિણમનસ્વભાવ છે. એટલે જ્ઞાનનું જ્ઞાનપણે પરિણમન થાય તે તદ્રૂપે થાય તે તદ્રૂપ પરિણમન છે, પણ અજ્ઞાનરૂપે પરિણમન થાય તે તદ્રૂપ ન કહેવાય; એ જ રીતે શ્રદ્ધાનું સમ્યક્શ્રદ્ધારૂપે પરિણમન થાય તે તદ્રૂપ-પરિણમન છે, પણ મિથ્યાત્વરૂપે પરિણમન થાય તે તદ્રૂપ ન કહેવાય; આનંદનું આનંદરૂપે પરિણમન થાય તે તદ્રૂપ -પરિણમન છે, પણ આકુળતારૂપે પરિણમન થાય તે તદ્રૂપ ન કહેવાય; ચારિત્રનું સ્વરૂપમાં લીનતારૂપ વીતરાગી પરિણમન થાય તે તદ્રૂપ ન કહેવાય; - એમ બધા ગુણોનો તદ્રૂપ પરિણમવાનો સ્વભાવ છે, ને વિકાર સાથે અતદ્રૂપ રહેવાનો સ્વભાવ છે. આવા સ્વભાવને નહિ જાણનાર અજ્ઞાની રાગમાં તદ્રૂપ-એકાકાર થઈને પરિણમે છે, ને જ્ઞાની તો સ્વભાવમાં જ તદ્રૂપપણે પરિણામે છે. આ રીતે નિર્મળ પરિણમન સહિત શક્તિઓ તે જ આત્મા છે, તેમાં જ આત્માની પ્રસિદ્ધિ છે.

**પ્રશ્ન** :- આ વાત સમજવાથી સમાજને શું લાભ ?

**ઉત્તર** :- જેનાથી એક જીવને લાભ તેનાથી બધા જીવોને લાભ ! સમાજ એ કોઈ એક વસ્તુ નથી પણ વ્યકિતઓનો સમૂહ તે સમાજ છે. એટલે વ્યક્તિ તે પણ સમાજનો જ એક ભાગ છે. જેનાથી એક વ્યક્તિને લાભ થાય તેનાથી બધાને લાભ થાય; માટે જે વ્યક્તિના હિતનો માર્ગ એક ને સમાજના હિતનો માર્ગ તેનાથી બીજો-એમ નથી. હિતનો માર્ગ બધા જીવોને માટે એક જ છે. માટે, આ સમજીને પોતે પોતાનું હિત સાધી લેવું.

જાુઓ ભાઈ ! જગત પાસેથી મોટાઈ મળે કે ન મળે તેની સાથે આત્માના હિતનો સંબંધ નથી. આત્માની મોટાઈ તો ધર્મથી છે. જેને ધર્મનું ભાન પણ ન હોય તે ભલે લોકોમાં પૂજાતો હોય તો પણ ધર્મમાં તેને મોટો ગણતા નથી. સમયસારની ચોથી ગાથામાં કહે છે કે પરથી ભિન્ન એકત્વસ્વરૂપ આત્માના ભાન વિના સમસ્ત અજ્ઞાની જીવો પરસ્પર આચાર્યપણું કરે છે. સાચા તત્ત્વથી વિરુદ્ધ પ્રરૂપણા કરીને અજ્ઞાનીઓ એકબીજાના અજ્ઞાનને પોષણ આપે છે. સંસાર તો એમ ને એમ ચાલ્યા જ કરશે, અહીં તો પોતે સત્ય સમજીને પોતાનું હિત કરી લેવાની વાત છે.

ભાઈ, અનંત વાર તું મનુષ્ય થયો, મોટા મોટા હોદ્દા ને રાજપદ પણ અનંતવાર મળ્યા, પણ આ ચૈતન્યરાજા પોતે કોણ છે તેની વાત પણ તેં પોતાની કરીને પ્રેમથી

કદી સાંભળી નથી. પરમાં તારું પદ નથી, વિકાર પણ તારું ખરું પદ નથી, તે તો બધા અપદ છે....અપદ છે, માટે તેનાથી પાછો ફર, ને આ શક્તિસંપન્ન શુદ્ધચૈતન્યપદમાં આવ ! તે જ તારું નિજપદ છે. એકવાર તારા નિજપદની અનંત ઋદ્ધિનું નિરીક્ષણ કર, તો બહારની ઋદ્ધિનો મહિમા ઊડી જાય. સર્વજ્ઞભગવાન જેવી તારી ચૈતન્યઋદ્ધિ છે. સર્વ શાસ્ત્રો તારા ચૈતન્યપદનો મહિમા ગાય છે. સાંભળ –

**'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,**
**લક્ષ થવાનો તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.'**

ભગવાન સર્વજ્ઞ જિનદેવ અને તારો આત્મા પરમાર્થે સરખા છે, 'જિન' અને 'નિજ' બંને સ્વભાવે સરખા છે, સ્વભાવમાં જરાય ફેર નથી. આવા સ્વભાવનું લક્ષ કરાવવા જ સર્વ શાસ્ત્રો કહ્યાં છે. સર્વે શાસ્ત્રોનો સાર અંતર્મુખ થઈને આવા ચૈતન્યપદને લક્ષમાં લેવું તે જ છે. આવા ચૈતન્યપદને લક્ષમાં જેણે ન લીધું તેણે શાસ્ત્રોનું તાત્પર્ય જાણ્યું નથી.

આત્માના જ્ઞાનસ્વભાવમાંથી જ ભગવાન સર્વજ્ઞપદ પામ્યા, અને વાણીમાં તે સર્વજ્ઞસ્વભાવ બતાવ્યો. જેણે તે સર્વજ્ઞસ્વભાવને લક્ષમાં લીધો તે ભગવાનના માર્ગમાં ભળ્યો, તે સાધક થયો, ને ભગવાનનો ઉપદેશ તેણે જ ખરેખર જાણ્યો.

લોકો પૂછે શું કરવું ?

જાુઓ, આ શું કરવું તે કહેવાય છે. 'લક્ષ થવાને તેહનો....'– તારું શુદ્ધચૈતન્યપદ સર્વજ્ઞસ્વભાવથી ભરેલ છે તેનું તું લક્ષ કર. શ્રવણ–વાંચન–વિચાર–મનન તે બધાયમાં આ શુદ્ધચૈતન્યપદને લક્ષમાં રાખ. ક્યાં લક્ષ કરવા જેવું છે ને ક્યાંથી લક્ષ ઊઠાડવા જેવું છે તે સમજ. બહારમાં તારું પદ નથી, બહારમાં લક્ષ કરીને અત્યાર સુધી રખડ્યો માટે ત્યાંથી લક્ષ ઊઠાડ અને અંતરમાં તારું ચૈતન્યપદ સર્વજ્ઞસમાન છે. – તેમાં લક્ષ કર. અંતર્મુખ લક્ષ કર્યે જ કલ્યાણ છે, માટે તે જ કરવાનું છે.

જાુઓ, આ કેવી સીધી–સાદી વાત છે !

તું છો કે નહિ ? – કે હા.

પર છે કે નહિ ? – હા.

તું અને પર જુદા છો કે એક ? –જુદા.

જુદા છે તેનાં કાર્ય જુદા હોય કે એક ? –જુદા.

એ રીતે જુદાનાં કાર્યો જુદાં છે, માટે જુદા પદાર્થો ઉપરથી દૃષ્ટિ છોડ ! તેનું હું કાંઈ કરું એ માન્યતા છોડ. ને હવે તારામાં જો.

તારામાં વિકાર થાય છે તે તારા સ્વભાવ સાથે તદ્રૂપ–એકાકાર છે કે જુદો છે ?

વિકાર તો સ્વભાવથી જ જુદો છે.

અને તારો આત્મા જ્ઞાનસ્વભાવની સાથે તદ્રૂપ છે કે જુદો છે ?

આત્મા પોતાના સ્વભાવ સાથે તદ્રૂપ છે.

બસ ! ક્ષણિક વિકાર જેટલો આત્મા નથી, આત્મા તો કાયમ ટકનાર જ્ઞાનાદિ અનંતગુણનો ભંડાર છે; તે અનંત ગુણરૂપ સ્વભાવને જો. તે સ્વભાવમાં એકાકારતા કર ને વિકાર સાથેની એકતા છોડ. – આ જ ધર્મ અને હિત છે. આત્માને પરથી ભિન્ન જાણીને સ્વભાવમાં એકતારૂપ પરિણમન કરે તે ધર્મી–અંતરાત્મા છે; અને જે પર સાથે એકતા માનીને વિકારમાં એકતારૂપ પરિણમન કરે તે અધર્મી–બહિરાત્મા છે. અંતર્‌સ્વરૂપને અવલોકતાં વિકારની ઉત્પત્તિ થતી નથી, કેમકે સ્વભાવમાં વિકાર નથી, વિકાર સાથે સ્વભાવની એકરૂપતા નથી. બાહ્ય દૃષ્ટિથી સંસાર ઉત્પન્ન થયો છે, અંતર્મુખ થઈને સ્વભાવને અવલોકતાં તેનો નાશ થઈ જાય છે.–

**‘ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.’**

અહો ! ચૈતન્યસ્વભાવમાં તો આનંદસ્વરૂપે જ થવાની શક્તિ ત્રિકાળ છે, પણ પોતાની શક્તિને જીવ દેખતો નથી તેથી જ તેને આનંદનું પરિણમન–વેદન થતું નથી; ને બાહ્યદૃષ્ટિથી તે દુઃખને જ વેદે છે. તે દુઃખ વેદવાનો તેનો સ્વભાવ નથી. દુઃખ તો એક સમયનું માત્ર પર્યાયમાં છે, ને આનંદસ્વામી આત્મા ત્રિકાળ ભરેલો છે. એકલા સિદ્ધોમાં નહિ પણ બધાય આત્મામાં આવો આનંદસ્વભાવ ભરેલો છે, તે સ્વભાવમાં જુએ એટલી જ વાર છે.

જુઓ, મુમુક્ષુ એમ વિચારે છે કે મારે મોક્ષ જોઈએ છે ને ભવ નથી જોઈતો.

આનો અર્થ એ થાય છે કે આત્મામાં મોક્ષ થવાનો સ્વભાવ છે પણ ભવ થવાનો સ્વભાવ નથી; ભવની ઉત્પત્તિ ન થાય એવો આત્માનો સ્વભાવ છે. આવા આત્મસ્વભાવને લક્ષમાં લીધા વગર 'મોક્ષ જોઈએ ને ભવ ન જોઈએ' એવી ભાવના સાચી હોય નહિ. ભવના કારણરૂપ વિભાવને જે પોતાના સ્વભાવમાં માને તેને ભવથી છૂટવાની ખરી ભાવના જ નથી એટલે ખરી મુમુક્ષુતા તેને થઈ જ નથી. જેનામાં ભવ નથી એવા આત્મસ્વભાવની સન્મુખતા વગર ભવરહિત થવાની સાચી ભાવના હોય નહીં.

**પ્રશ્ન** :- સમકિતીને ભવરહિત સ્વભાવની શ્રદ્ધા હોવા છતાં તેને પણ એકાદ ભવ તો થાય છે ?

**ઉત્તર** :- અનંત શક્તિના પિંડરૂપ ભવરહિત સ્વભાવની દૃષ્ટિમાં ક્ષણે ક્ષણે તેને મોક્ષ તરફ જ પરિણમન થઈ રહ્યું છે; ત્યાં એકાદ ભવ રહ્યો છે તેનો તે જ્ઞાતા જ છે, સ્વભાવ તરફનાં વલણમાં તેને ભવ તરફના પરિણમનની પ્રધાનતા નથી પણ મોક્ષ તરફના પરિણમનની જ પ્રધાનતા છે. અને જેની પ્રધાનતા હોય તેનું જ અસ્તિત્વ ગણવામાં આવે છે, માટે સમકિતીને ભવ નથી.

'આત્માને જાણ્યો પણ આનંદ ન આવ્યો અથવા અનંત ભવની શંકા ન મટી' – એમ કોઈ કહે તો તેણે આનંદ સાથે આત્માને તદ્રૂપ માન્યો જ નથી પણ આનંદથી જુદો માન્યો છે, એટલે આત્માને જાણ્યો જ નથી; ભવસ્વભાવ વગરના મુક્તસ્વરૂપ આત્માને તેણે જાણ્યો જ નથી. અનંતગુણો સાથે તદ્રૂપ એવા આત્માને જાણતાં તેના અનંતગુણોમાં તદ્રૂપ એટલે કે જેવો સ્વભાવ છે તેવા સ્વભાવરૂપ શુદ્ધ પરિણમન થાય છે, આનંદનું વેદન થાય છે ને ભવની શંકા ટળી જાય છે. આવા સાધકને અલ્પ વિકાર રહે તેની મુખ્યતા નહિ હોવાથી (–તેમાં તદ્રૂપતા નહિ હોવાથી) તે અભાવ સમાન જ છે.

આત્માની તદ્રૂપ પરિણમનરૂપ શક્તિને જાણવા છતાં પર્યાયમાં એકલા વિકારરૂપ જ પરિણમન છે એમ જે માને તેણે ખરેખર સ્વભાવ સાથે તદ્રૂપ આત્માને જાણ્યો જ નથી, તેણે તો આત્માને વિકાર સાથે જ તદ્રૂપ માન્યો છે, આત્માના ગુણોનું વિકારથી અતદ્રૂપપણું તેણે જાણ્યું નથી. જો ખરેખર જાણે તો ગુણના પરિણમનમાં પણ વિકારથી અતદ્રૂપતા થઈને સ્વભાવમાં તદ્રૂપતા થયા વિના રહે નહિ, કેમ કે એવો જ આત્માનો સ્વભાવ છે. આત્મામાં જ્ઞાન–આનંદ–શ્રદ્ધા વગેરે અનંત ગુણો છે, તે અનંતગુણો સાથે

તદ્રૂપ થઈને પરિણમે એવો આત્માનો સ્વભાવ છે; જ્ઞાન તદ્રૂપ પરિણમે ને આનંદ વગેરે ન પરિણમે–એમ ન બને. અભેદપરિણમનમાં બધા ગુણોનો અંશ સમ્યક્‌પણે પરિણમે છે–એવો આત્મસ્વભાવ છે.

– ૨૯મી તત્ત્વશક્તિ અને ૩૦ મી અતત્ત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# એકત્વશક્તિ તથા અનેકત્વશક્તિ

**ધર્માત્માએ નિજ શુદ્ધાત્મદ્રવ્યનો સ્વીકાર કરીને પરિણતિને તે તરફ વાળી છે એટલે તેને મુક્તિ તરફ જ ક્ષણેક્ષણે પરિણમન ચાલી રહ્યું છે, તે મુક્તિપુરીનો પ્રવાસી થયો છે; એને ભવનો સંદેહ ટળ્યો છે ને એ મોક્ષના પંથે વળ્યો છે; એની શ્રદ્ધાનું જોર સ્વ તરફ વળ્યું છે, એના જ્ઞાને શુદ્ધદ્રવ્યને સ્વજ્ઞેય કર્યું છે, એનો પુરુષાર્થ સ્વદ્રવ્ય તરફ ઝૂકી ગયો છે; એને કષાયોનું વેદન ઉપશમીને આત્માના શાંતરસનું વેદન થયું છે; આ રીતે આખી પરિણતિમાં નવી જાગૃતિ આવી ગઈ છે...ને તે જીવ ભગવાનના માર્ગમાં ભળ્યો છે. આવી છે...ધર્માત્માની અપૂર્વ દશા !**

અનેકાન્તસ્વરૂપ જ્ઞાનમૂર્તિમાં એકત્વશક્તિ તથા અનેકત્વશક્તિ રહેલી છે. ' અનેક પર્યાયોમાં વ્યાપક એવા એક દ્રવ્યમયપણારૂપ એકત્વશક્તિ છે. ' અને ' એક દ્રવ્યથી વ્યાપ્ય જે અનેક પર્યાયો તે–મયપણારૂપ અનેકત્વશક્તિ છે. ' ધર્મી જાણે છે કે મારી અનેક પર્યાયોમાં મારો આત્મા જ વ્યાપેલો છે, કર્મ કે વિકાર મારી પર્યાયમાં વ્યાપેલો નથી. વિકાર તો બીજી ક્ષણે જ નાશ થઈ જાય છે. તેનામાં એવી શક્તિ નથી કે લંબાઈની બધી પર્યાયોમાં વ્યાપે; આત્મસ્વભાવમાં જ એવી શક્તિ છે કે બધી પર્યાયોમાં વ્યાપે છે. આવું ભાન થતાં વ્યાપક–વ્યાપ્યની એકતાથી (અર્થાત્ દ્રવ્ય–પર્યાયની એકતાથી) નિર્મળ પર્યાયો જ થાય છે. અનેક નિર્મળ પર્યાયોમાં વ્યાપવા છતાં આત્મા પોતે દ્રવ્યપણે તો એક જ રહે છે, દ્રવ્યપણે કાંઈ પોતે અનેક થઈ જતો નથી એવી તેની એકત્વશક્તિ છે. અને દ્રવ્યપણે એક હોવા છતાં અનેક પર્યાયોપણે પણ પોતે જ થાય છે–એવી તેની

અનેકત્વશક્તિ છે. આ રીતે એકપણુંને અનેકપણું બંને શક્તિઓ આત્મામાં એક સાથે છે. તેમાં ' એકત્વ ' તે દ્રવ્યાર્થિકનયથી છે અને તેની સાથે ' અનેક પર્યાયોમાં વ્યાપક ' એમ કહીને પર્યાય પણ બતાવી; તથા બીજા બોલમાં 'અનેકત્વ' કહ્યું તે પર્યાયાર્થિકનયનો વિષય છે અને તેની સાથે ' એક દ્રવ્યથી વ્યાપ્ય ' એમ કહીને દ્રવ્ય પણ સાથે જ રાખ્યું છે. દ્રવ્યનું લક્ષ છોડીને એકલું અનેકપણું માને તો તે યથાર્થ નથી. તે જ પ્રમાણે નિર્મળ પર્યાયો વિનાનું એકલું દ્રવ્ય માને તો તે પણ યથાર્થ નથી. દ્રવ્ય અને નિર્મળપર્યાય એ બંનેને વ્યાપક–વ્યાપ્ય તરીકે સાથે ને સાથે રાખીને આચાર્યદેવે અદ્‌ભુત વર્ણન કર્યું છે.

આત્મા ક્યાં રહે છે ?– કે પોતાની અનેક નિર્મળ પર્યાયોમાં રહે છે. એક પછી એક પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છતાં તે બધી પર્યાયો આત્મામાં જ અભેદ થાય છે, અનેક પર્યાયો થવાથી આત્માની એકતા તૂટતી નથી. સમ્યગ્દર્શનની શરૂઆત વખતે પણ તે જ છે ને કેવળજ્ઞાન વખતે પણ તે જ છે; આ રીતે અનેક નિર્મળ પર્યાયપણે થવા છતાં પોતે ચૈતન્યસ્વરૂપે એક જ છે. જ્ઞાનપર્યાયમાં આત્મા, દર્શનમાં આત્મા, આનંદમાં આત્મા, એમ અનંત ગુણોની પર્યાયમાં રહેલો હોવા છતાં, જ્ઞાનનો આત્મા જાુદો, દર્શનનો આત્મા જાુદો ને આનંદનો આત્મા જાુદો – એમ કાંઈ આત્માનું ભિન્નપણું નથી, આત્મા તો એક જ છે.

હે જીવ ! તારો આત્મા પરમાં રહ્યો નથી, માટે પરનું લક્ષ છોડ; તારા અનેક ગુણ–પર્યાયોમાં તારો આત્મા રહેલો હોવા છતાં તે અનેકપણે ખંડિત થઈ ગયો નથી પણ એકપણે જ રહ્યો છે, માટે અનેકના ભેદનું પણ લક્ષ છોડીને, દ્રવ્યસ્વભાવની એકતાનું અવલંબન કર. તે એકતાના અવલંબને અનેક નિર્મળ પર્યાયો થઈને તે એકતામાં જ ભળી જશે.

અનાદિથી એકલી વિકારી પર્યાય થઈ તેમાં ખરેખર આત્મા વ્યાપ્યો જ નથી, કેમ કે વિકારી પર્યાય સાથે આત્મસ્વભાવની એકતા નથી. નિર્મળ પર્યાય જ અંતરમાં વળીને સ્વભાવ સાથે એકમેક થાય છે તેથી તેમાં જ આત્મા વ્યાપક છે. અહો! વિકારી પર્યાયમાં પણ આત્મા નથી રહ્યો તો પછી શરીરાદિ જડમાં તો આત્મા ક્યાંથી હોય ? શરીરમાં આત્મા નથી રહ્યો – એ વાત સાંભળતાં અજ્ઞાની તો ભડકે છે કે 'અરે ! શું આત્મા આ શરીરમાં નથી ? તો આત્મા ક્યાં રહ્યો હશે ? શું આકાશમાં રહ્યો હશે ?'– અરે

ભાઈ ! ધીરો થા, ધીરો થા, શરીર પણ જડ છે ને આકાશ પણ જડ છે, – શું આત્મા જડમાં રહે ? કે જડથી ભિન્ન રહે ? આત્મા શરીરમાં નથી ને આકાશમાં પણ નથી, આત્મા પોતાના જ્ઞાન–આનંદ વગેરે અનંતગુણ–પર્યાયોમાં જ છે. ભાઈ ! તારા ગુણ–પર્યાયોથી બહાર બીજે ક્યાંય તારો આત્મા નથી; માટે તું બહાર ન શોધ, અંતરમાં શોધ.

જેમ શ્રીફળનો ગોટો બહારના છાલમાં નથી ને અંદરની રાતી છાલમાં પણ નથી, શ્રીફળનો ગોટો તો સફેદ અને મીઠાશરૂપ પોતાના સ્વભાવમાં જ છે, તેમ આ ચૈતન્યગોળો ભગવાન આત્મા છે તે બહારના છોતા જેવા આ જડ શરીરમાં નથી, અને અંદરની રાતી છાલ જેવા રાગાદિ વિકારમાં પણ નથી. ચૈતન્યમૂર્તિ આત્મા તો જ્ઞાન ને આનંદરૂપી પોતાના સ્વભાવમાં જ છે. એકલી રાતી છાલને જ ખાઈને તેને શ્રીફળનો સ્વાદ માનો તો ખરેખર તેણે શ્રીફળને જાણ્યું નથી, તેમ એકલા રાગના અનુભવને જ આત્માનો સ્વાદ જે માને તેણે ખરેખર આનંદમૂર્તિ આત્માને જાણ્યો જ નથી. જે જીવ રાગથી ધર્મ મનાવે છે તે ચૈતન્યમૂર્તિ આત્માનો અનાદર કરે છે, ભગવાનના માર્ગનો પણ તે અનાદર કરે છે, ને ભવભ્રમણના માર્ગને આદરી રહ્યો છે.

શરીરમાં કે રાગમાં તો આત્મા વ્યાપ્યો નથી; નિર્મળ પર્યાય થઈ તેમાં આત્મા વ્યાપક છે પરંતુ તે એક જ પર્યાય જેટલો આખો આત્મા નથી, આત્મામાં તો એવી અનંત પર્યાયોમાં વ્યાપવાની તાકાત છે. – આવા આત્મા ઉપર ધર્મીની દૃષ્ટિની મીટ છે, આવા આત્માને શ્રદ્ધામાં લઈને તેમાં જ પર્યાયને એકાગ્ર કરી છે, ને તે જ ધર્મીનો ધર્મ છે. ધર્મી એટલે આત્મદ્રવ્ય અને ધર્મ એટલે તેની નિર્મળ પર્યાય; ધર્મીનો ધર્મ તેનાથી જુદો નથી, ધર્મ ધર્મી સાથે એકમેક છે; ધર્મી પોતાના ધર્મમાં જ રહે છે.

ક્યાં રહેવું ? – કે દિલ્હીમાં; તેમ અહીં પૂછે છે ક્યાં રહેવું ? તો ધર્મી કહે છે કે અમારી નિર્મળ પર્યાયમાં; અમારી નિર્મળ પર્યાય તે જ અમારુ પાટનગર છે. રાજા જ્યાં રહે તેને પાટનગર કહેવાય ને તે નગર ઉપર કોઈ જાતનો કરનો બોજો ન હોય – એમ અગાઉના વખતમાં હતું, તેમ આ ચૈતન્યરાજા પોતાની નિર્મળ પર્યાયરૂપ પાટનગરમાં રહે છે, ને તે નિર્મળ પર્યાય ઉપર કોઈ જાતનો કર એટલે કે વિકાર કે કર્મનો બોજો નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય થઈ તેમાં આત્મા પોતે વ્યાપ્યો છે. કોઈ રાગનો કે વ્યવહારનો વિસ્તાર થઈને સમ્યગ્દર્શન થયું એમ નથી

પણ આત્મપોતે વિસ્તારરૂપે થઈને સમ્યગ્દર્શનમાં ફેલાયો છે. ધર્મીની દૃષ્ટિ શુદ્ધ દ્રવ્ય ઉપર છે, એટલે તેની દૃષ્ટિ અને દ્રવ્ય બંને એકાકાર થઈ ગયા છે. સમ્યગ્દર્શનની શરૂઆતથી માંડીને સિદ્ધદશા સુધીની બધી પર્યાયોમાં સળંગપણે એક આત્મા રહેલો છે, તે એકના આશ્રયે જ અનેક નિર્મળ પર્યાયો થતી જાય છે. બસ ! નિર્મળ પર્યાયને આ એકનો જ આશ્રય છે, એ સિવાય બહારમાં કોઈ બીજાનો આશ્રય નથી. શુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે જ મોક્ષમાર્ગ પ્રગટે છે, ટકે છે ને વધે છે. એ સિવાય બીજા કોઈના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટતો નથી, ટકતો નથી ને વધતો નથી.

આત્મા દ્રવ્યસ્વરૂપે એકપણે રહેતો હોવા છતાં, અનેક નિર્મળ પર્યાયોરૂપ અનેકપણે પણ પોતે જ થાય છે. એકતારૂપ રહેવું તેમજ અનેકતારૂપે થવું – એ બંને સ્વભાવ એક આત્મામાં રહેલા છે. સર્વથા એકરૂપ જ રહે તો એક પર્યાય પલટીને બીજી વિશેષ નિર્મળ પર્યાયરૂપે કોણ થાય ? અને જો સર્વથા અનેકરૂપ જ થઈ જાય તો પર્યાય કોના આશ્રયે થાય ? માટે આત્મામાં એકત્વ તેમજ અનેકત્વ એવી બંને શક્તિઓ છે.

જો એકત્વશક્તિ ન હોય તો અનેક ગુણ–પર્યાયોમાં વસ્તુ પણ અનેક ખંડખંડરૂપ થઈ જાય, અર્થાત્ જેટલા ગુણોને જેટલી પર્યાયો તેટલી જ જુદીજુદી વસ્તુઓ થઈ જાય, એટલે અનંતગુણ–પર્યાયરૂપ વસ્તુ સિદ્ધ જ ન થાય, માટે, અનંતગુણ–પર્યાયોમાં એકપણે વ્યાપીને રહેવારૂપ એકત્વશક્તિ છે, તે અનંતગુણપર્યાયોમાં દ્રવ્યની અખંડતા ટકાવી રાખે છે.

એ જ પ્રમાણે જો અનેકત્વશક્તિ ન હોય તો એક વસ્તુમાં અનંતગુણપર્યાયો ક્યાંથી હોય ? વસ્તુ એક હોવા છતાં ગુણ–પર્યાયો અનંત છે. દ્રવ્યપણે એક જ રહીને આત્મા પોતે પોતાના અનંતગુણપર્યાયોમાં રહે છે. એ રીતે અનેકપણું પણ છે.

એકપણું કે અનેકપણું તે બંનેમાં પરથી તો આત્મા જુદો જ છે ને વિકારથી પણ જુદો છે. એકપણું તો દ્રવ્યથી છે ને અનેકપણું ગુણ–પર્યાયોથી છે. પરને લીધે તે ધર્મ નથી તેથી પરસન્મુખતાથી એકતાની કે અનેકતાની ઓળખાણ થતી નથી, એકતારૂપે કે અનેકતારૂપે આત્મા પોતે જ છે તેથી આત્મસન્મુખતાથી જ તેની યથાર્થ ઓળખાણ થાય છે.

આત્માની સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ પર્યાયોમાં કોણ વ્યાપે છે ? શું નિમિત્ત તેમાં વ્યાપે છે ? ના; શું રાગ તેમાં વ્યાપે છે ? ના; શું પૂર્વની પર્યાય તેમાં

વ્યાપે છે ? ના; શુદ્ધચૈતન્યમૂર્તિ આત્મા પોતે જ પરિણમીને તે સમ્યગ્દર્શનાદિ પર્યાયોમાં વ્યાપે છે; માટે હે જીવ ! તારી નિર્મળ પર્યાય પ્રગટ કરવા માટે તારે તારા શુદ્ધઆત્મામાં જ જોવાનું રહ્યું; તેનું જ અવલંબન કરવાનું રહ્યું; પણ કોઈ નિમિત્તનું, રાગનું કે પર્યાયનું અવલંબન ન રહ્યું; તારો એક આત્મા જ તારી બધી પર્યાયોમાં પ્રસરી જાય છે એવી તેની શક્તિ છે. આત્માનું આવું સ્વરૂપ જે સમજે તેને પરથી પરાંગ્મુખતા અને સ્વની સન્મુખતા વડે નિર્મળપર્યાયો થાય છે, એ જ ધર્મ છે.

આત્માની પર્યાય તો તેને જ કહેવાય કે જેમાં આત્માનો સ્વભાવ વ્યાપે. ક્રોધાદિ ભાવો ખરેખર આત્માના સ્વભાવથી વ્યપાયેલા નથી. – આવા આત્મસ્વભાવને જેણે નક્કી કર્યો તેની પર્યાયમાં આત્મા વ્યાપ્યો ને ક્રોધાદિ ન વ્યાપ્યા, ક્રોધમાં વ્યાપે તે હું નહિ; શુદ્ધતામાં વ્યાપું તે જ હું – એમ નક્કી કરતાં ક્રોધ તરફનું જોર તૂટી ગયું ને શુદ્ધસ્વભાવ તરફનું જોર વધી ગયું. – આવી સાધકદશા છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

જુઓ, આત્માની સમ્યક્ પ્રતીતિ આવું ફળ લેતી પ્રગટે છે. જો આવું ફળ ન આવે તો આત્માની ખરી પ્રતીતિ નથી. **સમ્યક્પ્રતીતિ તો એવી છે કે આખા ભગવાન આત્માને પર્યાયમાં પ્રસિદ્ધ કરે છે. જો પર્યાયમાં ભગવાન આત્માની પ્રસિદ્ધિ ન થાય તો ત્યાં સમ્યક્પ્રતીતિ નથી.** મારી બધી શુદ્ધપર્યાયોમાં મારું દ્રવ્ય જ વ્યાપશે, મારો આત્મા જ અનેક નિર્મળ પર્યાયોરૂપે તન્મય થઈને પરિણમશે – આમ જેણે નિશ્ચય કર્યો તેની શ્રદ્ધાનું જો સ્વદ્રવ્ય તરફ વળી ગયું, તેના જ્ઞાને શુદ્ધદ્રવ્યને સ્વજ્ઞેય કર્યું, તેનો પુરુષાર્થ સ્વદ્રવ્ય તરફ વળી ગયું, તેના જ્ઞાને શુદ્ધદ્રવ્યને સ્વજ્ઞેય કર્યું, તેનો પુરુષાર્થ સ્વદ્રવ્ય તરફ ઝૂકી ગયો, કષાયોનું વેદન છૂટીને આત્માના શાંતસ્વભાવનું તેને વેદન થયું, અનાદિથી પર્યાયમાં એકલો વિકાર વ્યાપતો તેને બદલે હવે અપૂર્વ નિર્મળ પર્યોયોમાં ભગવાન આત્મા વ્યાપ્યો, એટલે **'આત્મપ્રસિદ્ધિ' થઈ. – આ રીતે આખી પરિણતિમાં નવી જાગૃતિ આવી ગઈ–નવું વેદન આવી ગયું; – આવી ધર્મીની અપૂર્વદશા છે.** પહેલાં આવા શુદ્ધદ્રવ્યની ખબર ન હતી ત્યારે પર્યાય તે તરફ વળતી ન હતી ને તે પર્યાયમાં આત્મા વ્યાપતો ન હતો. હવે **શુદ્ધ દ્રવ્યનો નિર્ણય કરીને પર્યાય તે તરફ વળી ને તે પર્યાયમાં ભગવાન આત્મા વ્યાપ્યો, ભગવાન આત્માની પ્રસિદ્ધિ થઈ, આત્મા કેવો છે તેની ખરી ખબર પડી, ભગવાનને અને સાધક સન્તોને હવે ખરા સ્વરૂપે ઓળખ્યા, તે જીવ હવે ભગવાનના માર્ગમાં ભળ્યો. – આવો ભગવાનનો માર્ગ છે.**

ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કે સર્વજ્ઞનો નિર્ણય પણ આવા શુદ્ધદ્રવ્યના નિર્ણયથી જ થાય છે.–શુદ્ધદ્રવ્ય તરફ વળીને જ્યાં ક્રમબદ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય કરે ત્યાં એકલી અશુદ્ધતાનો ક્રમ રહે,–એમ બને નહિ; આ રીતે શુદ્ધદ્રવ્યનો નિર્ણય, સ્વસન્મુખદ્રષ્ટિ, સર્વજ્ઞનો નિર્ણય, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય, શુદ્ધપર્યાયના ક્રમની શરૂઆત, અપૂર્વ પુરુષાર્થ –એ બધુંય એક જ સાથે છે. – જૈન શાસનની સ્થિતિ જ કોઈ અદ્દભુત છે !

' મારી પર્યાયોમાં બીજું કોઈ નહિ પણ મારો શુદ્ધ આત્મા જ વ્યાપનાર છે '– અહો ! આ નિર્ણયમાં તો આખો દ્રષ્ટિનો પલટો છે; આવો નિર્ણય કરનાર જીવ હવે ક્યાંય પણ પરાશ્રયબુદ્ધિમાં ન અટકતાં, સ્વદ્રવ્યનું એકનું જ અવલંબન કરીને શુદ્ધ પર્યાયોરૂપે પરિણમ્યા કરે છે. મારી જે જે પર્યાય પ્રગટે છે તે મારા આત્મદ્રવ્યમાંથી જ પ્રગટે છે – એમ તેને સમ્યક્ વિશ્વાસ થઈ ગયો હોવાથી પર્યાયે પર્યાયે આત્મદ્રવ્યનું જ અવલંબન તેને વર્તે છે, અને આત્માનો સ્વભાવ શુદ્ધ હોવાથી તેના અવલંબને પરિણમી પર્યાય પણ શુદ્ધ જ થાય છે. ધર્મીને બધી પર્યાયોમાં આત્માનું જ અવલંબન છે. નિયમસારમાં કહ્યું છે કે –

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે,**
**દર્શન ચરિતમાં આત્મા,**
**પચખાણમાં આત્મા જ,**
**સંવર–યોગમાં પણ આતમા.૧૦૦**

ધર્મી જાણે છે કે ખરેખર મારા જ્ઞાનમાં આત્મા છે, મારા દર્શનમાં તથા ચારિત્રમાં આત્મા છે, મારા પ્રત્યાખ્યાનમાં આત્મા છે, મારા સંવરમાં તથા યોગમાં (શુદ્ધોપયોગમાં) આત્મા છે. આ બધી પર્યાયોની વાત છે. ધર્મીની બધી પર્યાયો એક શુદ્ધ આત્માને જ ઉપાદેય કરીને પરિણમે છે, તેની પર્યાયમાં બીજું કાંઈ ઉપાદેય નથી. ચોથા ગુણસ્થાનકવાળા ધર્મીની પણ આવી જ દ્રષ્ટિ હોય છે. આવી દશા વગર સમ્યગ્દર્શન હોતું નથી.

પર્યાયો એક પછી એક ક્રમબદ્ધ થાય છે ને તેમાં મારું શુદ્ધદ્રવ્ય જ વ્યાપે છે, – આમ જેણે નક્કી કર્યું તેના શ્રદ્ધા–જ્ઞાનનું વલણ પર તરફથી છૂટીને સ્વદ્રવ્ય તરફ વળી ગયું ને તેની પર્યાયના ક્રમમાં નિર્મળતા શરૂ થઈ. જો આમ ન થાય–રુચિ ન પલટે ને એકલી પર તરફની જ સાવધાની રહે–અને કહે કે ' પર્યાય તો ક્રમબદ્ધ

થયા કરે છે '– તો તે માત્ર પરની ઓથે ક્રમબદ્ધપર્યાયની વાતો કરે છે, ખરેખર તેને ક્રમબદ્ધપર્યાયનાં સ્વરૂપનો નિર્ણય થયો નથી; જો ખરો નિર્ણય હોય તો રુચિનું વલણ પલટે જ.

અહો, આચાર્યદેવે આ દરેક શક્તિઓનાં વર્ણનમાં ત્રિકાળી સ્વભાવ અને તેનું શુદ્ધ પરિણમન–એ બંને સાથે ને સાથે જ બતાવ્યા છે. શક્તિ સાથે ભળીને–અભેદ થઈને–શુદ્ધતારૂપે પરિણમ્યા વગર શુદ્ધશક્તિનો યથાર્થ સ્વીકાર થઈ શકતો નથી. જ્યાં **પર્યાયમાં શુદ્ધ શક્તિનો સ્વીકાર થયો ત્યાં પર્યાય પણ તેમાં જ ભળી ગઈ, એટલે તે પણ શુદ્ધ થઈ. આ રીતે અપૂર્વભાવે આત્માનો સ્વીકાર થતાં અપૂર્વ ધર્મ થયો...સર્વજ્ઞ ભગવાને જેમ કહ્યું તેમ તેણે કર્યું...તેથી તેણે જ ખરેખર સર્વજ્ઞને માન્યા; એ જ રીતે ગુરુને અને શાસ્ત્રને પણ તેણે ખરેખર માન્યા; ભગવાન જે માર્ગે મુક્તિ પામ્યા તે માર્ગમાં તે ભળ્યો, તે સર્વજ્ઞનો નંદન થયો,–સાધક થયો; એને ભવનો સંદેહ ટળ્યો, ને એ મોક્ષના પંથે ચડ્યો, અને આવી દશા વગર દેવનો, ગુરુનો, શાસ્ત્રનો ક્રમબદ્ધપર્યાયનો,** મોક્ષમાર્ગનો, દ્રવ્યનો, ગુણનો વગેરે કોઈ પણ બાબતનો નિર્ણય ખરેખર સાચો કહેવાય નહીં, ને યથાર્થપણે ભવની શંકા તેને ટળે નહીં. ધર્મીને તો શુદ્ધદ્રવ્યનો સ્વીકાર થયો છે ને પરિણતિ તે તરફ વળી છે એટલે મુક્તિ તરફ જ ક્ષણેક્ષણે પરિણમન ચાલી રહ્યું છે, તે મુક્તિપુરીનો પ્રવાસી થયો છે તેથી 'હવે મારે અનંત સંસાર હશે' એવી શંકા તેને હોતી જ નથી, તેને સ્વભાવના જોરે એવી નિઃશંકતા છે કે હવે અલ્પ જ કાળમાં મારી મુક્તદશા ખીલી જશે. આત્માનો આનંદમય ચૈતન્યસ્વભાવ છે, તે સ્વભાવમાં ભવ નથી, સ્વભાવમાં શંકા નથી, સ્વભાવમાં ભય નથી, સ્વભાવમાં વિકાર નથી,–આવા સ્વભાવનો નિર્ણય કરીને જ્યાં તેની સન્મુખ પરિણમન થયું ત્યાં ભવ રહેતો નથી, શંકા રહેતી નથી, ભય રહેતો નથી ને વિકાર રહેતો નથી, તેથી તેની ધર્મી નિઃશંક છે, નિર્ભય છે, વિકારનો ને ભવનો તે નાશક છે, ને શુદ્ધતાનો ઉત્પાદક છે; અલ્પકાળમાં પૂર્ણ વિકારનો નાશ ને શુદ્ધતાની ઉત્પત્તિ કરીને તે મુક્તિ પામે છે.

જે વ્યાપે તે કર્તા, પર્યાયમાં દ્રવ્ય જ વ્યાપે છે તેથી દ્રવ્ય જ પોતાની પર્યાયનું કર્તા છે. અનેક પર્યાયોમાં વ્યાપવારૂપ પોતાની શક્તિને ઓળખે તો ' મારી પર્યાયનો કર્તા પર હશે ' એવી માન્યતા રહે નહિ, પણ દ્રવ્યનો આશ્રય કરીને નિર્મળ પર્યાય થાય. અનેક પર્યાયો થતી હોવા છતાં તારી બધી પર્યાયો તારા એક આત્માથી જ વ્યાપ્ય

છે. બીજા કોઈથી વ્યાપ્ય નથી, એમ નક્કી કરીને હે જીવ, પર્યાયને વાળ તારા દ્રવ્યમાં !

પર્યાયનો સ્વભાવ એવો છે કે તે દ્રવ્યથી વ્યપાય અને દ્રવ્યનો સ્વભાવ એવો છે કે તે પર્યાયોમાં વ્યાપે. એ રીતે જ્ઞાનપર્યાય પણ પોતાના દ્રવ્યથી વ્યાપ્ત થાય એવું તેનું સ્વરૂપ છે, છતાં તે જ્ઞાનપર્યાય પોતામાં વ્યાપક એવા આત્મસ્વભાવને ન દેખતાં એકલા પરજ્ઞેયોને જ દેખે તો તે અજ્ઞાન છે. જ્ઞાનપર્યાય કોની છે ? કે આત્મદ્રવ્યની; તે જ્ઞાનપર્યાયે આત્મદ્રવ્ય તરફ ઝૂકીને તેનો નિર્ણય કરવો જોઈએ, તે ન કરતાં પર તરફ ઝૂકીને ' રાગાદિ તે જ હું ' એમ માને છે તો તે જ્ઞાને પોતાનું જ્ઞાન તરીકેનું કામ ન કર્યું, એટલે તે જ્ઞાન મિથ્યા થયું. પોતાની પર્યાયને પોતાના આત્માથી વ્યાપ્ત ન જાણતાં રાગથી જ વ્યાપ્ત માને તે જીવને આત્માની પ્રસિદ્ધિ થતી નથી પણ રાગની જ પ્રસિદ્ધિ થાય છે. જ્યાં સુધી જ્ઞાન અંતર્મુખ થઈને સ્વદ્રવ્યનો નિર્ણય ન કરે ત્યાં સુધી પરનો પણ સાચો નિર્ણય કરવાની તાકાત તે જ્ઞાનમાં હોતી નથી, એટલે એવા જ્ઞાનને જ્ઞાન કહેતા નથી, તે તો અજ્ઞાન છે. સાચું જ્ઞાન તો તેને કહેવાય કે જેમાં આત્માની પ્રસિદ્ધિ થાય...આત્માના આનંદનું વેદન થાય.

મારી પર્યાયમાં મારું અખંડ વ્ય વ્યાપક છે–એમ નક્કી કરીને પછી જે જે પર્યાય થાય છે તે દરેક પર્યાય ત્રિકાળી દ્રવ્યને સાથે ને સાથે રાખીને થાય છે, અર્થાત્ પર્યાયે પર્યાયે ત્રિકાળી દ્રવ્યનું અવલંબન વર્તે છે, અને ત્રિકાળી દ્રવ્યનાં અવલંબને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે શુદ્ધપર્યાયો થતી જાય છે. ત્રિકાળી તત્ત્વના સ્વીકાર વિના–આશ્રય વિના–પર્યાયની નિર્મળતા થતી નથી, સમ્યગ્જ્ઞાન થતું નથી, અને સમ્યગ્જ્ઞાન વગર નિમિત્તનું કે વ્યવહારનું પણ ખરું જ્ઞાન થતું નથી.

અહીં ૩૨મી શક્તિમાં બતાવવું છે તો અનેકપણું, પરંતુ તેની સાથે સાથે ' એક દ્રવ્યથી વ્યાપ્ય '........એમ કહીને દ્રવ્યદૃષ્ટિ પણ ભેગી જ રાખી છે. આચાર્યદેવની અજબ શૈલી છે. ઘણી ગંભીરતા ભરી છે. અનેક પર્યાયો થતી હોવા છતાં દ્રવ્યની એકતાનું અવલંબન છૂટતું નથી એટલે નિર્મળ–નિર્મળ પર્યાયો જ થતી જાય છે,–એમ સાધક ભૂમિકાથી વાત કરી છે. સાધકની શ્રદ્ધા 'એક દ્રવ્ય' તરફ વળી છે, તેનું જ્ઞાન 'એક દ્રવ્ય' તરફ વળેલું છે, તેની એકાગ્રતા પણ 'એક દ્રવ્ય' તરફ જ છે; એ રીતે 'એક દ્રવ્ય'ને અવલંબીને જ (–શુદ્ધ આત્મસ્વભાવને અવલંબીને જ) સાધકદશા વર્તી રહી છે, ને તેના જ અવલંબને શુદ્ધતા વધતાં વધતાં પૂર્ણ શુદ્ધતારૂપ સિદ્ધદશા થઈ જશે.

મારી બધી પર્યાયો મારા એક દ્રવ્યની જ વ્યાપ્ત છે–એમ નક્કી કરનારે કોની સામે જોઈને તે નક્કી કર્યું ? શું પરની સામે, વિકારની સામે કે એકલી પર્યાયની સામે જોઈને તે નક્કી કર્યું ? ના, એની સામે જોઈને તે નક્કી થઈ શકે નહિ; પણ પર્યાયને શુદ્ધ એકરૂપ દ્રવ્ય તરફ વાળીને, દ્રવ્યસન્મુખ થઈને જ નક્કી કર્યું છે કે અહો ! મારી પર્યાયોમાં તો આવું આત્મદ્રવ્ય જ વ્યાપેલું છે; મારામાં પર કે વિકાર વ્યાપે એવું મારું સ્વરૂપ નથી. નિર્મળ પર્યાયોમાં વ્યાપે એવું જ મારા આત્મદ્રવ્યનું ખરું સ્વરૂપ છે. મારો આત્મા પરમાં રહેલો નથી, મારો આત્મા રાગમાં રહેલો નથી, મારો આત્મા તો ઉપયોગમાં રહેલો છે. અશુદ્ધ પર્યાયમાં શુદ્ધ દ્રવ્ય કઈ રીતે વ્યાપે ? અશુદ્ધતા સાથે શુદ્ધદ્રવ્યની એકતા થઈ શકે નહિ; માટે રાગમાં આત્મા નથી આવતો. આત્મા તરફ વળવા માટે રાગ કામ નથી આવતો. રાગનો તો અભાવ કરીને ઉપયોગ અંતર્મુખ થતાં તેમાં આત્મા આવે છે,–આત્માનો અનુભવ થાય છે. આ રીતે આ એકત્વશક્તિ કે અનેકત્વશક્તિથી આત્માનો નિર્ણય કરતાં પર્યાય સ્વ તરફ જ વળી જાય છે, ને શક્તિઓનું શુદ્ધ પરિણમન થઈને એક આત્મા પોતાની અનેક નિર્મળ પર્યાયોમાં વ્યાપે છે. અજ્ઞાનદશામાં પર્યાયમાં એકલો વિકાર વ્યાપતો તે અશુદ્ધ પરિણમન હતું, ને હવે સ્વાશ્રયે શુદ્ધ પરિણમન થતાં પર્યાયમાં આખો ભગવાન આત્મા પોતે વ્યાપ્યો છે....અર્થાત્ ‘આત્મપ્રસિદ્ધિ’ થઈ છે. આવું અનેકાન્તમૂર્તિ આત્માની ઓળખાણનું ફળ છે.

– ૩૧મી એકત્વશક્તિ તથા ૩૨મી અનેકત્વશક્તિનું
વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

પરમાત્માની વાણી પરમાત્મા થવા માટે છે;

વીતરાગની વાણી વીતરાગતાની જ પોષક હોય; રાગને જે પોષે તે વાણી વીતરાગની નહિ.

દેવ–ગુરુ–શાસ્ત્ર જ જેનાં ખોટા છે તેને આત્માના જ્ઞાનસ્વભાવની કે ક્રમબદ્ધપર્યાયની સાચી શ્રદ્ધા હોતી નથી.

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ – એ પાંચ બંધનાં કારણો છે; તે ટાળવાનો ક્રમ એવો છે કે પહેલાં સમ્યગ્દર્શનવડે મિથ્યાત્વ ટળ્યા પછી જ અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ અનુક્રમે ટળે. – આ જ ધર્મનો ક્રમ છે. જે જીવ સમ્યગ્દર્શન વગર મુનિપણું વગેરે માને છે તે ધર્મના ક્રમને જાણતો નથી.

❋ ❋ ❋

# ભાવશક્તિ અને અભાવશક્તિ

**ચક્રવર્તીનો ય ચક્રવર્તી એવો આ ચૈતન્ય ભગવાન....તેના ભંડારમાં સમ્યગ્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાન, સિદ્ધદશા વગેરે નિર્મળ રત્નોની હારમાળા ગુંથાયેલી પડી છે; તે ભંડાર ખોલીને બહાર કાઢવાની રીત અહીં આચાર્યભગવાને બતાવી છે. અરે જીવ ! અંતર્મુખ થઈને એકવાર તારા ચૈતન્યભંડારને ખોલ, તારી ચૈતન્યશક્તિ એવી છે કે તેને ખોલતાં તેમાંથી નિર્મળ પર્યાયો નીકળશે, પણ તેમાંથી વિકાર નહિ નીકળે.**

જ્ઞાનસ્વરૂપ આત્મા અનંત શક્તિવાળો છે તેનું આ વર્ણન ચાલે છે. તેમાં જીવત્વશક્તિથી શરૂ કરીને અનેકત્વશક્તિ સુધીની ૩૨ શકિતઓનું વર્ણન થયું. હવે ' ભાવ ' અને ' અભાવ ' વગેરેના જોડકાંરૂપ છ શક્તિઓ કહે છે –

(૩૩-૩૪) ભાવશક્તિ અને અભાવશક્તિ;

(૩૫-૩૬) ભાવ–અભાવશક્તિ અને અભાવ–ભાવશક્તિ;

(૩૭-૩૮) ભાવ–ભાવશક્તિ અને અભાવ–અભાવશક્તિ.

તેમાંથી પહેલાં ભાવશક્તિ તથા અભાવશક્તિનું વર્ણન ચાલે છે. ' જ્ઞાનસ્વરૂપ આત્મામાં વિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ ભાવશક્તિ છે; તેમ જ શૂન્ય અર્થાત્ અવિદ્યમાન અવસ્થાવાળાપણારૂપ અભાવશક્તિ છે. ' આત્મામાં ત્રિકાળ ટકનાર વસ્તુ છે, તેનામાં કોઈ ને કોઈ અવસ્થા વર્તમાન વર્તતી હોય જ છે. પોતાની જ એવી ભાવશક્તિ છે કે દરેક સમયે કોઈ અવસ્થા વિદ્યમાન હોય જ, એટલે બીજાનાં કારણે અવસ્થા થાય એ વાત રહેતી નથી; અને વર્તમાન જે અવસ્થા વિદ્યમાનપણે વર્તતી હોય તે સિવાયની બીજી બધી અવસ્થાઓ અવિદ્યમાનરૂપ છે એવી અભાવશક્તિ છે. જો વર્તમાન અવસ્થા

વિદ્યમાન ન હોય તો વસ્તુ જ ન હોય, અને જો પહેલાં પછીની અવસ્થાઓનો વર્તમાનમાં અભાવ ન હોય તો પૂર્વનું અજ્ઞાન કદી (જ્ઞાનદશામાં પણ) ટળે નહિ, તેમજ સાધકપણામાં જ ભવિષ્યની કેવળજ્ઞાનદશા થઈ જાય; પણ એમ નથી; વર્તમાનપણે એક અવસ્થા વર્તે છે તે ભાવશક્તિનું કાર્ય છે, ને તે અવસ્થામાં બીજી અવસ્થાઓ અવિદ્યમાન છે–તે અભાવશક્તિનું કાર્ય છે. જુઓ, આમાં પર્યાયબુદ્ધિ ઊડી જાય છે, કેમ કે એકેક પર્યાયમાં આખું દ્રવ્ય સાથે ને સાથે વર્તે છે, પણ એક પર્યાયમાં બીજી પર્યાય વર્તતી નથી. અને આવી દૃષ્ટિથી જ્યાં આત્મા પોતે નિર્મળભાવરૂપે પરિણમ્યો ત્યાં તે નિર્મળભાવમાં વિકારનો અભાવ છે. જેને પર્યાયમાં વિકારનું વિદ્યમાનપણું જ ભાસે, વિકારનો અભાવ ન ભાસે તેણે ખરેખર આત્માની ભાવ–અભાવ–શક્તિને જાણી નથી.

આત્મા છે પણ તેની કોઈ પર્યાય નથી એમ માને, અથવા તો પરને લીધે પર્યાય થવાનું માને, અથવા તો પર્યાયમાં આત્મા દેખાતો નથી – એમ માને, તો તે જીવે ખરેખર ભાવશક્તિવાળા આત્માને જાણ્યો જ નથી. હે ભાઈ ! પૂર્વની પર્યાયોનો વર્તમાનમાં અભાવ છે, પછીની પર્યાયો પણ વર્તમાનમાં અવિદ્યમાન છે, આવી તારી અભાવશક્તિ છે, માટે પૂર્વની પર્યાયોને ન જો, પછીની પર્યાયોને ન જો, વર્તમાનપર્યાયને વર્તમાન વર્તતા દ્રવ્ય સાથે જોડ; તો તે પર્યાયમાં નિર્મળતાનો ભાવ અને મલિનતાનો અભાવ છે. અહીં ભાવશક્તિના પરિણમનમાં 'નિર્મળ' અવસ્થાનું વિદ્યમાનપણું લેવું છે, કેમ કે જેણે આવી શકિતવાળા આત્માને લક્ષમાં લીધો તે સાધકને વર્તમાનપર્યાય નિર્મળપણે વર્તે છે.

અહો, ત્રણે કાળે જ્યારે જુઓ ત્યારે દ્રવ્યની અવસ્થા પોતાની જ વિદ્યમાનપણે વર્તે છે; અને તે તે સમયની અવસ્થા સિવાયની બીજી આગળ–પાછળની બધી અવસ્થાઓ અવિદ્યમાન જ છે. વર્તમાન પર્યાયનું વર્તવાપણું તે ' ભાવ ' ને બીજી પર્યાયનું નહિ વર્તવાપણું તે ' અભાવ ' – આવી બંને શક્તિઓ આત્મામાં એક સાથે વર્તે છે.

દ્રવ્ય તે સામાન્ય છે, ને પર્યાય તેનું વિશેષ છે. વિશેષ વગરનું એકલું સામાન્ય હોઈ શકે નહિ; જો આત્માની અવસ્થા પોતાથી ન હોય તો, સામાન્યદ્રવ્ય વિશેષ વગરનું થઈ જાય એટલે આત્માનો અભાવ જ થઈ જાય. જડમાં પણ આવો સ્વભાવ છે એટલે જડની અવસ્થાનું વિદ્યમાનપણું પણ તેના પોતાથી જ છે.

ભાવશક્તિવાળો ભગવાન આત્મા જ્યારે જુઓ ત્યારે વર્તમાન વિદ્યમાન અવસ્થાવાળો

જ વર્તી રહ્યો છે.–કેવી અવસ્થા ?– કે નિર્મળ અવસ્થા. એકલી મલિન અવસ્થા વર્તે તેને ખરેખર આત્માની અવસ્થા કહેતા નથી કેમકે તે અવસ્થામાં આત્માનો સ્વીકાર નથી.

દ્રવ્ય–ગુણ ત્રિકાળ સત્ છે ને તેની વર્તતી અવસ્થા તે વર્તમાન સત્ છે; આ રીતે દ્રવ્ય–ગુણને તેની વર્તતી અવસ્થાથી આત્મા ભાવરૂપ છે, તથા બીજી અવસ્થાઓ અવિદ્યમાન છે એટલે તે અભાવરૂપ છે. ભૂતકાળની અજ્ઞાનદશા કે ભવિષ્યની સિદ્ધદશા તેનો વર્તમાન સાધકદશામાં અભાવ છે. અજ્ઞાનદશા ભૂતકાળમાં હતી, સિદ્ધદશા ભવિષ્યમાં થવાની છે છતાં વર્તમાનમાં તે બંનેનો અભાવ છે, – એવી અભાવશક્તિ આત્મામાં છે.

આત્માની અવસ્થામાં પરનો તો અભાવ, ને તેની વર્તમાન અવસ્થામાં બીજી અવસ્થાનો પણ અભાવ છે. અજ્ઞાની તો પોક મૂકે છે કે અરે ! આત્મામાં કર્મનું જોર ઘણું ! તેને કહે છે કે અરે મૂઢ ! તારી પર્યાયમાં કર્મનો તો અભાવ છે, તો તે તને શું કરે ? તારામાં તારી પર્યાયના ભાવને દેખ, ને કર્મના અભાવને દેખ. કર્મનો તારી પર્યાયમાં ભાવ છે કે અભાવ ? તારી પર્યાયમાં તો તેનો અભાવ છે. એ ઉપરાંત અહીં તો કહે છે કે પૂર્વની પર્યાયનો પણ વર્તમાનમાં અભાવ છે; માટે, 'અરેરે ! પૂર્વે બહુ અપરાધ કર્યા, હવે આત્માનો કેમ ઉદ્ધાર થાય ?'– એવી હતાશબુદ્ધિ છોડ. તારી વર્તમાન પર્યાયને સ્વભાવમાં વાળ તો તેમાં કાંઈ પૂર્વના દોષ નથી આવતા. અજ્ઞાનીને પણ પોતાની જ વર્તમાન ઊંધાઈથી મલિનતા છે, કાંઈ પૂર્વની મલિનતા તેને વર્તમાનમાં નથી આવતી. પૂર્વની પર્યાયનો તો અભાવ થઈ ગયો છે. અહો સમયે સમયે વર્તતી વર્તમાન પર્યાયનો ' ભાવ ' અને તેમાં બીજી પર્યાયનો ' અભાવ '– એમાં તો પર્યાયેપર્યાયની સ્વતંત્રતા બતાવી છે, અને વર્તમાનપર્યાયને વર્તમાનદ્રવ્યનું જ અવલંબન બતાવ્યું છે.

કોઈ કહે કે આત્મા અને તેની અવસ્થા પોતાથી વિદ્યમાન છે–એમ તો અમે સ્વીકારીએ છીએ, પણ અમારી પર્યાયમાં મિથ્યાત્વ વર્તે છે ! તો આચાર્યદેવ કહે છે કે **હે ભાઈ ! આત્માના ભાવ પોતાથી જ છે એમ તેં કોની સામે જોઈને સ્વીકાર્યું ? જો આત્મા સામે જોઈને તે સ્વીકાર્યું હોય તો પર્યાયમાં મિથ્યાત્વ રહે જ નહિ. અને પરની સામે જોઈને જ જો તું કહેતો હો કે 'આત્માના ભાવ પોતાથી છે'– તો એ રીતે પરની સામે જોઈને આત્માના સ્વભાવનો ખરો સ્વીકાર થઈ શકે જ નહિ. જો આત્માના સ્વભાવને સ્વીકારે**

**તો તે સ્વભાવને અનુસરીને નિર્મળ અવસ્થાનું વિદ્યમાનપણું હોવું જોઈએ.** જો પર્યાય એકલા પરને જ અનુસરે તો તેણે સ્વભાવને કઈ રીતે સ્વીકાર્યો ? માટે જો નિર્મળ અવસ્થાનું વિદ્યમાનપણું ન હોય તો તેણે 'વિદ્યમાન અવસ્થાવાળા આત્મસ્વભાવ'ને પ્રતીતમાં લીધો જ નથી. જેમ દ્રવ્યની સન્મુખ થયા વગર ક્રમબદ્ધપર્યાયની કે સર્વજ્ઞની પ્રતીત ખરેખર થઈ શકતી નથી તેમ દ્રવ્યની સન્મુખ થયા વગર તેની કોઈ પણ શક્તિની યથાર્થ પ્રતીત થઈ શકતી નથી, અને તેનું નિર્મળ પરિણમન થતું નથી. એકલા વિકારની રુચિવાળો જીવ આત્માની સ્વભાવશક્તિની પ્રતીત કરી શકતો નથી; અને સ્વભાવશક્તિની પ્રતીત જે કરે છે તેને પર્યાયમાં એકલો વિકાર જ નથી રહેતો, તેને નિર્મળતા વર્તે છે, ને તેમાં વિકારને ટાળવો નથી પડતો, પણ તે પર્યાયમાં વિકારનો અભાવ જ વર્તે છે. જુઓ, આ વિકારનો અભાવ કરવાની રીત ! કઈ રીત ? કે જે પર્યાય શુદ્ધસ્વભાવ સાથે એકતા કરીને નિર્મળરૂપે પરિણમી છે તે પર્યાય પોતે જ વિકારના અભાવરૂપ છે, એટલે સ્વભાવમાં એકતા કરવી તે જ વિકારના અભાવની રીત છે.

જેને વિકારની રુચિ છે તેની રુચિમાં 'સ્વભાવનો અભાવ' છે, અને જેને સ્વભાવની રુચિ છે તેની રુચિમાં 'વિકારનો અભાવ' છે; વળી જેને વિકારની રુચિ છે તેની પર્યાયમાં નિર્મળતાને બદલે એકલા વિકારનું જ વિદ્યમાનપણું છે, અને જેને સ્વભાવની રુચિ છે તેની પર્યાયમાં નિર્મળતાનું વિદ્યમાનપણું છે.

જુઓ, આમાં દ્રવ્ય સાથે પર્યાયની સંધિની અલૌકિક વાત છે. જેમ કરોડ રૂપિયાની મૂડીવાળાને તે સંબંધી હૂંફ રહે છે, તેમ અહીં અનંતશક્તિવાળા શુદ્ધ આત્માને સ્વીકારે ને પર્યાયમાં તેની હૂંફ ન આવે – એમ બને જ નહિ. જે પર્યાયે અંતર્મુખ થઈને ચિદાનંદથી ભરપૂર ભગવાનને સ્વીકાર્યો તે પર્યાયમાં નિર્મળતા પ્રગટીને એવી અપૂર્વ હૂંફ આવી ગઈ છે કે બસ ! હું તો આવા શુદ્ધ સ્વરૂપ જ છું, વિકારસ્વરૂપ હું નથી; આવી હૂંફના જોરે તેને નિર્મળતા જ વધતી જાય છે, ને વિકાર ટળતો જાય છે. આનું નામ ધર્મ અને આરાધકદશા છે. જેને આવી હૂંફ (–નિઃશંકતા) નથી તેને ધર્મની આરાધનાનો અંશ પણ નથી.

નિર્મળ પર્યાય વિના દ્રવ્યનો સ્વીકાર થતો નથી–એમાં તો ઘણું રહસ્ય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવને સ્વીકારનારી પર્યાય તેની સાથે તદ્રૂપ થઈ જાય છે; આત્માનો સ્વભાવ જ એવો છે કે તેનો સ્વીકાર કરતાં તે પોતે નિર્મળ અવસ્થારૂપે પરિણમી જાય છે. જો

સ્વભાવ પરિણમીને અવસ્થામાં કાંઈક ન આવે તો તે અવસ્થાએ સ્વભાવનો સ્વીકાર કર્યો જ નથી. એકલા દ્રવ્યની શુદ્ધતા કહે ને પર્યાયની શુદ્ધતા જરાય ન ભાસે તો તે પર્યાય શુદ્ધદ્રવ્ય તરફ વળી જ નથી એટલે તેણે શુદ્ધદ્રવ્યનો પણ ખરેખર સ્વીકાર કર્યો નથી. આત્માનો શુદ્ધસ્વભાવ સ્વીકારતાં તે સ્વભાવ ઉલ્લસીને પર્યાયમાં આવે છે, – અર્થાત્ પર્યાય પણ સ્વભાવમાં અભેદ થઈને શુદ્ધરૂપે પરિણમે છે.

વસ્તુમાં કોઈ ને કોઈ એક અવસ્થા વિદ્યમાન હોય જ એમ તો સામાન્યપણે ઘણા કહે છે, પરંતુ અહીં તો તે ઉપરાંત એ વિશેષ વાત છે કે 'મારી અવસ્થા મારાથી જ વિદ્યમાન છે'– એવો સ્વભાવ જેણે સ્વીકાર્યો તેને નિર્મળ અવસ્થાનું વિદ્યમાનપણું હોય છે. સ્વભાવની પ્રતીત વિના અજ્ઞાનીને અનાદિથી વિકાર જ વિદ્યમાન છે, સ્વભાવનું વિદ્યમાનપણું તેને ભાસતું નથી. જ્યાં નિર્મળ સ્વભાવની વિદ્યમાનતા ભાસી ત્યાં તે સ્વભાવના આશ્રયે થયેલી વિદ્યમાન પર્યાય પણ નિર્મળ થઈ છે. જો એમ ન બને તો સ્વભાવનો જ અભાવ થઈ જાય.

પોતાના સ્વભાવને સમજવાનો અભ્યાસ કરવો તે પણ ધર્મ માટેનો પ્રયત્ન છે. જો ગુરુગમે ચૈતન્યનું સ્વરૂપ લક્ષમાં લઈને તેમાં પ્રીતિ જોડે તો તો પ્રભુ પોતાની પાસે જ છે–પોતે જ ચિદાનંદ પ્રભુ છે, તેનો અનુભવ થાય. જેની પ્રીતિ પરમાં છે તેવી પ્રીતિ જો આત્મામાં જોડે તો આત્માનો અનુભવ થયા વિના રહે નહીં. –

**' જેમ રમતું મન વિષયમાં તેમ જો આત્મે લીન,**
**શીઘ્ર લહે નિર્વાણ પદ, ધરે ન દેહ નવીન. '**

(યોગસાર)

જો અંતર્મુખ થઈને સ્વભાવને દેખે તો પર્યાયમાં ફેર પડ્યા વિના રહે નહિ. જેમ પૈસાની પ્રીતિવાળો પચીસ લાખ રૂપિયા કમાય ને તેની હોંસમાં ફેર ન પડે એમ બને નહિ, તેમ અંતર્‌લક્ષે ચૈતન્યસ્વભાવનો લાભ થતાં પર્યાયની હોંસમાં ફેર ન પડે તેમ બને નહિ, અર્થાત્ પર્યાયમાં સ્વભાવની નિઃશંકતા અને તે તરફનો ઉત્સાહ આવ્યા વિના રહે નહિ. રાગમાં એવી તાકાત નથી કે સ્વભાવનો નિર્ણય કરી શકે. તે તાકાત તો નિર્મળપર્યાયમાં જ છે. આ રીતે, શુદ્ધસ્વભાવના અસ્તિત્વનો નિર્ણય અને શુદ્ધ પર્યાયરૂપ

પરિણમન – એ બંને એક સાથે જ છે.

'વિદ્યમાન અવસ્થાવાળો છે.'–કોણ ? કે જ્ઞાનસ્વામી આત્મા. આ રીતે વિદ્યમાન અવસ્થાવાળું નક્કી કરનારની દૃષ્ટિ જ્ઞાનસ્વભાવી આત્મા ઉપર જાય છે ને તે સ્વભાવની દૃષ્ટિથી તેની વિદ્યમાન અવસ્થા નિર્મળ જ વર્તે છે. આત્માની હયાતીનો નિર્ણય કરે ને નિર્મળ પર્યાય તેમાં ન આવે એમ ન બને નહિ. શુદ્ધ દ્રવ્યને શુદ્ધ પર્યાય બંને એક થઈને અભેદપણે આત્માની હયાતી છે.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન વિદ્યમાન વર્તે છે; છઠ્ઠા–સાતમા ગુણસ્થાને મુનિદશા વિદ્યમાન વર્તે છે; તેરમા ગુણસ્થાને કેવળજ્ઞાન વિદ્યમાન વર્તે છે. – તે અવસ્થા કોના આધારે વર્તે છે ? અનંત શક્તિસ્વરૂપ અભેદ આત્માના આધારે જ તે દશા વિદ્યમાન વર્તે છે. આ રીતે, અભેદ આત્માની સામે જોઈને જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે નિર્મળ પર્યાયની વિદ્યમાનતાનો નિર્ણય થાય છે; અને ત્યારે જ જ્ઞાનીની, મુનિની કે સર્વજ્ઞની યથાર્થ ઓળખાણ થાય છે.

આત્મા પોતે નિર્મળ પર્યાયપણે વિદ્યમાન વર્તે – એવી તેની ભાવશક્તિ છે; પણ તે ભાવશક્તિનું કાર્ય એવું નથી કે વિકારને પોતામાં વર્તાવે. વિકાર તો વિપરીત પરિણમન છે તેને શક્તિનું કાર્ય કહેવાય નહિ. 'કારણ જેવું કાર્ય હોય,' એટલે નિર્મળ કાર્ય હોય તેને જ શક્તિનું કાર્ય કહેવાય. આત્માની એકેય શક્તિ એવી નથી કે વિકારનું કારણ થાય, માટે વિકાર તે ખરેખર આત્માની શક્તિનું કાર્ય નથી. એકલા વિકાર ઉપર જેની દૃષ્ટિ છે તેના પરિણમનમાં આત્માનો સ્વભાવ આવ્યો જ નથી. જો આત્માના સ્વભાવને દૃષ્ટિમાં લ્યે તો આત્મા પોતે નિર્મળ પર્યાયરૂપે પરિણમી જાય–એવો જ તેનો સ્વભાવ છે. નિર્મળતારૂપે પરિણમી જાય ને વિકારનો પોતામાં અભાવ રાખે એવી આત્માની અચિંત્ય તાકાત છે. અહો ! પોતાના અસલી સ્વભાવનો મહિમા જીવને કદી આવ્યો નથી.

ચૈતન્યસ્વભાવની સન્મુખ થતાં જ મિથ્યાત્વના અભાવરૂપ ને સમ્યક્ત્વના સદ્‌ભાવરૂપ પરિણમન થાય છે. જે પર્યાય અંતર્મુખ થઈને સ્વભાવ સન્મુખ થઈ તે પર્યાયમાં સ્વભાવનું પરિણમન થયા વિના રહે નહીં. સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં સ્વભાવની જે નિર્મળ પર્યાય થઈ તે પર્યાયની વિદ્યમાનતામાં સમકિતીનો આત્મા વર્તે છે, પણ રાગાદિમાં તે ખરેખર વર્તતો નથી. જુઓ, આ સમકિતીની ઓળખાણ ! સમકિતીનો આત્મા ક્યાં રહ્યો છે ?

સંયોગમાં સમકિતીનો આત્મા નથી, રાગમાં પણ સમકિતીનો આત્મા નથી, આત્માના આશ્રયે જે નિર્મળ પર્યાય વિદ્યમાન વર્તે છે તેમાં જ ખરેખર સમકિતીનો આત્મા છે. આ સિવાય રાગથી કે સંયોગથી ઓળખવા જાય તો તે રીતે સમકિતીના આત્માની ઓળખાણ ખરી રીતે થતી નથી.

હે જીવ ! તારો સ્વભાવ વિભાવના અભાવવાળો છે.

તારું જ્ઞાન અજ્ઞાનના અભાવવાળું છે.

તારી શ્રદ્ધા વિપરીતતાના અભાવવાળી છે.

તારો આનંદ આકુળતાના અભાવવાળો છે.

તારું ચારિત્ર કષાયના અભાવવાળું છે.

તારી સર્વજ્ઞતા આવરણના અભાવવાળી છે.

તારી સ્વચ્છતા મલિનતાના અભાવવાળી છે.

તારું જીવન ભાવ–મરણના અભાવવાળું છે.

તારું સુખ દુઃખના અભાવવાળું છે.

તારી પ્રભુતા દીનતાના (પામરતાના) અભાવવાળી છે.

– એ પ્રમાણે તારી બધી શક્તિઓ વિભાવના અભાવવાળી છે. આવા સ્વભાવનો સ્વીકાર થતાં પર્યાયમાં પણ તેવું પરિણમન થઈ જાય છે. – આ જ ધર્મની રીત છે. સ્વભાવની શુદ્ધતાને પ્રતીતમાં લઈને તેના આશ્રયે પરિણમન કર્યા સિવાય બીજો કોઈ ધર્મનો ઉપાય જગતમાં છે જ નહીં.

જેમ સતી સ્ત્રી પોતાના પતિ સિવાય બીજા કોઈની સાથે પ્રેમની એકતા કરતી નથી, તેમ નિર્મળ પર્યાયની એકતા પોતાના ચૈતન્યપ્રભુ સાથે છે; અંતર્મુખ થઈને શ્રદ્ધા–જ્ઞાન–આનંદની જે પરિણતિ પોતાના ચૈતન્ય–પિયુ સાથે એકતા કરે તે સમ્યક્–પરિણતિ છે; અને જે પરિણતિ પોતાના ચૈતન્ય–પિયુ સાથે એકતા ન કરતાં, પરમાં ને વિકારમાં લાભ માનીને તેની સાથે એકતા કરે તે પરિણતિ દુરાચારિણી છે, તેને ખરેખર ચૈતન્યપ્રભુની પરિણતિ કહેતા નથી. વર્તમાન પર્યાય અંતર્મુખ થઈની ત્રિકાળી દ્રવ્ય સાથે એકતા કરે તેનું નામ અનેકાન્ત છે; અને પર સાથે એકતા કરે તો ત્યાં દ્રવ્ય શુદ્ધ ને પર્યાય અશુદ્ધ–એટલે દ્રવ્ય–પર્યાયની એકતારૂપ અનેકાન્ત ન થયું પણ એકાંત થયું. અહીં આચાર્યદેવ અનંતશક્તિવાળા આત્મસ્વભાવની સાથે એકતા કરાવીને અનેકાન્ત કરાવે

છે. પહેલાં આવા નિર્મળ સ્વભાવનું લક્ષ કરે તો લક્ષના દોરે–દોરે નિર્મળ પરિણમન થાય.

અહો, આત્મા કેવો છે ? કે પોતાની શુદ્ધ પર્યાયની વિદ્યમાનતા સહિત છે. શુદ્ધ પર્યાય વિના દ્રવ્યની સિદ્ધિ થાય નહિ. આ ચૈતન્યદ્રવ્ય ઈચ્છા વગરનું હોય, રાગ વગરનું હોય, સંગ વગરનું હોય, કર્મ અને શરીર વગરનું હોય, પણ નિર્મળ અવસ્થાની વિદ્યમાનતા વિનાનું ન હોય.

**પ્રશ્ન** :- અજ્ઞાનીને આત્મા તો છે પણ નિર્મળ અવસ્થા નથી !

**ઉત્તર :- અહીં પોતાના આત્માનો નિર્ણય કરવાની વાત મુખ્ય છે.** અજ્ઞાનીને પોતાના આત્માના અસ્તિત્વનો નિર્ણય ખરેખર છે જ નહિ, એટલે તેની પ્રતીતિમાં તો દ્રવ્યની હયાતી નથી, તેનો તો રાગની જ હયાતી છે. ' મારું શુદ્ધદ્રવ્ય છે પણ નિર્મળપર્યાય નથી'– એમ કહેનારને ખરેખર શુદ્ધ દ્રવ્યનો પણ નિર્ણય થયો જ નથી. શુદ્ધ દ્રવ્યનો નિર્ણય થયો હોય ત્યાં શુદ્ધ પર્યાય હોય જ.

આત્માના શુદ્ધસ્વભાવમાં વિકારનો અભાવ છે, ને તે સ્વભાવમાં એકાગ્ર થયેલી નિર્મળ પર્યાયમાં પણ વિકારનો સ્વભાવ છે. જેમકે – સમ્યક્ત્વપર્યાય થઈ તે પોતે મિથ્યાત્વના અભાવસ્વરૂપ જ છે એટલે 'મિથ્યાત્વનો અભાવ કરું' એવું તે પર્યાયમાં રહેતું નથી. મિથ્યાત્વનો અભાવ કરું એવા લક્ષમાં અટકે ત્યાં સુધી મિથ્યાત્વનો અભાવ થતો નથી, પણ શુદ્ધચૈતન્યસ્વરૂપની દૃષ્ટિથી જ્યાં સમ્યક્ત્વરૂપે પરિણમ્યો ત્યાં મિથ્યાત્વનો અભાવ જ વર્તે છે. આ રીતે નિર્મળતાના ભાવમાં વિકારનો અભાવ જ છે, એવો આત્માનો સ્વભાવ છે. શુદ્ધસ્વભાવમાં વિકાર નથી માટે તે સ્વભાવમાં અભેદ થયેલી પર્યાયમાં પણ વિકાર હોતો નથી. જો સ્વભાવના આશ્રયે પણ વિકાર થાય તો તો વિકાર સ્વભાવ જ થઈ જાય, ને તે ટળીને મોક્ષ થઈ શકે જ નહિ, પરંતુ સ્વભાવમાં વિકાર નથી એટલે તે સ્વભાવના આશ્રયે વિકારનો અભાવ થઈને મોક્ષદશા થઈ જાય છે. આમ ન્યાયથી આત્માના શુદ્ધસ્વભાવનો નિર્ણય કરીને અંતર્અનુભવથી તેની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. અને તે સમ્યગ્દર્શનના અભિપ્રાયમાં શુદ્ધ આત્મા સિવાય સમસ્ત પરભાવોનો ત્યાગ જ વર્તે છે.

જેમ મોચીના કોથળા ખોલતાં તેમાંથી તો દુર્ગંધી ચામડાના કટકા નીકળે; ને ચક્રવર્તીના કરંડિયા ખોલતાં તેમાંથી તો રત્ન–મણિના હાર નીકળે; તેમ આ શરીર

તો ગંધાતા ચામડા જેવું છે, તેની ક્રિયામાંથી કાંઈ સમ્યગ્દર્શનાદિ રત્નો ન નીકળે. શરીરનાં લક્ષે તો રાગ–દ્વેષના મલિન ભાવો થાય, ને ચૈતન્ય–ચક્રવર્તી ભગવાન આત્માની શક્તિના કરંડિયા ખોલતાં તેમાંથી નિર્મળ પર્યાયની પરંપરારૂપ હારમાળા નીકળે; ચક્રવર્તીનો ય ચક્રવર્તી એવો આ ચૈતન્યભગવાન, તેના ભંડારમાં સમ્યગ્દર્શન–મુનિદશા–કેવળજ્ઞાન–સિદ્ધદશા વગેરે નિર્મળ રત્નોની હારમાળા ગુંથાયેલી પડી છે, તેનો ભંડાર ખોલીને બહાર કાઢવાની આ રીત આચાર્ય ભગવાને બતાવી છે. અરે જીવ ! અંતર્મુખ થઈને એક વાર તારી ચૈતન્યશક્તિના ભંડારને ખોલ.

શુદ્ધસ્વભાવની સન્મુખ થતાં વિભાવથી વિમુખતા થઈ જાય છે. બે માણસ હોય ત્યાં એકની સાથે વાતમાં જોડાતાં બીજાની સાથેનો સંબંધ છૂટી જાય છે, તેમ ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને તેમાં ટકતાં વિકારનો સંબંધ સહેજે છૂટી જાય છે. શુદ્ધસ્વભાવ તરફનું જેટલું જોર આપે તેટલો વિકારનો અભાવ થઈ જાય છે, ને તેટલો ધર્મ છે. ત્રિકાળ સ્વભાવની શુદ્ધતા ઉપર જોર ન આપતાં, તેનાથી વિરુદ્ધ એવા વિકાર ઉપર કે નિમિત્ત ઉપર જે જોર આપે છે તેની પર્યાયમાં સ્વભાવનું પરિણમન નથી થતું પણ વિકારનું જ પરિણમન થાય છે, ને તે અધર્મ છે. ચિદાનંદ સ્વભાવની સમ્યક્ શ્રદ્ધામાં મિથ્યાત્વનો ત્યાગ છે, તેના સમ્યગ્જ્ઞાનમાં અજ્ઞાનનો ત્યાગ છે, ને તેમાં લીનતામાં અવ્રતનો ત્યાગ છે. આ સીવાય ધર્મ થવાનો ને અધર્મના ત્યાગનો બીજો કોઈ ઉપાય નથી; બીજા કથન હોય તે બધા નિમિત્તના વ્યવહારના કથન છે, આત્મસ્વભાવમાં એકતા થવાં કેવા કેવા નિમિત્તોનો સંબંધ છૂટ્યો તેનું જ્ઞાન કરાવવા વ્યવહાર કથન છે કે આત્માએ આ છોડ્યું.

પહેલાં યથાર્થ ભેદજ્ઞાન કરીને અભિપ્રાય પલટી જવો જોઈએ કે ચૈતન્યસ્વભાવ જ હું છું, દેહાદિ કે રાગાદિ તે બધાય મારાથી પર છે. જેમ કુમારી કન્યા પિતાના ઘરને અને મૂડીને ‘ આ મારું ઘર ને આટલી અમારી મૂડી ’ એમ માને છે, પણ જ્યાં તેનું સગપણ કરે કે તરત તેનો અભિપ્રાય બદલી જાય છે કે પિતાનું ઘર કે પિતાની મૂડી મારી નહિ, પણ પતિનું ઘર ને પતિની મૂડી તે મારી.–હજી પિતાના ઘરે રહેલી હોવા છતાં તેનો અભિપ્રાય પલટી જાય છે. તેમ અજ્ઞાનીએ અનાદિ સંસારથી ‘દેહ અને રાગ તે હું’ એમ માન્યું છે, પણ જ્યાં ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને સિદ્ધદશા સાથે સંબંધ બાંધ્યો ત્યાં તેની દૃષ્ટિ પલટી ગઈ છે કે સિદ્ધ ભગવાન જેવી મૂડીવાળો

સ્વભાવ તે હું, ને રાગ–દેહાદિ હું નહિ. હજી અલ્પ રાગાદિ તથા દેહાદિનો સંબંધ હોવા છતાં તેનો અભિપ્રાય અનુસાર પરિણમન પણ પલટી ગયું છે, એટલે કે સિદ્ધદશા તરફનું શુદ્ધ પરિણમન થવા માંડ્યું છે ને સંસાર તરફનું પરિણમન છૂટવા માંડ્યું છે. ભલે ગમે તેટલા વ્રત–તપ–ત્યાગ કરે, હજારો રાણીઓ છોડીને શુભ વૈરાગ્યથી દ્રવ્યલિંગી મુનિ થાય, પરંતુ આ રીતે શુદ્ધસ્વભાવ સાથેનો સંબંધ જોડીને વિકાર સાથેનો સંબંધ ન તોડે ત્યાં સુધી કિંચિત્ પણ ધર્મ થતો નથી.

આત્માના શુદ્ધસ્વભાવમાં વિકાર છે જ નહિ, એટલે શુદ્ધસ્વભાવમાં વળેલી પર્યાયમાં પણ વિકાર નથી. પર્યાયબુદ્ધિથી જ આત્મા વિકારી ભાસે છે, સ્વભાવબુદ્ધિથી જોતાં આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે વિકારથી શૂન્ય છે. સંસાર તેનામાં છે જ નહિ. સંસાર કોનો ? કે જે સ્વભાવથી બહાર જુએ તેનો,–એટલે કે વિકારમાં જેની બુદ્ધિ છે તેને જ સંસાર છે. સ્વભાવની બુદ્ધિવાળા સાધક તો કહે છે કે મારામાં સંસાર છે જ નહિ. – આવા શુદ્ધાત્માની દૃષ્ટિ કરવી તે જ સંસારથી છૂટીને સિદ્ધ થવાનો ઉપાય છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન–આનંદ વગેરે નિજસ્વભાવથી ભરેલો છે, ને રાગાદિ પરભાવોથી તે ખાલી છે. આત્મામાં પરનો અભાવ છે, તેનો તો કદી ભાવ થતો નથી. આત્માના સ્વભાવમાં વિકારનો અભાવ છે તેનો પણ કદી ભાવ થતો નથી. પણ આત્માની ભવિષ્યની કેવળજ્ઞાનાદિ પર્યાયો જે અત્યારે અભાવરૂપ છે તેનો ભાવ થાય છે.–સાધકને પોતાના આવા આત્મસ્વભાવની પ્રતીત છે, કેવળજ્ઞાનની પણ પ્રતીત છે, વિકારના અભાવની પણ પ્રતીત છે, તેને વર્તમાન નિર્મળતા વર્તે છે ને અલ્પકાળમાં વિકારનો સર્વથા થઈને ઝળહળતું કેવળજ્ઞાન ખીલી જવાનું છે.

**જય હો તે કેવળજ્ઞાનનો, અને તેની સાધકદશાનો.**

– ૩૩મી તથા ૩૪મી શક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# ભાવ–અભાવ શક્તિ અને અભાવ–ભાવ શક્તિ

**આત્માની આ શક્તિઓ બતાવીને આચાર્યભગવાન કહે છે કે અરે જીવ ! તું મુંઝાઈશ નહીં...'અરેરે ! ઘણા કાળથી સેવેલું અજ્ઞાન હવે કેમ ટળશે ? ને મને સમ્યગ્જ્ઞાન કેમ થશે ?'– આમ તું મુંઝાઈશ નહીં. અનાદિથી અજ્ઞાન સેવ્યું માટે તે અજ્ઞાન સદાય ટકી જ રહે–એમ નથી, અને અનાદિથી જ્ઞાન ન કર્યું માટે હવે તે જ્ઞાન ન જ થાય–એમ પણ નથી. અનાદિથી સમયે સમયે વિદ્યમાન એવા અજ્ઞાનનો 'અભાવ' કરીને, અપૂર્વ સમ્યગ્જ્ઞાનનો 'ભાવ' થાય એવી શક્તિઓ તારા આત્મામાં ભરી છે; તેની સન્મુખ થા...તો તારી મૂંઝવણ મટી જાય.**

'આત્મામાં ભવતા (વર્તતા) પર્યાયના વ્યયરૂપ ભાવ–અભાવ શક્તિ છે;' તેમજ 'નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ અભાવ–ભાવ શક્તિ છે.' આત્મામાં પહેલા સમયે જે પર્યાય વિદ્યમાન હોય તેનો બીજા સમયે અભાવ થઈ જાય છે અને પહેલા સમયે જે પર્યાય અવિદ્યમાન હોય તેનો બીજે સમયે ભાવ (ઉત્પાદ) થાય છે; આ રીતે દરેક સમયે એક પર્યાયનો વ્યય ને બીજી પર્યાયનો ઉત્પાદ અનાદિઅનંત થયા જ કરે છે–એવો જ વસ્તુનો સ્વભાવ છે. કોઈ બીજાનાં કારણે પર્યાયના ઉત્પાદ–વ્યય થતા નથી.

'ભાવનો અભાવ' અને 'અભાવનો ભાવ' એ બંનેનો એક જ સમય છે, જુદા જુદા સમય નથી. જેમકે સાધકને કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યાં, પહેલાં જે સાધક દશા હતી તેનો અભાવ થયો તે 'ભાવનો અભાવ' છે, અને પહેલાં જે કેવળજ્ઞાનદશા ન હતી તે પ્રગટી તેનું નામ 'અભાવનો ભાવ' છે. આ રીતે ભાવ–અભાવશક્તિ અને અભાવ–ભાવશક્તિ એ બંને શક્તિઓ એક જ સમયમાં કાર્ય કરી રહી છે. જો ભાવનો અભાવ

ન થાય તો કેવળજ્ઞાન થવા છતાં પણ છદ્મસ્થ–સાધકદશા ટળે નહિ; અને જો અભાવનો ભાવ ન થાય તો સાધકદશા ટળવા છતાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ ન થાય,–એટલે કે કોઈ પર્યાય જ ન રહે, ને પર્યાય વિના દ્રવ્યનો પણ અભાવ જ થાય. માટે આ બંને શક્તિથી પોતાનું સ્વરૂપ સમજવું જોઈએ.

દરેક આત્મામાં સમયે સમયે આ પ્રમાણે બની જ રહ્યું છે, તેની આ વાત છે. દ્રવ્યપણે આત્મા સળંગ વિદ્યમાન રહે છે. ને તેની હાલતો સ્વયમેવ બદલતી રહે છે; પહેલા સમયે જે હાલત વિદ્યમાન હોય તેનો બીજા સમયે અભાવ થઈ જાય છે, અને પહેલા સમયે જે હાલત ન હોય તે બીજા સમયે નવી ઉત્પન્ન થાય છે. જુની પર્યાય લંબાઈને બીજા સમયે પણ ચાલુ રહે–એમ કદી બનતું નથી. તેમજ એક પર્યાય ટળીને બીજા સમયે નવી પર્યાય ઉત્પન્ન ન થાય એમ પણ કદી બનતું નથી.

અહો ! અભાવરૂપ પર્યાયનો બીજા સમયે ભાવ થાય એવો પોતાનો સ્વભાવ જ છે, તો પછી સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન વગેરે પર્યાય પ્રગટાવવા માટે બહાર જોવાનું ક્યાં રહ્યું ? બહાર તો જોવાનું ન રહ્યું, પણ પર્યાય સન્મુખ જોવાનું પણ ન રહ્યું. કેમ કે જે પર્યાયમાં કેવળજ્ઞાનનો અભાવ છે તે અભાવમાંથી કાંઈ કેવળજ્ઞાન નથી થતું. પહેલા સમયે કેવળજ્ઞાનનો અભાવ છે તો બીજા સમયે કેવળજ્ઞાનનો ભાવ ક્યાંથી થશે ? –દ્રવ્યમાંથી જ તે અભાવનો ભાવ થશે, અભાવનો ભાવ કરવાની તાકાત દ્રવ્યના સ્વભાવમાં છે; તેથી તે સ્વભાવસન્મુખ જોવાથી જ, પહેલાં અવિદ્યમાન એવી નિર્મળ પર્યાય પ્રગટી જાય છે. જે જીવ દ્રવ્યસન્મુખ દૃષ્ટિ નથી કરતો તેને પણ સમયે સમયે 'અભાવનો ભાવ' તો થયા જ કરે છે, પરંતુ તે અભાવ–ભાવ તેને વિકારરૂપે જ થયા કરે છે. સાધકને તો સ્વભાવના અવલંબને નિર્મળપણે અભાવ–ભાવ થયા કરે છે, સમયે સમયે વિશેષ–વિશેષ નિર્મળ પર્યાય થયા કરે છે. સિદ્ધ ભગવાનને જો કે હવે પર્યાયની નિર્મળતા વધવાનું બાકી નથી રહ્યું, છતાં તેમને પણ શુદ્ધ પર્યાયના ભાવ–અભાવ તેમજ અભાવ–ભાવ થયા જ કરે છે; સિદ્ધને એકને એક પર્યાય નથી રહેતી, પરંતુ પહેલાં સમયની શુદ્ધ પર્યાયનો બીજા સમયે અભાવ (ભાવ–અભાવ), અને પહેલા સમયે અવિદ્યમાન એવી શુદ્ધ પર્યાયનો બીજા સમયે ઉત્પાદ (અભાવ–ભાવ), એ પ્રમાણે પર્યાયમાં ભાવ–અભાવ અને અભાવ–ભાવ તેમને પણ થયા જ કરે છે. સાધકનું જ્ઞાન એક એક સમયની પર્યાયને જુદી પાડીને પકડી ન શકે, પણ વસ્તુસ્વભાવ આવો છે–એમ

તેની પ્રતીતમાં આવી જાય છે; અને એ પ્રતીતના જોરે તેની પર્યાયોનું પરિણમન સ્વભાવને અવલંબીને નિર્મળ–નિર્મળપણે થયા કરે છે.

પ્રવચનસાર ગા.૧૧૩માં કહે છે કે 'પર્યાયો પર્યાયભૂત સ્વ–વ્યતિરેક વ્યક્તિના કાળે જ સત્ હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ છે.' તેમજ પર્યાયોનો 'ક્રમાનુપાતી સ્વકાળે ઉત્પાદ થાય છે.' જુઓ, આમાં ઘણો સરસ સિદ્ધાંત છે. પર્યાય પોતાના કાળ સિવાય બીજા કાળે અસત્ છે, એટલે કોઈ પણ પર્યાય પોતાના સમયને છોડીને પહેલાં કે પછીના આઘાપાછા સમયમાં થતી નથી, એ રીતે દરેક દ્રવ્યની પર્યાયોનો ક્રમાનુપાતી સ્વકાળે ઉત્પાદ થાય છે.

**પ્રશ્ન** :- આવું ઝીણું ઝીણું સમજવાનું શું કામ છે ? અંતે તો ક્રોધાદિ ઘટાડવા છે ને ! ભલેને અણસમજુ ભરવાડ જેવો હોય છતાં આ સમજ્યા વગર પણ ક્રોધાદિ ઘટાડે એટલે ધર્મ થઈ જશે ?

**ઉત્તર** :- અરે ભાઈ ! સંસારનાં કામમાં તો તું બુદ્ધિ હોંસથી ચલાવે છે, અને અહીં ભરવાડનો દાખલો લઈને તારે સમજ્યા વગર ધર્મ કરવો છે, એ રીતે તને ધર્મની અરુચિ જ છે. આત્માનો સ્વભાવ સમજ્યા વગર, મોટા વિદ્વાનને કે ભરવાડને કોઈને ધર્મ થાય એમ બનતું નથી, તેમજ ક્રોધાદિ પણ ખરેખર ઘટતા નથી. ક્રોધ શું ? ક્રોધનો કરનાર અને ઘટાડનાર કોણ ? તથા તેનો ક્રોધ વગરનો સ્વભાવ કેવો છે ? તે બધું જાણ્યા વગર કોના લક્ષે ક્રોધાદિ છોડશે ? જેમ પ્રકાશના ભાવ વગર અંધારાનો અભાવ થાય નહિ, પ્રકાશ થાય તો અંધારુ ટળે; તેમ ક્રોધ રહિત એવા ચિદાનંદસ્વભાવ તરફનો ભાવ પ્રગટ્યા વગર ક્રોધનો અભાવ થાય નહિ. જ્ઞાની તો ચૈતન્યસ્વભાવમાં એકતા કરીને ક્રોધાદિનો અભાવ કરી નાંખે છે. આવા ચૈતન્યસ્વભાવના લક્ષ વગર અજ્ઞાની ક્રોધ ટાળવા માંગે તો કાંઈ ક્રોધ ટળે નહિ, ભલે તે કષાયની મંદતા કરે તો પણ અનંતાનુબંધી કષાય તેને ઊભો જ છે.

ધર્મી તો પોતાની દૃષ્ટિમાં ચૈતન્યચિંતામણિ અનંતશક્તિસંપન્ન ભગવાન આત્માને પકડીને તેને ચિંતવે છે, ને તેના ચિંતનતી તે તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રાપ્ત કરે છે ને કષાયોનો અભાવ કરે છે. પરંતુ અજ્ઞાની અનંતશક્તિસંપન્ન ચૈતન્ય–ચિંતામણિને ઓળખ્યા વિના રાગ–દ્વેષ પુણ્ય–પાપ વગેરે કષાયોની પક્કડ કરીને તેના ચિંતનથી 'આ કરતાં કરતાં અમને સમ્યગ્દર્શન થજો, સમ્યગ્જ્ઞાન થજો, સમ્યક્ચારિત્ર થજો'–એમ

ઈચ્છે છે, પણ એ રીતે કંઈ સમ્યગ્દર્શનાદિ થાય નહિ. મિથ્યાત્વના અભાવ વગર સમ્યક્ત્વનો ભાવ, કે સમ્યક્ત્વના ભાવ વગર મિથ્યાત્વનો અભાવ બની શકે નહિ. પહેલા સમયે વર્તતી અવસ્થાનો બીજા સમયે અભાવ થવારૂપ ભાવ–અભાવ શક્તિ, તથા પહેલા સમયે નહિ વર્તતી અવસ્થાનો બીજા સમયે ઉત્પાદ થવારૂપ અભાવ–ભાવશક્તિ,–એવી બંને શક્તિ જ્ઞાનસ્વરૂપ આત્મામાં રહેલી છે.–આવી શક્તિવાળા આત્માને ઓળખવાથી ભગવાન આત્માનો શુદ્ધપણે અનુભવ થાય છે એટલે કે સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનમાં અનંત શક્તિવાળો ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. એ જ ધર્મ છે ને એ જ મોક્ષનો ઉપાય છે.

પોતાના આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં તો લ્યે નહીં, ને દેહની ક્રિયાને કે મંદરાગને ચારિત્ર માની લ્યે, તથા તે કરતાં કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે–એમ માની લ્યે–તે તો કેવી મૂઢતા છે ! તેમાં તો ચારિત્રની તેમજ સમ્યગ્દર્શનાદિની વિરાધના છે. સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્ર શું ચીજ છે–તેના મહિમાની ગંધ પણ તેને નથી. ધર્માત્માને વિશ્વાસ છે કે સિદ્ધપર્યાય વર્તમાન અભાવરૂપે હોવા છતાં તેનો ભાવ થવાની તાકાત દ્રવ્યસ્વભાવમાં પડી છે; અભાવ પર્યાયનો ભાવ કરવાની તાકાત ચૈતન્યમાં છે; સિદ્ધપદનો અભાવ છે તેનો ભાવ ચૈતન્યસ્વભાવના આશ્રયે થાય છે, તે માટે કોઈ પરના આશ્રયની જરૂર નથી. મારી વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાનનો અભાવ હોવા છતાં, તેનો સદાય અભાવ જ રહે–એવું નથી, પણ તેનો ભાવ કરવાની તાકાત મારા આત્મામાં રહેલી છે,–એમ સાધકને સ્વશક્તિનો વિશ્વાસ છે, તેથી તેને સ્વશક્તિની સન્મુખતાથી અલ્પકાળમાં કેવળજ્ઞાનનો ભાવ ઊઘડી જાય છે.

વર્તમાનમાં જે પર્યાયનો અભાવ છે તે પછી પ્રગટીને ભાવરૂપ થાય છે. ક્યાંથી પ્રગટે છે ? કે પોતાના સ્વભાવમાંથી; તે સ્વભાવ કેવો છે ? શુદ્ધ અનંતશક્તિસંપન્ન છે, તે સ્વભાવમાં વિકાર નથી; માટે વિકાર પ્રગટવાની વાત ન લેવી પણ નિર્મળપર્યાય પ્રગટવાની જ વાત લેવી. આત્મામાં સિદ્ધપર્યાયનો અત્યારે અભાવ છે માટે કદી સિદ્ધપર્યાય પ્રગટશે જ નહિ–એમ નથી, કેમ કે આત્માની અભાવ–ભાવશક્તિ એવી છે કે ભવિષ્યની જે નિર્મળપર્યાયનો અત્યારે અભાવ છે તે પછી ભાવરૂપ થાય છે. આવી નિજ શુદ્ધશક્તિની પ્રતીત હોવાથી સાધકને એમ સંદેહ નથી ઊઠતો કે ભવિષ્યમાં મારા આત્મામાંથી અશુદ્ધતા પ્રગટ થશે;–પણ તેને તો સ્વભાવના ભરોસે નિઃસંદેહતા

છે કે મારા આત્મામાંથી શુદ્ધપર્યાયનો જ પ્રવાહ સાદિ–અનંતકાળ સુધી વહેશે. ભવિષ્યમાં મારા આત્મામાંથી વિકારનો 'ભાવ' નહિ થાય, તેનો તો 'અભાવ' થશે, ને કેવળજ્ઞાન તથા સિદ્ધપદનો 'ભાવ' થશે. આવું 'ભાવ-અભાવ' અને 'અભાવ–ભાવ' શક્તિનું સમ્યક્પરિણમન કોને થાય ? કે જેને શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તેને જ શુદ્ધ પરિણમન થાય છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની જે નિર્મળપર્યાય પહેલા સમયે અભાવરૂપ હતી ને બીજા સમયે તે પર્યાય પ્રગટીને ભાવરૂપ થઈ, તો તે 'ભાવરૂપ' કોણ પરિણમ્યું ?

* શરીરાદિનો આત્મામાં અભાવ છે,
* પહેલાં સમયના વિકારનો બીજા સમયે અભાવ છે,
* પહેલાં સમયની નિર્મળ પર્યાયનો પણ બીજા સમયે અભાવ છે;

તે ત્રણે અભાવરૂપ છે, તે કોઈ બીજા સમયના ભાવરૂપ થતા નથી, તો બીજા સમયનો શુદ્ધભાવ ક્યાંથી આવ્યો ? કે શુદ્ધ દ્રવ્યમાં જ તેવા ભાવરૂપ થવાની તાકાત છે, તેથી તે પોતે જ બીજા સમયે તેવા ભાવરૂપ થયું છે–આ રીતે શુદ્ધ દ્રવ્યને લક્ષમાં લઈને તેની સન્મુખ પરિણમે તેને જ નિર્મળ પરિણમન થાય છે. જેને શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી તેને આત્માની શક્તિઓનું નિર્મળ પરિણમન થતું નથી.

વર્તમાનમાં જે નિર્મળપર્યાયો અભાવરૂપ છે તે પ્રગટવાની શક્તિ મારા આત્મામાં છે, તેથી મારા આત્માની શક્તિસન્મુખ થઈને 'અભાવનો ભાવ કરું'–એમ ન માનતાં, પરમાંથી મારી નિર્મળ પર્યાય લાવું–એમ અજ્ઞાની માને છે, તેને નિજશક્તિની પ્રતીત નથી. ધર્મીને નિજશક્તિની પ્રતીત છે, તે પોતાની પર્યાય પરમાંથી આવવાનું માનતા નથી, એટલે પોતાની નિર્મળ પર્યાય પ્રગટાવવા માટે તે પરની સામે જોતા નથી, પર્યાયબુદ્ધિ કરતા નથી, પણ શુદ્ધ દ્રવ્યની સન્મુખ એકાગ્ર થઈને તેમાંથી નિર્મળ પર્યાય પ્રગટ કરે છે. નિર્મળ પર્યાયની તાકાત જ્યાં ભરી હોય તેમાંથી આવે કે બહારમાંથી ? જ્યાં શુદ્ધ જ્ઞાન–આનંદની તાકાત ભરી છે તેની સન્મુખ થતાં તેમાંથી જ્ઞાન–આનંદની શુદ્ધ પર્યાય પ્રગટે છે. સ્વશક્તિની સન્મુખ થયા વિના બહારથી પ્રગટ કરવા માંગે તો અનંતકાળે પણ તે પ્રગટે નહિ.

અજ્ઞાની તો, પરનો પોતામાં 'અભાવ' છે તેને 'ભાવ'રૂપ કરવા માંગે છે; આત્માની અભાવ–ભાવશક્તિની તેને ખબર નથી.

જ્ઞાની તો, 'અભાવરૂપ' એવી નિર્મળ પર્યાયને પોતાની સ્વશક્તિમાં અંતર્મુખ થઈને 'ભાવ'રૂપ કરે છે, એટલે શુદ્ધતામાંથી શુદ્ધતાને જ પ્રગટ કરતો જાય છે. શુદ્ધસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી તે વિકારને લંબાવવા માંગે છે, જે શુભાશુભ પરિણામ છે તે બીજી ક્ષણે પ્રગટ કરું–એમ તેને આસ્ત્રવની જ ભાવના છે; આત્માની શુદ્ધશક્તિની ભાવના તેને નથી. સમ્યગ્દૃષ્ટિની ભાવના સ્વભાવ ઉપર છે, તે તો શુદ્ધ સ્વભાવની ભાવનાથી શુદ્ધતાનો જ ભાવ કરતો જાય છે.

અનાદિકાળના અજ્ઞાની કોઈ સુપાત્ર જીવે, સત્સમાગમે બહુમાનપૂર્વક સ્વભાવનું શ્રવણ કરીને, પછી અંતર્મુખ થઈને તે સ્વભાવની પ્રતીત કરી ત્યાં અનાદિના મિથ્યાત્વનો અભાવ થયો (તે ભાવ–અભાવ છે), અને અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ થયું (તે અભાવ–ભાવ છે); આવું સમ્યગ્દર્શન થયું તે જ સમયે સિદ્ધદશા વર્તમાન નથી તો પણ, ભવિષ્યની સિદ્ધપર્યાય પ્રગટવાની તાકાત મારા દ્રવ્યમાં છે–એમ દ્રવ્યદૃષ્ટિના જોરે સમકિતીને સિદ્ધદશાની નિઃશંકતા થઈ ગઈ છે. સિદ્ધદશા કરું કે સમ્યગ્દર્શનાદિ કરું એવા વિકલ્પથી કાંઈ સિદ્ધદશા કે સમ્યગ્દર્શનાદિ થતા નથી, પણ નિર્વિકલ્પ દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય પ્રગટી જાય છે. માટે ધર્મીની દૃષ્ટિમાં આવા શુદ્ધદ્રવ્યસ્વભાવની જ મુખ્યતા છે. 'મોક્ષ કરું' એવા વિકલ્પ આવે પણ તે વિકલ્પની મુખ્યતા નથી, વિકલ્પનું શરણ નથી, શુદ્ધસ્વભાવનું જ શરણ છે. તેના શરણે જ મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ થાય છે, તેના શરણે જ અસ્થિરતા ટળીને સ્થિરતા થાય છે, તેના શરણે જ અલ્પજ્ઞતા ટળીને સર્વજ્ઞતા થાય છે. આ રીતે શુદ્ધસ્વભાવના આશ્રયે શુદ્ધપરિણમન થાય છે–તેમાં પૂરુષાર્થ પણ ભેગો જ છે, અને એ જ સમ્યક્પુરુષાર્થ છે. આ સિવાય એક પુરુષાર્થ ગુણને જુદો પાડીને પુરુષાર્થ થતો કરવા જાય–તો તેને ભેદના આશ્રયે રાગ જ થાય છે, પણ શુદ્ધતા થતી નથી. 'હું પુરુષાર્થ કરું' એવા વિકલ્પથી ખરો પુરુષાર્થ થતો નથી. પુરુષ એટલે શુદ્ધઆત્મા તેની સાથે પરિણતિ એકમેક થઈને શુદ્ધતારૂપે પરિણમી તે જ ખરો પુરુષાર્થ છે, તેમાં એકસાથે અનંતગુણોના નિર્મળ પરિણમનનો સ્વાદ આવે છે. શુદ્ધ ચૈતન્યતત્ત્વની સન્મુખ થઈને તેમાં સાવધાની કરી ત્યાં હવે વિષયકષાયરૂપી ચોર આત્મામાં પ્રવેશી શકતા નથી.

આ ચૈતન્યસ્વરૂપ આત્માના પરિણમનમાં એવું ભાવ–અભાવપણું છે કે પહેલા સમયની અવસ્થા બીજા સમયે અભાવરૂપ થઈ જાય છે, એટલે દરેક સમયે તેની અવસ્થા

પલટી જાય છે. જો એક જ અવસ્થા ચાલુ રહ્યા કરે ને ભાવનો અભાવ ન થાય તો અજ્ઞાનીનું અજ્ઞાન કદી ટળે જ નહિ; સાધકનું સાધકપણું કદી પૂરું જ ન થાય; તેમજ નવી અવસ્થા પ્રગટવારૂપ 'અભાવ–ભાવ' જો ન હોય તો અનાદિથી અભાવરૂપ એવું સમ્યગ્જ્ઞાન કદી પ્રગટે જ નહિ, કેવળજ્ઞાન પ્રગટે જ નહિ.–પણ એમ નથી. આચાર્ય ભગવાન કહે છે કે અરે જીવ ! તું મુંઝાઈશ નહિ. 'અરેરે ! ઘણા કાળથી સેવેલું અજ્ઞાન હવે કેમ ટળશે ? ને મને સમ્યગ્જ્ઞાન કેમ થશે ?' આમ તું મુંઝાઈશ નહીં. અનાદિથી અજ્ઞાન સેવ્યું માટે તે અજ્ઞાન સદાય ટકી જ રહે–એમ નથી. અને અનાદિથી જ્ઞાન ન કર્યું માટે હવે તે જ્ઞાન ન જ થાય–એમ પણ નથી. અનાદિથી સમયે સમયે વિદ્યમાન એવા અજ્ઞાનનો અભાવ કરીને અપૂર્વ સમ્યગ્જ્ઞાનનો ભાવ થાય છે–એવી શક્તિઓ તારા આત્મામાં ભરી છે, તેનો એકવાર વિશ્વાસ કર તો તારી મૂંઝવણ મટી જાય. જે જે પર્યાય આવે છે તે 'અભાવ'ને સાથે લેતી આવે છે એટલે બીજે સમયે જરૂર તેનો અભાવ થઈ જશે. જેમ જે જન્મે છે તે મરણને સાથે જ લેતું આવે છે તેમ જે પર્યાય જન્મે છે તે બીજા સમયે જરૂર નાશ પામે છે. અને બીજા સમયે નવી પર્યાય ઉત્પન્ન થાય છે. શુદ્ધદ્રવ્યનો આશ્રય કરાનારને તે પર્યાય શુદ્ધ થાય છે, માટે હે ભાઈ ! તું મુંઝાઈશ નહિ; આ અધૂરી પર્યાય વખતે જ તેની પાછળ (અંતર્ સ્વભાવમાં) પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટવાની તાકાત તારા આત્મામાં ભરી છે, માટે તેની સન્મુખ થા.

વર્તમાનમાં આત્માને સંસારપર્યાયનો સદ્‌ભાવ છે, પણ તે 'ભાવનો અભાવ' કરી નાંખે એવી તાકાત પણ સાથે જ પડી છે. જો તેને પ્રતીતમાં લ્યે તો સંસારનો અભાવ થયા વિના રહે નહિ.

અને વર્તમાનમાં આ આત્માને સિદ્ધપર્યાયનો અભાવ છે, પણ તે 'અભાવનો ભાવ' કરવાની તાકાત પણ સાથે જ પડી છે. જો આત્માના આવા સ્વભાવને પ્રતીતમાં લ્યે તો સિદ્ધદશા પ્રગટ્યા વિના રહે નહિ.

– આ રીતે 'ભાવ–અભાવ' અને 'અભાવ–ભાવ' શક્તિવાળા આત્મસ્વભાવને ઓળખતાં સંસાર ટળીને સિદ્ધદશા થાય છે. તે સિદ્ધદશા થયા પછી પણ ભાવ–અભાવને અભાવ–ભાવ તો થયા જ કરે છે, અર્થાત્ એક પછી એક પર્યાય બદલાયા જ કરે છે, પણ તે બધી પર્યાયો એકસરખી શુદ્ધ જ થાય છે, ક્ષણે ક્ષણે નવી નવી પર્યાયનો અનુભવ થયા જ કરે છે.

ભાવનો અભાવ, અને અભાવનો ભાવ, એવા અખંડ પ્રવાહની ધારામાં સાધક ધર્મીને શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે.

જગતના ચેતન કે અચેતન બધા પદાર્થોમાં પણ ભાવનો અભાવ ને અભાવનો ભાવ એવું પર્યાયનું રૂપાંતર પોતપોતાના સ્વભાવથી થઈ જ રહ્યું છે. જે જીવ આવા વસ્તુસ્વભાવને જાણે તેને જગતના કોઈ પણ પદાર્થોમાં 'ચાલતી પર્યાયનો હું અભાવ કરું કે ન હોય તેને હું ઉત્પન્ન કરું' એવી ભ્રમણાબુદ્ધિ રહેતી નથી, પણ મોહરહિત જ્ઞાતાપણું જ રહે છે.

ચૈતન્યસ્વભાવની અતિશય વિરાધના કરનાર જીવ નિગોદ અવસ્થાને (–આત્માની હલકામાં હલકી દશાને) પામે છે; જીવના સ્વભાવને ભૂલીને દેહની અત્યંત મુર્ચ્છાથી તે નિગોદનો જીવ એક અંતર્મુહૂર્તમાં ઉત્કૃષ્ટપણે ૬૬૩૩૬ શરીર ફેરવી નાંખે છે, એક શરીર છોડીને બીજું, ને બીજું છોડીને ત્રીજું–એમ ૬૬૩૩૬ ભવ ૪૮ મિનિટમાં ધારણ કરે છે.–જુઓ, એની મમતાનું ફળ !! અને ક્ષણેક્ષણે તે અનંતાનંત દુઃખની વેદના ભોગવી રહ્યો છે–એવું અપાર દુઃખ, કે જેને કેવળીભગવાન જ જાણે અને તે નિગોદનો જીવ જ ભોગવે ! અને સિદ્ધભગવંતો શરીરરહિતપણે સમયે સમયે ચૈતન્યની પર્યાય પલટાવીને પરિપૂર્ણ આનંદનો જ અનુભવ કરી રહ્યા છે. દેહની મમતા તોડીને દેહથી ભિન્ન આનંદસ્વરૂપ આત્માની આરાધના કરીને તેના ફળમાં સિદ્ધદશા પ્રગટી, ત્યાં ક્ષણેક્ષણે દેહાતીત અતીન્દ્રિય આનંદનું જ વેદન છે; એક આનંદપર્યાય પલટીને બીજી ને બીજી આનંદ પર્યાય પલટીને ત્રીજી, એમ સાદિઅનંત આનંદની જ ધારા ચાલ્યા કરે છે. અહો ! એ આનંદ જગતના જીવોને ઇંદ્રિયદ્વારા ગમ્ય નથી.

જેમ પાણીનું મોટું સરોવર ભર્યું હોય તેમાંથી ધારાપ્રવાહ ચાલ્યો આવે; તેમ આ ચૈતન્યસરોવરમાં....આનંદસરોવરમાં નિર્મળપર્યાયો પ્રગટવાની તાકાત ભરી છે તેમાંથી જ નિર્મળ પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે,–પણ કોને ? કે જે પોતાના સ્વભાવ સામે જુએ તેને. આહા ! મારા આનંદ માટે મારે ક્યાંય પર સામે જોવાનું જ નથી...મારો આત્મા જ આખો આનંદસ્વભાવથી ભરેલો છે, તેના જ સંતોએ અપાર ગાણાં ગાયાં છે–આમ સ્વસન્મુખ થઈને પોતાના સ્વભાવની પ્રતીત કરવી તે જ આ શક્તિઓનાં વર્ણનનું તાત્પર્ય છે.

અલ્પજ્ઞતા વખતે સર્વજ્ઞતાનો અભાવ છે, પણ વસ્તુમાં સર્વજ્ઞતાની શક્તિ ત્રિકાળ

ભરી છે–તેની ધર્મીને પ્રતીત છે; અને તે શક્તિના આધારે જ સર્વજ્ઞતા ખીલી જશે (–અભાવનો ભાવ થઈ જશે) એવી ધર્મીને નિઃશંકતા છે. ચોથા ગુણસ્થાને પર્યાયમાં કેવળજ્ઞાનનો અભાવ હોવા છતાં સમકિતીને સર્વજ્ઞશક્તિવાળો આત્મસ્વભાવ પ્રતીતમાં આવી ગયો છે એટલે શ્રદ્ધાઅપેક્ષાએ કેવળજ્ઞાન થઈ ગયું છે. જો સર્વજ્ઞશક્તિનો નિઃશંક નિર્ણય ન થાય તો તે જીવે આત્માને જાણ્યો જ નથી. પૂર્ણતા પ્રગટ્યા પહેલાં, જેનામાંથી પૂર્ણતા પ્રગટવાની છે એવા સ્વભાવની પ્રતીત થઈ જાય છે, તેનું નામ સમ્યગ્દર્શન છે. જો આત્માના સ્વભાવને પ્રતીતમાં લ્યે તો, 'અરેરે ! અનાદિનું અલ્પજ્ઞપણું છે તે કેમ ટળે ! અને અનાદિથી સર્વજ્ઞપણું નથી થયું તે હવે કેમ થાય ?' એવી શંકા કે મૂંઝવણ ન રહે. વિદ્યમાન એવી અલ્પજ્ઞતાનો અભાવ કરી નાંખે, અને નહિ પ્રગટેલી એવી સર્વજ્ઞતાને પ્રગટ કરે–એવી મારા આત્મામાં તાકાત છે–એમ સાધકને આત્મવિશ્વાસ જાગી ગયો છે, એટલે હવે તે શક્તિના અવલંબને અલ્પકાળમાં અલ્પજ્ઞતા ટળી જશે ને સર્વજ્ઞતા પ્રગટી જશે,–તેમાં સાધકને સંદેહ રહેતો નથી. અહો ! અનંતશક્તિસંપન્ન ચૈતન્ય ભગવાન સમયે સમયે બિરાજી રહ્યો છે, તેની સન્મુખ થઈને સેવન કરતાં કરતાં સાધકને અવિદ્યમાન એવા કેવળજ્ઞાનાદિ ભાવો ખીલી જાય છે. પ્રથમ ચિદાનંદસ્વભાવની સન્મુખ થતાં જ મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્દર્શન થયું છે; અને ત્યાર પછી પણ તેના જ અવલંબને સાધકને નિર્મળ–નિર્મળ પર્યાયોના ભાવ–અભાવ ને અભાવ–ભાવ થયા કરે છે. એ ખાસ સમજવા જેવી વાત છે કે સ્વભાવદૃષ્ટિમાં સાધકને વિકારનો ભાવ–અભાવ કે અભાવ–ભાવ નથી, પણ નિર્મળતાનો જ ભાવ–અભાવ ને અભાવ–ભાવ છે; એક નિર્મળ પર્યાય થઈ તેનો બીજા સમયે અભાવ, ને બીજી નિર્મળ પર્યાયનો ભાવ, વળી બીજા સમયે તે નિર્મળ પર્યાયનો અભાવ ને ત્રીજી નિર્મળ પર્યાયનો ભાવ, એ રીતે સ્વભાવના આશ્રયે નિર્મળતાનો જ ભાવ–અભાવ ને અભાવ–ભાવ થાય છે. સ્વભાવની દૃષ્ટિમાં વિકારનો તો અભાવ જ છે, તે દૃષ્ટિમાં વિકારનું પરિણમન જ નથી, તેથી વિકારના ભાવ–અભાવની કે અભાવ–ભાવની આમાં મુખ્યતા નથી. અને શુદ્ધસ્વભાવના આશ્રયે આત્મા નિર્મળ પર્યાયરૂપે પરિણમી જ રહ્યો છે. ત્યાં 'આ પર્યાયને આમ પલટાવું' એવી્ પર્યાયબુદ્ધિ જ્ઞાનીને નથી, તે તો સ્વભાવ સાથે એકતા કરીને નિર્મળપણે જ પરિણમતા જાય છે.

એ રીતે અનંત–અનંતકાળ સુધી નવી નવી નિર્મળ પર્યાયોનો ભાવ આવ્યા જ

કરે–એવી આત્મામાં તાકાત છે. ક્યાંથી તે ભાવ આવશે ? દ્રવ્યના સ્વભાવમાંથી; આ રીતે દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને તેની પ્રતીત કરવાની છે. આ રીતે અનેકાન્તમૂર્તિ આત્માની પ્રતીત કરે તો જ તેની શક્તિઓની પ્રતીત થાય છે, અને તેને જ સ્વભાવની સન્મુખતાથી નિર્મળ નિર્મળ પર્યાયો થાય છે.–આવું અનેકાન્તનું ફળ છે. જે જીવ સ્વભાવસન્મુખ થતો નથી તેને અનેકાન્તમૂર્તિ આત્માની પ્રતીત થતી નથી તેમજ અનેકાંતનાં ફળરૂપ નિર્મળ પર્યાય પણ થતી નથી. 'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અ ય હેતુએ ઉપકારી નથી' – એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે તેમાં પણ બંને પડખાં જાણીને શુદ્ધઆત્મસ્વભાવ તરફ વાળવાનું જ રહસ્ય બતાવ્યું છે. જે જીવ શુદ્ધ આત્મસ્વભાવ તરફ વળતો નથી તેને અનેકાંત થતો નથી, તેને 'આત્મપ્રસિદ્ધિ' થતી નથી, તે મિથ્યાદ્દષ્ટિ જ રહે છે.

પર્યાયમાં ખોટ છે તે પૂરી કરવી છે (અર્થાત્ કેવળજ્ઞાનનો અભાવ છે તેનો ભાવ કરવો છે) તો તે ક્યાંથી આવશે ? દ્રવ્યની શક્તિમાં પૂર્ણતા ભરી છે તેના અવલંબને પર્યાયમાં પણ પૂર્ણતા પ્રગટી જશે. આ રીતે દ્રવ્યની શક્તિ જ પર્યાયની ખોટ પૂરી પાડનાર છે, બીજું કોઈ નહિ; માટે સાધકની દ્દષ્ટિમાં જ અવલંબન છે. જ્ઞાનશક્તિમાં કેવળજ્ઞાન દેવાની તાકાત છે, શ્રદ્ધાશક્તિમાં ક્ષાયિક–સમ્યક્ત્વ દેવાની તાકાત છે, આનંદશક્તિમાં પૂરો અતિન્દ્રિયઆનંદ દેવાની તાકાત છે. આ સિવાય કોઈ સંયોગોમાં કે વિકારમાં એવી તાકાત નથી કે શ્રદ્ધા–જ્ઞાન–આનંદનું દાતાર છે. આવા દ્રવ્યની સન્મુખ થઈને તેની સેવના કરતાં તે શ્રદ્ધા જ્ઞાનને આનંદની પૂર્ણતા આપે છે.

**જય હો આવા દિવ્યદાનદાતારનો !**

– ૩૫મી ભાવઅભાવશક્તિનું તથા ૩૬મી અભાવભાવશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

જેઓ પરમાત્મા થયા તેમને પણ પૂર્વે બહિરાત્મદશા હતી, પછી પોતાની પરમાત્મશક્તિનું શ્રવણ કરતાં તેનું બહુમાન લાવીને, તેની સન્મુખ થતાં તે બહિરાત્મપણું ટળ્યું ને અંતરાત્મપણું થયું; પછી સ્વભાવમાં લીન થઈને તેઓ પરમાત્મા થયા. આ રીતે પહેલાં જેઓ બહિરાત્મા હતા તેઓ જ પોતાની શક્તિ અવલંબને અંતરાત્મા થઈને પરમાત્મા થયા. આવી પરમાત્મા થવાની તાકાત દરેક આત્મામાં છે.

❋ ❋ ❋

# ભાવ–ભાવ શક્તિ અને અભાવ–અભાવ શક્તિ

**એકેક શક્તિનાં વર્ણનમાં અમૃતચંદ્રાચાર્યદેવે 'સમયસાર'નો ભંડાર ખોલી નાંખ્યો છે....દરેક શક્તિમાં શુદ્ધ આત્માનો રસ નીતરી રહ્યો છે. કોઈ પણ શક્તિદ્વારા આત્મસ્વરૂપને ઓળખતાં સ્વભાવસન્મુખતા થઈને અપૂર્વ આનંદરસનો અનુભવ થાય છે. – એનું નામ છે 'આત્મપ્રસિદ્ધિ !'**

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં અનંતશક્તિઓ છે તેનું વર્ણન ચાલે છે.

* આત્મામાં કોઈ પણ એક અવસ્થા વિદ્યમાન વર્તે છે.–એમ 'ભાવશક્તિ'માં કહ્યું.(૩૩)

* આત્મામાં વર્તમાન જે અવસ્થા વર્તે છે તે સિવાયની આગળ–પાછળની અવસ્થાઓ તેમાં અવિદ્યમાન છે–એમ 'અભાવશક્તિ'માં કહ્યું.(૩૪)

* વર્તમાન જે અવસ્થા વર્તે છે તે બીજા સમયે અભાવરૂપ થઈ જાય છે–એમ 'ભાવ–અભાવશક્તિ'માં કહ્યું.(૩૫)

* બીજા સમયની જે અવસ્થા વર્તમાન અવિદ્યમાન છે તે બીજા સમયે પ્રગટે છે–એમ 'અભાવ–ભાવશક્તિ'માં કહ્યું.(૩૬)

* હવે ત્રિકાળી ભાવને આધારે વર્તમાન ભાવનું હોવાપણું 'ભાવ–ભાવશક્તિ'માં કહે છે; તેમાં ત્રિકાળીના આધારે વર્તમાન કહીને દ્રવ્ય–પર્યાયની એકતા બતાવે છે.(૩૭)

* અને, દ્રવ્ય–પર્યાયની જે એકતા થઈ તેમાં પરનો ને વિકારનો અત્યંત અભાવ છે, તે 'અભાવ–અભાવશક્તિમાં' બતાવે છે.(૩૮)

જ્ઞાનસ્વરૂપ આત્મામાં 'ભવતા પર્યાયના ભવનરૂપ ભાવ–ભાવ શક્તિ છે;' તેમજ

'નહિ ભવતા પર્યાયના અભવનરૂપ અભાવ–અભાવ શક્તિ છે.'

એકેક શક્તિનાં વર્ણનમાં અમૃતચંદ્રાચાર્યદેવે 'સમયસાર'નો ભંડાર ભરી દીધો છે, દરેક શક્તિમાં શુદ્ધ આત્માનો રસ નીતરી રહ્યો છે. કોઈ પણ શક્તિથી જો આત્માના સ્વરૂપને ઓળખવા જાય તો અનંતગુણના પિંડ એવા ભગવાન આત્માની સન્મુખતા થઈને અપૂર્વ આનંદરસનો અનુભવ થાય છે.–એનું નામ છે 'આત્મપ્રસિદ્ધિ.'

મારો સ્વભાવ અનંત ગુણનો ભંડાર છે – એવું જ્યાં જ્ઞાન થયું ત્યાં ત્રિકાળી શુદ્ધસ્વભાવના આશ્રયે પર્યાયમાં સમ્યક્સ્વસંવેદન ભાવ વર્તે છે, તેનું નામ 'ભાવ–ભાવ' છે. ત્રિકાળભાવ અને વર્તમાનભાવ બંને એક થઈને વર્તે છે એવી ભાવભાવશક્તિ છે. આત્મા ત્રિકાળભાવરૂપ રહીને સમય સમયના ભાવપણે વર્તે છે, એ રીતે ભવતા ભાવનું ભવન છે. અને પરરૂપે આત્મા કદી થતો નથી, પરનો આત્મામાં અભાવ છે ને તે સદાય અભાવપણે જ રહે છે, એવી અભાવ–ભાવશક્તિ છે. આ રીતે આ શક્તિઓ આત્માનું સ્વમાં એકત્વને પરથી વિભક્તપણું બતાવે છે. 'ભાવ–ભાવ' એટલે ગુણનો ભાવ અને પર્યાયનો ભાવ એવા બંને ભાવસહિત આત્મા વર્તે છે; અને 'અભાવ–અભાવ' એટલે પોતાથી ભિન્ન એવા પર દ્રવ્ય ગુણ–પર્યાયો સદા પોતામાં અભાવપણે જ વર્તે છે; – આવી બંને શક્તિઓ આત્મામાં છે. 'આત્મા જ્ઞાનસ્વરૂપ છે' એમ લક્ષમાં લેતાં તેમાં આ બધી શક્તિઓ ભેગી આવી જ જાય છે.

જ્યાં શુદ્ધ ચિદાનંદ આત્માનું સ્વસંવેદન થયું ત્યાં જ્ઞાનાદિ ગુણો તે ગુણપણે કાયમ રહીને વર્તમાન નિર્મળ પર્યાયપણે વર્તે છે, અને તે જ પ્રમાણે નિર્મળપણે વર્ત્યા કરશે. ત્રિકાળભાવરૂપ ગુણનું ભવન પરિણમન થઈને વર્તમાન પર્યાયરૂપ નિર્મળભાવ વર્તે છે અને હવે ગુણના પરિણમનમાં તેવો જ ભાવ વર્ત્યા કરશે. સાધકને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે તે જુદી વાત છે, પણ હવે નિર્મળભાવમાં વચ્ચે બીજો વિકારી ભાવ નહિ આવે, ગુણનું એવું ને એવું નિર્મળ પરિણમન થયા કરશે,–એવી આ વાત છે.

જ્ઞાન ત્રિકાળ જ્ઞાનભાવપણે રહીને વર્તમાન–વર્તમાનરૂપે પરિણમે છે; પ્રભુતાનો ભાવ ત્રિકાળ પ્રભુતારૂપે રહીને વર્તમાન–વર્તમાનપણે પરિણમે છે, શ્રદ્ધા ત્રિકાળ શ્રદ્ધાભાવરૂપે રહીને વર્તમાન–વર્તમાનરૂપે પરિણમે છે; આનંદ સદાય આનંદભાવરૂપે રહીને વર્તમાન–વર્તમાનરૂપ પરિણમે છે; વીર્ય ત્રિકાળ વીર્યશક્તિરૂપે રહીને વર્તમાન–વર્તમાનપણે પરિણમે છે; આમ બધા ગુણ પોતપોતાના ત્રિકાળભાવરૂપે રહીને પોતપોતાની

પર્યાયના વર્તમાન ભાવરૂપે પરિણમે છે. પણ જ્ઞાન પરિણમીને બીજા ગુણોરૂપ થઈ જાય કે બીજા ગુણોરૂપ થઈ જાય કે બીજા ગુણો પરિણમીને જ્ઞાનાદિરૂપ થઈ જાય–એમ બનતું નથી. 'ભાવનું ભવન છે' એટલે ત્રિકાળપણે રહીને વર્તમાનપણે પરિણમે છે. આ રીતે ત્રિકાળભાવરૂપ અને વર્તમાનભાવરૂપ એવો વસ્તુનો સ્વભાવ છે, તેનું નામ 'ભાવભાવશક્તિ' છે.

વર્તમાન જે જાણે છે તે પછી જાણનારપણે જ રહેશે, વર્તમાન શ્રદ્ધા કરે છે તે પછી પણ શ્રદ્ધશે, કેમ કે જ્ઞાનાદિનું જે વર્તમાન છે તે 'ત્રિકાળનું વર્તમાન' છે. ત્રિકાળભાવના આશ્રયે જે પરિણમન થયું તે ત્રિકાળભાવની જાતનું શુદ્ધ જ થાય છે. અને પરનો આત્મામાં અત્યંત અભાવ છે તે સદાય અભાવરૂપ જ રહે છે; રાગાદિનો પણ ત્રિકાળ સ્વભાવમાં અભાવ છે ને તે સ્વભાવના આશ્રયે વર્તમાનમાં પણ તે રાગના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. આવી આત્માની 'અભાવ–અભાવશક્તિ' છે. રાગને જાણતાં જ્ઞાન પોતે રાગરૂપ થઈ જતું નથી, જ્ઞાન તો જ્ઞાનરૂપ જ રહે છે.

જેમ એક સોનાની ખાણ હોય ને બીજી કોલસાની ખાણ હોય, ત્યાં જે તરફ વલણ કરે તેની પ્રાપ્તિ થાય. તેમ આ ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિ નિર્મળ શક્તિઓનો ભંડાર છે તેની સન્મુખ દૃષ્ટિ કરવાથી પર્યાયમાં નિર્મળતાની પ્રાપ્તિ થાય છે. અને શરીરાદિ જડ છે, તેની સન્મુખતાથી વિકારની ઉત્પત્તિ થાય છે. ભાઈ ! તારા આત્માની શક્તિને ઓળખ તો તેમાંથી નિર્મળતાની પ્રાપ્તિ થાય.

વર્તમાનમાં જે આત્મા વર્તે છે તે જ ભૂતકાળમાં વર્ત્યો હતો ને ભવિષ્યમાં પણ તે જ વર્તશે; એ રીતે એક સમયમાં ત્રિકાળ ટકવાની તાકાત આત્મામાં ભરી છે; ત્રિકાળભાવરૂપ રહીને તે તે સમયના ભાવરૂપે પરિણમે છે. પરિણમવાથી વસ્તુસ્વભાવમાં કાંઈ ફેરફાર થઈ જતો નથી, કે તેમાં ઓછા–વધતાપણું થતું નથી. ત્રિકાળ એકરૂપ સ્વભાવે આત્મા વર્તે છે, અને તે ત્રિકાળ એકરૂપ સ્વભાવની સાથે એકતા કરીને વર્તમાન ભાવ પણ એકરૂપે (–શુદ્ધતારૂપે) જ વર્તે છે. જ્યાં શુદ્ધસ્વભાવનો આશ્રય વર્તે છે ત્યાં એવી શંકા નથી કે મને અશુદ્ધતા થશે કે હું પાછો પડી જઈશ. કેમ કે આત્માના સ્વભાવમાં વિકાર નથી એટલે આત્માના સ્વભાવના આશ્રયે જેનું પરિણમન છે તેને વિકાર થવાની શંકા થતી નથી. આ રીતે સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ પરિણમનપૂર્વક શુદ્ધાત્મદ્રવ્યની પ્રતીત હોય છે. શુદ્ધસ્વભાવના આશ્રયે જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં જ્ઞાન પણ સ્વસંવેદનથી

સમ્યક્ થયું, ચારિત્રમાં પણ આનંદના અંશનું વેદન થયું, વીર્યનો વેગ પણ સ્વ તરફ વળ્યો. આ રીતે સમ્યગ્દર્શનની સાથે જ બધા ગુણોમાં નિર્મળ પરિણમન શરૂ થઈ ગયું. કોઈ કહે કે સમ્યગ્દર્શન થયું પણ આત્માની અતીન્દ્રિય શાંતિનું વેદન ન થયું, સમ્યગ્દર્શન થયું પણ આત્માનું સ્વસંવેદન ન થયું, સમ્યગ્દર્શન થયું પણ વીર્યનો વેગ આત્મા તરફ ન વળ્યો–તો એમ કહેનારે અનંતગુણથી અભેદ આત્માને માન્યો જ નથી, દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ આત્માના ભાવને તેણે જાણ્યો જ નથી, અને પોતાને સમકિતી માનીને તે સમ્યગ્દર્શનનાં નામે પોતાનો સ્વચ્છંદ પોષે છે.

આત્માની ભાવભાવશક્તિ છે એટલે તેનામાં દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વિકારનો અભાવ છે. આત્માની અભાવ–અભાવશક્તિનું એવું બળ છે કે પોતાથી ભિન્ન શરીરાદિ પદાર્થોને, કર્મોને કે વિકારને તે પોતાના સ્વભાવમાં વર્તવા દેતી નથી. આત્માના દ્રવ્યમાં, ગુણમાં અને તે તરફ ઢળેલી શુદ્ધપર્યાયમાં, એ ત્રણેમાં વિકારનો–કર્મનો–શરીરાદિનો અભાવ જ છે ને અભાવ જ રહેશે. દ્રવ્ય–ગુણ–પર્યાયની એકતામાં હવે કદી તૂટ પડશે નહિ, ને વિકાર સાથે કદી એકતા થશે નહિ. વિકાર આત્માની સાથે નહિ વર્તે પણ છૂટો પડી જશે. આવી આત્મશક્તિને પ્રતીતમાં લેવી ને તેમાં એકતા કરવી તે મોક્ષનો ઉપાય છે.

શુદ્ધ આત્મા ઉપર જેની દૃષ્ટિ હોય તેને જ આ શક્તિઓનું રહસ્ય સમજાય તેવું છે. આત્મામાં કર્મનો ત્રિકાળ અભાવ છે, તે કર્મ કદી આત્મામાં ભાવપણે નહિ વર્તે. અજ્ઞાની પોકાર કરે છે કે અરે, કર્મો માર્ગ નથી આપતા ! પણ આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ ! તારા આત્માની સામે તો જો ! તારા આત્મામાં કર્મો તો ત્રણેકાળ અભાવપણે જ વર્તે છે; કર્મો તારા આત્મામાં આવ્યો જ નથી. કર્મનો અભાવ કહેતાં કર્મ તરફના વિકારી ભાવનો પણ આત્માના સ્વભાવમાં અભાવ છે–એમ લક્ષમાં આવે છે ને શુદ્ધ આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે; ત્યાં પર્યાયમાં પણ વિકારનો અભાવ વર્તે છે. ત્રિકાળમાં અભાવ હતો ને વર્તમાનમાં પણ અભાવ થયો,–આવું અભાવ–અભાવશક્તિનું નિર્મળ પરિણમન છે. આવા આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં લ્યે ત્યારે **જીવતત્ત્વને** બરાબર માન્યું કહેવાય. આવા જીવતત્ત્વનો આશ્રય કરતાં જ નિર્મળ પર્યાયરૂપ **સંવર–નિર્જરાતત્ત્વ** પ્રગટે છે, અને તેના જ આશ્રયે પૂર્ણ શુદ્ધતારૂપ **મોક્ષદશા** થાય છે; તથા **પુણ્ય–પાપ–આસ્રવ ને બંધરૂપ** મલિન તત્ત્વનો અભાવ થઈ જાય છે; શરીરાદિ **અજીવ**

નો તો જીવમાં અભાવ જ હતો. આ રીતે આમાં નવે તત્ત્વોનો સ્વીકાર આવી જાય છે તેમજ તેમાંથી ઉપાદેયતત્ત્વનો અંગીકાર તથા હેયતત્ત્વનો ત્યાગ પણ થઈ જાય છે.– આનું નામ ધર્મ છે.

શુદ્ધદ્રવ્ય સ્વભાવને જાણતાં તેની સન્મુખ થઈને પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે; એ રીતે શુદ્ધદ્રવ્ય અને શુદ્ધપર્યાયની એકતારૂપ આત્મા પ્રતીતમાં આવે તે સમ્યક્શ્રદ્ધા છે. જો એકલા દ્રવ્યને શુદ્ધ માને અને દ્રવ્ય સાથે શુદ્ધ પર્યાય ન માને–તો તે વેદાંત જેવું થઈ ગયું; તેણે ખરેખર શુદ્ધદ્રવ્યને પણ જાણ્યું નથી. શુદ્ધપર્યાય વગર શુદ્ધ દ્રવ્યને જાણ્યું કોણે ? શુદ્ધદ્રવ્યને જાણતાં પર્યાય પોતે શુદ્ધ ન થાય એમ બને નહિ; કેમ કે દ્રવ્ય સાથે પર્યાયની એકતા થયા વગર તેનું યથાર્થ જ્ઞાન થતું જ નથી. આ રીતે, 'વિકારનો આત્મામાં અભાવ છે' એમ સ્વીકારનાર, શુદ્ધદ્રવ્યની દૃષ્ટિથી નિર્મળ પર્યાયરૂપે પરિણમીને તે પ્રમાણે સ્વીકારે છે. શુદ્ધદ્રવ્યના આશ્રયે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ્યા વગર વિકારના અભાવનો યથાર્થ સ્વીકાર થઈ શકે નહી – આ ખાસ રહસ્ય છે.

ધર્માત્મા પોતાના સ્વભાવની સન્મુખતાના જોરે નિઃશંક અને નિર્ભય વર્તે છે. 'વર્તમાનમાં તો અમને મિથ્યાત્વાદિ નથી પણ ભવિષ્યમાં થાય તો કોણ જાણે !' એમ જેને શંકા છે તેને તો વર્તમાનમાં જ મિથ્યાદૃષ્ટિ જાણવો. અરે ભાઈ ! શું મિથ્યાત્વાદિ ભાવો તારા સ્વભાવમાં ભર્યા છે ? સ્વભાવમાં તેનો અભાવ છે. જો આવા સ્વભાવ ઉપર નજર હોય તો મિથ્યાત્વાદિ થવાની શંકા પડે જ નહિ. સ્વભાવના જોરે વર્તમાનમાં મિથ્યાત્વાદિનો અભાવ થયો ને ત્રિકાળમાં પણ તેનો અભાવ જ છે. રાગાદિના અભાવરૂપ સ્વભાવ છે, એટલે તેમાંથી રાગાદિ આવે–એ વાત જ રહેતી નથી. આવા રાગના અભાવરૂપ ચિદાનંદસ્વભાવ ઉપર દૃષ્ટિ તે જ રાગના અભાવનો ઉપાય છે. ચોથા ગુણસ્થાને સ્વભાવબુદ્ધિમાં સમકિતીને આખા સંસારનો અભાવ થઈ ગયો છે. આવા સ્વભાવને શ્રદ્ધાજ્ઞાનમાં લઈને તેનો આશ્રય કર્યો ત્યાં પર્યાયમાં પણ રાગનો અભાવ જ છે. આ રીતે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં રાગનો અભાવ જ છે ને અભાવ જ રહેશે.

'સિદ્ધને કેમ વિકાર થતો નથી ?'– તો કહે છે કે આત્માના સ્વભાવમાં એવી અભાવ–અભાવશક્તિ છે કે વિકારનો પોતામાં અભાવ જ રાખે; તે સ્વભાવ સિદ્ધ ભગવાનને ખીલી ગયો છે તેથી તેમને વિકાર થતો નથી. 'કર્મ નથી માટે સિદ્ધને વિકાર થતો નથી' એમ કહેવું તે તો નિમિત્તનું કથન છે. ખરેખર તો વિકારરૂપ થવાનો આત્માનો

સ્વભાવ જ નથી, અને તે સ્વભાવ સિદ્ધને પ્રસિદ્ધ થઈ ગયો છે માટે સિદ્ધને વિકાર થતો નથી.

આત્મા ધ્રુવ કહીને વર્તમાન–વર્તમાન નિર્મળ ભાવરૂપ પરિણમે એવી ભાવભાવશક્તિ છે, તથા ત્રિકાળમાં અને વર્તમાનમાં બંનેમાં પરનો તથા વિકારનો અભાવ જ રાખે એવી અભાવ–અભાવશક્તિ છે. આ બંને શક્તિઓ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકસાથે વર્તે છે, એમ આ ૩૭ તથા ૩૮મી શક્તિમાં બતાવ્યું.

આ રીતે ૩૩–૩૪,૩૫–૩૬, તથા ૩૭–૩૮ એ છ શક્તિઓમાં ભાવ–અભાવ સંબંધી કુલ છ બોલ કહ્યા. મિથ્યાત્વનો અભાવ થઈને વર્તમાન સમ્યક્ત્વ પર્યાય પ્રગટે છે તેમાં આ છ બોલ નીચે પ્રમાણે લાગુ પડે છે–

(૧) સમ્યક્ત્વ પર્યાય વર્તમાન વિદ્યમાન વર્તે છે તે ‘ભાવ.’ (૩૩)

(૨) વર્તમાન સમ્યક્ત્વ પર્યાયમાં પૂર્વની મિથ્યાત્વ પર્યાય અવિદ્યમાન છે, તેમજ ભવિષ્યની કેવળજ્ઞાન પર્યાય પણ અવિદ્યમાન છે, તે ‘અભાવ.’ (૩૪)

(૩) પહેલા સમયે મિથ્યાત્વ ‘ભાવ’રૂપ હતું તે વર્તમાનમાં ‘અભાવ’રૂપ થયું તે ‘ભાવ–અભાવ.’ (અથવા જે સમ્યગ્દર્શન પર્યાય વર્તમાન ભાવરૂપ છે તે બીજા સમયે અભાવરૂપ થઈ જશે તે ‘ભાવ–અભાવ.’) (૩૫)

(૪) પૂર્વ સમયે સમ્યક્ત્વનો અભાવ હતો ને વર્તમાન સમયે તે પ્રગટ્યું તે ‘અભાવ–ભાવ.’ (અથવા બીજા સમયની સમ્યક્ત્વ પર્યાય વર્તમાન અભાવરૂપ છે તે બીજા સમયે ભાવરૂપ થશે–તે ‘અભાવ–ભાવ.’) (૩૬)

(૫) શ્રદ્ધાગુણ શ્રદ્ધાભાવરૂપે કાયમ રહીને સમ્યક્ત્વ પર્યાયના ભાવરૂપ થયો છે તે ‘ભાવભાવ.’ (૩૭)

(૬) શ્રદ્ધાના સમ્યક્ પરિણમનમાં પરનો તથા મિથ્યાત્વાદિનો અભાવ છે ને અભાવ જ રહેશે, તે ‘અભાવ–અભાવ.’ (૩૮)

એ પ્રમાણે જ્ઞાનસ્વરૂપ આત્માના પરિણમનમાં તે છએ ધર્મો એક સાથે જ વર્તે છે. આ જ રીતે સમ્યકત્વપર્યાયની જેમ કેવળજ્ઞાન–સિદ્ધદશા વગેરેમાં પણ એ છએ પ્રકાર એક સાથે લાગુ પડે છે તે સમજી લેવા.

‘અભાવ–ભાવ’ કહેતાં વર્તમાન જે પર્યાય થઈ તે પહેલાં અભાવરૂપ હતી, એ રીતે તેમાં ‘પ્રાક્–અભાવ’ આવી જાય છે. તેમજ ‘ભાવ–અભાવ’ કહેતાં વર્તમાન જે

પર્યાય વિદ્યમાન છે તે પછીના સમયોમાં અભાવરૂપ થઈ જશે, એ રીતે તેમાં 'પ્રધ્વંસ–અભાવ' આવી જાય છે. 'અભાવ–અભાવ' કહેતાં જીવમાં પોતાથી ભિન્ન એવા દ્રવ્ય–ગુણ–પર્યાયનો ત્રણેકાળ અભાવ જ છે, એ રીતે તેમાં 'અત્યંતઅભાવ' પણ આવી જાય છે. અને 'અન્યોન્ય–અભાવ' તો પુદ્ગલની પર્યાયોમાં જ પરસ્પર લાગુ પડે છે.

ભાવ–અભાવ સંબંધી જે છ શક્તિઓ કીધી તે એક સરખી નથી પણ દરેકમાં ફેર છે.

**પ્રશ્ન** :- ૩૪મી 'અભાવ' શક્તિ કીધી અને ૩૮મી 'અભાવ–અભાવ' શક્તિ કીધી, તે બંનેમાં શું ફેર છે ?

**ઉત્તર** :- જે 'અભાવશક્તિ' કીધી તેમાં તો વર્તમાન પર્યાયમાં ભૂત–ભવિષ્યની પર્યાયના અભાવની વાત છે; ને આ 'અભાવ–અભાવશક્તિ'માં તો ત્રિકાળ અભાવની વાત છે. જેમ કે સાધકને ભવિષ્યની કેવળજ્ઞાન પર્યાયનો વર્તમાનમાં જે અભાવ છે તે 'અભાવ' શક્તિમાં આવે, પણ 'અભાવ–અભાવ'શક્તિમાં તે ન આવે. કેમ કે જો તે કેવળજ્ઞાન પર્યાય અભાવ–અભાવરૂપ હોય તો તો તે સદાય અભાવરૂપ જ રહે. એટલે ભવિષ્યમાં પણ કદી કેવળજ્ઞાન પ્રગટે જ નહીં.–પણ એમ નથી. કેવળજ્ઞાનપર્યાયનો વર્તમાન અભાવ છે પણ ભવિષ્યમાં તે ભાવરૂપ થઈ શકે છે. અને પરનો આત્મામાં અભાવ છે તે તો ત્રિકાળ અભાવરૂપ જ રહે છે, ભવિષ્યમાં પણ તે આત્મામાં ભાવરૂપ નહિ વર્તે, તેથી તે અભાવઅભાવશક્તિમાં આવે છે.

**પ્રશ્ન** :- ૩૫મી 'ભાવ–અભાવ' શક્તિ કીધી અને ૩૬મી 'અભાવ–ભાવ' શક્તિ કીધી, તે બંનેમાં શું ફેર ?

**ઉત્તર** :- 'ભાવ–અભાવ'માં વિદ્યમાનપર્યાયનો વ્યય થવાની વાત છે, અને 'અભાવ–ભાવ'માં અવિદ્યમાન પર્યાયની ઉત્પત્તિ થવાની વાત છે.–એ રીતે એક જ સમયમાં બંને હોવા છતાં તેમાં વિવક્ષા ફેર છે.

એક સાથે અનંતી શક્તિવાળા ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને પ્રતીતમાં લઈને તેની સાથે જ્ઞાનની એકતા કરવી તે મોક્ષનો ઉપાય છે.

– ૩૭મી ભાવ–ભાવશક્તિનું તથા ૩૮મી અભાવ–અભાવશક્તિનું
વર્ણન અહીં પૂરું થયું.

બહુ જ અલ્પકાળમાં જેને સંસારપરિભ્રમણથી મુક્ત થવું છે એવા અતિ આસન્નભવ્ય જીવને નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. જેનામાં કર્મની કોઈ વિવક્ષા નથી–એવું જે પોતાનું શુદ્ધપરમાત્મતત્ત્વ, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે, તેનો જ આશ્રય કરવાથી સમ્યક્ ચારિત્ર થાય છે, ને તેનો જ આશ્રય કરવાથી અલ્પકાળમાં મુક્તિ થાય છે, માટે મોક્ષના અભિલાષી જીવો પોતાના શુદ્ધઆત્મતત્ત્વનો જ આશ્રય કરો.

❋ ❋ ❋

# ભાવ શક્તિ

**આત્મા જ સ્વયં છ કારકરૂપ થઈને સુખરૂપ પરિણમવાના સામર્થ્યવાળો છે. પોતાના સુખાદિ ભાવોને માટે પરને કારક બનાવે એવો આત્માનો સ્વભાવ નથી...જેણે આનંદમય સાચું જીવન જીવવું હોય તેણે અંતર્મુખ થઈને આત્મામાં શોધવાનું છે.**

આત્મામાં અનંત શક્તિઓ છે, તેનું આ વર્ણન બોલે છે. આત્મા જ્ઞાનલક્ષણથી પ્રસિદ્ધ થાય છે, છતાં તે એકાંત જ્ઞાનસ્વરૂપ જ નથી, જ્ઞાન સાથે બીજી અનંતશક્તિઓ રહેલી છે તેથી ભગવાનઆત્મા અનેકાન્તસ્વરૂપ છે. અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની અનેક શક્તિઓનું વર્ણન ઘણા ઘણા પ્રકારે અલૌકિક રીતે આવી ગયું છે. અત્યાર સુધીમાં ૩૮ શક્તિઓનું વર્ણન થયું, હવે નવ શક્તિઓ બાકી છે. તેમાં ૩૯મી 'ભાવશક્તિ'માં વિકારી છ કારકોનો અભાવ બતાવે છે; પછી ૪૦મી 'ક્રિયાશક્તિ'માં સ્વભાવરૂપ છ કારકો બતાવશે; અને ત્યારપછી કર્મ–કર્તા–કરણ–સંપ્રદાન–અપાદાન–અધિકરણ તથા સંબંધ એ સાતે શક્તિઓને આત્માના સ્વભાવરૂપ વર્ણવીને આચાર્યભગવાન ૪૭ શક્તિઓનું કથન પૂરું કરશે.

કેવી છે આત્માની ભાવશક્તિ ? કર્તા–કર્મ આદિ કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવનમાત્રમયી (–હોવામાત્રમયી, થવામાત્રમયી) ભાવશક્તિ છે. પહેલાં ૩૩મા બોલમાં ભાવશક્તિ કહી હતી ત્યાં તો અવસ્થાની વિદ્યમાનતા બતાવી હતી; ને આ ભાવશક્તિ જુદી છે, આ ભાવશક્તિમાં ભેદરૂપ કારકોથી નિરપેક્ષાપણું બતાવે છે.

દુઃખ ટાળીને સુખી થવા માટે સુખ ક્યાં શોધવું તેની આ વાત છે. ભાઈ, તારું સુખ તારામાં છે, ને તારો આત્મા જ સ્વયં છ કારકરૂપ થઈને સુખરૂપ પરિણમવાના સામર્થ્યવાળો છે. પરને કારક બનાવીને તેની પાસેથી સુખ લેવા માંગશે તો કદી સુખ

નહિ મળે. પોતાના સુખાદિ ભાવોને માટે પરને કારક બતાવે એવો આત્માનો સ્વભાવ નથી. કર્તા–કર્મ આદિ ભિન્ન ભિન્ન કારકો અનુસાર જે ક્રિયા થાય તે રૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ નથી, પણ તેનાથી રહિત પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. આત્માનું દ્રવ્ય, ગુણ કે પર્યાય પોતાથી ભિન્ન બીજા કોઈ કારકોના આધારે ટકે એવો આત્માનો પરાધીનસ્વભાવ નથી; પણ અન્ય કારકોથી રહિત પોતે સ્વયં પોતાના ભાવરૂપ પરિણમે એવો તેનો સ્વાધીન સ્વભાવ છે. જો આવા સ્વભાવમાં શોધે તો જ સુખ મળે તેમ છે, પણ બીજા કારણોમાં સુખ શોધે તો સુખ મળે તેમ નથી.

હીરાનો હાર પોતાની ડોકમાં પહેર્યો હોય તે પોતાની ડોકમાં જુએ તો મળે, પણ બહાવરો બનીને બહાર બીજે શોધે તો તે હાર મળે નહિ ને મૂંઝવણ ટળે નહિ. તેમ સુખ પોતામાં જ્યાં ભર્યું છે ત્યાં શોધે તો મળે. આત્મામાં સુખસ્વભાવ ભર્યો છે તેમાં અંતર્મુખ થઈને સુખ શોધે તો મળે, પણ બાહ્ય વૃતિથી બહાવરાની જેમ બહારમાં શોધે તો સુખ મળે નહિ ને દુ:ખ ટળે નહિ. સુખ અને સુખના કારક આત્મામાં જ છે, બહારમાં નથી; તેથી વાસ્તવિક સુખ અને આનંદમય સાચું જીવન જેણે જીવવું હોય તેણે અંતર્મુખ થઈને આત્મામાં શોધવાનું છે. પરમાં સુખ નથી, રાગમાં સુખ નથી માટે પરમાં કે રાગમાં શોધે તો સુખ મળે તેવું નથી. આત્મામાં સુખ ભરપૂર છે તેમાં અંતર્મુખ થઈને શોધે તો સુખનો અનુભવ થાય. સુખ, પ્રભુતા, સર્વજ્ઞતા વગેરે બધી શક્તિઓ આત્મામાં પડી છે તેમાં શોધે તો મળે તેમ છે.

– માટે શું કરવું ? કે સંતાના ઉપદેશથી આત્માની શક્તિઓને ઓળખીને પ્રતીત કરવી, અંતર્મુખ થઈને તેમાં એકાગ્ર થવું; તેમાં એકાગ્રતાથી જ્ઞાન–આનંદ–પ્રભુતા પ્રગટે છે...આત્મા પોતે પરમાત્મા બની જાય છે.

**અંતરદ્દષ્ટિથી જ્યાં ચૈતન્યસ્વભાવનું સેવન કર્યું ત્યાં ચૈતન્યભગવાન પ્રસન્ન થઈને કહે છે કે માંગ....માંગ !! તારે શું જોઈએ છે ? જે જોઈએ તે માંગ ! કેવળજ્ઞાન અને અતીન્દ્રિય આનંદ આપવાની તાકાત મારામાં છે. જે જોઈતું હોય તે આત્માની શક્તિમાં ભર્યું જ છે, માટે આત્માની શક્તિનો વિશ્વાસ કરીને જે જોઈએ તે તેની પાસેથી માંગ....આત્મામાં એકાગ્ર થા....બહાર ન શોધ....સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીના બધાય પદ આપવાની તાકાત આ ચૈતન્યરાજા પાસે છે, માટે તે ચૈતન્યરાજાનું સેવન કરીને તેને જ પ્રસન્ન કર...બીજા પાસે ભીખ ન માંગ, બહાર ફાંફાં ન માર... અંતર્–અવલોકન કર.**

આત્મા ક્યાં છે ? જ્યાં આત્મા છે ત્યાં જ ગોતે તો મળે. આત્મા પોતાથી બહાર ક્યાંય નથી, માટે બહાર ક્યાંય શોધ્યે આત્મા મળે તેમ નથી. આત્માના ગુણો આત્માથી બહાર નથી, આત્મામાં જ છે. ભાઈ ! તારી પ્રભુતા તારામાં છે....બહાર ન શોધ...તારી પ્રભુતા માટે બાહ્ય સામગ્રીને શોધવાની વ્યગ્રતા ન કર, કેમ કે તારી પ્રભુતા બાહ્યસામગ્રીમાંથી આવે તેમ નથી. બાહ્ય સામગ્રીથી નિરપેક્ષપણે પોતે એકલો જ છ કારકરૂપ (કર્તા–કર્મ–કરણ વગેરે) થઈને કેવળજ્ઞાન અને અતીન્દ્રિય આનંદરૂપે પરિણમી જાય એવો સ્વયંભૂ ભગવાન આ આત્મા છે. આત્માને જ 'પ્રભુ' કહ્યો છે, આત્માને જ 'ભગવાન' કહ્યો છે. અહો ! પોતાની પ્રભુતાને છોડીને પરમાં સુખ કોણ શોધે ? આવો સ્પષ્ટ સ્વભાવ હોવા છતાં પામર જીવો પોતાની પ્રભુતાને પરમાં શોધે છે. તેને આચાર્યભગવાન સમજાવે છે કે અરે જીવ ! તારી પ્રભુતા તારામાં જ ભરી છે...અંતર્ અવલોકન કરીને તેને શોધ. અંતર્મુખ થઈને તારી પ્રભુતાને ધારણ કર, ને પામરબુદ્ધિ છોડ.

જુઓ, આચાર્યદેવ પ્રભુતાનું દાન આપે છે.–અરે જીવ ! તારા સ્વભાવમાં પ્રભુતાનું કલ્પવૃક્ષ પડ્યું છે, આ આત્મા ચૈતન્ય–કલ્પવૃક્ષ છે, તેની પાસે જઈને પ્રભુતા માંગ તો તને તારી પ્રભુતાનું દાન મળ્યા વગર રહે નહિ. પ્રભુતાથી ભરેલા તારા ચૈતન્યચિંતામણિને ચિંતવ, તો તેના ચિંતનથી સમ્યગ્દર્શનાદિ પ્રભુતા પ્રગટે. પ્રભુતાના નિધાન પોતામાં ભર્યા છે તે બહાર શોધે તો ક્યાંથી મળે ? અહો જીવો ! તમારી પ્રભુતાનાં અચિંત્યનિધાન તમને બતાવીએ છીએ...તેને એક વાર તો દેખો....આત્માની પ્રભુતાને જોવાનું કુતૂહલ –હોંસ–ઉમંગ કરો અને તમને પ્રભુતા ન મળે–એમ બને નહિ. પોતાના અંતર્સ્વભાવમાં શોધે તેને પોતાની પ્રભુતા જરૂર મળે જ.

જુઓ ભાઈ ! આત્માનાં સ્વરૂપની આ વાત અચિંત્ય મહિમાવાળી છે. જેને આત્માની વિશાળતા તરફ લક્ષ ન હોય ને જ્ઞાનનો રસ ન હોય તેને નવા નવા પડખાંથી સમજવામાં કંટાળો આવે છે, પણ જો અનેક પડખાંથી સમજે તો જ્ઞાનની નિર્મળતા ને દ્રઢતા વધતી જાય ને અંદર ચૈતન્ય પ્રત્યે રસ તથા ઉલ્લાસ આવે; તથા પોતાને ખ્યાલ આવે કે મારી પર્યાયમાં નવા નવા ભાવો પ્રગટતા જાય છે ને સૂક્ષ્મતા વધતી જાય છે. અંતરમાં જેમ જેમ ઊંડો ઊતરે તેમ તેમ સૂક્ષ્મ રહસ્ય સમજાય, અને જેમ જેમ સમજાય તેમ તેમ રસ વધતો જાય, ને રસ વધતાં વધતાં આત્માનું કાર્ય સિદ્ધ થાય; માટે અંતરમાં આ વાતની

અપૂર્વતા લાવીને સમજવા માટે અપૂર્વ પ્રયત્ન કરવા જેવો છે.

અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની અનેક શક્તિઓમાંથી અત્યારે ૩૯મી ભાવશક્તિનું વર્ણન ચાલે છે. કર્તા–કર્મ આદિ કારકો અનુસાર થતી ક્રિયાથી રહિત, શુદ્ધભાવરૂપ થાય એવી આત્માની ભાવશક્તિ છે. રાગ–દ્વેષને અનુસરીને આત્મા શુદ્ધભાવરૂપ થાય–એવો તેનો સ્વભાવ નથી. આત્માનો જે શુદ્ધભાવ થયો તેનો રાગ કર્તા નથી, રાગ કર્મ નથી, રાગ કરણ નથી, રાગ સંપ્રદાન નથી, રાગ અપાદાન નથી, કે રાગ અધિકરણ નથી, એ રીતે રાગરૂપ કારકો અનુસાર થતી ક્રિયાથી તે રહિત છે. તેમજ આત્મા પોતે પણ સ્વભાવથી રાગનો કર્તા નથી, રાગનું કર્મ નથી, કરણ નથી, સંપ્રદાન નથી, અપાદાન નથી, તેમજ અધિકરણ પણ નથી. તેમજ રાગને અને સ્વભાવને સ્વસ્વામીત્વરૂપ સંબંધ પણ નથી. રાગ કરે ને તેનાં ફળને ભોગવે–એવું આત્માના સ્વભાવમાં નથી. આત્માનો સ્વભાવમાં તો જ્ઞાન–આનંદમય છે, આનંદનો ભોગવટો કરે એવો તેનો સ્વભાવ છે.

'શુભ–રાગ કે શરીરાદિની ક્રિયા તે કોઈ રીતે આત્માના ધર્મનાં કારણ છે ?–કોઈ રીતે તેનો આધાર છે ?'– તો કહે છે કે ના; તે રાગાદિની ક્રિયાને અનુસાર ન થાય એવો આત્માનો સ્વભાવ છે. તે સ્વભાવને અનુસરીને જે નિર્મળ ભાવ થયો તે ભાવ પણ રાગાદિકારકોને અનુસરતો નથી. એ રીતે કારકો અનુસાર થતી રાગાદિ ક્રિયાથી રહિત પરિણમવાનો આત્માનો સ્વભાવ છે.

**પ્રશ્ન** :- રાગ–દ્વેષ અને અજ્ઞાનભાવરૂપે પણ આત્મા પરિણમે છે તો ખરો ?

**ઉત્તર** :- એક સમયપૂરતી અવસ્થાના વિકારને પોતાનાં કાર્ય તરીકે અજ્ઞાની જ સ્વીકારે છે, અને તેનું ફળ સંસાર છે. તે આત્માનો સ્વભાવ નથી તો તેને આત્મા કેમ કહેવાય ? સ્વભાવ નથી તો તેને આત્મા કેમ કહેવાય ? સ્વભાવદૃષ્ટિમાં રાગને આત્મા સાથે કર્તા–કર્મપણું નથી.

**પ્રશ્ન** :- ત્યારે રાગ દ્વેષ કોણે કર્યા ?

**ઉત્તર** :- જેની દૃષ્ટિ આત્મા ઉપર નથી તેણે ! એટલે એક સમયપૂરતી ઊંધી માન્યતાએ આત્માને રાગ–દ્વેષરૂપ જ માનીને, તે રાગાદિને પોતાનાં કરીને માન્યા છે. સમકિતી તો શુદ્ધ જ્ઞાયકસ્વભાવને એકને જ પોતાનો માને છે. સમ્યગ્દર્શન થયા પછી પરમાર્થે રાગ–દ્વેષનું કર્તૃત્વ ગણ્યું જ નથી, કેમ કે સમકિતી પોતાના શુદ્ધાત્મસ્વરૂપ સાથે

રાગાદિકને એકમેક કરતો નથી.

'જૈનદર્શનમાં તો બસ ! કર્મની જ વાત છે.' આમ અજ્ઞાનીઓ માને છે, પણ તેને જૈનદર્શનની ખબર નથી. જૈનદર્શનમાં તો અનંતશક્તિસંપન્ન અનેકાન્તસ્વરૂપ શુદ્ધ આત્માની જ મુખ્યતા છે; વિકાર વખતે નિમિત્ત તરીકે કર્મ હોય છે–એમ ભગવાને બતાવ્યું છે, પણ તેની મુખ્યતા નથી. તેને તો વ્યવહારનયનો વિષય કહીને અભૂતાર્થ અને હેય કહ્યો છે. વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે–એમ જિનશાસનમાં આચાર્યદેવે દાંડી પીટીને પ્રસિદ્ધ કર્યું છે.

અહીં આત્માના શુદ્ધપરિણમનમાં અન્ય કારકોથી રહિતપણું બતાવ્યું; તેમાં કોઈને પ્રશ્ન ઊઠે કે, શુદ્ધતામાં તો અન્ય કારકોથી રહિતપણું ભલે હો, પરંતુ અશુદ્ધતામાં તો જડકર્મ વગેરે કારકો છે ને ? તેનો ઉત્તર : અશુદ્ધતામાં પણ બીજા કોઈ કારકો નથી. અશુદ્ધતા વખતે પણ જીવ અને પુદ્‌ગલ બંને એકબીજાથી નિરપેક્ષપણે સ્વયમેવ છ કારકરૂપ થઈને પરિણમે છે. પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આ સંબંધમાં સ્પષ્ટ કહ્યું છે કે નિશ્ચયથી અભિન્ન કારક હોવાથી જીવને તેમજ કર્મને બંનેને સ્વયં પોતપોતાનાં સ્વરૂપનું જ કર્તૃત્વ છે. '...स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकांतरमपेक्षते...' પુદ્‌ગલદ્રવ્ય પોતે જ સ્વયમેવ છ કારકરૂપ થઈને, અન્ય કારકોની અપેક્ષા વિના જ કર્મરૂપે પરિણમે છે. તેમજ જીવ પણ પોતાના ઔદયિકાદિ ભાવોરૂપે '...स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानो न कारकांतरमपेक्षते...' સ્વયમેવ છ કારકરૂપ થઈને, અન્ય કારકોની અપેક્ષા વિના જ પરિણમે છે. એ ગાથાનો ભાવાર્થ જણાવતાં શ્રી જયસેનાચાર્યદેવ લખે છે કે – 'अयमत्र भावार्थ:। यथैवाशुद्धषट्कारकीरूपेण परिणममान: सन्नशुद्धमात्मानं करोति तथैव शुद्धत्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपेणाभेदषट्कारकीस्वभावेन परिणममान: शुद्धमात्मानं करोतीति ' જેમ અશુદ્ધ છ કારકોરૂપે પરિણમતો થકો અશુદ્ધ આત્માને કરે છે તેમ શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્‌શ્રદ્ધાન–જ્ઞાન–અનુષ્ઠાનરૂપે અભેદ છ કારક સ્વભાવથી પરિણમતો થકો શુદ્ધ આત્માને કરે છે. આ રીતે અશુદ્ધતામાં તેમજ શુદ્ધતામાં અન્ય કારકોથી નિરપેક્ષપણું છે.

બીજું નિમિત્ત હો ભલે, પણ તે વખતે તેનાથી નિરપેક્ષપણે જ વસ્તુ પરિણમે છે. 'પોતાને યોગ્ય જીવનાં પરિણામ પામીને, જ્ઞાનાવરણાદિ અનેક પ્રકારનાં કર્મો અન્યકર્તાથી નિરપેક્ષપણે જ ઊપજે છે–....कर्त्र तरनिरपेक्षाण्येवोत्पद्यंते 'એમ પંચાસ્તિકાયની ૬૬મી

ગાથામાં કહ્યું છે. (વિશેષ માટે જુઓ ગા.૬૨ તથા ૬૬)

અન્ય કારકોથી નિરપેક્ષપણું બતાવીને આચાર્યદેવે ઘણો સ્પષ્ટ ખુલાસો કર્યો છે. વ્યવહારથી બીજા જેટલા કારકો કહેવામાં આવતા હોય તે બધાયથી નિરપેક્ષપણે જ જીવ–પુદ્‌ગલનું પરિણમન છે. આવું નિરપેક્ષપણું જાણે તો પરાશ્રય છૂટીને સ્વાશ્રયે શુદ્ધતારૂપ પરિણમન થયા વિના રહે નહિ.

અહીં દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી આચાર્યદેવ કહે છે કે, વિકારના છ કારકો અનુસાર ક્રિયા થવાનો આત્મામાં અભાવ છે; આત્મા ભેદરૂપ છ કારકોની ક્રિયાથી રહિત છે અને પોતાના શુદ્ધ છ કારકો અનુસાર થવારૂપ ક્રિયાથી સહિત છે તે વાત હવેની શક્તિમાં કહેશે.

સ્વયમેવ છ કારકરૂપ થઈને સર્વજ્ઞ થયેલા આત્માને 'સ્વયંભૂ' તરીકે વર્ણવતાં (પ્રવચનસાર ગા.૧૬ માં) આચાર્યભગવાને અદ્‌ભુત વાત કરી છે; ત્યાં સ્પષ્ટ કહે છે કે –

'શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે શુદ્ધ અનંત શક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આત્મા–

(૧) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયક સ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે **કર્તા**પણાનો અધિકાર ગ્રહણ કર્યો છે એવો,

(૨) શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી (–પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) **કર્મ**પણાને અનુભવતો,

(૩) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ(–ઉત્કૃષ્ટ સાધન) હોવાથી **કરણ**પણાને ધરતો,

(૪) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મવડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) **સંપ્રદાન**પણાને ધારણ કરતો,

(૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા વિકળજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં સહજ–જ્ઞાનસ્વભાવવડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો હોવાથી **અપાદાન**પણાને ધારણ કરતો, અને

(૬) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર

હોવાથી **અધિકરણ**પણાને આત્મસાત્ કરતો,

– એ રીતે **સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી...'સ્વયંભૂ' કહેવાય છે.**

આથી એમ કહ્યું કે–નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (–બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.'

પરથી નિરપેક્ષપણે જ્ઞાન–આનંદરૂપે પરિણમવાના પોતાના સ્વભાવને અજ્ઞાની જાણતો નથી ને બહારના જ કારણોને શોધે છે તેથી તે મફતનો વ્યાકુળ–દુઃખી જ થાય છે, ક્યાંય ઠરતો નથી. ઠરવાનું અંતરમાં છે પણ તેને તો તે જાણતો નથી.– આતમરામને જાણ્યા વિના શેમાં આરામ કરે ?

અહીં કહે છે કે બહારના કારણો તો દૂર રહો...પણ વિકારના કર્તા–કર્મ–કરણ વગેરે છ કારકો–જે આત્માની પર્યાયમાં હોય છે–તે કારકો અનુસાર પરિણમવાનો પણ આત્માનો સ્વભાવ નથી. પરને લીધે વિકાર થાય કે પરને લીધે ગુણ થાય એમ જે માને તેણે તો બહારના કારકોને આત્મામાં માન્યા, તે તો મિથ્યાત્વી છે; તેમજ ભેદરૂપ કારકોથી વિકારરૂપ પરિણમે એવો જ આત્મા માને ને શુદ્ધ આત્મા ન જાણે તો તેણે પણ આત્માના વાસ્તવિક સ્વભાવને જાણ્યો નથી, તે પણ મિથ્યાત્વી છે. જે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ થયો તે દ્રવ્ય સાથે અભેદ થયો, ત્યાં કર્તા ને કર્મ તેમજ આધાર વગેરે બધા કારકો અભેદ થયા, કર્તા જુદો ને કર્મ જુદું ને સાધન કોઈ બીજું,–એવો ભેદ ત્યાં ન રહ્યો. જ્ઞાતા પોતે જ છ કારકરૂપ થઈને શુદ્ધભાવરૂપ પારણમ્યો છે ત્યાં ભેદરૂપ કારકોની ક્રિયા અસ્ત થઈ ગઈ છે.

જુઓ, આમાં નિમિત્ત વગેરે કારકો તો કાઢી નાખ્યા, કેમકે તેનો તો આત્મામાં અભાવ છે–૧. વિકારી કારકો પણ આત્માના સ્વભાવમાં નથી તેથી દ્રવ્યદૃષ્ટિમાં તે પણ કાઢી નાખ્યા–૨. અને નિર્મળ છ કારકના ભેદની દૃષ્ટિ પણ કાઢી નાંખી–૩. આ રીતે અભેદસ્વભાવના આશ્રયે ભેદરૂપ કારકોની ક્રિયા રહિત શુદ્ધભાવરૂપે આત્મા પરિણમે છે. આત્મા નિર્મળ છ કારકપણે અભેદ પરિણમે છે.

(૧) શુદ્ધસ્વભાવરૂપ સમ્યક્ત્વાદિ કાર્ય થયું તે આત્માનું કર્મ;

(૨) આત્મા સ્વતંત્રપણે તે રૂપે પરિણમનાર હોવાથી તેનો કર્તા;

(૩) આત્મવડે જ તે ભાવ કરાયો હોવાથી આત્મા સાધકતમ કરણ.

(૪) આત્મામાં જ તે ભાવ પ્રગટ્યો હોવાથી આત્મા સંપ્રદાન;

(૫) તે ભાવમાં આત્મા જ રહ્યો હોવાથી આત્મા અપાદાન;

(૬) આત્માના જ આધારે તે ભાવ થયો હોવાથી આત્મા જ અધિકરણ.

– આ રીતે શુદ્ધભાવમાં પોતાના જ છ કારકો અભેદરૂપ છે; પરંતુ ભેદરૂપ કારકોને આત્મા અનુસરતો નથી, તે આ પ્રમાણે–

(૧) સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપ કાર્ય થયું તે રાગનું કાર્ય નથી, કેમકે રાગભાવ તે રૂપે પરિણમ્યો નથી;

(૨) સમ્યક્ત્વાદિ શુદ્ધભાવનો કર્તા રાગ નથી;

(૩) તે શુદ્ધભાવનું સાધન રાગ નથી માટે રાગ તેનું કરણ નથી;

(૪) તે શુદ્ધભાવ પ્રગટીને રાગમાં નથી રહ્યો માટે રાગ તેનું સંપ્રદાન નથી;

(૫) તે શુદ્ધભાવમાં રાગ નથી માટે રાગ તેનું અપાદાન નથી.

(૬) તે શુદ્ધભાવ રાગના આધારે નથી માટે રાગ તેનું અધિકરણ નથી.

– આ રીતે રાગાદિ કારકોને અનુસર્યા વગર જ સમ્યકત્વાદિ શુદ્ધભાવરૂપે સ્વયં પરિણમવાનો આત્માનો સ્વભાવ છે, તેને આ ભાવશક્તિ બતાવે છે. ભાવ એટલે શુદ્ધભાવરૂપે ભવવું–પરિણમવું; તે શુદ્ધભાવરૂપે સ્વયં ભવવાની (સ્વયં પરિણમવાની) આત્માની શક્તિ છે; તેમાં આત્માથી ભિન્ન બીજા કોઈ કારકોનું અવલંબન નથી.

અહો ! નિરાલંબી ચૈતન્યની અપૂર્વ વાત છે ! પણ પોતે અંતર્મુખ થઈને પોતાના ચૈતન્યતત્ત્વનું અવલંબન કદી કર્યું નથી. એકવાર આત્માની અચિંત્ય શક્તિને ઓળખે તો બહારમાં ક્યાંય મોહ ન રહે...ને અંતર્મુખ થતાં અલ્પકાળમાં મુક્તિ થઈ જાય. આવો આત્મસ્વભાવ સમજવા માટે અંદરથી પ્રેમ આવવો જોઈએ; અંતરમાં ઘણી રુચિથી–ઘણી પાત્રતાથી–ઘણા પ્રયત્નથી પોતાની કરીને આ વાત સમજવી જોઈએ. જેણે એકવાર પણ પોતાના આત્મામાં આ વાતના ખરા સંસ્કાર બેસાડ્યા તેને તે સંસ્કાર ફાલીને સિદ્ધદશારૂપી ફળ આપશે તેમાં કોઈ સંદેહ નથી. જે આ વાત સમજે તેના આત્મામાંથી સંસાર તરફના (–મિથ્યાત્વાદિના) છએ કારકોનું પરિણમન છૂટી જાય, ને મોક્ષ તરફના કારકોનું પરિણમન (સ્વભાવના આશ્રયે) થવા માંડે.

(૧) **'સ્વતંત્રપણે પરિણમે તે કર્તા.'**– રાગભાવ કાંઈ સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમતો નથી, પણ આત્મા પોતે જ સ્વતંત્રપણે સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે છે તેથી આત્મા જ

તે સમ્યગ્દર્શનાદિનો કર્તા છે, રાગ તેનો કર્તા નથી.

(૨) '**કર્તાનું ઈષ્ટ તે કર્મ.**' સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવરૂપે પરિણમવું તે જ ધર્માત્માનું ઈષ્ટ છે ન તેનો તે કર્તા છે.

(૩) એ જ પ્રમાણે **કર્તાનું સાધકતમ સાધન તે કરણ છે.** આત્માને સમ્યગ્દર્શનાદિ ઈષ્ટ કાર્યરૂપે પરિણમવામાં પર કે રાગાદિ ખરું સાધન નથી પણ પોતાનો સ્વભાવ જ સાધકતમ હોવાથી તેનું સાધન છે, તેથી આત્મા જ કરણ છે. પોતાના સ્વભાવને સાધન બનાવવાને બદલે નિમિત્તોને કે રાગને સાધન માનીને તેના આશ્રયે જે પરિણમે છે તેને સમ્યગ્દર્શનાદિ ઈષ્ટ કાર્ય થતું નથી પણ મિથ્યાત્વાદિ થાય છે.

(૪) એ જ પ્રમાણે **કર્તા પોતાનું કાર્ય જેને આપે તે સંપ્રદાન;** આત્મા પોતાનું સમ્યગ્દર્શનાદિ કાર્ય રાગને કે નિમિત્તને દેતો નથી તેથી રાગ કે નિમિત્તો તેનું સંપ્રદાન નથી; આત્મા પોતાના સ્વભાવમાં જ અભેદપણે તેને રાખે છે તેથી આત્મા જ તેનું સંપ્રદાન છે.

(૫) **જેમાંથી કાર્ય લેવામાં આવે અથવા કાર્યમાં જે ધ્રુવપણે ટકી રહે તે અપાદાન છે.** સંયોગો અને રાગ તો છૂટી જાય છે માટે તે અપાદાન નથી; સમ્યગ્દર્શનાદિ કાર્યમાં આત્મા જ સળંગપણે ટકી રહેનાર છે ને તેમાંથી જ તે કાર્ય લેવામાં આવે છે, માટે તે જ અપાદાન છે.

(૬) જેના આધારે કાર્ય થાય તે અધિકરણ છે. સમ્યગ્દર્શનરૂપી કાર્ય રાગના કે નિમિત્તના આધારે થતું નથી માટે રાગ તેનું અધિકરણ નથી, પણ સ્વભાવ જ તેનો આધાર હોવાથી અધિકરણ છે.

આ રીતે આ ભગવાન આત્મા શુદ્ધભાવરૂપ પરિણમનમાં પરના કારકો અનુસાર થતી ક્રિયાથી રહિત છે, પરના કારકો અનુસાર થતી વિકારી ક્રિયા તેનાથી રહિત શુદ્ધભાવરૂપ ભવનમાત્ર શક્તિવાળો આત્મા છે, તેમાં અંતર્મુખ જોયે જ કલ્યાણ છે.

જ્યાંસુધી જીવ પોતાના આવા સ્વભાવને નથી દેખતો ત્યાંસુધી તે અજ્ઞાની છે. તે અજ્ઞાનદશામાં પણ જીવ પોતે જ પોતાના અશુદ્ધ–કારકોથી પરિણમે છે, કોઈ બીજું તેને પરિણમાવતું નથી. આ બાબત પ્રવચનસાર ગા.૧૮૬ માં સરસ સ્પષ્ટીકરણ કર્યું છે. ત્યાં કહે છે કે–'આ આત્મા પરદ્રવ્યનાં ગ્રહણ–ત્યાગ વિનાનો હોવા છતાં પણ હમણાં સંસારઅવસ્થામાં, પરદ્રવ્યપરિણામને નિમિત્તમાત્ર કરતા એવા કેવળ

સ્વપરિણામમાત્રનું–તે સ્વપરિણામ દ્રવ્યત્વભૂત હોવાથી તેનું–કર્તાપણું અનુભવતો થકો, તેના એ જ સ્વપરિણામને નિમિત્તમાત્ર કરીને કર્મપરિણામને પામતી એવી પુદ્‌ગલરજવડે વિશિષ્ટ અવગાહરૂપે ગ્રહાય છે અને કદાચિત્ મુકાય છે.'' स इदाणिं कत्ता सं सगपरिणामस्स दव्वजादस्स ' એમ મૂળ સૂત્રકાર ભગવાને કહ્યું છે તેમાંથી આ સ્પષ્ટ અર્થ ટીકાકાર આચાર્યદેવે ખુલ્લો કર્યો છે. વિકારી પરિણામ પણ આત્માના અસ્તિત્વમાં થાય છે તેથી તેને दव्वजादस्स કહ્યા છે, અને તે સ્વપરિણામનો કર્તા આત્મા જ થાય છે, એમ બતાવ્યું છે. પણ જ્યાં શુદ્ધ ચિદાનંદસ્વરૂપને દૃષ્ટિમાં લઈને તેની સન્મુખ થયો ત્યાં તે અશુદ્ધપરિણમન રહેતું નથી; અને અલ્પરાગાદિ રહે તેનું કર્તાપણું પણ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિમાં રહેતું નથી. સાધકદશામાં વિકારી કારકોની ક્રિયા રહિત નિર્મળ ભાવરૂપે પોતે જ સ્વતઃ પરિણમે છે. **આ રીતે બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે.**

આ સંબંધમાં પ્રવચનસાર ગા.૧૨૬માં કહે છે કે–' જે પુરુષ એ રીતે 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે ' એમ નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે અને દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા શુદ્ધઆત્માને ઉપલબ્ધ કરે છે; પરંતુ અન્ય કોઈ શુદ્ધઆત્માને ઉપલબ્ધ કરતો નથી.'

વળી આ વાત વિશેષ સ્પષ્ટ સમજાવતાં આચાર્યદેવ કહે છે કે–

'**જ્યારે...હું...સંસારી હતો ત્યારે પણ (–અજ્ઞાનદશામાં પણ) મારું કોઈ પણ સંબંધી નહોતું. ત્યારે પણ હું એકલો જ કર્તા હતો,** કારણકે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવવડે સ્વતંત્ર હતો (અર્થાત્ સ્વાધીનપણે કરતો હતો); હું એકલો જ કરણ હતો, કારણકે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવવડે સાધકતમ (–ઉત્કૃષ્ટ સાધન) હતો; હું એકલો જ કર્મ હતો, કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્માથી પ્રાપ્ય (પ્રાપ્ત થવા યોગ્ય) હતો; અને હું એકલો જ સુખથી વિપરીત લક્ષણવાળું 'દુઃખ' નામનું કર્મફળ હતો–કે જે (ફળ) ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવવડે નિપજાવવામાં આવતું હતું.'

'**હમણાં પણ (–મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં પણ) ખરેખર મારું કોઈ પણ નથી. હમણાં પણ હું એકલો જ કર્તા છું,** કારણકે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવવડે

સ્વતંત્ર છું (અર્થાત્ સ્વધીનપણે કરું છું); હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવવડે સાધકતમ છું; હું એકલો જ કર્મ છું કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્માથી પ્રાપ્ય છું; અને હું એકલો જ અનાકુળતાલક્ષણવાળું 'સુખ'નામનું કર્મફળ છું–કે જે (ફળ) સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવપણે નિપજાવવામાં આવે છે.'

'**આ રીતે બંધમાર્ગમાં તેમજ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે એમ ભાવનાર આ પુરુષ** પરમાણુની માફક એકત્વ ભાવવમાં ઉન્મુખ હોવાથી (–અર્થાત્ એકત્વને ભાવવામાં તત્પર–લાગેલો–હોવાથી), તેને પરદ્રવ્યરૂપ પરિણતિ બિલકુલ થતી નથી; અને, પરમાણુની માફક (અર્થાત્ જેમ એકત્વભાવે પરિણમનાર પરમાણુ પર સાથે સંગ પામતો નથી તેમ), એકત્વને ભાવનાર પુરુષ પર સાથે સંપૃકત થતો નથી; તેથી પરદ્રવ્ય સાથે અસંપૃક્તપણાને લીધે તે સુવિશુદ્ધ હોય છે. વળી, કર્તા, કરણ, કર્મ અને કર્મફળને આત્માપણે ભાવતો થકો તે પુરુષ પર્યાયોથી સંકીર્ણ (–ખંડિત) થતો નથી; અને તેથી પર્યાયોવડે સંકીર્ણ નહિ હોવાને લીધે સુવિશુદ્ધ હોય છે.'

વિકારદશા વખતે પણ તેના છએ કારક જો કે આત્મામાં છે, પરંતુ તે અશુદ્ધ છ કારકો અનુસાર પરિણમવાનો આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી–એમ અહીં બતાવવું છે. આત્મામાં એક એવો અનાદિઅનંતભાવ છે કે જે પરનો કે વિકારનો કર્તા થતો નથી. સ્વભાવની સન્મુખ થઈને શુદ્ધભાવરૂપે પરિણમતાં ધર્મીને ભાન થયું કે અહો ! વિકારી કારકોની ક્રિયાને અનુસાર પરિણમવાનો મારો સ્વભાવ નથી.–અભેદસ્વભાવમાં એકત્વપણે શુદ્ધભાવરૂપે પરિણમવાનો જ મારો સ્વભાવ છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે આ ૪૭ શક્તિઓમાં આખા સમયસારનું દોહન કરીને આત્માનું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું છે. આ સૂક્ષ્મ અંતરનો વિષય છે. ટૂંકામાં ઘણું રહસ્ય ભરી દીધું છે. અંતરમાં ઊંડો ઊતરીને સમજે તેને તેની ગંભીરતાના મહિમાની ખબર પડે. અહો ! પોતાના ચૈતન્યતત્ત્વને વાસ્તવિકપણે જાણીને તેની ભાવના જીવે પૂર્વે કદી કરી નથી. એક ક્ષણ પણ જેની ભાવના કરવાથી અનંતકાળના જન્મ–મરણ છૂટી જાય એવા ચૈતન્યતત્ત્વની આ અપૂર્વ વાત છે. અપૂર્વ રુચિપૂર્વક વારંવાર આનું શ્રવણ–મનન અને ભાવના કરવા જેવા છે.

દેહથી જુદો, આ ચૈતન્યસ્વરૂપ આત્મા ત્રિકાળ ટકનાર હોવા છતાં ક્ષણેક્ષણે

પલટવારૂપ ક્રિયા પણ તેનામાં થાય છે. વસ્તુની ક્રિયા વસ્તુથી જુદી હોતી નથી...કેમકે–

**यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म ।**
**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ।।**
**( સમયસાર કળશ ૫૧ )**

પરિણમનાર દ્રવ્ય તે કર્તા છે, જે પરિણામ થાય છે તે તેનું કર્મ છે, અને એક પર્યાયથી બીજી પર્યાયરૂપે પલટવારૂપ પરિણતિ તે ક્રિયા છે; એ ત્રણેય વસ્તુપણે જુદા નથી, એટલે કે કર્તા એક વસ્તુને તેનું કર્મ બીજી વસ્તુમાં–એમ ભિન્ન ભિન્ન વસ્તુમાં કર્તાકર્મપણું હોતું નથી. આત્મા પલટીને પોતાની જ્ઞાનાદિ પર્યાયરૂપ થાય છે, પણ આત્મા પલટીને કદી પણ જડ શરીરરૂપ થતો નથી માટે આત્મા શરીરનાં કાર્યોનો કર્તા નથી. શરીરની ક્રિયાપણે તો જડ પરમાણુઓ પલટે છે. જે વસ્તુ જે કાર્યરૂપે પરિણમે તેને જ તેની કર્તા કહેવાય. આત્મા કાંઈ શરીરના કાર્યરૂપે નથી પરિણમતો. અને ખરેખર તો રાગમાં પણ અભેદ થઈને આત્મા નથી પરિણમતો; આત્મા તો પોતાના નિર્મળ પર્યાયરૂપી કાર્યમાં અભેદ થઈને પરિણમે છે તેથી તેનો જ કર્તા છે, અને તે જ તેનું કર્મ છે. આને બદલે વિકારમાં તન્મયતા માનીને જે પરિણમે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

જુઓ, આ આત્માની ક્રિયાનું વર્ણન ! આમાં ક્રિયા ઉથાપાતિ નથી પણ વાસ્તવિકધર્મની ક્રિયા સ્થપાય છે. હા ! જગત જડની ક્રિયામાં ને વિકારની ક્રિયામાં ધર્મ માની રહ્યું છે, તે વાત ઉથાપાય છે; ને શુદ્ધભાવને ધર્મની ક્રિયા તરીકે સમ્યક્પણે સ્થપાય છે. જેટલા તીર્થંકરો–સંતો–મુનિઓ–ધર્માત્માઓ થયા, છે અને થશે, તે બધાયે આ જ ક્રિયાથી ધર્મ કર્યો છે ને કહ્યો છે. ભગવાને અને સંતોએ ત્રણ પ્રકારની ક્રિયા સ્થાપી છે–

(૧) શરીર વગેરેની ક્રિયાને **જડની ક્રિયા** તરીકે સ્થાપી છે.

(૨) રાગ–દ્વેષ–મોહરૂપ વિકારને **અધર્મની ક્રિયા** તરીકે સ્થાપી છે.

(૩) આત્માના સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવને **ધર્મની ક્રિયા** તરીકે સ્થાપી છે.

આ સિવાય શરીરાદિ જડની ક્રિયાથી ધર્મ થાય કે પુણ્ય વગેરે વિકારી ક્રિયાથી ધર્મ થાય–એ વાત ભગવાને સ્થાપી નથી પણ ઊથાપી છે.

જેમ ખાનદાન પિતા પોતાના પુત્રને શિખામણ આપે, તેમ આ આત્માના ધર્મપિતા ભગવાન સર્વજ્ઞ અને સંતો શિખામણ આપે છે કે હે વત્સ ! હે ભાઈ ! શરીરની ક્રિયામાં કે રાગમાં ધર્મ માનવો તે તો બાહ્યવૃતિ છે, તે બાહ્યવૃતિમાં તારી શોભા નથી, માટે તે બાહ્યવૃતિને તું છોડ. બાહ્યભાવોમાં રાચતાં તારું કુળ લજવાય છે, તારા ચૈતન્યસ્વભાવની ખાનદાનીમાં તે શોભતું નથી માટે તેને તું છોડ. તું અમારો કુળનો છો એટલે અમારી જેમ સર્વજ્ઞ–વીતરાગ થવાનો તારો સ્વભાવ છે; તારામાં સર્વજ્ઞ અને વીતરાગ થવાની તાકાત ભરી છે, તેને તું સંભાળ ! જુઓ, આ સર્વજ્ઞપિતાની શિખામણ ! સર્વજ્ઞપ્રભુની શિખામણ સર્વજ્ઞ–વીતરાગ થવાની જ છે. જે પોતે વીતરાગ થયા તે રાગ રાખવાની શિખામણ કેમ આપે ? જે જીવ રાગને રાખવા જેવો માને છે તેણે સર્વજ્ઞપ્રભુની શિખામણ માની નથી, તેથી તે સર્વજ્ઞદેવથી આજ્ઞાથી બહાર છે. ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને તેનો જેણે આદર કર્યો તે જ સર્વજ્ઞપિતાની આજ્ઞામાં આવ્યો છે, એટલે તે સર્વજ્ઞનો વારસ થયો છે....ને અલ્પકાળમાં સર્વજ્ઞ થઈ જશે.

ભાવશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

હે આસન્નભવ્ય જીવ ! હે મોક્ષાર્થી જીવ ! તારા શુદ્ધ આત્મતત્ત્વને જ તું ઉપાદેય કર, તે જ ઉપાદેય છે એમ શ્રદ્ધા કર, તેને જ ઉપાદેય તરીકે જાણ, ને તેને જ ઉપાદેય કરીને તેમાં ઠર–આમ કરવાથી અલ્પકાળમાં તારી મુક્તિ થશે.

❋ ❋ ❋

# ક્રિયા શક્તિ

**સ્વભાવના અવલંબને સ્વયં છ કારકરૂપ થઈને પોતાના સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવોને કરે એવી ક્રિયાશક્તિ આત્મામાં છે; પોતાના નિર્મળભાવરૂપ ક્રિયા કરવા માટે તેને કોઈ બહારના કારકોનો આશ્રય લેવો પડતો નથી. અહો ! જેને જોતાં જ અનાદિકાળની દીનતા ટળી જાય, ને આત્મામાં અપૂર્વ આહ્લાદ જાગે....જેની સન્મુખ નજર કરતાં જ પ્રદેશે પ્રદેશે રોમાંચ ઊછળી જાય કે 'અહો ! આવી મારી પ્રભુતા !!' એવી અચિંત્ય પ્રભુતા આત્મામાં ભરી છે.**

જ્ઞાનસ્વરૂપ આત્માની શક્તિઓનું આ વર્ણન ચાલે છે. દરેક આત્મામાં આ શક્તિઓ ત્રિકાળ સ્વયંસિદ્ધ છે, આ શક્તિઓ કાંઈ નવી કરવી પડતી નથી; પણ તેની ઓળખાણ કરીને પર્યાયમાં તે પ્રગટ કરવાની છે. પોતાના આત્માની અનંતશક્તિઓને ઓળખતાં પર્યાયમાં તેનું વ્યક્ત વેદન થાય છે તેનું નામ ધર્મ છે.

'કારકો અનુસાર થવાપણારૂપ જે ભાવ તે–મયી ક્રિયાશક્તિ આત્મામાં છે.'૩૯મી શક્તિમાં ભેદરૂપ કારકો અનુસાર થતી વિકારી ક્રિયાથી રહિતપણું બતાવ્યું ને આ શક્તિમાં અભેદરૂપ શુદ્ધ ધારકો અનુસાર થતી નિર્મળક્રિયાથી સહિતપણું બતાવે છે. પોતાના સ્વભાવને જ અનુસરીને નિર્મળભાવરૂપે થાય એવી ક્રિયાશક્તિ આત્મામાં છે, પણ આત્મા પરની ક્રિયા કરે કે પરને અનુસરીને ક્રિયા કરે એવી તેની ક્રિયાશક્તિ નથી. પોતાના સ્વભાવનું જ અવલંબન રાખીને એક અવસ્થામાંથી બીજી નિર્મળ અવસ્થારૂપે પરિણમે– એવી ક્રિયાશક્તિવાળો આત્મા છે. પણ આત્મા પલટીને પરભાવરૂપ થઈ જાય એવી તેની શક્તિ નથી.

**પ્રશ્ન** :- પર્યાયમાં વિકારીભાવરૂપે પણ આત્મા પરિણમે છે તો ખરો ?

**ઉત્તર** :- આ આત્માની શક્તિનું વર્ણન છે; શક્તિ એટલે આત્માનો વૈભવ; તેમાં વિકારની વાત કેમ આવે ? વિકાર તો દીનતા છે, આત્માના વૈભવમાં તે દીનતાનો અભાવ છે. શક્તિ સામે જોનારને પોતાની પરિપૂર્ણતા જ ભાસે છે, ને પરિપૂર્ણતારૂપ આત્મવૈભવના આધારે પર્યાયમાંથી વિકારરૂપી દીનતા છૂટી જાય છે. પર્યાયમાં વિકાર હોવા છતાં તે શક્તિના આધારે થયેલો નથી, તેમજ આત્માની શક્તિઓમાં એવી કોઈ પણ શક્તિ નથી કે જે વિકારની કર્તા થાય. શુદ્ધ ભાવના છ કારકરૂપ થઈને સ્વયં પરિણમે એવી આત્માની ક્રિયાશક્તિ છે. આત્મા સ્વયમેવ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાનાદિરૂપે પરિણમવાના સ્વભાવવાળો છે–એ બાબતમાં પૂર્વે (૩૯મી શક્તિના વર્ણનમાં, પ્રવચનસાર વગેરેનો આધાર આપીને) ઘણું કહેવાઈ ગયું છે.

પહેલાં તો, આત્માનો સ્વભાવ શું છે તેનું સત્સમાગમે વારંવાર શ્રવણ કરીને–તેનો ઉલ્લાસ લાવીને, તેનું ગ્રહણ અને ધારણ કરીને, દૃઢ નિર્ણય કરવો જોઈએ. યથાર્થ નિર્ણય કર્યા વગર પ્રયત્નનું જોર અંતરમાં વળે નહિ. આત્માના સ્વભાવનો નિર્ણય કરીને તેમાં અંતર્મુખ થતાં સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવો પ્રગટે છે. આવા નિર્મળ ભાવોને સ્વયં છ કારકરૂપ થઈને કરે એવી આત્માની ક્રિયાશક્તિ છે. આત્માને પોતાના નિર્મળ ભાવરૂપ ક્રિયા કરવા માટે કોઈ બહારના કારકોનો આશ્રય લેવો પડતો નથી, તેમજ આત્મા કારક થઈને જડની કે રાગની ક્રિયાને કરે એવો પણ તેનો સ્વભાવ નથી. પોતાના જ કારકોને અનુસરીને પોતાના વીતરાગભાવરૂપ પરિણમવાની જ ક્રિયા કરે એવો આત્માનો સ્વભાવ છે. જુઓ, આમાં એકલી સ્વભાવદૃષ્ટિ જ થાય છે, ને બહારમાં કોઈના આશ્રયે લાભ થાય–વ્યવહારના આશ્રયે લાભ થાય–એ દૃષ્ટિનો ભૂક્કો ઊડી જાય છે. પોતાના સ્વભાવના આશ્રયે જ પોતાની પરમાત્માદશા પ્રગટે છે, આત્માને પોતાની પરમાત્મદશા પ્રગટ કરવા માટે કોઈ બીજાનો આશ્રય લેવો પડે કે કોઈ બીજો તેને મદદ કરે–એમ છે જ નહિ.

અત્યાર સુધીમાં અનંતા જીવો પરમાત્મા થઈ ગયા; જેઓ ભગવાન પરમાત્મા થયા તેઓ બધાય પોતાના સ્વભાવના કારકોને અનુસરીને પરિણમીને જ પરમાત્મા થયા છે; આત્મા સિવાય બાહ્ય પદાર્થોને કર્તા બનાવ્યા વિના જ તેઓ પરમાત્મા થયા છે, બાહ્ય પદાર્થોને સાધન બનાવ્યા વિના જ તેઓ પરમાત્મા થયા છે, બાહ્ય પદાર્થોને સંપ્રદાન

કે અપાદાન બનાવ્યા વિના જ તેઓ પરમાત્મા થયા છે, બાહ્ય પદાર્થોનો આધાર લીધા વિના જ તેઓ પરમાત્મા થયા છે, ને બાહ્ય પદાર્થો સાથેના સંબંધ વિના જ તેઓ પરમાત્મા થયા છે. અલ્પજ્ઞતાનો નાશ કરીને પરમાત્મદશારૂપે પરિણમવારૂપ જે ક્રિયા થઈ તેના સ્વયં પોતે જ કર્તા છે, પોતાનો આત્મા જ તેનું સાધન છે, પોતાનો આત્મા જ તેનું સંપ્રદાન ને અપાદાન છે, પોતાનો આત્મા જ તે પરમાત્મદશાનો આધાર છે, ને પોતાના સ્વભાવ સાથે જ તેનો સંબંધ છે. આ રીતે બાહ્યના છ કારકો વિના, પોતાના જ કારકો અનુસાર શુદ્ધભાવરૂપે સ્વતઃ પરિણમવાની ક્રિયા કરે એવો આત્માનો સ્વભાવ છે.

અહો ! પરમાત્મા થવાની તાકાત સ્વતઃ પોતામાં જ ભરી હોવા છતાં જીવો પોતાની પ્રભુતાના નિધાનને દેખતા નથી, ને બહારમાં ભટકે છે, તેથી સંસારમાં રખડે છે. અહીં આચાર્યદેવ આત્માની શક્તિઓ વર્ણવીને તેની પ્રભુતા દેખાડે છે. દેખો રે દેખો ! ચૈતન્યનાં નિધાન દેખો ! અરે જીવો ! તમારા અંતરના એવા ચૈતન્યનિધાન દેખાડું કે જેને જોતાં જ અનદિકાળથી દીનતા ટળી જાય ને આત્મામાં અપૂર્વ આહ્‌લાદ જાગે...જેની સન્મુખ નજર કરતાં જ પ્રદેશે પ્રદેશે રોમાંચ ઊછળી જાય કે 'અહો ! આવી મારી પ્રભુતા !!' એવી અચિંત્ય પ્રભુતા આત્મામાં ભરી છે.

ભાઈ ! તારા આત્મામાં એવી પ્રભુતા છે કે જગતમાં બીજા કોઈની પણ સહાય વિના સ્વતઃ એકલો જ પોતામાંથી અનંત જ્ઞાન ને આનંદ પ્રગટ કરીને તું પોતે પરમાત્મા થઈ જા–એવી તારી તાકાત છે. એક વાર તો અંતરમાં નજર કરીને તારી પ્રભુતાને દેખ ! નજર કરતાં જ ન્યાલ કરી દ્યે એવો તારો સ્વભાવ છે. તું તારા સ્વભાવની પ્રભુતાનો વિશ્વાસ રાખીને તેના આધારે શુદ્ધભાવરૂપ પરિણમવાની ક્રિયા કર, અને બીજો કોઈ સાધન થઈને તને પરિણમાવી દેશે એવી વ્યર્થ આશા છોડી દે. અરે, પોતાની જ પોતાને ખબર ન હોય તે સુખી કેમ થાય ? પોતાને જ ભૂલીને બહારમાં ફાંફાં મારે તેને સુખ ક્યાંથી મળે ? માટે અંતરમાં મારો આત્મા શું ચીજ છે કે જેનામાં મારું સુખ ભર્યું છે !–એમ અંતર્‌શોધ કરીને આત્માનો પત્તો મેળવવો જોઈએ. આત્માની સત્તા સિવાય બીજે તો ક્યાંય સુખનું અસ્તિત્વ છે જ નહિ.

સમકિતી ધર્માત્મા ચોથા ગુણસ્થાને અસંયમી હોય, ગૃહસ્થપણામાં વેપાર–ધંધા–ઘરબાર વર્તતા હોય છતાં તેને અંતરમાં આત્માના વૈભવનું ભાન સદાય વર્તે છે; આઠ વર્ષની બાળકીને કે દેડકાના આત્માને પણ આવા આત્માનું ભાન થઈ શકે છે; અરે !

આરાધના સહિત જન્મેલો જીવો (તીર્થંકરાદિક) હજી તો ઘોડિયામાં ઝૂલતા હોય ત્યારે પણ તેમને અંતરમાં આવા ચૈતન્યનું ભાન વર્તતું હોય છે. આ શરીર તો ઉપરનું ખોળીયું છે, તે કાંઈ આત્મા નથી, આત્મા તો અંદર જુદો છે. તે જ્યારે જાગીને પોતાના સ્વરૂપનું ભાન કરે ત્યારે કરી શકે છે. આ ૪૭ શક્તિ વગેરેના શબ્દો બોલતાં ભલે તેને ન આવડે, પણ આ શક્તિના વાચ્યરૂપ ભાવો આત્મામાં છે તે તેના સંવેદનમાં આવી જાય છે, આત્માની આખી પ્રભુતા તેની પ્રતીતમાં આવી જાય છે, સ્વતઃ છ કારકરૂપ થઈને નિર્મળભાવરૂપે પરિણમવાની ક્રિયા તેના આત્મામાં થઈ જાય છે. અંતર્મુખ થઈને આવી ક્રિયા કર્યે જ કલ્યાણ છે, બીજી કોઈ રીતે કલ્યાણ નથી. 'અરે ! દેડકા અને આઠ વર્ષની બાળકીના આત્માઓ પણ આવું આત્મભાન કરે છે તો મારાથી કેમ ન થાય ? મારામાં પણ મારી પ્રભુતા છે ને હું પણ તેનું ભાન કરી શકું છું–' એમ આત્મામાં ઉલ્લાસ લાવીને, આત્માનો વિશ્વાસ લાવીને, પ્રયત્ન કરવો જોઈએ. અને આવો પ્રયત્ન કરે તેને આત્માના આનંદનો અપૂર્વ અનુભવ થાય જ.

જુઓ, ભાઈ ! આ કોઈ સાધારણ વાત નથી, તેમજ સાધારણ પુરુષની કહેલી આ વાત નથી; આ તો પરમાત્મપદને સાધનારા વીતરાગી સંતોએ આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં આત્માની અચિંત્ય શક્તિઓનું અદ્દ્ભુત વર્ણન કર્યું છે. અંતરના અનુભવની આ ચીજ છે. આત્માના હિત માટે વીતરાગી સંતોએ આ જે માર્ગ બતાવ્યો છે તે જ પરમ સત્ય છે; અનેકાન્ત શાસન અર્થાત્ સર્વજ્ઞનું શાસન–જૈનશાસન–વસ્તુસ્વભાવનું શાસન,– તે સિવાય બીજે ક્યાંય આ વાત નથી. કુંદકુંદાચાર્યદેવે સમયસારની ૪૧૫ ગાથામાં તો આત્મસ્વભાવનો વૈભવ ભરી દીધો છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે તેનું દોહન કરીને તેમાં રહસ્યો ખોલ્યાં છે, તેઓ પોતે કુંદકુંદપ્રભુના ગણધર સમાન છે; કુંદકુંદાચાર્યદેવે તીર્થંકર જેવા કામ કર્યા છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે ગણધર જેવાં કામ કર્યા છે. અહો ! આ કાળે તે સંતાનો મહાઉપકાર છે. સંતોએ દાંડી પીટીને વસ્તુસ્વરૂપ જગતને જાહેર કર્યું છે.

હે જીવ ! તારા ધર્મને માટે તારામાં જ તું જો...બહારમાં કારણોને ન શોધ, કેમકે તારા ધર્મના કારકો બહારમાં નથી. પોતાના જ છ કારકોને અનુસરીને પરમાત્માદશારૂપે પરિણમી જાય એવી પ્રભુતા તારામાં જ ભરી છે, તારી પ્રભુતાને ક્યાંય બહાર ન શોધ...તારી પ્રભુતા માટે બાહ્ય સામગ્રીને (–શરીરને, નિમિત્તને કે રાગાદિને)

શોધવાની વ્યગ્રતા ન કર. બાહ્ય સામગ્રી વિના પોતે એકલો પોતાના છ કારકોરૂપ થઈને કેવળજ્ઞાનરૂપે પરિણમી જાય એવો સ્વયંભૂભગવાન પોતે જ છે. અહો ! આવી પોતાની પ્રભુતાને છોડીને પરને કોણ શોધે ? બહારમાં સાધનોને માટે કોણ ફાંફાં મારે !!

'ભગવાન' કે 'પ્રભુ' એવા શબ્દ આવે ત્યાં જીવની નજર બહારમાં જાય છે. પણ ભાઈ રે ! જેઓ ભગવાન થઈ ગયા તેમને કાંઈ આ વાત નથી સમજાવતા, આ તો તારા આત્માની વાત છે. આ આત્માને જ અમે 'ભગવાન' કહીએ છીએ ને આત્માને જ 'પ્રભુ' કહીએ છીએ. જેઓ ભગવાન અને પ્રભુ થયા તેઓ ક્યાંથી થયા ? આત્મામાં તાકાત છે; અંતર્દૃષ્ટિના બળે તે તાકાતને ખોલીને આ આત્મામાં પણ એવી તાકાત છે; અંતર્દૃષ્ટિના બળે તે તાકાતને ખોલીને આ આત્મા પણ ભગવાન અને પ્રભુ થઈ શકે છે. માટે પહેલાં તારા સ્વભાવની આવી તાકાતનો વિશ્વાસ કર અને તેનો મહિમા લાવ. પછી તે સ્વદ્રવ્યના આશ્રયે એકાગ્ર થતાં, પરના કારકોની અપેક્ષા વગર પોતાના જ કારકોથી તારો આત્મા પ્રભુતારૂપે પરિણમી જશે, તું પોતે ભગવાન થઈ જઈશ. શક્તિરૂપે તો બધા આત્મામાં પ્રભુતા છે પણ તેનું સમ્યક્ ભાન કરીને પર્યાયમાં પ્રભુતા વ્યક્ત કરે તેની બલિહારી છે.

'આવો રાગ હોય અને આવા નિમિત્તો હોય તો મને લાભ થાય'–એમ રાગ પાસે ને નિમિત્ત પાસે જે પોતાની પ્રભુતા માંગે છે તે તો દીન–ભીખારી છે, તેને પ્રભુતા ક્યાંથી મળશે ? 'दीन भयो प्रभु पद जपै मुगति कहांसे होय ?' પ્રભુતાની તાકાત તો પોતામાં ભરી છે તેને ઓળખીને તેને ભજે–સેવે તો પ્રભુતા મળે. અરે જીવ ! તારા સ્વભાવમાં પ્રભુતાનું કલ્પવૃક્ષ પડ્યું છે, તેની છાયામાં જઈને પ્રભુતા માંગ તો તને તારી પ્રભુતા મળ્યા વગર રહે નહિ. જેમ હાથમાં કોલસો કે પથ્થરો લઈને ચિંતવે તો કાંઈ મળે નહિ, પણ હાથમાં ચિંતામણિ લઈને જે ચિંતવે તે બાહ્યવૈભવ મળે; તેમ શરીરને કે રાગરૂપી કોલસાને પકડીને ચિંતવે તો તેની પાસેથી કાંઈ આત્માની પ્રભુતા ન મળે. પણ આત્માના સ્વભાવ પોતે ચૈતન્ય–ચિંતામણી છે, એ ચિંતામણીને ચિંતવે તો પ્રભુતા મળે...અર્થાત્ હું જ પ્રભુતાથી ભરેલો ચૈતન્ય–ચિંતામણી છું–એમ પોતાના આત્માનું ચિંતન કરતાં આત્મા પોતે પ્રભુ થઈ જાય છે. આચાર્યદેવ આત્માની પ્રભુતા બતાવીને કહે છે કે અરે જીવ ! તારી પ્રભુતાનાં નિધાન તને બતાવીએ, તે એકવાર તો દેખ

! તારા નિધાનને જો તો ખરો ! પોતાના સ્વભાવની પ્રભુતાને જોવાનું કુતૂહલ–હોંસ–ઉમંગ કરે તેને પ્રભુતા મળ્યા વિના રહે જ નહિ. નિરપેક્ષપણે પોતાના વીતરાગી છ કારકોરૂપે થઈને પ્રભુતારૂપે પરિણમવાની ક્રિયા કરે એવી આત્માની ક્રિયાશક્તિ છે. આવા નિરપેક્ષ સ્વભાવનું ભાન થતાં સ્વ–પરપ્રકાશક સમ્યગ્જ્ઞાન ખીલી જાય છે, અને યથાર્થ નિમિત્તો કેવા હોય–એવા નિમિત્ત–નૈમિત્તિક સંબંધરૂપ સાંપેક્ષતાને પણ તે જ્ઞાન યથાર્થરૂપે જાણે છે. નિરપેક્ષતાને ઓળખ્યા વિના એકલી સાપેક્ષતાનું જ્ઞાન સાચું થતું નથી. અંતર્મુખ થઈને નિરપેક્ષ ચિદાનંદ સ્વભાવનું સ્વસંવેદન કરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય.

**પ્રશ્ન** :- ઘણા કહે છે કે આત્મા અરૂપી છે માટે તે સ્વસંવેદન–પ્રત્યક્ષ ન થઈ શકે ?

**ઉત્તર** :- એ વાત ખોટી છે. આત્મા અરૂપી હોવાથી તે ઇંદ્રિયોદ્વારા પ્રત્યક્ષ ન થઈ શકે એ ખરૂં; પરંતુ અતીન્દ્રિયજ્ઞાનથી તો આત્મા સ્વસંવેદન–પ્રત્યક્ષ થાય છે. મતિ–શ્રુતજ્ઞાન પણ જ્યારે અંતરમાં વળે છે ત્યારે તેને અતીન્દ્રિયપણું છે, ને તે મતિ–શ્રુતજ્ઞાનમાં પણ આત્મા સ્વસંવેદન–પ્રત્યક્ષ થાય છે, અને પોતાને તેની ખબર પડે છે. જો પોતાને પોતાના સ્વસંવેદનની નિઃશંક ખબર ન પડે તો નિઃશંકતા વગર સાધક શેનો ? અને તે આત્માને સાધશે કઈ રીતે ? સાધક જીવ (ચોથા ગુણસ્થાનવાળા અવિરત સમકિતી પણ) પોતાનાં જ્ઞાનને અંતરમાં વાળીને સ્વસંવેદન–પ્રત્યક્ષથી આત્માને જાણી શકે છે. આમ જે નથી માનતો તેણે આત્માને જાણ્યો જ નથી. આત્મામાં જ 'સ્વયં પ્રકાશમાન વિશદસ્પષ્ટ **સ્વસંવેદનમયી** પ્રકાશશક્તિ' છે, એટલે આત્મા પોતે પોતાનાં જ્ઞાનથી જ પોતાના સ્પષ્ટ–પ્રત્યક્ષ સ્વાનુભવ કરે એવો તેનો સ્વભાવ છે. (–આ પ્રકાશશક્તિના વિશેષ વિવેચન માટે જુઓ પૃ.૧૪૪ થી ૧૫૫)

સ્વયં–પોતાના જ છ કારકોવડે, ઇંદ્રિય વગેરે કારકોની સહાય વિના, જ્ઞાતાસન્મુખ થઈને પોતે પોતાનું પ્રત્યક્ષ–સ્પષ્ટસ્વસંવેદન કરે એવો આત્માનો સ્વભાવ છે; પરોક્ષ રહેવાનો તેનો સ્વભાવ નથી, પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે; તે સ્વભાવનાં લક્ષે સ્વસંવેદન–પ્રત્યક્ષતાનું પરિણમન થઈ જાય છે.

સ્વભાવનું સમ્યક્ પરિણમન ક્યારે થાય ?– કે જ્યારે તેમાં પર્યાયની એકતા થાય ત્યારે.

તે એકતા ક્યારે થાય ?–કે તે સ્વભાવ ઉપર જ્યારે નજર કરે ત્યારે.

શુદ્ધ સ્વભાવમાં નજર કરે તો તેમાં એકતા થાય અને સ્વભાવની શક્તિઓનું સમ્યક્ પરિણમન થાય. આનું નામ ધર્મ છે, ને આ જ મોક્ષનો માર્ગ છે.

એક આ વાત ખાસ સમજવા જેવી છે કે શુદ્ધતાના જ છ કારકરૂપે થવાનો આત્માનો સ્વભાવ છે, પણ અશુદ્ધતાના કારકરૂપે થવાનો આત્માનો સ્વભાવ નથી. જે જીવ એકલી અશુદ્ધતારૂપે જ પરિણમે છે તેણે સ્વયં છ કારકરૂપ થવાના આત્માના શુદ્ધસ્વભાવને જાણ્યો નથી તેથી તે એકલા પરને જ કારક માનીને તેના આશ્રયે અશુદ્ધતારૂપે પરિણમે છે. જો પરથી નિરપેક્ષ સ્વયં છ કારકરૂપ થવાના આત્માના સ્વભાવને જાણે તો તે સ્વભાવના આશ્રયે શુદ્ધતારૂપ પરિણમન થયા વિના રહે જ નહિ; આ રીતે શુદ્ધદ્રવ્યસ્વભાવને સ્વીકારતાં પર્યાય પણ તેની સાથે એકતા કરીને તેના જેવી–શુદ્ધ–થઈ જાય છે, એટલે ત્યાં દ્રવ્ય–પર્યાયનો ભેદ રહેતો નથી ને અભેદમાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે.–આવું આત્મસ્વભાવની સમજણનું ફળ છે.

**જીવ પોતાના સ્વભાવને કારણ ન બનાવતાં પરને કારણ બનાવે છે તે સંસાર છે; જો પોતાના સ્વભાવને કારણ બનાવે તો શુદ્ધતારૂપ પરિણમન થાય ને મોક્ષ થાય. આત્માનો સ્વભાવ શુદ્ધતાનું જ કારણ થવાનો છે તેથી તેને કારણપણે જે સ્વીકારે તેને શુદ્ધતારૂપ કાર્ય થયા વિના રહે નહિ. હે જીવ ! તારી સિદ્ધિનું સાધન તારા આત્મામાં જ રહ્યું છે; તારી ક્રિયાશક્તિને લીધે તારો આત્મા પોતાના જ છ કારકોવડે એક અવસ્થામાંથી બીજી અવસ્થારૂપે પરિણમી જાય છે.–માટે પરાશ્રયબુદ્ધિ છોડ ને આવા તારા સ્વભાવનો જ આશ્રય કરીને નિર્મળભાવરૂપે પરિણમવાની ક્રિયા કર.–એમ ભગવાન સંતોના ઉપદેશનું તાત્પર્ય છે.**

– ૪૦ મી ક્રિયાશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

## આ વે છે.....!

આત્માના છ કારકસંબંધી છ શક્તિઓનું અદ્ભુત વર્ણન હવે આવે છે. જિજ્ઞાસુ જીવો ભાવપૂર્વક બહુમાનથી તેનો અભ્યાસ કરજો.

# કર્મ શક્તિ

**'કર્મ શક્તિ' કહેતાં જડ કર્મની શક્તિની આ વાત નથી, પરંતુ પોતાના સમ્યગ્દર્શનાદિ કર્મરૂપે (કાર્યરૂપે) પોતે પરિણમે એવી આત્માની કર્મશક્તિ છે; તે શક્તિનું આ વર્ણન છે. પૂ. ગુરુદેવનું આ પ્રવચન જિજ્ઞાસુ જીવોને ખાસ મનનીય છે.**

ક્રિયાશક્તિમાં આત્માના સ્વાભાવિક છ કારકો બતાવ્યા; હવે છ શક્તિઓમાં તે સ્વભાવિક છએ કારકોનું જુદું જુદું વર્ણન કરીને આચાર્યદેવ વધારે સ્પષ્ટતા કરે છે.

'પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ ભાવ તે–મયી કર્મશક્તિ છે.'

વ્યાકરણમાં છ કારકો અને એક સંબંધ એમ સાત વિભક્તિ આવે છે, તે સાતે વિભક્તિઓને અહીં સાત શક્તિરૂપે વર્ણવીને આત્માનું એકત્વ–વિભક્ત સ્વરૂપ બતાવ્યું છે. પરમાર્થ વિભક્તિ તેને કહેવાય કે જે આત્માને પરથી વિભક્ત કરે. સ્વમાં એકત્વને પરથી વિભક્ત એવો આત્માનો સ્વભાવ છે. કર્તા–કર્મ–કરણ વગેરે છ કારક અને એક સંબંધ એ સાતે વિભક્તિ આત્માને પરથી વિભક્ત–જુદો બતાવે છે. છેલ્લી સંબંધશક્તિ કહેશે તે સંબંધશક્તિ પણ કાંઈ આત્માનો પર સાથે સંબંધ નથી બતાવતી, પણ પોતામાં જ સ્વસ્વામી સંબંધ બતાવીને પર સાથેનો સંબંધ તોડાવે છે; એ રીતે પરથી ભિન્ન આત્માને બતાવે છે. આવા વિભક્ત આત્માને જાણ્યા વગર 'આ શબ્દની આ વિભક્તિને ફલાણા શબ્દની ફલાણી વિભક્તિ' એમ વ્યાકરણ ભણી જાય તેથી કાંઈ કલ્યાણ ન થાય. જેણે બધાથી વિભક્ત આત્માને જાણ્યો તેણે બધી વિભક્તિ જાણી લીધી. આત્માને પરની સાથે કર્તાકર્મપણું માને, પરને સાધન માને કે પરને આધાર માને તેણે આત્માની વિભક્તિને (–પરથી ભિન્નતાને) જાણી નથી.

પ્રાપ્ત કરાતો એવો સિદ્ધરૂપભાવ એટલે નક્કી થયેલો ભાવ, સાબિત થયેલો ભાવ, પ્રગટેલો ભાવ, તે આત્માનું કર્મ છે, ને તે કર્મરૂપે આત્મા પોતે થાય છે, એવી તેની કર્મશક્તિ છે. અહીં પહેલાં કર્મ એટલે કે કાર્ય બતાવીને પછી તેના કર્તા–કરણ વગેરે બતાવશે. વર્ણનમાં તો ક્રમથી કથન આવે, વસ્તુમાં કાંઈ છ કારકો ક્રમે ક્રમે નથી, વસ્તુમાં તો એક સાથે જ છએ કારકરૂપ પરિણમન છે.

અનંતસ્વભાવના પિંડ આત્મા ઉપર દૃષ્ટિ કરતાં, તે તે સમયની નિર્મળપર્યાય કાર્યરૂપે પ્રાપ્ત કરાય છે તે આત્માનું કર્મ છે. 'કર્મ' કહેતાં અહીં જડ કર્મની કે રાગાદિ ભાવકર્મની વાત નથી, પણ ચૈતન્યસ્વભાવમાંથી જે સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાયરૂપ કાર્ય પ્રાપ્ત કરવામાં આવે તેની વાત છે. શુદ્ધ દ્રવ્યસ્વભાવનું અવલંબન લેતાં ક્ષણે ક્ષણે નવો નવો નિર્મળભાવ પ્રાપ્ત થાય છે; તે પ્રાપ્ત થતો ભાવ સિદ્ધરૂપ છે એટલે કે પ્રસિદ્ધ થઈ ગયેલો છે–પ્રગટેલો છે. વસ્તુમાં શક્તિપણે તો અનાદિથી હતો પણ હવે તે ભાવ પ્રસિદ્ધ થયો–પર્યાયમાં વ્યક્ત થયો એટલે તેને સિદ્ધરૂપ ભાવ કહ્યો છે. 'સિદ્ધરૂપ ભાવ'માં એકલી સિદ્ધદશા ન લેવી પણ સમ્યગ્દર્શનાદિ બધી નિર્મળપર્યાયો સિદ્ધરૂપ ભાવમાં આવી જાય છે. તે પ્રાપ્ત કરાતો સિદ્ધરૂપ ભાવ તે કર્મ છે, આત્મા પોતાની શક્તિથી તે રૂપ થાય છે એવી તેની કર્મશક્તિ છે. આ શક્તિ આત્મામાં ત્રિકાળ છે, પણ તેનું ભાન થતાં નિર્મળપર્યાયરૂપ કાર્યની (–કર્મની) પ્રાપ્તિ નવી થાય છે, પહેલાં નિમિત્તાધીન બાહ્યદૃષ્ટિ વખતે નિર્મળભાવની પ્રાપ્તિ ન હતી ને શક્તિનું પણ ભાન ન હતું; હવે સ્વભાવશક્તિનું ભાન થતાં તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવને કર્મપણે પ્રાપ્ત કર્યો.

જુઓ, આ આત્માનું કર્મ ! અજ્ઞાનીઓ કરમ–કરમ કરે છે, પણ અહીં જડ કર્મથી ભિન્ન આત્માનું કર્મ બતાવે છે. જડ કર્મમાં એવી શક્તિ નથી કે આત્માનું કાંઈ કર. આત્મામાં એવી કર્મશક્તિ છે કે તે પોતાના સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીના ભાવોને પ્રાપ્ત કરીને તન્મયપણે પરિણમે છે, એટલે કે પોતાના કર્મપણે પોતે જ થાય છે. જે જીવ આત્માની આવી કર્મશક્તિની પ્રતીત કરે તેને જડ કર્મના સંબંધનો અભાવ થયા વિના રહે નહિ.

કર્મ સંબંધમાં ચાર પ્રકાર છે –

(૧) જડરૂપ જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ

(૨) રાગ–દ્વેષ–મોહાદિ વિકારરૂપ ભાવકર્મ

(૩) સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયરૂપ કર્મ

(૪) આત્માના ત્રિકાળ સ્વભાવરૂપ કર્મશક્તિ

(૧) દ્રવ્યકર્મ તે પર છે, (૨) ભાવકર્મ તે વિભાવ છે, (૩) નિર્મળ પર્યાયરૂપ કર્મ તે ક્ષણિક–સ્વભાવ છે, અને (૪) કર્મશક્તિ તે ત્રિકાળ શુદ્ધ સ્વભાવે છે. તે ત્રિકાળી સ્વભાવના આધારે વર્તમાન નિર્મળ પર્યાયરૂપ કર્મ પ્રગટે છે, ને ભાવકર્મ તથા દ્રવ્યકર્મ છૂટી જાય છે.

સમ્યગ્દર્શનાદિ ધર્મરૂપ નિર્મળ કર્મ રૂપ ક્યાંય બહારથી નથી આવતું પણ આત્મામાં જ તે–રૂપ થવાની શક્તિ છે; આત્માના સ્વભાવનું અવલંબન કરતાં આત્મા પોતે તેવા નિર્મળ કાર્યરૂપે પ્રસિદ્ધ થાય છે. જુઓ, આ આત્માની કાર્યશક્તિ ! આત્માની કાર્યશક્તિ એવી નથી કે જડનું કાંઈ કરે; વિકાર કરે તે પણ ખરેખર આત્માની શક્તિનું કાર્ય નથી; પણ શુદ્ધ જ્ઞાન–દર્શન–આનંદ વગેરે ભાવો આત્માનું ખરું કર્મ છે.

શરીર–કર્મ–ભાષા વગેરે પરમાણુની અવસ્થા છે તે પરમાણુનું કાર્ય છે, કેમ કે તે તેમાં તન્મય છે.

રાગ–દ્વેષ–પુણ્ય–પાપ વગેરે વિકારી ભાવરૂપ અવસ્થા તે મિથ્યાદ્રષ્ટિનું કાર્ય છે, કેમ કે તે તેમાં તન્મય છે.

સમકિતી તો પોતાના સમ્ય શ્રદ્ધા–જ્ઞાન–આનંદરૂપ ભાવોમાં તન્મય થાય છે, અને તે જ આત્માનું વાસ્તવિક કાર્ય છે; તથા તે જ આત્માવડે પ્રાપ્ત કરાય છે. આત્માવડે કર્મરૂપે પ્રાપ્ત કરાતો એવો જે સિદ્ધરૂપ સાધકભાવ (–તે તે સમયે પ્રસિદ્ધ થયેલો સાધકભાવ) તે જ ધર્માત્માનું કર્મ છે.

શું આઠ જડ કર્મો તે આત્માનું કર્મ છે ?– ના.

શું રાગાદિ ભાવકર્મ તે આત્માનું કર્મ છે ?– ના; તે રાગાદિ ભાવો આત્માની પર્યાયમાં થતા હોવા છતાં, આત્માનો સ્વભાવ તેમાં તન્મય થઈને પરિણમતો નથી માટે સ્વભાવદ્રષ્ટિમાં તે આત્માનું કર્મ નથી.

તો આત્માનું ખરું કર્મ શું છે ?– આત્મા પોતે તન્મય થઈને જેને પ્રાપ્ત કરે તે આત્માનું ખરું કર્મ છે. પોતાની નિર્મળ પર્યાયોમાં તન્મય થઈને તેને આત્મા પ્રાપ્ત કરે છે–તે તે પર્યાયોને પહોંચી વળે છે–તેથી તે નિર્મળ પર્યાય જ આત્માનું કર્મ છે, ને તે જ ધર્મ છે.

ધર્મી જાણે છે કે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીનાં પદો પ્રાપ્ત કરવાની તાકાત મારા આત્મામાં છે, ને તે જ મારાં કાર્ય છે; એ સિવાય બહારમાં મોટા રાજપદ કે ઇંદ્રપદ વગેરે પ્રાપ્ત થાય તે કાંઈ મારા આત્માનું કાર્ય નથી. હું તો મારા જ્ઞાન–આનંદ સ્વભાવમય છું ને તેમાંથી પ્રાપ્ત થતી અવસ્થા જ મારું કાર્ય છે, એ સિવાય રાગાદિ વિકારો પણ મારું કાર્ય નથી તો પછી તે વિકારના ફળરૂપ બાહ્ય સંયોગોમાં તો મારું કાર્ય કેમ હોય ? મારા સ્વભાવમાંથી સિદ્ધપદ પ્રગટે તે જ મારું પ્રિય કાર્ય છે.'કર્તાનું ઈષ્ટ તે કર્મ–' ધર્મી–કર્તાનું ઈષ્ટ તો પોતાની નિર્મળ પરિણતિ જ છે; રાગાદિ તે ધર્મીનું ઈષ્ટ નથી તેથી તે તેનું કર્મ નથી. શ્રદ્ધામાં પરમશુદ્ધ એવા ચિદાનંદ સ્વભાવને જ ઈષ્ટ કરીને તેમાંથી સમ્યગ્દર્શનાદિ નિર્મળદશા પ્રાપ્ત કરીને સિદ્ધપદ તરફ પગલાં માંડ્યાં છે, તે જ ધર્માત્માનું ઈષ્ટ–કાર્ય છે.

જાુઓ, આ સિદ્ધપદનો રસ્તો....આ મોક્ષનો પંથ ! આત્માના સ્વભાવને ઈષ્ટ–વહાલો કરીને તેના આશ્રયે નિર્મળપર્યાયરૂપ કાર્ય કરવું તે સિદ્ધપદનો રસ્તો છે. અહો ! આવા આત્માને તો ઈષ્ટ કરે નહિ ને બીજા કાર્યોને ઈષ્ટ માને તે તો સત્‌ના રસ્તે પણ આવ્યો નથી, તો તેને સત્‌નાં ફળરૂપ મોક્ષની પ્રાપ્તિ તો ક્યાંથી થશે ? રાગાદિ હોવા છતાં જેણે અંતર્મુખ થઈને પોતાના ચિદાનંદ સ્વભાવને જ ઈષ્ટ કર્યો છે તે તો સત્‌ના રસ્તે ચડેલો સાધક છે, અને તે સત્‌નાં ફળરૂપ સિદ્ધપદને અલ્પકાળમાં જરૂર પામશે.

અહો ! મારું સમ્યગ્દર્શનાદિ નિર્મળ કાર્ય બહારથી લાવવું પડે તેમ નથી, મારા આત્મામાં જ એવી શક્તિ છે કે હું સ્વયં તે કાર્યરૂપ પરિણમી જઉં–આવો **સ્વશક્તિનો નિર્ણય કર્યો ત્યાં નિજકાર્ય માટે બહારનાં સાધનોની ચિંતા નથી રહેતી. આ રીતે નિશ્ચિંત પુરુષોવડે આ આત્મા સધાય છે;** કેમ કે આત્માને સાધવા માટે બહારનું કોઈ સાધન છે જ નહિ, અંતરમાં આત્મા પોતે જ સર્વસાધનસંપન્ન છે, તેથી બાહ્યસાધનોની ચિંતા વ્યર્થ છે. પોતે પોતાના સ્વભાવના ચિંતનથી જ આ આત્મા સધાય છે, બહારની ચિંતાવડે તે સધાતો નથી, માટે નિશ્ચિંત પુરુષોવડે જ આત્મા સધાય છે. નિમિત્ત વગેરે બાહ્યસાધનોની ચિંતા છોડીને, અંતર્મુખ થઈને આત્મસ્વભાવમાં એકતાન થતાં, આત્મા પોતે પોતાને સાધે છે. જેના ચિંતનમાં એકલા જ્ઞાનમૂર્તિ આત્મા સિવાય અન્ય કોઈ નથી એવા નિશ્ચિંત પુરુષોવડે જ ભગવાન આત્મા સાધ્ય છે, તેઓ જ તેને અનુભવે છે. પોતાની કર્મશક્તિથી જ આત્મા પોતાનાં કાર્યને સાધે છે,–પ્રાપ્ત કરે છે.

જુઓ, વિકાર કેમ ટળે એ વાત પણ આમાં આવી જાય છે. હું વિકાર ટાળું– એમ વિકારને ટાળવાની ચિંતા કરવાથી તે ટળતો નથી, વિકાર સામે જોઈને ઈચ્છા કરે કે મારે આ વિકારને ટાળવો છે, તો તે ઈચ્છા પોતે પણ વિકાર છે, તે ઈચ્છાથી કાંઈ વિકાર ટળી જતો નથી, પરંતુ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ પરમપારિણામિકભાવે સદાય વિકાર રહિત જ છે, તે સ્વભાવસન્મુખ થઈને તેની સાથે જ્યાં એકતા કરી ત્યાં પર્યાય પોતે નિર્વિકારરૂપે પરિણમી, ને વિકાર છૂટી ગયો. ગુણી સાથે એકતા કરતાં ગુણનું નિર્મળકાર્ય પ્રગટે ને વિકાર ટળે.

ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પંચમ–પારિણામિક એ પાંચ, જીવના અસાધારણભાવો છે. દ્રવ્ય–ગુણ ત્રિકાળ પારિણામિકભાવે શુદ્ધ છે, તેમાં કદી વિકાર નથી. તેનો આશ્રય કરતાં ઔપશમિક–ક્ષાયિકાદિ નિર્મળભાવો પ્રગટી જાય છે. ઔદયિકભાવ પરના આશ્રયે થાય છે, પણ અંતર્મુખસ્વભાવના આશ્રયે તેની ઉત્પત્તિ થતી નથી તેથી તે આત્માના સ્વભાવનું કાર્ય નથી. આત્માની બધી શક્તિઓ પારિણામિકભાવે છે, તેને પરની અપેક્ષા નથી. જેમ આત્મામાં શુદ્ધ આનંદસ્વભાવ તથા જ્ઞાનસ્વભાવ પારિણામિકભાવે ત્રિકાળ સ્વતઃસિદ્ધ છે તેમ કર્તાસ્વભાવ–કર્મસ્વભાવ– કરણસ્વભાવ–પ્રભુતાસ્વભાવ વગેરે પણ પારિણામિકભાવે ત્રિકાળ સ્વતઃસિદ્ધ છે; અંતર્મુખ થઈને તેનું ભાન કરતાં જ તેના આધારે નિર્મળ કાર્ય પ્રગટી જાય છે. પરમપારિણામિકભાવને આશ્રયે જે કાર્ય પ્રગટતું તે પણ એક અપેક્ષાએ તો (–પરની અપેક્ષાએ ન લ્યો તો) પારિણામિકભાવે જ છે, અને કર્મના ક્ષય વગેરેની અપેક્ષા લઈને તેને ક્ષાયિક વગેરે કહેવામાં આવે છે.

પરમપારિણામિકભાવસ્વરૂપ આત્મા ' કારણ શુદ્ધ જીવ ' છે. તેમાં અનંતશક્તિઓ છે, તેનું આ વર્ણન છે. આત્માની બધી શક્તિઓ એવા સ્વભાવવાળી છે કે તેના આશ્રયે નિર્મળતા જ પ્રગટે; એક પણ શક્તિ એવા સ્વભાવવાળી નથી કે જેના આશ્રયે વિકાર થાય. જો સ્વભાવના આધારે વિકાર થાય તો તો તે ટળે કઈ રીતે ? સ્વભાવના આધારે જો વિકાર થાય તો તો વિકાર પોતે જ સ્વભાવ થઈ ગયો, તેથી તે ટળી જ શકે નહિ. પરંતુ સ્વભાવનો આશ્રય કરતાં તો વિકાર ટળી જાય છે, માટે વિકારને ઉત્પન્ન કરે એવો કોઈ સ્વભાવ આત્મામાં છે જ નહિ. આમ અંતરમાં સ્વભાવ અને વિકારની ભિન્નતાનો નિર્ણય કરીને, સ્વભાવ સન્મુખ થતાં વિકાર ટળી જાય છે, ને નિર્મળતા

પ્રગટ થાય છે.–તેનું નામ ધર્મ છે.

જેમ આંબાના ઝાડમાં તો કેરી જ પાકે એવો સ્વભાવ છે, આંબાના ઝાડમાં કાંઈ લીંબોડી ન પાકે; તેમ આ આત્મા ચૈતન્યઆંબો છે, તેમાં રાગાદિ વિકાર પાકે એવો સ્વભાવ નથી, તેના આધારે તો નિર્મળતા જ પાકે એવો સ્વભાવ છે. જો ચૈતન્યમાં સિદ્ધપદની શક્તિ ન હોય તો સિદ્ધદશા પાકશે ક્યાંથી ? અંતર્મુખ થઈને સ્વભાવની પ્રતીત કરતાં જ મીઠા–આનંદમય સમ્યગ્દર્શનરૂપી ફળ આપે એવો આ ચૈતન્ય–આંબો છે. આ ચૈતન્ય–આંબાના આશ્રયે નિર્મળભાવ પ્રાપ્ત કરીને અનંત જીવો વિકાર રહિત સિદ્ધ પરમાત્મા થઈ ગયા છે, ને એ પ્રમાણે સદાય બીજા જીવો પણ સિદ્ધ થયા જ કરશે.–આ જ સિદ્ધિનો પંથ છે.

અજ્ઞાની પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલીને, પરાશ્રયબુદ્ધિથી મિથ્યાત્વ–રાગાદિને પોતાના કર્મપણે પ્રાપ્ત કરે છે તે સંસાર છે. ને જ્ઞાની નિજ–શક્તિના અવલંબને સમ્યગ્દર્શનાદિને પોતાના કર્મપણે પ્રાપ્ત કરે છે, તે સિદ્ધિનો માર્ગ છે.

**પ્રશ્ન** :- પહેલા સમયે સમ્યગ્દર્શનાદિ નિર્મળ કાર્ય નથી તો બીજા સમયે તે ક્યાંથી પ્રાપ્ત થશે ?

**ઉત્તર** :- પહેલા સમયે ન હોય ને બીજા સમયે નિર્મળ કાર્યરૂપે આત્મા સ્વયં પરિણમી જાય,–પોતે પોતામાંથી જ નિર્મળ કાર્યને પ્રાપ્ત કરે એવી તેની કર્મશક્તિ છે. સ્વભાવનો આશ્રય કરતાં વર્તમાન જે નિર્મળભાવ વર્તે છે તે, તે સમયનો સિદ્ધ થયેલો ભાવ છે; પહેલાં–પછીના ભાવની કે પરની તેને અપેક્ષા નથી.

જેમાંથી નિર્મળતાની પ્રાપ્તિ થાય એવો આત્માનો સ્વભાવ છે, પણ વિકારની પ્રાપ્તિ થાય એવો આત્માનો સ્વભાવ નથી. એ જ રીતે આત્માના બધા ગુણોમાં પણ એવો સ્વભાવ છે કે પોતાના નિર્મળકાર્યરૂપ કર્મને કરે.

જેમ કે જ્ઞાનગુણનો એવો સ્વભાવ છે કે પોતાના સમ્યગ્જ્ઞાનરૂપ કાર્યને કર્મપણે પ્રાપ્ત કરે; પણ અજ્ઞાનને, વિકારને કે જડને પોતાના કર્મપણે પ્રાપ્ત કરે એવો જ્ઞાનશક્તિનો સ્વભાવ નથી.

એ જ પ્રમાણે શ્રદ્ધાગુણમાં એવો સ્વભાવ છે કે પોતાના સ્વભાવની પ્રતીતિરૂપ કાર્યને (–સમ્યગ્દર્શનને) પોતાના કર્મપણે પ્રાપ્ત કરે; પણ મિથ્યાત્વને, વિકારને કે જડને પોતાના કર્મપણે પ્રાપ્ત કરે એવો શ્રદ્ધાશક્તિનો સ્વભાવ નથી.

એ જ પ્રમાણે આનંદગુણમાં એવો સ્વભાવ છે કે પોતાના અતીન્દ્રિય–અનાકુળ–આહ્‌લાદના વેદનને પોતાના કાર્યપણે પ્રાપ્ત કરે, પણ આકુળતા, દુઃખ કે ઇંદ્રિયવિષયોને પોતાના કર્મપણે પ્રાપ્ત કરે એવો આત્માની આનંદશક્તિનો સ્વભાવ નથી.

એ પ્રમાણે આત્માના બધા ગુણોમાં યથાયોગ્ય સમજી લેવું.

– આત્માના આવા સ્વભાવને લક્ષમાં લઈને જ્યાં એકાગ્ર થયો ત્યાં તે સ્વભાવના આશ્રયે શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરેનું નિર્મળ કાર્ય વર્તે જ છે–એટલે તે કાર્ય સિદ્ધ થયેલું જ છે; તેથી 'હું નિર્મળ કાર્ય પ્રાપ્ત કરું' એવી પણ આકુળતાબુદ્ધિ (–ભેદબુદ્ધિ) ત્યાં રહેતી નથી કેમકે પોતાની કર્મશક્તિથી પોતે સ્વયમેવ નિર્મળ કાર્યરૂપે થઈ જ ગયો છે.

પોતાના સમ્યગ્દર્શનાદિરૂપ નિર્મળ કાર્યને પ્રાપ્ત કરનાર સાધક–ધર્માત્માને દયા–ભક્તિ–પૂજા–જાત્રા વગેરેનો શુભ રાગ થાય છે પરંતુ તે રાગને પોતાના સ્વભાવનું પ્રાપ્ય માનતા નથી, તેને જ તે પોતાનાં કાર્ય તરીકે સ્વીકારે છે;–એ જ ધર્મીનો ધર્મ છે.

નિર્મળપર્યાયરૂપ કર્મપણે થવાની શક્તિ આત્માની છે, એટલે તે નિર્મળ કાર્ય પ્રગટ કરવા માટે, ક્યાંય બહારમાં જોવાનું નથી રહેતું પણ આત્મામાં જ જોવાનું રહે છે; આત્મસ્વભાવના અંતર્–અવલોકનથી જ નિર્મળ કાર્યની સિદ્ધિ થાય છે, બીજી કોઈ રીતે તેની સિદ્ધિ થતી નથી.–આમ અસ્તિ–નાસ્તિરૂપ અનેકાન્ત–નિયમ છે.

આચાર્યભગવાને આ શક્તિઓનાં વર્ણનમાં અદ્‌ભુત રીતે જૈન શાસનના રહસ્યની સિદ્ધિ કરી છે. પૂર્વે અનંતા તીર્થંકરો–ગણધરો–સંતો–સમકિતીઓએ આવો જ માર્ગ જાણીને આદર્યો છે ને કહ્યો છે; વર્તમાનમાં પણ મહાવિદેહક્ષેત્રે સીમંધરાદિ વીસ તીર્થંકરો બિરાજમાન છે, તે તીર્થંકરો તેમજ ગણધરો–સંતો વગેરે પણ આવો જ માર્ગ જાણીને આદરી રહ્યા છે ને કહી રહ્યા છે; ભરતક્ષેત્રમાં પણ આવો જ માર્ગ છે, ને ભવિષ્યમાં પણ જે તીર્થંકરો–સંતો થશે તે બધાય આવા જ માર્ગને આદરશે ને કહેશે. અહો ? એક જ સનાતન માર્ગ છે.–આ માર્ગનો નિશ્ચય કરે ત્યાં મુક્તિની શંકા રહે નહિ. આ માર્ગ નક્કી કર્યો ત્યાં એમ આત્મા સાક્ષી આપે કે બસ ! હવે અમે અનંતા તીર્થંકરોના–સંતોના–જ્ઞાનીઓના માર્ગમાં ભળ્યા ! હવે સંસારનો છેડો આવી ગયો ને સિદ્ધિના માર્ગમાં ભળ્યા.

આત્મામાં જ એવી તાકાત છે કે પોતાના સ્વભાવમાંથી સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરે; એ સિવાય કોઈ પણ પુણ્યરાગમાં એવી તાકાત નથી કે તે સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરે. કર્તા પોતે પરિણમીને જે કાર્યરૂપ થાય તે તેનું કર્મ છે. આત્મા જ પરિણમીને સમ્યગ્દર્શનાદિરૂપ થાય છે, રાગ કે નિમિત્તો પરિણમીને કાંઈ તે–રૂપ થતા નથી. અહો ! મારા નિર્મળ કર્મરૂપે થવાની કર્મશક્તિ મારામાં જ છે–એમ પોતાના આત્માને પ્રતીતમાં લઈને તેની સન્મુખ થતાં આત્મા પોતે પરિણમીને પોતાના નિર્મળ કર્મરૂપ થઈ જાય છે. પહેલા સમયની પર્યાય પોતે બીજા સમયના કર્મપણે થતી નથી, પણ પહેલા સમયની પર્યાય પોતે બીજા સમયના કર્મપણે થતી નથી, પણ પહેલા સમયની પર્યાયમાં વર્તતું દ્રવ્ય જ પોતે બીજા સમયે બીજી પર્યાયરૂપ પરિણમીને તેને પોતાના કર્મ તરીકે પ્રાપ્ત કરે છે. કર્મશક્તિ તો આત્મદ્રવ્યની છે, તેથી આત્મદ્રવ્યના આશ્રયે આત્મા પોતે નિર્મળકર્મરૂપે પરિણમી જાય છે. આ રીતે આત્મા અને તેના કર્મનું અભેદપણું છે. એ અભેદના આશ્રયે જ કર્મશક્તિની યથાર્થ પ્રતીત થાય છે. આમાં વ્યવહારના આશ્રયે નિર્મળ કાર્ય થાય–એ વાત તો ફોતરાંની જેમ ફૂ થઈને ઊડી જાય છે. અનંતશક્તિથી અભેદ ચૈતન્યદ્રવ્ય છે તેના જ આશ્રયે બધા ગુણનું નિર્મળ કાર્ય થાય છે.

આત્માનું આવું સૂક્ષ્મસ્વરૂપ સમજે નહિ ને દાન–દયા વગેરે બાહ્ય–સ્થૂળતામાં ધર્મ માની લ્યે તે કાંઈ જૈનધર્મનું સ્વરૂપ નથી, તે તો મૂઢ જીવોએ માનેલો, મિથ્યાધર્મ છે. જેમ કડવા કરીયાતાની કોથળી ઉપર 'સાકર' એવું નામ લખી નાંખે પણ તેથી કાંઈ કરીયાતું કડવું મટીને મીઠું ન થઈ જાય તેમ દાન–દયા વગેરે કડવા–વિકારીભાવો ઉપર 'ધર્મ' એવું નામ આપીને કુગુરુઓ મૂઢ જીવોને છેતરી રહ્યા છે, પણ તેથી કાંઈ દયા–દાનાદિનો રાગ તે ધર્મ ન થઈ જાય, ધર્મની પ્રાપ્તિ તો પોતાના આત્મામાંથી શુદ્ધચૈતન્યસ્વભાવના આશ્રયે જ થાય છે. ધર્મ તે આત્માનું કર્મ છે ને તેની પ્રાપ્તિ આત્મામાંથી જ થાય છે. સમ્યગ્દર્શન જો કે શ્રદ્ધાગુણનું કાર્ય છે, પણ તે શ્રદ્ધાગુણ અનંતગુણના પિંડથી જુદો પડીને કાર્ય નથી કરતો...જુદા જુદા ગુણદીઠ જુદી જુદી 'કર્મશક્તિ' (–કાર્યરૂપ થવાની શક્તિ) નથી, પણ અખંડ આત્મદ્રવ્યની એક જ કર્મશક્તિ છે, તે બધા ગુણોમાં વ્યાપીને પોતાનું કાર્ય કરે છે. એટલે બધા ગુણોનું નિર્મળ કાર્ય અખંડ દ્રવ્યના જ આશ્રયે થાય છે. કેવળજ્ઞાન પણ આત્માનું કર્મ છે ને આઠ કર્મરહિત એવી સિદ્ધદશા તે પણ આત્માનું કર્મ છે. આત્મા પોતાની શક્તિથી જ તે કર્મરૂપ પરિણમે

છે, કાંઈ બહારથી તે કર્મ નથી આવતું.

' આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે....' એટલે શું ? કેવળજ્ઞાનરૂપી કાર્ય જીવ બહારથી નથી લાવતો, પણ પોતાના આત્મસ્વભાવની ભાવના કરતાં કરતાં આત્મા પોતે જ કેવળજ્ઞાનરૂપ થઈ જાય છે.

આ આત્માને શાંતિ જોઈએ છે. આત્માનું શાંતિરૂપી કાર્ય ક્યાં છે તેની આ વાત છે. આ આત્માનું શાંતિરૂપી કાર્ય શુદ્ધસ્વભાવ સિવાય બીજા કોઈ વિકલ્પમાં, પરમાં, કે ગુફા–પર્વત વગેરેમાં નથી, માટે ભાઈ ! બાહ્યદૃષ્ટિ છોડીને તારા આત્મામાં જ શાંતિ શોધ. જેમ સાકર પોતે ગળી છે, લીંબુ પોતે ખાટું છે, કોલસો પોતે કાળો છે, અગ્નિ પોતે ઉનો છે, તેમ આત્મા પોતે શાંતિસ્વરૂપ છે. ભાઈ ! આવા તારા આત્મા સામે જોતાં તારો આત્મા પોતે શાંતિરૂપ થઈ જશે.

જેમ કોઈ માણસ ચક્રવર્તીને ઓળખીને તેની સેવા કરે તો તેને લક્ષ્મી વગેરેનો લાભ મળે, પણ ચક્રવર્તીને તો ઓળખે નહિ ને ગરીબ ભીખારીને ચક્રવર્તી માનીને તેની સેવા કરે તો તેને કાંઈ લાભ ન મળે,–માત્ર તે દુઃખી જ થાય; તેમ ચૈતન્યચક્રવર્તી આત્માને ઓળખીને તેનું જે સેવન કરે તેને તો સમ્યગ્દર્શનાદિ રત્નત્રયરૂપ લક્ષ્મીનો લાભ મળે. પણ ચૈતન્યચક્રવર્તીને તો ઓળખે નહિ ને રાગની તુચ્છ વૃતિઓને જ ચૈતન્યસ્વભાવ માનીને સેવે તેને રત્નત્રયનો લાભ મળે નહિ પણ તે દુઃખી જ થાય.

'તમે પુણ્યથી ધર્મ નથી માનતા, માટે તમે પુણ્યને ઊડાડો છો'–એમ કેટલાક લોકો અણસમજણને લીધે ફરિયાદ કરે છે, પણ ખરેખર તો જેઓ પુણ્યને ધર્મ માને છે તેઓ જ પુણ્યને ઊડાડે છે; પુણ્યને જ ધર્મ માન્યો એટલે પુણ્યતત્ત્વનું ધર્મથી જુદું અસ્તિત્વ તેની માન્યતામાં રહ્યું જ નહિ. તેમજ પુણ્યથી (–રાગથી) જુદું ધર્મનું અસ્તિત્વ પણ તેની માન્યતામાં ન રહ્યું, એટલે તેણે ધર્મને પણ ઉડાડ્યો. ત્યારે જ્ઞાની તો પુણ્યને પુણ્યરૂપે જાણે છે, ને ધર્મને તેનાથી ભિન્ન ધર્મરૂપે જાણે છે, એટલે તેની માન્યતામાં પુણ્ય અને ધર્મ બંનેનું ભિન્નભિન્ન અસ્તિત્વ જેમ રહે છે તેમ રહે છે.

જેમ લીલી લીંબોડીને કોઈ નીલમણી માની લ્યે તો તે લીંબોડીને પણ નથી ઓળખતો ને નીલમણીને પણ નથી ઓળખતો; કાચના કટકાને કોઈ હીરો માની લ્યે તો તે કાચને પણ નથી ઓળખતો ને હીરાને પણ નથી ઓળખતો, બિલાડીને જ વાઘ માની લ્યે તો તે બિલાડીને પણ નથી ઓળખતો ને વાઘને પણ નથી ઓળખતો; તેમ રાગને જ

જે વીતરાગીધર્મ માની લ્યે તે રાગને પણ નથી ઓળખતો ને ધર્મને પણ નથી ઓળખતો. વ્યવહારના આશ્રયે નિશ્ચય પ્રગટવાનું માને તે વ્યવહારને પણ નથી જાણતો ને નિશ્ચયને પણ નથી જાણતો. નિમિત્ત ઉપાદાનનું કાંઈ કાર્ય કરે એમ માને તે નિમિત્તને પણ નથી જાણતો ને ઉપાદાનને પણ નથી જાણતો. સ્વનું કાર્ય પરના આશ્રયે થાય એમ જે માને તે સ્વને પણ નથી જાણતો ને પરને પણ નથી જાણતો. દેવ–ગુરુ–શાસ્ત્રનો ઉપદેશ તો એવો છે કે તારા આત્માના આશ્રયે જ તારો ધર્મ છે, પરાશ્રયે શુભરાગની લાગણી થાય તે તારો ધર્મ નથી;–છતાં જે પુણ્યને ધર્મ માને છે તેણે દેવ–ગુરુ–શાસ્ત્રને, પુણ્યને, કે ધર્મને કોઈને ઓળખ્યા નથી, નિશ્ચય–વ્યવહારને કે દ્રવ્ય–ગુણ–પર્યાયને પણ જાણ્યા નથી. સંતો કેવા હોય, ધર્માત્મા કેવા હોય–સાચા વૈરાગ્યની–ત્યાગની કે વ્રતાદિની ભૂમિકા કેવી હોય, તેની તેને ખબર નથી, અહો ! મૂળભૂત ચૈતન્યસ્વભાવ જેની પ્રતીતમાં ન આવ્યો તેનામાં કોઈ પણ તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવાની તાકાત નથી. પોતાના ચૈતન્યસ્વભાવનો આશ્રય કરતાં જ જ્ઞાનીની સ્વ–પરપ્રકાશક શક્તિ ખીલી જાય છે અને તે સ્વ–પરને યથાર્થ જાણે છે. એકલા પર તરફ ઝૂકેલું જ્ઞાન સ્વને કે પરને કોઈને યથાર્થ જાણતું નથી, અને સ્વભાવ તરફ વળેલું જ્ઞાન સ્વને તેમજ પરને યથાર્થ જાણે છે. અહો ! આમાં જૈનશાસનનું ઊંડું રહસ્ય છે. આ રહસ્ય સમજ્યા વગર જૈનશાસનના મૂળનો પત્તો લાગે તેમ નથી. જ્યાં સ્વભાવસન્મુખ થયો ત્યાં પોતાના સ્વભાવમાં જ્ઞાન–આનંદ વગેરેનું પરિપૂર્ણ સામર્થ્ય છે તેને જાણ્યું, વર્તમાન પર્યાયમાં કેટલા જ્ઞાન–આનંદ પ્રગટ્યા છે તે પણ જાણ્યું, કેટલા બાકી છે તે પણ જાણ્યું, જ્ઞાન–આનંદ પ્રગટવામાં નિમિત્તો (દેવ–ગુરુ વગેરે) કેવા હોય તે પણ જાણ્યું, જ્ઞાન–આનંદ પ્રગટ્યા તેની સાથે (સાધકપણામાં) કઈ ભૂમિકાએ કેવો વ્યવહાર હોય ને કેવા રાગાદિ છૂટી જાય તે પણ જાણ્યું. આ રીતે શુદ્ધ આત્મસ્વભાવની સન્મુખ થઈને તેને જાણતાં આખું જૈનશાસન જાણ્યું. અને જેણે આવા આત્મસ્વભાવને ન જાણ્યો તેણે જૈનશાસનના એકેય તત્ત્વને વાસ્તવિકપણે જાણ્યું નથી.

જુઓ, આ ધર્મ અને ધર્મની રીત કહેવાય છે.

ધર્મ શું છે ?–આત્માની નિર્મળપર્યાય;

ધર્મ કેમ થાય ?–શુદ્ધ આત્મદ્રવ્યના આશ્રયે;

સાધક જીવ પોતાના શુદ્ધસ્વભાવનો આશ્રય કરીને પોતાના નિર્મળ જ્ઞાનાદિ કાર્યરૂપે

થાય છે. ત્યાં સ્વાશ્રયે સમ્યગ્જ્ઞાનપણે પરિણમતાં, તે તે ભૂમિકામાં વર્તતા રાગાદિને પણ તે જ્ઞેયપણે જાણે છે. તે રાગને જાણતી વખતે પણ તેને જાણનારું જે જ્ઞાન છે તે જ ધર્મીને પોતાના કર્મપણે છે, પણ જે રાગ છે તેને તે પોતાના કર્મપણે સ્વીકારતા નથી, તેને તો જ્ઞાનથી ભિન્ન જાણે છે. રાગને જાણતી વખતે પણ શ્રદ્ધામાં રાગરહિત સ્વભાવનું જ અવલંબન વર્તે છે; એટલે આવી સ્વભાવદૃષ્ટિમાં જ્ઞાનીને રાગ તો 'અસદ્ભૂત' થઈ ગયો છે, રાગને જાણતાં તેનું જોર રાગ ઉપર નથી જતું; તેનું જોર તો જ્ઞાનસ્વભાવ ઉપર જ રહે છે, તે જ્ઞાનસ્વભાવના આશ્રયે નિર્મળપર્યાય જ તેને 'સદ્ભુત'પણે વર્તે છે.

મારો જ્ઞાનસ્વરૂપ આત્મા સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે એમ જેણે જાણ્યું તેણે શ્રદ્ધા–જ્ઞાનમાં પોતાથી ભિન્ન સમસ્ત પરપદાર્થોનો પરિગ્રહ (–આ મારાં છે એવી બુદ્ધિ) છૂટી ગયેલ છે. જે જીવ પરદ્રવ્યને કે તેના કોઈ કાર્યને પોતાનું માને છે તે જીવ, ભલે બાહ્યમાં પરિગ્રહનો ત્યાગી દેખાતો હોય તો પણ, તેણે જરાપણ પરિગ્રહ છોડ્યો–એમ જિનેન્દ્રભગવાનના માર્ગમાં સ્વીકારવામાં આવતું નથી. જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતાવડે જેટલે અંશે વિકાર છૂટે તેટલે અંશે પરિગ્રહનો ત્યાગ જિનમાર્ગમાં સ્વીકારવામાં આવ્યો છે.

આ જ્ઞાનસ્વરૂપ આત્મા બાહ્ય પદાર્થોથી તો જુદો જ છે, ને રાગથી પણ ખરેખર જુદો છે; રાગ સાથે તન્મય થવાનો તેનો સ્વભાવ નથી, જ્ઞાનાદિ સાથે જ તન્મય થવાનો તેનો સ્વભાવ છે. સ્વસન્મુખ થયેલું જ્ઞાન આત્મા સાથે તન્મય થઈને આત્માને જાણે છે; અને રાગને જાણનારું જ્ઞાન રાગમાં તન્મય થયા વગર જ તેને જાણે છે. જ્ઞાન જો સ્વસન્મુખ થઈને આત્મામાં તન્મય ન થાય તો તે આત્માને યથાર્થપણે જાણી શકતું નથી. અને જ્ઞાન જો રાગમાં તન્મય થઈ જાય તો તે રાગને જાણી શકતું નથી; રાગથી જુદું રહે તો જ તે રાગને જાણી શકે છે. જ્ઞાન સ્વને તો તન્મય થઈને જાણે છે ને પરને તન્મય થયા વિના જ જાણે છે.–આવો જ જ્ઞાનનો સ્વભાવ છે. આવા નિર્મળ જ્ઞાનરૂપ કાર્યને પ્રાપ્ત કરીને, તેમાં તન્મય થઈને, આત્મા પોતે પોતાના કર્મરૂપ થાય છે–એવી તેની કર્મશક્તિ છે.

૪૧મી કર્મશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# કર્તૃત્વ શક્તિ

**અહો, આત્માની શક્તિઓ બતાવીને અમૃતચંદ્રદેવે અમૃતના રેલા રેડ્યા છે....અરે જીવ ! આવી–આવી શક્તિઓ તારામાં જ છે, તો હવે તારે બહારમાં ક્યાં અટકવું છે ? અંતરમાં તારી શક્તિઓથી પરિપૂર્ણ સર્વગુણસંપન્ન તારા આત્માનું જ અવલંબન કર, જેથી તારા ભવદુઃખથી નીવેડા આવે ને તને મોક્ષસુખ પ્રાપ્ત થાય.**

નિર્મળ કાર્યરૂપ જે કર્મ તે રૂપ આત્મા પોતે થાય છે–એમ ૪૧મી શક્તિમાં બતાવ્યું.– હવે, નિર્મળ કાર્ય તો થયું પણ તે કાર્યનો કર્તા કોણ ? તે કાર્યનો કર્તા કોઈ બીજો નથી પણ આત્મા પોતે જ તેનો કર્તા થાય છે–એ વાત આ કર્તૃત્વશક્તિમાં બતાવે છે : 'થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપભાવ તેના ભાવકપણામયી કર્તૃત્વશક્તિ છે.' આત્મામાં એક આવી કર્તૃત્વશક્તિ છે એટલે પોતાના નિર્મળ ભાવનો કર્તા પોતે જ થાય છે. પહેલાં ૨૧મી અકર્તૃત્વશક્તિમાં એમ બતાવ્યું હતું કે જ્ઞાતાસ્વભાવથી જુદા જે સમસ્ત વિકારી પરિણામો તેના કર્તાપણાથી નિવૃત્તસ્વરૂપ આત્મા છે; અને હવે, જ્ઞાતસ્વભાવ સાથે એકમેક જે અવિકારી પરિણામો તેનો કર્તા આત્મા છે–એમ આ કર્તૃત્વશક્તિમાં બતાવે છે. આ રીતે આ ભગવાન આત્મા વિકારનો અકર્તા ને શુદ્ધતાનો કર્તા–એવા સ્વભાવવાળો અનેકાન્તમૂર્તિ છે.

કર્તૃત્વશક્તિ રાગના આધારે નથી પણ આત્મદ્રવ્યના આધારે છે; એટલે રાગ કર્તા થઈને સમ્યગ્દર્શનાદિ કાર્ય કરતો નથી, પણ આત્મદ્રવ્ય પોતે કર્તા થઈને સમ્યગ્દર્શનાદિ કાર્ય કરે છે. આવા આત્મસ્વભાવ ઉપર જેની દૃષ્ટિ છે તે સ્વયં કર્તા થઈને પોતાના

સમ્યક્દર્શન આદિ રૂપે પરિણમે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સિદ્ધરૂપ ભાવ છે ને તેનો ભાવક આત્મા છે. ભવનરૂપ ભાવમાં તન્મય થઈને, તેનો ભાવક થઈને, આત્મા પોતે તેને ભાવે છે એટલે કે તેને કરે છે, એવી તેની કર્તૃત્વશક્તિ છે.

કર્મપણે આત્મા જ પરિણમે છે, કર્તાપણે પણ આત્મા પોતે જ પરિણમે છે, સાધનપણે પણ પોતે જ પરિણમે છે. કર્તા–કર્મ–કરણ વગેરે છ કારકો ભિન્નભિન્ન નથી પણ અભેદ છે, આત્મા પોતે એકલો જ કર્તા–કર્મ–કરણ–સંપ્રદાન–અપાદાન–અધિકરણરૂપ થાય છે; છ કારકરૂપ અને એવી અનંત શક્તિઓરૂપ આત્મા પોતે જ પરિણમે છે; એ રીતે એક સાથે અનંતશક્તિઓનું પરિણમન જ્ઞાનમૂર્તિ આત્મામાં ઊછળી રહ્યું છે તેથી તે અનેકાન્તમૂર્તિ ભગવાન છે.

પોતાના જ્ઞાનાદિ કાર્યનો કર્તા આત્મા પોતે જ છે ને તેનું સાધન પણ પોતામાં જ છે. પૂર્વે ૨૪૯મી ગાથામાં આચાર્યદેવે કહ્યું હતું કે 'આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં (એટલે કે ભેદજ્ઞાનરૂપ કાર્યમાં) કર્તા જે આત્મા તેના કરણ સંબંધી મીમાંસા (ઊંડી તપાસ, વિચારણા) કરવામાં આવતાં, નિશ્ચયે પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ છેદનાત્મક કરણ છે....' જાુઓ, ભેદજ્ઞાનરૂપ કાર્યનો કર્તા આત્મા પોતે જ છે, અને તેનું સાધન પણ પોતામાં જ છે. કર્તાનું સાધન ખરેખર કર્તાથી ભિન્ન હોતું નથી; કર્તાથી ભિન્ન જે કોઈ સાધન કહેવામાં આવે તે કોઈ ખરેખર સાધન નથી. 'પોતાથી ભિન્ન કરણનો અભાવ છે' એમાં તો મહાનિયમ ભરી દીધો છે. અરે જીવ ! તારા સાધનની ઊંડી તપાસ તારામાં જ કર....તારામાં જ સાધનને શોધ. જેઓ બહારમાં સાધન શોધે છે તેઓ સાધનની ઊંડી તપાસ કરનારા નથી પણ છીછરા જ્ઞાનવાળા–બાહ્યદ્રષ્ટિવાળા–છે. જેઓ આત્માના જ્ઞાનના સાધનની ખરી મીમાંસા કરે–ઊંડી તપાસ કરે–અંતરમાં ઊતરીને શોધ કરે તેઓને તો પોતાની પવિત્ર પ્રજ્ઞા જ પોતાનું સાધન ભાસે છે, એ સિવાય રાગ કે પરદ્રવ્યો તેને પોતાનાં સાધન તરીકે ભાસતા જ નથી. સાધન સંબંધી વિશેષ ખુલાસો હવે પછીની (–૪૩મી) શક્તિમાં આવશે. અત્યારે કર્તાશક્તિનું વર્ણન ચાલે છે.

આત્માની એવી કર્તૃત્વશક્તિ છે કે પોતાના જ્ઞાનાદિ કાર્યનો કર્તા પોતે જ થાય છે. શું ભગવાનનો દિવ્યધ્વનિ આ આત્માના જ્ઞાનનો કર્તા છે ?–ના. કેવળી–શ્રુતકેવળી સમીપે જ ક્ષાયિક સમ્યકત્વ થાય એવો નિયમ છે તો શું કેવળી–શ્રુતકેવળી આ આત્માના

ક્ષાયિક–સમ્યક્‌ત્વના કર્તા છે ?–ના. તે રૂપે થઈને તેના કર્તા થવારૂપ કર્તૃત્વશક્તિ આત્માની જ છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી. કેમકે વસ્તુની શક્તિઓ બીજાની અપેક્ષા રાખતી નથી.

શરીરાદિ જડમાં એવી તાકાત નથી કે આત્માના કાર્યના કર્તા થાય. રાગમાં પણ એવી તાકાત નથી કે તે આત્માના સમ્યગ્દર્શનાદિ કાર્યનો કર્તા થાય. આત્માના સ્વભાવમાં જ એવી તાકાત છે કે તે પોતાના સમ્યગ્દર્શનાદિ કાર્યનો કર્તા થાય છે. આવી શક્તિવાળા આત્માને જે ભજે તેને સમ્યગ્દર્શનાદિ કાર્ય થયા વિના રહે નહિ. પોતાનો આત્મા જ એવો શક્તિમાન છે કે તેનું ભજન કરતાં તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના અનંત નિધાન આપે છે, કેવળજ્ઞાન અને સિદ્ધદશારૂપી કાર્ય એક ક્ષણમાં કરી દેવાની તેની તાકાત છે. આવી શક્તિવાળા આત્માનું ભજન તે જ પરમાર્થ ભક્તિ છે, તેનું ફળ મુક્તિ છે.

'શક્તિમાનને ભજો'–એમ કહેતાં જીવોની નજર બહારમાં બીજા તરફ જાય છે, પરંતુ 'હું પોતે જ શક્તિમાન છું'–એમ પોતાની તરફ નજર કરતા નથી. આ સંબંધમાં એક લૌકિક દૃષ્ટાંત આવે છે તે આ પ્રમાણેઃ એકવાર કોઈ માણસે સાધુ પાસે જઈને પૂછયુંઃ હે સ્વામી ! મારાથી વિશેષ કાંઈ થઈ શક્તું નથી, માટે મને કોઈ એવો સહેલો ઉપાય બતાવો કે મારી મુક્તિ થાય !! સાધુએ કહ્યુંઃ ' **ભાઈ બીજું કાંઈ ન થઈ શકે તો, જે સૌથી શક્તિમાન હોય તેને ભજો !**' – બસ, આ ધર્મનો ટૂંકો સિદ્ધાંત છે.' તે માણસ ઘરે જઈને વિચાર કરવા લાગ્યો કે શક્તિમાન કોણ ? વિચાર કરતાં કરતાં સૂઈ ગયો, ને સવારે ઊઠીને જોયું તો તેના ઊંચી જાતનાં કપડાં ઉંદર કોતરી ગયેલ; તેને ગુસ્સો આવ્યો....પણ ત્યાં તો તરત સાધુનું વચન યાદ આવ્યું અને એમ થયું કે બસ ! આ ઉંદર શક્તિમાન છે માટે તેને ભજવું. આમ હજી વિચાર કરે છે ત્યાં તો બિલ્લીબાઈએ ઉંદરભાઈ ઉપર ઝપટ મારી, ને ઉંદરભાઈ તો ઊભી પૂંછડીએ ભાગ્યા. તરત જ તે માણસનો વિચાર બદલાયો કે 'બિલાડી ઉંદર કરતાં વધુ શક્તિમાન છે માટે તેને ભજવી' થોડા દિવસ બિલાડીનું ભજન કર્યું ત્યાં તો એક વાર કૂતરાએ 'હા...ઉં' કર્યું ને બિલાડી તો 'મ્યાં...ઉં' કરતી ભાગી...ત્યારથી તે માણસ કૂતરાને વધુ શક્તિમાન જાણીને તેને ભજવા લાગ્યો. એક વાર કૂતરું રસોડામાં ઘૂસી ગયેલું ને તેની સ્ત્રીએ કૂતરા ઉપર વેલણ ઊગામ્યું ત્યાં તો કૂતરું ભાગ્યું એટલે તે માણસને થયું કે બધા કરતાં આ સ્ત્રી જ શક્તિમાન લાગે છે; આથી તે મૂરખો પોતાની સ્ત્રીને ભજવા લાગ્યો. એકવાર

તેની સ્ત્રી દાળમાં મીઠું નાંખતાં ભૂલી ગઈ તેથી ગુસ્સે થઈને તેણે સ્ત્રી ઉપર જ્યાં લાકડી ઊગામી ત્યાં તો સ્ત્રી રાડ પાડતી પાડતી ભાગી ગઈ. તરત જ આ ભાઈસાહેબની આંખ ઊઘડી ગઈ કે અરે ! હું તો અત્યારસુધી આને શક્તિમાન જાણીને ભજતો હતો, પરંતુ મારાથી તો તે બીએ છે, માટે હું જ શક્તિમાન લાગું છું, તેથી હવે બીજાનું ભજન છોડીને મારે મને જ ભજવો. (સિદ્ધાંત સમજાવવા માટેનું આ એક કલ્પિત દૃષ્ટાંત છે.) જેમ તે મૂરખો કૂતરાં–બિલાડાંને પણ ભજવા લાગ્યો તેમ તીવ્ર અજ્ઞાનવશ જીવો ધરણેન્દ્ર–પદ્માવતી–શીતળા–મેલડી વગેરે અનેક દેવતાને ભજે છે, ત્યાંથી જરાક આઘા ચાલે તો નિમિત્તને અને કર્મપ્રકૃતિને જ બળવાન માનીને તેને જ ભજે છે; કદાચિત્ એથી પણ જરાક આગળ ચાલે તો અંદરના શુભરાગથી લાભ માનીને તેના ભજનમાં અટકી જાય છે. પણ જ્યારે શ્રીગુરુ પાસે જઈને પૂછે છે કે પ્રભો ! અત્યાર સુધી મેં અનેક દેવ–દેવતાને ભજ્યાં, નિમિત્તોને ભજ્યાં, પૂજા–ભક્તિ કરી કરીને શુભરાગને પણ બહુ ભજ્યો, છતાં મારી મુક્તિ કેમ ન થઈ ? ત્યારે શ્રીગુરુ કહે છેઃ હે ભાઈ ! સાંભળ ! અત્યારસુધી જેને જેને તેં ભજ્યા એ કોઈનામાં એવી શક્તિ નથી કે તને મુક્તિ આપે. મુક્તિ આપે એવી શક્તિ તો તારા આત્મામાં જ છે, માટે તે શક્તિમાનને ઓળખીને તેને ભજ, તો જરૂર મુક્તિ થાય. શક્તિમાનને ભૂલીને બીજાને ભજે તો મુક્તિ ક્યાંથી થાય ? માટે શક્તિમાનને ભજ. તારા આત્મામાં જ એવી અચિંત્યશક્તિ છે કે તે તારી મુક્તિનું સાધન થાય. તારી મુક્તિનું કાર્ય કરી દ્યે એવી શક્તિ તો તારા આત્મામાં જ છે, જગતમાં બીજા કોઈમાં પણ એવી શક્તિ નથી કે તારી મુક્તિનું કાર્ય કરી દ્યે; માટે અંતર્મુખ થઈને તું તારા આત્માને જ ભજ.

જગતના છએ દ્રવ્યોમાં જીવદ્રવ્ય મહાન છે, જીવોમાં પણ પંચપરમેષ્ઠી મહાન છે, પંચપરમેષ્ઠીમાં પણ સિદ્ધ મહાન છે, માટે તેને ભજો;–પણ અરે ! એ સિદ્ધપદ પ્રગટવાની તાકાત તો શુદ્ધ આત્મસ્વભાવમાં ભરી છે, માટે પોતાના શુદ્ધ આત્મસ્વભાવને જ ભજો.– આવો સંતાનો ઉપદેશ છે. શ્રી પ્રવચનસારની ટીકામાં શ્રી જયસેનાચાર્ય કહે છે કેઃ'પંચાસ્તિકાયમાં જીવાસ્તિકાય ઉપાદેય છે, તેમાં પણ પંચપરમેષ્ઠી ઉપાદેય છે, તે પંચપરમેષ્ઠીમાં પણ અર્હત્ અને સિદ્ધ ઉપાદેય છે, તેમાં પણ સિદ્ધ ઉપાદેય છે; અને વસ્તુતઃ (પરમાર્થે), રાગારહિત અંતર્મુખ થઈને, સિદ્ધજીવોની સદૃશ પરિણમેલો સ્વકીય આત્મા જ ઉપાદેય છે.'

થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ એટલે કે નિર્મળ–પર્યાયરૂપ ભાવ તે કાર્ય છે. તેનો કર્તા કોણ ? આત્મા પોતે ભાવક થઈને તેને કરે છે તેથી આત્મા પોતે જ કર્તા છે. પોતાની શ્રદ્ધા–શક્તિવડે સમ્યગ્દર્શનાદિ કાર્યનો કર્તા આત્મા પોતે જ થાય છે; આત્મા પોતે જ જ્ઞાનશક્તિવડે કેવળજ્ઞાનનો કર્તા થાય છે, આત્મા પોતે જ ચારિત્રશક્તિવડે ચારિત્રનો કર્તા થાય છે. એ રીતે પોતાની અનંતશક્તિનાં કાર્યના કર્તાપણે આત્મા પોતે જ થાય છે–એવી તેની કર્તૃત્વશક્તિ છે. પર્યાયમાં જે જે નવું કાર્ય સિદ્ધ થાય છે તે કાર્યરૂપે પરિણમીને આત્મા પોતે કર્તા થાય છે. આ કર્તાપણું આત્માનો સ્વભાવ છે. જ્યાં એમ કહ્યું છે કે ' કર્તાપણું આત્માનો સ્વભાવ નથી 'ત્યાં તો વિકારના અને જડકર્મના કર્તાપણાની વાત છે, અને અહીં તો નિર્મળ–પર્યાયરૂપ કાર્યના કર્તાપણાની વાત છે,–આ કર્તાપણું તો આત્માનો સ્વભાવ છે.

'આત્મામાં તો અનંતશક્તિ છે તેથી આત્મા પરનાં કાર્યો કરી શકે'–એમ અનેક મૂઢ જીવો માને છે. અહીં આચાર્યદેવ તેને કહે છે કે અરે મૂઢ ! જગતના એક પરમાણુને કે સ્કંધને કોઈ પણ પરને આત્મા કરે એવી કર્તાશક્તિ તો આત્મામાં નથી. હા, એક ક્ષણમાં સમસ્ત વિશ્વને સાક્ષાત્ જાણવાનું કાર્ય કરે એવી કર્તાશક્તિ આત્મામાં છે. આત્માની શક્તિનું કાર્ય તો આત્મામાં હોય કે બહારમાં હોય ? આત્માની અનંત શક્તિઓ છે તે બધીયે શક્તિઓનું કાર્ય આત્મામાં જ થાય છે, એક પણ શક્તિ એવી નથી કે આત્માથી બહાર કાંઈ કાર્ય કરે. અહો ! મારો આત્મા, મારી બધી શક્તિઓ, ને બધી શક્તિઓનું કાર્ય–એ બધુંય મારા અંતરમાં જ સમાય છે,–આવી અંતર્દૃષ્ટિ કરવી તે અપૂર્વ કલ્યાણ છે.

સર્વજ્ઞના બધા શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે; અને તે વીતરાગભાવ નિરપેક્ષ આત્મસ્વભાવના અવલંબને જ થાય છે. પરના આશ્રયે પોતાની શક્તિ માને તેને પર પ્રત્યેનો રાગનો અભિપ્રાપ ખસે નહિ ને વીતરાગતા કદી થાય નહિ. મારી અનંતી શક્તિઓ મારા આત્માના જ આશ્રયે છે, જે કાર્ય (સમ્યગ્દર્શનાદિ) કરવા માગું છું તે મારા આત્માના જ આશ્રયે થાય છે–એમ નિર્ણય કરીને સ્વભાવનો આશ્રય કરતાં વીતરાગભાવ થાય છે, તે ધર્મ છે, તે જૈનશાસનનો સાર છે, તે સંતોનું ફરમાન છે, ને તે જ સર્વ શાસ્ત્રોનો ઉપદેશ છે.

અહો ! આત્મસ્વભાવનો અનંત ગંભીર મહિમા આચાર્યદેવે આ સમયસારમાં ભર્યો

છે....આ શક્તિઓમાં ઘણી ગંભીરતા છે; અંદર ઊતરીને આત્મા સાથે મેળવીને સમજે તેને મહિમાની ખબર પડે. આવી શક્તિઓવાળા આત્મસ્વભાવને કબૂલતાં સાધક પર્યાય તો થઈ જ જાય છે. જ્યાં આત્મસ્વભાવને કબૂલ્યો ત્યાં તે સ્વભાવ પોતે સાધકપર્યાયનો કર્તા થાય છે, ને ત્યાં વિકારનું કર્તાપણું રહેતું નથી. સાધક પોતાના અખંડ આત્મસ્વભાવને સાથે ને સાથે રાખીને તેમાં એકત્વપણે પરિણમન કરે છે એટલે તેને નિર્મળ–નિર્મળ પર્યાયો જ થાય છે. આ અંતર્દ્રષ્ટિનો વિષય છે. અને આવી અંતરદ્રષ્ટિથી જ ધર્મ થાય છે. અંતર્દ્રષ્ટિથી જ્યાં આત્મા પોતાના સ્વભાવરૂપે પરિણમ્યો ત્યાં મોહ–રાગ–દ્વેષાદિ વેરીઓ જીતાઈ ગયા, એટલે તેમાં જૈનશાસન આવી ગયું.

આ ભગવાન આત્મા વચનગોચર કે વિકલ્પગોચર નથી પણ જ્ઞાનગોચર છે; અને તે પણ અંતર્મુખ થયેલા જ્ઞાનવડે જ ગોચર છે. જ્ઞાનને અંતર્મુખ કરીને પોતાના આત્માને લક્ષમાં લેવો તે જૈનધર્મ છે. આ રીત સિવાય બીજી કોઈ રીતે જૈનધર્મ થતો નથી; અને આવા જૈન ધર્મ વિના કદી કોઈને ક્યાંય કોઈ રીતે મુક્તિ થતી નથી.

‘ થનાર તે કર્તા ’ અને જે થાય તે તેનું કર્મ. મારી જે પર્યાય થાય છે તે રૂપે થનાર મારું દ્રવ્ય છે–એમ નક્કી કરનારની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે, અને દ્રવ્યમાં તો વિકાર નથી એટલે દ્રવ્ય વિકારરૂપ થઈને વિકારનું કર્તા થાય એમ બનતું નથી. માટે દ્રવ્યદ્રષ્ટિવાળો જીવ વિકારનો કર્તા થતો નથી, તે તો નિર્મળ પર્યાયરૂપ થઈને તેનો જ કર્તા થાય છે. જેમ સોનું કર્તા થઈને સોનાની અવસ્થારૂપે થાય પણ સોનું કર્તા થઈને લોઢાની અવસ્થારૂપ ન થાય; તેમ આત્માનો એવો સ્વભાવ છે કે તે કર્તા થઈને પોતાની સ્વભાવદશાને કરે; પણ તે કર્તા થઈને વિકારને કરે એવો આત્માનો સ્વભાવ નથી. કર્તાનું ઈષ્ટ તે કર્મ છે; કર્તા એવા આત્મામાં રાગાદિ વિકારીભાવો તે ઈષ્ટ નથી, તે તો તેનાથી વિપરીત છે, માટે તે ખરેખર કર્તાનું કર્મ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળપર્યાયો જ આત્મસ્વભાવ સાથે એકમેક થતી હોવાથી આત્માનું ઈષ્ટ છે, ને તે જ કર્તાનું કર્મ છે. આવા કાર્યને કર્તા થવાનો આત્માનો સ્વભાવ છે.

‘સ્વાધીનપણે પરિણમે તે કર્તા.’ આત્માનું સ્વાધીન પરિણમન તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, ને વિકાર તો પરાધીન પરિણમન છે. સ્વને આધીન થઈને સ્વાધીનપણે પોતાના સમ્યગ્દર્શનાદિને કરે એવી કર્તૃત્વશક્તિવાળો આત્મા છે. આવા ‘કર્તા’ને જ્યાં લક્ષમાં લીધો ત્યાં સાધકપર્યાય–સમ્યગ્દર્શનાદિની સિદ્ધિ થઈ; અને તે સિદ્ધરૂપ ભાવના

કર્તાપણે આત્મા પરિણમ્યો...એટલે કે તે ધર્મી થયો.

જુઓ, ધર્મ કેમ થાય, તેની આ રીત કહેવાય છે. ધર્મની આ રીત સમજતાં સાથે ઊંચી જાતના પુણ્ય પણ બંધાય છે ને તેનાં ફળમાં સ્વર્ગાદિનો સંયોગ મળે છે. પણ ધર્મની રુચિવાળા જીવને તે પુણ્યની કે સંયોગની રુચિ હોતી નથી. જેને પુણ્યની કે સંયોગની રુચિ–હોંસ–ઉત્સાહ છે તેને ધર્મની રુચિ–હોંસ કે ઉત્સાહ નથી. જેને પુણ્યની હોંસ હોય તે પુણ્યરહિત આત્મા તરફ કેમ વળે ? જેને સંયોગની હોંસ હોય તે અસંયોગી

આત્મા તરફ કેમ વળે ? જેને સંયોગની હોંસ હોય તે અસંયોગી આત્મા તરફ કેમ વળે ? જેને ચૈતન્યસ્વભાવની જ હોંસ છે તે જ ચૈતન્યસ્વભાવ તરફ વળીને મુક્તિ સાધે છે. અને જેને સંયોગની કે રાગની હોંસ છે તે અસંયોગી–વીતરાગી ચૈતન્યસ્વભાવનો અનાદર કરીને સંસારની ચારે દુર્ગતિમાં રખડે છે.

મારી બધી પર્યાયોરૂપે થનાર મારું શુદ્ધ દ્રવ્ય જ છે, કોઈ બીજાું નથી.–બસ ! જ્યાં આવો નિર્ણય કર્યો ત્યાં બધી પર્યાયોમાં શુદ્ધ દ્રવ્યનું જ અવલંબન રહ્યું, એટલે બધી પર્યાયો નિર્મળ જ થવા માંડી. આવો નિર્ણય કરનાર જીવ શુદ્ધ આત્માના જ આશ્રયે એકાગ્ર થઈને પરની ચિંતાથી પાછો ફરી ગયો, એટલે તેને 'એકાગ્ર ચિંતાનિરોધરૂપ ધ્યાન' થયું. પરનો હું કર્તા ને મારી પર્યાય પરથી થાય–એમ જે માને તેને પરની ચિંતા છૂટે નહિ ને સ્વમાં એકાગ્રતા થાય નહિ; એટલે આત્માનું ધ્યાન તેને થાય નહિ અને આત્માના ધ્યાન વગર વીતરાગભાવરૂપ ધર્મ થાય નહિ. **સમસ્ત શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે, ને તે વીતરાગભાવ શુદ્ધ આત્માના આશ્રયે જ થાય છે....એટલે શુદ્ધ આત્માનો આશ્રય કરવો તે જ સમસ્ત શાસ્ત્રોનો સાર ઠર્યો. આ સમયસારની સુપ્રસિદ્ધ ૧૫મી ગાથામાં આચાર્યદેવે એ જ વાત સ્પષ્ટ બતાવી છે કે જે શુદ્ધ આત્માની અનુભૂતિ છે તે સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે; શુદ્ધાત્માને જે જાણે છે તે સમસ્ત જિનશાસનને જાણે છે. આ મહાસિદ્ધાંત અને જૈન–શાસનનું રહસ્ય છે.**

**અહો ! કુંદકુંદસ્વામી તો ભગવાન હતા...તેમણે તો તીર્થંકર જેવું કામ કર્યું છે....ને અમૃતચંદ્રાચાર્ય તેમના ગણધર જેવા હતા. સંતોએ અજબ–ગજબનાં કામ કર્યા છે. અહો ! આકાશ જેવા નિરાલંબી મુનિઓ તો જૈનધર્મના સ્તંભ છે. નિરાલંબી આત્માને અડીને તેમની વાણી નીકળી છે. આવા વિતરાગી સંતોનો, ચૈતન્યપદને પ્રાપ્ત કરાવનારો પરમ હિત–ઉપદેશ પામીને આત્માને ઊંચેઊંચે લઈ જવો એટલે કે અંતર્મુખ થઈને આત્માની ઉન્નતિ કરવી તે**

**જ જિજ્ઞાસુ આત્માર્થી જીવોનું કર્તવ્ય છે.**

ભગવાન કહે છે કે અરે જીવ ! તારી પ્રભુતા અમારી પાસે નથી. ભાઈ ! તારામાં જ તારી પ્રભુતા છે, માટે તારા અંતરમાં વળ...અંતર્દૃષ્ટિ કરીને અંતરમાં જ તારી પ્રભુતાને શોધ. જેમ અમારી પ્રભુતા અમારામાં છે તેમ તારી પ્રભુતા તારામાં છે; તારો આત્મા જ પ્રભુતાથી ભરેલો છે; તારા આત્માને સર્વથા દીન માનીને બહારથી તું પ્રભુતા શોધીશ તો તને તારી પ્રભુતા નહિ મળે. રાગ જેટલો તુચ્છ–પામર હું નહિ પણ હું તો પ્રભુત્વશક્તિથી ભરેલો છું,–એમ રાગને ઓળંગી જઈને પોતાની પ્રભુતાનો સ્વીકાર કરવો તે અપૂર્વ પુરુષાર્થ છે. પોતાની પ્રભુતાને ભૂલીને જીવ સંસારમાં રખડ્યો છે, ને પોતાની પ્રભુતાની સંભાળ કરવાથી જીવ પોતે પરમાત્મા થઈ જાય છે. ભેદજ્ઞાની જીવે પોતાના સ્વભાવની પ્રભુતાને જાણતો થકો તેના આશ્રયે નિર્મળપર્યાયરૂપે પરિણમીને તેનો જ કર્તા થાય છે, ને વિકારનો કર્તા થતો નથી; એનું નામ ધર્મ છે.

અહો ! આત્માની આ શક્તિઓ બતાવીને અમૃતચંદ્રદેવે અમૃતના રેલા રેડ્યા છે...અરે જીવ ! આવી આવી શક્તિઓ તારામાં જ છે, તો હવે તારે બહારમાં ક્યાં અટકવું છે !! અંતરમાં તારી શક્તિથી પરિપૂર્ણ સર્વગુણસંપન્ન તારા આત્માનું જ અવલંબન કર....જેથી તારા ભવદુઃખથી નીવેડા આવે....ને તને મોક્ષસુખ પ્રાપ્ત થાય.

૪૨મી કર્તૃત્વશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# કરણશક્તિ

**આ 'કરણશક્તિ'નાં પ્રવચનમાં ધર્મનાં સાધન સંબંધી ખૂબ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જિજ્ઞાસુ જીવોએ તે ખાસ સમજવા જેવું છે.**

**'અહો ! સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીનાં મારાં કાર્યોનું સાધન થવાની તાકાત મારા આત્મામાં છે, બહારના કોઈ પદાર્થો મારું સાધન છે જ નહિ'– આવો નિર્ણય કરનાર ધર્માત્મા બાહ્યસાધનો શોધવાની વ્યગ્રતા કરતો નથી, અંતર્સ્વભાવનું અવલંબન લઈને પોતાના આત્માને જ તે સમ્યગ્દર્શનાદિનું સાધન બનાવે છે.–એ વાત આ કરણશક્તિમાં આચાર્યદેવે પ્રસિદ્ધ કરી છે.**

આત્માએ પોતે કર્તા થઈને પોતાના સમ્યગ્દર્શનાદિ કાર્યને કર્યું; પરંતુ તેનું સાધન શું ? કર્તાએ કયાં સાધનવડે પોતાનું કાર્ય કર્યું ?–તે હવે બતાવે છે.

'ભવતા ભાવના ભવનના સાધકતમપણામયી કરણશક્તિ છે.'–આ શક્તિથી આત્મા પોતે જ પોતાના ભાવનું સાધન થાય છે. 'ભવતો ભાવ' એટલે વર્તમાન વર્તતો ભાવ, તે કાર્ય છે. તે કાર્ય થવાનું ઉત્કૃષ્ટ સાધન આત્મા પોતે જ છે. સાધકના આત્મામાં જે સમ્યગ્દર્શનાદિ નિર્મળ કાર્ય થાય છે તેનો 'સાધકતમ' આત્મા પોતે જ છે. અહીં આત્માને 'સાધકતમ' કહ્યો તેથી એમ ન સમજવું કે 'સાધક' અને 'સાધકતર' કોઈ બીજું હશે. અહીં 'સાધકતમ'એ અનન્યપણું બતાવે છે એટલે કે નિર્મળ ભાવનું સાધન એક આત્મા

પોતે જ છે, તેનાથી ભિન્ન બીજું કોઈ સાધન છે જ નહિ.

જુઓ, આચાર્યદેવ ધર્મનું સાધન બતાવે છેઃ અરે જીવ ! તારા ધર્મનું સાધન થવાની તાકાત તારા આત્મામાં જ છે, માટે અંતર્મુખ થઈને તારા આત્માને જ સાધનપણે અંગીકાર કર. એ સિવાય બીજા કોઈ પદાર્થોમાં કે રાગમાં તારા ધર્મનું સાધન થવાની તાકાત નથી. બીજા જે કોઈ સાધન કહેવાતા હોય તે બધાય ઉપચારથી જ છે,–તે ઉપચાર પણ ક્યારે લાગુ પડે ? કે વાસ્તવિક સાધન જે આત્મસ્વભાવ તેના અવલંબનવડે જ્યારે નિર્મળ કાર્ય પ્રગટ કરે ત્યારે નિમિત્ત–રાગ–વ્યવહાર વગેરેને ઉપચારસાધન કહેવાય છે. પણ જે ખરા સાધનને તો જાણે નહિ ને ઉપચાર સાધનને જ ખરું સાધન માની લ્યે તેને તો નિર્મળ કાર્ય થતું જ નથી, અને કાર્ય થયા વગર તેના સાધનનો ઉપચાર પણ ક્યાંથી લાગુ પડે ?

ધર્મનું ખરું સાધન જે પોતાનો શુદ્ધચિદાનંદસ્વભાવ તેનું તો અવલંબન જે લેતો નથી અને વ્યવહારના શુભરાગ વગેરેને સાધન માનીને તેના અવલંબનમાં અટકે છે તે જીવને સ્વભાવની રુચિ નથી પણ વિકારની રુચિ છે; તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ ક્યાંથી થાય ? જેને આત્માના વીતરાગી ધર્મનો પ્રેમ હોય તે તેનાથી વિરુદ્ધ ભાવોને આદરે નહિ, કે તેને સાધન માને નહીં. જે સમ્યગ્જ્ઞાન છે તે રાગને પોતાના સ્વભાવથી વિરુદ્ધ જાણે છે; તેને સાધન તરીકે નથી જાણતું પણ બાધક તરીકે જાણે છે, એટલે તેમાં તે તન્મય થતું નથી. પોતાના શુદ્ધ સ્વભાવને જ સાધન જાણીને તેમાં એકતાવડે રાગનો અભાવ કરી નાંખે છે. આ રીતે સ્વભાવ–સાધનવડે જ સિદ્ધિ પમાય છે. બહારનાં કોઈ સાધનનાં અવલંબન વિના આત્મા પોતે પોતાની તાકાતથી જ સાધન થઈને સિદ્ધિને સાધે છે.

આત્મા પોતે જ પોતાના ધર્મનું ઉત્કૃષ્ટ સાધન થવાની તાકાતવાળો છે. જેમ અગ્નિની ઉષ્ણતાનું સાધન બીજું કોઈ નથી, પોતે પોતાના સ્વભાવથી જ ઉષ્ણતાનું સાધન છે; તેમ ચૈતન્યમૂર્તિ આત્માને પોતાના જ્ઞાન–આનંદનું સાધન બીજું કોઈ નથી. પોતે જ સાધન થઈને જ્ઞાન–આનંદરૂપે પરિણમે છે. એક વાર આત્માની આવી તાકાતનો વિશ્વાસ તો કર. આત્માના આવા સાધનનો વિશ્વાસ કરે ત્યાં બહારનાં સાધન (નિમિત્ત વગેરે) શોધવાની પરાશ્રય બુદ્ધિ છૂટી જાય, ને સ્વભાવનાં સાધનથી અનંતી શાંતિ થઈ જાય.

**પ્રશ્ન** :- ઇંદ્રિયો, પુસ્તકો, ચશ્મા વગેરે જ્ઞાનનું સાધન છે ને ?

**ઉત્તર** :- જ્ઞાનનો એવો પરાધીન સ્વભાવ નથી કે પોતાથી ભિન્ન સાધનનો આશ્રય લેવો પડે. આત્મા સ્વયં જ્ઞાનસ્વભાવી છે, એટલે આત્મા પોતે જ જ્ઞાનનું સાધન છે. ઇંદ્રિયો વગેરે જડ છે, તે જ્ઞાનનું સાધન નથી. જ્ઞાનનું સાધન જ્ઞાનથી જાુદું ન હોય.ઇંદ્રિયો તો જ્ઞાનથી જાુદી છે.

**પ્રશ્ન** :- વ્યવહાર તો નિશ્ચયનું સાધન છે ને ?

**ઉત્તર** :- નિશ્ચયરત્નત્રયનું સાધન થવાની તાકાત દ્રવ્યસ્વભાવમાં જ છે, કેમકે કરણશક્તિ દ્રવ્યની છે. વ્યવહાર–રત્નત્રયમાં એવી શક્તિ નથી કે સાધક થઈને નિશ્ચયરત્નત્રયને સાધે. સ્વભાવને એકને જ સાધન બનાવીને જેણે નિશ્ચયરત્નત્રયને સાધ્યા તેને વ્યવહારરત્નત્રય ઉપચારથી સાધન કહેવાય છે. ખરેખર તો દ્રવ્ય જ સાધકતમ છે; એના સિવાય વ્યવહારથી કાંઈ સાધ્ય નથી.

આ સમયસારમાં ગા.૩૫૬ થી ૩૬૫ની ટીકામાં પ્રશ્નો મૂક્યો છે કે ' અહીં સ્વ–સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે ? 'તેના ઉત્તરમાં સ્પષ્ટ કહે છે કે 'તેનાથી કાંઈ સાધ્ય નથી.' જાુઓ, ભેદદ્વારા અભેદ સાધ્ય છે, કે વ્યવહારદ્વારા નિશ્ચય સાધ્ય છે–એમ આચાર્યદેવ ન કહ્યું, પણ તેનાથી કાંઈ જ સાધ્ય નથી–એમ કહ્યું. જ્યાં અંદરના ગુણ–ગુણીભેદરૂપ સૂક્ષ્મ વ્યવહારથી પણ કાંઈ સાધ્ય નથી તો પછી બીજા સ્થૂળ રાગાદિ તો સિદ્ધિનું સાધન ક્યાંથી થાય ? રાગ દ્વારા અર્થાત્ રાગને સાધન બનાવીને આત્માના સ્વભાવમાં જવાતું નથી પણ સીધા સ્વભાવના અવલંબનથી જ સ્વભાવમાં જવાય છે, એટલે આત્મા પોતે જ પોતાનું સાધન થાય છે. જ્યાં આત્મસ્વભાવનું અવલંબન લ્યે ત્યાં જરૂર સમ્યગ્દર્શનાદિ થાય જ, અને આત્મસ્વભાવના અવલંબન વગર સમ્યગ્દર્શનાદિ થાય જ નહિ; એ રીતે આત્મસ્વભાવ જ અબાધિત સાધન છે. બીજા જે કોઈ સાધન કહેવામાં આવતા હોય તે ઉપચારથી જ છે, નિયમરૂપે નથી–એમ સમજવું.

શુદ્ધ અનંત ચૈતન્યશક્તિવાળો આ આત્મા પોતે જ કેવળજ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવવાળો હોવાથી પોતે જ સાધકતમ છે; સ્વયમેવ છ કારકરૂપ થઈને પરિણમતો હોવાથી તે 'સ્વયંભૂ' છે. આથી એમ કહ્યું કે, નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે. આ રીતે શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ અન્યકારકોથી નિરપેક્ષ હોવાથી અત્યંત આત્માધીન છે. (જાુઓ પ્રવચનસાર ગા.૧૬)

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ અન્ય કારકોથી નિરપેક્ષ, અત્યંત આત્માધીન છે; એ જ પ્રમાણે સમ્યગ્જ્ઞાન–સમ્યક્‌ચારિત્ર વગેરેની પ્રાપ્તિ પણ અન્ય સાધનોથી નિરપેક્ષ, અત્યંત આત્માધીન છે.

મારી પર્યાયોનું સાધન હું જ છું ને બીજું મારું સાધન નથી–એમ નક્કી કરીને ધર્માત્મા બાહ્ય સાધનોનો આશ્રય લેતા નથી પણ પોતના આત્માનો જ આશ્રય કરે છે, ને આત્માનો આશ્રય કરતાં આત્મા પોતે સાધન થઈને નિર્મળ પર્યાયો થાય છે. પ્રવચનસાર ગા.૧૨૬માં કહ્યું છે કે–

**કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે–એમ જો નિશ્ચય કરી મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની.**

(વિશેષ માટે આ ગાથાની ટીકા જુઓ; અથવા ૩૯મી શક્તિ ઉપરનું પ્રવચન જુઓ.)

લોકોએ સ્થૂળપણે–બાહ્યદ્રષ્ટિથી બહારનાં સાધનો માની લીધા છે, પણ સૂક્ષ્મપણે-અંતર્‌દ્રષ્ટિ કરીને પોતાના ધર્મનું વાસ્તવિક સાધન કદી શોધ્યું નથી. અરે ! બહારમાં મારા હિતનું સાધન માનીને અનંતકાળથી મેં પ્રયત્નો કર્યા છતાં મને મારું હિત ન મળ્યું, માટે અંતરમાં બીજું કાંઈક સાધન હોવું જોઈએ–એમ ઊંડાણથી વિચારીને જીવે કદી સાચા સાધનની તપાસ કરી નથી. મારા આત્માનો અનુભવ ક્યા સાધનથી થાય ? –એમ જેના અંતરમાં ઊંડી જિજ્ઞાસા જાગી છે તેને સાધન બતાવતાં આચાર્યદેવ કહે છે કે આત્મા અને બંધને જુદા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા તેના કરણ(સાધન) સંબંધી ઊંડી વિચારણા–મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ છેદનાત્મક કરણ છે. તે પ્રજ્ઞાવડે તેમને છેદવામાં આવતાં તેઓ જુદાપણાને અવશ્ય પામે છે, માટે પ્રજ્ઞાવડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે, એટલે કે પ્રજ્ઞારૂપી સાધનવડે જ તેમનું ભેદજ્ઞાન થાય છે. (જુઓ, સમયસાર ગા.૨૯૪ ટીકા)

આત્માના સ્વભાવને અને રાગાદિ બંધભાવને પ્રજ્ઞાવડે ખરેખર કઈ રીતે છેદી શકાય ? એમ શિષ્યને પ્રશ્ન થતાં આચાર્યદેવ તેને ઉત્તર આપે છે કે ‘આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોથી સૂક્ષ્મ અંતર્‌સંધિમાં પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી તેમને છેદી શકાય છે’–એમ અમે જાણીએ છીએ. (સ.ગા.૨૯૪ ટીકા)

જુઓ આ સાધન ! આચાર્યદેવ સ્વાનુભવ સહિત કહે છે કે અમે આવા અંતરના સાધનથી જ આત્માને બંધભાવોથી જુદો જાણ્યો છે. કર્તાનું સાધન પોતામાં જ છે.કર્તાનું સાધન ખરેખર કર્તાથી ભિન્ન હોતું નથી; તેથી કર્તાથી ભિન્ન જે કોઈ સાધન કહેવામાં આવે તે કોઈ ખરેખર સાધન નથી. 'પોતાથી ભિન્ન કરણનો અભાવ છે' એમ કહીને આચાર્યદેવે મહાસિદ્ધાંત બતાવ્યો છે. અરે જીવ ! તારા સાધનની ઊંડી તપાસ તારામાં કર, તારામાં જ સાધનને શોધ. જેઓ પોતાના સાધનને બહારમાં શોધે છે તેઓ સાધનની ઊંડી તપાસ કરનારા નથી પણ છીછરી બુદ્ધિવાળા–બાહ્ય દૃષ્ટિવંત છે. જેઓ આત્માના હિતના સાધન તરીકે જરાય ભાસતા જ નથી. જ્ઞાનને સૂક્ષ્મ કરીને (ઇંદ્રિયોથી ને રાગથી પાર લઈ જઈને) અંતરમાં વાળતાં ભગવાન આત્માનો અનુભવ થાય છે. તે અંતર્મુખ જ્ઞાનને પ્રજ્ઞા કહે છે, ને તે જ આત્માના અનુભવનું સાધન છે. અને તે પ્રજ્ઞારૂપ નિર્મળપર્યાય આત્મા સાથે અભેદ હોવાથી અભેદપણે આત્મા જ પોતે પોતાનું સાધન છે. 'હું જ, મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને જ ગ્રહણ કરું છું'–એમ પોતામાં જ અભિન્ન છ કારકો છે. (જુઓ, સમયસાર ગા.૨૯૭)

અહો ! પોતાના સમ્યગ્દર્શનાદિ કાર્યના સાધકતમ થવાની તાકાત આત્મામાં ત્રિકાળ છે, પોતે જ સ્વયં કારણ થઈને પોતાના સમ્યગ્દર્શનાદિને સાધે એવી શક્તિ પોતામાં જ છે, પણ જીવ તેને ભૂલીને સાધન માટે મફતનો બહારમાં ફાંફાં મારી રહ્યો છે. અંતરના નિજ સાધનને ભૂલીને અનંતકાળથી બહારમાં ફાંફાં માર્યા પણ જીવને કાંઈ હાથમાં ન આવ્યું, છતાં સત્ય સાધન શું છે તેનો તે ઊંડો વિચાર પણ કરતો નથી. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે –

**'યમ નિયમ સંયમ આપ કિયો,**
**પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લયો મુખ મૌન રહ્યો,**
**દૃઢ આસન પદ્મ લગાય દિયો.**

**સબ શાસ્ત્રનકે નય ધારી હિયે,**
**મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો,**
**તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

**અબ કયોં ન વિચારત હૈ મનસેં,**
**કછુ ઓર રહા ઉન સાધનસેં ?**
**બિન સદગુરુ કોઈ ન ભેદ લહે**
**મુખ આગળ હૈ કહ બાત કહે !'**

અરે જીવ ! એક અંતરના ચૈતન્ય સાધનને ચૂકીને બહારનાં બીજા બધા સાધન તેં અનંતવાર કર્યાં, વ્રત અને તપ કર્યાં, દિગંબર મુનિ–દ્રવ્યલિંગી થઈને પંચમહાવ્રત પાળ્યા, હજારો રાણીઓ છોડીને શુભ વૈરાગ્યથી ત્યાગી થયો, શાસ્ત્રો ભણ્યો, વનમાં રહ્યો ને મૌન રહ્યો; આવા આવા બધા સાધનો અનંતવાર તેં કર્યા, છતાં હજી તું જરા પણ હિત ન પામ્યો, તો હવે તું તારા મનમાં કેમ વિચાર કરતો નથી કે આ બધાય સાધનોથી બીજું કંઈક ખરું સાધન બાકી રહી જાય છે ? સદ્‌ગુરુગમે એ સાધનનો તું વિચાર કર.

પ્રભો ! મારા હિતનું સાધન શું ? એમ પૂછતાં શ્રીગુરુ કહે છે કે હે વત્સ ! તારો આત્મા અનંતગુણથી ભરેલો ચૈતન્યમૂર્તિ છે, તેનું અવલંબન કર; તે જ તારા હિતનું સાધન છે. તારા આત્માથી ભિન્ન બીજું કોઈ તારા હિતનું સાધન નથી, માટે અત્યાર સુધી માનેલા બાહ્ય સાધનોની દૃષ્ટિ છોડ ને અંતરના ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કર....તેનો વિશ્વાસ કરીને તેને જ સાધન બનાવ. તારો શુદ્ધ આત્મા જ સાધ્ય છે, ને તે શુદ્ધ આત્માનું અવલંબન કરવું તે જ સાધન છે; આ રીતે તારું સાધ્ય અને સાધન બંને તારામાં જ સમાય છે.

આત્માની અનંતશક્તિઓમાં એક એવી કરણશક્તિ છે કે, જે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો થાય છે તેનું સાધન આત્મા પોતે થાય છે. આત્માનો સ્વભાવ એવો નથી કે

પોતાના નિર્મળ કાર્યને માટે તે કોઈ બીજા સાધનની અપેક્ષા રાખે. આત્માનો સ્વભાવ પોતે જ સાધકતમ હોવાથી તેની સન્મુખતાથી જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે, નિમિત્તમાં એવી કોઈ શક્તિ નથી કે તે આત્માના મોક્ષમાર્ગરૂપ કાર્યનું જરા પણ સાધન થાય. મોક્ષમાર્ગનું સાધન થવાની પરિપૂર્ણ શક્તિ આત્મામાં જ છે.

વળી, જેમ આત્મા પોતાના કાર્યને માટે અન્ય સાધનની અપેક્ષા નથી રાખતો, તેમ આત્મા સાધનરૂપ થઈને કોઈ બીજાનાં કાર્ય કરે એમ પણ બનતું નથી. ખરેખર વિકારીભાવોનું સાધન થવાનો પણ આત્માનો સ્વભાવ નથી. આત્માના આવા સ્વભાવની શ્રદ્ધા કરનાર જીવ વિકારના સાધકતમપણે પરિણમતો નથી પણ પોતાની નિર્મળપર્યાયના જ સાધકતમપણે પરિણમે છે. આત્મા પોતાના સ્વભાવના અવલંબનથી પોતે જ સાધન થઈને પોતાની મુક્તિને સાધે છે; મુક્તિ માટે બહારમાં બીજું કોઈ સાધન ગોતવું પડતું નથી.

અહીં તો સાધન (–સાધકતમ) તેને જ કહે છે કે કાર્યની સાથે જે અભેદ હોય. મોક્ષમાર્ગરૂપી કાર્યની સાથે આત્મા અભેદ છે, તેથી આત્મા જ તેનું સાધન છે. પણ રાગને મોક્ષમાર્ગરૂપ કાર્યની સાથે અભેદતા નથી તેથી રાગ તેનું સાધન નથી. તેમજ આત્માના સ્વભાવને રાગની સાથે અભેદતા નથી તેથી આત્મા રાગનું સાધન નથી.

**પ્રશ્ન** :- તો રાગનું સાધન કોણ છે ?

**ઉત્તર** :- રાગનું કોઈ ધ્રુવ સાધન નથી. રાગ તો ઉપરની ક્ષણિક વિકૃતિ છે, ને તેનું સાધન પણ ક્ષણિક પર્યાય જ છે. પર્યાયે અંતર્મુખ થઈને જ્યાં ધ્રુવસ્વભાવને પોતાનું સાધન બનાવ્યું ત્યાં વિકારનું સાધન કોઈ રહેતું જ નથી, એટલે કે ત્યાં વિકાર થતો જ નથી, નિર્મળતા જ થાય છે. આ રીતે પોતાની નિર્મળ પર્યાયનું સાધન થવાનો જ આત્માનો સ્વભાવ છે.

હે નાથ ! આ આત્માને સુખી થવા માટે ક્યાં સાધનનું અવલંબન કરવું ? મારા સુખનું સાધન શું છે ? તે બતાવો.–એમ સાધનને માટે ઝંખતા શિષ્યને શ્રી આચાર્યદેવ કહે છે કે હે ભાઈ ! તું મુંઝાઈશ નહિ. તારો આત્મા પોતે જ તારા સુખનું સાધન છે, તેનું અવલંબન કરતાં જ તું સુખી થઈશ; માટે તારા આત્માને જ સુખનું સાધન જાણીને તેમાં અંતર્મુખ થા. જ્યારે જો ત્યારે તારા સુખનું સાધન તારામાં હાજરાહજૂર પડ્યું છે, અંતર્મુખ થઈને તેનું અવલંબન કર એટલી જ વાર છે. અંતર્મુખ થતાં તારો

આત્મા જ તારા સુખનું સાધન થઈ જશે, તારે બીજું કોઈ સાધન શોધવું નહિ પડે.

અહો ! આચાર્યદેવે કેટલી અદ્ભુત વાત સમજાવી છે ! આ વાત સમજે તેને આત્મામાં અપૂર્વ આનંદનો આહ્લાદ ઉલ્લસ્યા વિના રહે નહિ. અહો ! મારામાં જ મારું સુખ ભર્યું હતું પણ અત્યાર સુધી મેં બહાર શોધ્યું ને તેથી હું દુઃખી થયો. સ્વભાવમાં જ મારું સુખ છે એવું સમ્યક્ભાન થતાં, બહારમાં સુખબુદ્ધિ છૂટી ગઈ ને પોતાના સ્વભાવમાં જ મારું સુખ છે એવું સમ્યક્ભાન થતાં, બહારમાં સુખબુદ્ધિ છૂટી ગઈ ને પોતાના સ્વભાવમાં મગ્ન થઈને આત્મા પોતે સુખરૂપ પરિણમ્યો. તે સુખનું સાધન આત્મા જ છે, બીજું કોઈ તેનું સાધન નથી.

વિકલ્પવડે એક ગુણને જુદો પાડીને જીવ લક્ષમાં લ્યે છે, પણ વસ્તુમાં કાંઈ એક ગુણ જુદો નથી પડતો; એટલે તે વિકલ્પવડે વસ્તુ પ્રતીતમાં આવતી નથી. જેમ જડ–ચેતનને અત્યંત પ્રદેશભેદ છે, બંને વસ્તુના પ્રદેશો જ જુદા છે, તેમ કાંઈ વસ્તુની અનંતશક્તિઓને પ્રદેશભેદ નથી, જ્ઞાનના જુદા પ્રદેશ, દર્શનના જુદા પ્રદેશ, આનંદના જુદા પ્રદેશ–એવો પ્રદેશભેદ તો નથી; તેમજ અનંતશક્તિઓથી જુદો બીજો કોઈ શક્તિમાન નથી પરંતુ શક્તિમાન (વસ્તુ) પોતે જ અનંતશક્તિસ્વરૂપ છે, એ રીતે શક્તિમાનને અને શક્તિઓને સ્વરૂપભેદ પણ નથી. માત્ર સમજાવવા માટે અભેદમાં ભેદ ઊપજાવીને એક ગુણની મુખ્યતાથી 'જ્ઞાન તે આત્મા' એમ કહેવામાં આવે છે. ત્યાં ભેદ સામે જોવાથી આત્મા સમજાતો નથી, પણ અનંતધર્મસ્વરૂપ એક અખંડ ચૈતન્યવસ્તુ આત્મા છે–તેની સામે જોવાથી જ આત્માનું ખરું સ્વરૂપ સમજાય છે.

આ વાત જરાક સૂક્ષ્મ તો છે, પરંતુ પૂર્વે અનંતકાળમાં નહિ કરેલ એવું અપૂર્વ આત્મકલ્યાણ જેણે કરવું હોય તેણે અંતરમાં વારંવાર ઉદ્યમ કરીને આ વાત સમજવા જેવી છે. આ વાત સમજ્યે જ ભવભ્રમણથી છૂટકારો થાય તેમ છે. બીજી કોઈ રીતે છૂટકારો થાય તેમ નથી.

શ્રી તત્ત્વાર્થસૂત્રજીના પાંચમા અધ્યાયમાં એક સૂત્ર છે કે 'द्रव्याश्रया निर्गुणा गुणाः' બધાય ગુણો દ્રવ્યના આશ્રયે રહેલા છે, અર્થાત્ દ્રવ્ય પોતે જ અનંતગુણસ્વરૂપ છે, એટલે તે દ્રવ્યના આશ્રયે પરિણમતાં બધા ગુણોનું નિર્મળ પરિણમન થઈ જાય છે; પરંતુ ગુણ પોતે નિર્ગુણ છે એટલે કે એક ગુણના આશ્રયે બીજા ગુણ રહેલા નથી, તેથી એક ગુણનો ભેદ પાડીને તેના આશ્રયે શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા કરવા માંગે તો તે બની શક્તું નથી,

કેમકે, એક ગુણને શ્રદ્ધા–જ્ઞાનમાં લેવા જતાં બીજા અનંત ગુણો બાકી રહી જાય છે, તેથી આખી વસ્તુ જેવી છે તેવી પ્રતીતમાં કે જ્ઞાનમાં આવતી નથી, અને પ્રતીતમાં ને જ્ઞાનમાં આખી વસ્તુ આવ્યા વિના તેમાં એકાગ્રતા પણ ક્યાંથી થાય ? એક જ્ઞાન ગુણના આશ્રયે કેવળજ્ઞાન જો કે જ્ઞાનગુણની પર્યાય છે તો પણ તે ગુણ કાંઈ વસ્તુથી જુદો પડીને નથી પરિણમતો. અખંડ વસ્તુનો આશ્રય કરીને પરિણમતાં આત્માના બધા ગુણો નિર્મળપણે પરિણમી જાય છે. શ્રદ્ધાગુણ સમ્યક્ત્વરૂપે પરિણમી જાય છે, જ્ઞાનગુણ કેવળજ્ઞાનરૂપે પરિણમી જાય છે, ચારિત્રગુણ સ્વરૂપમાં લીનતારૂપે પરિણમી જાય છે, આનંદગુણ આનંદરૂપે પરિણમી જાય છે. ત્યાં દરેક ગુણનું જાુદું જાુદં અવલંબન નથી, એક અખંડ ચૈતન્યવસ્તુનું જ અવલંબન છે, ને તે જ બધાય ગુણોની નિર્મળ પર્યાયનું સાધન છે. અનુભવમાં અનંત ગુણો એકરસ થઈને સ્વાદમાં–વેદનમાં આવે છે.

ભાઈ ! તારા આત્મામાં ને દરેક આત્માના સ્વરૂપમાં જે વસ્તુસ્થિતિ છે તેનું જ આ વર્ણન છે. તારા આત્માનો વૈભવ તને દેખાડાય છે. આ શક્તિઓ કાંઈ નવી ઉત્પન્ન કરવાની નથી, શક્તિઓ તો તારામાં સદાય છે જ, પણ તેં તેની પ્રતીત કરી નથી, તેથી અંતર્મુખ થઈને તેની પ્રતીત નવી કરવાની છે. આ શક્તિઓની પ્રતીત કરતાં એટલે કે આવી શક્તિસ્વરૂપ આત્માને પ્રતીતમાં લેતાં આત્મા પોતે નિર્મળપણે પરિણમે છે ને તેની શક્તિઓ પર્યાયમાં પ્રગટી જાય છે, નિર્મળપણે ખીલી જાય છે. આનું નામ મોક્ષમાર્ગ; અને બધી શક્તિઓ પૂરેપૂરી ખીલી જાય તે મોક્ષ.

**' મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકલ માર્ગ નિર્ગ્રંથ. '**
(આત્મસિદ્ધિ)

નિમિત્તથી કે વિકારથી મારી પર્યાય નિર્મળ થાય એમ જે માને છે તેને સ્વાશ્રયનો સમ્યક્ પુરુષાર્થ નથી પણ પરાશ્રયનો ઊંધો પુરુષાર્થ છે. મારા સ્વભાવનાં સાધનથી જ મારી પર્યાય નિર્મળ થાય છે–એમ જે ખરેખર જાણે તે તો સ્વસન્મુખ થઈને સ્વભાવનો પુરુષાર્થ કરે છે, ને તેને જ સમ્યગ્દર્શનાદિ નિર્મળ કાર્ય થાય છે. અહો ! શુદ્ધચૈતન્યદ્રવ્યના આશ્રય સિવાય ગુણભેદના આશ્રયે લાભ થવાની માન્યતા પણ જ્યાં ઉડાડી દીધી ત્યાં

રાગના આશ્રયે કે પરના આશ્રયે લાભ થવાની માન્યતા તો ક્યાંથી ઊભી રહે ?

આ એક નિયમ છે કે–જેનાથી જેને લાભ હોય તેની સાથે તેને એકતા હોય. જેને પોતાથી ભિન્ન જાણે તેનાથી પોતાને લાભ કોઈ માને નહિ, અને જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના રહે નહિ. શરીરથી આત્માને લાભ થાય એમ માનનાર શરીરને અને આત્માને એકપણે જ માને છે; રાગથી આત્માને લાભ માનનાર રાગને અને આત્માના સ્વભાવને એકપણે જ માને છે; પુણ્યથી ધર્મ થાય–એમ માનનાર પુણ્યને અને ધર્મને એકપણે જ માને છે; વ્યવહારથી નિશ્ચય થાય એમ માનનાર નિશ્ચય–વ્યવહાર. બંનેને એકપણે જ માને છે; અને એક ગુણના ભેદના આશ્રયે લાભ થાય એમ માનનાર એક જ ગુણ સાથે આત્માની એકતા માને છે પણ અનંતગુણ સાથે આત્માની એકતાને જાણતો નથી, એટલે ગુણભેદના વિકલ્પને જ તે આત્મા માને છે. આ બધા મિથ્યાદ્રષ્ટિ જીવની માન્યતાના પ્રકારો છે. અંતરના ચિદાનંદ સ્વભાવમાં જ્યાં એકતા ન થઈ ત્યાં બીજે ક્યાંક એકતા માન્યા વિના રહે જ નહિ. ધર્મી જાણે છે કે મારો ચિદાનંદ સ્વભાવ જ મને લાભનું કારણ છે; અને, 'જેનાથી લાભ માને તેની સાથે એકતા માન્યા વગર રહે નહિ,' એ સિદ્ધાંત પ્રમાણે ધર્મી પોતાના સ્વભાવથી જ લાભ માનીને તેમાં જ એકતા કરે છે, ને સ્વભાવમાં એકતાથી તેને સમ્યગ્દર્શનાદિનો લાભ થાય છે. ગુણભંડાર આત્મા પોતે જ પોતાની કરણશક્તિથી સાધકતમ થઈને રત્નત્રયધર્મને સાધે છે.

જુઓ, આ સાધક થવાની રીત ! આ ધર્મને સાધવાનું ઉત્કૃષ્ટ સાધન ! પોતાના સ્વભાવને જ સાધન બનાવીને અનંતા જીવોએ સિદ્ધપદને સાધ્યું છે, વર્તમાનમાં અનેક જીવો એ જ રીતે સિદ્ધપદને સાધે છે, અને ભવિષ્યમાં પણ એ જ રીતે સિદ્ધપદને સાધશે. સ્વભાવસાધનથી બહાર બીજું સાધન જે શોધશે તેને સિદ્ધપદની સિદ્ધિ નહિ થાય, તે તો સંસારનો જ સાધક રહેશે એટલે કે સંસારમાં જ રખડશે. અહીં તો સ્વભાવ–સાધન સમજીને સાધક થઈને પોતાના સિદ્ધપદને સાધે એવા જીવોને માટે જ આ વાત છે, સંસારમાં રખડનારા જીવો તો પરજ્ઞેયમાં જાય છે.

જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામિ સિવાય બીજાનો સંગ સ્વપ્નેય કરે નહિ, તેમ સમ્યગ્દ્રષ્ટિમાં ધર્માત્મા પોતાના ચૈતન્યસ્વામી સિવાય બીજા કોઈને સ્વપ્ને પણ પોતાનાં સાધન તરીકે સ્વીકારે નહિ. આ જ સાધ્યની સિદ્ધિનું સાધન છે, બીજા કોઈ સાધનથી સાધ્યની સિદ્ધિ થતી નથી. તેથી આચાર્યદેવ કહે છે કે–'અનંતચૈતન્ય જેનું ચિહ્ન છે

એવી આ આત્મજ્યોતિને અમે નિરંતર અનુભવીએ છીએ, કારણ કે તેના અનુભવ વિના અન્ય રીતે સાધ્ય આત્માની સિદ્ધિ નથી.'–

**सततमनुभवामोऽनं तच्चैतन्यचिह्नं**
**न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः ।**
**(સમયસાર કળશ ૨૦)**

ભગવાન આત્મદ્રવ્યમાં બીજા સાધન વગર પોતાથી જ નિર્મળ પર્યાયરૂપે પરિણમવાની તાકાત છે; દ્રવ્ય પોતે પરિણમીને બધા ગુણોનું કાર્ય કરે છે. 'વર્તમાન વર્તતા પરિણામ'ના સાધકતમ થવાની આત્માની શક્તિ છે એમ કહ્યું તેમાં જે વર્તમાન પરિણામ લીધા તે નિર્મળ પરિણામ છે; કેમ કે સાધકની દૃષ્ટિ શક્તિમાન એવા દ્રવ્ય ઉપર ગઈ છે, ને તે દ્રવ્યના આશ્રયે નિર્મળ પરિણામ જ થાય છે. તે નિર્મળ પરિણામનું જ સાધન થવાનો દ્રવ્યનો સ્વભાવ છે.

સાધકપણા વખતે નિમિત્તપણે બહારની ચિજો હો તો ભલે હો, ભૂમિકા અનુસાર રાગ પણ હો તો ભલે હો, પરંતુ સાધકધર્માત્મા તે કોઈને પોતાના સાધકપણાનાં સાધન તરીકે સ્વીકારતા નથી, સાધકપણાનાં સાધન તરીકે તો પોતાના આત્માને એકને જ સ્વીકાર્યો છે. તે અખંડ સાધનથી જ મોક્ષમાર્ગની ને મોક્ષની સિદ્ધિ થાય છે.

રાગમાં અને નિમિત્તોમાં જ્ઞાનનું જ્ઞેય થવાની તાકાત છે, પણ જ્ઞાનનું સાધન થવાની તાકાત નથી. તે જ્ઞાનનું જ્ઞેય હોવા છતાં જે તને જ્ઞાનનાં સાધન તરીકે માને તે બૌદ્ધમતી જેવો મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનનું સાધન તો આખો જ્ઞાયકસ્વભાવ છે, તેને સાધન ન બનાવતાં પરજ્ઞેયોને સાધન માને છે, એટલે કે જ્ઞાનસ્વભાવમાં એકતા ન કરતાં પરજ્ઞેયો સાથે એકતા માને છે, તેને જ્ઞાનનું કાર્ય નથી થતું પણ અજ્ઞાન થાય છે. જાતિસ્મરણજ્ઞાન, જિનપ્રતિમાદર્શન, વેદના વગેરેને સમ્યક્ત્વ–ઉત્પત્તિનાં કારણો કહ્યાં છે તે બધા ઉપચારથી–તે તે નિમિત્તોનું જ્ઞાન કરાવવા માટે કહ્યા છે, પરમાર્થે સાધન તો પોતાનો ચિદાનંદ ભગવાન જ છે. આ એક જ સાધન છે,–'એક નનૈયો સો રોગને હણે' તેમ આ એક સ્વભાવસાધનનો સ્વીકાર બીજા બધા બાહ્યસાધનોના રાગને હણી નાંખે છે એટલે કે સ્વભાવસાધનનો સ્વીકાર કરતાં કોઈ પણ બાહ્ય સાધનોની માન્યતા છૂટી

જાય છે.

તીર્થંકરપ્રકૃતિ જડ હોવા છતાં શાસ્ત્રમાં કોઈ વાર તેને પણ અરહંતપદનું કારણ કહે; ત્યાં તો એવો નિમિત્ત–નૈમત્તિક સંબંધ બતાવવો છે કે તીર્થંકરપ્રકૃતિ બાંધનાર સમ્યગ્દ્રષ્ટિ જીવ ત્રીજે ભવે અવશ્ય અરહંત થાય છે,–તે તીર્થંકર પ્રકૃતિનાં સાધનથી નહિ, પણ સ્વભાવના જ સાધનથી. એ જ પ્રમાણે અચેતન વાણીને પણ જ્ઞાનનું સાધન નથી. જ્ઞાન થવાનું ખરું સાધન તો જ્ઞાનસ્વભાવ જ છે. આ પરમાર્થ–સાધનને લક્ષમાં લ્યે તેને જ સમ્યગ્જ્ઞાનાદિ કાર્યની સિદ્ધિ થાય છે. આ પરમાર્થસાધનની પ્રતીતનું ફળ મોક્ષ છે, ને બાહ્ય સાધન માને તેનું ફળ સંસાર છે.

અનંતશક્તિસ્વરૂપ ભગવાન આત્મા છે, તેની ૪૩મી 'કરણશક્તિ'નું આ વર્ણન ચાલે છે. કરણ એટલે સાધન; આત્મા પોતે કર્તા થઈને પોતાના નિર્મળપર્યાયરૂપ કાર્યને કરે છે, પણ તેનું સાધન શું ?–તો કહે છે કે–કરણશક્તિને લીધે આત્મા પોતે ઉત્કૃષ્ટ સાધન છે. સાધકને પોતાનો આત્મા જ નિર્મળતાનું સાધન છે. આત્મામાં સાધન થવાની શક્તિ તો ત્રિકાળ છે, પણ પોતે સ્વસન્મુખ થઈને તે સાધનને કદી પકડ્યું નથી. જો સ્વસન્મુખ થઈને સ્વભાવ–સાધનને પકડે તો સાધકદશા થયા વિના રહે નહિ. ત્રિકાળી દ્રવ્યને સાધનપણે અંગીકાર કરતાં જ્ઞાનાદિ અનંતગુણો પોતપોતાની નિર્મળ પર્યાયપણે પરિણમી જાય છે. પ્રવચનસારની ૨૧મી ગાથામાં પણ કહે છે કે–'કેવળીભગવાન સ્વયમેવ....અનાદિઅનંત, અહેતુક અને અસાધારણ **જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહવાથી** તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે...' જુઓ, કેટલી સ્પષ્ટ વાત છે ! કેવળજ્ઞાનનું કારણ બીજું કોઈ છે જ નહિ, પોતાનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહણ કરે તે ક્ષણે કેવળજ્ઞાન થાય છે. આ કેવળજ્ઞાનની જેમ ક્ષાયિકશ્રદ્ધા, અનંતઆનંદ વગેરે બધી નિર્મળ પર્યાયોમાં પણ સમજી લેવું.

આત્માના જ ગ્રહણથી દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે નિર્મળપર્યાયો થાય છે, તેથી આત્મા જ તેમનું સાધન છે. અભેદપણે આત્મા પોતે જ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર–તપ વગેરે રૂપ છે–

**'મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન–ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને, મુજ આત્મ સંવર–યોગ છે.'**

(–સમયસાર ગા.૨૭૭)

આત્મા જ પોતાની દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે નિર્મળ પર્યાયોમાં અભેદપણે પરિણમે છે તેથી તે પર્યાયો આત્મા જ છે. તેનું સાધન પણ આત્મા જ છે. ત્રિકાળી દ્રવ્ય તે કારણ ને તેની નિર્મળપર્યાય તે કાર્ય, આવા કારણ–કાર્ય અભેદ એક સાથે છે, બીજું કોઈ ભિન્ન કારણ નથી.

**પ્રશ્ન** :- જો કારણ–કાર્ય બંને સાથે જ હોય તો, શુદ્ધદ્રવ્યરૂપ કારણ તો ત્રિકાળ છે છતાં કાર્ય કેમ નથી ?

**ઉત્તર** :- શુદ્ધ કારણને સ્વીકારે ને નિર્મળ કાર્ય ન હોય એમ બને જ નહિ; 'કારણ ત્રિકાળ છે' એમ સ્વીકાર્યું કોણે ? કારણને સ્વીકારનારું પોતે જ નિર્મળ કાર્ય છે. અજ્ઞાનીએ તો શુદ્ધદ્રવ્યને કારણ તરીકે સ્વીકાર્યું જ નથી, તેણે તો પરને કારણ તરીકે માન્યું છે એટલે શુદ્ધકારણ તેની દૃષ્ટિમાં આવ્યું જ નથી, ને સમ્યગ્દર્શનાદિ કાર્યપણ તેને થયું નહિ. 'કારણ છે પણ કાર્ય નથી' એમ જે કહે છે તેણે ખરેખર કારણને કારણ તરીકે સ્વીકાર્યું જ નથી. ધ્રુવવસ્તુ કારણ, અને જ્યાં તેનો સ્વીકાર કર્યો ત્યાં મોક્ષમાર્ગરૂપ કાર્ય, –એ રીતે કારણ-કાર્ય બંને એક સાથે જ છે. જો કાર્ય નથી તો દ્રવ્યને કારણ તરીકે સ્વીકારનાર કોણ છે ? શુદ્ધદ્રવ્યના અવલંબને જ્યાં શુદ્ધકાર્ય થયું ત્યાં ભાન થયું કે અહો ! મારો સ્વભાવ જ મારા કાર્યનું કારણ છે. આવું કારણ મારામાં પૂર્વે પણ હતું પણ મેં તેનું અવલંબન ન લીધું. તેથી કાર્ય ન થયું. હવે તે શુદ્ધકારણના સ્વીકારથી સમ્યગ્દર્શનાદિ શુદ્ધાકાર્ય થયું.

તીર્થંકર ભગવંતોના માર્ગમાં તો મોક્ષમાર્ગનું સાધન શુદ્ધ આત્મા જ છે. શુદ્ધઆત્મસ્વભાવના અવલંબથી જ મોક્ષમાર્ગને સાધી શકાય છે ને એ જ તીર્થંકર ભગવંતોએ બતાવેલો મુક્તિનો માર્ગ છે. ભગવાન પણ એ જ માર્ગે મુક્તિ પામ્યા છે; ને 'હે જીવો ! તમે પણ આ રીતે તમારા ચિદાનંદસ્વભાવને જ સાધનપણે અંગીકાર કરો.... તેને સાધન કરવાથી જ સિદ્ધ થાય છે'–એમ ભગવાનનો ઉપદેશ છે. આ સિવાય બીજા કોઈ સાધનથી મોક્ષ થાય એમ ભગવાને કહ્યું નથી.

જુઓ, આ ધર્મનું સાધન બતાવાય છે.

ધર્મનું સાધન શું ?

– દેહની ક્રિયા તે ધર્મનું સાધન નથી;

– પુણ્ય તે ધર્મનું સાધન નથી;

– અનંત શક્તિસંપન્ન ધર્મી એવો જે આત્મા તે જ ધર્મનું સાધન છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે ધર્મ છે, ને આત્માનો સ્વભાવ જ તેનું સાધન છે. સ્વામી સમન્તભદ્રઆચાર્યદેવે કહ્યું છે કે ' **न धर्मो धार्मिकैर्विना** ' ધર્મ ધાર્મિક વિના હોતો નથી; પરમાર્થે ધર્મને ધારણ કરનાર એવો જે આત્મા (ધર્મી) તેના વિના સમ્યગ્દર્શનાદિ ધર્મ હોતો નથી. અનંતગુણને ધારણ કરનાર એવો આત્મા તે ધર્મી છે ને તેના જ આધારે ધર્મ છે. આત્મા પોતે 'સાધક' થઈને પોતાના ધર્મને સાધે છે તેથી આત્મા 'સાધુ' છે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ઇત્યાદિ નિજ ઋદ્ધિ સહિત હોવાથી તે ઋષિ છે. આમ આત્મા પોતે સ્વભાવથી સર્વસાધનસંપન્ન છે.

હે જીવ ! તારામાં એવી કઈ અપૂર્ણતા છે કે તું બહારનાં સાધનને શોધે છે ? સાધન થવાની પરિપૂર્ણ શક્તિ તારામાં છે. તારો આત્મા જ સર્વસાધનસંપન્ન હોવા છતાં તું બહારમાં તારા સાધનો કેમ શોધે છે ? જેમ પોતાનાં ઘરમાં હાર વગેરે સાધન ન હોય તે બીજા પાસે માંગવા જાય, પણ જેનાં ઘરમાં બધાય સાધન હોય તે બીજા પાસે માંગવા શા માટે જાય ? તેમ ચૈતન્યસ્વભાવ પોતે સર્વસાધનસંપન્ન છે, તેનામાં એવી કોઈ અધૂરાશ નથી કે બીજા પાસેથી સાધન માંગવું પડે.

જેમ મોટું મંદિર કરવું હોય તો તેની સામગ્રી ક્યાં મળશે તે લક્ષમાં લ્યે છે, તેમ આ આત્માનું સિદ્ધમંદિર–મોક્ષમંદિર બાંધવા માટે ક્યાં સાધન છે ? તેની આ વાત છે. ભાઈ ! તારા સિદ્ધમંદિરનું સાધન થાય એવી સામગ્રી (–સાધનશક્તિ,કરણશક્તિ) તારા સ્વભાવમાં જ ભરી છે. તે જ સાધનનો ઉપયોગ કરીને (એટલે કે સ્વભાવમાં ઉપયોગ વાળીને) તારા સિદ્ધમંદિરને તૈયાર કર. તારી સિદ્ધિને સાધવા માટે તારા સ્વભાવરૂપ એક જ સાધન બસ છે, બીજા કોઈ સાધનને શોધ મા.

૪૩મી કરણશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# સંપ્રદાન શક્તિ

**આત્મા આનંદથી ભરેલો પરમ મહિમાવંત પદાર્થ છે. હે જીવ ! તારે આનંદ જોઈતો હોય તો આનંદના દાતાર એવા તારા આત્મા પાસે જા, ત્યાંથી જ તને આનંદ મળશે..આવા આત્માને સાધનારા રત્નત્રયધારક સંતમુનિવરો પ્રત્યે ધર્માત્માને એવો ભક્તિભાવ હોય છે કે તેમને જોતાં જ તેના રોમ–રોમ ઉલ્લસી જાય છેઃ અહો ! આ મોક્ષના સાધક સંતભગવાનને માટે હું શું–શું કરું ? કઈ–કઈ રીતે તેમની સેવા કરું !**

કર્તા, કર્મ અને કરણશક્તિ વર્ણવી, હવે આત્માની સંપ્રદાન શક્તિ બતાવે છે. 'પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયણામય સંપ્રદાન શક્તિ આત્મામાં છે.' આત્માનો એવો સ્વભાવ છે કે પોતાના ભાવને પોતે જ ઝીલે છે, દ્રવ્યસ્વભાવથી અપાતા કેવળજ્ઞાનાદિ નિર્મળભાવને ઝીલીને પોતામાં જ રાખવાની આત્મામાં શક્તિ છે. જેમ લૌકિક વ્યવહારમાં કુંભાર ઘડો બનાવીને રાજાને આપે ત્યાં રાજા તે ઘડાનું સંપ્રદાન કહેવાય છે; તેમ આત્મા પોતાની નિર્મળ પર્યાય પ્રગટ કરીને કોઈ બીજાને નથી આપતો, પણ પોતામાં જ રાખે છે, પોતે પોતાને જ નિર્મળપર્યાયનું દાન આપે છે, એવી આત્માની સંપ્રદાન શક્તિ છે.

જ્યાં સ્વભાવની દૃષ્ટિ કરી ત્યાં ધર્મી જીવને એવી પાત્રતા પ્રગટી કે પોતાના સ્વભાવમાંથી દેવામાં આવતા નિર્મળભાવને જ તે ઉપેય તરીકે સ્વીકારે છે, રાગાદિને તે ઉપેય તરીકે પોતામાં ગ્રહતો નથી. હું દેનાર ને બીજો લેનાર, અથવા હું લેનાર ને બીજો દેનાર, એમ ધર્મી માનતા નથી; હું જ દેનાર ને હું જ લેનાર...શેનો ? કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવોનો.–એ રીતે ધર્મી પોતાના આત્માને જ પોતાના સંપ્રદાન

તરીકે જાણે છે.

સમકિતી ધર્માત્માને રત્નત્રયના સાધક સંતમુનિવરો પ્રત્યે એવો ભક્તિભાવ હોય છે કે તમને જોતાં જ તેના રોમરોમ ભક્તિથી ઉલ્લસી જાય છે....અહો ! આ મોક્ષના સાક્ષાત્ સાધક સંતભગવાનને માટે હું શું–શું કરું ! કઈ–કઈ રીતે એમની સેવા કરું ! કઈ રીતે એમને અર્પણતા કરી દઉં !!–એમ ધર્મીનું હૃદય ભક્તિથી ઉછળી જાય છે. અને જ્યાં એવા સાધકમુનિ પોતાના આંગણે આહાર માટે પધારે ત્યાં તો જાણે સાક્ષાત્ ભગવાન જ આંગણે પધાર્યા...સાક્ષાત્ મોક્ષમાર્ગ જ આંગણે આવ્યો !–આમ અપાર ભક્તિથી મુનિને તથા આહાર દેનાર સમકિતી ધર્માત્માને અંતરમાં દૃષ્ટિ (–શ્રદ્ધા) કેવી હોય છે તેનું આ વર્ણન છે. તે વખતે તે બંનેના અંતરમાં એવું સમ્યક્‌ભાન વર્તે છે કે અમારો જ્ઞાયક આત્મા આ આહારનો દેનાર કે લેનાર નથી, તેમજ આ નિર્દોષ આહાર દેવાનો કે લેવાનો જે શુભ રાગ છે તેનો દાતાર કે પાત્ર (લેનાર) અમારો જ્ઞાયકઆત્મા નથી; અમારો જ્ઞાયકઆત્મા તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળભાવનો જ દેનાર છે, ને તેના જ અમે પાત્ર છીએ. આ રીતે અમારો આત્મા જ દાતાર છે ને અમારો આત્મા જ અમારું સંપ્રદાન છે. આવી અંતર્દૃષ્ટિ બંનેને વર્તે છે. તેનો જ ખરો મહિમા છે. આવી અંતર્દૃષ્ટિ વગર એકલા શુભરાગથી આહારદાન દ્યે કે લ્યે તેની મોક્ષમાર્ગમાં કાંઈ ગણતરી નથી. મહાત્મા મુનિ અને ધર્માત્મા સમકિતી બંને અંતર્દૃષ્ટિવડે ક્ષણેક્ષણે પોતાના સ્વભાવમાંથી નિર્મળપર્યાયનું દાન દ્યે છે ને પોતે જ પાત્ર થઈને તે લ્યે છે,–આવું દાન તે મોક્ષનું કારણ છે, ને તે ધર્મ છે. પરનો કે વિકારનો દેનાર–લેનાર આત્મા છે એમ જે માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે; ને એવો મિથ્યાદૃષ્ટિ તો વ્યવહારમાં પણ 'કુપાત્ર' ગણવામાં આવે છે.

મુનિઓને કે ધર્માત્મા શ્રાવકોને આહારદાન દેવાનો ભાવ તે તો શુભરાગ છે, તે પુણ્યસ્ત્રવનું કારણ છે, તેમાં તો દાતા–પાત્ર–દાન અને વિધિ એ ચારે ભિન્ન ભિન્ન છે. સમકિતી ગૃહસ્થ દાતા છે, મુનિ તે ઉત્તમ પાત્ર છે, પોતાની આહારાદિ વસ્તુ દેવી તે દાન છે ને નવધા ભક્તિ વગેરે વિધિ છે. અને અહીં આત્મા પોતે જ્ઞાનનો દાતાર થઈને પોતાને જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું દાન આપે છે, અતીન્દ્રિય આનંદરૂપી આહાર પોતે પોતાને આપે છે, તે ધર્મ છે, તે મોક્ષનું કારણ છે, ને તેમાં દાતા–પાત્ર–દાન અને વિધિ એ ચારે અભેદ છે. ભગવાન આત્મા પોતે દાતાર છે, તે દાતારવડે

દેવામાં આવતી રત્નત્રયપર્યાયને લેનાર પાત્ર પણ પોતે જ છે, દેવાયોગ્ય જે નિર્મળપર્યાય તે પણ પોતાથી અભિન્ન છે, અને પોતામાં એકાગ્રતારૂપ વિધિવડે પોતે તે દાન આપે છે તેથી વિધિ પણ પોતામાં જ છે.–આત્માના આવા સંપ્રદાન સ્વભાવને જે જાણે તેનામાં એવી પાત્રતા પ્રગટે કે પોતાના સ્વભાવ પાસેથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં દાન લ્યે. પોતાના સ્વભાવથી દેવામાં આવતું આવું દાન લેવાનો જ આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને જાણતો ધર્માત્મા પોતાની સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયના સંપ્રદાનપણે પરિણમે છે, ને તે જ ધર્મ છે.

ચૈતન્યસ્વરૂપ આત્માના ભાન વગર, આહારની ક્રિયાને અને રાગને આત્માનું સ્વરૂપ માનીને, શુભભાવથી આહાર આપે તો ત્યાં મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે, તેનાથી પરીત–સંસાર નથી થતો પણ જુગલીયા–ભોગભૂમિમાં અવતાર થાય છે. અહીં તો જેનાથી સંસારનો અંત આવે ને મોક્ષની પ્રાપ્તિ થાય એવા ધર્મની વાત છે. અજ્ઞાનીએ પોતાના આત્માને એવો માન્યો છે કે જાણે તે રાગનું જ પાત્ર હોય ! તેને સમજાવે છે કે અરે ભગવાન ! તારા આત્મામાં તો રાગને તોડીને પોતે કેવળજ્ઞાનનું પાત્ર થાય એવી તાકાત છે...તેને ઓળખ.

જેમ કોઈ ગરીબ હોય ને તેને મોટું રાજ મળવાનો પ્રસંગ આવે, ત્યાં તે એમ કહે છે કે 'અરે ! અમે તો ગરીબ, અમારામાં રાજને લેવાની ને રાજા થવાની પાત્રતા ક્યાંથી હોય ?'–તો તે પુણ્યહીન છે. અને જે પુણ્યવાન છે તે તો તરત જ સ્વીકાર કરે છે કે અમે રાજા થવાને પાત્ર છીએ, અમારી તાકાતથી અમે રોજ ચલાવશું, તેમ અહીં ગરીબ એટલે કે અજ્ઞાની જીવને તેનું ચૈતન્યરાજ મળવાની વાત આચાર્યદેવ સંભળાવે છે કે 'અરે જીવ ! તારામાં કેવળજ્ઞાનપદનું સંપ્રદાન થવાની તાકાત છે, જ્ઞાનસામ્રાજ્યને મેળવીને તેને સંભાળવાની તારી તાકાત છે.' ત્યાં જે એમ કહે છે કે 'અરે ! અમે તો અજ્ઞાની, પાપમાં ડૂબેલા, અમારામાં કેવળજ્ઞાન લેવાની ને પરમાત્મા થવાની પાત્રતા ક્યાંથી હોય ?'–તો તે જીવ પુરુષાર્થહીન છે; અને જે પુરુષાર્થના છે–આત્માનો ઉલ્લસી છે, તે તો એ વાત સાંભળતાં તરત જ સ્વીકાર કરે છે કે અહો ! અમારો આત્મા કેવળજ્ઞાન લેવાનો પાત્ર છે, કેવળજ્ઞાન સામ્રાજ્યને ઝીલવાની અમારી પર્યાયમાં તાકાત છે, અમારા સ્વભાવની તાકાતથી અમે કેવળજ્ઞાનને લેશું.–આમ આત્મસ્વભાવનો ભરોસો કરીને તેમાં લીન થઈને ધર્મી પોતાના આત્માને કેવળજ્ઞાન વગેરેના સંપ્રદાનરૂપે પરિણમાવે

છે. બધાય જીવોમાં આવી તાકાત છે, જે તેને સ્વીકાર છે તેનું પરિણમન થાય છે, –'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય' એની જેમ.

આ તો કોઈ પણ પ્રકારે જેને આત્માનું હિત સાધવું છે એવા જીવને સમજાય તેવી વાત છે. ગમે તેવા ઊંચા ભોજન હોય પણ જેને ભૂખ ન લાગી હોય તેને તે કેમ ભાવે ? ખરેખરી ભૂખ લાગી હોય તેને તે ભાવે. તેમ ભવથી થાકીને આત્માની ભૂખ જેને નથી લાગી તેને તો, આત્માના આનંદની આ અપૂર્વ વાત સમજવામાં પણ રસ નથી આવતો. પણ જે જીવ ભવદુઃખથી થાકી ગયો છે, અરેરે ! આ આત્મા હવે ભવદુઃખથી છૂટીને ચૈતન્યની શાંતિ ક્યારે પામે !–એમ જેને આત્મશાંતિની તીવ્ર ભૂખ લાગી છે, તે તો અપૂર્વ રુચિથી શ્રવણ કરીને જરૂર આ વાત સમજી જાય છે, ને આ સમજવાથી જરૂર તેના ભવના થાક ઊતરી જાય છે, જરૂર તેની ભૂખ ભાંગી જાય છે ને આત્માની અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે. ભવનો જેને થાક લાગ્યો હોય ને આત્માના સુખની ભૂખ જાગી હોય તે ભૂખ્યાને માટે આ સુખડીથી અનંત ભવની ભૂખડી ભાંગી જાય છે, ને અપૂર્વ સુખની પ્રાપ્તિ થાય છે.

આત્મામાં એવી સંપ્રદાનશક્તિ છે કે પોતે દેનાર છે, ને પોતે જ લેનાર છે. આત્મા દાતાર થઈને શું આપે ? આત્માના સ્વભાવમાં જે હોય તે આપે; આત્માના સ્વભાવમાં કાંઈ વિકાર નથી ભર્યો કે તે વિકાર આપે. આત્માના સ્વભાવમાં તો જ્ઞાન–આનંદ જ ભર્યા છે તેથી તે જ્ઞાન–આનંદનો જ દાતાર છે; અને આત્મા પોતે જ તેનો લેનાર છે. **આત્માનો આવો આનંદસ્વભાવ સંતો બતાવે છે, તેથી નિમિત્ત તરીકે સંતો આનંદના દાતાર છે. વીરસેનાચાર્યદેવ કહે છે કે આ મહાન પરમાગમોદ્ધારા શ્રી સર્વજ્ઞદેવે જીવોને આનંદનું ભેટણું આપ્યું છે...સર્વજ્ઞના શાસ્ત્રમાં આનંદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો છે તેથી કહ્યું કે ભગવાને જ આનંદની ભેટ આપી છે.** ભગવાનના કહેલા શાસ્ત્રોનો અંતરઆશય સમજે તેને અતીન્દ્રિયઆનંદની પ્રાપ્તિ થયા વગર રહે નહિ.

આત્માને આનંદ જોઈએ છે. તે આનંદ દેવાની તાકાત આત્મામાં જ છે; રાગમાં આનંદ દેવાની તાકાત નથી, તેનામાં તો દુઃખ દેવાની તાકાત છે; આઈસ્ક્રીમ, ગુલાબજાંબુ, પૈસા, ચા, સ્ત્રી, સુગંધ વગેરેમાં એવી તાકાત નથી કે આત્માને આનંદ આપે. મૂઢ જીવોએ મૂર્ખતાથી જ તેમાં આનંદ માન્યો છે. આત્માના આનંદને જે જાણે તે બીજે ક્યાંય આનંદ માને નહિ. આ રીતે આત્મા પાત્ર થઈને રાગનો કે પરનો લેનાર નથી પણ પોતાના

સ્વભાવમાંથી દેવામાં આવતા આનંદનો જ લેનાર છે, માટે જ્ઞાનસ્વભાવની દૃષ્ટિમાં જ્ઞાનીના બધાય ભાવો જ્ઞાન–આનંદમય જ હોય છે.

હે જીવ ! તારો આત્મા એક પરમ મહિમાવંત આનંદથી ભરેલો પદાર્થ છે; તેમાં એકાગ્ર થઈને તારી પાસેથી જ તારો આનંદ લે. સ્વભાવમાં એકાગ્ર થતાં પર્યાય પોતે આનંદરૂપ પરિણમી જાય છે, એટલે આત્માએ આનંદ દીધો અને આત્માએ આનંદ લીધો– એમ કહેવાય છે, પરંતુ દેનાર ને લેનાર કાંઈ જુદા નથી.

જેમ આંખ બહારના દૃશ્યોની માત્ર દેખનારી જ છે, તેની લેનારી કે દેનારી નથી, તેમ આત્મા દૃષ્ટાસ્વભાવી છે તે બાહ્ય પદાર્થોનો દેખનાર જ છે, તેનો લેનાર કે દેનાર નથી.

હવે દૃષ્ટાસ્વભાવમાં એકાગ્રતાવડે રાગાદિની ઉત્પત્તિ પણ થતી નથી, તેથી દૃષ્ટા– ભગવાન રાગાદિનો પણ દેનાર કે લેનાર નથી.

દૃષ્ટા–સ્વભાવમાં એકાગ્રતાથી તો વીતરાગી જ્ઞાન–દર્શન–આનંદની ઉત્પત્તિ થાય છે, તેથી દૃષ્ટા–ભગવાન જ્ઞાન–દર્શન–આનંદનો જ દેનાર છે ને તેનો જ લેનાર છે.

– આટલું રહસ્ય આ સંપ્રદાનશક્તિમાં ભર્યું છે.

સ્વરૂપનું દાન લેવા માટે સ્વરૂપની સન્મુખ થવું જોઈએ. ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને લીન થતાં સ્વરૂપના શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરેનું દાન મળે છે. માટે જેણે એવું સ્વરૂપદાન લેવું હોય તેણે અંતર્મુખ થઈને આત્મા પાસે જવું જોઈએ.

**પ્રશ્ન** :- આત્મા ક્યાં હશે ?

**ઉત્તર** :- જ્યાંથી આવો પ્રશ્ન ઊઠે છે ત્યાં જ આત્મા છે. 'આત્મા ક્યાં હશે ?' એવો પ્રશ્ન પૂછનાર પોતે જ આત્મા છે. આત્મા વિના એ પ્રશ્ન કોણ પૂછે ? આત્માની ભૂમિકામાં જ એ પ્રશ્ન ઊઠે છે.

વળી 'આત્મા ક્યાં હશે ?' એમ પ્રશ્ન પૂછ્યો તેમાં જ એ વાત આવી જાય છે કે એનો ઉત્તર સમજવાની તાકાત પોતામાં છે.

'આત્મા ક્યાં હશે ?' તેમ પ્રશ્નમાં ઉત્તરમાં જ્ઞાની એમ કહે છે કે 'આ જે જાણનાર– દેખનાર છે તે જ આત્મા છે,'–અને પ્રશ્ન પૂછનારને આવો ઉત્તર લક્ષમાં આવે છે કે જ્ઞાનીએ મને આમ કહ્યું; જે જ્ઞાનવડે તે લક્ષમાં આવે છે તે જ્ઞાનમાં જ આત્મા છે, માટે હે ભાઈ ! તું પોતે જ આત્મા છો; માટે તારા જ્ઞાનમાં જ આત્માને શોધ. આ

દેહ તે તું નથી, દેહમાં શોધ્યે આત્મા નહિ મળે. દેહ તો જડ, રૂપી અને દૃશ્ય છે, તેનાથી જુદો ચેતન અરૂપી અને દૃષ્ટા આત્મા છે; દેહ વિનાશી છે, આત્મા અવિનાશી છે; દેહ ઇંદ્રિયગોચર છે, આત્મા ઇંદ્રિયગોચર નથી પણ અતીન્દ્રિય છે; દેહ સંયોગી કૃત્રિમ વસ્તુ છે, આત્મા અસંયોગી સ્વાભાવિક વસ્તુ છે. બધાયને જાણનાર 'આ જાણનારો હું જ છું'–એમ પોતાને નથી જાણતો–એ આશ્ચર્ય છે !! જાણનાર પોતે પોતાને જ નથી જાણતો, પોતે પોતાને જ ભૂલી જાય છે, એ એક મોટી ભ્રમણા છે, ને તે ભ્રમણાને લીધે જ સંસારદુઃખ છે.

એક વાર દસ મૂર્ખાઓ એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં એક નદી આવી; નદી પાર કરીને સામે કાંઠે આવ્યા, ત્યાં એક માણસ બોલ્યો કે આપણામાંથી કોઈ પાણીમાં ડૂબી તો નથી ગયું ને ?–ચાલો સંખ્યા ગણી જોઈએ. એમ કહીને સંખ્યા ગણી જોઈએ. એમ કહીને સંખ્યા ગણવા માંડીઃ 'એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ ને નવ !' તરત જ તેને ધ્રાસકો પડ્યો કે અરર ! આપણામાંથી એક જણ ડૂબી ગયો ! પછી બીજો મૂર્ખો ગણવા ઊભો થયો. એમ એક પછી એક બધાય મૂરખાઓએ ગણ્યા, તો નવ જ થયા–કેમકે દરેક ગણનારો પોતે પોતાને જ ગણતાં ભૂલી જતો હતો. બધા ભેગા થઈને વિમાસણમાં પડી ગયા કે એક જણ ડૂબી ગયો, હવે શું કરવું ? તેઓ ગડમથલ કરતા હતા ત્યાં કોઈ ડાહ્યો મુસાફર ત્યાંથી નીકળ્યો. તે આ મૂરખાઓની ગડમથલનું કારણ સમજી ગયો, અને કહ્યુંઃ ભાઈઓ ! ધીરા થાઓ...શાંત થાઓ...તમારામાંથી કોઈ ખોવાણું નથી....ચાલો, બધા એક સાથે લાઈનમાં ઊભા રહો...જુઓ...આ એક...આ બે...આ ત્રણ...ચાર...પાંચ...છ...સાત....આઠ.....નવ ને આ....દસ ! તમે દસેદસ પૂરેપૂરા છો....એ જાણીને મૂરખાઓની ભ્રમણા ટળીને શાંતિ થઈ. તેમને ખ્યાલ આવ્યો કે અરે ! પોતે પોતાને જ ગણતા ભૂલી જતા હતા તેથી 'નવ' થતા હતા ને એક જણ ખોવાઈ જવાની ભ્રમણા થઈ હતી, એટલે 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.'

તે દસ મૂરખાઓની જેમ અજ્ઞાની જીવો પોતે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. આ શરીર, આ રાગ, અથવા આ જીવ, આ અજીવ–એમ વ્યવહારથી 'નવ' તત્ત્વોને લક્ષમાં લ્યે છે, પણ તેને જાણનારો હું જ્ઞાયક છું–એમ પોતે પોતાને સ્વસંવેદનથી લક્ષમાં લેતો નથી; તેથી રાગાદિમાં ને શરીરાદિમાં જ પોતપણાની ભ્રાંતિથી તે હેરાન થાય

છે. જ્ઞાની તેને તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે અરે જીવ ! તું શાંત થા...ધીરો થા...ને ધીરો થઈને તારા અંતરમાં જો...તારું સ્વરૂપ તો રાગથી ને દેહથી અત્યંત ભિન્ન, જ્ઞાન ને આનંદસ્વરૂપ જ છે. એ પ્રમાણે અંતર્મુખ થઈને આત્માને જાણતાં જ ભ્રમણા ટળીને જીવ આનંદિત થાય છે. ત્યારે તેને એમ પણ થાય છે કે અરે ! અત્યારસુધી મારા પોતાના જ અસ્તિત્વને ભૂલીને હું ભ્રમણાથી દુઃખી થયો, 'અપને કો આપ ભૂલા કે હૈરાન હો ગયા.'

(દૃષ્ટાંતમાં મૂરખાઓ દસ હતા ને ડાહ્યો એક હતો; તેમ જગતમાં અજ્ઞાની જીવો ઘણા છે, ને જ્ઞાની તો કોઈ વિરલા જ હોય છે.)

આત્માને સમજ્યા વગર સુખ થતું નથી. આત્મસ્વભાવને સમજવો તે જ જન્મ–મરણના દુઃખથી છૂટીને સુખી થવાનો રસ્તો છે. અંતરના અચિંત્ય રસ્તા જ્ઞાનીઓએ પ્રગટ કરીને બતાવ્યો છે....અહો ! મુક્તિના માર્ગ સંતોએ સુગમ કરી દીધા છે. સંતોની બલિહારી છે !!

જેમ તીર્થંકર ભગવાનના દિવ્યધ્વનિને ઝીલનારા ઉત્કૃષ્ટ પાત્ર ગણધરદેવ છે, તેમ ચૈતન્યપ્રભુના કેવળજ્ઞાનાદિ નિર્મળભાવોને ઝીલવાની પાત્રતા આત્મામાં છે. આત્મા પોતે જ પોતાના નિર્મળ ભાવોને લેવાના પાત્રરૂપ સંપ્રદાન છે. જેમ આંબો કેરીનું જ સંપ્રદાન છે, તે આકોલીયાનું સંપ્રદાન નથી, તેમ આત્મા જ્ઞાનાદિ નિર્મળભાવોનું જ સંપ્રદાન છે, જડનું કે વિકારનું સંપ્રદાન તે નથી. જડ સાથે કે વિકાર સાથે આત્માને લેવાદેવા નથી એટલે કે તેમાંથી આત્મા જ્ઞાન લેતો નથી, ને પોતાનું જ્ઞાન તેને દેતો નથી. આત્મા સાથે અભેદપણું કરીને જે જ્ઞાન પ્રગટ્યું તેની સાથે જ આત્માને લેવાદેવા છે, તે જ્ઞાન ટકીને કેવળજ્ઞાન થઈ જશે. એકલા પરાશ્રયે વર્તતું જ્ઞાન આત્મા સાથે અભેદપણું કરીને જે જ્ઞાન પ્રગટ્યું તેની સાથે જ આત્માને લેવાદેવા છે, તે જ્ઞાન ટકીને કેવળજ્ઞાન થઈ જશે. એકલા પરાશ્રયે વર્તતું જ્ઞાન આત્મા સાથે ટકી નહિ શકે, તે હણાઈ જશે. માટે હે ભાઈ ! જો તારે તારા જ્ઞાનને ટકાવવું હોય–વિકસાવવું હોય તો આત્મામાં તેને સમપર્ણ કર ! જેમ સર્વજ્ઞભગવાન પાસે જઈને **अर्घं समर्पयामि स्वाहा** કરે છે, તેમ આ સર્વજ્ઞસ્વભાવી આત્મા પાસે જઈને–તેમાં જ અંતર્મુખ થઈને- **ज्ञानं समर्पयामि स्वाहा** કર, તો તને સર્વજ્ઞતા પ્રગટી જશે. તે સર્વજ્ઞતાને દેવાનો ને તે સર્વજ્ઞતાને લઈને તેનું સંપ્રદાન થવાનો તારો સ્વભાવ છે. (અહીં જ્ઞાનની વાત કરી તે પ્રમાણે શ્રદ્ધા, ચારિત્ર,

આનંદ વગેરે બધા ગુણોમાં પણ સમજી લેવું.)

'અહો ! હું જ દાતાર થઈને મારા આત્માને સદાય આનંદ આપ્યા જ કરું, ને હું જ સંપ્રદાન થઈને સદાય આનંદ લીધા જ કરું–આવો મારો સ્વભાવ છે'– એમ જ્યાં શ્રદ્ધા થઈ ત્યાં પોતાના સ્વભાવના આનંદનું વેદન થયું, ને બાહ્યમાં ક્યાંય પણ આનંદની કલ્પના સ્વપ્નેય ન રહી. પોતે જ દાતાર થઈને પોતાને આનંદ દીધો, ને પોતે જ લેનાર થઈને પોતાનો આનંદ લીધો; તેથી તે આનંદ સદાય ટકી જ રહેશે. માટે હે જીવ ! જો તારે આનંદ જોઈતો હોય તો આનંદના દાતાર એવા તારા આત્મા પાસે જ જા. ત્યાંથી જ તને આનંદ મળશે. એ સિવાય જગતમાં બીજે ક્યાંયથી તને આનંદ નહિ મળે.

અહો ! મારો આત્મા અનંત શક્તિનો ભંડાર અનાદિઅનંત છે. જ્યારે હું પાત્ર થઈને લઉં ત્યારે મને મારી પરમાત્માદશા આપે એવો તે ઉદાર દાતાર છે.–આવા નિજસ્વભાવની, હે જીવો ! તમે પ્રતીત તો કરો...તેની ઓળખાણ તો કરો...તેના પ્રત્યે ઉલ્લાસ તો કરો ! આવા ચૈતન્યસ્વભાવને જેણે લક્ષમાં લીધો તેનું જીવન સફળ છે.– બાકી બીજાનું તો શું કહેવું ?

આત્મા પોતે જ પોતાને સુખનો દાતાર છે. જો આત્મા પોતે જ પોતાને સુખનો દાતાર ન હોય ને બીજા પાસેથી સુખ માગવું પડતું હોય તો તો પરાધીનતા થઈ, પરાધીનતામાં તો સ્વપ્નેય સુખ ક્યાંથી હોય ? સ્વાધીનપણે આત્મા પોતે જ પોતાને સુખનો દાતાર છે, ને પોતે જ પાત્ર થઈને લેનાર છે.

(૧) '**પાત્રે દાન દેવું**'–પાત્ર કોણ છે જગતમાં ? હું આત્મા પોતે જ મારું સુખ લેવાને પાત્ર છું.

(૨) '**દાતાર છે કોઈ ?**'–હા, અનંતશક્તિથી ભરેલો હું પોતે જ દાતાર છું.

(૩) '**દાતાર દાનમાં શું દેશે ?**'–મારો આત્મા દાતાર થઈને જ્ઞાન–દર્શન–આનંદરૂપ નિર્મળ પર્યાયોનું દાન દેશે.

(૪) '**કઈ વિધિથી દાન દેશે ?**'–પોતાથી જ દેશે, એટલે કે પોતે પોતાનાં સ્વરૂપમાં એકાગ્ર રહીને સ્વરૂપ–ભંડારમાંથી જ નિર્મળ પર્યાયો કાઢીને તેનું દાન દેશે.

દાન દેવાનો અવસર આવે ત્યાં દાતાર છૂપે નહિ, તેમ હે જીવ ! તારે આ દાનનો અવસર આવ્યો છે, તેને તું ચૂકીશ નહિ. તું પોતે **પાત્ર** થઈને, અને તું પોતે જ **દાતાર**

થઈને, જ્ઞાન–દર્શન–આનંદની નિર્મળ પર્યાયોનું **દાન,** અંતરમાં એકાગ્રતારૂપ **વિધિથી** આપ, અને સંપ્રદાન થઈને તે દાન તું લે. અનંત શક્તિથી પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવ જેવો મોટો દાતાર મળ્યો, તો હવે તેની સેવા (શ્રદ્ધા અને એકાગ્રતા) કરીને પરમાત્મદશાનાં દાન લે.

મારા સ્વભાવને સાધીને હું પરમાત્મા થાઉં–એવી ભાવનાને બદલે,'હું સમજીને પછી બીજાને સમજાવું' એમ બીજાને સમજાવવાના અભિપ્રાયથી જે સમજવા માંગે છે તે પોતાની સમજણનું સંપ્રદાન પરને માને છે એટલે અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને તે સાધી શકતો નથી. જે આત્માર્થી છે તે તો પોતે પોતાના હિતને માટે જ સમજવા માંગે છે.

અહો ! અનંતકાળે માંડ માંડ મળે એવા આ ટાણાં આવ્યા છે, તેમાં ગુરુગમે સત્ સ્વભાવનું શ્રવણ મળવું તો મહાદુર્લભ છે. આવા અવસ્થામાં અપૂર્વ ભાવે શ્રવણ,ગ્રહણ ને ધારણ કરીને સ્વભાવમાં પહોંચી જવાની આ વાત છે, એ જ કરવા જેવું છે.

ભગવાન આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાવવા માટે તેની શક્તિઓનું આ વર્ણન ચાલે છે; તેમાં આ સંપ્રદાન શક્તિમાં આત્માને સુપાત્ર ઠરાવ્યો. શેનો ? કે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદનો. તે સમ્યગ્દર્શનાદિનો દાતાર પણ આત્મા જ છે, ને પાત્ર થઈને તેને લેનાર પણ આત્મા જ છે. જુઓ, આ દાતારે સુપાત્રદાન દીધું. અહો ! આત્માના અતીન્દ્રિય આનંદનાં દાન ! એના કરતાં બીજું ક્યું શ્રેષ્ઠ દાન હોય ?

' વાહ ! મારો આત્મા જ મોટો દાતાર છે ને મારો આત્મા જ મોટો પાત્ર છે. કેવળજ્ઞાન આપે ને કેવળજ્ઞાનીને ઝીલે એવી શક્તિ મારા આત્માની છે. મારું દ્રવ્ય જ દાતાર...ને દ્રવ્ય પોતે જ લેનાર.'–આમ નક્કી કરીને હે જીવ ! તારા દ્રવ્ય સામે જો...તો તને જ્ઞાન–આનંદના નિધાનનું દાન મળે.

જેમ ઉત્તમ વસ્તુ રાખવાનું પાત્ર પણ ઉત્તમ હોય છે, સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહે છે, તેમ જગતમાં મહા ઉત્તમ એવો જે અતીન્દ્રિય આનંદ તેનું પાત્ર પણ ઉત્તમ જ છે,–ક્યું પાત્ર છે ? કે આત્માના સ્વભાવ તરફ વળેલી પરિણતિ જ તે આનંદનું પાત્ર છે. આત્મામાં જ એવી ઉત્તમ પાત્રશક્તિ (સંપ્રદાનશક્તિ) છે કે પોતે પરિણમીને પોતાના અતીન્દ્રિય આનંદને પોતામાં ઝીલી શકે.

જે જીવને આવો અતીન્દ્રિય આનંદ ઝીલવાની પાત્રતા જાગે તેનામાં ગુરુ

પ્રત્યેનાઆવશે તેવું અજ્ઞાનીને નહિ આવે. જો કે નિશ્ચયથી ગુરુ પોતાના આત્મામાંથી જ્ઞાન કે આનંદ કાઢીને કાંઈ શિષ્યને આપી દેતા નથી, ને શિષ્યોનો આત્મા કાંઈ પોતાના જ્ઞાન કે આનંદ ગુરુ પાસેથી લેતો નથી, ગુરુ આપે ને પાત્ર શિષ્ય લ્યે–એ વાત વ્યવહારની છે, તો પણ **શ્રી ગુરુના ઉપદેશ દ્વારા આત્મસ્વભાવ સમજીને શિષ્યને જ્યાં અપૂર્વ આનંદની પ્રાપ્તિ થઈ ત્યાં રોમરોમમાં ગુરુ પ્રત્યેના અપાર વિનયથી તેનો આત્મા ઊછળી જાય છે...નિશ્ચય પ્રગટતાં તેનો વ્યવહાર પણ લોકોત્તર થઈ જાય છે...ને શ્રીગુરુના અનંત ઉપકારને વ્યકત કરતાં કહે છે કે અહો પ્રભો ! આ પામરને આપે જ જ્ઞાન અને આનંદનાં દાન દીધાં...અમારા આનંદને ભૂલીને અનંત સંસારમાં રખડતા હતા, તેનાથી છોડાવીને આપે જ અમને આનંદ આપ્યો....ઘોર ભવભ્રમણથી આપે જ અમને બચાવ્યા....આપે જ કૃપા કરીને સંસારથી ઉગાર્યા...હે નાથ ! આપના અનંત ઉપકારનો બદલો કઈ રીતે વાળીએ ? આમ અપાર વિનયપૂર્વક ગુરુના ચરણે અર્પાઈ જાય છે.** નિશ્ચયની સાધક દશામાં દેવ–ગુરુ પ્રત્યે આવો વિનય વગેરે વ્યવહાર સહેજે હોય છે. જો આત્મામાંથી આવો વિનય ન ઊગે તો તે જીવને નિશ્ચયનું પરિણમન પણ થયું નથી એમ સમજવું. ગુરુથી જ્ઞાન થતું નથી–એમ કહીને ગુરુનો વિનય છોડી દ્યે તે તો મોટો સ્વચ્છંદી છે, આનંદને ઝીલવાની પાત્રતા તેનામાં જાગી નથી. અહો ! આ તો નિશ્ચયવ્યવહારની સંધિપૂર્વકનો અચિંત્ય લોકોત્તર માર્ગ છે. સાધકદશા શું ચીજ છે તેની લોકોને ખબર નથી. સાધકને તો બધા પડખાંનો વિવેક વર્તતો હોય છે, ગણધર જેવો વિવેક સમ્યગ્દૃષ્ટિને પ્રગટ્યો હોય છે. નાટક–સમયસારમાં કહ્યું છે કે–

**જાકે ઘટ પ્રગટ વિવેક ગણધર કો સો,**
**હિરદે હરખી મહા મોહકો હરતુ હૈ;**
**સાચો સુખ માને નિજ મહિમા અડોલ જાને,**
**આપુ હી મેં આપનો સુભાઉ લે ધરતુ હૈ.**
**જૈસે જલકર્દમ કતકફલ ભિન્ન કરે,**
**તૈસે જીવ અજીવ વિલછનુ કરતુ હૈ;**
**આતમ સકતિ સાધે ગ્યાનકો ઉદૌ આરાધે,**
**સોઈ સમકિતી ભવસાગર તરતુ હૈ.**

– જુઓ, આ સાધક સમકિતીની અદ્‌ભુત દશા !! જેના હૃદયમાં ગણધર જેવો

નિજ-પરનો વિવેક થયો છે, જે આત્માના અનુભવથી આનંદિત થઈને મિથ્યાદત્વાદિ મહામોહને નષ્ટ કરે છે, સાચા સ્વાધીન સુખને સુખ માને છે, પોતાના જ્ઞાનાદિ ગુણોનું અવિચલ શ્રદ્ધાન કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતામાં જ ધારણ કરે છે, જેમ કતકફળ જળ અને કાદવને જુદા કરે છે તેમ ભેદજ્ઞાનવડે જીવ અને અજીવને વિલક્ષણ જાણીને જુદા કરે છે, આત્મશક્તિને સાધે છે ને જ્ઞાનના ઉદયને (કેવળજ્ઞાનને) આરાધે છે;–આવા સમકિતી જીવ ભવસાગરને તરે છે.

સમકિતી જીવની ખરેખરી ઓળખાણ કરે તોય જીવનું લક્ષ કરી જાય, ને પોતાના સ્વભાવ તરફ વલણ થઈ જાય. સમકિતી તો પોતાના સ્વભાવને જ સાધે છે. અરે જીવ ! તું જ મારો દાતાર, ને તું જ તારો લેનાર. તું દાતાર થઈને તારી પર્યાયમાં ગમે તેટલું દાન આપ તોય તારી સ્વભાવશક્તિમાં કાંઈ ઘટે નહિ–આવો તારો સ્વભાવ છે. આવા દાતારને છોડીને હવે બહારમાં તારે બીજો ક્યો દાતાર ગોતવો છે ? આ દાતાર સામે જોઈને તેની પાસેથી તું નિર્મળ પર્યાયનું દાન લેવાને પાત્ર થા....બીજા પાસે ભીખ ન માંગ.

બીજા પાસે દાન માંગે ત્યાં તો બીજો ન પણ આપે પણ અહીં તો પોતે પાત્ર ત્યાં આત્મા સમ્યગ્દર્શન વગેરેનું દાન આપ્યા વિના રહે જ નહિ–એવો મોટો દાતાર છે. પોતે જ દાતાર છે પછી શી ચિંતા ? સ્વભાવમાં એકાગ્ર થઈને તારે જોઈએ તેટલું દાન લે...લૌકિકમાં તો દાન આપનાર દાતારની મૂડી ઘટે છે પણ અહીં તો આત્મા પોતે એવો લોકોત્તર દાતાર છે કે ક્ષણેક્ષણે (–સમયે સમયે) પરિપૂર્ણ જ્ઞાન–આનંદનાં દાન અનંતકાળ સુધી આપ્યા જ કરે છતાં તેની મૂડી જરાય ઘટે નહિ.

આત્મા પોતે પરિપૂર્ણ શક્તિમાન છે. જેમ આત્મામાં જ્ઞાનશક્તિ છે, આનંદશક્તિ છે, તેમ આ સંપ્રદાનશક્તિ પણ છે. જો આત્મામાં જ્ઞાનશક્તિ ન હોય તો આત્મા જાણે ક્યાંથી ? જો આત્મામાં સુખશક્તિ ન હોય તો આત્માને અનાકુળતારૂપ સુખ ક્યાંથી થાય ? જો આત્મામાં શ્રદ્ધાશક્તિ ન હોય તો પોતે પોતાનો વિશ્વાસ ક્યાંથી કરી શકે ? જો આત્મામાં ચારિત્રશક્તિ ન હોય તો પોતાના સ્વરૂપમાં સ્થિરતા કેમ કરી શકે ? જો આત્મામાં જીવનશક્તિ ન હોય તો આત્મા જીવી કેમ શકે ? જો આત્મામાં વીર્યશક્તિ ન હોય તો તે પોતાનાં સ્વરૂપની રચનાનું સામર્થ્ય ક્યાંથી લાવે ? જો આત્મામાં પ્રભુત્વશક્તિ ન હોય તો અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી તે કઈ રીતે શોભે ? જો

આત્મામાં કર્તૃત્વશક્તિ ન હોય તો પોતે પોતાના નિર્મળકાર્યને કઈ રીતે કરે ? એ જ પ્રમાણે જો આત્મામાં સંપ્રદાન શક્તિ ન હોય તો પોતે પોતાનો દાતાર, ને પોતે જ નિર્મળતાનો લેનાર કઈ રીતે થઈ શકે ? પોતાના સ્વભાવથી આત્મા પોતે જ જ્ઞાનઆનંદનો દેનાર છે ને પોતે જ તેનો લેનાર છે–એવા ભાન વિના પરચીજ દેવા–લેવાનો મિથ્યા વિકલ્પ કદી છૂટે નહિ, ને અંતરમાં એકાગ્રતા થાય નહિ. જ્ઞાની તો 'હું જ મારો દાતાર ને હું જ મારો લેનાર' એવા નિર્ણયના જોરે અંતર્સ્વભાવમાં એકાગ્ર થઈને જ્ઞાન–આનંદના નિધાન મેળવી લ્યે છે. જો બીજો દે ને પોતે લ્યે તો તો પરાધીનતા થઈ ગઈ, પોતાની સ્વાધીનશક્તિ ન રહી. જો આત્મામાં પોતે જ દાતાર ને પોતે જ લેનાર એવી શક્તિ ન હોય તો પર સામે જ જોયા કરવું પડે ને પોતામાં કદી એકતા થાય જ નહિ. પણ આત્મામાં એવી સંપ્રદાન શક્તિ છે કે એક સમયમાં પોતે જ દેનાર ને લેનાર જુદા નથી. અહો ! મારા સ્વભાવમાંથી જ કેવળજ્ઞાન અને સિદ્ધપદના દાન લેવાની મારી તાકાત છે–એમ પ્રતીત કરીને, સ્વ–સન્મુખ થઈને પોતે પોતાની શક્તિનું દાન કદી લીધું છે. જો પાત્ર થઈને પોતે પોતાની શક્તિમાંથી દાન લ્યે તો અલ્પકાળમાં મુક્તિ થાય. માટે હે જીવ ! તારી સ્વભાવશક્તિને સંભાળ....ને તે સ્વભાવવડે દેવામાં આવતા નિર્મળ જ્ઞાન–આનંદનું દાન લે.

( ૪૪મી સંપ્રદાન શક્તિનું વર્ણન અહીં પૂરું થયું. )

❋ ❋ ❋

# અપાદાન શક્તિ

**આ અપાદાનશક્તિ વર્ણવીને આચાર્યદેવ તને તારી ધ્રુવખાણ બતાવે છે; તેમાં ઊંડો ઊતરીને તે ખાણમાંથી સમ્યગ્દર્શનાદિ રત્નો કાઢ.**

આ ધર્મની વાત છે; ધર્મ વિના કદી કોઈ જીવને સુખ, શાંતિ કે મુક્તિ થતી નથી. ધર્મ આત્મામાં જ થાય છે, તેથી જેણે ધર્મ કરવો હોય તેણે આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ. આત્માનું સ્વરૂપ જાણવા માટે તેના ત્રિકાળી ધર્મોનું આ વર્ણન ચાલે છે; આત્માના ત્રિકાળી ધર્મોને જાણતાં તેના આશ્રયે મોક્ષમાર્ગરૂપ ધર્મ પ્રગટે છે.

અહીં ૪૧ થી ૪૬ સુધીની છ શક્તિઓમાં કર્મ, કર્તા, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારકોનું વર્ણન છે, તેમાંથી ચાર કારક શક્તિઓનું વર્ણન થઈ ગયું, હવે અપાદાન શક્તિ કહે છે. 'ઉત્પાદ–વ્યયથી આલિંગિત ભાવનો અપાય(–નાશ) થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાનશક્તિ છે.' ઉત્પાદ–વ્યયરૂપ ભાવો ક્ષણિક છે તેનો નાશ થઈ જાય છે છતાં આત્માનો ધ્રુવ સ્વભાવ કાંઈ નાશ પામતો નથી, તે તો એવો ને એવો ટકી રહે છે, ને તે ધ્રુવ ટકતા ભાવમાંથી જ નવું નવું કાર્ય થાય છે. આ રીતે ધ્રુવપણે ટકીને નવું નવું કાર્ય કરવાની આત્માની અપાદાન શક્તિ છે. આવી શક્તિના નિર્ણયમાં ધ્રુવસ્વભાવની દૃષ્ટિથી નિર્મળ નિર્મળ કાર્ય જ થાય છે.

પર્યાયનો નાશ થવા છતાં આત્માનો નાશ થઈ જતો નથી, તે તો ધ્રુવ અપાદાનરૂપે ટકીને નવી નવી પર્યાયરૂપે થયા કરે છે. અનંત પર્યાયો થઈને નાશ પામી ગઈ તેથી દ્રવ્યના સ્વભાવમાંથી કાંઈ ઘટી ગયું–એમ નથી; અજ્ઞાનીને પોતાના ધ્રુવ સ્વભાવની

દૃષ્ટિ નહિ હોવાથી, સંયોગ ઘટતાં જાણે હું ઘટી ગયો–એમ સંદેહ–ભય ને આકુળતા રહ્યા જ કરે છે, એટલે મરણનો ભય તેને રહ્યા જ કરે છે; જ્ઞાની તો જાણે છે કે મારું કાંઈ ઘટતું નથી, ને પર્યાયનો નાશ થતાં મારો નાશ થઈ જતો નથી. સંયોગમાંથી કે નાશ પામતી પર્યાયમાંથી હું મારું સમ્યગ્દર્શનાદિ કાર્ય નથી લેતો, એટલે તે કોઈ મારું અપાદાન નથી; ધ્રુવ ટકતા મારા સ્વભાવમાંથી જ હું મારું સમ્યગ્દર્શનાદિ કાર્ય લઉં છું એટલે મારો આત્મા જ મારું અપાદાન છે.

સંયોગો કોઈ પણ ધ્રુવ નથી રહેતા, વિકારીભાવો પણ ધ્રુવ નથી રહેતા, એ બધાય પલટી જવા છતાં મારો ઉપયોગસ્વરૂપે આત્મા જ ધ્રુવ રહે છે, તેથી મારો આત્મા જ મારું શરણ છે. આ એક મારો શુદ્ધ આત્મા જ ધ્રુવ હોવાથી મારે શરણભૂત છે–એમ જાણીને ધર્મી શુદ્ધ આત્માનો જ આશ્રય કરે છે; શુદ્ધ આત્મા સિવાય બીજું બધુંય અધ્રુવ હોવાથી અશરણ છે, તેથી તે આશ્રય કરવા જેવું નથી. પ્રવચનસારમાં પ્રભુ કુંદકુંદસ્વામિ કહે છે કે–

**લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે !**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ–આત્મક જીવ છે. ૧૯૩.**

શરીરો, ધન, સુખ–દુઃખના સંયોગો અથવા શત્રુમિત્રજનો એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગસ્વરૂપ આત્મા છે. આમ હોવાથી હું અધ્રુવ એવાં શરીરાદિકને ઉપલબ્ધ કરતો નથી એટલે કે તેમનું શરણ લેતો નથી. ધ્રુવ એવા મારા શુદ્ધ આત્માને જ ઉપલબ્ધ કરું છું–તેનું જ શરણ લઉં છું. આ રીતે શુદ્ધ આત્માને જ ઉપલબ્ધ કરું છું–તેનું જ શરણ લઉં છું. આ રીતે શુદ્ધ આત્માને ધ્રુવ જાણીને તેમાં પ્રકૃતિવડે શુદ્ધાત્મત્વ હોય છે અને મોહનો નાશ થઈ જાય છે.

જે ધ્રુવ નથી રહેતા તે શરણરૂપ કેમ થાય ? અને તેના આધારે સુખ કેમ થાય ? સંયોગો અને વિકાર તો અધ્રુવ છે, તે શરણભૂત કેમ થાય ? તે કોઈ જીવને શરણભૂત નથી. ધ્રુવરૂપ તો પોતાનો ઉપયોગસ્વભાવી આત્મા જ છે, તેનો કદી વિયોગ કે નાશ થતો નથી, તેથી તે શરણભૂત છે, ને તેના જ શરણે સુખ છે. માટે–

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે;**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે.**

(–શ્રી સમયપ્રાભૃતઃ ૭૪)

જ્ઞાની–સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્મા પોતાના આત્મસ્વભાવને ધ્રુવ, શરણરૂપ, નિત્ય, સુખસ્વરૂપ અને અબંધ જાણીને નિર્ભયપણે પોતામાં એકાગ્ર થાય છે; ને પુણ્ય–પાય વગેરેને પોતાના સ્વભાવથી ભિન્ન, અધ્રુવ, શરણહીન, અનિત્ય, દુઃખરૂપ તથા બંધનરૂપ જાણીને તેનાથી પાછા વળે છે.

વિકારમાં–કોઈ પણ શુભરાગમાં પણ એવી તાકાત નથી કે બીજી ક્ષણે તે ધ્રુવપણ ટકી શકે; અરે ! નિર્મળ પર્યાયમાં પણ એવી તાકાત નથી કે તે ધ્રુવપણે ટકી રહે. તે પર્યાય પોતે બીજી ક્ષણે નાશ પામી જાય છે, તેમાંથી બીજી પર્યાય આવતી નથી. એક પર્યાય નાશ પામવા છતાં, દ્રવ્યસ્વભાવે ધ્રુવ ટકીને આત્મા પોતે બીજી–બીજી પર્યાયરૂપે પરિણમે છે, એટલે ધ્રુવમાંથી પર્યાય આવે છે. આવા ધ્રુવ–અપાદાનસ્વરૂપ આત્માની શ્રદ્ધા કરીને તેનું શરણ કરવું તે ધર્મ છે.

પુણ્ય–પાપ અને શરીર તો નાશ પામી જાય છે, તો બીજું કોઈ શરણ છે ?–કે હા. પુણ્ય–પાપ ને શરીરનો નાશ થવા છતાં પાછળ ધ્રુવપણે રહેનારો એવો જે સ્વભાવ તે જ શરણ છે. વિકારનો કે ક્ષણિક ભાવનો નાશ થતાં, બૌદ્ધ માન્યતાની જેમ કાંઈ સર્વથા નાશ થઈ જતો નથી, તે ક્ષણિક ભાવનો નાશ થવા છતાં જરાય હાનિ નહિ પામતો એવો એક ધ્રુવસ્વભાવ આત્મામાં છે. ઉત્પાદ–વ્યય થાય છે તે ભાવ પણ આત્માનો જ છે, ને આ ધ્રુવ ટકતો ભાવ પણ આત્માનો છે.–એક સાથે તે બંને ભાવવાળો આત્માનો અનેકાન્ત સ્વભાવ છે.

એકલી પર્યાય ઉપર જ જેની દૃષ્ટિ છે ને ધ્રુવભાવ ઉપર જેની દૃષ્ટિ નથી તેને તો આત્માનું એકલું ક્ષણિકપણું જ ભાસે છે, એટલે તે તો ક્ષણિકના આશ્રયે અશરણપણે વર્તે છે, તેને નિર્મળતા કે શાંતિનો અનુભવ થતો નથી. જો પોતાનો ધ્રુવ ટકતો સ્વભાવ જાણે તો તે ધ્રુવમાં એકાગ્ર થઈને તેમાંથી નિર્મળ પર્યાયો કાઢે. જેમ રત્નની ખાણમાંથી રત્નો નીકળે, તેમ આ ચૈતન્યરત્નની ધ્રુવખાણ આત્મા છે, તેમાંથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર રત્નો નીકળે. હે જીવ ! અપાદાનશક્તિ વર્ણવીને આચાર્યદેવ તને તારી ધ્રુવખાણ

બતાવે છે....તેમાં ઊંડો ઊતરીને ધ્રુવખાણમાંથી સમ્યગ્દર્શનાદિ રત્નો કાઢ. જેમ સ્થિર વસ્તુ ઉપર નજર માંડે તો ત્યાં એકાગ્રતા થઈ શકે છે, પણ અસ્થિર વસ્તુ ઉપર નજરની એકાગ્રતા રહી શકતી નથી; તેમ સ્થિર એવો જે પોતાનો ધ્રુવસ્વભાવ તેમાં ઉપયોગની એકાગ્રતા થઈ શકે છે; પણ અસ્થિર પર્યાયોમાં ઉપયોગની એકાગ્રતા થઈ શકતી નથી. ઉપયોગની પોતાનાં સ્વરૂપમાં એકાગ્રતા કરવી તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આવી જાય છે. શુદ્ધદ્રવ્યની ધ્રુવતાના આશ્રયે જે ધર્મભાવ પ્રગટ્યો તે પણ ધ્રુવની સાથે સદાકાળ ટકી રહે છે. જો કે તેમાં ઉત્પાદ–વ્યયરૂપે પરિણમન તો થયા જ કરે છે. પણ ધ્રુવના આશ્રયે તે પરિણમન શુદ્ધરૂપ જ થયા કરે છે, તેમાં વચ્ચે અશુદ્ધતા આવતી નથી. આ રીતે ધ્રુવપણે ટકીને ક્ષણેક્ષણે પોતાની શુદ્ધપર્યાયનું અપાદાન થાય–એવો આત્માનો સ્વભાવ છે. વિકાર આત્માના ધ્રુવસ્વભાવમાંથી નથી નીકળતો. તેથી તે વિકારનું અપાદાન થવાનો આત્માનો સ્વભાવ નથી.

જીવોને એમ થાય છે કે અમારે ક્યાંથી ધર્મ લેવો ? શરીરની ક્રિયામાંથી ધર્મ આવતો હશે ! પુણ્યમાંથી આવતો હશે ! કોઈ સ્થાનકમાંથી આવતો હશે !

આચાર્યદેવ સમજાવે છે કે : ધ્રુવમાંથી ધર્મ લે ! ધર્મની ખાણ તારો ધ્રુવઆત્મા જ છે, તે જ ધર્મનું સ્થાનક છે, તેમાંથી જ તારો ધર્મ આવે છે. એ સિવાય શરીરની ક્રિયામાંથી, રાગમાંથી, બહારના સ્થાનોમાંથી કે બીજે ક્યાંયથી તારો ધર્મ આવે તેમ નથી.

જેમ ગયો કાળ પાછો નથી આવતો, પણ ભવિષ્યકાળ વર્તમાન–વર્તમાનરૂપ થતો આવે છે, તેમ વીતી ગયેલી પર્યાય પાછી નથી આવતી, પણ ત્રિકાળ ટકતું દ્રવ્ય જ વર્તમાન–વર્તમાન પર્યાયરૂપ થતું આવે છે અર્થાત્ દ્રવ્યમાંથી જ પર્યાય આવે છે, માટે જેણે ધર્મ કરવો હોય તેણે ધ્રુવસ્વભાવની સામે જોવું. જ્ઞાન–દર્શન–આનંદથી ભરેલા ધ્રુવસ્વભાવમાં એકતા કરીને જે પર્યાય થાય છે તે પર્યાય પણ સમ્યક્‌જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપ થાય છે, ને તે જ ધર્મ છે.

ધર્મી તો પોતાના સ્વભાવને અવલંબીને આનંદના ભોગવટામાં પડ્યા છે, સ્વભાવની દૃષ્ટિમાં તે એવા નિઃશંક છે કે સાદિ–અનંતકાળ સુધી સિદ્ધદશામાં પરિપૂર્ણ આનંદ સમયે સમયે ભોગવ્યા જ કરીશ છતાં મારા સ્વભાવનો આનંદ ખૂટશે નહિ – એવી મારા ધ્રુવસ્વભાવની અચિંત્ય તાકાત છે. અહો ! મારા દ્રવ્યનું કોઈ અચિંત્ય સામર્થ્ય

છે કે  સમયે સમયે પરિપૂર્ણ જ્ઞાન–આનંદ આપ્યા જ કરે છતાં અનંતકાળે પણ મારું સામર્થ્ય જરાય ઓછું ન થાય.

જાુઓ, આ આત્માની અપાદાન શક્તિ ! આમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે બતાવી દીધા છે. એકલા ઉત્પાદવ્યય જેટલો જ આત્મા નથી, પણ ધ્રુવપણે ટકીને ઉત્પાદ–વ્યય કરનારો છે. અપાદાન–શક્તિથી આત્મા એવો ધ્રુવ છે કે તેમાંથી જ્યારે નિર્મળતા કાઢવી હોય ત્યારે નીકળે, અને જેટલી કાઢવી હોય તેટલી નીકળે. અનાદિકાળથી વિકાર કર્યો માટે ધ્રુવમાંથી નિર્મળતા આપવાની શક્તિ હણાઈ ગઈ – એમ નથી; ધ્રુવસ્વભાવની શક્તિ તો એવી ને એવી પરિપૂર્ણ વર્તી જ રહી છે, જ્યારે અંતર્મુખ થઈને તેને પકડે ત્યારે તેમાંથી નિર્મળતા પ્રગટે છે.

કોઈ જીવો અનંતકાળ પહેલાં સિદ્ધ થયા, ને એક અત્યારે સિદ્ધ થયા, તેમાં પહેલાં જે સિદ્ધ થયા તેમને પરિપૂર્ણ જ્ઞાન–આનંદની અનંતી પર્યાયો પ્રગટીને નાશ પામી ગઈ, છતાં પણ ધ્રુવસ્વભાવ તેમને જરાય ઓછો થયો નથી. અનંતકાળ પહેલાં મોક્ષ પામ્યા તે સિદ્ધ અને હમણાં મોક્ષ પામ્યા તે સિદ્ધ – એ બંનેને ધ્રુવસ્વભાવનું સામર્થ્ય સરખું જ છે, ને આ આત્મામાં પણ એવું જ ધ્રુવસ્વભાવનું સામર્થ્ય છે. જ્યારે પ્રગટ કરે ત્યારે આ ધ્રુવશક્તિમાંથી જ નિર્મળપર્યાય આવવાની છે, બીજા કોઈમાંથી આવવાની નથી. – આવી અપાદાનશક્તિ આત્મામાં છે.

જગતમાં તો સંસારમાંથી જીવો ઘટે છે ને સિદ્ધમાં વધે છે; – જો કે સંસારી જીવોની સંખ્યા એટલી બધી (અક્ષય અનંત) છે કે તે કદી ખૂટતો નથી, છતાં જેટલા જીવો મોક્ષ પામે છે તેટલા સંસારમાંથી ઓછા તો થાય છે. પણ આત્મામાં અપાદાનશક્તિ તો એવી છે કે આત્મામાંથી અનંત અનંત પર્યાયો નાશ થઈને નાશ પામે છતાં તેનાં ધ્રુવસામર્થ્યનો એક અંશ પણ ઘટતો નથી. ધ્રુવઅપાદાન શાશ્વત એવું ને એવું છે, તેમાંથી પર્યાયો પરિણમ્યા જ કરે છે. જેમ લૌકિકમાં કહેવાય છે કે **विद्या दीयते वर्द्धमानः** વિદ્યા આપવાથી તે ઘટતી નથી પણ વધે છે; તેમ અહીં આત્મા જ્ઞાનવિદ્યાનો એવો લોકોત્તર ધ્રુવભંડાર છે કે તેમાંથી કેવળજ્ઞાન જેટલી ઉત્કૃષ્ટ વિદ્યા પર્યાયમાં આપે તો પણ તેની શક્તિ જરાય ખૂટતી નથી; એ જ રીતે શ્રદ્ધાગુણમાંથી ક્ષાયિકસમ્યગ્દર્શનની પર્યાયો સાદિ અનંતકાળ પ્રગટ્યા જ કરે છતાં તેની શક્તિ ઘટતી નથી; આનંદશક્તિમાંથી આનંદનો ભોગવટો લીધા જ કરો છતાં તેની શક્તિ જરાય ઘટતી નથી. આવા ધ્રુવ

સામર્થ્યવાળા આત્માને ઓળખતાં તેની દૃષ્ટિએ સાધકનું વહાણ મોક્ષપુરીમાં ચાલ્યું જાય છે. જેમ દરિયામાં ધ્રુવ તારાના લક્ષે વહાણ ચાલ્યા જાય છે; તેમ ધ્રુવ ચૈતન્યના વિશ્વાસે સાધકના વહાણ તરી જાય છે; ધ્રુવ ચૈતન્ય સ્વભાવને દૃષ્ટિના ધ્યેયરૂપ રાખીને સાધક આત્માના વહાણ નિઃશંકપણે સિદ્ધપુરીમાં ચાલ્યા જાય છે.

આ કર્તા વગેરે સાત વિભક્તિ છે, તે આત્માના સ્વરૂપને પરથી વિભક્ત બતાવે છે ને સ્વથી એકત્વ બતાવે છે. કર્તા શક્તિ બીજાના કર્તૃત્વથી ભિન્નતા બતાવે છે; કર્મશક્તિ વિભાવકર્મથી ને જડ કર્મથી ભિન્નતા બતાવે છે, કરણશક્તિ પોતાના સ્વભાવને જ સાધન બતાવીને, અન્ય સાધનોથી ભિન્નતા બતાવે છે, સંપ્રદાન શક્તિ ભિન્ન સંપ્રદાનનો અભાવ બતાવે છે, અપાદાન શક્તિ પોતાથી ભિન્ન બીજા અપાદાનથી પૃથક્પણું બતાવે છે, અધિકરણશક્તિ પોતાનો જ આધાર બતાવીને ભિન્ન આધારની ઉપેક્ષા કરાવે છે, ને સંબંધશક્તિ પરના સંબંધથી રહિતપણું બતાવીને સ્વમાં એકતા કરાવે છે. આ રીતે આત્માની આ બધી શક્તિઓ આત્માને પરથી જાુદો જણાવીને સ્વભાવમાં એકતા કરાવે છે. સમયસારની શરૂઆતમાં જ આચાર્યદેવે કહ્યું હતું કે–

**દર્શાવું એક–વિભક્ત એ આત્મતણા નિજવિભવથી**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫**

જીવોએ અનાદિથી નહિ જાણેલું એવું આત્માનું એકત્વ–વિભક્ત સ્વરૂપ હું મારા સમસ્ત આત્મવૈભવથી બતાવીશ, અને તમે તમારા આત્મવૈભવથી તે પ્રમાણ કરજો. એ પ્રમાણે આચાર્યદેવે ઘણા ઘણા પ્રકારે આત્માને સ્વભાવથી એકત્વરૂપ ને પરભાવોથી અત્યંત વિભક્તરૂપ ઓળખાવીને ભવ્ય જીવો ઉપર મહાઉપકાર કર્યો છે.

જેમાંથી આવે તેને અપાદાન કહેવાય; જ્ઞાન ક્યાંથી આવે છે ?

શું શરીરમાંથી જ્ઞાન આવે છે ? ના; માટે શરીર તે જ્ઞાનનું અપાદાન નથી.

શું વાણી કે શાસ્ત્રમાંથી જ્ઞાન આવે છે ? ના; માટે વાણી કે શાસ્ત્ર તે જ્ઞાનનું અપાદાન નથી.

શું રાગમાંથી જ્ઞાન આવે છે ? ના; માટે રાગ તે જ્ઞાનનું અપાદાન નથી.

આત્મામાંથી જ જ્ઞાન આવે છે, માટે આત્મા જ જ્ઞાનનું અપાદાન છે. પોતામાંથી

જે નિર્મળપર્યાય પ્રગટી તેને ટકાવી રાખે, ને જે નથી પ્રગટી તે પોતામાંથી આપે; આ રીતે આત્મા પોતે જ પોતાનો ધિંગ ધણી છે, પોતે પોતાના જોગ–ક્ષેમનો કરનારો નાથ છે.આત્માના ધ્રુવસ્વભાવથી બહારમાં વલણ તે સંસારની ખાણ છે, ને આત્માનો ધ્રુવસ્વભાવ તે મોક્ષની ખાણ છે. માટે બાહ્ય પદાર્થોમાંથી અત્યંત ભિન્નતા જાણીને તારા ચિદાનંદ ધ્રુવસ્વભાવમાં એકતા કર, તે જ ધર્મ છે, ને તે જ મોક્ષનો ઉપાય છે.

આ રીતે પરથી વિભક્ત ને સ્વભાવથી એકત્વરૂપ એવો આત્મા પોતે જ પોતાના ધર્મનું અપાદાન છે એમ આ ૪૫મી શક્તિમાં બતાવ્યું.

– ૪૫મી અપાદાનશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

# અધિકરણ શક્તિ

**આત્માના સમ્યગ્દર્શનરૂપી જે પુત્ર, તેનો આધાર કોણ?– કે અધિકરણ–શક્તિરૂપી માતા જ તેનો આધાર છે....જેમ લોકમાં બાળકને માતાનો આધાર, શિષ્યને ગુરુનો આધાર, પ્રજાને રાજાનો આધાર એમ ભિન્ન આધાર કહેવાય છે, તેમ ધર્મમાં પોતાની અધિકરણશક્તિને લીધે આત્મા પોતે જ પોતાના ધર્મનો આધાર છે.**

આ અધિકરણશક્તિમાં આત્માના ધર્મનો આધાર શું છે તે બતાવે છે 'ભાવ્યમાન ભાવના આધારપણામયી એવા અધિકરણશક્તિ આત્મામાં છે' તેથી આત્મા પોતે જ પોતાના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મનો આધાર છે, બીજો કોઈ આધાર નથી.

જેમ લોકમાં બાળકને માતાનો આધાર, શિષ્યને ગુરુનો આધાર, પ્રજાને રાજાનો આધાર, સ્ત્રીને પતિનો આધાર, રોગીને વૈદ્યનો આધાર, છતને થાંભલાનો આધાર– એમ ભિન્ન આધાર કહેવાય છે, તેમ આત્મામાં ધર્મનો આધાર શું છે ? આત્મામાં એવી અધિકરણશક્તિ છે કે પોતે જ પોતાના ધર્મને આધાર થાય છે, બીજા કોઈ ભિન્ન આધારની તેને જરૂર નથી પડતી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ભાવ તે ધર્મ છે, અને તે ભાવનું ભવન (–પરિણમન) આત્માના જ આધારે થાય છે, કોઈ બીજાના આધારે થતું નથી, તેથી આત્મા જ તેનું અધિકરણ છે.

આત્માના સમ્યગ્દર્શનરૂપી જે પુત્ર તેનો આધાર કોણ ? કે અધિકરણશક્તિરૂપી માતા જ તેનો આધાર છે; પરમાર્થે આત્મા પોતે જ પોતાને જ્ઞાન આપે છે એટલે જ્ઞાનપર્યાયરૂપી જે શિષ્ય તેનો ગુરુ આત્મા પોતે જ છે, પોતે જ પોતાનો ગુરુ છે; નિર્મળપર્યાયરૂપી જે પ્રજા તેનો આધાર ચૈતન્યરાજા પોતે જ છે; નિર્મળપરિણતિરૂપી જે

સ્ત્રી તેને પોતાના સ્વભાવરૂપ ચૈતન્યપતિનો જ આધાર છે; રાગ–દ્વેષ–મોહરૂપી રોગ ચૈતન્યસ્વભાવના આધારે જ મટે છે તેથી આત્મા પોતે જ પોતાનો વૈદ્ય છે; અને મોક્ષદશારૂપી જે છત તેને ટકવા માટે થાંભલો પણ આત્મા પોતે જ છે, આત્માના સ્વભાવના આધારે જ મોક્ષદશા થાય છે. આ રીતે પોતાના ભાવનો આધાર આત્મા પોતે જ છે.

શરીર–મન–વાણી કે રાગ તે આત્માના ધર્મનો આધાર નથી, તેમજ આત્મા તે શરીર–મન–વાણીનો કે રાગનો આધાર નથી. ખરેખર આત્મા પોતાની નિર્મળપર્યાયનો જ આધાર છે. જેણે પોતાના સ્વભાવને જ પોતાનો આધાર બનાવ્યો તેને સ્વભાવના આધારે નિર્મળ–પર્યાયો જ થાય છે, સ્વભાવના આધારે મલિન પર્યાયો થતી નથી, માટે નિર્મળપર્યાયનો જ આધાર થવાનો આત્માનો સ્વભાવ છે, મલિનતાનો આધાર થવાનો આત્માનો સ્વભાવ છે, મલિનતાનો આધાર થવાનો આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ એવો છે કે તેના આશ્રયે દુઃખની ઉત્પત્તિ થાય જ નહિ, તેના આશ્રયે તો આનંદની ઉત્પત્તિ થાય. ધર્મીની શ્રદ્ધામાં પોતાના શુદ્ધ આત્માનો જ આધાર છે, ને તેના આધારે તેને નિર્મળપર્યાયો જ થયા કરે છે.

જુઓ, આ આત્માના ધર્મનો આધાર બતાવે છે. 'નિરોગી શરીર હોય, આંખ–કાન વગેરે ઇંદ્રિયો ચોકખી હોય, પૈસા–મકાન વગેરેની સગવડ હોય તો તેના આધારે ધર્મ થાય'–એમ કોઈ માને તો આચાર્યદેવ તેને કહે છે કે તું મૂઢ છો. શું તારા આત્મામાં તારા ધર્મનો આધાર થાય–એવી અધિકરણશક્તિ નથી કે તારે બીજાનો આધાર લેવો પડે ? ભાઈ, તારો આત્મા જ તારા ધર્મનો આધાર છે. તારું અસંખ્યપ્રદેશી ચૈતન્ય ક્ષેત્ર જ તારા સમ્યગ્દર્શનાદિ ધર્મનો આધાર છે, એ સિવાય બહારનાં ક્ષેત્રના આધારે તારો ધર્મ નથી. 'અહો ! મહાવિદેહક્ષેત્રમાં તો ધર્મનો ધોધ ચાલી રહ્યો છે'–એમ જ્યાં મહાવિદેહક્ષેત્રની વાત આવે ત્યાં જાણે કે તે ક્ષેત્રના આધારે જ ધર્મ હશે–એમ અજ્ઞાનીની દૃષ્ટિ બહારમાં જાય છે. પણ તે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ધર્માત્માઓ પોતે તો એમ જાણે છે કે અમારો અસંખ્યપ્રદેશી ચૈતન્યમૂર્તિ આત્મા જ અમારા ધર્મનો આધાર છે, આ બાહ્યક્ષેત્ર તે કાંઈ અમારા ધર્મનો આધાર નથી.–આ પ્રમાણે ઓળખીને વ્યવહારથી ધર્મનું બહુમાન કરવા એમ કહેવાય કે 'અહો ! મહાવિદેહક્ષેત્ર તો ધર્મની ભૂમિ છે... તે ભૂમિના આધારે તો સીમંધરાદિ તીર્થંકરો અને લાખો કેવળીભગવંતો તથા કરોડો

સંતો સાક્ષાત્ વિચરી રહ્યા છે, એ ભૂમિમાં ઘણો ધર્મ પાકે છે.'

એ જ પ્રમાણે મોક્ષગામી સંતોનું સ્મરણ કરવા ભક્તિથી એમ કહેવાય કે 'અહો ! આ સમ્મેદશિખરજીના આધારે તો અનંતા તીર્થંકરો ને સંતો મોક્ષ પામ્યા....આ તો શાશ્વતતીર્થ છે, ને એનાં રજકણે રજકણ પૂજ્ય છે.' આવી ભક્તિનો ખરો વ્યવહાર ક્યારે કહેવાય ?–કે તીર્થંકરો અને સંતો ચૈતન્યસ્વભાવને અધિકરણ બનાવીને જે ભાવથી મુક્તિ પામ્યા તે ભાવને ઓળખીને પોતામાં પણ તેવો ભાવ પ્રગટ કરે; ત્યારે એમ થાય કે અહો ! આવો સ્વાવલંબી ભાવ પ્રગટ કરી કરીને પૂર્વે અનંતા તીર્થંકરો ને સંતો અહીંથી મુક્તિ પામ્યા. આ રીતે આમાં તો સ્વાવલંબી ભાવની પ્રધાનતા આવી. આવા સ્વાવલંબી ભાવની ઓળખાણ વગર એકલા બાહ્યક્ષેત્રને જ પોતાની મુક્તિનો આધાર માનીને તેનું જ બહુમાન કર્યા કરે તો તેને માત્ર પુણ્ય બંધાય પણ ધર્મનો લાભ ન થાય. ધર્મ તો ચૈતન્ય સ્વભાવના આધારે જ થાય છે.

આત્મા પોતે સ્વભાવથી જ પોતાનો ભાવનો કર્તા છે, પોતે જ કર્મ છે, પોતે જ કરણ છે, પોતે જ સંપ્રદાન છે, પોતે જ અપાદાન છે ને પોતે જ અધિકરણ છે. પોતાની શક્તિથી જ પોતે સ્વયમેવ છ કારકરૂપ થઈને સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે છે.

એક તરફથી એમ કહે કે આત્મસ્વભાવના આધારે ધર્મ થાય અને વળી એમ કહે છે કે વ્યવહારના–રાગના–નિમિત્તના આધારે પણ ધર્મ થાય–તો એ બંને વાત પરસ્પર વિરોધી છે. આત્મસ્વભાવના આધારે જ ધર્મ છે–એમ જે ખરેખર જાણે તે વ્યવહાર–રાગ કે નિમિત્તના આધારે ધર્મ માને જ નહિ; અને વ્યવહાર–રાગ કે નિમિત્તને આધારે જે ધર્મ માને છે તેણે ધર્મના ખરા આધારરૂપ આત્મસ્વભાવને માન્યો જ નથી. વ્યવહારનો–રાગનો કે નિમિત્તનો આધાર લેવા જતાં તો વિકારની જ ઉત્પત્તિ થાય છે, અને જો તે ધર્મનું કારણ માને તો મિથ્યાત્વ થાય છે. આત્મસ્વભાવના આધારે તો નિર્મળપર્યાયની જ ઉત્પત્તિ થાય છે, તેથી આત્મા નિર્મળપર્યાયનો જ આધાર છે. અહીં આધાર અને આધેય (અર્થાત્ દ્રવ્ય અને પર્યાય) બંને જુદા નથી પણ અભેદ છે. જેમ દાગીના ઘડવાનો આધાર એરણ–એ દૃષ્ટાંતમાં તો એરણ જુદી છે, પરંતુ અહીં નિર્મળપર્યાયના આધારરૂપ દ્રવ્ય કાંઈ તેનાથી જુદું નથી, દ્રવ્ય પોતે તે નિર્મળપર્યાયમાં અભેદ થઈને પરિણમ્યું છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની બધી નિર્મળપર્યાયોનો આધાર થવાની આત્મસ્વભાવની તાકાત છે. આત્મા પોતે આધારપણે ધ્રુવ રહીને પોતાના

જ આધારે સમ્યગ્દર્શનાદિ પર્યાયરૂપ થાય છે. આવો આત્મા જ પરમ શરણભૂત–પરમ આધારભૂત છે. જે જીવ આવા આત્મસ્વભાવનો આધાર લ્યે છે તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ને સિદ્ધપદ પામે છે; અને જે જીવ આત્મસ્વભાવનો આશ્રય છોડીને પરનો આધાર લેવા જાય છે તે નિરાધારપણે સંસારમાં પરિભ્રમણ કરે છે.

ધર્માત્મા જાણે છે કે ગમે તે પ્રસંગમાં ને ગમે તે ક્ષેત્રમાં મને મારા આત્માનો જ આધાર છે...મહેલમાં કે જંગલમાં મારો આત્મા જ મને આધારરૂપ છે. જુઓ, સીતાજી ધર્માત્મા હતા....જ્યારે લવ અને કુશ જેવા ચરમશરીરી પુત્રો તેમની કૂંખે આવ્યા ત્યારે તેમનો એવો દોહલો થયો કે હું સમ્મેદશિખર આદિ તીર્થોની અને જિનબિંબોની વંદના કરું. અને બરાબર એ જ વખતે લોકોએ આવીને રામચંદ્રજીને લોકાપવાદની વાત કરી. તેથી રામચંદ્રજીએ સેનાપતિને બોલાવીને આજ્ઞા કરી કે 'સીતાને સમ્મેદશિખર વગેરે તીર્થોનાં તેમજ જિનબિંબોનાં દર્શન કરાવીને તેની ઈચ્છા પૂરી કરો અને પછી સિંહનાદ નામના મહાભયાનક વનમાં તેને એકલી છોડી દેજો.' સીતાજીએ હર્ષથી ને ભક્તિથી તીર્થવંદના કરી...ને પછી જ્યાં સિંહનાદ વન આવ્યું ત્યાં રથ ઊભો રાખીને સેનાપતિ ખૂબ રડે છે....ત્યારે સીતાજી પૂછે છે કે અરે સેનાપતિ ! શું થયું ? તીર્થવંદનાના આજના આનંદ–પ્રસંગે તું શોક કેમ કરે છે ? સેનાપતિ રડતાં રડતાં કહે છેઃ હે માતા ! જેમ મુનિવરો રાગપરિણતિને છોડે તેમ શ્રી રામે લોકાપવાદના ભયથી તમને આ જંગલમાં એકલા છોડી દેવાની આજ્ઞા કરી છે. સેનાપતિના એ શબ્દો કાને પડતાં જ સીતાજી મૂર્છાથી બેભાન થઈ ગયા....જુઓ, એ મૂર્છા વખતે પણ ધર્માત્મા સીતાજીને અંતરમાં ભાન છે કે ગમે તે પ્રસંગમાં મારા ધર્મને માટે મને મારા આત્માનો જ આધાર છે.–પછી જ્યારે ભાનમાં આવે છે ત્યારે રામચંદ્રજીને સંદેશ કહેવડાવે છે કે 'હે સેનાપતિ ! મારા રામને કહેજે કે લોકાપવાદના ભયથી મને તો છોડી, પણ જિનધર્મને ન છોડશો. અજ્ઞાની લોકો જિનધર્મની નિંદા કરે તો તે નિંદાના ભયથી સમ્યગ્દર્શનને કદી ન છોડશો...ચૌવિધ સંઘની સેવા કરજો...મુનિઓ અને આર્જિકાઓને ભક્તિથી આહારદાન દેજો'....જુઓ, આવા પ્રસંગે પણ સીતાજીને અંતરના સ્વભાવમાંથી ધર્મનો ઉમળકો આવ્યો છે. ધર્મના આધારભૂત સ્વભાવ અંતરમાં દેખ્યો છે તે સ્વભાવના આશ્રયે ઉમળકો આવ્યો છે....અહો ! ભલે જંગલમાં એકલી પડી પણ મારા ધર્મના આધાર અંદર પડ્યો છે. તે આધારને હું નથી છોડતી....અને મારા રામને કહેજો

કે તે પણ ધર્મને ન છોડે; લોકાપવાદની ખાતર મને તો છોડી, પણ ધર્મને ન છોડે. આ રીતે ધર્મને જ શરણભૂત જાણીને ધર્માત્મા પોતાના ધર્મના શરણને યાદ કરે છે. મહેલમાં હોઉં કે જંગલમાં હોઉં, મારો ચૈતન્યભગવાન જ મને શરણરૂપ છે, મારો આધાર બહારમાં નથી, મારો આધાર મારી સાથે ને સાથે જ છે.–આવી નિઃશંકતા ધર્મીને કદી કોઈ પ્રસંગે ખસતી નથી. સીતાજીએ બહારમાં રામનો વિયોગ થયો પણ અંતરમાં આતમરામનો વિયોગ નથી થયો; સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનમાં આતમરામનો આધાર સદાય વર્ત્યા જ કરે છે. અજ્ઞાની તો સંયોગમાં અને આકુળતામાં એકાકાર થઈને અંતરના આધારને ભૂલી જાય છે. ધર્માત્માનેય જરાક આકુળતા ને શોક થઈ જાય પણ આતમના આધારને તે ભૂલતા નથી ને શોકમાં કે સંયોગમાં એકાકાર થતા નથી; સંયોગને પોતાના ધર્મનો આધાર સ્વપ્નેય માન્યો નથી, એટલે તેવા પ્રસંગે પણ સ્વભાવના આધારે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાનરૂપ ધર્મ તો વર્ત્યા જ કરે છે. ધર્મીનાં હૃદય ઓળખવા સાધારણ જીવોને માટે મુશ્કેલ છે.

સિંહ, વાઘ ને રીંછથી ભરેલા ઘોર જંગલમાં સીતાજી એકલા બેઠા છે, પેટમાં લવ અને કુશ જેવા બે ચરમશરીરી પુત્રો પડ્યા છે....સિંહ, વાઘની ત્રાડ સંભળાય છે....અરે ! આ સિંહ આવ્યો...વાઘ આવ્યો....જરાક ભય પણ થાય છે, છતાં સ્વભાવમાં તો તે વખતેય તે નિઃશંક છે કે અરે ! અમે અમારા ચૈતન્યસ્વભાવનો આધાર લીધો છે....આ વન, કે આ વાઘ–સિંહની ગર્જના, તે કોઈ સંયોગ અમને અમારા સ્વભાવના આધારથી છોડાવવા સમર્થ નથી. ઉપર આભ ને નીચે ધરતી, ભલે કોઈ સગાસંબંધી ન હો !...પણ અમે અશરણ નથી, અંતરમાં અમારો ચિદાનંદસ્વભાવ જ અમારું મોટું શરણ છે. જાુઓ, સીતાજી ક્યાં છે ? જંગલમાં છે ? ના; અંતરના ચૈતન્યસ્વભાવનું શરણ લઈને જે શ્રદ્ધા–જ્ઞાન–આનંદનાં પરિણામ થાય છે તેમાં જ સીતાજીનો આત્મા વર્તે છે. આધારભૂત એવા પોતાના સ્વભાવનાં શરણને ક્ષણેક્ષણે દૃઢ કરે છે. બહારમાં થાવું હોય તે થાય પણ અંતરમાં ચૈતન્યનો મોટો આધાર છે, તેનો આધાર કદી છૂટે તેમ નથી; ને એ ચૈતન્યના આધારે અમને દુઃખ નથી પણ આનંદ જ છે. આંખમાંથી આંસુડા ચાલ્યા જાય છે છતાં ભાન છે કે આ આંસુનો આધાર અમારો આત્મા નથી, જરાક ખેદના પરિણામ થયા તેનો આધાર પણ અમારો આત્મા નથી, અમારો આત્મા તો જ્ઞાનઆનંદનો જ આધાર છે. આ સ્ત્રીનું શરીર તે અમે

નહિ, આ ભયંકર જંગલ કે મોટો મહેલ તેમાં રહેનારા અમે નહિ, મહેલ અમને શરણભૂત હતા ને આ જંગલમાં અમે અશરણ થઈ ગયા–એમ નથી; જગત આખું અમારા માટે અશરણ છે, અમારો આત્મા જ અમારું શરણ છે.

– જુઓ, આ ફક્ત આવા પ્રકારની વિચારની કે વિકલ્પની વાત નથી, પણ અંતરમાં તેવા અભિપ્રાયનું નિર્વિકલ્પ પરિણમન ચૈતન્યસ્વભાવના આધારે થઈ ગયું છે, તે હરક્ષણે ને હરેક પ્રસંગે વર્ત્યા જ કરે છે, તેની આ વાત છે. ચૈતન્યસ્વભાવના આધારે જે સમ્યકશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન થયું તે જ ધર્મ છે.

આત્માના સ્વભાવમાં એવી તાકાત છે કે ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગમાં પણ તે આધારભૂત થાય ને તેના આધારે શાંતિ થાય. સાતમી નરકની ઘોર પ્રતિકૂળતામાં પડેલા નારકીઓમાં પણ કોઈક જીવ પૂર્વની દેશનાલબ્ધિના સંસ્કાર તાજા કરીને, અંતરમાં પોતાના ચૈતન્યસ્વભાવનો આધાર લઈને સમ્યગ્દર્શન પામે છે ને એવી અપૂર્વ આત્મશાંતિ વેદે છે કે સ્વર્ગના મિથ્યાદૃષ્ટિ દેવને તેની ગંધ પણ ન હોય. આત્માના આધાર વિના બહારમાં કોઈના આધારે સુખ કે શાંતિ લેવા માંગે તો ત્રણ કાળ ત્રણ લોકમાં ક્યાંય તે મળે તેમ નથી. ગમે ત્યાં ને ગમે તે ક્ષણે પોતાના સ્વભાવમાં વળીને તેનો આધાર લીધે જ સુખ અને શાંતિ થાય છે.

ભાવ્યમાન ભાવનો આધાર થાય એવી આત્માની શક્તિ છે. જ્ઞાની ભાવક થઈને નિર્મળભાવને ભાવે છે, ને અજ્ઞાની ભાવક થઈને વિકારને ભાવે છે. જ્ઞાની તો સ્વભાવના આધારે નિર્મળ ભાવો પ્રગટ કરીને તેના જ આધારરૂપે પરિણમે છે. અજ્ઞાની પોતાના આત્માને વિકારનો જ આધાર માનીને એકલા વિકારરૂપે પરિણમે છે; નિર્મળ–પર્યાયના આધારરૂપ પોતાના શુદ્ધસ્વભાવને તે નથી જાણતો એટલે બહારના આધારે નિર્મળતા કરવા માંગે છે એ તેની બાહ્યદૃષ્ટિ છે. ચૈતન્યનો આધાર ચૂકીને બહારમાં પોતાનો આધાર જે શોધે છે તે ભલે મોટો બાદશાહ કે શહેનશાહ હોય તો પણ ખરેખર ભીખારી જ છે, કેમકે બીજા પાસેથી તે પોતાના જ્ઞાન–આનંદની ભીખ માંગે છે. અને,' મારા આનંદનો આધાર હું જ છું, મારા જ્ઞાન–આનંદને માટે બીજા કોઈ આધારની મારે જરૂર નથી'–એવી સ્વભાવદૃષ્ટિ કરનાર સમકિતી, કદાચિત્ દરિદ્ર હોય તોપણ મોટો બાદશાહનો બાદશાહ છે.

શરીર કે રાગ તે આત્માના ધર્મનો આધાર નથી, કેમકે શરીર અને રાગ છૂટી

જવા છતાં સમ્યગ્દર્શનાદિ ટકી રહે છે, માટે તે કોઈ ધર્મનો આધાર નથી; તેમજ આત્મા તે શરીરનો કે રાગનો આધાર નથી. સંસારનો આધાર જ આત્મા નથી, આત્મા તો મોક્ષનો જ આધાર થાય તેવા સ્વભાવવાળો છે.

કેવળી કે શ્રુતકેવળીના પાદમૂળમાં જ ક્ષાયિકસમ્યક્ત્વ થાય–એવો સિદ્ધાંત છે, પરંતુ તે તો તે વખતે નિમિત્ત કેવું હોય તે બતાવ્યું છે; કાંઈ તે નિમિત્ત આ જીવના ક્ષાયિકસમ્યક્ત્વનો આધાર નથી; સમ્યગ્દર્શનનો આધાર આત્મા પોતે જ છે, આત્માના જ આધારે તે પરિણમન થાય છે.

જેનો જે આધાર હોય તેનાથી તે અભિન્ન હોય, ભિન્ન ન હોય. જો વસ્તુમાં પોતાનો આધાર થવાની શક્તિ ન હોય ને ભિન્ન આધાર હોય તો અનવસ્થા દોષ આવે,–આધારની પરંપરા ક્યાંય અટકે નહિ. જેમ કે–કોઈ એમ કહે કે આત્માનો આધાર આ શરીર, શરીરનો આધાર ?–મકાન; મકાનનો આધાર ?–આ જંબુદ્વીપ; જંબુદ્વીપનો આધાર ?–મધ્યલોક; મધ્યલોકનો આધાર ?–લોક; લોકનો આધાર ?–અલોક; તો અલોકનો આધાર કોણ ?–અલોકથી તો મોટું બીજું કોઈ નથી કે જેને અલોકનો આધાર કહી શકાય. માટે અલોકનો આધાર અલોક જ છે, બીજો કોઈ ભિન્ન આધાર નથી, તો પછી અલોકની જેમ જગતના બધાય પદાર્થોને પણ પોતપોતાનો જ આધાર છે, પરનો આધાર નથી. સમયસારમાં પણ આકાશનો દાખલો આપીને ભેદજ્ઞાનની અદ્ભુત વાત સમજાવી છે, ત્યાં કહે છે કે જ્યારે એકલા આકાશને જ લક્ષમાં લઈને તેના આધારનો વિચાર કરવામાં આવે ત્યારે આકાશને બીજા કોઈ દ્રવ્યનો આધાર કહી શકાતો નથી, એટલે કોઈ ભિન્ન આધાર લક્ષમાં આવતો નથી. એક આકાશ જ આકાશમાં જ છે–એમ બરાબર સમજાય છે, ને એવું સમજનારને પર સાથે આધાર–આધેયપણું ભાસતું નથી. તેમ એકલા જ્ઞાનસ્વભાવને લક્ષમાં લઈને તેના આધારનો વિચાર કરવામાં આવે ત્યારે જ્ઞાનથી ભિન્ન અન્ય કોઈ દ્રવ્યનો આધાર દેખતો નથી, એક જ્ઞાન જ પોતે પોતામાં જ છે–એમ બરાબર સમજાય છે, અને એવું સમજનારને પોતાના જ્ઞાનસ્વભાવથી ભિન્ન બીજા કોઈ પદાર્થો સાથે પોતાનું આધારઆધેયપણું ભાસતું નથી. આવું અપૂર્વ ભેદજ્ઞાન થતાં પોતે પોતાના જ્ઞાનસ્વભાવના આધારે જ્ઞાનરૂપે જ પરિણમે છે, ને રાગદ્વેષમોહની ઉત્પત્તિ થતી નથી. આ સંવર થવાનો ઉપાય છે. (જુઓ સંવરઅધિકાર ગા.૧૮૧–૨–૩)

જુઓ, નિરાલંબી આકાશનો દાખલો આપીને આત્માનો જ્ઞાનસ્વભાવ સમજાવ્યો છે. અહો ! આખો લોક નિરાલંબી છે. ચારે બાજુ તેમજ નીચે–ઉપર અનંત અનંત અલોકાકાશની મધ્યમાં ૩૪૩ ઘનરાજુ પ્રમાણ આ લોક શાશ્વત રહેલો છે. અનંતાનંત જીવ–પુદ્‌ગલો વગેરેથી તે સર્વત્ર ભરેલો છે. આ લોકને નીચે કોઈ ટેકો નથી કે ઉપર કોઈ દોરડાથી લટકાવેલો નથી, તેમજ કોઈએ તેને ધારી રાખ્યો નથી, છતાં તે લોક નીચે પડી જતો નથી. લોકની નીચે તદ્દન ખાલી જગ્યા જ છે, છતાં લોક નીચે ઊતરી જતો નથી, એમ ને એમ નિરાલંબીપણે ટકી રહ્યો છે. જેમ લોક આખોય નિરાલંબીપણે એમ ને એમ ટકી રહ્યો છે તેમ લોકના બધાય પદાર્થો નિરાલંબીપણે પોતપોતાનાં સ્વરૂપમાં ટકી રહ્યા છે, કોઈ ભિન્ન આધારની અપેક્ષા તેને નથી. અહો ! જુઓ તો ખરા આ વસ્તુસ્વભાવ !

વળી સમવસરણમાં બિરાજમાન સર્વજ્ઞ પરમાત્માને નીચે રત્નમણિનું દૈવી સિંહાસન હોય, પણ ભગવાનનો દેહ તે સિંહાસનને અડતો નથી, ભગવાન તો સિંહાસનથી ચાર આંગળ ઊંચે બિરાજે છે એટલે નિરાલંબીપણે આકાશમાં જ બિરાજે છે.–

**‘ઊંચે ચતુરાંગુલ જિન રાજે, ઇન્દ્રો નરેન્દ્રો મુનિરાજ પૂજે;**
**જેવું નિરાલંબન આત્મદ્રવ્ય તેવો નિરાલંબન જિનદેહ.’**

ભગવાનનો આત્મા તો પોતાનો સ્વભાવના આધારે પરિપૂર્ણ વીતરાગી નિરાલંબી થઈ ગયો, ને ત્યાં શરીરનો સ્વભાવ પણ નિરાલંબી થઈ ગયો. કોઈ પણ બાહ્ય પદાર્થના અવલંબન વગર ભગવાનનો આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદરૂપે પરિણમી રહ્યા છે. બધાય આત્માઓનો આવો નિરાલંબી સ્વભાવ છે. પણ મૂઢ અજ્ઞાની જીવોને બહારના અવલંબનની મિથ્યાબુદ્ધિ ખસતી નથી, ને આત્માનું અવલંબન તેઓ લેતા નથી. તેથી આ અધિકરણશક્તિમાં આચાર્યદેવે સમજાવ્યું કે હે જીવ ! પોતે જ પોતાના ધર્મનો આધાર થાય એવી તારા આત્માની શક્તિ છે, માટે તું તારા આત્મસ્વભાવનું જ અવલંબન લે....ને બીજાના અવલંબનની બુદ્ધિ છોડ.

**અહો, કેવું નિરાલંબી તત્ત્વ !**

– ૪૬મી અધિકરણશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

# સંબંધ શક્તિ

**આત્માનું 'સ્વ' શું છે, ને તેને વાસ્તવિક સંબંધ કોની સાથે છે તે આ સંબંધશક્તિમાં બતાવ્યું છે. આ સંબંધશક્તિ પણ આત્માનો પર સાથે સંબંધ નથી બતાવતી પરંતુ પોતામાં જ સ્વ–સ્વામીસંબંધ બતાવીને પર સાથેનો સંબંધ તોડાવે છે, ને આત્મસ્વભાવમાં એકતા કરાવીને સિદ્ધપદ પમાડે છે.**

આ ભગવાન આત્મા પોતાની જ્ઞાનક્રિયામાં અનંત શક્તિથી ઉલ્લસી રહ્યો છે, તેના જ્ઞાનમાત્ર ભાવમાં અનંત ધર્મો એક સાથે પરિણમી રહ્યા છે, તેથી તે અનેકાન્તમૂર્તિ છે. આવા અનેકાન્તમૂર્તિ આત્માની ૪૭ શક્તિઓનું અમૃતચંદ્ર આચાર્યદેવે અદ્‌ભુત વર્ણન કર્યું છે. તેમાંથી ૪૬ શક્તિઓનું ઘણું સરસ વિવેચન થઈ ગયું, હવે છેલ્લી સંબંધશક્તિ છે. 'સ્વભાવમાત્ર સ્વ–સ્વામિત્વમયી સંબંધશક્તિ આત્મામાં છે.'

સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદરૂપ જે પોતાનો ભાવ છે તે જ આત્માનું સ્વ–ધન છે, ને તેનો જ આત્મા સ્વામી છે; એ સિવાય બીજું કાંઈ આત્માનું સ્વ નથી ને આત્મા તેનો સ્વામી નથી. જુઓ, આ સંબંધશક્તિ ! સંબંધશક્તિ પણ આત્માનો પર સાથે સંબંધ નથી બતાવતી, પણ પર સાથેનો સંબંધ તોડાવીને સ્વમાં એકતા કરાવે છે; આ રીતે આત્માના એકત્વ–વિભક્ત સ્વરૂપને બતાવે છે. સમકિતી ધર્માત્મા એમ અનુભવે છે કે–

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે !**

આ એક શુદ્ધ જ્ઞાનદર્શનમય સદા અરૂપી આત્મા જ હું છું, એ જ મારું સ્વ છે, એ સિવાય જગતમાં બીજું કાંઈ એક પરમાણુમાત્ર પણ મારું નથી. પોતે પોતાના આત્મસ્વભાવમાં વળીને સ્વમાં એકતારૂપે પરિણમ્યો ત્યાં કોઈ પણ પરદ્રવ્ય સાથે જરા પણ સંબંધ ભાસતો નથી.

આવા પરના સંબંધ વગરના શુદ્ધ આત્માને દેખવો તે જ ધર્મ છે, તે જ જૈનશાસન છે. આચાર્ય કુંદકુંદ પ્રભુ કહે છે કે–જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ (એટલે કે કર્મના બંધન રહિત અને સંબંધ રહિત), અનન્ય, અવિશેષ તથા નિયત અને સંયુક્ત દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે; **'जो पस्सदि अप्पाणं सबद्धपुट्ठं....पस्सदि जिणसासणं सव्वं..'** જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે. જુઓ, આચાર્યભગવાન સ્પષ્ટ કહે છે કે પરના સંબંધ વગરના શુદ્ધ આત્માની અનુભૂતિ તે જ જૈનધર્મ છે. ખરેખર આત્માનો સ્વભાવ રાગના પણ સંબંધ વગરનો છે. જે જીવ પોતાના આત્માને કર્મના સંબંધવાળો ને વિકારી જ દેખે છે પણ કર્મના સંબંધ રહિત અને રાગાદિ રહિત એવા પોતાના શુદ્ધ સ્વભાવને નથી દેખતો તેણે જિનશાસનને જાણ્યું નથી, ને તેના આત્મામાં જૈનધર્મ પ્રગટ્યો નથી. જ્ઞાનદર્શનસ્વભાવ જ હું છું, ને જ્ઞાનદર્શનસ્વભાવથી જુદા બીજા જે કોઈ ભાવો છે તે હું નથી, તે બધાય મારા સ્વરૂપથી બાહ્ય છે.–આ પ્રમાણે જ્ઞાનદર્શનસ્વભાવમાં એકત્વપણે ને બીજા સમસ્ત પદાર્થોથી વિભક્તપણે પોતાના આત્માને અનુભવવો તે જૈનધર્મ છે. આવા આત્માને જાણ્યા વગર ખરેખર જૈનપણું થાય નહિ.

આ જગતમાં મારું શું છે ને કોની સાથે મારે પરમાર્થસંબંધ છે તેના ભાન વગર, પરને જ પોતાનું માની–માનીને જીવ સંસારમાં રખડી રહ્યો છે. પરદ્રવ્ય કદી પોતાનું થઈ શક્તું જ નથી, છતાં પરને પોતાનું માને તે જીવ મોહને લીધે દુઃખી જ થાય, જો પરને પરરૂપે જાણે ને સ્વને જ સ્વ–રૂપે જાણે તો નિઃશંકપણે પોતાનાં સ્વરૂપમાં એકાગ્રતાથી સુખી જ થાય.

દુઃખનું મૂળ શું ?–કે પરદ્રવ્યને પોતાનું માનવું તે.

સુખનું મૂળ શું ?–કે સ્વ–પરનું ભેદજ્ઞાન કરવું તે.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।**
**तस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ।।**

જે કોઈ જીવો સિદ્ધ થયા છે તેઓ ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે; જે કોઈ જીવો બંધાયા છે તેઓ ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.

ભેદજ્ઞાન શું છે તેનું આ વર્ણન ચાલે છે. આત્માના જ્ઞાનદર્શન–સ્વભાવ સિવાય બીજે ક્યાંય પણ સ્વામિપણું માને તો તે જીવને ભેદજ્ઞાન નથી પણ અજ્ઞાન છે. ધર્મી પોતાના આત્માને કેવો ધ્યાવે છે તે પ્રવચનસારમાં કહે છે–

**'હું પરતણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું,**
**જે એમ ધ્યાવે, ધ્યાનકાળે જીવ તે ધ્યાતા બને.' ૧૯૧**

'જે આત્મા...' હું પરનો નથી, પર મારાં નથી' એમ સ્વ–પરના પરસ્પર સ્વ સ્વામિસંબંધને ખંખેરી નાંખીને, 'શુદ્ધ જ્ઞાન જ એક હું છું' એમ આત્માને છોડીને, આત્માને જ આત્માપણે ગ્રહીને, પરદ્રવ્યથી વ્યાવૃત (ભિન્ન)પણાને લીધે આત્મારૂપી જ એક અગ્રમાં (ધ્યેયમાં) ચિંતાને રોકે છે...તે...ખરેખર શુદ્ધાત્મા હોય છે.' જુઓ, ધર્મી પોતાના આત્મામાંથી પરદ્રવ્યનો સંબંધ ખંખેરી નાંખે છે, ને એક શુદ્ધ જ્ઞાનસ્વરૂપે જ પોતાના આત્માને ધ્યાવે છે. 'પ્રથમ તો હું સ્વભાવની જ્ઞાયક જ છું; કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે.'–મોક્ષધિકારી જીવ આવા જ્ઞાયકસ્વભાવી આત્માનો નિર્ણય કરીને સર્વ ઉદ્યમથી પોતાના શુદ્ધાત્મામાં જ પ્રવર્તે છે. (જુઓ, પ્રવચનસાર ગા.૨૦૦ ટીકા) જે જીવ પર સાથે કર્તાકર્મપણું, સ્વસ્વામિપણું વગેરે સંબંધ જરા પણ માને તે જીવ પરનું મમત્વ છોડીને પોતાના જ્ઞાયકસ્વભાવમાં પ્રવર્તી શક્તો નથી, તે તો રાગ–દ્વેષ–મોહમાં જ પ્રવર્તે છે. તે ખરેખર મોક્ષનો અધિકારી નથી.

જુઓ, આ આત્માને કોની સાથે ખરો સંબંધ છે તે બતાવે છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે–

**'હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.'**

ધર્મી જાણે છે કે હું તો જ્ઞાનદર્શનસ્વભાવી આત્મા છું; જ્ઞાનદર્શનસ્વભાવ જ મારું સ્વ છે ને તેનો જ હું સ્વામી છું. એ સિવાય બીજા કોઈનો હું સ્વામી નથી, તેમજ બીજું કોઈ મારું સ્વામી નથી. આ કુટુંબ–સ્ત્રી–પુત્ર–ધન–શરીર તે કોઈ મારું સ્વ નથી ને હું તેનો સ્વામી નથી. નિયમસારમાં કહે છે કે આ સ્ત્રીપુત્રાદિક કોઈ તારા સુખ–દુઃખના ભાગીદાર થતા નથી, તે તો પોતાની આજીવિકા માટે ધુતારાઓની ટોળી તને મળી છે. જો તું એને પોતાના માનીશ તો તું ધુતાઈ જઈશ. (જુઓ ગા.૧૦૧ની ટીકા) એ સ્ત્રી પુત્રાદિક કોઈ આ આત્માના સંબંધી ખરેખર નથી. તીર્થંકર ભગવાન વગેરે આરાધક જીવો માતાના પેટમાં હોય ત્યારે પણ પોતાના આત્માને આવો જ જાણે છે, પર સાથે જરાય સંબંધ માનતા નથી. કેમ કે–

**'પરદ્રવ્યે આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે !**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે ?**
**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને.**

'જે જેનો સ્વભાવ છે તે તેનું સ્વ (ધન, મિલકત) છે, અને તે તેનો (સ્વ–ભાવનો) સ્વામી છે–એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની પોતાના આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી 'આ મારું સ્વ નથી, હું આનો સ્વામી નથી' એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી.' (–સમયસાર ગા.૨૦૭ ટીકા)

વળી જ્ઞાની કહે છે કે–' જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું સ્વ થાય, હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં; અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય. એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી

પડે. મારું તો એક જ્ઞાયકભાવ જ સ્વ છે, ને તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.' (–સમયસાર ગા.૨૦૮ ટીકા)

આઠ વર્ષની નાની બાળીકા પણ જો સમકિત પામે તો તે પોતાના આત્માને આવો જ જાણે છે. પછી મોટી થતાં કદાચ તેના લગ્ન થાય ને પરણે તોપણ તેના અંતરઅભિપ્રાયમાં પોતાના જ્ઞાયકસ્વભાવી આત્મા સિવાય બીજા કોઈને તે પોતાનો સ્વામી માનતી નથી. અને પતિ જો ધર્માત્મા હોય તો તે પણ એમ નથી માનતા કે 'હું આ સ્ત્રીનો સ્વામી છું.' હું તો મારા જ્ઞાનનો જ સ્વામી છું–એમ ધર્મી જાણે છે. પતિ–પત્ની તરીકે એકબીજા પ્રત્યે જે રાગ છે તેને તે પોતાના દોષ તરીકે જાણે છે, અને જ્ઞાયકસ્વભાવમાં તે રાગનું સ્વામીપણું પણ સ્વીકારતાં નથી. અમારા જ્ઞાયકસ્વભાવવના આશ્રયે જે સમ્યગ્દર્શનાદિ ભાવો પ્રગટ્યા છે તે જ અમારું 'સ્વ' છે ને તેના જ અમે સ્વામી છીએ,–આ રીતે માત્ર પોતાના સ્વ–ભાવમાં જ સ્વ–સ્વામીપણું જાણે છે. આ સિવાય શરીર કે રાગાદિ સાથે સ્વ–સ્વામીપણું માનતા નથી.

આચાર્યદેવે તો કહ્યું કે જો તું અજીવને પોતાનું માનીને તે અજીવનો સ્વામી થવા જઈશ તો તું અજીવ થઈ જઈશ !–એટલે કે જીવતત્ત્વ તારી શ્રદ્ધામાં નહિ રહે. માટે હે ભાઈ ! જો તું તારી શ્રદ્ધામાં તારા જીવતત્ત્વને જીવતું રાખવા માંગતો હોય તો તારા આત્માને જ્ઞાયકસ્વભાવી જ જાણીને તેનો જ સ્વામી થા; ને બીજાનું સ્વામીપણું છોડ. રાગ ભલે હોય, પણ પહેલાં રાગ સાથેના સંબંધ વગરના જ્ઞાયકસ્વભાવનો નિર્ણય તો કર. ધર્મીને રાગ હોવા છતાં તેના અભિપ્રાયમાં 'રાગ તે હું' એવી રાગની પક્કડ નથી પણ 'જ્ઞાયકસ્વભાવ જ હું'–એવી સ્વભાવની પક્કડ છે. ચૈતન્યસ્વભાવને ચૂકીને દેહાદિ પરનું સ્વામીપણું માનવું તે તો મિથ્યાત્વ છે જ, અને શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે પણ મિથ્યાત્વ જ છે.

**પ્રશ્ન** :- શુભાશુભ પરિણામનો સ્વામી આત્મા નથી તો કોણ છે ?

**ઉત્તર** :- શુભાશુભ પરિણામ આત્માની પર્યાયમાં થાય છે તે અપેક્ષાએ તો આત્મા જ તેનો સ્વામી છે. પરંતુ અહીં તો આત્માના સ્વભાવનું–આત્માની શક્તિનું વર્ણન ચાલે છે. શુભાશુભ પરિણામ તે આત્માનો સ્વભાવ નથી, આત્મા તો જ્ઞાયકસ્વભાવી છે; તે જ્ઞાયકસ્વભાવના આશ્રયે શુભાશુભ ભાવરૂપ પરિણમન થતું જ નથી, માટે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિવાળા ધર્માત્મા શુભાશુભ પરિણામના સ્વામી થતા નથી;

જ્ઞાયકસ્વભાવના આશ્રયે જે સમ્યગ્દર્શનાદિ વીતરાગી પરિણામ થયા તેના જ તે સ્વામી થાય છે. અજ્ઞાનીને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ નથી તેથી તે જ શુભાશુભ પરિણામનો સ્વામી થઈને તેમાં એકત્વબુદ્ધિથી મિથ્યાત્વરૂપે પરિણમે છે.

ધર્મી જાણે છે કે હું તો મારા જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણોનો સ્વામી છું, ને તે જ મારા સ્વ–ભાવો છે. મારું સ્વરૂપ એવું નથી કે હું વિકારનો સ્વામી થાઉં. વિકારનો સ્વામી તો વિકાર હોય, મારો શુદ્ધભાવ વિકારનો સ્વામી કેમ હોય ! મારા જ્ઞાયકસ્વભાવ સાથે એકત્વ થયેલો જે નિર્મળભાવ (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) તે જ મારું સ્વ છે ને હું તેનો જ સ્વામી છું. મારા આ સ્વધનને હું કદી છોડતો નથી. જે મારું સ્વ હોય તે મારાથી જુદું કેમ પડે ? સ્વભાવમાં એકાગ્ર થતાં રાગાદિ તો મારાથી છૂટા પડી જાય છે માટે તે મારું સ્વ નથી.

જે જેને પોતાનું માને તે તેને છોડવા માંગે નહિ. રાગને જે પોતાનું સ્વ માને છે તે રાગને છોડવા માંગતો નથી, એટલે પોતાના સ્વભાવથી તે રાગને જુદો નથી જાણતો, તેથી તે તો મિથ્યાદ્રષ્ટિ જ છે. જે એમ જાણે કે હું તો જ્ઞાયક સ્વભાવ છું, રાગ તે મારા સ્વભાવથી જુદો ભાવ છે, આમ જાણીને જ્ઞાયક સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શનાદિ ભાવ પ્રગટ કરે, પછી તેને જે અલ્પરાગ રહે તે અસ્થિરતા પૂરતો ચારિત્રદોષ કહેવાય. તેને શ્રદ્ધામાં જ્ઞાયકભાવનું જ સ્વામીપણું વર્તે છે, રાગનું સ્વામીપણું વર્તતું નથી એટલે શ્રદ્ધાનો મહાદોષ તેને છૂટી ગયો છે.

ભગવાનની ખરી ભક્તિ કરનાર જીવ, ભગવાને જેમ કર્યું તેમ પોતે કરવા માંગે છે. હે ભગવાન સર્વજ્ઞદેવ ! આપે આપના આત્માને જ્ઞાયકસ્વભાવી જ જાણીને પરનું મમત્વ છોડી દીધું ને આપ પરમાત્મા થયા....મારો આત્મા પણ આપના જેવો જ્ઞાયકસ્વભાવી જ છે–આમ જે જીવ ભગવાન જેવા પોતાના આત્માને ઓળખે તે જ ભગવાનનો ખરો ભક્ત છે, તેણે જ ભગવાનને ઓળખીને ભગવાનની ભક્તિ કરી છે. અને આવી પરમાર્થ ભક્તિ સહિત ભગવાનના બહુમાનનો ઉલ્લાસ આવતાં ધર્માત્મા એમ કહે છે કે 'હે નાથ ! આપ જ મારા સ્વામી છો, આપે જ મને આત્મા આપ્યો છે....' ધર્માત્માના અંતરમાં અભિપ્રાય શું છે તેને તો ઓળખે નહિ ને એકલી ભાષાને વળગે કે 'જ્ઞાની આમ બોલ્યા ને જ્ઞાનીએ આમ કર્યું'–તો તે બાહ્યદ્રષ્ટિ જીવ ધર્માત્માને ખરેખર ઓળખતો જ નથી; તે જડ ભાષાને અને શરીરને જ ઓળખે છે પણ જ્ઞાનીના

ચૈતન્યભાવને તે ઓળખતો નથી.

જુઓ, રામચંદ્રજી જ્ઞાની–ધર્માત્મા હતા; તે ભવે જ મોક્ષગામી હતા. રામચંદ્ર બળદેવ હતા ને લક્ષ્મણ વાસુદેવ હતા; બંને ભાઈને એવો પ્રેમ કે, 'રામચંદ્રજી સ્વર્ગવાસ પામ્યા' એટલા શબ્દો કાને પડતાં જ 'હા ! રા...મ...'કહેતાંકને લક્ષ્મણના પ્રાણ ઊડી ગયા ! અને રામચંદ્ર તે લક્ષ્મણના મડદાને છ મહિના સુધી સાથે લઈને ફર્યા....અનેક રીતે તેને બોલાવે કે ભાઈ ! તું કેમ બોલતો નથી ? તું કેમ મારાથી રીસાણો છો ! જમવાનો સમય થાય ત્યાં તેને ખવરાવવાની ચેષ્ટા કરે, તેના મોઢામાં કોળિયો મૂકે....રાત્રે પણ તેને બાજુમાં રાખીને સુવડાવે ને તેના કાનમાં કહે કે ભાઈ, હવે તો બોલ ! અત્યારે હું ને તું એકલા જ છીએ માટે તારા મનની જે વાત હોય તે કહી દે....સવાર પડે ત્યાં એ મડદાને નવરાવે–ધોવરાવે, ને કહે કે ભાઈ ! ક્યાં સુધી સૂઈશ ! હવે તો જાગ ! આ સવાર પડી, ને જિનેન્દ્ર ભગવાનની પૂજાનો સમય ચાલ્યો જાય છે....માટે ઝટ ઊઠ !–આમ અનેક પ્રકારે ચેષ્ટાઓ કરે ને લક્ષ્મણના શરીરને ખભે નાંખીને સાથે ને સાથે ફેરવે...છતાં હરામ છે જો રામ તેની સાથે જરાય સંબંધ માનતા હોય તો ! સ્વભાવ માત્ર સ્વ–સ્વામીસંબંધ સિવાય બીજા કોઈ સાથે અંશ માત્ર સંબંધ માનતા નથી. પણ બહારથી જોનારો અજ્ઞાની જીવ ધર્માત્માની આવી અંતર્દ્દષ્ટિનું માપ કઈ રીતે કાઢશે ? છ છ મહિના સુધી ઉપર મુજબની ચેષ્ટા કરે છે છતાં તે વખતે પણ લક્ષ્મણ સાથે કે લક્ષ્મણ પ્રત્યેના રાગ સાથે સ્વ–સ્વામીસંબંધ રામચંદ્રજીએ માન્યો નથી, તે વખતે પણ પોતાના જ્ઞાયક સ્વભાવના આશ્રયે જે સમ્યક્દર્શનાદિ વર્તે છે તેના જ સ્વામિપણે પરિણમી રહ્યા છે. ધર્માત્માના હૃદય કળવા અજ્ઞાનીને કઠણ પડે તેમ છે.

**પ્રશ્ન** :- જો લક્ષ્મણ સાથે રામચંદ્રજી જરાય સંબંધ ન માનતા હોય તો છ મહિના સુધી તેના મડદાને કેમ સાથે ફેરવે ?

**ઉત્તર** :- અરે મૂઢ ! તું રામચંદ્રજીના આત્માને દેખતો નથી એટલે જ તને એમ દેખાય છે કે રામચંદ્રજીએ છ મહિના સુધી મડદું ફેરવ્યું. પણ જ્ઞાની તો કહે છે કે રામચંદ્રજીએ પોતાના આત્મામાં રાગને કે લક્ષ્મણને એક સેકંડ પણ ઉપાડ્યા નથી, ચિદાનંદસ્વભાવનું સ્વામીપણું છોડીને એક સેકંડ પણ રાગના કે પરના સ્વામી તે થયા જ નથી. આ (પોતાના) શરીરના પણ સ્વામી પોતાને નથી માનતા. ખભે મડદું પડ્યું છે તે વખતે પણ આત્મામાં તો સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવોને જ ઊપાડ્યા છે–તેના જ

સ્વામીપણે વર્તે છે.

જુઓ, કોઈ એમ કહે છે કે 'કરે છતાં અકર્તા રહે (–અનાસક્તિભાવે કરે,)' પરંતુ એવી આ વાત નથી; તેને અને આ વાતને તો મોટો આકાશ–પાતાળનો ફેર છે. કરવું છતાં અકર્તા રહેવું એ વાત જ પરસ્પર વિરુદ્ધ છે. જે કરે છે તે તો કર્તા જ છે; રાગાદિનો કર્તા પણ થાય ને જ્ઞાતા પણ રહે–એમ બનતું નથી. અહીં તો એવી અંતર્દૃષ્ટિની અપૂર્વ વાત છે કે મારે મારા જ્ઞાયકસ્વભાવ સાથે જ સ્વ–સ્વામિત્વ સંબંધ છે, પર સાથે મારે સંબંધ છે જ નહિ–એમ જાણીને જ્ઞાયકસ્વભાવના આશ્રયે પરિણમનાર જીવ સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવો સાથે જ એકપણે પરિણમે છે, ને રાગાદિ સાથે એકપણે કર્તા થઈને પરિણમતો જ નથી માટે તે અકર્તા છે. ને આત્માના આવા સ્વભાવને જે ઓળખે તે ધર્માત્માને દેવ–ગુરુ–શાસ્ત્રનો તેમજ પોતાના ગુણ–દોષ વગેરેનો બરાબર વિવેક થઈ જાય; તેને ક્યાંય સ્વચ્છંદ કે મૂંઝવણ ન થાય. ધર્માત્માની દશા જ કોઈ ઓર થઈ જાય છે ! બહારથી જોનારા જીવો એને ઓળખી શકતા નથી.

જુઓ, રાજા રાવણ જ્યારે સીતાને ઉપાડી ગયો ને પાછળથી રામચંદ્ર તેની શોધમાં નીકળ્યા ત્યારે ઝાડને અને પર્વતને પણ પૂછે છે કે અરે ઝાડ ! તે ક્યાંય મારી સીતાને જોઈ ? અરે પર્વત ! તેં ક્યાંય જાનકીને દેખી ? દેખી હોય તો મને કહે. ત્યારે પોતાના શબ્દનો પડઘો પડતાં જાણે કે પર્વતે કાંઈક જવાબ દીધો–એમ લાગે છે. આવી દશા વખતેય રામચંદ્રજી જ્ઞાની–વિવેકી–ધર્માત્મા છે, અંતર્દૃષ્ટિમાં સીતાનું કે સીતા પ્રત્યેના રાગનું સ્વામીપણું માનતા નથી, પણ જ્ઞાનના જ સ્વામીપણે પરિણમે છે. મારા આત્માની સંબંધશક્તિ એવી છે કે નિર્મળભાવ જ મારું સ્વ છે, ને તેનો જ હું સ્વામી છું; પણ સિતા મારું સ્વ ને હું તેનો સ્વામી, અથવા રાગ કે શોકપરિણામ તે મારું સ્વ ને હું તેનો સ્વામી–એવો સંબંધ મારા સ્વભાવમાં નથી, એમ તે જાણે છે. સ્વભાવના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટી તે 'સ્વ' અને આત્મા પોતે તેનો સ્વામી–આ રીતે છેલ્લી સંબંધશક્તિમાં દ્રવ્ય–પર્યાયની એકતા બતાવીને આચાર્યદેવે ૪૭ શક્તિઓ પૂરી કરી છે. 'આ નિર્મળ પર્યાય મારું સ્વ, ને હું આનો સ્વામી' એમ સ્વ–સ્વામીરૂપ બે ભેદના વિકલ્પનો આ વિષય નથી. અહીં 'સ્વ' ને 'સ્વામી' એવા બે ભેદ બતાવવાનો આશય નથી, પણ પોતામાં દ્રવ્ય–પર્યાયની સાથે જ સંબંધ રાખીને સ્વભાવ સાથે એકતારૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે, ને તેમાં જ આત્માની શોભા છે. પરંતુ પરના

સંબંધથી આત્માને ઓળખવો તેમાં આત્માની શોભા નથી, માટે હે જીવ ! પરનો સંબંધ તોડીને તારા જ્ઞાયકસ્વભાવમાં જ એકત્વ કર. જ્ઞાયકસ્વભાવમાં એકતા કરીને જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ્યાં તે તારો સ્વ–ભાવ છે, ને તું તેનો જ સ્વામી છો. આ સિવાય બીજા કોઈ સાથે તારે સ્વ–સ્વામીસંબંધ નથી.

આ રીતે આ સંબંધશક્તિ પોતાના સ્વભાવ સાથે જ સંબંધ (–એકતા) કરાવીને પર સાથેનો સંબંધ તોડાવે છે, અને, સ્વભાવ સાથે એકતા કરીને પર સાથેનો સંબંધ તોડતા વિકાર સાથેનો સંબંધ પણ છૂટી જાય છે. આ પ્રમાણે એકલા શુદ્ધભાવ સાથે જ આત્માને સ્વ–સ્વામીપણું છે, વિકાર સાથે પણ સ્વ–સ્વામીપણું નથી. સ્વભાવમાં વળીને એકાગ્ર થયો ત્યાં આત્મા પોતે જ પોતાના શુદ્ધભાવનો જ સ્વામી છે, એ સિવાય બીજાનો સ્વામી પોતે નથી, કે પોતાનો સ્વામી બીજો નથી. પોતાના સ્વભાવ સાથે એકતારૂપ સંબંધ કરીને તેનું સ્વામીપણું તે જીવે કદી કર્યું નથી ને પરનું સ્વામીપણું માન્યું છે. જો આ 'સ્વભાવમાત્ર સ્વ–સ્વામીત્વરૂપ સંબંધશક્તિ'ને ઓળખે તો પર સાથેનો સંબંધ તોડે ને સ્વભાવમાં એકતારૂપ સ્વ–સ્વામીત્વસંબંધ કરે એટલે સાધકદશા થાય.

આત્માને સ્વ–સ્વામીપણાનો સંબંધ માત્ર પોતાના સ્વભાવ સાથે જ છે. જો એમ ન હોય ને પર સાથે પણ સંબંધ હોય તો, પર સાથેનો સંબંધ તોડી, સ્વભાવમાં એકતા કરીને શાંતિનો અનુભવ થઈ શકે નહિ, પરથી જુદો પડીને પોતાનાં સ્વરૂપમાં સમાઈ જઈ શકે નહિ. પરંતુ પરથી વિભક્ત ને સ્વરૂપમાં એકત્વ થઈને આત્મા પોતામાં જ પોતાની શાંતિનું વેદન કરી શકે છે, કેમકે તેને પોતાની સાથે જ સ્વ–સ્વામીપણાનો સંબંધ છે. પોતાની શાંતિના વેદન માટે આત્માને પરનો સંબંધ કરવો પડતો નથી. સ્વશક્તિના બળે, પરના સંબંધ વગર એકલા સ્વમાં જ એકતાથી આત્મા પોતાની શાંતિનો અનુભવ કરે છે.

સ્વમાં એકત્વ ને પરથી વિભક્ત એવો આત્માનો સ્વભાવ છે; છ કારક અને એક સંબંધ એ સાતે વિભક્તિવડે આચાર્યદેવે આત્માને પરથી વિભક્ત બતાવ્યો છે. સંબંધશક્તિ પણ આત્માનો પર સાથે સંબંધ નથી બતાવતી પણ પોતામાં જ સ્વ–સ્વામીસંબંધ બતાવીને પર સાથેનો સંબંધ તોડાવે છે, એ રીતે પરથી ભિન્ન આત્માને બતાવે છે. જેણે બધાથી વિભક્ત આત્માને જાણ્યો તેણે બધી વિભક્તિ જાણી લીધી.

પરના સંબંધથી ઓળખતાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાતું નથી. કરોડ–

પતિ, લક્ષ્મી–પતિ, પૃથ્વી–પતિ, ભૂ–પતિ, સ્ત્રીનો પતિ–એમ કહેવાય છે, પણ ખરેખર આત્મા તે લક્ષ્મી, પૃથ્વી કે સ્ત્રી વગેરેનો સ્વામી નથી, આ શરીરનો સ્વામી પણ આત્મા નથી, આત્મા તો જ્ઞાન–દર્શન–આનંદરૂપ સ્વ–ભાવોનો જ સ્વામી છે, ને તે જ આત્માનું 'સ્વ' છે. સ્વ તો તેને કહેવાય કે જે સદાય સાથે રહે, કદી પોતાથી જુદું ન પડે. શરીર જુદું પડે છે, રાગ જુદો પડે છે પણ જ્ઞાન–દર્શન–આનંદ આત્માથી જુદા નથી પડતા, માટે તેની સાથે જ આત્માને સ્વ–સ્વામી સંબંધ છે.

જેમ, આત્મામાં જીવનશક્તિ જો ન હોય તો દસ જડ પ્રાણના સંયોગ વગર તે જીવી શકે નહિ પરંતુ આત્મામાં જીવનશક્તિ હોવાથી સિદ્ધ ભગવંતો દસ પ્રાણ વગર જ એકલા ચૈતન્યપ્રાણથી જ જીવે છે, ને એ પ્રમાણે બધાય આત્મામાં જીવનશક્તિ છે. તેમ આત્માની સંબંધશક્તિથી જો માત્ર પોતાની જ સાથે સ્વ–સ્વામીત્વસંબંધ ન હોય ને પર સાથે પણ સ્વ–સ્વામીત્વસંબંધ હોય તો આત્મા પરના સંબંધ વગર રહી શકે નહિ; પરંતુ દેહ–રાગાદિ પરના સંબંધ વગર જ એકલા સ્વભાવમાં જ સ્વ–સ્વામીત્વ સંબંધથી અનંતા સિદ્ધભગવંતો શોભી રહ્યા છે; બધાય આત્માનો એવો જ સ્વભાવ છે. પર સાથેના સંબંધથી ઓળખાવવો તેમાં આત્માની શોભા નથી. પંચેન્દ્રિય જીવ, રાગી જીવ, કર્મથી બંધાયેલો જીવ–એમ પર સાથેના સંબંધથી ભગવાન આત્માને ઓળખાવવો તે તેની મહત્તાને લાંછન લગાડવા જેવું છે, એટલે કે એ રીતે પરના સંબંધથી ભગવાન આત્મા ખરા સ્વરૂપે ઓળખાતો નથી. આત્મા તો પોતાના જ્ઞાયક સ્વભાવનો જ સ્વામી છે, ને તે જ તેનું સ્વ છે; તે જ્ઞાયકસ્વભાવથી આત્માને ઓળખવો તેમાં જ તેની શોભા છે.

ઇંદ્રિયો વગેરે પર સાથેનો સંબંધ તોડીને આવા આત્માનો અનુભવ કરે ત્યારે સર્વજ્ઞભગવાનની નિશ્ચયસ્તુતિ કરી કહેવાય; સર્વજ્ઞભગવાનની નિશ્ચયસ્તુતિનો સંબંધ સર્વજ્ઞ સાથે નથી પણ પોતાના આત્મસ્વભાવની સાથે જ છે. જ્યાં સુધી સર્વજ્ઞ ઉપર જ લક્ષ રહે ને પોતાના આત્મસ્વભાવમાં લક્ષ ન કરે ત્યાં સુધી સર્વજ્ઞભગવાનની નિશ્ચયસ્તુતિ થતી નથી. પોતાનો આત્મા જ સર્વજ્ઞશક્તિથી પરિપૂર્ણ છે–એમ પ્રતીતમાં લઈને સ્વભાવ સાથે જેટલી એકતા કરે તેટલી સર્વજ્ઞભગવાનની નિશ્ચયસ્તુતિ છે; અને સર્વજ્ઞ તરફના બહુમાનનો ભાવ રહે તે વ્યવહારસ્તુતિ છે.

આત્માના ધર્મનો સંબંધ કોની સાથે છે તેની આ વાત છે.

શું બીજા પદાર્થો સાથે આ આત્માનો ધર્મનો સંબંધ છે ?–ના.

શું મહાવિદેહ વગેરે ક્ષેત્રની સાથે આ આત્માના ધર્મનો સંબંધ છે ?–ના.

શું ચોથો કાળ વગેરે કાળની સાથે આ આત્માના ધર્મનો સંબંધ છે ?–ના.

શું રાગાદિ ભાવો સાથે આ આત્માના ધર્મનો સંબંધ છે ?–ના.

– આ રીતે કોઈ પણ પરદ્રવ્ય–પરક્ષેત્ર–પરકાળ કે પરભાવની સાથે આ આત્માના ધર્મનો સંબંધ નથી, તે કોઈ આ આત્માનું સ્વ નથી, ને આ આત્મા તેમનો સ્વામી નથી. આ આત્માને પોતાના સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સાથે જ પોતાના ધર્મનો સંબંધ છે. અનંતશક્તિના પિંડરૂપ શુદ્ધચૈતન્યદ્રવ્ય સાથે જ ધર્મની એકતા છે, અસંખ્યપ્રદેશી ચૈતન્યક્ષેત્ર તે જ ધર્મનું ક્ષેત્ર છે; સ્વભાવમાં અભેદ થયેલી સ્વ–પરિણતિ તે જ ધર્મનો કાળ છે; ને જ્ઞાન–દર્શન–આનંદ વગેરે અનંતગુણો તે જ આત્માના ધર્મના ભાવ છે. આવા સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સાથે જ આત્માના ધર્મનો સંબંધ છે, ને તેની સાથે જ આત્માને સ્વ–સ્વામીપણું છે.

**પ્રશ્ન** :- આત્માને બીજા પદાર્થો સાથે ભલે સંબંધ ન હોય, પણ કર્મ સાથે તો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે ને ?

**ઉત્તર** :- ના; પોતાના સ્વભાવ સાથે જ સ્વ–સ્વામીત્વ સંબંધ જાણીને, તેમાં જ એકતાપણે જે પરિણમ્યો તેને કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તૂટી ગયો છે. જે જીવ અસંયોગી સ્વભાવ તરફ દૃષ્ટિ છોડતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માને એકાંતે કર્મની સાથેના સંબંધવાળો જે ઓળખે–તો તે જીવ આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખાતો નથી. જ્યાં માત્ર પોતાના સ્વભાવ સાથે જ એકતા કરીને, માત્ર પોતાના સ્વ–ભાવ સાથે જ સ્વ–સ્વામીત્વસંબંધપણે પરિણમે છે ત્યાં કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ ક્યાં રહ્યો ? આ રીતે કર્મ સાથે આત્માને સંબંધ નથી. સાધકને પોતાના સ્વભાવમાં જેમ જેમ એકતા થતી જાય તેમ તેમ કર્મનો સંબંધ તૂટતો જાય છે. આ રીતે સંબંધશક્તિ સ્વભાવ સાથે સંબંધ કરાવીને કર્મ સાથેનો સંબંધ તોડાવનારી છે, ને સિદ્ધપદ પમાડનારી છે.

– ૪૭મી સંબંધશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

❋ ❋ ❋

હે ભવ્ય ! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ અને સંબંધ એ સાતે વિભક્તિનાં વર્ણન દ્વારા અમે તારા આત્માને પરથી અત્યંત વિભક્ત બતાવ્યો, માટે હવે તારા આત્માને બધાથી વિભક્ત, અને પોતાની જ્ઞાનાદિ અનંતશક્તિઓ સાથે એકમેક જાણીને તું પ્રસન્ન થા.....સ્વભાવનો જ સ્વામી થઈને પર સાથે સંબંધના મોહને છોડ !

* સ્વભાવનો કર્તા થઈને પર સાથેની કર્તાબુદ્ધિ છોડ.
* સ્વભાવના જ કર્મરૂપ થઈને બીજા કર્મની બુદ્ધિ છોડ.
* સ્વભાવને જ સાધન બનાવીને અન્ય સાધનની આશા છોડ.
* સ્વભાવને જ સંપ્રદાન બનાવીને નિર્મળભાવને દે.
* સ્વભાવને જ અપાદાન બનાવીને તેમાંથી નિર્મળતા લે.
* સ્વભાવને જ અધિકરણ બનાવીને પરનો આશ્રય છોડ.
* સ્વભાવનો જ સ્વામી થઈને તેની સાથે એકતાનો સંબંધ કર ને પરની સાથેનો સંબંધ છોડ.

– આમ સમસ્ત પરથી વિભક્ત ને નિજસ્વભાવથી સંયુકત એવા પોતાના આતમરામને જાણીને તેના અનુભવથી તું આનંદિત થા....તું પ્રસન્ન થા.

ગણધરતુલ્ય શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સમયસારના પરિશિષ્ટમાં વર્ણવેલી 'અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની ૪૭ શક્તિઓ' ઉપર, પરમપૂજ્ય અધ્યાત્મમૂર્તિ કહાન–ગુરુદેવનાં પ્રવચનો દ્વારા થયેલું અદ્‌ભુત વિવેચન અહીં પૂરું થયું....તે ભવ્યજીવોને ભગવાન આત્માની પ્રસિદ્ધિ કરાવો.

## હવે અનેકાન્તમૂર્તિ ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે.

❋ ❋ ❋

## જ્ઞાનલક્ષણથી પ્રસિદ્ધ થયેલો
# અનેકાન્તમૂર્તિ ભગવાન આત્મા

**અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની પ્રસિદ્ધિ સંબંધી હવે આ છેલ્લો લેખ છે. આત્માને 'જ્ઞાનમાત્ર' કહીને ઓળખાવ્યો હોવા છતાં તેને અનેકાન્તપણું કઈ રીતે છે, અને જ્ઞાનલક્ષણવડે અનેકાન્તસ્વરૂપ આત્માની પ્રસિદ્ધિ કઈ રીતે થાય છે તે પ્રથમ (પૃ. ૧ થી ૪૧ સુધી) સમજાવ્યું, અને પછી જ્ઞાનલક્ષણવડે લક્ષિત અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માના અનંત ધર્મોમાંથી ૪૭ શક્તિનું વર્ણન (પૃ. ૪૨ થી ૪૯૬માં) કર્યું. છેવટે હવે અનેકાન્તસ્વરૂપ આત્માનાં અનુભવનું ફળ બતાવીને આચાર્યદેવ આ વિષય પૂરો કરે છે.**

**અનંતધર્મસ્વરૂપ ભગવાન આત્માને પ્રસિદ્ધ કરનારી જિનનીતિ અનેકાન્તસ્વરૂપ છે; તે અનેકાન્તસ્વરૂપ જિનનીતિને કદી નહિ ઉલ્લંઘતા થકા સંતો પરમ અમૃતમય મોક્ષપદને પામે છે. એ અનેકાન્તનું ફળ છે.**

'જીવત્વ'થી શરૂ કરીને સંબંધશક્તિ સુધી ૪૭ શક્તિઓ આચાર્યદેવે વર્ણવી; –ઈત્યાદિ અનંતશક્તિઓ આત્મામાં છે; ને અનંતશક્તિઓ હોવા છતાં આત્મા જ્ઞાનમાત્ર જ છે. કેમ કે 'જ્ઞાનમાત્ર' કહેતાં પણ, તેનાથી કાંઈ એકલો જ્ઞાનગુણ જ લક્ષિત નથી થતો પણ અનંતશક્તિસ્વરૂપ આખો આત્મા લક્ષિત થાય છે, કોઈ શક્તિ જુદી નથી રહેતી. માટે જ્ઞાનલક્ષણ પણ આવા અનંતશક્તિસંપન્ન અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માને

જ પ્રસિદ્ધ કરે છે.

અનંતશક્તિઓમાંથી ૪૭ શક્તિનું વર્ણન કરીને આચાર્યદેવ ૨૬૪મા કલશમાં કહે છે કે આવી અનંતશક્તિઓમાંથી યુક્ત આત્મા છે, છતાં તે જ્ઞાનમાત્રપણાને છોડતો નથી. અનેક નિજશક્તિઓથી સુનિર્ભર હોવા છતાં આત્મા જ્ઞાનમય છે; આત્માનો ભાવ જ્ઞાનમયપણું છોડતો નથી. જ્ઞાનમાત્ર ભાવને લક્ષમાં લેતાં આત્માના બધા ધર્મો સહિત સંપૂર્ણ ચૈતન્યવસ્તુ પ્રતીતમાં આવી જાય છે. આ ચૈતન્યવસ્તુ દ્રવ્યપર્યાયમય છે, અને ક્રમરૂપ પ્રવર્તતી પર્યાયો તથા અક્રમરૂપ વર્તતા ગુણોના પરિણમનથી તે અનેકધર્મસ્વરૂપ છે. આવી ચેતન્યવસ્તુને 'અનેકાન્ત' પ્રસિદ્ધ કરી છે. અનેકાન્ત તે જિનેન્દ્રભગવાનનું કોઈથી ન તોડી શકાય એવું અલંધ્ય શાસન છે. બધી એકાન્ત માન્યતાઓને ક્ષણમાત્રમાં તોડી પાડે ને અનેકાન્તસ્વરૂપે ભગવાન આત્માને પ્રસિદ્ધ કેર એવું અર્હંતદેવનું અનેકાન્ત શાસન જયવંત વર્તે છે.

અનંત શક્તિસંપન્ન અને અસંખ્યપ્રદેશી એવા આત્માને સર્વપ્રકારે પ્રત્યક્ષ જાણીને સર્વજ્ઞ ભગવાન કહે છે કે અરે જીવ ! તારો આત્મા અસંખ્યપ્રદેશી ને અનંતશક્તિનો પિંડ છે. તે સ્વભાવસન્મુખ જો...પોતાથી જ તારી પરિપૂર્ણતા છે. તારા સ્વરૂપમાં જરા પણ કમીના નથી કે તારે બીજા પાસેથી લેવા જવું પડે ! તારામાં શી ખોટ છે કે તું બીજામાં ગોતવા જાય છે ? આત્માની સ્વભાવશક્તિમાં જે પૂર્ણ જ્ઞાન–આનંદ–પ્રભુતાનું સામર્થ્ય હતું તે જ અમે આત્મામાંથી પ્રગટ કર્યું છે, બહારથી નથી આવ્યું... તારા આત્મામાં પણ તેવું સામર્થ્ય છે તેને તું જાણ....ને તેનો વિશ્વાસ કરીને તેની સન્મુખ થા; એટલે તારી આત્મશક્તિમાંથી પરિપૂર્ણ જ્ઞાન–આનંદ–પ્રભુતા ખીલી જશે.

હે જીવ ! તારો આત્મા નિજશક્તિથી સારી રીતે ભરેલો છે, વિકાર કે કર્મોથી તારો આત્મા ભરેલો નથી, તેનાથી તો જુદો છે; ને નિજ શક્તિઓથી એવો ભરેલો છે કે તેમાંથી કદી એક પણ શક્તિ ઓછી થતી નથી. આત્મા વિકારથી ને પરથી છૂટો રહે છે પણ પોતાના જ્ઞાનમાત્ર ભાવને તે કદી છોડતો નથી. જેમ સાકર મેલને છોડે છે પણ મીઠાસને નથી છોડતી, જેમ અગ્નિ ધુમાડાને છોડે છે પણ ઉષ્ણતાને નથી છોડતો, તેમ ચૈતન્યમૂર્તિ આત્મા રાગાદિ વિકારભાવોને છોડે છે પણ પોતાના જ્ઞાનભાવને કદી છોડતો નથી, માટે જ્ઞાનભાવવડે તારા આત્માને લક્ષમાં લઈને આત્માની પ્રસિદ્ધિ કર....આત્માનો અનુભવ કર.

જેણે જ્ઞાનલક્ષણને અંતર્મુખ કરીને લક્ષ્યરૂપ આત્માને અનુભવ્યો તે સાધક ધર્માત્મા જ્ઞાનભાવપણે જ સદાય વર્તે છે. જ્ઞાનભાવને કદી છોડતા નથી ને વિકારમય કદી થતા નથી....અને જ્ઞાનમયભાવમાં 'પરનું કરું' એ બુદ્ધિને તો અવકાશ જ ક્યાં છે ? 'સીતાને આમ શોધું તો મળશે....' એવો વિકલ્પ જ્ઞાની ધર્માત્માને (રામચંદ્રજીને) આવ્યો, છતાં તે વખતેય જ્ઞાની વિકલ્પમય થઈને નથી પરિણમ્યા, તે વખતેય જ્ઞાનમયભાવરૂપે જ પરિણમ્યા છે; વિકલ્પને તો જ્ઞાનભાવથી બહાર જ રાખ્યો છે.

જેણે વિકારથી ભિન્નપણે પોતાના આત્માને પ્રસિદ્ધ કર્યો છે એવા ધર્માત્મા જ્ઞાની જાણે છે કે મારો આત્મા જ ક્રમપર્યાયરૂપ ને અક્રમગુણરૂપ સ્વભાવવાળો છે. અનંતગુણો એકસાથે અક્રમપણે સહવર્તી છે....ને પર્યાયો નિયતક્રમરૂપ છે. મારા અક્રમવર્તી ગુણોમાં ને ક્રમવર્તી પર્યાયોમાં હું જ્ઞાનમાત્રભાવપણે જ વર્તુ છું–આવા નિર્ણયમાં જ્ઞાતાસ્વભાવનો અનંત પુરુષાર્થ છે....વિકાર તરફનો પુરુષાર્થનો વેગ તૂટી ગયો છે....અલ્પ રાગ રહ્યો તેની નિરર્થકતા જાણી છે....**જ્ઞાનમાત્રભાવપણે જ પરિણમતો પરિણમતો કંકુવરણે પગલે કેવળજ્ઞાન લેવા માટે સાધક ચાલ્યો જાય છે.**

**જુઓ, આ આત્મશક્તિના સાધક સંતોની દશા !**

જ્ઞાની તો પોતાની અનંતશક્તિના બાદશાહ છે....જગતની તેને દરકાર નથી કેમ કે જગત પાસેથી કાંઈ લેવું નથી...ભગવાનના દાસ....ને જગતથી ઉદાસ...આવા સમકિતી જીવ સદાય સુખિયા છે....તે આત્મિક આનંદને અનુભવે છે....ને ચૈતન્યના આનંદસમુદ્રમાં ડૂબકી મારીને અલ્પકાળમાં કેવળજ્ઞાનરત્ન પ્રાપ્ત કરે છે.

અહે !.....ચૈતન્ય દરિયો ! શાંત–આનંદ રસથી ભરેલો સાગર....તેને અજ્ઞાનીઓ દેખતા નથી, ને એકલા વિકારને જ દેખે છે. જેમ કોઈ માણસ દરિયાનો અજાણ, અગાધ જળથી ભરેલા દરિયાને તો નથી દેખતો, ને એકલો મોજાંને જ દેખે છે, મોજાં ઊછળે છે એમ તેને લાગે છે; પણ ખરેખર મોજા નથી ઊછળતાં, અંદર આખો દરિયો અગાધ જળથી ભરેલો છે તે દરિયાની તાકાત ઊછળે છે. તેમ અગાધ–ગંભીર સ્વભાવોથી ભરેલા આ ચૈતન્યદરિયાને જે નથી જાણતો તેને એકલી વિકારી પર્યાય જ ભાસે છે; અનંત શક્તિથી ભરેલો ચૈતન્ય દરિયો અજ્ઞાનીને નથી દેખાતો એટલે તેની પર્યાયમાં તે શક્તિઓ ઉલ્લસતી નથી, વિકાર જ ઉલ્લસે છે. જ્ઞાની તો અનંતશક્તિથી ભરેલા અખંડ ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારીને, તેને વિશ્વાસમાં લઈને, તેના આધારે પોતાની પર્યાયમાં

નિજશક્તિઓને ઊછળે છે, એટલે કે નિર્મળપણે પરિણમાવે છે. આ રીતે જ્ઞાની અનંતશક્તિથી ઉલ્લસતા પોતાના અનેકાન્તમય ચૈતન્યતત્ત્વને અનુભવે છે, અને આવા અનેકાન્તમૂર્તિ ભગવાન ચૈતન્યનો અનુભવ કરવો તે જ આ શક્તિઓનાં વર્ણનનું તાત્પર્ય છે, **તેમાં ભગવાન આત્માની પ્રસિદ્ધિ છે.**

સિદ્ધ અને અરહંત ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતિન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત આ આત્મામાં પણ ભરી જ છે.

ભાઈ ! એક વાર હરખ તો લાવ....કે અહો ! મારો આત્મા આવો ! જ્ઞાન–આનંદની પરિપૂર્ણ તાકાત મારા આત્મામાં ભરી જ છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. 'અરેરે ! હું દબાઈ ગયો, વિકારી થઈ ગયો....હવે કેમ મારું માથું ઊંચું થશે !'–એમ ડર નહિ...મૂંઝા નહિ....હતાશ ન થા....એક વાર સ્વભાવનો હરખ લાવ.....સ્વભાવનો ઉત્સાહ કર.....તેનો મહિમા લાવીને તારા તાકાતને ઊછાળ !

અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઊછળે છે તેને તો જીવો જોતા નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે. અરે જીવો ! આમ અંતરમાં નજર કરીને આનંદના દરિયાને દેખો....ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો !!

આનંદનો સાગર અંતરમાં છે તેને ભૂલીને અજ્ઞાની તો બહારમાં ક્ષણિક પુણ્યના ઠાઠ દેખે તેમાં જ સુખ માનીને મૂર્છાઈ જાય છે, ને જરાક પ્રતિકૂળતા દેખે ત્યાં દુઃખમાં મૂર્છાઈ જાય છે; પણ પરમ મહિમાવંત પોતાના આનંદસ્વભાવને દેખતો નથી. જ્ઞાની તો જાણે છે કે હું પોતે જ આનંદસ્વભાવથી ભરેલો છું, ક્યાંય બહારમાં મારો આનંદ નથી, કે મારા આનંદને માટે કોઈ બાહ્ય પદાર્થની મારે જરૂર નથી. આવું ભાન હોવાથી જ્ઞાની બહારમાં પુણ્ય–પાપના ઠાઠમાં મૂર્છાતા નથી કે મૂંઝાતા નથી. પુણ્યના ઠાઠ આવીને પડે ત્યાં જ્ઞાની કહે છે કે અરે પુણ્ય ! રહેવા દે.....હવે તારા દેખાવ અમારે નથી જોવા, અમારે તો સાદિ અનંત અમારા આનંદને જ જોવો છે; અમારા આત્માના અતીન્દ્રિય આનંદ સિવાય આ જગતમાં બીજું કાંઈ અમને પ્રિય નથી. અમારો આનંદ અમારા આત્મામાં જ છે. આ પુણ્યના ઠાઠમાં ક્યાંય અમારો આનંદ નથી. પુણ્યનો ઠાઠ અમને આનંદ આપવા સમર્થ નથી, તેમજ પ્રતિકૂળતાના ગંજ અમારા આનંદને લૂંટવા સમર્થ નથી.–આવી જ્ઞાનીની અંતર્દશા હોય છે. તેને સ્વસંવેદન–પ્રત્યક્ષથી પોતાના આનંદનું

વેદન થયું છે. આત્માનો એવો અચિંત્ય સ્વભાવ છે કે સ્વસંવેદન પ્રત્યક્ષથી જ તે જણાય; ‘સ્વયં પ્રત્યક્ષ’ થાય એવો આત્માનો સ્વભાવ છે. પરની અને રાગની આડ વચ્ચેથી કાઢી નાખીને, પોતાના એકાકાર સ્વભાવને જ સીધેસીધો સ્પર્શીને આત્માનું સ્વસંવેદન થાય છે, આ સિવાય બીજા કોઈ ઉપાયથી આનંદસ્વરૂપ ભગવાન આત્માનું વેદન થતું નથી.

અહો ! આવો સ્વસંવેદનસ્વભાવી ચૈતન્ય ભગવાન આત્મા પોતે બિરાજી રહ્યો છે,પણ પોતાની સામે ન જોતાં વિકારની સામે જ જાુએ છે તેથી વિકારનું જ વેદન થાય છે. જો અંતરમાં નજર કરીને પોતાના ચિદાનંદસ્વરૂપને નીહાળે તો આનંદનું વેદન થાય ને વિકારનું વેદન ટળે.

આત્માનો આવો પ્રગટ મહિમા સંતો બતાવે છે. આ અચિંત્ય મહિમાને લક્ષમાં લઈને એક વાર પણ જો અંતરથી ઊછળીને તેનું બહુમાન કરે તો સંસારથી બેડો પાર થઈ જાય. ચૈતન્યસ્વભાવનું બહુમાન કરતાં અલ્પ કાળમાં જ તેનું સ્વસંવેદન થઈને મુક્તિ થયા વિના રહે નહિ. વસ્તુમાં પરિપૂર્ણ જ્ઞાન–આનંદની શક્તિ પડી જ છે, તેને ઓળખીને, તેની સન્મુખ થઈને, પર્યાયમાં તે પ્રગટ કરવાની છે. અરે જીવ ! એક વાર બીજાું બધું ભૂલી જા, ને તારી નિજશક્તિને સંભાળ ! પર્યાયમાં સંસાર છે એ ભૂલી જા, ને નિજશક્તિની સન્મુખ જો, તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્ય શક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ, ને થશે પણ નહિ–લ્યો આ મોક્ષ ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એક વાર બીજાું બધુંય લક્ષમાંથી છોડી દે, ને આવા ચિદાનંદસ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને લક્ષમાંથી છોડી દે, ને આવા ચિદાનંદસ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે.

આત્મામાં એટલી બધી અનંત શક્તિઓ છે કે શબ્દથી તો તેનો પાર ન આવે, ને રાગથી ગણતાં (ચિંતવતાં) પણ તેનો પાર ન પમાય...પણ જ્ઞાનને અંતરમાં વાળતાં અનંત શક્તિ સહિત આત્મા અનુભવમાં આવી જાય....ને શક્તિઓ નિર્મળપણે પરિણમી જાય. એ રીતે નિર્મળપણે પરિણમતાં કેવળજ્ઞાન થાય ત્યારે અનંત શક્તિઓને તેમજ અસંખ્યપ્રદેશોને સર્વ પ્રકારે પ્રત્યક્ષ જાણે. માટે હે ભાઈ ! તારે તારા આત્માનો પત્તો મેળવવો હોય....તારા આત્માની પ્રસિદ્ધિ કરવી હોય....ને તારી અનંત શક્તિની

રિદ્ધિને સાક્ષાત્ દેખવી હોય તો તારા જ્ઞાનને રાગથી છૂટું કરીને અંતર્સ્વભાવ તરફ વાળ.

'સર્વાર્થસિદ્ધિ' તે ઉત્કૃષ્ટ દેવલોક છે, ત્યાં અસંખ્ય દેવો છે, તે બધાય સમ્યગ્દૃષ્ટિ છે, ને તેમનું આયુષ્ય ૩૩ સાગરોપમનું (અસંખ્ય અબજો વર્ષનું) છે. તે બધાય દેવો ભેગા થઈને અસંખ્ય વર્ષો સુધી અતૂટપણે ગણ્યા કરે તોય આત્માની શક્તિનો પાર ન આવે–એવી અનંત શક્તિનો ધણી આ દરેક આત્મા છે. તે સમ્યગ્દૃષ્ટિ દેવોએ અનંત શક્તિસંપન્ન આત્માનો સ્વાદ સ્વસંવેદનથી ચાખી લીધો છે. જ્ઞાનને અંતરમાં લીન કરતાં ક્ષણમાત્રમાં આત્માની સર્વ શક્તિનો પાર પામી જવાય છે. શક્તિઓને ક્રમે ક્રમે જાણવા જાય તો કદી પૂરું પડે તેમ નથી, પણ અક્રમ–અભેદ સ્વભાવમાં લીન થઈને જાણતાં બધી શક્તિઓ એક સાથે અક્રમે જણાઈ જાય છે. આત્મા એક સાથે અનંત શક્તિઓથી પ્રતિષ્ઠિત છે, તેમાં રાગ પ્રતિષ્ઠા પામતો નથી.

**પ્રશ્ન :-** અમારે અનંત શક્તિને જાણવી કે એક આત્માને જાણવો ?

**ઉત્તર :-** અનંતશક્તિથી અભેદરૂપ એવા એક આત્માને જાણવો. અનંત શક્તિથી કંઈ આત્મા જુદો નથી, એટલે શક્તિને બરાબર જાણવા જતાં પણ શક્તિમાન એવો આત્મા જ લક્ષમાં આવે છે; અને એક આત્માને લક્ષમાં લેતાં પણ તે પોતાની અનંતશક્તિ સહિત જ અનુભવમાં આવે છે. જો આત્માને જુદો રાખીને તેની શક્તિઓને જાણવા જાય, કે શક્તિઓને લક્ષમાં લીધા વગર આત્માને જાણવા જાય, તો તે જાણી શકાય નહિ, કેમકે તેણે ગુણગુણીને જુદા જ માન્યા, એટલે અનેકાન્તસ્વરૂપને ન જાણ્યું, ને અનેકાન્ત વગર ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય નહિ. અનેકાન્ત જ ભગવાન આત્માને યથાર્થસ્વરૂપ પ્રસિદ્ધ કરે છે...તે 'અનેકાન્ત' સર્વજ્ઞ ભગવાનનું અલંઘ્ય–કોઈથી તોડી ન શકાય એવું શાસન છે. એકાન્ત માન્યતાઓને તોડી પાડતું ને **અનેકાન્તસ્વરૂપે ભગવાન આત્મા ને પ્રસિદ્ધ કરતું તે અનેકાન્તશાસન જયવંત વર્તે છે.**

આ અનેકાન્તસ્વરૂપ આત્મવસ્તુને જેઓ જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે તેઓ જ્ઞાનસ્વરૂપ થાય છે – એમ કહીને (૨૬૫મા કળશમાં) આચાર્યદેવ અનેકાન્તનું ફળ બતાવે છે, ને એ રીતે ફળ બતાવીને આ અનેકાન્ત–અધીકાર પૂરો કરે છે.

જે રીતે અનેકાન્તમય વસ્તુસ્વરૂપ કહ્યું તે પ્રમાણે વસ્તુતત્ત્વની વ્યવસ્થાને અનેકાન્ત સંગતદૃષ્ટિવડે જ્ઞાની સત્પુરુષો સ્વયમેવ દેખે છે....અને એ રીતે સ્યાદ્વાદની અત્યંત

શુદ્ધિને જાણીને, જિનનીતિને નહિ ઉલ્લંઘતા થકા તે સંતો જ્ઞાનસ્વરૂપ થાય છે.

જુઓ, આ જ્ઞાનસ્વરૂપ થવું તે અનેકાન્તનું ફળ છે, ને તે જ જિનનીતિ છે, – તે જ જિનેશ્વર દેવનો માર્ગ છે. આથી વિરુદ્ધ વસ્તુસ્વરૂપ માનવું તે જિનનીતિ નથી પણ અનીતિ છે; જિનનીતિને જે ઉલ્લંઘે છે તે મિથ્યાદ્રષ્ટિ થાય છે ને ઘોર સંસારમાં રખડે છે. અનેકાન્તસ્વરૂપ પાવન જિનનીતિને સંતો કદી ઉલ્લંઘતા નથી, એટલે તેઓ પરમ અમૃતમય મોક્ષપદને પામે છે....ને ભગવાન આત્મા જેવો છે તેવા સ્વરૂપે પ્રસિદ્ધ થાય છે.

આ રીતે જ્ઞાનલક્ષણથી પ્રસિદ્ધ થતા અનેકાન્તમૂર્તિ
ભગવાન આત્માનું વર્ણન અહીં પૂરું થયું.
**અનેકાન્તસ્વરૂપ ભગવાન આત્માની પ્રસિદ્ધિ કરનારા**
**સાધક સંતોને નમસ્કાર હો.**